Saurashtra University
Re – Accredited Grade ‘B’ by NAAC
(CGPA 2.93)

Habib, Shakur M., 2007, *“ગુજરાતમાં આઝાદી પછી દેહાંતદંડની સજાનો કાનુની, સામાજિક અને બંધારણીય ખ્યાલોના સંદર્ભમાં એક વિશ્લેષણાત્મક અભ્યાસ”,* thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/739

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# ગુજરાતમાં આઝાદી પછી દેહાંતદંડની સજાનો કાનુની, સામાજિક અને બંધારણીય ખ્યાલોના સંદર્ભમાં એક વિશ્લેષણાત્મક અભ્યાસ

THE CAPITAL PUNISHMENT AFTER INDEPENDENCE IN GUJARAT
IN CONTEXT WITH LEGAL, SOCIAL AND
CONSTITUTIONAL ASPECTS
– AN ANALYTICAL STUDY

## મહાનિબંધ

**ડૉકટર ઑફ ફિલોસોફી (કાયદાશાસ્ત્ર)ની ઉપાધિ
માટેના નિયમો અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં
રજૂ કરવા માટે**


**: સંશોધક :**

**હબીબ શકુરભાઈ મનસુરી**

બી.એસસી., એલએલ.એમ.

**: માર્ગદર્શક :**

**ડૉ. ડી. ડી. ધામેલિયા**

C/o. કાયદા ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ-૩૬૦૦૦૫


**માર્ચ-૨૦૦૭**

# ગુજરાતમાં આઝાદી પછી દેહાંતદંડની સજાનો કાનુની, સામાજિક અને બંધારણીય ખ્યાલોના સંદર્ભમાં એક વિશ્લેષણાત્મક અભ્યાસ

THE CAPITAL PUNISHMENT AFTER INDEPENDENCE IN GUJARAT IN CONTEXT WITH LEGAL, SOCIAL AND CONSTITUTIONAL ASPECTS – AN ANALYTICAL STUDY

હબીબ એસ. મનસુરી

માર્ચ-૨૦૦૭

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે **શ્રી હબીબ શકુરભાઇ મનસુરી** એ આ મહાશોધ નિબંધ **''ગુજરાતમાં આઝાદી પછી દેહાંતદંડની સજાનો કાનુની, સામાજિક અને બંધારણીય ખ્યાલોના સંદર્ભમાં એક વિશ્લેષણાત્મક અભ્યાસ''** મારા માર્ગદર્શન નીચે પીએચ.ડી. (કાયદાશાસ્ત્ર)ની પદ્વી માટે તૈયાર કર્યો છે. આ સંશોધન મૌલિક છે જે અન્યત્ર કોઇ પદવી માટે રજૂ કરવામાં આવ્યું નથી કે આ સંશોધનનો કોઈપણ અંશ કયાંય પ્રસિધ્ધ થયો નથી.

આ મહાશોધ નિબંધ પીએચ.ડીની ઉપાધિની જરૂરિયાતના ભાગરૂપે રજૂ કરેલ છે.

સ્થળ : રાજકોટ

તારીખ : ૧૫/૦૩/૨૦૦૭

**ડૉ. ડી. ડી. ધામેલિયા**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ

# સંશોધકનું પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે હું નીચે સહી કરનાર **હબીબ શકુર મનસુરી** એ આ મહાશોધ નિબંધ **"ગુજરાતમાં આઝાદી પછી દેહાંતદંડની સજાનો કાનુની, સામાજિક અને બંધારણીય ખ્યાલોના સંદર્ભમાં એક વિશ્લેષણાત્મક અભ્યાસ"** મારા માર્ગદર્શક **ડૉ. ડી. ડી. ધામેલિયા** ના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. (કાયદાશાસ્ત્ર)ની પદ્‌વી માટે તૈયાર કર્યો છે. આ સંશોધન મૌલિક છે જે અન્યત્ર કોઈ પદવી માટે રજૂ કરવામાં આવ્યું નથી કે આ સંશોધનનો કોઈપણ અંશ કયાંચ પ્રસિધ્ધ થયો નથી.

આ મહાશોધ નિબંધ પીએચ.ડીની ઉપાધિની જરૂરિયાતના ભાગરૂપે રજૂ કરેલ છે.

**હબીબ શકુરભાઈ મનસુરી**
બી.એસસી., એલએલ.એમ.

સ્થળ : રાજકોટ

તારીખ : ૧૫/૦૩/૨૦૦૭

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમ |
|---|---|---|
| પ્રકરણ-૧ | પ્રસ્તાવના | ૧-૨૪ |
| પ્રકરણ-૨ | દેહાંતદંડ | ૨૫-૮૧ |
| પ્રકરણ-૩ | દેહાંતદંડ-કાયદા અને બંધારણનાં પરિપ્રેક્ષ્યમાં | ૮૨-૧૫૪ |
| પ્રકરણ-૪ | માનવ અધિકારનાં પરિપ્રેક્ષ્યમાં | ૧૫૫-૧૮૮ |
| પ્રકરણ-૫ | અદાલતીય ચુકાદાઓનાં પરિપ્રેક્ષ્યમાં | ૧૮૯-૨૫૬ |
| પ્રકરણ-૬ | સામાજિક પરિપ્રેક્ષ્ય | ૨૫૭-૨૯૨ |
| પ્રકરણ-૭ | તારણો, ફલિતાર્થો અને સૂચનો | ૨૯૩-૩૪૪ |
|  | સંદર્ભસૂચિ | ૩૪૫-૩૪૬ |
|  | પરિશિષ્ટ | ૩૪૭ |

# ઋણ સ્વીકાર

સંશોધન એ માનવજાતની ઉત્પત્તિની સાથે જ શરૂ થયેલ એક અનંત અને અવિરત મુસાફરી છે. શૈશવકાળથી વડીલોની પાસેથી મારા વતનમાં બ્રિટિશ સરકારના જમાનામાં અપાયેલ એક ખૂન કેસના આરોપીને અપાયેલ ફાંસી વિશે રસપૂર્વક અને કૂતૂહલપૂર્વક સાંભળતો. ત્યારથી જ ફાંસી એટલે કે દેહાંતદંડનો ખ્યાલ મારા જહનમાં હતો. જે ઘણા વર્ષો પછી કાયદાશાસ્ત્રમાં આ વિષય ઉપર સંશોધન કરવા સુધી લઈ આવ્યો.

સૌપ્રથમ હું વંદન કરું છું મારા સ્વ. પિતાશ્રી શકુરભાઈ નથ્થુભાઈ મનસુરીને જેઓનું જીવન એ જ અમારા કુટુંબ માટે એક સંદેશ છે. તથા મારા માતૃશ્રી રહેમતબેન મનસુરી તથા મારા સ્વ. ફોઈ સુભીબેન તથા સ્વ. કાકાશ્રી સુલતાનભાઈ, મારી બહેનો સર્વશ્રી રહિમા, હમીદા, હનીફા તથા રૂકૈયા જેઓએ કઠણ પરિશ્રમ કરીને પણ મને અહીં સુધી પહોંચાડ્યો છે. મારા કઠીન સમયમાં મને મદદ કરનાર સ્વ. શ્રી બાબુભાઈ એ. મનસુરી, શ્રી નાસીરખાન પઠાણ, શ્રી યુસુફભાઈ મનસુરી (બાદશાહ) મારા સ્નેહીમિત્રો સર્વશ્રી જયેશ પાઠક તથા મહેન્દ્ર પટેલનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આ તકે હું વંદન કરું છું અને આભાર માનું છું એન. કે. ઈન્દ્રાયન સાહેબ જેમના માર્ગદર્શન હેઠળ આ કાર્ય પૂરૂ થઈ શક્યું છે.

જેઓએ માત્ર મારા ''ગાઈડ'' જ નહીં પરંતુ પિતાતુલ્ય પ્રેમ આપીને મારા આ સંશોધનકાર્યમાં મારી સાથે હંમેશા ઉભા રહ્યા છે. શિયાળો, ઉનાળો કે ચોમાસુ, રાત કે દિવસ, સવાર કે સાંજ જોયા વિના હસતા મુખે પોતાના ડાયનીંગ ટેબલ ઉપર કે શયનખંડમાં નાસ્તા, ભોજન સાથે અદ્‌ભૂત માર્ગદર્શન આપીને મારું સંશોધનકાર્ય પૂર્ણ કરાવેલ છે. એવા પરમ વંદનીય માનનીય ડૉ. ધીરૂભાઈ ડી. ધામેલિયા સાહેબનો કોટી કોટી વંદન સાથે આભાર માનું છું.

મારા જ્યુડીશ્યલ ઓફિસર તરીકેની જવાબદારીવાળી કામગીરીની સાથે સાથે સંશોધન જેવું અઘરું અને ભગીરથકાર્યમાં હંમેશા મને તમામ પ્રકારની મદદ કરનાર મારા પ્રથમ ડીસ્ટ્રીક્ટ જજ માનનીય શ્રી જે. કે. ઠાકર સાહેબ, ડીસ્ટ્રીકટ જજ માનનીય શ્રી આર. ડી. કોઠારી સાહેબ, ફાસ્ટ

ટ્રેક કોર્ટ સીટી સિવિલ કોર્ટ અમદાવાદના ન્યાયાધીશ માનનીય શ્રી આઈ. જે. વોરા સાહેબ અને તત્કાલીન ડીસ્ટ્રીક્ટ જજ અને હાલમાં જેઓ ગુજરાતની વડી અદાલતના માનનીય ન્યાયમૂર્તિના પદ પર બીરાજમાન છે તેવા મુરબ્બી માનનીય શ્રી એમ. ડી. શાહ સાહેબને વંદન કરું છું અને હૃદયપૂર્વક આભાર માનું છું. મારા સંશોધનકાર્યમાં ટાઈપ રાઈટર ઉપર પ્રાથમિક તબક્કે મહાનિબંધની શરૂઆત કરનાર મારા આસીસ્ટન્ટ શ્રી લોઢાભાઈ (હિંમતનગર) આસીસ્ટન્ટ શ્રી મનોજભાઈ વાઘેલા, સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી પ્રવિણભાઈ પટેલ, હિંમતનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટના રજીસ્ટ્રાર શ્રી એમ. એમ. પરમાર તથા સીનીયર સીવીલ જજ માનનીય શ્રી એસ. જી. પઠાણ સાહેબનો આભાર માનું છું.

આ શોધ પ્રબંધમાં અનિવાર્ય એવા અસંખ્ય પુસ્તકો સહેલાઈથી ઉપલબ્ધ કરાવી મારા કાર્યને વેગ આપનાર શ્રી નિલેષચંદ્ર સોની (ગ્રંથપાલ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી), હિંમતનગર, અમદાવાદ (ગ્રામ્ય), ભૂજ, રાજકોટ ડિસ્ટ્રીક્ટ કોર્ટના લાયબ્રેરી સંભાળતા ગ્રંથપાલશ્રીઓ તથા ધારાશાસ્ત્ર ભવન ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ભૂતપૂર્વ નિયામક માનનીય શ્રી ડૉ. બી. એમ. શુકલ સાહેબ, માનનીય શ્રી એન. કે. પાઠક સાહેબ માનનીય શ્રી કૌશિક રાવલ સાહેબ, માનનીય શ્રી ડૉ. એસ. એસ. સીંઘવી સાહેબ, તથા શ્રીમતિ કુમુદબેન પટેલ, શ્રી ડાભીભાઈ, સ્વ. શ્રી લેઉઆભાઈ, શ્રી દેસાઈભાઈ તથા બેચરભાઈનો આભાર માનું છું. મારા પરમસ્નેહિ મિત્રો સર્વશ્રી વદનકુમાર પંડ્યા તથા શ્રી વી. વી. અમીપરાનો આભાર માનું છું.

હું આ તબક્કે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું મારા પરમ સ્નેહી વડીલ મિત્રો સર્વશ્રી રાજન પ્રિયદર્શી સાહેબ શ્રી દિપકભાઈ રાવલ તથા શ્રી મેહુલભાઈ ચૌહાણ, શ્રી એચ. આર. ગેહલોત સાહેબ (આઈ.પી.એસ.) અમદાવાદ, રાજકોટ, ભૂજ જેલના જેલરશ્રીઓ તથા જેલ અધિક્ષકશ્રીઓ, મારી કોર્ટના સ્ટાફના મિત્રો સર્વશ્રી દિપકભાઈ ભટ્ટ, શ્રી ડી. ડી. પંડ્યા, શ્રી એમ. બી. વાજા, શ્રી પ્રવિણભાઈ કણજારીયા, શ્રી ડી. બી. કોટીયાભાઈ, શ્રી સંજયજોષી, શ્રી ઉમેશ ગુંસાઈ, શ્રી ગોપાલ મહેશ્વરી, શ્રી એ. એન. ચલંગા, શ્રી ખેરાભાઈ, શ્રી નિખિલ ઠક્કર, મામલતદાર કચેરી નખત્રાણા - કચ્છના કલાર્કશ્રી મોહનભાઈ મામલતદાર, શ્રી સોલંકી સાહેબ, શ્રી સી. કે. પટેલ (શ્રી નાયબ મામલતદાર નખત્રાણા), શ્રી એચ. કે. ગરવા સાહેબ આચાર્ય, કે. વી. હાઈસ્કૂલ નખત્રાણા, શ્રી હરેશભાઈ લોન્ચા તથા તેમના કુટુંબીજનોનો, શ્રી દિનેશભાઈ, શ્રી અનિલભાઈ, શ્રી અતુલભા પાઠક,

વગેરેનો જેઓના પ્રત્યક્ષ અથવા પરોક્ષ સહકાર અને મદદ વગર આ કાર્ય સિદ્ધ થઈ શકયું જ ન હોત.

વધુમાં આભાર માનું છું મારા પરમ સ્નેહી મિત્રો ન્યાયાધીશો સર્વશ્રી એચ. એ. શાહ સાહેબ, શ્રી વી. આર. રાવલ સાહેબ, શ્રી આર. કે. રાવલ સાહેબ, શ્રી એન. એ. અંજારીયા સાહેબ, શ્રી એમ. જે. પટેલ સાહેબ, શ્રી આર. જી. બારોટ સાહેબ, શ્રી ડી. એસ. કોટક સાહેબ, જેઓએ રજા દરમ્યાન અવારનવર મારી અદાલતનો ચાર્જ રાખીને મને ઉપકૃત કર્યો છે.

આ સંશોધન પ્રબંધના દૈહિક સ્વરૂપમાં આત્માનું જેમણે સિંચન કર્યું છે અને પ્રાણ પૂર્યા છે તેવા મારા પરમ સ્નેહી મિત્રો સર્વશ્રી જીતેશ વી. ચોટાઈ તથા મુકેશ સી. દવે, જેમના નિવાસ્થાને અનેક રૈનબસેરા કર્યા છે તેવા શ્રી કિશોર એમ. પટેલ તથા તેમના કુટુંબીજનો, શ્રી રાજેશ નાયર, શ્રીમતિ અવનિ નાયર, તથા શ્રી રજનીકાન્ત પંડ્યા, શ્રીમતિ મીનાબેન સેવક, માનનીય મુરબ્બી શ્રી ગજાનંદ પંડ્યા (મેનેજરશ્રી, મોરારભુવન, ડાકોર તથા માજી ટ્રસ્ટી, ડાકોર ટેમ્પલ કમિટિ, ડાકોર) શ્રી કિરણભાઈ ઓચ્છવલાલ પંડ્યા (ડાકોર), તથા મહાનિબંધની પ્રશ્નાવલીના ઉત્તરો આપનાર માનવંતા મહાનુભાવોનો અત્રે ખૂ બ જ અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ મહાનિબંધનું કલાત્મક પ્રિન્ટીંગ અને બાઈન્ડીંગ કરનાર મારા પરમ સ્નેહિ ભાઈશ્રી પિનાકીન લખતરીયા (ત્રિપદા એન્ટરપ્રાઈઝ, રાજકોટ)નો કયા શબ્દોમાં આભાર માનું.

ગુજરાતના લગભગ બધા જ મહાવિદ્યાલયોમાં કાયદાના ક્ષેત્રના માર્ગદર્શકો ઉપલબ્ધ ન હતા તેવા સમયે સંશોધનના વિદ્યાર્થી તરીકે મારા નામની ભલામણ કરનાર મારા પરમ સ્નેહી વડીલ અને ધારાશાસ્ત્ર ભવન ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ નિયામક માનનીય શ્રી એચ. એસ. પાઠક સાહેબનો હું સદાય ઋણી રહીશ.

બે વરસના મારા કચ્છના કાર્યકાળ દરમ્યાન મને હંમેશા મારી સ્વરૂચિ પ્રમાણેનું ભોજન જ સમયસર પિરસનાર નહીં પરંતુ લાગણીસભર વાત્સલ્યમૂર્તિ શ્રીમતિ પારૂલ ડી. પંડ્યા તથા શુભમ અને કેવલને કેમ ભૂલાય ?

અંતમાં સહધર્મચારિણિ અને અર્ધાંગિની જેમણે હંમેશા મારી ચિંતા જ કરેલી છે, હંમેશા મને આપ્યું જ છે, કંઈ લીધું નથી અને જેના પગલે મારા સમગ્ર કુટુંબની પ્રગતિનો ગ્રાફ દિનપ્રતિદિન ઉપર જતો ગયો છે. તેવા શ્રીમતિ સલમા મનસુરી, શ્રી હાજી અ. શકીલ મનસુરી તેમજ હા. મુમતાજ મનસુરી તથા મારા વહાલના મહાસાગરો ચિ. આલિશા, ચિ. અતિક, ચિ. રાહિલ, ચિ સોહેલ, મારા લઘુબંધુ ચિ. રફીક તથા ચિ. સોહાનાના સ્નેહસ્મરણ સાથે જગતનિયંતા, નિરંજન, નિરાકારના શ્રચરણોમાં કોટી......કોટી..... વંદન કરી વિરમું છું.

**તારીખ : ૧૫.૦૩.૨૦૦૭**

**રાજકોટ.**

**સંશોધક**

**✍ હબીબ એસ. મનસુરી**

**પ્રિન્સીપલ સીવીલ જજ અને**

**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ.**

# પ્રકરણ-૧

# પ્રસ્તાવના

## ૧.૧ સંશોધન આયોજન

### ૧.૧.૧ સંશોધન સમસ્યાની પસંદગી

વિષય પસંદગીની વિશિષ્ટતામાં મુખ્યત્વે માનવીના દેહનો અંત આવે એવી શિક્ષા અમાનવીય છે. અમાનવીય કૃત્ય આચરનાર માનવી પ્રત્યે સામે એવો જ અમાનવીય વ્યવહાર દંડ સ્વરૂપે કરવો કેટલો ઉચિત ગણી શકાય તેને સંશોધવાનો પ્રયાસ અને મથામણ એ જ અભ્યાસની મુખ્ય વિશિષ્ટતા છે. આ વિષય ઉપર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે કોઈ સંશોધન થયું નથી. સંશોધન માટે દેહાંતદંડની સજા અંગેના કાયદાઓ ઉપરાંત પ્રશ્નાવલી, તેના દ્વારા મળેલા પ્રત્યુત્તરો, સંશોધકનું જાત નિરીક્ષણ, દેહાંત દંડ પામેલાનાં કૌટુંબિક સભ્યોની રૂબરૂ મુલાકાતમાં મળેલા જવાબો વગેરે સમાવિષ્ટ કર્યું છે. ઉપરાંત વિવિધ સંદર્ભગ્રંથો, અદાલતી ચુકાદાઓ અને સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ માહિતીઓ સમાવિષ્ટ કરી છે. આમ આ મહાનિબંધની વિશિષ્ટતામાં કાનૂની જોગવાઈઓ, ચુકાદાઓની સાથે સર્વેક્ષણ દ્વારા દેહાંત દંડની સજા અંગેનું સંશોધન કરવાનો પ્રયાસ કર્યો છે.

### ૧.૧.૨ સંશોધનના હેતુ

આધુનિક યુગમાં શિક્ષાનો ઉદ્દેશ ગુનેગારને સુધારવાનો છે. તેથી શિક્ષાવિજ્ઞાનની આ નૂતન ભાવનાની દૃષ્ટિએ જોતાં દેહાંતદંડ સાવ જ અસ્થાને છે. આ સજાથી ગુનેગારને સુધારવાની બધી જ આશા અને શકયતા ઉપર પાણી ફરી વળે છે. પરંતુ આમ છતાં નિર્દોષ લોકોને જોખમમાં મૂકવા માટેનો આ પ્રયોગ યોગ્ય નથી.

આ સજામાં ગુનેગારની સુધારણાને અવકાશ નથી. ગુનેગારને અપાયેલી ફાંસી, સમાજ તેને કાયદાપાલક નાગરીક બનાવવામાં નિષ્ફળ નીવડ્યો છે. તેની કબુલાત સમાન છે. જેમ બીજા ગુનેગારોને સુધારી શકાય છે તેમ ખૂનીઓને પણ સુધારી શકાય તેવી શક્યતા છે. ફાંસીની સજાની પણ સુધારક અસર પડે છે. કારણ કે તેથી કેદીને સાચો પસ્તાવો થાય છે. જો કે આવી સુધારક અસર, જો તે હોય તો પણ ત્યાર પછી કેદી માટે કે સમાજ માટે, કોઇ રીતે લાભકર્તા નથી.

અત્યંત રીઢા, નઠોર અને બિલકુલ સુધારી ન શકાય તેવા ગુનેગારો માટે આ સજા રાખવાની હિમાયત કરવામાં આવે છે. પણ અમુક ગુનેગાર કદી સુધરી શકે તેવો છે જ નહીં તે નક્કી કરવું મુશ્કેલ છે. તેને સુધારવાનો ગંભીર અને સંનિષ્ઠ પ્રયાસ કરતાં અગાઉ જ તે સુધરે તેવો નથી તેમ ગણી તેને સજા કરવી તે પણ યોગ્ય નથી. મહારાજે બાબર દેવો જેવા બહારવટિયાને અને જયપ્રકાશ નારાયણે ચંબલના ડાકુઓ અને હત્યારાઓને, સુધાર્યાના કે ડાકુરાણી ફૂલનદેવી પણ સુધરી ગયા અને સમાજ જીવનમાં પુન:સ્થાપિત કર્યાના દાખલા મોજૂદ છે.

વાલીયા લુંટારાને પોતાના પાપકર્મનું ફળ પોતે જ ભોગવવાનું છે તેવું જયારે તેનાં કુટુંબીજનોએ કહયું ત્યારે વાલીયા લુંટારાએ આત્મખોજ કરી લૂંટફાટ કરવાનું બંધ કર્યું અને વાલીયા લુંટારામાંથી પોતે રામાયણના રચયીતા વાલ્મિકી ઋષિ બન્યા પરંતુ તે પહેલા તેઓના હાથે અનેક લોકો લૂંટાઇ ચૂક્યા હતા. કચ્છનો કાળો નાગ કહેવાતો. લૂંટારો જેસલ જાડેજો અને તોરણના સંપર્કથી સુધરી ગયાનો દાખલો ઈતિહાસમાં મોજુદ છે.

મનોવિજ્ઞાનીઓ ગુનેગારોને દેહાંતદંડ કરવા પાછળની સમાજની મનોભૂમિકા સમજાવી આ સજાની ટીકા કરે છે. એક માણસ હત્યા કરે છે તે ચલાવી લેવું ન જોઇએ, અને કંઇક કરવું જોઇએ. અને તેવી સજાથી હત્યારાની હત્યા કરીએ છીએ. પરિણામે નથી ખૂનનો દર ઘટ્ડો કે નથી પેલા માણસનું કે સમાજનું કંઇ ભલું થતું

પણ છતાં સજાના ડરથી માણસ જઘનય કૃત્ય કરતા અચકાય છે.

આ સજાથી ગુનેગારનું શું થાય છે તેના કરતાં તેની સમજ ઉપર શી અસર પડે છે. તે રીતે આ પ્રશ્ન સમજવો જોઈએ. ગુનાઓ વધતા સમાજમાં બર્બરતા અને ઘાતકીપણાની લાગણી ફેલાય છે. સમાજમાં નૈતિક મૂલ્યો નીચાં ઉતરે છે. ભોગ બનેલા નિર્દોષ વ્યક્તિઓના કુટુંબીજનો અને અન્ય સ્નેહીજનોને યાતનાદાયક અનુભવોમાંથી પસાર થવું પડે છે. આ બનાવની અસર તેમનાં મનમાંથી કદી ભૂંસાતી નથી.

દેહાંતદંડના કેદીએ ફાંસી ખોલીમાં ગાળેલા સમયની ક્ષણેક્ષણની યાતના તેને ફાંસી આપતી વખતની ક્ષણિક યાતનાની સરખામણીમાં, ભારે દુઃખદાયક અને વેદનાપૂર્ણ હોય છે. આવો કેદી ઘણીવાર તો પોતાની સજામાં ઘટાડો થશે કે પોતાને ક્ષમા બક્ષવામાં આવશે, તેવી આશામાં અને આશામાં સાત આઠ વર્ષ ફાંસી ખોલીમાં ગાળે છે. ત્યાં તે હરપળે પોતાની પાસે આવી રહેલ મોતનો ભયાનક ઓછાયો પ્રત્યક્ષ અનુભવે છે. વળી તે ગુનેગારો પૈસા ખર્ચી શકે તેમ હોય છે તેઓ જુદી જુદી કોર્ટોમાં જુદા જુદા મુદ્દાઓ ઉપર જુદી જુદી અરજીઓ કરીને પોતાના આખરી અંજામને ટાળી શકે છે. નિર્ધન અને નિરાધાર ગુનેગારો આવું કરી શકતા નથી. પરિણામે તેઓ ત્વરિત રીતે મૂંગે મોઢે ફાંસીના માચડે ચઢી જાય છે. આમ આ બાબતમાં એક વિચિત્ર પ્રકારની સામાજિક પરિસ્થિતિ જોવા મળે છે.

બધી જ માનવતંત્ર રચનાઓની જેમ માણસે ઊભું કરેલું ન્યાય આપવાનું તંત્ર પણ ભૂલમુક્ત નથી. ગમે તેટલી કાળજી લેવામાં આવે તો પણ, ગુનાની તપાસની પ્રક્રિયામાં કોઈ ભૂલ રહી જવાની શક્યતા સાવ નકારી શકાય નહીં. ખોટા અને જૂઠા સાક્ષીઓની જુબાની, ગુનેગારની ઓળખમાં ભૂલ થવાની 'વાલાના બદલે માલો' પકડાઈ જવો, પોલીસતંત્રની ખામી ભરેલી તપાસ પદ્ધતિ, વગેરેને કારણે ન્યાયચ્યુતિ થાય તેવો વાજબી ભય રહે છે. તેથી એક માણસનો જીવન દીપ

બુજાવી દેવાની સત્તા જયૂરી અને ન્યાયધીશના હાથમાં આપવી તે યોગ્ય નથી. વળી બધાં જ ખૂનો પૈકી અદાલત ચુકાદા વડે કરાતું ખૂન વધુ ભયાનક છે. એક વાર આ સજાનો અમલ થઇ ગયો પછી તેમાંથી પાછાં પગલાં ભરી શકાતાં નથી. આરોપીનો દોષ પુરવાર કરવા માટે ગમે તેટલી ચોક્કસાઇ રાખી હોય છતાં કયાંક કશે કોઇક ભૂલ થઇ જ નથી, તેવું ચોકકસપણે કહેવું શક્ય નથી. માટે આ સજા નાબૂદ કરવી જોઇએ. પરંતુ સંપૂર્ણપણે નહીં. સજા કરતાં પહેલા ગુના અંગેના ઘણા જ મહત્વના પાસાઓનો ઉંડાણપૂર્વક વિશ્લેષણાત્મક અભ્યાસ જરૂરી છે.

## ૧.૧.૩ સંશોધનની પૂર્વધારણાઓ

(૧) દેહાંતદંડની સજા ભયપ્રભાવી રીતે અસર કરે છે. જો આ સજા રદ કરવામાં આવે તો, જે ભયના માર્યા લોકો ખૂન કરતાં ખચકાય છે તે ભય જતો રહેશે. સમાજમાં ખૂનો વધે તે સારું કે ખૂન ઘટે તે સારું, એનો જવાબ મેળવતાં કહી શકાય કે સજાથી સામાજિક સલામતી જળવાઇ રહે છે. ભારત જેવા સમાજમાં હિંસક ગુના વધુ વ્યાપક છે. તેથી આ સજાની ભયપ્રભાવકતાની વધુ જરૂર છે. ઘણા દેશમાં આ સજા એકવાર રદ થયા પછી ફરીથી દાખલ કરવામાં આવી છે, તે ભૂલવા જેવું નથી.

(૨) જયારે અમુક મહાભયનક ગુનાથી જાહેરશાંતિ સામે ખતરો ઊભો થતો હોય ત્યારે ગુનેગારનો નિકાલ કરવા માટેના એક માત્ર સાધન તરીકે આ સજા ઉપયોગી છે.

(૩) આ સજાથી ભયાનક ગુનેગારોની માનવજીવન અને સાંસ્કારિક મૂલ્યોનું રક્ષણ થાય છે. તે ઉપરાંત તેનાથી અમુક સામાજિક મિલ્કતોનું પણ રક્ષણ થાય છે.

(૪) જો ખૂનીઓને આ સજા કરવાની ન હોય તો, ગુનાની તપાસ કરતાં

પોલિસ અધિકારીઓના જાનનું જોખમ વધી જશે. ખૂનીઓ જેલમાંથી બહાર લાવીને આવા અધિકારીઓ ઉપર બદલો લેશે.

(૫) જો ખૂનીને ફાંસી આપીશું નહીં તો તે જેલમાંથી નાસી છૂટી કે મુદત વિત્યે છૂટ્યા પછી ફરીથી બીજું ખૂન કરશે. ગુનેગારના આ બીજા ગુનાના જોખમમાંથી સમાજને બચાવવો જરૂરી છે.

(૬) જે દેશોમાં દેહાંતદંડ નાબૂદ કરવામાં આવ્યો છે તે દેશોમાં ખૂનનો દર ઘણો નીચો છે, પણ ભારતમાં આવી પરિસ્થિતિ નથી.

(૭) દેહાંતદંડની સજા, સમાજના માનવ હત્યા સામેના ધિક્કાર અને તિરસ્કારોનું પ્રતિક છે. આ સજાનું સામર્થન બદલો લેવાની ભાવના સંતોષ માટે નહીં, પણ ખૂન જેવા ભયાનક ગુના સામે સમાજની નાપસંદગી કે ધૃણા વ્યક્ત કરવામાં આવી છે. વળી ખૂન કે ફાંસી વચ્ચેનો જડબેસલાક સંબંધ પ્રજામાનસમાં ઉંડા મૂળ નાખીને પડેલો છે. આવો સંબંધ જે વ્યક્તિઓ ખૂન કરવા ચાહતી હોય તેમના વિચારો ઉપર પણ અસર કરે છે. તે ઉપરાંત આ સંબંધથી પ્રજામાં પણ લાંબાગાળે ખૂનના ગુના સામે એક તીવ્ર ફિટકાર કે નાપસંદગીની લાગણી પેદા થાય છે. આમ ખૂનની ગંભીરતા ઉપર ભાર મૂકીને આ સજા ગુના સામેની નાપસંદગીનો ઉછેર કરે છે. પરિણામે લાંબા ગાળે ખૂનનું પ્રમાણ ઘટે છે.

(૮) પ્રજામત દેહાંતદંડની તરફેણ કરે છે. તેથી બહુમતી નાગરિકોની ઈચ્છાથી વિરુદ્ધ જઈ આ સજાને નાબૂદ કરવાનું પગલું ભરવું ડહાપણભર્યું નથી. સજાની ભયપ્રભાવી અસર એક ચર્ચાસ્પદ વાત હોવા છતાં, પ્રજા તો દેહાંતદંડની અસરકારકતામાં માને છે. તેથી પ્રજાની સલામતી ખાતર પણ તે રાખવી જોઈએ.

(૯) જો બધા જ ખૂનીઓને જેલમાં મોકલવામાં આવે તો, અનેક વધારાના વહીવટી પ્રશ્નો ઉભા થશે. જેલતંત્રના કર્મચારીઓ અને આમ પ્રજાની સલામતી માટે જોખમ ઉભું થશે, અને આવા ગુનેગારોને બીજી વાર કરેલી કેદની સજાની કોઈ ભયપ્રભાવી અસર નહીં પડે.

(૧૦) કરદાતાનાં નાણાં આવા સમાજશત્રુ ગુનેગારોને અચોક્કસ કે લાંબી મુદત માટે નીભાવવા માટે ખર્ચવા ન જોઈએ. જેઓ બીજી હાની પહોંચાડી શકે તેમ છે તેમને જીવાડવા માટે નાણાં ખર્ચવાનો કશો અર્થ નથી.

(૧૧) શિક્ષા ગુનાના પ્રમાણમાં કરવી જોઈએ, તેવો શિક્ષાવિજ્ઞાનનો એક સિદ્ધાંત છે. તેથી જેમણે ઠંડે કલેજે ક્રૂર માનવ હત્યા કરી માનવ પ્રાણ લીધો હોય તેમના માટે પોતાનો પ્રાણ આપવા રૂપી આ સજા જ એક માત્ર બંધબેસતી સજા છે.

(૧૨) જો આવા ગુનેગારોને કાયદા વડે દેહાંતદંડ નહીં થાય તો ઉશ્કેરાયેલા લોકો જ કાયદો હાથમાં લઈ ખૂનીની હત્યા કરી નાખશે. આમ લોકો જાતે જ 'ન્યાય' કરી લેશે.

(૧૩) કદી માફ ન કરી શકાય તેવા ગુનાનું પ્રાયશ્ચિત કરવા માટે પણ આજ એક માત્ર ન્યાયી સજા છે.

(૧૪) દેહાંતદંડની સજા આજીવન કેદની સજા કરતાં વધુ માનવીય અને દુ:ખવિહીન છે.

(૧૫) જો કોઈ એકાદ બે કેસમાં કદાચ ન્યાયી ગફલત કે અન્યાય થયો હોય તો, ઉપરની કોર્ટોમાં તે સુધારી શકાય છે. તે ઉપરાંત સાવ

નિર્દોષના રક્ષણ માટે કારોબારી તંત્રની પણ સહાય લઈ શકાય છે. સુપ્રિમ કોર્ટ આવા દરેક કેસમાં ખૂબ જ ઉંડાણથી અને ઝીણવટથી તપાસ કરે જ છે.

(૧૬) ભારતમાં હવે કાયદો બદલાયો હોવાથી કોર્ટ તેની મુનસફી વાપરીને દેહાંતદંડથી ઓછી સજા કરી શકે છે.

(૧૭) દેહાંતદંડની સજાનો બીજો કોઈ અસરકારક વિકલ્પ જ નથી. આજીવન કેદની સજાવાળા કેદીઓ પણ વહેલા છૂટી જતા હોવાથી તે સજા પણ હવે અસરકારક રહી નથી.

(૧૮) ભારતમાં મોટાભાગનાં ખૂન ગરીબ અને પછાત વર્ગોના લોકો કરે છે. તેમનાં ઘરોની હાલત કરતાં તો જેલની પરિસ્થિતિ વધુ સારી હોવાથી આવા લોકોને ફાવતું જડે છે. તેમને માટે દેહાંતદંડ જ એક માત્ર ભયપ્રભાવી સજા છે.

(૧૯) જો આ સજા નાબૂદ કરવાનો સિદ્ધાંત સ્વીકરીએ તો પણ ભારતમાં તે માટેનો સમય હજી પાક્યો નથી. ભારતીય સમાજ તેની નાબૂદી માટેની કક્ષાએ હજી પહોંચ્યો નથી.

(૨૦) જેઓ તેની નાબૂદીની હિમાયત કરે છે તેમણે નિર્દોષ લોકો સામેનું જોખમ વધે તેવું પગલું ભરતાં અગાઉ પોતાની વાત સાબિત કરી દેખાડવી જોઈએ.

## ૧.૧.૪ સંશોધન પદ્ધતિ

સંશોધક દ્વારા  સંશોધન પદ્ધતિની મર્યાદાને ધ્યાનમાં રાખીને નક્કી કરેલ છે. દેહાંતદંડની સજાની સચોટ માહિતીદેહાંતદંડનો આરોપી જ આપી શકે. તેનાં જીવનકાળ દરમ્યાન દેહાંતદંડના સંદર્ભે તે કંઈક જણાવી શકે પણ તે જેલનાં

નિયમો અને મર્યાદાઓને આધિન રહીને તેને દેહાંતદંડની સજાનો અમલ થઈ ગયા પછી કોઈ જ માહિતી ઉપલબ્ધ થઈ શકે નહીં. સમગ્રતયા વિચારતા સંશોધકે સૈદ્ધાંતિક સંશોધન પદ્ધતિનો માર્ગ અપનાવ્યો. જેમાં પ્રસિદ્ધ થતા પુસ્તકો, પ્રકાશનો, ચિંતકોનાં અભિપ્રાયો, કાયદાની જોગવાઈઓ, ચુકાદાઓ વગેરેનો ગહન અભ્યાસ કરવો અને વિવિધ ક્ષેત્રનાં ચિંતકોનાં અભિપ્રાયો જાણવા જ્ઞાનમાં પ્રવિધિ કરવી.

## ૧.૧.૫ સંશોધન ડિઝાઈન

સંશોધક દ્વારા મહત્તમ કેસો અને ચુકાદાઓનો અભ્યાસ કરી સંશોધન હાથ ધરવા સંદર્ભિત અર્થાત્ કેસ સ્ટડી ડીઝાઈન નિર્ણિત કરેલ છે.

## ૧.૧.૬ માહિતી પ્રાપ્તિના સાધનો

માહિતીઓનું એકત્રીકરણ વગર સંશોધન શક્ય હોતું નથી અને યોગ્ય સંશોધન ડિઝાઈન માહિતીનાં સર્વોત્તમ સ્રોતો માટેનાં નિર્ધારિણનું કારણ બને છે. સંશોધક માટે માહિતીનાં પ્રાથમિક સાધનોમાં કાયદાનાં પુસ્તકો, પ્રચીન ગ્રંથો તથા રૂબરૂ મુલાકાતો દ્વારા પ્રાપ્ત થતી માહિતી પ્રાથમિક સ્રોત રહેશે. જયારે ગૌણ સ્રોતોનાં વિવિધ પ્રકાશનોમાં પ્રસિદ્ધ થતાં લેખો, ચૂકાદાઓ, અર્થઘટનો વગેરે રહેશે.

## ૧.૧.૭ સંશોધનની મર્યાદાઓ

આ સંશોધનકાર્યમાં ઉપયોગમાં લીધેલાં સાધનો મહદઅંશે ભૂતકાળમાં ગુજરાત રાજ્યમાં અદાલતો દ્વારા ફરમાવવામાં આવેલ દેહાંતદંડના કિસ્સાઓની હકીકતો, માત્ર તે જ કિસ્સાઓમાં લાગુ પાડેલ કાનુની પ્રાબંધોનો અભ્યાસ છે. આઝાદી પછી ગુજરાત રાજ્યમાં જેટલા કિસ્સાઓમાં દેહાંતદંડની સજા ફરમાવવામાં આવેલ છે, તે પૈકી જે કિસ્સામાં સજાની અમલવારી થઈ ગઈ છે, તે આરોપી/તકસીરવાન પોતે જીવંત નથી, તેથી તેની મુલાકાત લઈ શકાયેલ નથી. જે વ્યક્તિએ જે તે વખતે પ્રસ્તુત વાતાવરણમાં અને સંજોગોમાં દેહાંતદંડને પાત્ર ગુન્હો કર્યો, તેણે તેવો

ગુનો કેવા સંજોગોમાં, કેવા કારણોસર અને કોની મદદથી કર્યો, ગુનામાં મૂળ ઉદ્‌ગમસ્થાન શું હતું, તે અતિ મહત્વની બાબત તો જાણી શકાઈ નથી, કારણ કે દેહાંતદંડની સજાની અમલવારી થઈ જતા, તકસીરવાન વ્યક્તિ, જે સમગ્ર ગુનાના કેન્દ્ર બિંદુએ રહેલ છે તેનું જ અસ્તિત્વ રહેલ નથી, તેથી દેહાંતદંડની સજા અંગે મધ્યબિંદુ જેવી મૂળ વ્યક્તિના વિચારો, વલણો અને અભિપ્રાયો જાણી શકાયા નથી.

તે સિવાય જે વ્યક્તિને દેહાંતદંડની સજા ફરમાવાય ગયેલ છે, પરંતુ તેની અમલવારી નથી થઈ તે કારણે હાલ જીવીત છે, તે વ્યક્તિને મળીને દેહાંતદંડ વિશે જાણવાનો પ્રયત્ન કરવામાં આવે તો પણ, સ્વાભાવિક જ છે કે આવી વ્યક્તિ તો દેહાંતદંડની વિરુધ્ધમાં જ અભિપ્રાય આપે. દેહાંતદંડના જોખમ હેઠળ જીવીત રહેલી વ્યક્તિ પોતે જે તે ગુનામાં દોર્ષિત હોય તો પણ કોઈ વ્યક્તિને મરવું તો ન જ ગમે, તેથી સ્વાભાવિક છે કે આવી વ્યક્તિ જેલની  સજાનું સમર્થન કરે, તો પણ દેહાંતદંડની સજાનું સમર્થન તો ન જ કરે.

તદ્‌ઉપરાંત જે વ્યક્તિઓએ ખુન જેવા ગુનામાં પોતાનો કોઈ પરિવારજન ગુમાવ્યો હોય, કે બળાત્કારનો ભોગ બનેલ હોય, તેમને મળીને દેહાંતદંડ અંગે તેમના વિચારો, વલણો અને અભિપ્રાય જાણવાનો પ્રયત્ન થાય તો તેવા કિસ્સામાં પણ એક વાત સ્પષ્ટ છે કે ભોગ બનનારના અભિપ્રાયો પણ પક્ષપાતી હોય અને સંપુર્ણ સત્ય ન હોય.

આ સંશોધનકાર્યમાં માહિતી એકઠી કરવાના હેતુથી એક પ્રશ્નોત્તરી તૈયાર કરી છે જે જુદા જુદા ક્ષેત્રના અગ્રણીઓને મોકલી તે પ્રશ્નોતરીમાં દેહાંતદંડ અંગે જે વ્યક્તિના અભિપ્રાયો, સુચનો જાણવાનો પ્રયત્ન કરેલ છે. આ બાબતે પણ શક્ય છે કે પ્રશ્નોના ઉત્તરો આપનાર વ્યક્તિના પોતાના વ્યક્તિગત ગમા-અણગમા અને વલણોની અસર જોવા મળે. સંશોધનકારે પોતાના વિચારો/વલણો ઉપરાંત

પ્રશ્નોતરીના માધ્યમથી આવેલ માહિતીનું પૃથક્કરણ કરી તેના આધારે તારણો પણ પહોંચવાનું ઘણું અઘરું કાર્ય કરવાનું રહે છે, તેથી એવું પણ બની શકે કે સંશોધનકારના પોતાના વિચારો પણ આજુબાજુની વ્યક્તિઓના વિચારો - વલણોની અસર થાય જેના કારણે પણ સંશોધનકાર્યમાં સંપૂર્ણતા કે ચોક્કસાઈ ન આવી શકે.

ગુજરાત રાજયમાં સાંપ્રત સામાજિક - આર્થિક - કાનુની વાતાવરણમાં એક બાબત ખાસ મહત્વની અને પ્રસ્તુત બની જાય છે. પાછલા ત્રણ-ચાર વર્ષોથી ગુજરાત રાજ્યમાં હિન્દુ, મુસ્લીમ ધાર્મિક સંવેદનશીલતા બહુ મોટા પ્રમાણમાં વધી જવા પામેલ છે. ઈ.સ. ૨૦૦૧ માં ગોધરા કાંડના હિન્દુઓ મર્યા બાદ ગુજરાતમાં થયેલ કોમી રમખાણોમાં મુસ્લિમોની મોટી સંખ્યામાં જાનહાની થઈ છે, અને તે સંદર્ભમાં મોટી સંખ્યામાં હિન્દુ આરોપીઓ ઉપર કોર્ટ કેસ ચાલી રહ્યા છે, અને ઘણી મોટી સંખ્યામાં મુસ્લિમ આરોપીઓ ઉપર પણ કોર્ટ કેસ ચાલી રહ્યા છે. જેમાં ભારતની નામદાર સર્વોચ્ચ અદાલત સુધી સંવેદનશીલ મુદ્દાઓ ઉપસ્થિત રહેલ છે.

ગમે તેટલી તટસ્થતા, પારદર્શકતા અને સંતુલન રાખીને દેહાંતદંડની સજાનું મૂલ્યાંકન કરવાનો સંશોધનકારનો પ્રયત્ન હોય, તો પણ ગુજરાત રાજ્યમાં જે વાતાવરણ હાલ પ્રવર્તમાન છે તેવા સંજોગોમાં સંશોધનકાર દેહાંતદંડની સજા ચાલુ રાખવાનું સૂચન કરે કે તેની અમલવારીની પદ્ધતિ અંગે કોઈ સૂચનો કરે તો પણ તે સંપૂર્ણ તટસ્થ અને સંતુલિત ગણવામાં ન આવે તેવી શકયતા રહેલી છે.

હાલના સંશોધનકાર પણ અંતે તો માનવી જ છે. તેથી ગમે તેટલા તટસ્થ અને સંતુલિત રહેવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરવા છતાં શકય છે કે સંશોધનકાર્યમાં કોઈ ઊણપ રહી ગઈ હોય, પારદર્શકતા ન જળવાય કે અસંતુલન કે પક્ષપાત જણાય.

હાલમાં ગુજરાતમાં સાંપ્રત વાતાવરણનાં સંદર્ભમાં સંશોધનકર્તાની દષ્ટિએ

સંશોધનકાર્ય ખૂબ જ પ્રસ્તુત સમયસરનું હોવા છતાં ઉપર વર્ણવેલી અનેક મર્યાદાઓ સંશોધનકાર્યમાં રહેલી જણાય છે.

## ૧.૧.૮ અન્ય સંશોધનોની સંભાવનાઓ

સંશોધકનાં સંશોધનકાર્ય દરમ્યાન સંશોધકે ઘણા એવા ક્ષેત્રો નજરસમક્ષ આવ્યા છે કે જેનાં પર કોઇ સંશોધકે દષ્ટિપાત કરેલો જોવા મળતો નથી. ખરી હકીકતને તે અગત્યતાં છે જેવા કે ગુનેગારોને સજા એ તો કાનૂની અને કુદરતી બાબત છે. પરંતુ ગુનેગારનાં ગુનાનો ભોગ બનનારનાં પરિવારજનોની વ્યથાને કોઈકે ધ્યાન પર લીધેલી જોવા મળતી નથી. તેમનાં જીવનધાર છિનવાઈ ગયા બાદ તેઓની કૌટુંબિક સ્થિતિ આર્થિક તેમજ સામાજિક સ્થિતિ પર પણ સંશોધન થઇ શકે છે. ગુનેગારને સજા માટે સહકાર કટીબધ્ધ છે. પરંતુ તેનાથી મોટાભાગના બનનારનાં કુટુંબીજનોની બનતી કફોડી સ્થિતિ પર સરકાર કે કાયદાએ ધ્યાનાકર્ષક પગલાઓ લીધા હોય તે જોવા મળતું નથી. તેના પર વિશેષ સંશોધન થાય તે પણ આવશ્યક છે.

વધુમાં ખૂનનાં ગુના ગુનેગારનાં માનવ અધિકારો પર માનવઅધિકારવાદીઓ તથા ન્યાયાધીશોએ ઘણી જ ચિંતાઓ વ્યકત કરી છે. પણ તેનાં ગુનાનો ભોગ બનનાર કુટુંબીજનોનાં માનવ અધિકાર પર કોઇએ દષ્ટિપાત કરેલ જોવા મળ્યો નથી. તેનાં પર પણ સંશોધન થઈ શકે છે.

ખૂનના ગુનાનાં ગુનેગારને સજા પરત્વે દરેક ન્યાયાધિક પોતાની વિચારધારા ધરાવે છે. આ અને આવી દરેક વ્યક્તિગત-સંસ્થાગત વિચારધારા પર પણ સંશોધન થઇ શકે છે.

## ૧.૨ મૃત્યુની વિભાવના

દેહાંતદંડ અંગે સામાજિક, કાનુની કે અન્ય કોઈ દ્રષ્ટિકોણથી વિશ્લેષણ કરીએ, તે પહેલા, દેહાંત એટલે શું તેને સંક્ષિપ્તમાં સમજીએ. 'દેહાંત' બે ગુજરાતી શબ્દોને જોડીને બનાવેલો એક શબ્દ છે. દેહ+અંત=દેહાંત. માનવ દેહમાં અદ્દશ્ય જીવ તત્વ છે, તેના કારણે જ દેહનું હલન-ચલન, ભૂખ લાગવી, પાચન થવું, ઠંડી-ગરમી લાગવી, વેદના કે આનંદ થવા વગેરેનો અનુભવ થવો, તેને ચેતના કે જાગૃતતત્વ કહે છે. આબધી પ્રવૃતિઓ 'જીવ' ના માધ્યમથી માનવ દેહ કરે છે. લગભગ તમામ ધર્મોએ એવું સ્વીકારેલ છે કે, અમુક નિશ્ચિત સમય સુધી 'જીવ' તત્વ માનવદેહમાં વાસ કરે છે અને તે વાસ દરમ્યાન મનુષ્ય જીવીત રહે છે જેને 'આયુષ્ય' કાળ કહેવાય છે. જે ક્ષણે માનવદેહમાંથી 'જીવ' તત્વ નીકળી જાય છે, ત્યારે તે માનવદેહનું હલન ચલન, ભૂખ લાગવી, ખોરાક લેવો, પાચન થવું, ઠંડી-ગરમી લાગવી, વેદના કે આનંદ થવો વગેરે બંધ થઈ જાય છે. માનવ દેહની આ સ્થિતિને 'દેહાંત' કહેવામાં આવે છે. ભગવત ગીતાના બીજા અધ્યાયમાં એવું કહેવામાં આવ્યું છે કે ખરેખર તો આત્માનું જન્મ-મૃત્યુ જ નથી, જે મરે છે તે શરીર છે.

अजोनित्य: शाश्वतोडय पुराणो हन्यते हन्यमाने शरीरो[१]

तथा

उभौ तो न विजानीतो नायं हान्ति न हन्यते ।[२]

માનવ દેહનો અંત ઘણી રીતે આવે છે. જન્મથી માંડી વર્ષો સુધીનું આયુષ્ય ભોગવી, વૃદ્ધાવસ્થામાં મોટી ઉંમરે દેહાંત થાય તે કુદરતી દેહાંત ગણાય છે.

---

૧. શ્રીમદ્ ભગવત ગીતા, અધ્યાય-૨ સાંખ્યયોગ, શ્લોક-૨

૨. એજન, શ્લોક-૧૯

માનવી પોતાના જીવનકાળ દરમ્યાન સારી રીતે ઉછેર પામે, ખોરાક લે, વિદ્યાભ્યાસ કરે, પુખ્ત થાય અને ધંધો-વ્યાપાર કે અર્થોપાર્જનની પ્રવૃતિ સાચી અને સારી રીતે કરે, યોગ્ય ઉંમરે લગ્ન કરે, સંતાનોત્પતિ કરે, માલ-મિલ્કત, ઝર-ઝવેરાત વસાવે, સામાજીક પ્રતિષ્ઠા મેળવે, દાન-પુણ્ય કરે, ધાર્મિક પ્રવૃતિઓ કરે, અને કોઈ અનિચ્છનીય કે નિંદનીય કૃત્યો ન કરે, પોતાની આજુબાજુના વર્તુળમાં ચાહના પ્રાપ્ત કરે અને આ રીતે જીવન જીવતા-જીવતા તંદુરસ્તીભર્યુ દીર્ઘાયુષ્ય ભોગવ્યા પછી, વૃદ્ધાવસ્થામાં 'દેહાંત' થાય તેને કુદરતી મૃત્યુ કે દેહાંત કહેવામાં આવે છે.

સામાન્ય માનવી 'દેહાંત' ને ઉપર વર્ણવેલ છે તે રીતે સમજે છે. પરંતુ આધ્યાત્મિક વિચારકો, તત્વજ્ઞાનીઓ વગેરે મૃત્યુને તાત્વિક દ્રષ્ટિએ મુલવે છે. માત્ર માનવજાતિ સિવાય, મૃત્યુ થવાનુ છે તેવો ખ્યાલ કોઈને હોતો નથી કે ચિંતાપણ હોતી નથી. પ્રત્યેક પ્રાણી મૃત્યુ પામે છે, પરંતુ તે મૃત્યુ વિશે વિચારી શકતુ નથી. માનવપ્રાણી અનુભવ થકી જાણે છે કે તે મૃત્યુ અવસ્યમભાવી ઘટના છે. તે અનિવાર્ય હકીકત છે. પરંતુ કોઈ બાળકનો ઉછેર જ તદ્દન એકાંતમાં કરો કે તેને કોઈ રણક્ષેત્રમાં મુકી આવો તો તેને મૃત્યુનો વિચાર જ નહી સતાવે. કોઈ બિલાડી કે છોડને મૃત્યુનો ભય સતાવતો નથી.[3]

## ૧.૧.૧ હિન્દુ ધર્મની વિચારધારા

હિન્દુ ધર્મના મહાન ધાર્મિક ગ્રંથ 'મહાભારત'ના 'શાંતિપર્વ' ના બસો છપ્પનમાં અધ્યાયમાં મૃત્યુની ઉત્પતિ વિશે માહિતી આપવામાં આવી છે. જેમાં રોગ અને વૃદ્ધત્વને નિમિત બનાવી, સૌનો સંહાર કરતી મૃત્યુદેવીની કલ્પના કરવામાં આવી છે. આ જ 'શાંતિપર્વ'માં જીવના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે 'જીવનો કદી નાશ થતો નથી. મરણ સમયે જીવ બીજા

---

૩. વૈવિધ્ય, પ્રો.એચ.એમ.ત્રીવેદી, 'સંદેશ' દૈનિક, તા.૧૬-૨-૨૦૦૫ આવૃતિ

શરીરમાં ચાલ્યો જાય છે ને ત્યારે તેમાનો અગ્નિ શાંત થઈ જાય છે. શરીરમાં ઉષ્ણતા ન રહેતા, પછી દેહને સ્પર્શ કે કશાનો અનુભવ થતો નથી.[૪]

ઉપનિષદમાં માનવનો આત્મા શરીર છોડવા લાગે, ત્યારે થતી સ્થિતિનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે:-

'જ્યારે આત્મા શરીર છોડવા લાગે છે, ત્યારે તેનો સર્વ પ્રાણો અને ઈન્દ્રિયો તેનો સાથ છોડી દે છે, અને તે એકલો રહી જાય છે, મન તથા ઈન્દ્રિયો સર્વ પ્રકારની સંજ્ઞાઓથી શૂન્ય બની જાય છે, જેમ સાપે ઉતારી નાખેલી કાંચળી રાફડા પર પડી રહે છે તેવી રીતે આત્મા વિહોણું શરીર અહી પડી રહે છે, અને પ્રાણસ્વરૂપ આત્મા બ્રહ્મોતેજમાં લીન થઈ જાય છે.

જેનો જન્મ છે તેનુ મૃત્યુ-દેહાંત નક્કી જ છે. કોઈનો દેહાંત વહેલો તો કોઈનો મોડો- દરેક માનવનો 'દેહાંત' થાય જ છે. આ એક વાસ્તવિકતા છે. મૃત્યુ/દેહાંતથી ગમે તેટલા દૂર રહેવાનો પ્રયત્ન કરીએ તો પણ વહેલો કે મોડો, 'દેહાંત' થાય જ છે. છતાં, આપણે તો મૃત્યુથી પીઠ ફેરવીને બેઠા છીએ. રસ્તામાં કોઈની નનામી નીકળે, ત્યારે માતા પોતના સંતાનને ઘરમાં બોલાવી લે છે, ને ઘરની બારીઓ બંધ કરી દે છે, આમ બારીઓ બંધ કરવાથી મૃત્યુ કે દેહાંત અસત્ય થઈ જતુ નથી, મૃત્યુથી મુક્ત થઈ જવાતુ નથી, કે નથી તો મૃત્યુ પર વિજય મેળવી શકાતો.

ઘણા તત્વચિંતકો, આધ્યાત્મિક વિચારકો,, કવિઓ મૃત્યુ ઉપર વિજય મેળવવાની વાત કહે છે. પણ મૃત્યુ ઉપર વિજય એટલે શું ? એ જાણવું જરૂરી છે. મૃત્યુપર વિજય મેળવવાનો અર્થ એ નથી કે આપણું મૃત્યુ થાય જ નહીં. પરંતુ મૃત્યુ ઉપર વિજયનો અર્થ એવો કરવાનો છે કે મૃત્યુની અવગણના કરવાની છે,

---

૪. મહાભારત, શાંતિપર્વ, અધ્યાય-૨૫૬

એમ કરવાથી આપણને મૃત્યુ ડરાવી નહિ શકે. મૃત્યુ સાથે લડવાનું નથી, એને ઓળખવાનું છે.

આપણે જીવીએ છીએ, પણ 'જીવન' શું છે એ જાણતા નથી, અને આ અજ્ઞાનને લીધે જ આપણે 'મૃત્યુ'થી ડરીએ છીએ. તત્વ ચિંતકો તો એમ કહે છે કે મનુષ્ય મર્ત્ય નથી, એ 'આત્મ સ્વરૂપ છે. સમગ્ર જીવન અમૃત છે પણ આપણે તો એ તરફ દ્રષ્ટિ જ કરતા નથી. કવિવર રવિન્દ્રનાથ ટાગોર કહે છે કે 'આપણે અમૃતના પુત્રો છીએ, મૃત્યુના નહીં.'

કાકા સાહેબ કાલેલકરના મતે મૃત્યુમાં ઊંઘ જેવી મીઠાશ છે. તેઓ કહે છે કે આધ્યાત્મ જાગૃતિનો નાશ એટલે જ મરણ. સંતો અને મહાપુરુષોએ મૃત્યુ પર વિજય મેળવવાની વાત કરી છે, તે આ જ. બાકી શારીરિક મોતથી તો બુધ્ધ, કે મહાવીર, શ્રી રામ, શ્રી કૃષ્ણ કે મહંમદ પયગંબર પણ બચ્યા નથી. સૌને શરીર તો છોડવું જ પડે છે.[૫]

મૃત્યુ વિષે ભિષ્મપિતામહે યુધિષ્ઠિરની પાપ ભાવના દૂર કરવા માટે સરસ દંતકથા કહેલી. આપણા વિષયને એકદમ પ્રસ્તુત અને લાગુ પડે છે. એક યુધ્ધમાં પાંડવોનો વિજય થયો, જો કે યુધ્ધમાં ભયંકર માનવ સંહાર થયો તેથી યુધિષ્ઠિર આવા વિજયને પણ પરાજય માનવા લાગેલા અને તે અંગે યુધિષ્ઠિરને પાપ ભાવના થતી હતી. ત્યારે યુધિષ્ઠિરની ગ્લાનિ દૂર કરતા ભિષ્મપિતામહ સમજાવે છે, અને કહે છે કે પોતાના જ કર્મનું ફળ ન હોય એવું કશું માણસને વેઠવું પડતું નથી. ઉદાહરણ ટાંકતા ભિષ્મપિતામહ કહે છે કે ગૌતમી નામની એક વૃધ્ધ સ્ત્રીના પુત્રને સર્પ કરડ્યો અને તેનું મૃત્યુ થયું. આ દ્દશ્ય અર્જુનક નામનો એક પારધી જોઈ ગયો. પારધી સર્પને પકડી લે છે અને મૃતપુત્રને અને સર્પને ગૌતમી સમક્ષ લાવે છે.

---

૫. મૃત્યુની મંગલ પળે, ડૉ.ભાનુમતી એચ.શાહ પ્રકરણ-૩, પાના નં.૧૬,૧૭,૧૮

પારધી સર્પને મારી નાખવાની વાત કહે છે ત્યારે ગૌતમી સર્પને છોડી દેવાનું પારધીને કહે છે અને તાત્વીક ભાષામાં આખી ઘટનાનું અર્થઘટન કરતા કહે છે કે 'સાપે કંઈ મારા પુત્રને જાણી જોઈને માર્યો નથી, વળી આ સર્પને મારવાથી મારો પુત્ર કાંઈ જીવતો નહી થાય, અને આ સર્પ જો જીવતો રહેશે તો એથી કોઈનું કશું નુકસાન થવાનું નથી. આ સર્પને મારી નાખવાથી મૃત્યુ વડે ગ્રસાયેલુ આ બ્રહ્માંડ અમર થોડુ જ થઈ જવાનું છે?' આટલુ કહેવા છતાં પારધીને ગૌતમીની વાત ગળે નથી ઉતરતી; તે હજીયે સર્પને મારવાની સંમતિ માંગે છે, ત્યારે ગૌતમી સરસ જવાબ આપે છે: 'પણ મારો પુત્ર તો ગયો જ ગયો, તેથી આ સર્પનો વધકરવો એ હુ ઉચીત નથી સમજતી', ત્યારે પારધી દલીલ કરતા કહે છે: ધર્મવિત્તાઓનો એવો આદેશ છે કે અપરાધીને છુટો મુકાય તો એ અનેકના મૃત્યુના અને દુ:ખનું કારણ બને છે, ત્યારે ગૌતમી કહે છે 'કોઈ કોઈનું મૃત્યુ નિપજાવી શકતુ નથી, અને કોઈ કોઈને જીવન બક્ષી શકતું નથી. સૌ પોત પોતાના કર્મો વડે જીવે છે યા મરે છે.' દંતકથામાં એવું પણ છે કે ગૌતમી અને પારધીનો આટલો સંવાદ સાંભળ્યા પછી, સર્પ પોતે પણ બોલે છે અને પારધીને ઉદ્દેશીને કહે છે 'હે પારધી મેં કાંઈ બાળકને ક્રોધ કે લોભવશ ડંખ નથી દીધો, હું પોતે પણ મૃત્યુ વિવશ હતો, પરતંત્ર હતો, હું ડંખ ન દઉ તો એ મને મારી નાખશે એવી મને બીક હતી. આમાં કોઈનો પણ દોષ હોય તો તે મૃત્યુનો જ છે. મૃત્યુની બીકથી જ માણસ દુનિયામાં સઘળે મૃત્યુને વેરતો ફરે છે.'

એક વિચાર એવો પણ પ્રવર્તે છે કે મૃત્યુથી ડરવું નહી, પણ મોતને સમજવું હિતકર છે. હદીશ કહે છે કે,

'મન આમા ફિદ, દુનિયા આમાફીલ આખીરા' જે આ લોકમાં અંધ, દ્રષ્ટીહીન રહે છે, તે પરલોકમાં પણ અંધ રહી જાય છે.

## ૧.૧.૨ બૌધ ધર્મની વિચારધારા

તિબેટીયન સંસ્કૃતિમાં મૃત્યુને નિમ્ન લોકોના, નિમ્ન કક્ષાના દેવોનું અગર તો વધુ સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવે તો અસુરો-રાક્ષસોનું કાર્ય ગણવામાં આવ્યું છે. આ સંદર્ભમાં સ્પષ્ટતઃ કહેવાયેલુ જોઈ શકાય છે.

"In Tibet, death is regarded as the work of the death demon who has accordingly to be exercized from the house and locality. The ceremonies of death and method of the desposal of the body are entirely of a prebudhistic."[૬]

તિબેટમાં મૃત્યુને એક 'મૃત્યુરાક્ષસ' નું કાર્ય માનવામાં આવે છે, જે પોતાનું કાર્ય સ્થાનિકપણે ઘરમાં જ સંપન્ન કરે છે. તિબેટીયનનોની માન્યતા અનુસાર આત્મા કોઈપણ વ્યક્તિના ભૌતિક મૃત્યુ બાદ તુરત જ તેના શરીરમાંથી પ્રયાણ કરતો નથી, પરંતુ તે સબ સાથે પોતાનું જોડાણ હૃદય અને શ્વસનગતિ અવરુદ્ધ થયા બાદ ચાર દિવસ સુધી ચાલુ રાખે છે.[૭]

તિબેટીયન સંસ્કૃતિમાં ધાર્મિક અને તાત્વિક અભિગમના યોગ્ય વિકાસ વગર માનવ ચેતના જેટલો વિકાસ મૃત્યુ અંગે કરી શકે તેટલો થયેલો જોવા મળે છે. મૃત્યુને જીવનનો અંત માનવામાં આવતો નથી.

## ૧.૧.૩ જૈન ધર્મની વિચારધારા

શ્રીકૃષ્ણ ગીતાના ૧૬માં અધ્યાયના દૈવી સંપતિના લક્ષણોની યાદીમાં 'અભય'ને પ્રથમ સ્થાને મૂકે છે. 'અભય' નો સૂચિતાર્થ છે 'મૈત્રીપુણ આત્મભાવ'

---

૬. Encyclopedia of Relegion and Ethics, Vol.4, Page 509

૭. એજન, પાના નં.૫૧૦

કૃષ્ણ અને મહાવીરને સાંકળતો માર્ગ છે જે સ્વસ્થ અને આત્મનિષ્ઠ છે, તેને ભય સતાવતો નથી આત્મભાવ પ્રબળ બને એટલે ભય સહજ રીતે દૂર થઈ જાય છે. આમ તો સૌ કોઈ મૃત્યુથી ભયભીત છે.

મહાવીર સ્વામીની અભયસિદ્ધિ માટેનો એક પ્રસંગ ખૂબ પ્રસિદ્ધ છે. તેઓ દક્ષિણ વાચાલાથી ઉત્તર વાચાલા તરફ જઈ રહ્યા હતા, ત્યારે એક ગોવાળે તેમને રોક્યા અને કહ્યું કે આમાર્ગ ઉપર ચંડકૌશિક નામનો એક દ્દષ્ટિવિષ સાપ રહે છે, જેના તરફ એ જુએ તે મરી જાય છે તેથી એ રસ્તે ન જાઓ. પરંતુ મહાવીર તો આત્મભાવને કસોટીએ ચડાવવા માંગતા હતા. એ તો પ્રસન્ન થઈ એ જ રસ્તે આગળ ચાલ્યા. દેહની નશ્વરતા અને આત્માની અમરતાનો બોધ એમને તો ક્યારનોય થઈ ચૂક્યો હતો.

મહાવીરનું તપ વિવેકપૂર્ણ હતુ. તપ એટલે પીડા નહિ. તપ એ તો અનંતયાત્રા છે. તપ એ ચેતનાનું ઉડ્ડયન છે ને જે આવુ ભીતરી તપ કરે છે, એ કદી મૃત્યુથી ભય પામતો નથી કે મૃત્યુથી દૂર ભાગતો નથી. મૃત્યુ પરનો વિજય એટલે કાયાકલ્પ નહિ. ગમે તેટલો કાયાકલ્પ કરો, મરવું તો પડે જ છે. શરીર તો મરવાનું જ. કાયાકલ્પ મૃત્યુને થોડુ દુર ઠેલી શકે. કદાચ ભવિષ્યમાં અનંતકાળ જીવી શકાય તેવી દવાની શોધ વિજ્ઞાનીઓ કરે પણ ખરા પણ પછી તો માણસ એ અનંતકાળના જીવનથી થાકી જશે. આજે મૃત્યુથી બચવા માંગીએ છીએ, પછી જીવનથી બચવા ફાંફા મારવા પડશે. કારણ કે લાંબી કંટાળાજનક હેતુશુન્ય જીંદગીનો કોઈ અર્થ નથી. કોઈક વિરલા અનંત જન્મોમાં ન જીવી શકાય એવું એક ક્ષણમાં જીવી શકે અને આવું એ જ જીવી શકે જેને મૃત્યુનો ડર ન હોય.

મહાવીરે જ ભૂખ્યા મરવાનો પ્રયોગ વહેતો કર્યો છે. મહાવીરના તત્વજ્ઞાન મુજબ મૃત્યુને પણ એક સંકલ્પરૂપે સ્વીકારવામાં આવ્યું છે, જેને જૈન ધર્મની પરિભાષામાં 'સંથારો' કહેવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં માત્ર મહાવીરે જ આવા

સંકલ્પ મૃત્યુની સંમતિ આપી છે. મૃત્યુનો ઉપયોગ સાધના તરીકે કરવાનો છે. મહાવીર કહેતા 'ઉપવાસ કરો અને મૃત્યુ પામો' સાધારણ માણસને ભૂખ્યા મરી જવામાં લગભગ નેવું દિવસ લાગે છે. નેવું દિવસ સુધી મરવાની ઈચ્છા ટકાવી રાખવી એ મુશ્કેલ કામ છે. કોઈ માણસ પચાસ, સાંઈઠ, સીતાર, એંશી, નેવું, સો દિવસ સુધી નિ:સંદેહભાવથી મૃત્યુની કામના કરે એ ઘણી મોટી વાત છે. 'સંથારા'ના માધ્યમથી માનવી મૃત્યુમાં પણ જીવનની પૂર્ણતા અને સભરતા શોધે છે. મૃત્યુ અહી જીવનની એક મહત્વની નિર્ણાયિક ઘટના બની રહે છે. મહાવીરે એટલા માટે મૃત્યુના આવા પ્રયોગની આજ્ઞા આપી, જેમાં વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ મૃત્યુ પામવાની રીત અને સ્થળની સંપૂર્ણપણે સભાનતાથી પ્રાપ્તિ કરી શકે. એ રીતે વ્યક્તિ મૃત્યુને જીવનના પરમ મંગલ અવસર તરીકે સ્વીકારી શકે.

અહીં મૃત્યુ માનવને નહિં, માનવ મૃત્યુને સાદ પાડે છે. પોતે જાતે ધીરે ધીરે પોતાના શ્વાસના દીવાને બુઝાવી રહ્યા છે, એ વાત એના માટે પરમ સંતોષની છે. જીવનની સઘળી તૃષ્ણા આસક્તિ ઓસરી ગયા છે, લેણદેણ બધી પુરી થઈ ગઈ છે એ જ આવો દ્દઢ સંકલ્પ કરી શકે.

જુદા જુદા ધર્મો અને પ્રદેશોમાં મૃત્યુ (દેહાંત) વિશેના ખ્યાલો સંક્ષિપ્તમાં જોતાં. દરેક ધર્મ મૃત્યુને સ્વિકારે છે. મૃત્યુને અમૃત એટલે કે પવિત્ર ગણે છે. દેહધારીનો 'દેહાંત' નિશ્ચિત જ છે તે સનાતન સત્યને કોઈ આધ્યાત્મવાદી કે તત્વચિંતક નકારી શકતા નથી.

અલબત, દરેક દેહધારીનો 'દેહાંત' એક સરખી રીતે નથી થતો. કોઈ દેહધારી દીર્ઘ આયુષ્ય ભોગવી વૃદ્ધાવસ્થામાં કુદરતી 'દેહાંત' પામે છે. કોઈનો વાહન અકસ્માતમાં 'દેહાંત' થાય છે. કોઈ આપઘાત કરી 'દેહાંત' કરે છે, કોઈનો નાની વયમાં રોગગ્રસ્ત સ્થિતિમાં 'દેહાંત' થાય છે, કોઈનો દેહાંત કોઈ અપરાધીના હાથે ખુન થવાથી થાય છે.

જે અપરાધી પોતાના અપરાધકૃત્યુથી અન્યનો 'દેહાંત' આણે છે તેને રાજ્ય સતા અને કાયદો ખૂબ કઠોર નજરે જૂએ છે.

કોઈનું ખુન કરનારને દરેક દેશમાં જે તે દેશના કાનૂન અનુસાર સજા કરવામાં આવે છે. સજા રૂપે ગુનેગારને 'દેહાંતદંડ' આપવામાં આવે છે, અર્થાત જે ગુનેગારો કોઈ અતિ ક્રુર, ઘાતકી અને મર્યાદા બહારનું અમાનવીય ગુનાહિત કૃત્ય કર્યું હોય, તેને જ તે ગુનાની ગંભીરતા અનુસાર 'દેહાંતદંડ' ની સજા થઈ શકે તેવી જોગવાઈ લગભગ દરેક દેશના કાનૂન પુસ્તકોમાં હોય છે.

કુદરતી, આકસ્મિક, રોગગ્રસ્ત હાલતમાં 'દેહાંત'ની સરખામણીમાં સજાના ભાગરૂપે થતો 'દેહાંત' ઘણી રીતે ચર્ચાસ્પદ રહ્યો છે.

રાજ્ય-સત્તા કાયદો ઘડે છે, અને સજાની જોગવાઈઓ-પ્રબંધો બનાવે છે. દરેક દેશનું ન્યાયતંત્ર આવા કાયદાના આધારે ઓછી/વધતી સજા દોષિત ગુનેગારને કરે છે. 'દેહાંતદંડ' એટલે કાનૂની રીતે દેહધારીનો કરવામાં આવતો 'દેહાંત' ન્યાયતંત્ર આવી સજા ફરમાવે છે અને રાજ્યતંત્ર આવી સજાની અમલવારી કરે છે.

કુદરતી કે આકસ્મિક મૃત્યુની સાપેક્ષમાં સજારૂપી મૃત્યુના ઘણા જુદા જુદા પાસાઓ છે. આપણા દેશમાં ખૂબજ દીર્ઘાયુષ્ય ભોગવી સોએક વર્ષની વયે દેહાંત પામનારની અંતિમયાત્રા પણ શુભપ્રસંગ જેવી થતી હોય છે. નાની ઉમર નાનુ દેહાંત, આકસ્મિક દેહાંત, કોઈ માનવીય કૃત્યના પરિણામે નિપજતુ દેહાંત વગેરે દેહાંતો શોકગ્રસ્ત ગણાય છે. કોઈ ગુહાહીત કૃત્યના કારણે જે ક્ષણે કોઈ ગુહેગારને 'દેહાંતદંડ' ની સજા ફરમાવવામાં આવે, તે ક્ષણથી 'દેહાંતદંડ' ની સજાની અમલવારી રૂપે તેને 'દેહાંત' થાય તે ક્ષણ સુધી સજા પામનાર વ્યક્તિની મનો-શારીરિક સ્થિતિ ખૂબજ નાજુક હોય છે. 'દેહાંતદંડ'ની સજામાંથી બચવા લડવાનો થતો કાનુની જંગ, આવાજંગ દરમ્યાન આવતા ચઢાવ-ઉતારની સાથે સાથે જ તે વ્યક્તિની મનો-શારીરિક સ્થિતિમાં પણ ખૂબજ નોંધનીય ફેરફારો અને ચઢાવ-ઉતાર થતા જાય

છે, જેનો સમાજશાસ્ત્રીઓ, મનોવૈજ્ઞાનિકો અને તબીબી ક્ષેત્રના તજજ્ઞો દ્વારા થતો હોય છે.

અગાઉ નોંધ્યું તેમ, દેહધારીનો 'દેહાંત' નક્કી જ છે, પરંતુ સજાત્મક સ્વરૂપે માનવી દ્વારા અકુદરતી રીતે માનવીનો (ગુનેગારનો) દેહાંત એ ખૂબજ ચર્ચાનો મુદો ભૂતકાળમાં રહ્યો છે, હાલ પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે તેવું લાગે છે.

## ૧.૧.૪ પશ્ચિમની વિચારધારા

મૃત્યુના મૂળ માટે પશ્ચિમમાં ભારતીય વિચારધારા કરતા જુદા પ્રકારની માન્યતા પ્રવર્તે છે. ભારતીય વિચારધારામાં સૌપ્રથમ 'મૃત્યુ' જ સર્વવ્યાપી હોવાની વાત કરાઈ છે. જ્યારે પશ્ચિમમાં એવી માન્યતા છે કે માનવ સૌપ્રથમ મૃત્યુવિહીન હતો. અમરતાનો સંદેશ લઈ આવનાર દૂતની કોઈ ભૂલ કે પછી એના કોઈ અશુભ ઈરાદાને કારણે જગતમાં મૃત્યુનો પ્રવેશ થયો એવું માનવામાં આવે છે. મૃત્યુના મૂળ વિશેની અનેક દંતકથાઓ પશ્ચિમમાં વિચારાઈ છે. અમુક વૃક્ષના ફળ નહી ખાવાના દિવ્ય હુકમના અનાદરના પરિણામરૂપે મૃત્યુ અસ્તિત્વમાં આવ્યું તેની પણ માન્યતા છે. શરૂમાં મૃત્યુ કુદરતી કારણોના પરિણામરૂપ મનાતું ન હતું. શેતાન, રાક્ષસો કે અન્ય અનિષ્ટ દુષિતોની ખલેલનો જ આવિર્ભાવ મનાતુ.

ઈ.સ.૬૦૦ની આજુબાજુ ગ્રીક લોકોની નજરમાં 'મૃત્યુ' એ અત્યંત તિરસ્કૃત ઘટના ગણાતી. તત્વચિંતક સૈફો મૃત્યુને ભયાનક માનતા. અનેક યુગોથી મૃત્યુના રહસ્યની વણથંભી વિચારયાત્રા છતાં, જગતના મહાન આશ્ચર્ય સમો માનવ 'મૃત્યુ'નો ઈલાજ શોધી શક્યો નથી. સી.ડબલ્યુ હાલ કહે છે કે: માનવના રોજબરોજના પ્રશ્નોને ચર્ચતુ મનોવિજ્ઞાન 'મૃત્યુનો ભય' વિશે ખાસ કશું કહેતુ નથી. પાયથાગોરસે પોતાના તત્વજ્ઞાનના સિદ્ધાંતોમાં મૃત્યુ અંગે દ્રષ્ટિબિંદુ વ્યક્ત કર્યુ. જેમાં આત્માનું રૂપાંતર, જન્માન્તરોની માન્યતા, જીવનચક્રોની શુદ્ધિ, પછીનો નવો જન્મ, શરીર

એ આત્માની કેદ વગેરે વિશે છણાવટ જોવા મળે છે.

સોક્રેટીસના મતે 'જીવન કરતા મૃત્યુ વધારે સુંદર હોઈ શકે.' પ્રખ્યાત તત્વચિંતક પ્લેટોના મતે Only a Philosopher can welcome his death.

ઓગણીસમી સદીની શરૂઆતમાં ૧૭૨૪ થી ૧૮૦૪ના સમયગાળામાં તત્વજ્ઞાની કેન્ટને અમરત્વ વાંછતા ચિંતકોની નબળાઈઓનો સ્પષ્ટ ખ્યાલ હતો. માનવના શરીરનો પુનર્જન્મ થાય એમાં કેન્ટ માનતા નહોતા. તેમણે પ્રશ્ન કરેલો કે 'આ સંસારમાં એવો કોઈ માનવ છે કે જે પોતાના શરીરને પોતાના મૃત્યુ પછીની યાત્રામાં સાથે લઈ જઈ શકે?

ઈ.સ.૧૭૮૮ થી ૧૮૬૦ના ગાળામાં થઈ ગયેલા જર્મન તત્વચિંતક શોપનહોવરે મૃત્યુને 'તત્વજ્ઞાનની દેવી' તરીકે ઓળખાવી છે. તેણે કહેલ કે મૃત્યુ ન હોત તો માનવ ભાગ્યે જ તત્વચિંતન તરફ વળ્યો હોત. બધા જ ધર્મો અને તાત્વિક ચિંતનોનું કામ લોકોને મૃત્યુની નિશ્ચિતતા અંગે સમજાવવાનું છે, ને ધર્મ તથા તત્વજ્ઞાને એ કામ કર્યુ છે, તેથી જ બિહામણું લાગતુ મૃત્યુનું મુખ પણ માનવ જરાયે ગભરાયા વિના જોઈ શકે છે.

મૃત્યુ વિશે ચર્ચા કર્યા પછી એટલું સ્પષ્ટ બને છે કે દરેક મનુષ્યો કે દરેક જીવના દેહનો અંત 'દેહાંત' છે જ. ભિષ્મપિતામહને 'ઈચ્છામૃત્યુ'નું વરદાન હતું અને તેઓ પોતાની ઈચ્છા પ્રમાણેના સમયે-સ્થિતિમાં મૃત્યુને વરે તેવું વરદાન હોવા છતાં, તેઓ પણ અમર તો ન જ હતા, અને મૃત્યુ તો તેમનું પણ થયું જ છે.

ભગવાન શ્રી કૃષ્ણ તો 'અવતારી' પુરુષ હતા, છતાં તેઓ 'માનવ દેહધારી' હતા એટલે તેમણે પણ દેહત્યાગ તો કરવો જ પડેલો. મહાભારતની કથા અનુસાર[૯] શ્રી કૃષ્ણ દૂર્વાસા મુનિના અતિથિ બન્યા ત્યારે દૂર્વાસાએ શ્રી કૃષ્ણના આતિથ્ય માટે ખીર બનાવી અને આખા શરીરે ખીરને ચોપડી લેવા કહ્યું. દુર્વાસાના કહેવા મુજબ

શરીરના જે જે ભાગ ઉપર ખીર ચોપડાયેલી હોય તે ભાગમાંથી મૃત્યુ શ્રી કૃષ્ણના શરીરમાં પ્રવેશી ન શકે તેવું વરદાન દૂર્વાસા ઋષિએ શ્રીકૃષ્ણને આપેલું. આ વરદાન મુજબ શ્રી કૃષ્ણએ આખા શરીરે ખીર લગાવી, પરંતુ કોઈ કારણોસર પગના તળીયાના ભાગમાં ખીર ન લગાવી. હિન્દુ ધર્મશાસ્ત્રો એમ કહે છે કે યાદવાસ્થળી પછી પ્રાંચીમાં શ્રીકૃષ્ણ જ્યારે આરામ કરતા હતા, ત્યારે ડાબા પગના ગોઠણ ઉપર જમણો પણ રાખેલો હતો. જંગલમાં શિકારે નીકળેલ શિકારીએ શ્રી કૃષ્ણના જમણા પગનો તળિયાનો રક્તવર્ણો ભાગ દૂરથી મૃગ જેવો લાગ્યો અને શિકારીએ શ્રીકૃષ્ણના જમણા પગના તળિયામાં તીર મર્યુ. શિકાર કર્યાના ઉત્સાહમાં શિકારી નજીક આવી જુએ છે તો શ્રી કૃષ્ણ ભગવાન જણાયા, ત્યારે ખૂબ જ વિલાપ કરતો શિકારી ભગવાનની માફી માગે છે, તેના જવાબમાં શ્રી કૃષ્ણએ કહ્યું કે શિકારી તો નિમિત માત્ર છે, દેહધારીએ મૃત્યુ તો સ્વિકારવું જ પડે છે. આમ કહી શ્રી કૃષ્ણને તુચ્છ પ્રાણીની જેમ જ દેહ છોડયો અને 'અવતાર' પણ મૃત્યુથી પર નથી તે સિદ્ધ કર્યુ.

## ૧.૧.૫ ઈસ્લામી વિચારધારા

કુરાનમાં એવું ફરમાવવામાં આવેલ છે કે દરેક જીવે મૃત્યુનો સ્વાદ લેવો જોઈએ. દરેક વ્યક્તિના મૃત્યુનો સમય અગાઉથી નિર્મિત થયેલો હોય છે. ઈસ્લામ ધર્મગુરુઓએ આજ્ઞા કરી છે કે 'મૃત્યુ અંગે તેમણે વિચાર કરવાનો નથી.[૮]

ઈસ્લામ ધર્મ પ્રમાણે પણ મૃત્યુ મુક્તિદાતા ગણાયું છે. આ દુનિયા પર જે જે છે તે સર્વ ફાની (નાશવંત) છે, અને કૃપાવાન ઈશ્વર જ અવિનાશી છે. મૃત્યુ માટે માણસે હંમેશા તૈયાર રહેવાનું છે. મોતને કદી ન ભૂલવું તેવી આજ્ઞા ઈસ્લામ ધર્મ એઆપી છે. ઈસ્લામમાં કહેવાયું છે:

---

૮. મૃત્યુની વિભાવના-જગતના ધર્મો, સંસ્કૃતિઓ અને કેટલાક તત્વચિંતકોની દ્દષ્ટિએ પીએચડી થિસીસ, કલાધર એ.આર્ય, ૨૦૦૨

# ૨૪

'મૂતુ કબ્લ અન તમૂતુ'

એટલે-તમે મૃત્યુ પામો તે પહેલા મરી જાઓ, એટલે કે, જીવનની પળેપળનો હિસાબ રાખો, ને જે નાશવંત છે એ સર્વ પ્રત્યે ઉદાસીન બની જાઓ.

# પ્રકરણ : ૨
# દેહાંતદંડ

દેહાંતદંડની સજાનો ઈતિહાસ માનવ જાતનાં ઈતિહાસ સાથે શરૂ થયેલો છે. આદિ સમાજોમાં માણસનું જીવન એ ખૂબજ સંઘર્ષમય હતું. તે જમાનામાં હિંસાથી ઘણાં બધા મૃત્યુના બનાવો બનતા, અને તે સાધારણ બનાવો ગણાતા. જ્યારે સમાજ ઉપર કોઈ કુદરતી કે બાહ્ય આફત આવી પડે ત્યારે આવા બનાવો આફતો એ દેવો ગુસ્સે થવાથી આવી છે તેમ મનાતું તે જ પ્રમાણે જ્યારે તે સમાજોની રૂઢીઓ અને પ્રણાલીઓનો ભંગ થતો ત્યારે પણ દૈવી તત્વો ગુસ્સે થઈને આપણા સમાજને શિક્ષા કરશે તેવો ભય રહેતો અને આ ગુસ્સે ભરાયેલા દેવોનેખુશ કરવા માટે તેમને અમુક પાપીઓનો માનવ બલી ધરાવવામાં આવતો.[૧] આમ પ્રજામાંથી આવા પાપીઓનો સંપૂર્ણ છેદ કરવાથી દેવો ખુશ થઈ જશે તેવું માનવામાં આવતું. શરૂઆતમાં આ સજા ધાર્મિક પ્રથાના એક ભાગ તરીકે કરવામાં આવતી હતી ત્યાર પછી જેમ જેમ સમાજનો સાંસ્કૃતિક વિકાસ થતો ગયો તેમ તેમ તેમાં માનવતાવાદી વલણોનો ઉદભવ થતો ગયો.[૨]

ઈંગ્લેન્ડમાં દેહાંતદંડની સજા અત્યારે માત્ર ચાર જ પ્રકારના ગુનાઓમાં કરવામાં આવે છે.

(૧) રાજ્યદ્રોહ

(૨) દેહાંતદેહને પાત્ર ખૂન જેવા કે,

(અ) ચોરીનો ગુનો કરતા ખૂન કરવું

(બ) નિશાન તાકી કે ધડાકો કરીને ખૂન કરવું,

---

૧. મનસ્મૃતિ અધ્યાય પર્વ

૨. K.C.Where-Modern Constitution P.27

(ક) ધરપકડનો વિરોધ કરતા ખૂન કરવું,

(ડ) ફરજ પરના પોલીસ અધિકારીનું ખૂન કરવું,

(ઈ) ફરજ પરના જેલ અધિકારીઓનું ખૂન કરવું,

(૩) હિંસા યુક્ત ચાંચીયાગીરી અને

(૪) રાણીના જહાજોને આગ લગાડવી.

ઉપરોક્ત જણાવેલ ગુનાઓ પૈકી પ્રથમ બે ગુનાઓમાં દેહાંતદંડના વિકલ્પમાં કોઈ સજા થઈ શકતી નથી. ઈંગ્લેન્ડમાં રાજ્યદ્રોહ અને બીજા ભારે ગુનાઓ માટેની સજાઓ નોરમન જીત અગાઉ અને તે પછી બદલાતી રહી છે. તે વખતમાં ક્યારેક દેહાંતદંડની સજા તો ક્યારેક અંગ છેદનની સજા થતી હતી. હેનરી પહેલાનાં કાયદામાં ચોરી માટે ફાંસીની સજાનો ઉલ્લેખ જોવા મળે છે. હેનરી બીજાનાં સમયમાં ચોરી માટે અંગ છેદનની સજા થતી હતી તેવો ઉલ્લેખ જોવા મળે છે. ત્યાર પછીના રીચાર્ડ પહેલો, હેનરી ત્રીજો અને એડવર્ડ પહેલાના શાસનકાળમાં ભારે ગુના માટે દેહાંતદંડની સજા થતા હોવાના પુરાવા મળી આવે છે, અને આ પરિસ્થિતિ છેક ૧૮૬૨ સુધી ચાલતી આવેલી જણાય છે. આ સજાની સખ્તાઈમાંથી રાહત માટેનો બચાવ ખાસ ઉપયોગમાં લેવામાં આવતો હતો.[૩]

માનવજીવનની પવિત્રતાનો ખ્યાલ વધારે અને વધારે સ્વીકૃતિ પામતો ગયો તેથી જ્યારે માનવ હત્યા થાય ત્યારે તેના વેર સંતોષ એટલે કે બદલા માટે આ સજાનો ઉપયોગ થવા લાગ્યો હતો. 'જીવની સાટે જીવ' નો સિધ્ધાંત એટલે જીવન હણનારે પોતાના જીવનનો ભોગ આપવો જ જોઈએ તેવુ મનાતુ હતું.[૪]

---

૩. ફિટજુરલ્ડ લો ઓફ ક્રાઈમ, વોલ્યુમ-૫

૪. સ્ટીફન, એ હિસ્ટ્રી ઓફ ધી ક્રિમીનલ લો ઓફ ઈંગ્લેન્ડ, વોલ્યુમ-૧, પા.૪૯૫

અગાઉ જેમ દેવોને ખુશ કરવા માટે અને તેમના ગુસ્સામાંથી બચવા માટે આ સજાનો ઉપયોગ થતો હતો તેમ હવે હત્યાનો ભોગ બનનારના કુટુંબીજનોના ગુસ્સાનો બદલો વાળવા આ સજાનો ઉપયોગ થવા લાગ્યો હતો. હત્યારાને આખા સમાજ માટે ખતરારૂપ માની તેની હત્યા કરીને સમાજને સલામત બનાવવામાં આવતો હતો.[૫] ત્યાર પછી સ્વતંત્ર ઈચ્છા શક્તિનો સિદ્ધાંત અમલમાં આવ્યો હતો. હત્યારાએ જાણી બુઝીને પોતે જ ગુનો કરવાનું પસંદ કરેલ હોવાથી તેની હિંસાના બદલામાં તેની જ હત્યા કરવી જોઈએ તેવો મત પ્રચલિત થયો હતો અને વધુમાં દેહાંતદંડની શિક્ષામાં ભયોત્પાદક તત્વ પણ રહેલું હતું. એક હત્યારાને દેહાંતદંડ આપવાથી બીજા અનેક હત્યારાના મનમાં ભય પેદા થશે અને બીજી અનેક હત્યાઓ રોકી શકાશે તેવો ખ્યાલ પણ રહેલો હતો.[૬]

ઈંગ્લેન્ડમાં ૧૫મી સદીના પ્રારંભમાં માત્ર ૧૭ (સત્તર) ગુનાઓ દેહાંતદંડની સજાને પાત્ર ગુનાઓ હતા. ત્યારપછી ૧૮મી સદીમાં આવા ગુનાઓની સંખ્યા વધી ગઈ હતી. ઈ.સ.૧૮૦૦માં આવા ૨૨૦ થી ૨૩૦ ગુનાઓ થઈ ગયા હતા. રાડઝિનોવિઝ જણાવે છે કે આ ગુના અંગેના કાયદા અતિશય વ્યાપક ભાષામાં લખાયા હોવાથી તે કાયદામાં જેટલા ગુના દેહાંતદંડની સજાને પાત્ર જણાતા હોય તેનાથી ખરેખર તો ત્રણથી ચાર ગુનામાં આ શિક્ષા થઈ શકે તેવી વાસ્તવિક પરિસ્થિતિનું નિર્માણ થતું હતું. જીપ્સી સાથે પ્રેમ કરવો, તળાવને નુકશાન પહોંચાડવું, ટરનીપની ચોરી કરવી, ધમકી આપતો પત્ર લખવો, કે જંગલમાં શસ્ત્ર સજ્જ થઈને કે ગુપ્ત વેશે ફરવું, ઝાડ કાપવું, વગેરે. આજના સમયમાં એકદમ ક્ષુલ્લક ગણાય તેવા ગુનાઓ તે વખતે દેહાંત દંડની સજાને પાત્ર હતાં. તેથી આ કાયદા (બ્લડી કોડ) લોહીયાળ કાયદા કહેવાતા હતા.[૭] જ્યારે પોલીસતંત્રનો બરાબર વિકાસ થયેલો ન

---

૫. આવશ્યક દંડસંહિતા

૬. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલ, યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ.

૭. ક્રીમીનોલોજી હીસ્ટ્રી-મનામીસ

હતો ત્યારે ગુનાશોધન અને ગુના નિવારણ માટેની કાર્યક્ષમ પદ્ધતિઓનો અભાવ હતો. ત્યારબાદ કાળક્રમે આ સજાની ક્રૂરતામાં રાહત આપે તેવા બે સંજોગો વિકાસ પામ્યા હતા.[૮] અને દેહાંતદંડની સજાનો વ્યાપ ક્રમશઃ ઘટતો ગયો હતો.

## ૨.૧ સજાનો ખ્યાલ

પ્રાચીન વેદ[૯], ઉપનિષદ[૧૦], સ્મૃતિ[૧૧] વગેરેમાં દંડ એટલે કે શિક્ષા સંબંધી સમજૂતી આપવામાં આવેલી છે. દંડ કે દંડનીતિ અથવા શિક્ષાના અર્થને સમજતાં પહેલા શિક્ષાની આવશ્યકતા જેમાંથી ઉદ્‌ભવે છે અથવા તો શિક્ષાનું કારણ એવા અપરાધને જાણવો જરૂરી છે.

કાર્ય-કારણનો સંબંધ[૧૨] દરેક યુગમાં દરેક ક્ષેત્રમાં સંકળાયેલો છે. કોઈ કાર્ય હોય તો તેનું કારણ ચોક્કસ હોય છે. શિક્ષા એ કાર્ય છે. અને અપરાધ કે ગુનો એ કારણ છે. પ્રાચીન ધર્મશાસ્ત્રો એ અપરાધ અથવા ગુના ને પાપ કે દોષ એવા નામ આપ્યા છે. ગીતામાં શ્રીકૃષ્ણએ પણ 'યદા યદાહી ધર્મસ્ય[૧૩] ના સૂત્રથી જણાવ્યું છે. કે 'જ્યારે દુનિયામાં પાપનું પ્રમાણ વધે છે ત્યારે તેના નિવારણ અર્થે અને પાપીને સજા કરવા અર્થે હું અવતાર ધારણ કરું છું.'

---

૮. સીફન એ હિસ્ટ્રી ઓફ ધી ક્રિમીનલ લો ઓફ ઈંગ્લેન્ડ-વોલ ૧. પૃ.૪૫૮

૯. ઋગ્વેદ

૧૦. કઠોપનિષદ

૧૧. મનુસ્મૃતિ

૧૨. સત્યાર્થ પ્રકાશ-મહર્ષિ દયાનંદ સરસ્વતી

૧૩. શ્રીમદ ભગવદગીતા અધ્યાય-૨

પ્રાચીન ધર્મગ્રંથો પાપ-પુણ્યની વ્યાખ્યાઓ પર આધારીત છે. તે સમયમાં ધર્મ જ એક પ્રાધાન્ય ધરાવતી બાબત હોઈ ધર્મ વિરુદ્ધના પ્રત્યેક કાર્યોનો સમાવેશ 'પાપ' કે 'દોષ' રૂપે થતો. પાપ માટે ધર્મગ્રંથોમાં ખાસ કરીને ઋગ્વેદમાં આગસ, અનૃત, અભિદોહ, દુરિત, દુષ્કૃત વગેરે શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પ્રાચીન માન્યતા અનુસાર જે ધર્મક્ષેત્રે ઉચિત નથી તેવા તમામ અનુચિત કાર્યો પાપ કે અપરાધ ગણાય છે. સદાચાર વિરુદ્ધના કાર્યને ઈશ્વર માન્યતા આપતો નથી; પરંતુ ધિક્કારે છે.[૧૪]

ઋતુ એટલે કે નૈતિક વર્તન, અગર દૈવી કાયદાની ઉપેક્ષાને પાપ ગણવામાં આવતુ. વળી ઈશ્વર માનવ કલ્યાણનો રક્ષક હોવાથી માનવ કલ્યાણથી વિપરીત કૃત્ય અપરાધ ગણાતું.[૧૫]

આર્યવર્તના વેદકાલીન યુગમાં જે સમાજો અસ્તિત્વમાં હતા તેમાં વેદ વિરોધી કાર્યોને અપરાધ ગણવામાં આવતા. આ સમાજનો આચાર-વર્તણુક વૈદિક પ્રણાલીથી ભિન્ન થાય તો તે પાપ કે અપરાધ ગણાતો.[૧૬]

તે સમયે પ્રચલિત પાપની વ્યાખ્યા જોઈએ તો :

''પાપ એટલે સ્વીકૃત વ્યવહારની વિરુદ્ધનું, બુરા પરિણામવાળું સ્વૈચ્છિક કૃત્ય. ઋગ્વેદમાં વશિષ્ઠ કહે છે, 'હે વરુણ ! પાપ પોતાની પાપવૃત્તિમાંથી ઉત્પન્ન થતું નથી. તેનું મૂળ સૂરા, ક્રોધ, દ્યુત અગર અજ્ઞાનમાં છે.''[૧૭]

---

૧૪. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો બી.એમ.શુકલ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.
૧૫. શિક્ષા ફિલસુખી અને સિદ્ધાંતો-બી.એમ.શુકલ યુનિ.ગ્રંથનિમાણ બોર્ડ.
૧૬. શિક્ષા ફિલસુખી અને સિદ્ધાંતો-બી.એમ.શુકલ યુનિ.ગ્રંથનિમાણ બોર્ડ.
૧૭. ઋગ્વેદ પર્વ-૭

## ૨.૨ ગુનો-અપરાધ

ભારતના વિભિન્ન ગ્રંથોમાં અપરાધ સંબંધી ઉલ્લેખો જોઈએ તો-

‘‘જળ કે અન્યમાં ગંદકી ફેલાવવી કે નષ્ટ કરવું, ચોરી કે જુગાર માટે દેવું કરવું, સ્ત્રીનું શીલહરણ, પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન, ગાય કે વસ્ત્રની ચોરી વગેરે..’’[૧૮] — **ઋગ્વેદ**

‘‘વિષ્ણુસ્મૃતિ પાપના ચાર વિભાગ દર્શાવે છે- અતિપાતક, મહાપાતક, અનુપાતક અને ઉપપાતક. તે અનુસાર ચોરી, મનુષ્યવધ, સ્ત્રીસંગ્રહણ, સુરાપાન વગેરે..’’[૧૯] — **વિષ્ણુ સ્મૃતિ**

‘‘જે અનુસાર બ્રહ્મહત્યા, દારૂપાન, ચોરી, ગુરુની પથારીમાં સુવું વગેરે...’’[૨૦] — **યાજ્ઞવલ્કય અને છાંદોગ્ય ઉપનિષદ**

‘‘વેદોનું વિસ્મરણ, ગુરુને છેતરવા, નિષિધ્ધ ખાદ્ય કે પેયનો વ્યવહાર, અનુચિત સેવા કે ધંધો, પારકાની સંપત્તિનું હરણ, ગેરકાયદે ભેટ ગ્રહણ, ગાયની હત્યા, ખાણોમાં કાર્ય, મહાન યંત્રોનું નિર્માણ, વૃક્ષોને ક્ષતિ પહોંચાડવી, ગંદા પુસ્તકોનું વાંચન, નાસ્તિકતા, નૃત્યનો ધંધો વગેરે...’’ — **વિષ્ણુ ધર્મસૂત્ર**

વાણી અને હથિયારથી હિંસા, મનુષ્ય મારણ, ચોરી, પારકાની સ્ત્રીનો શીલભંગ, મિલકત વિષયક ગુના વગેરે...[૨૧] — **બૃહસ્પતિ અને વર્ધમાન**

---

૧૮. ઋગ્વેદ પર્વ-૭

૧૯. વિષ્ણુસ્મૃતિ અધ્યાય-૩

૨૦. યાજ્ઞવલ્કય અને છંદોગ્ય ઉપનિષદ

૨૧. બૃહસ્પતિ અને વર્ધમાન

હિંદુ કાયદાશાસ્ત્ર પ્રમાણે (૧) હિંસાચાર તથા (૨) ઋણ ચુકવવામાં નિષ્ફળતા એટલે કે કરાર ભંગ એમ બે પ્રકારના દુષ્કૃત્યો છે. એ રીતે ફોજદારી અને દિવાની ન્યાય એમ બે વિભાગો પાડવામાં આવેલા છે. મનસ્મૃતિમાં એ બંને મળીને અઢાર પૈકીના વિવાદોની યાદી આપવામાં આવે છે. (૩) મનસ્મૃતિ અધ્યાય-૮ શ્લોક-૪ હિંસા યઃ કુરુતે કશ્ચિદેયં વાન પ્રયચ્છતિ. સ્થાને તે દ્વે વિવાદસ્થા ભિન્નો કષ્ટાદધસા પુનઃ[22]

ઉપર થયેલી ચર્ચાને ધ્યાનમાં લઈએ તો અપરાધ કે ગુનાની કોઈ ચોક્કસ વ્યાખ્યા બાંધવાની જરૂર રહેતી નથી તેમજ એ કામ સરળ પણ નથી. ગુનાની વ્યાખ્યા બાબતમાં પ્રોફેસર કેનીએ તેના ગ્રંથની[23] શરૂઆતમાં જ સ્પષ્ટ મંતવ્ય આપેલું છે કે અપરાધની વ્યાખ્યા આપવાનું મુશ્કેલ છે, એ સર્વસ્વીકૃત હકીકત છે. ગ્લેનવીલ વિલિયમ અપરાધની સંપૂર્ણ વ્યાખ્યા બાંધવાની મહેનતને કાંટાળો બૌદ્ધિક પ્રયાસ ગણાવે છે. દરેક કાયદાશાસ્ત્રીએ પોતાની રીતે એના ભિન્ન પાસાંઓને પ્રાધાન્ય આપતી વ્યાખ્યા આપવા પ્રયાસ કરેલા છે. રાજ્યની સત્તાને મહત્વ આપતાં કેની જણાવે છે કે ગુનો એક એવું દુષ્કૃત્ય છે જેને માટે કાયદાએ દંડાત્મક જોગવાઈ કરેલી છે. પ્રસિદ્ધ કાયદાશાસ્ત્રી સર વિલિયમ રસેલ[24] જણાવે છે કે ફરજભંગ કરતું કોઈ પણ કૃત્ય કે કૃત્યલોપ જો કાયદાએ તેની સામે પ્રતિબંધ ફરમાવ્યો હોય અને જાહેરહિતમાં તે માટે સજાની જોગવાઈ કરી હોય ત્યારે તે ગુનો બને છે. જેરીમી બેન્થામ[25] એવા કૃત્યના સંભવિત દુષ્પ્રભાવનું વધારાનું પરિણામ ઉમેરે છે. એના મત પ્રમાણે કાયદા દ્વારા પ્રતિબંધ ફરમાવવા યોગ્ય એવું કોઈ પણ કૃત્ય જેનું

---

૨૨. મનુસ્મૃતિ અધ્યાય-૮, બ્લોક-૪
૨૩. કેની
૨૪. રસેલ
૨૫. જેરીબી બેન્થામ

સ્વાભાવિક પરિણામે નુકસાનમાં આવે. હોલ્સબરીસ લોઝ ઓફ ઈંગ્લેન્ડમાં[૨૬] પ્રતિબંધિત કૃત્ય અને નિશ્ચિત સજાના સંદર્ભમાં જ ગુનાની વ્યાખ્યા આપવા પ્રયાસ થયો છે. એ ઉપરાંત પણ અન્ય વિદ્વાનોએ પોતે પોતાની દ્રષ્ટિએ શ્રેષ્ઠ વ્યાખ્યા આપવા પ્રયાસ કરેલા છે. સેસીલ ટર્નરે આ બધી વ્યાખ્યાઓના મુખ્ય તત્વોનો સમાવેશ કરતી સમજૂતી પ્રોફેસર કેનીના ગ્રંથની ઓગણીસમી આવૃતિમાં આપેલી છે. એ મુજબ ગુના તરીકે ગણાવાતા કૃત્યમાં બાબતોનો સમાવેશ થયેલો હોવો જોઈએ.

(૧) આવા કૃત્યથી અન્ય વ્યક્તિ તથા સમાજને હાનિ થતી હોઈ અટકાવવાની રાજ્યની ફરજ હોય, (૨) આ હાનિ થતી રોકવાના સાધન તરીકે સજા કરવાની જોગવાઈ કે બળ હોય અને (૩) આ પ્રકારની હાનિનું અસ્તિત્વ અને પ્રમાણ નક્કી કરવા માટે ખાસ પ્રકારનું અદાલતી માળખું રચાયેલું હોય.[૨૭]

દરેક અપરાધમાં કંઈક ખરાબ કે દુષ્ટતાનું તત્વ હોય છે જ. તે વર્તનની છૂટની સીમા બહારનું વર્તન છે. પણ અમુક કૃત્ય ખરાબ હોય તેથી તેવું કૃત્ય અપરાધ બની જતુ નથી. કોઈ કૃત્ય ‘ચોરી’ કહેવાતુ હોય તેથી તે અપરાધિક કૃત્ય અપરાધ બની જતુ નથી જ્યારે તે કૃત્ય અમુક પ્રકારની ગંભીરતાને અસરકર્તા હોય ત્યારે અપરાધ ગણાય છે. તે ઉપરાંત પોતાની કાનુની ફરજો નહિ પાળવી, તે પણ અપરાધ ગણાતો નથી. દરેક અપરાધમાં અમુક ગંભીર ખોટું કૃત્ય, તેને માટે ફરીયાદની કાર્યવાહી, અને તેની સજા જેવા તત્વો હોય છે.[૨૮]

---

૨૬. હોલ્સબરીઝ લો ઓફ ઈંગ્લેન્ડ

૨૭. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલ, યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ

૨૮. વિશિષ્ટ ગુનાઓ- શ્રી દોલતભાઈ ભિખુભાઈ નાયક યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ

અપરાધ અપરાધ ગણાય છે, કારણ કે તેનાથી સમાજની સલામતી કે સુલેહશાંતિને માટે સીધો અને પ્રત્યક્ષ ખતરો પેદા થતો હોય છે. તેથી ઈજા પામેલી વ્યક્તિને માત્ર નુકસાન વળતર અપાવી દેવાથી સમાજની સલામતીનું જતન થઈ શકતું હોતું નથી. **— સર સી.કે.એલન ના મતે**

કેની અપરાધની વ્યાખ્યા આપવાના કામને હંમેશાં એક અતિ મુશ્કેલ કામ ગણાવે છે, કેનીના પુસ્તકની બારમી આવૃતિના સંપાદક જે.ડબલ્યુ.સેસિલ ટર્નર આજે ફરીથી જાણાવે છે કે હજી સુધી અપરાધની કોઈ સંતોષપ્રદ વ્યાખ્યા પ્રાપ્ત થઈ શકી નથી! વળી તે તો તેથી આગળ વધીને કહે છે: અંગ્રેજી કાયદા માટે જેની કંઈક અંશેય કિંમત હોય તેવી અપરાધની કોઈ કાનુની વ્યાખ્યા શોધવી શક્ય જ નથી! તે આ પરિસ્થિતિ માટેના કારણો ઈંગ્લેન્ડના કોમન લોમાં હોવાનું કહે છે.[૨૯]

નિગમ અપરાધની વ્યાખ્યા આપતા જાણાવે છે: અપરાધ અમુક કરવાનું કહેતા, કે તે કૃત્યને પ્રતિબંધિત કરતા કાયદાનું ઉલ્લંઘન છે. કાયદાથી પ્રતિબંધિત કૃત્યની સાથે સાથે જે કૃત્ય સમાજની નૈતિક લાગણીઓને ઠેસ પહોંચાડતું હોય, તેવું કૃત્ય અપરાધ છે.

લૂંટ કે ખૂન અપરાધ ગણાય છે. કારણ કે તે કૃત્યોથી સમાજની નૈતિક લાગણીઓ ઘવાય છે. પણ કરારના ભંગથી આવી લાગણીઓ દુભાતી હોતી નથી. તેથી તે અપરાધ ગણાતો નથી. એક કૃત્ય એક દેશમાં અપરાધ ગણાતું હોય, પણ તે બીજા દેશમાં તે જ વખતે અપરાધ ન પણ હોય. ગઈકાલનો અપરાધ આજે સદ્વર્તન બને છે, અને આજનું સદ્વર્તન ભવિષ્યમાં અપરાધ ગણાય છે![૩૦]

---

૨૯. ક્રિમીનલ લો એન્ડ પનિશમેન્ટ પ્રો.કેની (૧૨મી આવૃતિ)
૩૦. કરંટ લિગલ પ્રોબ્લેમ્સ-લેખ (૧૯૪૫)

નિગમ જાણાવે છે કે ફોજદારી કાયદાના અભ્યાસીએ અપરાધની વ્યાખ્યા જાણવા કરતાં અપરાધનાં મુખ્ય લક્ષણો અને તેના સાચા નોંધપાત્ર તત્વો સમજવા જોઈએ.

અમુક કૃત્યને અપરાધ માનવા માટેના બે અલગ પાસા તારવી કાઢવામાં આવ્યા છે. એક પાસુ નૈતિક દુષ્કૃત્ય અંગેનું છે અને બીજું પાસું જાહેરપ્રજાને નુકસાન અંગેનું છે. અપરાધ નૈતિક દૃષ્ટિએ એક ખોટું કૃત્ય છે, એ વિધાન એક રીતે સાચું છે. સાધારણ રીતે દરેક અપરાધ, દરેક અપકૃત્યની તુલનામાં, વધુ આઘાતજનક હોય છે અને તેના પરિણામ વધુ ગંભીર ગણાતાં હોય છે. પણ કઠોર જવાબદારીવાળા અપરાધોમાં નૈતિક દૃષ્ટિએ કોઈ ખોટું કૃત્ય થયું હોતું નથી. નૈતિકતા અને અપરાધિકતા એક નથી, કે અપરાધિકતા નૈતિકતામાં સમાઈ જતી હોતી નથી.[૩૧]

અપરાધની વ્યાખ્યા આપવાના પ્રયાસોમાં બે પ્રશ્નોને કારણે ગૂંચવાડો થતો હોય છે. (૧) પ્રથમ તો, જ્યારે કાયદો અમુક કૃત્યને ગુનાહિત ગણતો થાય ત્યારે, તેનો શો અર્થ થાય; તે સમજવું જરૂરી છે. (૨) અને બીજું, કાયદાએ જે વિવિધ પ્રકારના કૃત્યોને ગુનાહિત કૃત્યો ગણ્યા હોય, તે બધાં જ કૃત્યોમાં સર્વસામાન્યપણે રહેલાં કોઈ તેમના ઓળખચિન્હોને નક્કી કરવાના હોય છે. ફિટજિરલ્ડ આ પ્રશ્નની નીચે મુજબ છણાવટ કરે છે.[૩૨]

જો અમુક કૃત્ય કાયદામાં અપરાધ ગણાયું હોય તો, તેનો અર્થ કાયદો તેના ઉપર પ્રતિબંધ મૂકે છે, તેમજ તે કૃત્ય કરવાથી અમુક પરિણામો આવશે, તેવો થાય છે. આવાં પરિણામો બે સ્વરૂપના હોય છે: અપરાધ રાજ્ય માટે ચિંતાનો વિષય

---

૩૧. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલ, યુનિ ગ્રંથનિર્માણ બોર્ડ.
૩૨. પ્રિન્સીપલ ઓફ ક્રિમીનલ લો. ફિડજિરલ્ડ (૧૯૬૨)

હોય છે. કરારભંગ અને ટ્રસ્ટભંગ જેવા દીવાની અપકૃત્યો માટે હાનિ પામેલી વ્યક્તિ માટે ચિંતાનો વિષય છે. એટલે અપરાધો માટે કાર્યવાહી કરવાની પહેલ રાજ્ય પાસે હોય છે.

દીવાની દુષ્કૃત્યોમાં આવી પહેલ, તે કૃત્યનો ભોગ બનેલી વ્યક્તિ પાસે રહે છે. તે વ્યક્તિ કાયદાનો ભંગ કરનાર વ્યક્તિ સામે કાયદાનો આશરો લેવો કે નહિ, તે નક્કી કરે છે.[૩૩]

જે કૃત્યો જનસમાજને માટે ખાસ કરીને હાનિકારક હોય તે જ કૃત્યો ગુના ગણાતાં હોય છે. આ વિધાનના સમર્થનમાં કોર્ટોએ રજૂ કરેલા વિધાનો રજૂ કરવામાં આવ્યા છે. આર વિરુદ્ધ વ્હિટલી (૧૭૬૧)માં આરોપીએ અઢાર ગેલનના પૈસા લઈ, સોળ ગેલનનું વેચાણ કરી, દગો કર્યો હતો. કોર્ટે અહી આ કૃત્યને ગુનો ગણવાનો ઈન્કાર કર્યો હતો. ખરીદનારને અઢાર ગેલન મળ્યા કે નહિ, તેમાં જાહેર પ્રજાને શું હાનિ થઈ? આમ તે જમાનામાં જ્યારે ફોજદારી કાયદાનો વિકાસ થઈ રહ્યો હતો ત્યારે, કોર્ટોએ જાહેર પ્રજાને થતી હાનિના લક્ષણને પાયામાં રાખી નવા ગુનાનું નિર્માણ કર્યું હતું.[૩૪] કોર્ટે આર વિરુદ્ધ હિગિન્સ (૧૮૦૧)માં કહ્યું હતું કે જે બધા કૃત્યોથી કે કૃત્યો કરવાના પ્રયત્નોથી જાહેર હાનિ થતી હોય તેમના માટે ફરિયાદ કરી શકાય છે. આમ જાહેર પ્રજાને થતી હાનિનું તત્વ મોટાભાગના ગંભીર ગુનામાં (દા.ત.રાજદ્રોહ, ખૂન, હિંસક હુમલા, મિલકતવિષયક ગુના વગેરે) જોવા મળે છે, તે સાચું છે. પણ માત્ર આ જ તત્વના આધારે અમુક કૃત્ય અપરાધ છે કે નહિ, તે નિશ્ચિતતાથી કહી શકાતું હોતું નથી. જેમાં સમગ્ર જાહેર પ્રજાને નહિવત કે જરાય નુકશાન ન થતું હોય, તેવા પણ ઘણાં કૃત્યો ગુના છે જ.[૩૫]

---

૩૩. શિક્ષા ફિલસુખી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ
૩૪. આર.હિગિન્સ (૧૮૦૧)
૩૫. આર.હિગિન્સ (૧૮૦૧)

કેટલાક વિદ્વાનોએ સૂચવ્યું છે કે, ખોટા અને નીતિ વિરોધી કૃત્યો અપરાધો છે. લોકો સામાન્યપણે અપરાધોને કાયદાથી સ્વતંત્રપણે ખોટા કૃત્યો ગણતા હોય છે. તેથી જે કૃત્યો અંતર્ગત રીતે જ ખોટા હોતા નથી (દા.ત. ઝડપની મર્યાદા, પ્રવેશસંબંધી કે શાંત વિસ્તારનો ભંગ કરવો) તેવાં કૃત્યો પણ ગુના ગણાય છે. જે લોકોએ હિંસક અને દગાખોરીના ગુના કર્યા હોય તે લોકોને 'ગુનેગાર' કહેવાતા હોય છે.[૩૬] પણ જેમણે એકથી વધુ વખત ટ્રાફીકના ગુના કર્યા હોય તેમને સામાન્ય રીતે કોઈ 'ગુનેગાર' કહેતું હોતું નથી. તેમ છતાં કાયદો તો આવા અંતર્ગત રીતે ખોટા કૃત્યો, અને તેવાં ન હોય એવા કૃત્યો, વચ્ચે કોઈ ભેદ પાડતો હોતો નથી. કાયદો તો આવાં બંને સ્વરૂપના કૃત્યોને ફોજદારી ગુના ગણે છે.

સ્મિથ અને હોગન અપરાધના લક્ષણો વિશે નીચે મુજબ ચર્ચા કરે છે.

### (૧) સાર્વજનિક દુષ્કૃત્ય

અપરાધોમાં મોટાભાગે જાહેર પ્રજાને હાનિકારક અસર પહોંચતી હોય છે. તેમાં વ્યક્તિના અધિકારોમાં દખલગીરીથી કંઈક વિશેષ થતું હોય છે. સર સી.કે.એલને લખ્યું હતું: અપરાધ એટલા માટે અપરાધ છે કે, તેમાં સમાજના કલ્યાણ કે સુલેહશાંતિને પ્રત્યક્ષ અને ગંભીર રીતે ખતરો પહોંચે તેવું ગેરકાયદે કૃત્ય થતું હોય છે. અપરાધ એટલા માટે અપરાધ છે કે, આવા કૃત્યથી ઈજા પામેલી વ્યક્તિને માત્ર વળતર અપાવીને પેલા કૃત્યને જતું કરવું, તે સલામતીભર્યુ નથી. જો કે આ વિધાન વાસ્તવિકતાથી દૂર છે. ઘણા અપરાધ સમાજના કલ્યાણ કે સુલેહશાંતિ માટે ખતરારૂપ હોવાનું બંધ થઈ ગયા પછી પણ, લાંબા સમય સુધી અપરાધ તરીકે જ ચાલુ રહે જ છે.[૩૭]

---

૩૬. પ્રિન્સીપલ ઓફ ક્રીમીનલ લો ફિટજિરલ્ડ (૧૯૬૨)

૩૭. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ.

## (૨) નૈતિક દુષ્કૃત્ય

અપરાધના બીજા લક્ષણ તરીકે, જે કૃત્યો નૈતિક દૃષ્ટિએ ખોટા કૃત્યો હોય, તે કૃત્યો ઉપર ભાર મૂકવામાં આવે છે. પરંપરાગત રીતે તો અપરાધોને નીતિવિરોધી કૃત્યો, અને તેથી સજાને પાત્ર કૃત્યો, તરીકે જોવામાં આવે છે. પ્રાચીન યુગમાં આ વાત સાચી હતી. પણ આજે ઘણાં કૃત્યો નીતિવિરોધી હોવાને કારણે નહી, પણ સામાજિક જરૂરિયાતોના કારણોસર, અપરાધો તરીકે પ્રતિબંધિત કરાતાં હોય છે. વધુમાં, ઘણાં નીતિવિરોધી ગણાતા કૃત્યો અપરાધ બનાવાયા હોતા નથી. આમ અનૈતિકતાની કસોટી ખાસ મદદરૂપ થતી નથી. સજાતીય સંબંધો અને વેશ્યાવૃત્તિ જેવા દૂષણોની ચર્ચા કરતી વખતે, ફોજદારી કાયદાનો ઉદ્દેશ નીતિમત્તાનો અમલ કરવાનો નથી, તે મુદ્દાની ઉપર ભાર મૂકાયો છે. સજાતીય સંબંધો અંગેની વુલ્ફન્ડન સમિતિએ (૧૯૫૭) નોંધ્યું હતું: ફોજદારી કાયદાનું કાર્ય જાહેર સુલેહશાંતિ અને શિષ્ટતાનું જતન કરવાનું, હાનિકારક કે ઈજાકારક બાબતોથી નાગરિકને રક્ષવાનું, લોકો ખાસ નબળા હોય તે લોકોને કે ઈજાકારક બાબતોથી રક્ષવાનું, અને શોષણ અને ભ્રષ્ટાચાર સામે પૂરતા સલામત રાખવાનું છે.[૩૮]

## (૩) ફોજદારી કાર્યવાહીના પરિપ્રેક્ષ્યમાં

લોર્ડ શેવીને (૧૯૩૧) કહ્યું હતું: અમુક કૃત્યનું ગુનાહિત લક્ષણ (વ્યક્તિની) અંતઃપ્રેરણાથી જાણી શકાતું હોતું નથી, કે તે કોઈ અન્ય માપદંડનો ઉપયોગ કરીને જાણી શકાતું હોતું નથી. તે માટે તો એક જ માપદંડ છે: શું તે કૃત્ય તેના દંડલક્ષી પરિણામ આવે તે રીતે પ્રતિબંધિત થયું છે? તેથી હવે પ્રશ્ન ફોજદારી કાર્યવાહી દીવાની કાર્યવાહીથી કેવી રીતે અલગ પડે છે, તે તપાસવાનો છે.[૩૯]

---

૩૮. વુલ્ફ-ડન સમિતિ, ૧૯૫૭.

૩૯. ક્રિમીનલ લો-લોર્ડ શેવીન (૧૯૩૧)

કેનીએ તેના પુસ્તકની પંદરમી આવૃત્તિમાં અપરાધની, દીવાની અને ફોજદારી કાર્યવાહી વચ્ચેના તફાવતના સંદર્ભમાં, વ્યાખ્યા આપવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો હતો. તેણે આ ચાર મુદ્દા અંગે દીવાની અને ફોજદારી કાર્યવાહીમાં ભેદ માનવાનો ઈન્કાર કર્યો હતો.

(૧) **બંને પ્રકારની કાર્યવાહીમાં રાજ્યે દાખવેલી સક્રિયતા :-** દ્રઢ તેના મતે આ તફાવતનો મુદ્દો સચોટ અને સાચો છે, પણ તે ઝીણવટથી લાગુ પાડી શકાય તેવો નથી.

(૨) **કોર્ટો :-** અહીં પણ કોર્ટોમાં દીવાની અને ફોજદારી બંને પ્રકારના કેસોની સુનાવણી થતી હોય છે. ભારતમાં હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટમાં આમ બને છે.

(૩) **ફોજદારી કાર્યવાહીનો ઉદ્દેશ :-** ફોજદારી કાર્યવાહીનો ઉદ્દેશ હંમેશા શિક્ષા કરવાનો છે, તે વાત સાચી; પણ દીવાની કેસોમાં પણ શિક્ષાલક્ષી સ્વરૂપમાં વળતર અપાવાય છે.

(૪) **અનુશાસ્તિનું સ્વરૂપ :-** જો કે ફોજદારી કેસોમાં કદી કોઈ વ્યક્તિને આર્થિક લાભ થતો હોતો નથી, પણ બધા દીવાની દાવાઓમાં આવો લાભ થાય છે; તે પણ વાત સાચી નથી. કેની આટલી વિસ્તૃત ચર્ચાને અંતે, તાજ વડે બંને પ્રકારની કાર્યવાહીમાં રાખવામાં આવતા અંકુશની માત્રાને, કસોટી તરીકે અપનાવીને અપરાધની આ પ્રમાણે વ્યાખ્યા આપે છે: જે કૃત્યો માટે દંડલક્ષી અનુશાસ્તિ હોય, અને જે કૃત્યોને કોઈ ખનગી વ્યક્તિ કોઈપણ રીતે માફ કરી શકતી ન હોય પણ જે, જો માફીપાત્ર હોય તો, માત્ર તાજ વડે જ માફી કરી શકાતાં હોય તે દુષ્કૃત્યો અપરાધો છે.[૪૦]

---

૪૦. ક્રિમીનલ લો એન્ડ પનિશમેન્ટ- પ્રો.કેની (૧૫મી આવૃતિ)

અપરાધની આટલી ચર્ચા પછી તેની વિવિધ વ્યાખ્યાઓ તપાસીએ. એકવાર અપરાધનો મુદ્દો સ્પષ્ટ થાય પછી તેના કાર્યરૂપ શિક્ષાને તપાસવી સહેલી થઈ પડશે.

**સર વિલિયમ બ્લેકટોન** : તે પોતાના પુસ્તકમાં બે સ્થળે અપરાધની વ્યાખ્યા આપે છે.

(૧) તે કહે છે- સાર્વજનિક કાયદા- (પબ્લિક-લૉ) એ તેનો ભંગ કરતું હોય તેવું તે કાયદાએ પ્રતિબંધિત કરેલું કે આદેશ આપેલું કૃત્ય કરવું કે ન કરવું, તે અપરાધ છે.

(૨) અપરાધની બીજી વ્યાખ્યા તે આ પ્રમાણે આપે છે: સમગ્ર સમાજને એક સમાજ તરીકે ગણીને સમાજ પ્રત્યેના સાર્વજનિક અધિકારો અને ફરજોનો ભંગ અપરાધ છે.[૪૧]

જે દુષ્કૃત્યોથી આપણી નૈતિક લાગણીઓને ભારે આઘાત પહોંચતો હોય, તે કૃત્યો અપરાધ હોય છે; કેટલીક કાયદાશાસ્ત્રીઓના મત છે.

અપરાધની વ્યાખ્યા આપતાં ઓસ્ટિનને લખ્યું હતું: જે દુષ્કૃત્ય માટે તેનાથી હાનિ પામેલી વ્યક્તિ અને તેનો પ્રતિનિધિ પોતાની મરજી થાય તો કાર્યવાહી શરૂ કરી શકે, તે દુષ્કૃત્ય દીવાની હાનિ છે. જે દુષ્કૃત્ય માટે સાર્વભૌમ વ્યક્તિ અગર તેના તાબેદાર અધિકારીઓ કાર્યવાહી શરૂ કરી શકે, તે દુષ્કૃત્ય અપરાધ છે.

**મિલરે** આપેલી વ્યાખ્યા આ પ્રમાણે છે: કાયદાએ જે કાર્ય કે કાર્યલોપ ને રાજ્યના નામે શરૂ થયેલી કાર્યવાહીમાં શિક્ષારૂપી દુ:ખ ભોગવવું પડે તે રીતે પ્રતિબંધિત કરેલું હોય કે આદેશ આપેલું હોય, તે કૃત્ય અપરાધ છે.

---

૪૧. પબ્લિક લો સર વિલિયમ બ્લેક સ્ટોન (૧૯૬૨)

**પેટન** વ્યાખ્યા આપતા લખે છે: અપરાધના સામાન્ય ચિન્હો શોધતાં જણાય છે કે, તેમાં રાજ્ય કાર્યવાહી ઉપર અંકુશ રાખવાની, શિક્ષા કરવાની, કે તેમાં ઘટાડો કરવાની સત્તા ધરાવે છે.

**કીટને** તેણે આપેલી વ્યાખ્યા આ પ્રમાણે છે: જે કૃત્ય માટેનો ઉપાય તે કૃત્યથી હાનિ પામનાર કોઈ વ્યક્તિની મુનસુફી ઉપર છોડી દેવાને બદલે, રાજ્યને તેને માટે યોગ્ય અને જરૂરી સજા કરાવવાની કાર્યવાહી શરૂ કરવાનું સૌથી વધુ અનુકૂળ જણાયું હોય, તે કૃત્ય આજે અપરાધ છે.

**રસેલ** નિરાશાથી લખે છે કે, કોઈપણ લેખક અપરાધની સંતોષકારક વ્યાખ્યા આપી શક્યો નથી. તેના મતે અપરાધની વ્યાખ્યા નહિ, પણ માત્ર તેનું વર્ણન જ આપી શકાય. તે મુજબ: રાજ્યની શાસનસત્તા જે કૃત્યોને અટકાવવાની નીતિ નિર્ધારિત કરે તે માનવકૃત્યનું પરિણામ અપરાધ છે.

**ગ્લેન વિલિયમ્સની** યાખ્યા આ પ્રમાણે છે: જેનું પરિણામ શિક્ષામાં આવી શકે તેવી ફોજદારી કાર્યવાહી જે કાનૂની દુષ્કૃત્ય માટે કરી શકાતી હોય, તે કાનૂની દુષ્કૃત્ય અપરાધ છે.

**ક્રોસ અને જોન્સ**ના મતે ''જે કાનૂની દુષ્કૃત્ય માટે રાજ્યના ઉપક્રમે ગુનેગારને શિક્ષાનો ઉપાય મળતો હોય, તે કાનુની દુષ્કૃત્ય અપરાધ છે.''

**ગૂડહાર્ટે** આપેલી વ્યાખ્યા પ્રમાણે જે કૃત્યને રાજ્ય શિક્ષા કરતું હોય, તે કૃત્ય અપરાધ છે. ફોજદારી કાયદાનો પ્રધાન ઉદ્દેશ વૈયક્તિક હિતોનું સમર્થન કરવાને બદલે સાર્વજનિક કલ્યાણનું રક્ષણ કરવાનો છે.

**હોલ્સબરિ** અપરાધની વ્યાખ્યા આપતાં લખે છે: ''જે કાયદાવિરોધી કૃત્ય કે કૃત્યનો અભાવ જાહેર જનતાને હાનિકર્તા હોય, અને તેના માટે દોષિત વ્યક્તિ કાનૂની શિક્ષા ભોગવવા માટે જવાબદાર બનતી હોય; તે કૃત્ય કે કૃત્યનો અભાવ અપરાધ છે.''

અંતમાં, અપરાધ પ્રત્યેનો વર્તમાન દૃષ્ટિકોણ વિશાળ બન્યો છે. આજના યુગમાં માત્ર ધર્મ, જર, જમીન અને જોરૂ પ્રત્યેના ગુના જ અપરાધ ગણાતા નથી. પરંતુ દાણચોરી, અપહરણ, ત્રાસવાદ, માફીયાગીરી, ગુંડાગીરી, ભ્રષ્ટાચાર, શ્વેતવસ્ત્રી અપરાધ, કૌભાંડો, નશાકારક પદાર્થો, હથિયારો અને મનુષ્યોનું ગેરકાયદે વેચાણ વગેરે આંતરરાષ્ટ્રીય અપરાધો[૪૨] પણ બદલાયેલા સામાજિક, આર્થિક, વૈધાનિક અને ધાર્મિક વાતાવરણમાં ઉપરોક્ત બાબતોએ અત્યારના સંજોગોમાં ગુનાહિતકાર્યો અથવા ગુનાહિત પ્રવૃત્તિ ગણવામાં આવે છે.

વુલ્ફન્ડન સમિતિનો અહેવાલ (૧૯૫૮) આ આધુનિક અભિગમનું વિધેયાત્મક પાસું અને નિષેધાત્મક પાસું રજૂ કરે છે. (૧) વિધેયાત્મક પાસા અનુસાર કાયદાનું કામ જાહેર સુલેહશાંતિ અને શિષ્ટતાનું જતન કરવાનું છે. જે અશિષ્ટ અને હાનિકર્તા છે, તેની સામે કાયદાએ નાગરિકોને રક્ષણ આપવાનું છે. કાયદાએ લોકોને શોષણ અને ભ્રષ્ટાચાર સામે સલામતી બક્ષવાની છે. કાયદાએ ખાસ તો શારીરિક, આર્થિક, માનસિક અને અનુભવની દૃષ્ટિએ નબળા લોકોને રક્ષવાના છે. (૨) નિષેધાત્મક પાસા અનુસાર કાયદાએ નાગરિકો ખાનગીમાં શું કરે છે, તેની સાથે કાયદાને કંઈ લેવાદેવા નથી. જયારે વ્યક્તિનું આવું કૃત્ય સાર્વજનિક કલ્યાણને નુકસાનકર્તા થાય ત્યારે જ, કાયદાએ દખલ કરવાની છ તે સિવાય નહીં.[૪૩]

## ૨.૩ શિક્ષા

શિક્ષાનો સામાન્ય અર્થ, એટલે કોઈને કોઈપણ સ્વરૂપમાં દુ:ખ પહોંચાડવું.[૪૪]

---

૪૨. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ

૪૩. વુલ્ફ-ડન સમિતિ (૧૯૫૮)

૪૪. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલ, યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ

જે.ઈ.હોલ વિલયમ્સ જણાવે છે કે 'શિક્ષા' શબ્દને કોઈ હિણપતભર્યા અર્થમાં વપરાયેલા શબ્દ તરીકે ગણવાનો નથી. તે તો ગુના માટે તકસીરવાન ઠરેલા ગુનેગાર સાથે કામ પાર પાડવાની વિવિધ રીતો દર્શાવવા માટેનો એક સગવડભર્યો શબ્દ માત્ર છે. દોષિત ઠરેલા ગુનેગાર માટે કોર્ટના હુકમ અન્વયે લેવામાં આવનાર વિવિધ પગલાં માટે 'શિક્ષા' સિવાય બીજો કોઈ શબ્દ મળવો મુશ્કેલ છે, તેથી તે શબ્દ વપરાય છે. આપણે શિક્ષાનો વિચાર કરતી વખતે ખરેખર તો ફોજદારી કેસના અંત સમયે તે કોર્ટના તે ગુનેગાર પ્રત્યેના વલણના હેતુઓનો વિચાર કરીએ છીએ.

જ્યારે જાતિ કે રાજ્ય જેવો સંગઠિત જનસમૂહ તેના વર્તનના ધોરણોના અમલ માટે, તેના પોતાના જ નામે, ભંગકર્તાને દુ:ખ કે યાતના પહોંચાડે છે ત્યારે જ, કાયદાની ભાષામાં 'શિક્ષા' થઈ તેમ કહેવાય છે.[૪૫]

પ્રાચીન ભારતમાં શિક્ષાને દંડ તરીકે ઓળખવામાં આવતી દંડનીતિનો મુખ્ય ઉદ્દેશ સમાજ જીવનમાંથી પોષણ મેળવીને સમાજ રચનાને દ્દઢ બનાવવાનો હતો. મહાભારતમાં દંડનીતિના બે ઉદ્દેશો જણાવેલા છે. (૧) લોકરક્ષા અને (૨) સ્વધર્મ સ્થાપના.

દંડનીતિ જે નથી પ્રાપ્ત કર્યુ તે પ્રાપ્ત કરવામાં, જે પ્રાપ્ત કર્યુ છે તેનું રક્ષણ અને વૃદ્ધિ કરવામાં, અને તેનો યથાર્થ ઉપયોગ કે નિકાલ કરવામાં મદદ કરે છે. તેથી જેમણે આ જીવનમાં સમૃદ્ધ થવું હોય તેમણે દંડનું સન્માન કરવું જોઈએ, તેવો કૌટિલ્યનો મત છે.[૪૬]

---

૪૫. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ
૪૬. કૌટિલ્ય દંડનીતિ- અધ્યાય ૫.

જુદા જુદા પ્રાચીન ગ્રંથોમાં 'દંડ' શબ્દ જુદા જુદા અર્થમાં વપરાયેલો જોવા મળે છે. ક્યારેક તો ખુદ રાજાને જ દંડપુરુષ તરીકે જોવામાં આવતો હતો. દંડ શબ્દના મુખ્ય બે અર્થો આ પ્રમાણે જોવા મળે છે:

(૧) એક અર્થમાં શિક્ષા 'રક્ષણકારિકા' કહેતા હતા. શિક્ષાથી સમાજનું રક્ષણ થતું હતું. શિક્ષાના કારણે લોકો તેમના સ્વધર્મને વળગી રહેતા હતા.

(૨) બીજા અર્થમાં શિક્ષાને 'દંડ' અથવા નિગ્રહ કહેતા હતા. જે લોકોએ સ્વધર્મનો ભંગ કરીને કાયદો તોડ્યો છે તેમને દમવા માટે શિક્ષાનો ઉપયોગ થતો હતો. દંડ એટલે કે સોટીથી દુષ્ટો દબાય છે તેથી તેને શિક્ષા કહેવામાં આવતો હતો. આ બંને અર્થ ભેગા કરીએ તો, શિક્ષા એટલે દુષ્ટોના દમન દ્વારા લોકસમૂહનું રક્ષણ.[૪૭]

ગ્રોશિયસે આપેલી શિક્ષાની વ્યાખ્યા સર વૉલ્ટર મોબરલીના મત અનુસાર શિક્ષાની સૌથી સાદામાં સાદી વ્યાખ્યા છે. ગ્રોશિયસની વ્યાખ્યામાં નીચેના તત્વો નોંધપાત્ર છે.

(૧) શિક્ષા તરીકે જે વર્તાવ કરવામાં આવે છે તે એક દુર્વર્તાવ છે, એટલે કે, તેમાં કંઈ એવું તત્વ છે કે જે આપણને ખુશ કરે તેવું હોતું નથી.

(૨) શિક્ષા અગાઉ બની ગયેલા, અને શાસનતંત્રે અસ્વીકાર કરેલા, કોઈ કૃત્યના પરિણામ સ્વરૂપે કરવામાં આવતી હોય છે. દોસ્તોએવ્સકીની 'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ' નામની નવલકથામાં વાપરેલા બે પરસ્પર સંબંધિત શબ્દો જ્યારે તે જ ક્રમમાં હોય,

---

૪૭. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલ, યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ

અને શાસન વળતો દુર્વર્તાવ કરે ત્યારે જ, 'શિક્ષા' થઈ તેમ કહેવાય છે.

(૩) જે કૃત્ય માટે શિક્ષાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે કૃત્ય અને શિક્ષા વચ્ચે કોઈ સંબંધ હોવો જોઈએ.

(૪) શિક્ષા હંમેશા ફરમાવવામાં આવતી હોય છે. તે કોઈના સ્વૈચ્છિક કૃત્ય વડે ફરમાવવામાં આવે છે. રોગચાળો, ગરીબી, ધરતીકંપ, પૂર જેવાં કુદરતી કારણોથી નીપજતાં હાનિકારક પરિણામો 'શિક્ષા' કહેવાય નહિ.

(૫) શિક્ષા ગુનેગારને, અથવા તેના વર્તન માટે જેને જવાબદાર માનવામાં આવી હોય તે વ્યક્તિને ફરમાવવામાં આવી હોવી જોઈએ.'

નિગમ શિક્ષાની વ્યાખ્યા આપતાં આ પ્રમાણે જણાવે છે:

જે વ્યક્તિને કાયદા હેઠળ દોષિત ઠરાવવામાં આવી હોય તેવી ગુનેગાર વ્યક્તિ ઉપર, સમાજે તેના શરીર કે મિલકતને અસર પહોંચાડે તે રીતે, લાદેલું દુ:ખ શિક્ષા કહેવાય છે.[૪૮]

ગુનહટના મતે શિક્ષા એ ગુનાઓને અંકુશમાં રાખવાનું એક સાધન છે. તેમની દૃષ્ટિએ શિક્ષાના આવશ્યક તત્વો ત્રણ છે.

(૧) ગુનેગાર છટકી ન જાય તે રીતે તેની ત્વરિત ધરપકડ અને સુનાવણી, જેથી ગુનો કરવામાં કંઈ લાભ નથી તેવું જણાય,

(૨) ગુનેગારને એક વાર શિક્ષા થઈ જાય તે પછી નવેસરથી જીવન શરૂ કરવા માટે તેના માટે વાજબી તક, અને

---

૪૮. ધ એથિકસ ઓફ પનીશમેન્ટ, ૧૯૩૮- પૃ.૩૫

(૩) શિક્ષા કરવાનો હક ધરાવતું રાજ્ય પોતે ગુનેગારનાં મૂલ્યો કરતાં ચઢિયાતાં મૂલ્યો ધરાવતું હોવું જોઈએ. આમ હોય તો જ ગુનેગાર પણ રાજ્યનાં આવાં મૂલ્યો અપનાવે, તેવી વાજબી આશા રાખી શકાય.

શિક્ષા એટલે અમુક ગુના માટે તે ગુનો કરનાર વ્યક્તિ ઉપર સતાધારી વ્યક્તિએ લાદેલી યાતના કે વેદના. તે શિક્ષાના ચાર તત્વો નીચે પ્રમાણે જણાવે છે.

(૧) જેને શિક્ષા કરવામાં આવી હોય તે વ્યક્તિ ઉપર આવી શિક્ષા કોઈ સત્તાધારી વ્યક્તિએ કરી હોય છે; દા.ત. માતાપિતા સંતાનને શિક્ષા કરી શકે છે, પણ સંતાન તેના માતાપિતા ને 'શિક્ષા' કરી શકે નહિ, કારણ સંતાન સત્તાધારી વ્યક્તિ નથી.

(૨) શિક્ષાનો ભોગ બનેલી વ્યક્તિ ઉપર શિક્ષા દ્વારા કશુંક અણગમતું તત્વ લાદવામાં આવતું હોય છે. આવું અણગમતું તત્વ શારીરિક દુ:ખના સ્વરૂપમાં હોઈ શકે; અગર તેની પાસેથી તેને ગમતું હોય તેવું કંઈક, જેમ કે તેનું સ્વાતંત્ર્ય, તેની મિલકત વગેરે તેની પાસેથી છીનવી લેવાના સ્વરૂપમાં પણ હોઈ શકે, જો ગુનેગારો પ્રત્યે દયામાયા બતાવી તેમને સુધારીએ તો તેમને શિક્ષા કરી છે તેમ ન કહેવાય.

(૩) જ્યારે કોઈ ખરેખર કે કહેવાતો ગુનો થયો હોય ત્યારે જ, તેના પરિણામે, શિક્ષા થતી હોય છે. કોઈપણ ગુનો થયા વિના કરાતી શિક્ષા નિરર્થક છે. જ્યાં ગુનો હોય ત્યાં જ શિક્ષા થતી હોય છે.

(૪) જે વ્યક્તિને શિક્ષા કરવામાં આવી હોય તે વ્યક્તિ, અને ગુનેગાર મોટેભાગે તો એકજ વ્યક્તિ હોય છે. જો કે આ સિદ્ધાંતના

અપવાદો છે, જેમ કે, સામુહિક રીતે કરાતી શિક્ષા, કોઈને બલિ બનાવવા કરાતી શિક્ષા, અને પ્રાતિનિધિક જવાબદારીના કિસ્સામાં થતી શિક્ષા.[૪૯]

**ફિટજિરલ્ડના મતે શિક્ષાની વ્યાખ્યા જોઈએ તો** ''શિક્ષા હંમેશા હિંસાયુક્તજ હોય તેવો વિચાર આપણા ચિંતનમાં એટલો ઉંડો ઉતરી ગયો છે કે, શિક્ષા અહિંસક પણ હોઈ શકે તે વાત આપણા મનમાં બેસતી નથી. એન્ટોતાહતીનને શિક્ષાના ભારતીય અને પાશ્ચાત્ય અહિંસક સિધ્ધાંતોનો અભ્યાસ કરી શિક્ષા અને હિંસા વચ્ચે હંમેશા અતૂટ સંબંધ હોવો જ જોઈએ, તે માન્યતાને પડકારી છે.[૫૦]

ન્યાયમૂર્તિ કૃષ્ણઐયરના લખાણોમાંથી પણ, શિક્ષા અહિંસક સ્વરૂપની પણ હોઈ શકે, તે મતનું સમર્થન મળે છે. તેઓ માનવ ચેતનના ઉત્થાન દ્વારા માનવવર્તનમાં પરિવર્તન લાવવાની હિમાયત કરે છે. તે માટે મહર્ષિ મહેશ યોગીએ પ્રચલિત કરેલી ભાવાતીત ધ્યાનની તાલીમનો, યોગની પદ્ધતિઓનો, પ્રજાપિતા બ્રહ્મકુમારીઓના શિક્ષણનો તથા ઓશો રજનીશના ધ્યાનનો વ્યાપક ઉપયોગ કરવાનું તેમનું સૂચન વિચારણા યોગ્ય છે. આ ભાવાતીત ધ્યાનની તાલીમથી માણસની અંતરચેતનામાં શાંતિ મળે છે. તે બહારની દુનિયાના તનાવો અને સંઘર્ષોનો વધુ શાંતિથી સામનો કરે છે.

આવી તાલીમથી કિશોર અપરાધીઓ, દારૂ અને કેફી પદાર્થોના વ્યસનીઓને સુધારવાના સફળ પ્રયોગો અમેરિકા, કેનેડા, જર્મની અને અન્યત્ર થયા છે. તેઓ આ પરિણામોનો વધુ વ્યાપક સ્વરૂપમાં લાભ લેવા ઉપર ભાર મુકે છે. ગાંધી, બુધ્ધ, મહાવીર અને વિનોબાના કરુણાના અને માનવમાત્રમાં ભલાઈ જોવાના,

---

૪૯. લો ઓફ ક્રાઈમ્સ ઈન ઈન્ડિયા, વોલ્યુમ-૧ ૧૯૬૫, પૃ.૧૨૫

૫૦. શિક્ષા ફિલસુફી અને સિધ્ધાંતો- બી.એમ.શુકલા યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.

વિચારોનો વ્યવહારિક અમલ કરી જોવો જોઈએ, તેવી તેમની રજૂઆત છે. તેઓ પૂછે છે: શું આપણે ગુનેગારને અમુક સમય યોગ કે ભાવાતીત ધ્યાન કરવાની 'શિક્ષા' ન કરી શકીએ?[૫૧]

સધરલેન્ડ શિક્ષાનાં ચાર સ્વરૂપ આ પ્રમાણે છે:

### (૧) નાણાકીય નુકસાન

જેમાં દંડ, મિલ્કતની જપ્તી, વળતરની ચુકવણી વગેરેનો સમાવેશ થાય છે.

### (૨) શારીરિક યાતના

જેમાં જીવતા સળગાવી દેવા, ફટકા મારવા, અંગચ્છેદ કરવો, તથા શારીરિક વેદના પહોંચાડવાની તમામ રીતોનો સમાવેશ થાય છે.

### (૩) સામાજીક બેઆબરૂ

જેમાં ડામ દેવો, જાહેર સ્થળે હાથપગ બાંધી ઉભો રાખવો, માંચડા ઉપર બાંધવો, પાણીમાં ડકિંગ ઉપર તરતો મુકવો,ગુનેગારને જેમાં શરમ આવે તેવી હાંસિ, મજાક, અપમાનજનક વર્તનની રીતો, મુંડન કરાવવું, મોં ઉપર ડામર કે મેંશ ચોપડી ઊંધે ગધેડે બેસાડી ફેરવવો, કાંટાળો તાજ પહેરાવવો, વગેરે અનેક રીતોનો સમાવેશ થાય છે.

### (૪) સમાજમાંથી અળગો કરવો

જેમાં દેહાંતદંડ, દેશનિકાલ, તડીપાર કરવો, કેદ કરવો, વગેરે રીતોનો સમાવેશ થાય છે.

મહર્ષિ મહેશ યોગીના અનુયાયી રોજર લાનફ્યિર ભાવાતીત ધ્યાનથી ગુનાનો આ શાશ્વત પ્રશ્ન કેવી રીતે ઉકેલી શકાય તે માટે નીચે મુજબ જણાવે છે:

---

૫૧. નોન વાયોલન્ટ થીયરીઝ ઓફ પનિશમેન્ટ-ઈન્ડીયન એન્ડ વેસ્ટર્ન, પૃ.૫૮

ગુનેગારને લગભગ રાતોરાત બદલી શકાય છે. ચિંતાનું કોરી ખાતું દુઃખ જતું રહે છે. મનની શાંતિ સ્થપાય છે. અંદરથી જ સુખનું ઝરણું તત્કાળ ફૂટે છે. (ગુનેગારનાં) મૂલ્યો બદલાઈ જાય છે. (હવે તેને માટે) દુકાન, શાળા અને નોકરીની તાલીમ જેવી વિધેયાત્મક પ્રવૃત્તિઓ વધુ અગત્યની બની જાય છે. (હવે તેનો) મિજાજ ઓછોને ઓછો ફાટે છે. (બીજાઓ સાથેના) સંવહનના સંબંધો ખૂલી જાય છે. અમે આ બધું જોયું છે અને અમે (તેના) પરિણામ માપ્યાં છે. આ બધા જ ગુનેગારો માટે શું કરાશે તેનું ભાવિ દર્શન છે.[૫૨]

સર વિસ્ટન ચર્ચિલનું નીચેનું મંતવ્ય ધ્યાનમાં રાખવા જેવું છે:

ગુનો અને ગુનેગારની સારવાર પ્રત્યે પ્રજાનું વલણ અને ભૂમિકા (કેવી છે) તે બાબત, કોઈપણ દેશની સંસ્કૃતિ માટેની, એક ભૂલરહિત કસોટી છે. આરોપીના અધિકારોની શાંત અને આવેગરહિત માન્યતા, શિક્ષા કરવાની જેમની ઉપર ફરજ મુકવામાં આવી હોય તેવા સૌ કોઈ દ્વારા થતી સતત આત્મખોજ, જેમણે શિક્ષારૂપી રોકડા નાણાં ચૂકવીને પોતાનું દેવું ચુકવી દીધું છે તેમને (સમાજમાં) પુનઃસ્થાપિત કરવાની ઈચ્છા અને આતુરતા, સુધારાલક્ષી અને નવજીવનલક્ષી પ્રક્રિયાઓની શોધ માટેના અથાગ પ્રયાસો, માનવી માત્રના હૃદયમાં એક ખજાનો રહેલો છે, તેવી માન્યતામાં અતૂટ શ્રદ્ધા- આ બધી બાબતો એક રાષ્ટ્રની તાકાતનાં ચિહ્ન અને (તેની તાકાતના) માપની પ્રતિક છે, તે રાષ્ટ્રમાં રહેલા જીવંત સદ્‌ગુણનું લક્ષાણ અને તેનો પુરાવો છે.[૫૩]

## ૨.૩.૧ શિક્ષાનો વિકાસક્રમ

શિક્ષાના વિકાસક્રમને તબક્કાવાર જોઈએ તો સૌપ્રથમ વ્યક્તિનાં કુટુંબીજનો અને તેની સાથે લોહી સંબંધથી જોડાયેલી વ્યક્તિઓ અને તેનું જૂથ કૌટુંબિક

---

૫૨. પરસ્પેકટીવ્ઝ ઈન ક્રિમીનોલોજી, લો એન્ડ સોશિયલ ચેઈન્જ. પૃ.૧૮-૨૦
૫૩. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલા યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.

ગુનાઓ માટે કૌટુંબિક અને સામુહિક રીતે જવાબદાર ગણાતુ હતુ. પરિણામે ગુનાનો ભોગ બનનાર વ્યક્તિ માટે તેનું આખું કુટુંબ ગુનેગારના આખા કુટુંબ સામે વેર વાળવાનો હક ધરાવતું. પ્રાચીન યુગમાં 'લોહી માટે લોહી'ની માંગણી થતી ત્યારબાદ દ્વંદ્વયુદ્ધ પ્રથા અસ્તિત્વમાં આવી, અને પછી બંને પક્ષકારો વચ્ચે લોહી વહે તેવા ઝઘડાને સ્થાને સમાધાન પ્રથા અસ્તિત્વમાં આવી જેમાં જુદી જુદી રકમોની ચુકવણી સંબંધી ધોરણો નક્કી થયાં. કાળક્રમે વિભિન્ન ગુના સબબ આપવાના વળતર નક્કી કરવાની જવાબદારી અમુક ખાસ સભ્યોને સોંપાઈ.

તેમાંથી ધીમે ધીમે કોર્ટ પ્રથાનો ઉદ્‌ભવ થયો. સમયાંતરે વર્ગીય સમાજ અસ્તિત્વમાં આવતાં વર્ગીય હિતો ઉત્પન્ન થયા. આ હિતસંઘર્ષોને કારણે અવ્યવસ્થા ઉભી થઈ પરિણામે રાજ્યની દરમ્યાનગીરી આવશયક બની. વર્તનના અલિખિત ધોરણોને સ્થાને લેખિત સ્વરૂપનાં કાયદા ઘડાવા લાગ્યા.

### ૨.૩.૨ શિક્ષાની આવશ્યકતા

શિક્ષા નૈતિકતા સાથે જોડાયેલ બાબત છે.

(૧) ગુનેગારોને શિક્ષા કરવાના વિરોધીઓએ શિક્ષા કરવાથી વ્યક્તિ કે સમષ્ટિનું કલ્યાણ થાય છે, તેવા ખ્યાલને વહેમ તરીકે ગણાવ્યો છે. આથી ઉલટું શિક્ષાની હિમાયત કરનારાઓએ શિક્ષાને અનિવાર્ય ગણાવી છે. તેમના મંતવ્ય અનુસાર, જો રાજ્યનો કાયદો ગુના માટે શિક્ષા થશે તેવી ધમકી આપતો હોય તો, રાજ્યની તે ધમકીનો અમલ કરવાની ફરજ છે.

શિક્ષા ક્યારેય શિક્ષા ખાતર કરવામાં આવતી નથી. શિક્ષા કરવા પાછળ કંઈને કંઈ સકારાત્મક હેતુ છુપાયેલો હોય છે.

(૨) રાજ્ય દ્વારા કરવામાં આવતી શિક્ષા માટે ક્યા વાજબી કારણો હોવા જોઈએ, કે હોઈ શકે, આ પ્રશ્ન શિક્ષાવિજ્ઞાનમાં અત્યંત

ચર્ચાસ્પદ રહ્યો છે. આપણે શિક્ષા ખાતર તો શિક્ષા કરતા નથી એટલું તો સ્પષ્ટ છે. તો પછી શું સિદ્ધ કરવા માટે શિક્ષા કરવામાં આવે છે? રાજ્ય વડે કરવામાં આવતી દરેક શિક્ષામાં કોઈને કોઈ સ્વરુપમાં દુ:ખ, યાતના અને વેદના હોય છે તે ભૂલવું ન જોઈએ, અને દુ:ખ માત્ર અનિષ્ટ છે તેથી વાજબી કારણો વગર કોઈને દુ:ખ આપવું ઠીક નથી. ફિટજિરલ્ડ સમાજના શિક્ષા કરવા માટેના ઉદ્દેશો, અને આવી શિક્ષા કરવા માટેના વાજબી ઉદ્દેશો વચ્ચે ભેદ પાડે છે. તે શિક્ષા માટેના દરેક ઉદ્દેશના વાજબીપણાની તાત્વિક ચર્ચા કરે છે.

(૩) ફિટજિરલ્ડ શિક્ષાના વિવિધ ઉદ્દેશોના, તેમનાથી સમાજનું રક્ષણ થાય છે કે નહી, તેના સંદર્ભમાં બે પ્રકાર પાડે છે:

(૧) તે પહેલા પ્રકારમાં વેરસંતોષ, ગુનેગાર વડે ગુનાનું પ્રાયશ્ચિત, અને સમાજના સભ્યોની ન્યાય અંગેની અપેક્ષાઓના સંતોષનો સમાવેશ કરે છે.

(૨) તે બીજા પ્રકારમાં સમાજ અને તેના સભ્યોના રક્ષણ માટેના શિક્ષાના ઉદ્દેશોનો સમાવેશ કરે છે. સમાજના સભ્યો અમુક પ્રકારનાં વર્તન કરતાં અટકે તેવા ઉદ્દેશો અહી સમાવી લીધા છે, જેમકે, સંભવિત ગુનેગારોમાં ભય ઉત્પન્ન કરી તેમને ગુનો કરતાં અટકાવવાં, જેમણે ખરેખર ગુનો કર્યો હોય તેમને સુધારવા, અને આવા ગુનેગારો ભવિષ્યમાં પાછા ગુનાહિત કૃત્યો ન કરે તે માટે તેમને અટકાવવા.[૫૪]

શિક્ષાનું વાજબી કારણ શું હોવું જોઈએ? તે એક સનાતન પ્રશ્ન છે. શું રાજ્યએ ન્યાયનું સંતુલન જાળવવા સંબંધી ગુનેગાર પાસે વેરસંતોષ કે બદલો લેવો

---

૫૪. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલા યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.

જોઈએ? શું આ જવાબદારી અને અધિકાર ઈશ્વરીય સત્તા તો ગણાતો નથી ને? જો કે ઘણીખરી માન્યતાઓ એવી છે કે શિક્ષાનો ઉદ્દેશ પ્રાયશ્ચિતનો છે. પણ આ હક્કના પાલનનો સમાજને કોણે ઠેકો આપ્યો ?

આમ છતાં લોકોને નીતિમાન રાખવા, સુવ્યવસ્થિત સમાજને ટકાવવા માટે શિક્ષાની આવશ્યકતા તો છે જ તે જ બાબતને સ્વીકારીને ખોટા વિવાદોથી દૂર રહેવું જોઈએ.

(૧) વ્યક્તિની માફક સમાજ પણ પોતાના સભ્યોનું હિંસાથી અને મિલકત ઉપરના પ્રહરોથી, રક્ષાણ કરવાનો અધિકાર ધરાવે છે. તેથી એટલે અંશે આવા રક્ષાણ માટે જરૂરી હોય તેટલે જ અંશે, જો શિક્ષા કરવામાં આવી હોય તો, તે વાજબી છે. ગુનાની શિક્ષા નહીં કરવાથી ઉભી થતી દુ:ખદ સ્થિતિનું, શિક્ષા કરવાથી ઉભી થતી દુ:ખદ સ્થિતિ સાથે, સમતોલન જળવાઈ રહેવું જોઈએ. તેમ છતાં સમાજરક્ષાણના આ ઉદ્દેશની બે મર્યાદાઓ યાદ રાખવી જોઈએ: (૧) શિક્ષા માત્ર ગુના માટે જ કરાવી જોઈએ, અને તે માત્ર ગુનેગારને જ કરવી જોઈએ. એકને બદલે બીજાને શિક્ષા કરવી તે સમાજના લાભાર્થે નિર્દોષ વ્યક્તિનું બલિદાન લેવા બરાબર છે. શાસકો વ્યક્તિઓનો એક સાધન તરીકે ઉપયોગ કરી શકે નહીં. (૨) ગુના સાથે અત્યંત બિનપ્રમાણસર હોય તેવી શિક્ષા કરવા ઉપર પ્રતિબંધ હોવો જોઈએ.[૫૫]

## ૦ શિક્ષાનાં ઉદ્દેશો

શિક્ષાનાં ઉદ્દેશો શોધવા સરળ કાર્ય નથી કારણ કે પ્રત્યેક ગુનેગારને સજા કરવા સંબંધી વિવિધ ન્યાયાધીશોના ઉદ્દેશો જુદા જુદા હોય છે. ન્યાયાધીશ એક

---

૫૫. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલા યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.

વ્યક્તિ છે અને તેનો મનોવૈજ્ઞાનિક અભિગમ તેના નિર્ણયમાં સામેલ હોય છે. ઘણીવાર શિક્ષા સમાન હોય પરંતુ તેના ઉદ્દેશો જુદા જુદા હોય છે. શિક્ષા ઉદ્દેશો આધારિત છે, તેથી તે સહેલી પ્રક્રિયા નથી.

સર લાયોનલ ફોકસનાં મતે શિક્ષાનાં ત્રણ ઉદ્દેશો છે.

(૧) જેને હજી સજા નથી થઈ તેવા કાચા કામના આરોપીઓને જાપ્તામાં સાચવી રાખવા.

(૨) સજા પામેલા ગુનેગારો માટે દંડલક્ષી અને

(૩) કેટલાક સજા પામેલા ગુનેગારો માટે સુધારણાલક્ષી[૫૬]

તંત્રવાહકો દ્વારા ગુનેગારોની સલામતીપૂર્વક સાચવણી એ શિક્ષાનો મુખ્ય ઉદ્દેશ છે. જો કે તંત્રવાહકો એ માન્યતા ધરાવે છે કે લોકોને જેલમાં સજા તરીકે મોકલવામાં આવે છે, સજા માટે નહી.

ન્યાયતંત્રનો શિક્ષા પાછળનો એક ઉદ્દેશ ગુનેગારને સમાજથી અળગો કરવાનો છે. પરંતુ જેલ તંત્રવાહકના કબજામાં ગુનેગાર આવે ત્યારબાદ તેની સાથે શું કરવું તે બાબતનો હુકમ ન્યાયતંત્ર કરતુ નથી. લાભાલાભની દૃષ્ટિએ આ બાબત વિચિત્ર છે કારણ કે તંત્રવાહકની મુનસફી પર ગુનેગારને છોડવામાં આવે છે.

સ્ટીફન જણાવે છે કે, ફોજદારી કાયદાનો ઉદ્દેશ એક દૂષણને એટલે કે ગુનાને બીજા દુષણ એટલે કે શિક્ષા વડે દબાવી દેવાનો છે. તેથી જ્યારે શિક્ષા કરવી જરૂરી હોય ત્યારે, શિક્ષા કરતાં ખચકાવું તે પરોપકારીપણું નથી, પણ બીકણપણું છે. ગુનેગારો પ્રત્યે યોગ્ય મનોવલણ દયાનું નહી પણ ખુલ્લી દુશ્મનાવટનું હોવું જોઈએ.[૫૭]

---

૫૬. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલા યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.
૫૭. લીગલ એથિકસ સર લાયોનલ ફોકસ આવૃતિ ૫

કાયદાનું ઉલ્લંઘન કરનારાઓને કરવામાં આવતી શિક્ષા અનેકવિધ ઉદ્દેશો સિધ્ધ કરે છે. થોસ્ટર્ન સેલિન શિક્ષાના આ ઉદ્દેશો નીચે પ્રમાણે જણાવે છે.

(૧) શિક્ષાથી ગુનેગાર જે સહન કરે છે તેનાથી સમાજની અમુક માગણીઓ સંતોષાતી હોય છે. આવી માગણીઓ વેરસંતોષ મેળવવાની, વળતો હુમલો કરવાની, ગુનાનો બદલો લેવાની, ગુનેગાર પાસે પ્રાયશ્ચિત કરાવવાની, સમાજની તેના પ્રત્યેની નારાજગી વ્યક્ત કરવાની ન્યાય મેળવવાની હોય છે.

(૨) શિક્ષાને, ગુનેગારને એક જાગૃત નૈતિક વ્યક્તિમાં રૂપાંતરિત કરવાનાં એક સાધન તરીકે, પણ માનવામાં આવે છે,

(૩) જો તે ફરીથી ગુનો કરે તો તેનું શું થશે તે વિશે તેના મનમાં ભય ઉત્પન્ન કરીને, શિક્ષા તેને કાયદાપાલક નાગરિક બનાવે છે,

(૪) એક ગુનેગારને કરાતી શિક્ષા બીજા સંભવિત ગુનેગારો માટે એક પદાર્થપાઠ તરીકે કાર્ય કરે છે,

(૫) ગુનેગારનું જીવન કે સ્વાતંત્ર્ય છીનવી લેવાથી તેની ગુનાહિત પ્રવૃત્તિઓ પૂર્ણપણે અટકી જાય છે, અગર છેવટે તેવી પ્રવૃત્તિઓ ઉપર કાયમી કે કામચલાઉ ધોરણે અંકુશ આવી જાય છે.[૫૮]

## ૨.૩.૪ શિક્ષાના વિવિધ ઉદ્દેશો

### (૧) વેરસંતોષનો ઉદ્દેશ

પ્રતિઘાત-વળતા પ્રહારની માનવસહજ વૃત્તિનાં પરિપાકરૂપે આ પ્રાચીન વિચારસરણી છે. આ વિચારસરણી એવી ધારણા પર આધારિત છે કે શિક્ષા કોઈ

૫૮. સ્ટિફન્સ ક્રિમીનલ લો. આવૃતિ-૧૫૪૬. સ્ટિફન્સ ક્રિમીનલ લો. આવૃતિ-૧૫

ધ્યેય હાંસલ કરવાનું સાધન નથી. શિક્ષાને ખાતર જ શિક્ષા કરવામાં આવે છે. શિક્ષા સ્વયં એક ધ્યેય છે. શિક્ષા ભૂતકાળને જૂએ છે ભવિષ્યને નહીં.

કેન્ટ અને હેગલે આ ઉદ્દેશની સૈદ્ધાંતિક ભૂમિકા પૂરી પાડી છે. કેન્ટે જણાવ્યું છે કે, શિક્ષા 'એક પડકારી શકાય નહી તેવું સ્વયંસ્પષ્ટ સત્ય' છે. હેગલે જણાવ્યું છે કે, શિક્ષા ગુનેગારનો 'અધિકાર' છે. તેઓ જણાવે છે કે, દરેક માણસ મુક્ત છે, અને તે પોતાના વર્તન વિષે નિર્ણયો લેવામાં મુખત્યાર છે. તેથી પોતાના માટે શું સારું અને શું નરસું તે વિષે દરેક વ્યક્તિ જાતે નિર્ણય લઈ શકે છે. જો તેણે નરસું વર્તન કરવાનું પસંદ કર્યું હોય તો તેની આવી પસંદગી માટે તેને યોગ્ય શિક્ષા થાય તે પણ યોગ્ય જ છે. વેરસંતોષની ક્રિયા અગાઉ બનેલા ગુનાના બનાવનો શિક્ષાના સ્વરૂપમાં પ્રત્યાઘાત છે.[૫૯]

અન્ટો તાહતીનન વેરસંતોષલક્ષી શિક્ષા માટેનાં આવશ્યક લક્ષણો આ પ્રમાણે જણાવે છે:

(૧) જેને શિક્ષા કરવી જરૂરી હોય તેને જ તે કરવી જોઈએ.

(૨) નિર્દોષ વ્યકિતઓને શિક્ષા ન કરવી જોઈએ.

(૩) શિક્ષા કરનાર વ્યક્તિએ અનાસક્ત ભાવે તે કરવી જોઈએ.

(૪) શિક્ષા ગુનાના પ્રમાણમાં જ હોવી જોઈએ, વધુ કે ઓછી નહીં.[૬૦]

આધુનિક યુગમાં નારાજગીલક્ષી શિક્ષાનો વિચાર પ્રવર્તમાન છે. શિક્ષા ગુનાના અને ગુનેગારના દોષના પ્રમાણમાં હોવી જરૂરી છે. સમાજની ગુના પ્રત્યેની નકારાત્મક લાગણીનો પડઘો ન્યાયતંત્રના આદેશમાં પ્રતિબંધિત થતો હોવો જરૂરી છે.

---

૫૯. ક્રિમીનોલોજી- ફોસ્ટર્ન સેલિન. આવૃતિ-૧૨

૬૦. લિગલ લો- કેન્ટ એન્ડ હેગલ. ૧૯૬૨

## (૨) ભયપ્રભાવલક્ષી ઉદ્દેશ

લ્યુકાસના મંતવ્યાનુસાર શિક્ષાનો ઉદ્દેશ ગુનેગારની નૈતિક સુધારણા કરી, સંભવિત ગુનેગારોમાં શિક્ષાનો ભય ઉત્પન્ન કરી ભવિષ્યમાં થનારા ગુના અટકાવવાનો છે.

ઉપરોક્ત બાબત દર્શાવે છે કે કાયદા વડે ગુના માટે શિક્ષા કરવાની ધમકીથી લોકો પર ભયોત્પાદક અસર પડતી હોય છે. ૧૮મી અને ૧૯મી સદીમાં આ ઉદ્દેશને ધ્યાનમાં રાખી આકરી શિક્ષાઓ કરવામાં આવતી. ઈ.સ.૧૮૦૦માં ૨૦૦ ગુનાઓ દેહાંતદંડની સજાને પાત્ર હતા.[૬૧]

જેલતંત્ર 'હાર્ડ લેબર, હાર્ડ ફેર અને હાર્ડ બેડ'ના સિદ્ધાંત ઉપર કાર્ય કરતું હતું. લાયોનલ ફોકસે નોંધ્યું છે: 'તે પદ્ધતિમાં ખૂદ મૃત્યુને સ્થાને જીવંત મૃત્યુને મુકવામાં આવતું હતું.' હજી આજે પણ આ ઉદ્દેશના સમર્થકો મળી આવે છે. પાકિસ્તાન, ઈરાન અને અન્ય મુસ્લિમ દેશોમાં વેશ્યાગીરી, વ્યાભિચાર વગેરે ગુના માટે, સ્ત્રીઓને સુદ્ધા, જાહેરમાં ફટકા મારવામાં આવે છે. ભારતના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ અને સર્વોચ્ચ અદાલતનાં ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ સ્વ.શ્રી એમ.હિદાયતુલ્લાહે પણ ભારત માટે આ પ્રકારની સજાની હિમાયત કરી છે.

ભય પ્રભાવલક્ષી ઉદ્દેશ બે પાસા ધરાવે છે. (૧) વ્યક્તિગત અને (૨) સર્વસાધારણ.

(૧) વ્યક્તિગત ભય પ્રભાવલક્ષી સિદ્ધાંતમાં ગુનેગાર પર અમુક શિક્ષા કેવી અસરકર્તા બની શકે તે બાબતે વિચારવામાં આવે છે. જેમાં (૧) ગુનાનું સ્વરૂપ અને (૨) શિક્ષાની નિશ્ચિતતા અને ઝડપ એટલે કે સરખી હોવાને બદલે નિશ્ચિત અને ત્વરીત હોય તે મહત્વનું છે.

---

૬૧. એન્ટો તાહતીનન લો ઓફ ક્રાઈમ્સ, ૧૮૩૨

(૨) સર્વસાધારણ ભય પ્રભાવલક્ષી સિદ્ધાંતમાં નીચેની બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે.

(૧) લોકોને ગુના અને તેની શિક્ષાથી માહિતગાર રાખવા,

(૨) કાયદાના અમલીકરણમાં પ્રજાની સહાનુભૂતિ,

(૩) ગુનેગાર પ્રત્યે પ્રજામાં દયા કે સહાનુભૂતિનો અભાવ ઉભો કરવો.[૬૨]

સ્મિથ અને હોગન જણાવે છે કે, સજાઓના કારણે ગુના અટકી ગયા છે, તે વાત ચોક્કસપણે કહેવી અશક્ય છે. આવી આકરી સજાઓથી ખરેખર કેટલા લોકોમાં, ક્યારે, ક્યા ગુના બાબતમાં, કેટલો ભય ઉત્પન્ન થયો, તે માપવાનું કે જાણવાનું લગભગ અશક્ય છે.

ફિટ જિરાલ્ડ આ ઉદ્દેશની મર્યાદા નીચે મુજબ જણાવે છે.

(૧) શિક્ષાનો ઉદ્દેશ વ્યક્તિના હિતને, સમાજના હિત સામે ગૌણ બનાવી દે છે. વ્યક્તિ એ પ્રાયોગિક સાધન નથી. આ આલોચના અંગે બેન્થામ જણાવે છે કે ગુનાને અટકાવવા માટે, ગુનેગારને શિક્ષા કરવી અનિવાર્ય છે.

(૨) ભય પ્રભાવી શિક્ષાઓને નૈતિકતાની મર્યાદામાં રાખવી જોઈએ. એટલે કે અયોગ્ય વેદના કરતી શિક્ષાઓનો અમલ બંધ કરવો જોઈએ તેમજ જેમણે ખરેખર ગુનો કર્યો હોય અથવા તો ગુનો કરવાનું ટાળી શક્યા હોત, તેમને જ શિક્ષા કરવી જોઈએ.

(૩) શિક્ષાના યોગ્યાયોગ્યતાનો વિચાર પ્રજાનાં માનસ પર આધારિત છે. પ્રજામાં સાક્ષરતા અને સુસંસ્કૃતતા આવતી હોય તે કઠોર શિક્ષાઓને અવગણે છે. તેથી જ આધુનિક યુગમાં કેદ, નાણાકીય દંડ અને

> ક્યારેક દેહાંતદંડની શિક્ષાનાં સ્વરૂપો જોવા મળે છે. આકરી સજા પ્રજામાં ગુનેગાર પ્રત્યે સહાનુભૂતિ જાગૃત કરે છે જે કાયદા અને શિક્ષાના પ્રભાવને બિનઅસરકાર બનાવે છે.[૬૩]

સર હેનરિ મેઈને છેક ૧૮૬૪માં નોંધ્યું છે કે, 'શિક્ષા માટેના બધા જ સિદ્ધાંતો વધતે ઓછે અંશે પડી ભાંગ્યા છે.' ફો હોલ્ટઝન ડ્રોફ જણાવે છે કે, બધા જ યુગો માટે અને બધીજ પ્રજાઓ માટે, સર્વસાધારણ રીતે માન્ય હોય એવો શિક્ષાનો કોઈ એકસમાન સિદ્ધાંત નથી. દેશે દેશે અને કાળે કાળે શિક્ષાના જુદા જુદા ઉદ્દેશો ઉપર વધતો ઓછો ભાર મૂકવામાં આવ્યો હોય તેમ જણાય છે.

### (૩) સમાજલક્ષી ઉદ્દેશ

સમાજનો મુખ્ય ઉદ્દેશ જનકલ્યાણ અને સુખશાંતિ છે.[૬૪] આ જ ઉદ્દેશને કૌટિલ્ય શિક્ષાનાં મુખ્ય ઉદ્દેશ તરીકે ગણાવે છે. તેમના મતે શિક્ષા રૂપી દેહથી ધર્મ, અર્થ અને કામનું રક્ષણ થાય છે અને ભયમુક્ત સમાજની રચના દ્રઢ બને છે.

કોર્ટો દ્વારા કરવામાં આવતી સજાઓ, તે ગુનાના પુનરાવર્તનના ભયમાંથી સમાજને બચાવવાના ઉદ્દેશથી પણ કરવામાં આવતી હોય છે. આ ઉદ્દેશ પ્રભાવલક્ષી ઉદ્દેશથી પણ આગળ જાય છે. તેમાં ગુનેગારને અમુક સમય માટે, પ્રજાના રક્ષણ માટે સમાજમાંથી દૂર રાખવામાં આવે છે. આમ થવાથી ગુનેગારને ગુનો કરવા માટે અશક્ત બનાવી દેવામાં આવે છે. ખુન અને જાતીય ગુનો કરનારાઓને તરત જ ફરીથી સમાજમાં પાછા ફરવા દેવાય નહી. સમાજના રક્ષણ માટે કાયદામાં નિવારક અટકાયતની જોગવાઈ રાખવામાં આવી છે.

---

૬૨. ઈંગ્લેન્ડ ક્રિમીનલ લો, ૧૯૩૮
૬૩. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલા યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.
૬૪. વિશિષ્ટ ગુનાઓ-દોલતભાઈ ભિખુભાઈ નાયક યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.

પ્રો.હાર્ટના મંતવ્યાનુસાર 'સજા માત્ર સામાજિક આરોગ્યનો જ પ્રશ્ન નથી.' ગુનેગારોના સમાન કેસોમાં સમાન વર્તાવ થવો જોઈએ અને તેમના પ્રત્યે યોગ્ય અને ન્યાયી વર્તન કરવુ જરૂરી છે.

તેઓ વિશેષમાં જણાવે છે કે-

'વેરસંતોષલક્ષી ઉદ્દેશ દરેક ગુનેગારની જરૂરિયાત મુજબ તેના પ્રત્યેના વૈયક્તિક વ્યવહારના સિદ્ધાંતથી વિપરીત થાય છે, ગુનાની સાથે બંધ બેસતી આવે તેવી સજા કરવી જોઈએ.[૬૫]

ઘણીવાર ન્યાયતંત્ર દ્વારા શિક્ષા ગુનાના પ્રમાણમાં હોવી જોઈએ. આ સિદ્ધાંતને સ્થાને ન્યાયતંત્ર એકથી વધુ આરોપીને કરેલી શિક્ષાનો પરસ્પર પ્રમાણસર હોવી જોઈએ. તે બાબતને ઘણીવાર પ્રાધાન્ય આપે છે.

રેકલેસ જણાવે છે કે, જ્યારથી કેદનો શિક્ષા તરીકે ઉપયોગ વધવા માંડ્યો ત્યારથી, શિક્ષાનો ઉદ્દેશ સમાજનું રક્ષણ કરવાનો છે, તેવો વિચાર વધુ પ્રચલિત થતો ગયો. સમાજના રક્ષણ માટે ગુનેગારોને જેલમાં કેદ કરી રાખવા જરૂરી છે, તેવી માન્યતા વ્યાપક બની. જેલની ચાર દિવાલોમાં ગોંધાયેલો ગુનેગાર સમાજ માટે જોખમરૂપ બની શકતો નથી. વળી જેમણે ખરેખર ગુનો કર્યો છે તેવી વ્યક્તિઓ ઉપરાંત, જેમનું ભવિષ્યનું વર્તન ગુનાહિત થવાની શક્યતા જણાતી હોય તેવી વ્યક્તિઓને પણ, તેમ કરતાં અટકાવવા માટે અને સમાજની રક્ષાના ધ્યેયથી કેદમાં મોકલી શકાય છે. આમ આવી વ્યક્તિઓને સમાજમાં છૂટથી ફરતી અટકાવી સમાજને સુરક્ષિત રાખી શકાય છે.

જો કે ઉપરોક્ત સિદ્ધાંત વ્યવહારમાં એટલો આશાસ્પદ સાબિત થયો નથી.

---

૬૫. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલા યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.

## (૪) સંસ્કારલક્ષી ઉદ્દેશ

આ ઉદ્દેશ કોઈ આધુનિક જમાનાની દેન નથી છતાં આધુનિક જમાનામાં તે સૌથી મહત્વનું સ્થાન ધરાવે છે. ધારી સફળતા હાંસલ ન કરી શકાય ત્યારે સંસ્કારલક્ષી ઉદ્દેશને પ્રાધાન્ય મળવું જોઈએ તેવી પણ એક માન્યતા પ્રવર્તે છે માનવતાવાદી અને સુધારણાલક્ષી દ્દષ્ટિકોણ શિક્ષાના આ ઉદ્દેશના મહત્વને સાક્ષાત કરે છે. શિક્ષાના આ ઉદ્દેશ અન્વયે ગુનેગારને એક વધુ સારા, વધુ ડાહ્યા અને એક સારા નાગરિક તરીકે સમાજમાં પાછો મોકલવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

આ સિદ્ધાંત મુજબ ગુનેગારને હાનિરહિત બનાવવાનો, તેનામાં જે ખૂટતું હોય તે તેને આપવાનો, તે જે ક્ષતિઓનો દોરવાયો ગુનો કરી બેઠો હોય, તે ક્ષતિઓ નિવારવાનો પ્રયાસ કરવામાં આવે છે. અહીં તેના સમગ્ર વ્યક્તિત્વને, તેના જીવન પ્રત્યેનાં વલણોને, બદલવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેનું ચારિત્ર્ય સુધારી, તેને શિક્ષણ આપી, તે પ્રમાણિકતાથી તેનું જીવન વ્યતીત કરે તેવી રીતે, તેના પ્રત્યે વર્તાવ કરવાનો છે.[૬૬] આ ઉદ્દેશ ગુનેગારોમાં સારા ગુણ-સંસ્કારોનું સિંચન કરી, તેમની સુધારણા કરી અને તેમનું સમાજમાં પુન: સ્થાપનનું ઉમદા કાર્ય કરે છે.

હિરાલાલ મલ્લીક વિરુદ્ધ સ્ટેટ ઓફ બિહારના કેસમાં ચુકાદો આપતી વખતે ઉચ્ચત્તમ ન્યાયાલયના માનનીય ન્યાયમૂર્તિ શ્રી કૃષ્ણાઐયર શિક્ષાની સંસ્કારલક્ષી ફિલસુફીનો વહેવારમાં કેવી રીતે ઉપયોગ કરી શકાય તેની છણાવટ કરી છે. આ કેસનો અરજદાર જ્યારે બાર વર્ષનો હતો ત્યારે તેણે તેના બે મોટા ભાઈઓ સાથે મળીને એક ખૂન કર્યું હતું. નીચલી કોર્ટે તે ત્રાણેને અજીવન કેદની સજા કરી હતી. હાઈકોર્ટે તેમને ઈ.પી.કોક.ની કલમ ૩૦૨ ને બદલે કલમ ૩૨૬ માટે દોષિત ઠરાવી અરજદારને ચાર વર્ષની સખત કેદની, અને બીજા આરોપીઓને આઠ વર્ષની સખત

---

૬૬. કુદરતી ન્યાયના સિદ્ધાંતો- હાર્ટ (૧૨મી આવૃતિ)

કેદની સજા કરી હતી. આરોપીઓએ આ સજા સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી.

આરોપી ગુનાના સમયે બાર વર્ષની ઉંમરનો હતો. તેણે તલવારથી મરનારના ગળા ઉપર ઘા કર્યો હતો. ત્યારપછી પણ તે તેની પાછળ દોડ્યો હતો. તે બીજા આરોપીઓની જેમ ભાગી છુટયો હતો. આ બધા સંજોગોને કારણે કોર્ટે તેને કલમ ૩૨૬ હેઠળ દોષિત હોવાનું ઠરાવ્યું હતું. ત્યાર પછી સુપ્રીમ કોર્ટે આરોપીની સજાનો પ્રશ્ન ઝીણવટથી તપાસ્યો હતો. કોર્ટે દુ:ખ સાથે નોંધ્યું હતું કે, બિહારમાં બાળ ગુનેગારો સાથે કામ પાર પાડવા માટે ચિલ્ડ્રન એક્ટ જેવો કોઈ ધારો હતો જ નહી ! વળી આ આરોપીને પરિવિક્ષા ઉપર છોડવાનો પણ લાભ આપી શકાય તેમ ન હતો કારણ કે જો તેનો ગુનો દેહાંતદંડ કે આજીવન કેદની સજાને પાત્ર હોય તો તેને પરિવિક્ષાનો લાભ આપી શકાય નહીં. અંતે કોર્ટે તેની ચાર વર્ષની કેદ સજાને બહાલી આપી હતી, કારણ કે તે સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હતો. તેમ છતાં આરોપીને જેલની ચાર દિવાલોમાં રાખીને પણ કેવી રીતે સુધારી શકાય તે માટે કોર્ટે ચિંતા સેવી હતી.[૬૭]

સંસ્કારલક્ષી ઉદ્દેશનાં અમલીકરણની વિશિષ્ટ જવાબદારી જેલવાહક તંત્રની છે. કોર્ટ જેલના નિયમોને આધીન રહીને, કેદીના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે, હુકમો અને સૂચના આપવાની સત્તા ધરાવે છે. કોર્ટ સજાની કાર્યવાહીમાં માનવતાવાદી, સંસ્કારલક્ષી અને સુધારાલક્ષી તત્વો દાખલ કરવા યોગ્ય ભલામણ કરી શકે છે. આ ઉદ્દેશને મર્યાદાની દ્રષ્ટિએ જોઈએ તો-

(૧) ગુનેગારોને કેવી રીતે સુધારવા તે બાબત આપણે ઘણી મર્યાદીત રીતે જાણીએ છીએ. તે ઉપરાંત સુધારણાને અમલમાં મુકવા માટે માનવીય અને અન્ય સાધનો મર્યાદીત છે. તેથી હાલ પૂરતાં તો

---

૬૭. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલા યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.

આપણે ગુનેગાર સાથે કાર્ય કરવાની રીતના લાભાલાભથી પરિચિત થયા છીએ.

(૨) જ્યારે ગુનેગારને સુધારવા તરફ ગંભીરતાપૂર્વક વિચારીએ તો ગુનાની ગંભીરતા ઓછી જણાય છે. દા.ત. ટ્રાફીકનાં ગુના.

(૩) શિક્ષાના આ એકમાત્ર ઉદ્દેશથી અન્ય ઉદ્દેશો હાંસલ કરવાનું જરૂરી છે. તેથી ઘણીવાર આ ઉદ્દેશને ઓછું મહત્વ આપવામાં આવે છે.[૬૮]

આમ છતાં આ ઉદ્દેશને વધુ પ્રાધાન્ય આપવું જરૂરી છે. આ ઉદ્દેશને હાંસલ કરવા માટે શક્ય તેટલાં સાધનોનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ કારણ કે આ ઉદ્દેશ સમાજને ગુનાથી બચાવવાનો ખાતરીપૂર્વકનો ઉકેલ છે.

ફિટજિરલ્ડ સંસ્કારલક્ષી સજાની મુશ્કેલીઓ આ પ્રમાણે જણાવે છે:

આ પ્રકારની સજાની જૂની ટેરિફ પદ્ધતિમાં શિક્ષા ગુના સાથે બંધબેસતી હોય તે ખાસ જોવામાં આવતું. હવે આ સુધારાલક્ષી પદ્ધતિમાં શિક્ષા ગુનેગાર સાથે બંધબેસતી હોય તે ખાસ જોવામાં આવે છે. આ નવી પદ્ધતિમાં ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન થાય છે. તેમાં સમાન કેસમાં સમાન સજા ફરમાવવામાં આવતી નથી. એક સરખા ગુના માટે જુદા જુદા ગુનેગારોને જુદી જુદી સજા થાય છે. એક ગુનેગાર જેલમાં જાય છે, એકને પરિવિક્ષા ઉપર છોડાય છે, અને એકને દંડ થાય છે! સુધારણાલક્ષી પદ્ધતિમાં બાળગુનેગારોને અનિશ્ચિત મુદત સુધી સુધારણાગૃહોમાં રાખવામાં આવે છે. બધા જ બાળગુનેગારોને અમુક નિશ્ચિત સમય મર્યાદામાં સુધારી શકાતા નથી. કોઈ ઓછો તો કોઈ વધુ સમય લે છે. પરિણામે તેને ક્યાં સુધી રાખવો તે અંગેનો નિર્ણય ખુલ્લી કોર્ટમાં નહી પણ બંધ બારણે લેવાય છે.[૬૯]

---

૬૮. હિરાલાલ મલ્લિક વિરુદ્ધ સ્ટેટ ઓફ બિહાર, (૧૯૭૭) ૪. સુ.કો.કે.૪૪

૬૯. વિશિષ્ટ ગુનાઓ- દોલતભાઈ ભીખુભાઈ નાયક યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ

Victim[૭૦] એટલે કે ગુનાના ભોગ બનેલાને ચીજવસ્તુઓના સ્વરૂપમાં કે નાણામાં વળતર આપવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ ૩૫૭માં આ વ્યવસ્થા કરવામાં આવી છે. આ બાબત ગુનેગારને સુધારવામાં મદદરૂપ થાય છે. અને ગુનાનું પ્રમાણ ઘટે છે. જો કે તેના વ્યવહારિક અમલમાં ઘણી મુશ્કેલીઓ છે પણ અશક્ય તો નથી જ.

## (૫) ન્યાયરક્ષણનો ઉદ્દેશ (વિન્ડિકેશન ઓફ જસ્ટિસ)

કાયદો સમાજનાં મૂલ્યોના જતનનું સાધન છે. ગુનેગાર ગુનો કરી આવા મૂલ્યોનું ઉલ્લંઘન કરે છે. મૂલ્યભંગ એક અનિષ્ટ છે અને અનિષ્ટને દૂર કરવા શિક્ષા થાય તે બીજું અનિષ્ટ છે.

પ્રાચીન સમયમાં દેવોને ખુશ કરવા માટે માનવ અને પશુઓનો ભોગ ચઢાવવામાં આવતો. ક્રેસ્ટ આ ઉદ્દેશને સમજાવવા માટે એક ઉદાહરણ રજુ કરે છે.

ધારો કે એક ટાપુરાજ્યના બધા જ નાગરિકો પરસ્પર સંમતિથી તેમનો ટાપુ સમાજ વિખેરવાનું અને ભવિષ્યમાં કદી નહી મળવાનું નક્કી કરી છુટા પડવા ઠરાવે છે. હવે આવા સમાજે વિખરાઈ જતાં અગાઉ પણ તેના તેમના સમાજના દેહાંતદંહની સજા પામેલા અને મૃત્યુની રાહ જોતા કેદીઓને દેહાંતદંડ આપીને છુટા પડવું જોઈએ, તે અગાઉ નહી. આમ થાય તો જ પૂર્ણ ન્યાયનાં ધોરણો સચવાઈ રહે. ન્યાયરક્ષણના સિદ્ધાંતને હજુ સમર્થન સાંપડ્યુ નથી. પરંતુ ઓછે વત્તે અંશે આજે પણ સમાજમાં તે સુસંસ્કૃત સ્વરૂપે પ્રચલિત છે. કાયદાનાં ભંગ બદલ પોલીસતંત્ર, ન્યાયતંત્ર અને જેલતંત્ર આ ઉદ્દેશની પરિપૂર્તિ કરે છે.

---

૭૦. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલા યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.

૭૧. ક્રિમીનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩, કલમ-૩૫૭, બી.એન.જાની (મિશ્રા એન્ડ કાં.)

૭૨. તૈતરિય સંહિતા-ભાસ્કરાચાર્ય

૭૩. ભવિષ્યપુરાણ.

છતાં પણ આ ઉદ્દેશની આકરી આલોચના એ જ છે કે 'બે અનિષ્ટો એકત્રિત કરવાથી ક્યારેય પણ ઈષ્ટની ઉત્પત્તિ થઈ શકે નહી.[૭૪]

## ૨.૪ પ્રાયશ્ચિત

પ્રાયસ્ એટલે વિનાશ અને ચિત્ત એટલે મનની ભૂમિકા. તૈતરિય સંહિતા પ્રાયશ્ચિતને પાપમુક્તિનું સાધન ગણે છે.[૭૫] ભવિષ્યપુરાણ પાપકર્મનાં પરિણામમાંથી છૂટવા માટે પ્રાયશ્ચિતને મહત્વ આપે છે. પ્રાચીન ગ્રંથો ગુના અને દુષ્કૃત્ય અનુસાર પ્રાયશ્ચિતની વિધિ સમજાવે છે. જેમકે

(૧) વેદોના જાણકાર બ્રાહ્મણ પાસે જઈ કબુલાત કરવી; ગધેડાનું ચામડું પહેરી સાત ઘેર જઈ દરેક ઘર આગળ પોતાના પાપની વાત જાણાવવી, ભિક્ષા માગવી, તીર્થયાત્રા, હોમ, યજ્ઞ, પ્રાણાયમ અને સ્નાનકરવું. મનસ્મૃતિમાં પ્રાયશ્ચિતની વિધિ નીચે પ્રમાણે દર્શાવિ છે.

(૨) બ્રહ્મહત્યા કરનારાએ બાર વર્ષ વનમાં ઝૂંપડી બાંધી વાસ કરી, તે બ્રાહ્મણની કે બીજાની ખોપરી સાથે રાખી, ભિક્ષા માગીને મળેલા ખોરાક ઉપર રહી, આત્મશુદ્ધિ કરવી, અથવા તેણે સ્વેચ્છાએ લોકોનાં તીરનું નિશાન બનવું; અથવા ત્રણ વખત ઊંધા માથે અગ્નિમાં પડવું, અથવા તેણે અશ્વમેધ, સ્વર્જિત, વિશ્વજીત જેવા વૈદિક યજ્ઞો કરવા. તેણે બ્રહ્મહત્યાના પ્રાયશ્ચિત માટે આત્મસંયમી બની વેદોચ્ચાર કરતાં કરતાં જોજન એટલે આઠસો માઈલની મુસાફરી કરવી, અથવા તેણે વેદોમાં પારંગત બ્રાહ્મણને બધી જ મિલકતો આપી દેવી.

---

૭૪. પેનિટેન્સરી ક્રિમીનલ સાયકલોજી (૧૯૧૩)

૭૫. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલા યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.

એ સમયે એવી માન્યતા પ્રચલિત હતી કે પ્રાયશ્ચિત રાજા કે ગુરુ સમક્ષ જ થઈ શકે, તેઓ દ્વારા થયેલી શિક્ષાથી પાપમુક્તિ મળે છે. પ્રાયશ્ચિતથી ગુનાનું પાપ ધોવાઈ જવાથી પ્રક્રિયાને કર્મવિપાક કહેવામાં આવતુ હતુ. આધુનિક જમાનામાં પણ તેનું મહત્વ છે જ. જેમ કે ગુનેગારને શિક્ષા કરી તેને દુઃખ પહોંચાડવાનું કારણ વેરસંતોષવાનું નથી, પણ આવું દુઃખ તેના પોતાના લાભમાં જ પહોંચાડવામાં આવે છે. આમ થવાથી તેને થયેલી સજાના ન્યાયીપણાનું તેને ભાન થાય છે. પ્રાયશ્ચિતથી તેનું ગુનાનું પાપ ધોવાઈ જાય છે. તેને પ્રાચીન ભારતમાં કર્મવિપાક કહેતા હતા.[૭૬]

આમ શિક્ષાથી ગુનો રદ થાય છે અથવા ભૂંસાઈ જાય છે. તેથી શિક્ષાને ધાર્મિક વિધિ સાથે પણ સરખાવવામાં આવી છે.

પ્રાયશ્ચિતનો સિદ્ધાંત દર્શાવે છે કે શિક્ષા દોષનાં પ્રમાણમાં થવી જોઈએ. કારણ કે ગુનેગારના પ્રાયશ્ચિતથી સમાજની લાગણીઓને સાંત્વના મળે છે. સમાજનો અભિગમ મૂલ્ય ટકાવવા તરફ દૃઢ બને છે.

૧૯મી સદીમાં પેનિટેન્સરિ- પ્રાયશ્ચિત ચળવળમાંથી આ સિદ્ધાંતના વ્યવહારિક અમલ વિશેનો ઉલ્લેખ જોવા મળે છે. તે જણાવે છે કે પ્રત્યેક ગુનેગારને આત્મખોજની તક પૂરી પાડવી જોઈએ; આ પદ્ધતિને પ્રાયશ્ચિતાલયની પદ્ધતિ કહે છે. તે માટે સંસ્થાઓની સ્થાપના થઈ જ્યાં ગુનેગારો તેમનાં દોષિત કૃત્યો સંબંધે શાંત ચિત્તે વિચાર કરી શકતા હતા. દરેક ગુનેગાર પ્રાયશ્ચિતતા ઝંખતો જ હોય છે. તેવી મનોવૈજ્ઞાનિકતા પ્રત્યેક માનવીમાં રહેલી હોય છે; ભલે તેનું પ્રમાણ જુદું હોય.[૭૭]

---

૭૬. શિક્ષા ફિલસુફી અને સિદ્ધાંતો- બી.એમ.શુકલા યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.
૭૭. એજન.

## ૨.૫ શિક્ષાનો પ્રભાવ

શિક્ષા કરવી તે એક એવું કાર્ય છે કે જેનું પરિણામે ગુનેગાર અને સમાજનાં અન્ય સભ્યો પર કેવી અસર પડે છે તે જોવાનું છે. જો શિક્ષાની કોઈ અસરકારકતા ન હોય તો તે શિક્ષાનો કોઈ અર્થ જ રહેતો નથી. શિક્ષાથી ગુના અટકી જાય તેવું બનતું નથી. શિક્ષાની અસરથી તેનું પ્રમાણ, ગંભીરતા ઓછી થશે તેવું ચોક્કસ બને છે અને બનવું જોઈએ. જો કે પ્રત્યેક શિક્ષા પદ્ધતિ વિશે હજુ ચોક્કસપણે કહી શકવું મુશ્કેલ છે કે તે પદ્ધતિ સફળ થઈ છે કે નિષ્ફળ? ઘણીવાર શિક્ષા પોતે જ સમસ્યારૂપ બની જાય છે.

સાઈકસ શિક્ષાની અસરકારકતા દર્શાવતી પાંચ શરતો જણાવે છે.

(૧) શિક્ષા ગુનાના પ્રમાણમાં હોવી જોઈએ. જો આમ ન હોય તો ગુનેગાર શહીદ બની જાય અગર તેનામાં ગુસ્સો પેદા થાય અને તે બીજા ગુના કરે.

(૨) શિક્ષા ત્વરિત અને નિશ્ચિત હોવી જોઈએ.

(૩) શિક્ષામાં સમાજની અનૈતિકતા વિરુદ્ધની ભાવનાનું પ્રતિબિંબ પડતું હોવું જોઈએ. જો આમ ન હોય તો, ગુનેગાર ન્યાયતંત્ર, પોલીસતંત્ર અને જેલતંત્રને કાયદાનો અમલ કરાવનાર સંસ્થાઓ તરીકે જોવાને બદલે તેમને પોતાના વિરોધીઓ માનતો થઈ જશે.

(૪) બૃહદ સમાજે કરેલી શિક્ષા, ગુનેગાર જે પેટા સમાજમાંથી આવતો હોય તેના પ્રતિભાવો સાથે, બંધબેસતી હોવી જોઈએ.

(૫) શિક્ષાની ધમકી ગુનેગારના વર્તન માટેનાં ચાલકબળોની મનોભૂમિમાં પ્રવેશે તેવી હોવી જોઈએ.

આ શરતોનું વ્યવહારમાં પાલન થતુ જોવા મળતું નથી; પણ તેથી એમ પણ કહી ન શકાય કે શિક્ષા પદ્ધતિ નિષ્ફળ ગઈ છે.

રાજ્ય દ્વારા કરવામાં આવતી શિક્ષાથી જે સામાજીક અંકુશ આવે છે તે એક ઔપચારિક પ્રક્રિયા છે તેની સાથે સાથે સામાજીક અંકુશના અનૌપચારિક પ્રક્રિયા કે પરિબળોને જાણવા પણ જરૂરી છે. આવા પરિબળોમાં વ્યક્તિ પર તેનાં મિત્રો, સહકાર્યકરો, જ્ઞાતિજનો, પડોશીઓ, કુટુંબના અભિપ્રાયો, મતો, પસંદગી, સંમતિ-અસંમતિ વગેરેની અસરને કારણે તેઓ વચ્ચે પોતાનું સ્થાન ટકાવી રાખવા ઈચ્છતી હોય છે. તેનું આ સ્થાન જો તે ખોટું કાર્ય કરશે તો ઝુંટવી લેવામાં આવશે તે ડર માત્ર તેને સામાજીક અંકુશ રાખવા પ્રેરે છે. એટલે વ્યક્તિના સમાજ જીવન પર ઔપચારિક અને અનૌપચારિક પરિબળોની સરખે ભાગે અસર થતી હોય છે.

## ૨.૫ શિક્ષાની મર્યાદા

'શિક્ષા' એ પ્રત્યેક તબક્કે સિદ્ધ પુરવાંર થતી નથી. કોઈપણ માધ્યમ તેનાં ક્ષેત્રમાં ક્યારેય સંપૂર્ણ હોતું નથી, કારણ કે, સમયાંતરે તેમાં પરિવર્તનશીલતા ઈચ્છનીય છે. શિક્ષાને પણ તેની મર્યાદા છે. રેકલેસ શિક્ષાની મર્યાદા વિધેયાત્મક અને નિષેધાત્મક રીતે રજુ કરે છેઃ

(ક) વિધેયાત્મક પાસુ એટલે કે શિક્ષા ગુનેગારને શું કરે છે તે. આવી વિધેયાત્મક અસરો આ પ્રમાણે થઈ શકે છે: (૧) શિક્ષાથી ગુનેગાર વધુ સાવચેત બની જાય છે, તે પોતાની પ્રવૃત્તિઓ છૂપાવે છે. (૨) શિક્ષાથી ગુનેગાર ઉપર એક કલંક કે છાપ લાગી જાય છે. તેથી સમાજથી અળગો થઈ જાય છે. (૩) શિક્ષાથી ગુનેગાર શહીદ કે હીરો બની જાય છે. દા.ત. દાણચારો, ડાકુઓ, બહારવટીયા, લુંટારા વગેરે. (૪) ગુનેગારમાં સમાજવિરોધી માનસ પેદા થાય છે. તે સમાજ ઉપર વેર લેવા તાકે છે અને શાસન

માત્રને પડકારે છે.

(ખ) નિષેધાત્મક પાસું એટલે શિક્ષા ગુનેગારને શું નથી કરતી તે. આવી નિષેધાત્મક અસરો આ પ્રમાણે હોઈ શકે: (૧) શિક્ષા તે જ ગુનેગારને ફરીથી ગુનો કરતાં, કે બીજાને ગુનો કરતાં અટકાવી શકતી નથી. (૨) ગુનેગારને શિક્ષા કરવાથી તેના ગુનાથી થયેલું નુકસાન કંઈ ભરપાઈ થતું નથી. (૩) શિક્ષા ગુનેગારના વ્યક્તિત્વનું નવઘડતર કરે જ છે તેવું નથી.

શિક્ષા ઉપરોક્ત મર્યાદા સાથે સંલગ્ન હોવા છતાં તેનું મહત્વ તેથી કાંઈ ઓછુ થઈ જતું નથી.

શિક્ષા તેનો અર્થ અને ઉદ્દેશો વિભિન્ન હોવા છતાં, ક્યારેક પરસ્પરની અવગણના થતી હોવા છતાં, શિક્ષાનાં ઉત્કૃષ્ટ પરિબળો ગણાય છે. કોઈપણ એક શિક્ષા દ્વારા માત્ર એક ઉદ્દેશ હાંસલ થાય તો પણ તે પર્યાપ્ત છે. આખરે તો શિક્ષાનો ઉદ્દેશ સમાજને સુખશાંતિ આપી કલ્યાણ સાધવાનો છે. જ્યારે ઘણીવાર એવી શિક્ષા થાય છે જેના દ્વારા તમામ ઉદ્દેશોની સિદ્ધિ પ્રાપ્ત થતી હોય છે. આમ છતાં આપણે ચર્ચા કરેલ ઉદ્દેશો પ્રત્યેક સમાજ માટે સર્વસ્વીકૃક ઉદ્દેશો છે તેમ માની લેવાને કારણ નથી. સમય અને સમાજનાં બદલાતાં વહેણો સાથે ઉદ્દેશોમાં પરિવર્તન આવે છે, તેજ રીતે શિક્ષાના પ્રકારમાં પણ પરિવર્તનની જરૂર છે; કારણ કે સમય સાથે તેની અસરકારકતાનો વ્યાપ પણ ઓછો થતો જાય છે.

શિક્ષાનાં અર્થમાં પરિવર્તનની સાથે ઉદ્દેશોની અગ્રિમતામાં પણ બદલાવ આવ્યો છે. શિક્ષા વિજ્ઞાન કોઈ અલગ વિજ્ઞાન નથી પરંતુ તે સમાજવિજ્ઞાન, મનોવિજ્ઞાન, વર્તનલક્ષી વિજ્ઞાન વગેરેનો સમન્વય છે. અત્યારે 'ગુના તરફ નહી પરંતુ ગુનેગાર તરફ' વિશેષ ધ્યાન આપવું જોઈએ[૭૭] તે માન્યતાને પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. પરિણામે શિક્ષાનો પ્રકાર ગુનેગારની વય, ગુનાનો પ્રકાર, આજુબાજુનું

વાતાવરણ વગેરે જોઈને કરવામાં આવે છે. શિક્ષામાં હિંસાને સ્થાને અહિંસક તત્વ વિકસાવવાની જરૂર છે. શિક્ષા પ્રણાલી સુધારો માગી રહી છે; કોઈ ક્રાંતિ કરવી ઘટે.

શિક્ષા શબ્દ જ મૂળભૂત રીતે વ્યક્તિને યાદ અપાવે છે કે જો કોઈ ખોટુ નિયમ વિરુદ્ધનું, કાયદાના ભંગનું, અનૈતિક કે પ્રતિબંધીત કૃત્ય જો કોઈ વ્યક્તિ કરશે તો તેના કારણે કાયદો, ન્યાયતંત્ર, રાજ્યતંત્ર તેને 'શિક્ષા' કરશે. 'શિક્ષા' શબ્દની વ્યક્તિ ઉપર મનોવૈજ્ઞાનિક અસર રહે છે, જેના કારણે વ્યક્તિ નિયમભંગ, કાનુનભંગ કરતો અટકે છે અને સમાજમાં એકસૂત્રતા, સંયમ, વ્યવસ્થા, શાંતિ અને સલામતી જળવાઈ રહે છે.

## ૦ દેહાંતદંડનાં સજાનો અમલની પદ્ધતિઓ

દેહાંતદંડની સજા હોવી જોઈએ કે નહી, તે અંગે જગતભરમાં મોટા પ્રમાણમાં વાદ-વિવાદ અને ચર્ચા વિચારણા વર્ષોથી ચાલે છે. અતિઉચ્ચ બુદ્ધિમાન, તત્વચિંતકો, ન્યાયવિદો, સમાજશાસ્ત્રીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, રાજદ્વારીઓ અને સમાજના અન્ય વર્ગો દ્વારા આ મુદા ઉપર બૃહદ ચર્ચાઓ વર્ષોથી ચાલે છે. છતા કોઈ સર્વ સામાન્ય અને સર્વસ્વીકૃત ઉકેલ હજુ સુધી મળી શકેલ નથી. વર્ષોની લંબાણભરી માનસિક કસરતના અંતે પણ દેહાંતદંડની સજા હજુ આ યુગમાં પણ જગતના મોટાભાગના દેશોમાં (ગણ્યા ગાંઠ્યા દેશો સિવાય) ચાલુ જ છે અને નજીકના ભવિષ્યમાં આ સજા કાનુનમાંથી રદ થાય તેવી કોઈ શક્યતા દેખાતી નથી.

આ મુખ્ય મુદાનો વિવાદ ચાલુ છે, તેની સાથે સાથે દેહાંતદંડની સજા જેને ફરમાવવામાં આવેલ છે તે ગુનેગારને તે સજા કઈ રીતે આપવી તે અંગે પણ ખૂબ મોટા પ્રમાણમાં વિવાદો ચાલે છે. અમુક પ્રકારે દેહાંતદંડ આપવો તે પિડાકારક કે અમાનવીય છે અને અમુક પદ્ધતિ વધુ સારી, ઓછી પીડાદાયક કે પ્રમાણમાં ઓછી ક્રુર છે તેવી દલીલો અને વાદ-વિવાદ મોટા પ્રમાણમાં ચાલે છે. દેહાંતદંડની

સજા જેવા વિષય ઉપર સંશોધનનો મહાનિબંધ લખાય છે, તે જ રીતે, ફાંસીની સજાની અમલવારી કઈ પદ્ધતિથી કરવી જોઈએ તે મુદો પણ ખુબજ મોટો ગણાય તેવો છે. પ્રાચીન સમયમાં જ્યારે કાયદાઓ લેખિત સ્વરૂપમાં ન હતા, ત્યારે ધર્મગ્રંથોમાં વર્ણવાયેલ પદ્ધતિથી દેહાંતદંડ આપવાની જોગવાઈ હતી.

જેમ જેમ સમય પસાર થતો ગયો, શિક્ષણનો વ્યાપ વધતો ગયો અને સામાજીક જાગૃતિ વધી તેમ તેમ ફાંસીની સજા ચાલુ રાખવી કે રદ કરવી તે મુદાની સાથે સાથે ફાંસીની સજાની અમલવારી કઈ પદ્ધતિથી કરવી અને દેહાંતદંડ કઈ રીતે ઓછામાં ઓછો પીડાદાયક રીતે આપી શકાય તેની ચર્ચાઓએ પણ જોર પકડયું છે.

સજા હળવી કરવા તથા સજાને અન્ય પ્રકારની સજામાં પરિવર્તિત કરવાનાં અબાધિત અધિકાર સમુચિત ફોજદારી કાર્યરીતિ સંહિતાના પ્રબંધોથી આપવામાં આવ્યા છે.[૩૬] અદાલતે કરેલ ગમે તે પ્રકારની સજામાં આ પ્રકારનો અધિકાર સમુચિત સરકાર ધરાવે છે. આ અંગે માત્ર એક જ અપવાદ છે. ગર્ભવતી સ્ત્રીને દેહાંતદંડની સજા કરવામાં આવી હોય તો તેવી સજા મોકૂફ રાખવા અથવા યોગ્ય જણાય તો દેહાંતદંડની સજાને આજીવન કેદની સજામાં પરિવર્તિત કરવાની સત્તા ઉચ્ચ અદાલતને આપવામાં આવેલ છે.

આવા સંજોગો અદાલતનાં લક્ષ પર ન હોય અને એવાં કેટલાંક સંજોગો વહીવટીતંત્ર ઉવેખી ન શકે. એક સાર્વભૌમ સત્તા હોવાનાં નાતે સરકારને, વહીવટીતંત્રને કેટલીક સત્તા હોય છે અને આવી સત્તા પણ તેથી સરકારને હોય તો તે ઉચિત ગણાય.

સજા હળવી કરવાનો અધિકાર-સત્તા માત્ર સમુચિત સરકારને છે તથા તેવી સજા હળવી કરવામાટે ગુનેગારની સંમતિ આવશ્યક નથી તથા દેહાંતદંડની સજા આ સંહિતામાં ઠરાવેલ ગમે તે સજામાં પરિવર્તિત કરવાનો અધિકાર સમુચિત સરકારને છે

એટલે કે, માત્ર દંડની સજામાં પણ પરિવર્તિત થાય.

અદાલતમાં દિવસો સુધી કે વર્ષો સુધી ચાલેલા કાનૂની જંગના અંતે ન્યાયધીશ આરોપીને તકસીરવાર ઠરાવે છે, અને મૃત્યુદંડની સજા ફરમાવે છે... (ટુ બી હેન્ગડ્ બાય નેક અનટીલ ડેથ.) (મૃત્યુ પર્યંત ગરદનથી લટકાવી દેવો)

આરોપીને દેહાંતદંડની આવી સજા સુણાવીને ખિન્ન વદને પોતાના જજમેન્ટ પર સહી કરી કલમ તોડી નાંખતા ન્યાયાધીશને હિન્દી ફિલ્મોમાં અનેકવાર નિહાળ્યા હશે. પરંતુ વાસ્તવમાં અપરાધીને ફાંસીની સજા ફરમાવતા ન્યાયાધીશ ઘાણી વિટંબાણા અનુભવે છે. લાંબી દલીલો સાંભળ્યા પછી મન મક્કમ કરીને તેના હૃદય પર પથ્થર મૂકીને જ દેહાંતદંડની આકરી સજા સંભળાવી શકાય.

## ૨.૬ વિશ્વમાં પ્રચલિત પદ્ધતિઓ

ફાંસીની સજા આ રીતે જુલ્મી અને નિર્દયી પદ્ધતિ ગણાય. તેથી જ અમેરિકા સહિત અનેક દેશોમાં અપરાધીને ઝેરી ઈન્જેકશન આપીને સજાનો અમલ થાય છે. અમેરિકામાં ૨૦૦૧માં કુલ ૬૬ અપરાધીને ઝેરી ઈન્જેકશન આપીને દેહાંતદંડનો અમલ થયો હતો. ચીનમાં સામાન્ય રીતે કેદીને ગોળીએ ઠાર મારીને સજાનો અમલ થતો હોય છે, ત્યાં પણ છેલ્લાં બે વર્ષમાં આશરે ૨૦ કેદીઓને કાતિલ ઝેરનું ઈન્જેકશન મારી સજાનો અમલ થયો હતો. બ્રિટનમાં રોયલ કમિશને જો કે ઈન્જેકશનથી દેહાંતદંડની સજા આપવાનો અલગ રીતે વિરોધ કર્યો છે.કાતિલ ઝેરનું ઈન્જેકશન ઈન્ટ્રાવિનસ (નસમાં આપવાનું) હોવાથી તાલીમ પામેલો દાકતર જ આ કામ કરી શકે તેવો આદેશ રોયલ કમિશને આપ્યો છે. જ્યારે બ્રિટિશ મેડીકલ એસોસીએશને કોઈપણ લાયસન્સ પ્રાપ્ત તબીબને આ કામ કરવા પર મનાઈ ફરમાવી છે.

દેહાંતદંડની સજા હોવી જોઈએ કે નહિ તે અંગેની ચર્ચા વિચારણા હાલમાં

ખૂબજ પૂરજોશમાં ચાલે છે. માત્ર સાત જ દેશ એવા છે કે જ્યાં ફાંસીની સજા રદ કરવામાં આવી છે. આ દેશો છે ફિનલેન્ડ, હોલેન્ડ, ઓસ્ટ્રિયા, અર્જેન્ટિના, પોર્ટુગલ, સ્વીડન અને વેનેઝુએલા. અમેરિકાના કેટલાક રાજ્યોમાં પણ દેહાંતદંડની જોગવાઈ રદ કરી નાંખવામાં આવી છે. દેહાંતદંડની સજા ન હોવી જોઈએ એમ કહેનારાઓ અહિંસાની અને માનવહક્કોની તરફેણ કરે છે. સમાજમાં આવી સજાને તેઓ જંગલિયાતભરી અને અમાનુષી ગણાવે છે. દેહાંતદંડને યોગ્ય ઠેરવનારાઓ એવી દલીલ કરે છે કે ગુનાવૃતિ ધરાવતા માનવીના મનમાંથી જો કાનૂનનો ડર નીકળી જશે તો સમાજ આંતકખોરોનો ભોગ બની જશે અને ગુનાઓની કોઈ જ સીમા નહી રહે.

ફાંસી કે મૃત્યુદંડ જેવી કડક સજાઓ રદ કરવાથી કે સજાના અમલમાં થતી ઢીલાશથી આપણા સમાજમાં ભારે આંતક ફેલાઈ જવાનો ડર છે. જેના છેલ્લા ઈલાજ તરીકે લોકો પોતેપોતાના હથિયારોથી રસ્તા વચ્ચે ન્યાય તોળી લેતા અચકાશે નહી. ઉતરપ્રદેશ, બિહાર અને પંજાબમાં વકરેલી ગુનાખોરી આ વાતનો પુરાવો છે. ફાંસીની સજા પામેલા બાર કેદીઓ આજેય બિહારની જેલમાં સબડે છે. છેલ્લાં દસ વર્ષમાં બિહાર રાજ્યમાં માત્ર ત્રણ અપરાધીઓને ફાંસી આપી છે.

આજે વિશ્વમાં જેટલી ઝડપથી વસ્તી વધે છે એથીય વધુ ઝડપે ગુનાખોરી વધી રહી છે. કોઈપણ અખબારના પાનાઓ પર સાદા સામાજીક કે સાંસ્કૃતિક બનાવોના સમાચારોને બદલે ખૂન, કમકમાટીભર્યા બળાત્કાર કે માસુમ બાળકોની હત્યાના સમાચારો વધારે જોવા-વાંચવા મળે છે. એક તરફ વિશ્વભરમાં જ્યારે સજાઓ હળવી કરવી જોઈએ એવા માનવતાવાદી વિચારો વ્યક્ત થવા માંડ્યા છે, તો બીજી બાજુ ખૂનનો બદલો ખૂન જ હોય એવી દ્રઢ માન્યતા ધરાવતા લોકો પણ મોટી સંખ્યામાં છે. સામાન્ય નાગરિકો પણ એમ માને છે કે મૃત્યુદંડ છે તો સમાજમાં શાંતિ અને સલામતી છે. ખૂનીઓ, હત્યારાઓ અને બીજા ભયાનક ગુના

કરનારાઓને અંકુશમાં રાખવાનો એ જ એક કારગત ઉપાય છે.

દેહાંતદંડની સજાની તરફેણ કરનારાઓ પણ એટલું તો માને છે કે ગુનેગારને ફાંસી આપો કે બીજી કોઈ રીતે મોતને ઘાટ ઉતારો પરંતુ આ કામ મૃત્યુને ઈજ્જત મળે તેવું હોવું જોઈએ. મૃત્યુની સજા ક્રૂરતાભરી અને કમકમાટી ઉપજાવે તેવી ન હોવી જોઈએ.

મધ્યકાલીન યુગમાં ભારતમાં કોઈ નીચી જાતીનો માણસ બ્રાહ્મણની હત્યા કરી બેસે તો તેને ઉકળતું તેલ પીવડાવી યાતનાભર્યુ મોત અપાતું. શાસ્ત્રની નિષેધાજ્ઞાઓનો ભંગ કરનાર માટે પણ આવી જ ભયાનક સજા થતી જેમકે વેદોનું શ્રવણ કરનાર ક્ષુદ્રના કાનમાં ધગધગતુ સીસુ રેડવામાં આવતું. યુરોપના ઘણા દેશોમાં આજથી સો વર્ષ પૂર્વે ઝાડ તોડવું, પૈસા તફડાવી લેવા, દુકાન તોડવી, ૪૦ શિલિંગથી વધુ રકમની ચોરી કરવી, બ્રેડ ચોરવી કે જિપ્સી કન્યા સાથે સંબંધ બાંધનારને સજા એ મોત થતી ! ટુંકમાં કોઈનું પાકીટ ચોરનાર ચોર કે હત્યા કરનાર ખૂનીને સજા એક સરખી જ થતી ! આવી કાનૂની વ્યવસ્થા ખરેખર ભૂલ ભરેલી કહેવાય. મૃત્યુદંડની સજા ભલે ફરમાવાય પણ સાવ નાના ગુના માટે પણ કોઈનો જીવ લઈ લેવાય તે સરાસર અન્યાય છે એવુ તો આજે ઘણાં માને છે.

ફ્રાન્સમાં સદીઓથી ક્રાંતિવિરોધીઓના માથા ગિલોટીનથી ઉઠાવી દેવાયા હતાં. શિરચ્છેદ કરવાના આ સાધનનું નામ તેના શોધક ડો.ગિલોટીનના નામ પરથી પડ્યું છે. ડો.ગિલોટીને ફ્રેંચ પાર્લામેન્ટને અપીલ કરી હતી કે આ સાધન ઝડપથી અને સુઘડ રીતે ગુનેગારને ખબર પડે તે પહેલા જ ઘા કરી તેનું માથુ ધડથી અલગ કરી લેવાની ક્ષમતા ધરાવે છે માટે તેનો ઉપયોગ કરવો જોઈએ. આજે પણ ફ્રાંસમાં ગિલોટિન વડે મૃત્યુદંડ અપાય છે. ઈંગ્લેન્ડમાં ઓગણીસમી સદીના અંત સુધી ફાંસીની સજા જાહેરમાં આપવામાં આવતી ત્યારે મોટા પ્રદર્શનની માફક તેની જાહેરાત થતી અને લોકો તે જોવા ટિકીટો ખરીદીને આવતા. પુરૂષોની સાથે સ્ત્રીઓ પણ

દોરડે લટકી જાન ગુમાવતા અપરાધીને જોવા મોટી સંખ્યામાં આવતી. ફાંસીની સજાની આખી વિધિ બરાબર જોવા મળે તેથી લોકો મોટી રકમની ટિકીટ ખરીદી આગલી હરોળમાં બેસતા !

અવનવી શોધોનો દેશ ગણાતાં અમેરિકામાં કેપીટલ પનિશમેન્ટ વધુ શાનદાર બનાવવા ઈલેકટ્રીક ચેર (વિદ્યુત ખુરશી) તથા ગેસ ચેમ્બરનો ઉપયોગ થાય છે. ડો.રોકબેલ નામના સંશોધકે ઈલેકટ્રીક ચેર બનાવીને ૧૮૯૦માં તેનો દેહાંતદંડ માટે ઉપયોગ કર્યો હતો. આ પદ્ધતિમાં મૃત્યુદંડની સજા પામનારને વિદ્યુત ખુરશીમાં બેસાડી તેના હાથ પગને જકડી લેતી બેડી ફીટ કરાય છે. તેના માથે પણ ધાતુની એક ટોપી પહેરાવાય છે. આ બેડીઓ તથા ટોપીનું જોડાણ સીધું વિદ્યુત પુરવઠા લાવતા તાર સાથે હોય છે. સજા આપવા માટેનું સિગ્નલ મળે કે તરત જેલનો એક માણસ સ્વીચ દબાવે એટલે અપરાધીના આખા શરીરે વિદ્યુતના ભારે આંચકા (૨૦૦૦ વોટ) લાગે અને બે મીનીટમાં તેનું પ્રાણપંખેરુ ઉડી જાય છે. ગેસ ચેમ્બરમાં વિધિ થોડી અલગ છે. તેમાં મૃત્યુદંડની સજા આપવાની હોય તે અપરાધીને કેદ કરી નિયત સમયે ચેમ્બરમાં સાઈનાઈડનો ગેસ છોડવામાં આવે છે. થોડીક જ પળોમાં અપરાધી ગેસથી ગુંગળાઈને મરણ પામે છે. ગેસ ચેમ્બરની માફક હવ સાઈનાઈડના ઈંજેકશન મારીને અપરાધીને ખતમ કરી દેવાની પદ્ધતિની પણ અમેરિકાના કેટલાક રાજ્યમાં હિમાયત થઈ રહી છે.

માણસ જાતે એક જીવતા-જાગતા માણસનો પ્રાણ કાઢી લેવા માટે અનેક રીતરસમો અને સાધનો પ્રયોજયા છે. આ બધાનો વિગતવાર અહેવાલ વાંચતા દિલ ધડકી ઉઠે છે, અને આંખ દયાથી અશ્રુભીની બની જાય છે. જે તે યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો જેવો અને જેટલો વિકાસ થયો હતો, તે તમામનો આ કામ માટે ઉપયોગ કરવામાં આવ્યાનું જોવા મળે છે. એક જ ઝાપટે મૃત્યુ નીપજાવવાથી માંડીને મૃત્યુ નીપજાવવાની પ્રક્રિયા જેટલી લંબાવી શકાય તેટલી

લંબાવવાના નૂસખા પણ વપરાયા છે. ક્રૂરતા, બર્બરતા, અમાનુષીપણું અને વેદનાની પરાકાષ્ટા સમી રીતો શોધી કાઢવા માટે માણસના ભેજામાંથી જે કોઈ નૂસખા નીકળી આવે તે સૌનો છૂટથી ઉપયોગ થયો છે. દુનિયાનો કોઇ દેશ આમાંથી બાકાત નથી. દેહાંતદંડની સજાનો અમલ કરવાની કેટલીક આવી રીતોનો નીચે સંક્ષિપ્ત ઉલ્લેખ કર્યો છે. આ યાદી આખરી નથી. તેમાં ઘણી રીતો અને પદ્ધતિઓનો સમાવેશ કરવાનો રહી ગયો હોય તે બનવા જોગ છે.

દેહાંતદંડની સજાનો અમલ કરવાની આવી કેટલીક રીતો અને પદ્ધતિઓ આ પ્રમાણે છે : ગુનેગારની જીવતાં ચામડી ઉતારવી, તેને જંગલી પ્રાણીઓ પાસે મારી નંખાવવો (એન્ડ્રોકિલસ) પર્વત ઉપરથી નીચે ગબડાવવો (પ્રહલાદ) તેને પથ્થરો ફેંકી મારી નાંખવું (મજનૂ), મસ્તકછેદન (ઈંગ્લેંડનો રાજા ચાર્લ્સ પહેલો), ક્રોસ ઉપર ચઢાવવો (ઈસુખ્રિસ્ત), સૂળીએ ચઢાવવો (અહમદશાહ બાદશાહના જમાઇ), ફાંસીના માંચડે ગળે દોરડાથી ફાંસી નાંખી ચઢાવવો. (ભગતસિંહ, નથુરામ ગોડસે., ભુટ્ટો, બિલ્લારંગા વગેરે) ગિલોટિન (ફ્રાંસ, રશિયા) વીજળી ખુરશી (અમેરિકાનાં કેટલાંક રાજ્યો) ઝેરી ગેસ (અમેરિકાનાં અમુક રાજ્યો), બે પગથી સામી સામી દિશામાં ખેંચી ચીરવો, આંતરડા બહાર ખેંચી કાઢી મારવો, હાથ પગને ઘોડા સાથે બાંધી તેને ઉલ્ટી દિશામાં ખેંચવા, ઘોડા સાથે બાંધી ઘોડો ઝડપથી દોડાવી અથડાવી ફટાવી મારવો, લોખંડી સ્ત્રીના પુતળાને ભેટવાની સજા પાડી તેના શરીરમાંથી નીકળતા ચીક્ષ્ણ સળિયાથી મારવો, કરવતથી કાપવો, સ્ત્રીઓના સ્તન ઉપર ભારે વજન લટકાવી તેમને મારવી, ગળું રુંધી મારવો, બંદૂકની ગોળીએ દેવો કે તોપના તાળવે બાંધી ફ્રૂરચા ઉડાવી દેવા (૧૯૫૭ ના બળવા વખતે મંગળ પાંડે) ભૂખો મારવો, ઝેર પીવડાવવું (સોક્રેટિસ), સર્પદશંશ દેવો, ઉંચાઇએથી ફેંકી ભૂખ્યા મગરોનો શિકાર બનાવવો (રોમનો), દિવાલ સાથે ખીલીથી જડવો, દિવાલમાં જીવતો ચણી લેવો (હીરો કડિયો, અનારકલિ), ભેંસના તાજા તામડામાં સીવી તેને તડકામાં સૂકવવાથી તે સંકોચાય અને તેના અસહ્ય દબાણથી મારવો,

જીવતો સળગાવવો (જોન ઓફ આર્ક. આ સજા મધ્યયુગમાં સ્ત્રીઓ અને ડાકણોને મારવામાં આવતી) એક મોટા, પૈડા સાથે બાંધી હાથીને ઉપરની દિશામાં પગને નીચેની દિશામાં ખેંચી સ્નાયુઓ તોડી મારવો, વગેરે.

ફ્રાંસમાં સૌ પ્રથમ એપ્રિલ ૨૫, ૧૭૭૨ ના રોજ ગિલોટિનની સ્થાપના કરીને પેટેલિયર નામના એક લૂંટારાને ફાંસી અપાઇ હતી. ત્યાર પછી તે બાવીસ વર્ષ સુધી, ફ્રેંચ ક્રાંતિના ગાળા દરમિયાન, વણથંભી કાર્ય કરતી રહી હતી ! તેની તીક્ષ્ણ ધાર નીચે હજારો નિર્દોષ વ્યક્તિઓ, આદર્શવાદીઓ, અને ઉમરાવો. એ એક પલંકવારમાં પોતાની ગરદન ગુમાવી હતી. તેના શોધક ડૉ. જોસફ ઈગ્નેસ ગિલોટિન (૧૭૩૮-૧૮૧૪) નો મૂળ ઉદ્દેશ તો સાદાઇ અને સરળતાથી મૃત્યુ નીપજાવવાનો હતો. 'મારા આ યંત્રથી તેમણે કહ્યું હતું. 'હું આંખના એક પલકારામાં જ અને કોઈ પણ જાતની વેદના સિવાય, તમારું માથું ધડથી અલગ તારવી લઈશ' અઢારમી સદીમાં સ્વીડનમાં બે નાસ્તિકોને 'આઈ હેવ જીસસ ઈન માય હાર્ટ' નામની ભજનની પંક્તિમાં જીસસના સ્થાને સેતાન બોલવા બદલ જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા ! જેમ્સ ક્રિસ્ટોફ્રન નોંધે છે કે, અઢારમી સદીના અંતમાં જે દિવસે લંડનમાં કોઈને ફાંસી આપવાની હોય તે દિવસે, ત્યાં અમુક કામદારો માટે જાહેર રજાનો દિવસ બની જતો ! જેમ લોકો કોઇ સંગીત ખંડ તરફ કે રમત જોવા ટોળા બંધ જાય તેમ, લોકો ટાયબર્ન ટ્રી નામના ફાંસી આપવાના સ્થળે એકઠા થતા. ૧૮૦૧ માં તેર વર્ષના છોકરાને ઘરમાં ઘૂસી જઈને એક ચમચાની ચોરી માટે જાહેરમાં ફાંસી દેવાઇ હતી. ૧૮૦૮ માં સાત વર્ષની છોકરીને, અને ૧૯૩૧ માં એક વર્ષના છોકરાને એક મકાનને આગ લગાવડવા માટે ફાંસી અપાઇ હતી.

## ૨.૭ ભારતમાં દેહાંતદંડની સજાનો અમલ કરવાની પદ્ધતિઓ

ભારતમાં મૃત્યુદંડનો અમલ થયો હોવાના કિસ્સા બહુ ઓછા બને છે. આખા વિશ્વમાં કેપિટલ પનિશમેન્ટ (દેહાંતદંડ)ના કેસ ઘટી ગયા છે. ભારતમાં

ફાંસી આપવાનો કેસ ઈ.સ.૧૯૮૯માં નોંધાયો હતો જ્યારે તિહાર જેલમાં ઈન્દિરા ગાંધીના હત્યારા સતવંતસિંહ અને કેહારસિંહને ફાંસી આપવામાં આવી હતી. છતાં અનેક દેશોમાં વર્ષોથી ચાલ્યો આવતો ફાંસીની સજા નાબુદી અંગેનો વિવાદ હજુ શમ્યો નથી. ભારતમાં પણ આ વિવાદે નવું સ્વરૂપ લીધું છે.

સુપ્રિમ કોર્ટે દેવેન્દ્ર પાલસિંહ ભુલ્લર નામના એક આતંકવાદીને ફાંસીની સજા કરી તેના સંદર્ભમાં વિવાદ ચગ્યો હતો. ભુલ્લરે ૧૯૯૩માં બોમ્બ વિસ્ફોટ કરીને નવ જાણને મોતને ઘાટ ઉતાર્યા હતા. આ ધડાકામાં યુવા કોંગ્રેસના નેતા એમ.એસ.બિટ્ટા ઘવાયા હતા. દેવેન્દ્ર ભુલ્લર પરના મુકદમા પછી સ્પેશ્યલ કોર્ટના બે ન્યાયધીશો માનનીય શ્રી બી.એન.અગ્રવાલ તથા માનનીય શ્રી અરીજીત પાસાયતે ભુલ્લરને ફાંસીની સજા આપી હતી.

જ્યારે પેનલના ત્રીજા ન્યાયધીશ માનનીયશ્રી એમ.બી.શાહે ભુલ્લરને છોડી મુકવાનો આદેશ આપ્યો હતો. એક જ કેસ અંગેના આવા વિરોધાભાસી ચુકાદાને લીધે અસંખ્ય રિવ્યુ પિટિશનો થઈ. એક દલીલ એવી હતી કે બેન્ચના તમામ ન્યાયધીશો એકમત હોય તો જ અપરાધીને ફાંસી અપાવી જોઈએ.

આ વિવાદ ચાલુ હતો એ જ દરમિયાનમાં કાયદા પંચે અપરાધીને દોરડાથી લટકાવીને ફાંસી આપવાની પ્રથાનો વિરોધ કર્યો. મિલિટરી કોર્ટ માર્શલ પદ્ધતિ હેઠળ અપરાધીને ફાયરીંગ સ્કવોડ સમક્ષ ઉભો રાખી ગોળીએ વીંધી નાખવાની પ્રથાનો પણ વિરોધ થયો હતો. કાયદા પંચે સરકારને એવી ભલામણ કરી છે કે દેહાંતદંડની સજાનો અમલ ઝડપી, પીડારહિત અને માણસાઈ ભરેલો હોવો જોઈએ. આ સંદર્ભમાં ઝેરી રસાયણનું ઈંજેકશન આપવાનો પર્યાય શ્રેષ્ઠ સાબિત થઈ શકે તેવું મંતવ્ય પણ લો કમિશને (કાયદાપંચે) આપ્યું છે.

મૃત્યુદંડની સજાનો અમલ કરવાનો હોય તેવા કેદીને એક ઉંચા માંચડા સાથે બાંધી છ ફૂટ નીચે ધકેલીને લટકાવવામાં આવે છે. મોઢા પર કાળું મહોરું પહેરાવામાં

આવે છે. કારણ કે ફાંસી આપ્યાપછી તેની જીભ અને ડોળા બહાર નીકળી આવે છે. અમુક કેસમાં કાન અને નાકમાંથી રક્ત વહેવા લાગે છે. ફાંસીનો અમલ કરતી વખતે કેદીના હાથ પાછળ બાંધેલા હોય છે. ગળે દોરડુ બાંધવામાં આવે છે. સજા આપતી વખતે ન્યાયધીશનો આદેશ મળતા જ જલ્લાદ એક લીવર ફેરવતા કેદીના પગ નીચેનું ટ્રેપ ડોર (પાટીયુ) ખસી જાય છે અને એક જટકા સાથે કેદી દોરડાની લંબાઈ હોય તે મુજબ નીચે ફંગોળાય છે અને પછી પોતાના જ વજનો ઝટકો અનુભવી દોરડે લટકે છે.

જેને કારણે પ્રારંભમાં કેદી ગુંગળામણ અનુભવે છે અને પછી બેહોશ થઈ જાય છે. કારણ કે દોરડાનો ઝટકો લાગતા અને ગરદન પરની ભીંસ વધી જતાં ડોકનું હાડકું ભાંગી જાય છે. ત્યારબાદ આશરે ચાર મીનીટ સુધી કેદી પુષ્કળ ગુંગળામણ અનુભવે છે. પછી બેભાન થાય છે અને છેવટે ધીમી ગતિએ મોત નીપજે છે.

જાહેરમાં ફાંસી આપવી કે કોરડા ફટકારવાની સજાને આપણે ક્રૂર કે ઘાતકી કહીને ભલે વખોડીએ પણ ભારતમાં છ-સાત દાયકા પૂર્વ ખુલ્લા મેદાનમાં ફાંસી આપવાની પ્રથા હતી. પેશ્વાઓના જમાનામાં નાસિકમાં  ગોદાવરી નદીના કાંઠે એક વડના ઝાડની ડાળીએ ગુનેગારને લટકાવીને મારી નાખવાનો રિવાજ હતો. ફાંસીની આ સજાનો અમલ પેશ્વા સરકાર વાડાના દીવાનખાનામાં બેઠાં બેઠાં નિહાળતા હતા. સંભાજીએ પોતાની માતાને ભીતમાં ચણાવીને મારી નાંખી હતી અને એ જ સંભાજીને ઔરંગઝેબે રિબાવી રિબાવીને મારી નાખ્યો હતો. બીજા બાજીરાવ પછી વિઠોજી હોળકરને શનિવારે વાડાની સામે હાથીનાપગ નીચે કચડી નાંખીને મારી નંખાયો હતો.

પુરાણોમાં જણાઈ આવે છે કે મૃત્યુદંડનો અમલ ભારતમાં સદીઓથી થાય છે. જ્યારથી માનવી, સમાજ અને શાસન સંસ્થા અસ્તિત્વમાં આવ્યા ત્યારથી

ગુનેગારોને અને રાજકીય વિરોધીઓને મૃત્યુદંડ દેવાની શિક્ષા અમલમાં આવી છે.

ઋગ્વેદમાં પુરુષસુક્તમાં પુરૂષમેધનું તત્વજ્ઞાન સમજાવવામાં આવ્યું છે. પકડવામાં આવેલા શત્રુને ધાર્મિક વિધિ કર્યા બાદ તેનો શિરચ્છેદ કરવો કે શૂળીએ ચડાવવો એટલે પુરૂષમેધ. તત્કાલીન પશ્ચિમના સમાજમાં શત્રુને અથવા ગુનેગારને વધસ્તંભ (ક્રોસ) ઉપર ચડાવવામાં આવતો હતો. જ્યારે સ્ત્રીને પથ્થરો મારીને અથવા ઝેર પીવડાવીને દેહાંતદંડની સજાનો અમલ થતો.

અર્વાચીન ભારતમાં ફાંસીની સજાનો કાયદેસરનો જન્મ બ્રિટિશ શાસકોએ ઈ.સ.૧૮૬૦માં ઘડી કાઢેલા ઈન્ડીયન પીનલ કોડ દ્વારા થયો. એ પૂર્વે અંગ્રેજોએ ઈ.સ.૧૮૫૭ના બળવા માટે જવાબદાર ઠેરવી સ્વાતંત્ર્ય સેનાની તાત્યા ટોપેને જાહેરમાં ફાંસી આપી હતી.

ઈ.સ.૧૮૩૧માં બ્રિટનના કેટલાંક ન્યાયપંચોએ હાઉસ ઓફ લોર્ડસને એક અરજી કરી ફાંસીની  સજા નાબૂદ કરવાની ભલામણ કરી હતી. આ અરજીના પરિણામે ઈ.સ.૧૮૩૩માં રોયલ કમિશનની સ્થાપના થઈ. ફાંસીના પરિણામો, અપરાધીના માનસ પર થતી અસર તથાં ગુનાઓનું વર્ગીકરણ કરીને ઈ.સ.૧૮૬૧ સુધી ૨૩૦ ગુનાઓ માટે ફાંસી અપાતી હતી. તેના બદલે ફકત ચાર પ્રકારના ગુના માટે દેહાંતદંડની સજા મર્યાદીત રાખી. આ ચાર અપરાધ એટલે રાજદ્રોહ, ખૂન, દરિયાઈ ચાંચિયાગીરી તેમજ બંદર ગોદીને આગ ચાંપવી.

ઓગણીસમી સદીના અંત ભાગમાં ફાંસીની સજા માત્ર ખૂનીને જ થતી હોવા છતાં દેહાંતદંડના કિસ્સા ઘટ્યા નહોતા. કારણ કે હત્યાની પરંપરા પહેલા કરતા પણ વધી હતી. એટલું જ નહી જે હેતુસર જાહેરમાં આવી ઘાતકી સજા કરવામાં આવતી તેની લેશમાત્ર અસર લોકો પર પડી નહોતી. આવી ક્રુર સજાના અમલ વખતે પણ ઘણા લોકો ગુના આચરતા હતા. આ રીતે એક ખિસ્સાકાતરૂને જાહેરમાં ફાંસી અપાતી હતી ત્યારે આ પોકેટમારના બીજા સાગરિતોએ દર્શકોની

એકઠી થયેલી ભીડમાં ખિસ્સા 'હળવા' કર્યા હતા !

ખરી વાત એ છે કે ફાંસીની સજા પર પ્રતિબંધ મૂકાય કે ન મૂકાય, સજાનો અમલ થતો હોય ત્યારે તેની જાહેરાત થાય કે ન થાય આ માટેના કારણે ગુના ઘટ્યા નથી. જે દેશમાં મૃત્યુદંડની સજા થાય છે એ દેશમાં ય ગુનાખોરીનું પ્રમાણ જરાય ઓછું થયું નથી. ભયવિહિન માનવી ગુનાવૃતિ તરફ વળે છે કે વિકસતી ગુનાખોરીનું એકમાત્ર કારણ નથી. સમાજની અસમાન અર્થવ્યવસ્થા, વગદાર લોકો દ્વારા ગરીબ, દલિતોનું કરાતું શોષણ, અબળા સ્ત્રીઓ પરના અત્યાચાર વગેરે કારણસર અપરાધવૃતિ વધી છે. આથી કેટલાક માનવતાવાદીઓના મતે કોઈપણ ગુનાસર દેહાંતદંડની સજા કરવી એ માત્ર ન્યાયના ઓઠા હેઠળ કરવામાં આવતી માનવ હત્યા જ છે. ગુસ્સાના આવેશમાં આવી જઈને એક વ્યક્તિ બીજી વ્યક્તિની હત્યા કરે એ અલગ વાત છે અને આવો ગુનો બન્યાના ઘણાં સમય પછી (વર્ષો પછી) એ અપરાધની યાદ તાજી કરીને ખૂબજ ચર્ચા વિચારણાને અંતે કોઈ વ્યક્તિની હત્યા કરે તો તે અલગ વાત છે. આરોપીને દેહાંતદંડની સજા કરવી એ રાજ્ય દ્વારા યોજના બદ્ધ રીતે ઠંડા કલેજે કરેલી માનવહત્યા સમાન છે.

દેહાંતદંડની જોગવાઈ રદ કરવાની માંગણી કરતા માનવતાવાદીઓએ એવી પણ દલીલ કરી છે કે ખામીભરી ન્યાયપદ્ધતિને કારણે ખૂનનો કોઈપણ ગુનેગાર સારો વકીલ રોકીને નિર્દોષ છુટી જઈ શકે છે. આનો અર્થ એટલો જ થાય કે ગમે તેવા ગુનો આચરી ધનના ઢગલા ખડકી શકનાર શ્રીમંત, વગદાર માણસ ગમે તેવા ધૃણાસ્પદ ગુના માટે થયેલી દેહાંતદંડની સજામાંથી છટકી જઈ શકે છે. એક જાણીતા ગુનાશાસ્ત્રીએ જણાવ્યું હતું કે દેહાંતદંડ આપણા દેશમાં માત્ર ગરીબો માટે જ છે, જેઓ સારા ધારાશાસ્ત્રીઓને રોકી શકવા સમર્થ હોતા નથી.

મૃત્યુદંડની સજા વિશે વિવાદ ખડો કરનારામાં એક વર્ગ એવો પણ છે જે માને છે કે ફાંસીની સજા (ગળે દોરડું ભેરવી અપરાધીનો પ્રાણ નીકળી જાય ત્યાં

સુધી લટકાવી રાખવાની પ્રથા) પાશવી છે માટે મૃત્યુદંડની કોઈ ઓછી પીડાકારક પદ્ધતિથી આ સજાનો અમલ થવો જોઈએ. તેની તરફેણ અને વિરુદ્ધમાં ઘણી બૂમાબૂમ થયા પછી સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે ફાંસીની સજા જ સૌથી ઓછી તકલીફ દે છે.

ભારતમાં પણ ઝેરી સોય ઘોંચીને મોતની સજા ફરમાવવાની પ્રથા શરૂ કરવા છેલ્લાં કેટલાક સમયથી સરકાર પર દબાણ થઈ રહ્યું છે. ઝેરી ઈંજેકશન આપવાની પ્રથામાં સૌપ્રથમ કેદીને સીડીયમ થિપોપેન્ટલ ઈંજેકશન મારીને ઘેરી નીંદરમાં ધકેલી દેવાય છે. બીજા તબક્કામાં પેનકયુરોનિયમ બ્રોમાઈડનું ઈંજેકશન મારી તેના ફેફસાને નિષ્ક્રીય બનાવી દેવાય છે. છેવટે પોટેશિયમ કલોરાઈડનું ઈંજેકશન મારી તેની હૃદયની ધડકન અટકાવી દેવાય છે. ત્રણ તબક્કાની આ પદ્ધતિ ચાર મીનીટમાં પુરી થાય છે. જેમાં કેદીને ક્યાંય, જરા સરખી પીડા થતી નથી. ઝેરી ઈંજેકશનથી દેહાંતદંડનો અમલ કરવાની રીત થોડાં વર્ષોથી વિકસી છે. તેનો પહેલો પ્રયોગ અમેરિકામાં ઓખલા હોમામાં ૧૯૭  માં કરવામાં આવ્યો. નાજુક રીતે કુશળતાથી પ્રક્રિયા કરી ગુનેગારનાં શરીરની નસમાં ઈન્જેકશન આપવાની પ્રક્રિયા વધુ પસંદ કરવામાં આવે છે. કારણ કે, તેનાથી ત્વરિત પીડાહીન મૃત્યુ થાય છે. દેહાંતદંડની અમલવારી આ રીતે અમેરીકા, ઈંગ્લેન્ડ, કેનેડા અને અન્ય વિકસીત દેશોમાં પ્રચલીત છે.

ભારતમાં પણ લો કમિશન ઓફ ઈન્ડીયા એ તેમનાં ૪૫માં અહેવાલમાં ભલામણ કરેલી છે કે, દેહાંતદંડની અમલવારી માટે ઝેરી ઈન્જેકશન એ સૌથી વધુ, સરળ, નાજુક અને ત્વરિત પીડાહીન મૃત્યુ નિપજાવનાર છે. તેથી તે પદ્ધતિથી સજાની અમલવારી કરવા ભલામણ કરેલ છે.

## ૦ ખૂન માટે :

વ મા કા-ન લિ મુઅ-મિનિન અંય્યકતુ-લ મુઅ-મિનન ઈલ્લા ખ-ત-આ

વમન ક-ત-લ મુઅ-મિનન ખ-ત-અન ફ તહ-રીરુ ર-ક-બતિમ મુઅ-મિનતિંવ-વ દિયતુમ-મુસલ્લમતુન ઈલા અહ-લિહી ઈલ્લા અંય્યસ્સદ-દકૂ* (*પારા નં. ૫, રૂકુઅ નં. ૯)

ઔર જો કિસી મુસલમાનકો ના દાનિસ્તા કત્લ કરે તો ઉસ પર એક મમ્લુક મુસલમાનકા આઝાદ કરના હૈ ઔર ખૂં-બહા કે મકતૂલકે લોગોંકો સિપુર્દ કી જાએ (૨૫૦) મગર યે કે વોહ મુઆફ કર દે

(૨૫૭) મુસલમાન કો અમદન કત્લ કરના સખ્ત ગુનાહ ઔર અશદ કબીરા હૈ. હદીસ શરીફ મૈં હૈ કી દુનિયા કા હલાક હોના અલ્લાહ કે નઝદીક એક મુસલમાન કે કત્લ હોનેસે હલ્કા હૈ ફિર યે કત્લ અગર ઈમાન કી અવાદતસે હો યા કાતિલ ઈસ કત્લ કો હલાલ જાનતા હો તો કુફ્ર ભી હૈ  ફાયદા : ખુલૂદ મુદદતે દરાઝ કે મા'નીમેં ભીમુસ્તા'મિલા હૈ ઔર કાતિલ અગર સિર્ફ દુન્યવી અદાવતસે મુસલમાનકો કત્લ કરે ઔર ઉસકે કત્લકો મુબાહ ન જાને જબ ભી ઉસકી જઝા મુદ્દતે દરાઝકે લિયે જહન્નમ હૈ.

## ૦ વ્યભિચાર માટે :

હઝરત ઈબ્ને મસ્ઊદ રદિયલ્લાહુ તઆલા અન્હૂને ફરમાયા, જબ કિસી બસ્તી મેં ઝિના ઔર સૂદકી કસરત હોતી હૈ તો અલ્લાહ તઆલા ઉસકે હલાકકા હુકમ દૈતા હૈ.* (*પારા નં. ૧૫)

# પ્રકરણ-૩
# દેહાંતદંડ-કાયદા અને બંધારણનાં પરિપ્રેક્ષ્યમાં

સજાનાં પ્રકાર તથા સજાની માત્રા અંગે ભિન્ન ભિન્ન વિચારસરણીઓ અલગ અલગ સમયે, વિવિધ સમાજોમાં પ્રવર્તતી રહી છે. આંખ માટે આંખ, હાથ માટે હાથ, જિંદગી સામે જિંદગી એવો સજાનો પ્રકાર તથા સજા માટેનો એવો અભિગમ દમનકારી પૂરવાર થાય છે. આ પ્રકારની સજાનાં કારણે ભોગ બનનાર, ગુનેગાર, સમાજ કે રાજ્યસત્તાને કોઈ લાભ થયાં નથી. આવા સિદ્ધાંત ન્યાયિક રીતે પણ ઉચિત ગણાય નહીં, કારણ કે બે ખોટી બાબતનાં કારણે એક બાબત સાચી નથી બની જતી. જાહેરમાં ચાબખાં મારવા કે માચડો બનાવીને જાહેરમાં ફાંસી આપી સજાનો અમલ કરવો તથા તેમ કરીને એક ધાક બેસાડવી એવી પ્રથા તથા વિચારસરણી પણ અનુભવ બાદ બિનઉપયોગી માલુમ પડી છે. ભોગ બનનાર વ્યક્તિનું જે સ્થળે ખૂન થયું હોય તે જ સ્થળે ગુહો કરનાર વ્યક્તિને ફાંસી આપવી તેવી પદ્ધતિ પણ આ સદીની શરૂઆતમાં ભારતમાં હતી. પરંતુ તેથી ધાર્યા ફળ સમાજને મળ્યાં નથી. સજાની ઘાતકી પદ્ધતિનાં કારણે સમાજમાં વિદ્રોહની લાગણી ફેલાય છે. લાંબા સંઘર્ષ તથા દીર્ઘકાલીન અનુભવ બાદ ગુહાખોરી નિવારવી તથા ગુનેગારને સુધારવાની વિચારસરણી સુસંસ્કૃત રાષ્ટ્રો એ અપનાવી છે.

સજાની વધારે પડતી માત્રા તથા ઘાતકી અમલીકરણ ગુન્હાખોરી નિવારણમાં બિનઉપયોગી પૂરવાર થઈ ચૂક્યા છે અને તે કારણે નિવારક તથા સુધારાત્મક વિચાસરણી વધારે દઢ બનતી જાય છે. તંદુરસ્ત માનસિક સ્થિતિનો અભાવ, વધારે પડતી ક્રોધની લાગણી, અતિશય પોષાયેલી વૈરભાવના, નાના મોટાં અન્યાયનાં કારણે સમાજ પ્રત્યે તિરસ્કાર વિગેરે તથા પ્રત્યેક વ્યક્તિ, વ્યક્તિનો ઉછેર, તેનાં સંજોગો વ્યક્તિને ગુનાખોરી તરફ દોરી જાય છે. કોઈ પણ વ્યક્તિ ગુનેગાર જન્મતી નથી અને તે કારણે જ કોઈ વ્યક્તિ ગુનાખોરી તરફ દોરાય તેમાં બહુજનસમાજની

પણ કેટલીક જવાબદારી છે. ભૂખથી પીડાતી એક વ્યક્તિ કરતાં સફેર દ્વારા આચરાતા ગુન્હાની ગંભીરતા વધારે ગણાય. કાનૂનવિદોનું લક્ષ હવે ગુન્હાખોરી ડામવા તરફ વધારે કેન્દ્રીત થયું છે.[૧] એક ધનિષ્ટ તાલીમ પામીને સજા ભોગવ્યા બાદ બહાર નીકળતી વ્યક્તિને સમાજ અપનાવે તે માટે એક માનસિક તૈયારીની પણ આવશ્યકતા છે.

## ૩.૧ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦

ભારતીય દંડસંહિતાનાં પ્રબંધોમાં ભારતના અન્ય કાનૂની પ્રબંધો હેઠળ તથા માનવસમાજમાં પણ દેહાંતદંડની સજા કઠોરતમ સજા ગણાય તે સ્વાભાવિક છે. એક રાજ્યને, ન્યાયતંત્રને કે કોઇ વહીવટીતંત્રને કોઇ પણ વ્યક્તિનું જીવન લઇ લેવાનો અધિકાર હોઇ શકે નહીં. વીસમી સદીનાં ઉત્તરાર્ધમાં અને એકવીસમી સદીની શરુઆતમાં આ વિવાદ ન્યાયવિદો તથા માનવહક્ક માટે અભિયાન ચલાવનારાઓ વચ્ચે સતત ચાલતો રહ્યો છે. આ વિવાદમાં કોઈપણ પ્રકારે સર્વસંમતિ સાધી શકાય તેવી આશા નથી. જીવનની સામે જીવન લેવું તે મધ્યયુગીન તથા જંગાલિયતભરી સજાની પદ્ધતિ તથા પ્રકાર છે. તેવું એક પક્ષ દૃઢપણે માને છે. જ્યારે આ માન્યતાની સામે એક એવી દલીલ કરવામાં આવે છે કે કાનૂની પ્રબંધોમાં દેહાંતદંડની સજા રીઢા ગુન્હેગારો માટે ભય ઉભો કરે છે, જે કારણે કોઇ વ્યક્તિ બીજી વ્યક્તિનું જીવન લેતાં ખચકાટ અનુભવે છે અને તેથી દેહાંતદંડની સજાનું અસ્તિત્વ કાનૂની પ્રબંધોમાં આવશ્યક છે.[૨] ભારતની સર્વોચ્ચ અદાલતે આ બાબતમાં એવું ઠરાવેલ છે કે દેહાંતદંડની સજા જાહેરહિતમાં આવશ્યક નથી તથા એક સજા તરીકે ગેરવ્યાજબી છે તેવું તારણ આપવું મુશ્કેલ છે. આ બાબતમાં

---

૧. વેદરાજ વિરુદ્ધ ઉત્તરપ્રદેશ (એ.આઇ.આર. ૧૯૫૫ (સુ.કો.) ૭૭૮)

૨. નાયબસિંઘ વિરુદ્ધ પંજાબ રાજ્ય (એ. આઈ. આર. - ૧૯૮૩ - સુકો - ૮૫૫)

વિવિધ ઉચ્ચ અદાલતો તથા સર્વોચ્ચ અદાલતમાં કાનૂની યુધ્ધ લડાયાં છે. પરંતુ સર્વોચ્ચ અદાલતે દેહાંતદંડની સજા નાબૂદ કરવી યોગ્ય માનેલ નથી તથા ભારતના કાનૂની પ્રબંધોમાં આ સંહિતામાં - દેહાંતદંડની સજા એક સજા તરીકે આજે પણ અસ્તિત્વ ધરાવે છે.

છેલ્લા બે દાયકા દરમયાન દેહાંતદંડની સજા, તેનો અમલ, કરવાની પધ્ધતિ, તેમાં થતો વિલંબ વિગરે પ્રશ્નો એક યા બીજા સ્વરૂપમાં સર્વોચ્ચ અદાલત સમક્ષ આવ્યા છે. ૧૯૮૦ નાં દસકામાં સર્વોચ્ચ અદાલતે એક કરતાં વધારે વખત પ્રતિપાદન કરેલ છે કે આ એક સજા તરીકે દેહાંતેદંડની સજા ગેરવ્યાજબી, ગેરકાનુની અથવા ગેરબંધારણીય નથી. દેહાંતદંડની સજાનાં કારણે ભારતીય સંવિધાનના અનુચ્છેદ-૧૪, ૧૯(૧) કે ૨૧ નો ભંગ, ધ્વંશ કે ઉલ્લંઘન થતું નથી. સર્વોચ્ચ અદાલતે એવું પણ પ્રસ્થાપિત કરેલ છે કે ગળામાં રસ્સાનો ભરડો આપીને આપવામાં આવતી ફાંસી, દેહાંતદંડની સજાનાં અમલ માટેની એક પધ્ધતિ તરીકે ભારતીય સંવિધાનના અનુચ્છેદ-૨૧ નો ભંગ કરનારી નથી. ભારતની સર્વોચ્ચ અદાલતે એક સજા તરીકે દેહાંતદંડની સજાને એક નિશ્ચિત કાનૂની સ્વીકૃતિ બક્ષી છે.[૩] ભારતીય સવિધાનનાં ઘડવૈયાઓ દેહાંતદંડની સજા વિષે સંપૂર્ણ જાગૃત તથા સભાન હતા, કારણ કે આ સજાનો ઉલ્લેખ ભારતીય સંવિધાનનાં અનુચ્છેદ-૭૨ (૧)(ગ), ૧૩૪, ૧૬૧ માં પણ કરવામાં આવ્યો છે. લગભગ એકસો વર્ષ જૂનાં ફોજદારી કાર્યરીતિ સંહિતામાં ગળામાં ફાંસો નાંખીને દેહાંતદંડની સજાનો અમલ કરવાની પધ્ધતિ આજે પણ યથાવત રાખવામાં આવી છે, કારણ કે સને ૧૯૭૩ માં કરવામાં આવેલા સુધારા તથા ફેરફારમાં પણ આ પધ્ધતિ યથાવત રાખવામાં આવી છે. આ પધ્ધતિ માનવીનો માનવી તરીકેનો દરજ્જો કે માનવજીવનનું મૂલ્ય ઘટાડનારી નથી.

---

૩. શિવનારાયણ વિરુધ્ધ મહારાષ્ટ રાજ્ય (એ. આઇ. આર. - ૧૯૮૦ - સુકો - ૪૩૯)

નાગરીક તથા રાજકીય હક્કો માટેની પરિષદો તથા સંમેલનમાં એક સભ્ય તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત પણ ભાગ લઈ ચૂક્યું છે. પ્રત્યેક માનવીનો જીવન જીવવાનો અધિકાર માન્ય ગણાયો છે.[૪] માનવીના જીવન જીવવાના હક્કને તમામ પ્રકારનું કાનૂની રક્ષણ મળવું જોઈએ તેવાં ઠરાવો પરિષદોમાં થયાં છે. જેમાં ભારતે પણ સૂર પૂરાવ્યો છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે થયેલાં સંમેલનોમાં દેહાંતદંડની સજા નાબૂદ કરવી જોઈએ તેવા ઠરાવો થયા નથી. પરંતુ તેના પર નિયંત્રણો આવશ્યક મનાયાં છે. ભારતીય દંડ સંહિતા, ફોજદારી કાર્યરીતિ સંહિતા તથા ભારતીય સંવિધાનના પ્રબંધો, જે આંતરરાષ્ટ્રીય ઠરાવો થયા છે તેની સાથે સુસંગત છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ જે ઠરાવો આ સંબંધમાં થયા છે તથા માનવહક્ક માટે જે નિર્ણયો લેવાયા છે તેને મૂર્ત સ્વરૂપ આપવા માટે ભારત કટિબદ્ધ છે તથા તેના ઠરાવ તથા નિર્ણયોની વિરુદ્ધ દેહાંતદંડની સજા થતી નથી, કારણ કે યોગ્ય કાનૂની પ્રક્રિયા દ્વારા તેનો અમલ થાય છે.

સને ૧૯૫૫ બાદ કાનૂની પ્રબંધમાં ફેરફાર થયાં છે. તથા ફોજદારી કાર્યરીતિ સંહિતાની પ્રસ્તુત  જોગવાઈઓમાં સુધારા કરવામાં આવ્યા છે. તથા સર્વોચ્ચ અદાલતનો કાનૂની અભિગમ તે તમામ પ્રબંધોને મૂર્ત સ્વરૂપ આપવાનો રહ્યો છે. દેહાંતદંડની સજા માટેનાં કાનૂની પ્રબંધોને યોગ્ય અર્થમાં સમજવા માટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૫૪(૫), ૩૬૩(૪), ૩૬૬, ૩૬૮, ૪૧૬ વિગેરે સાથે વાંચવી આવશ્યક તથા હિતાવહ છે. સને ૧૯૫૫ નાં સુધારા પહેલાં દેહાંતદંડની સજા કરવી તે નિયમ હતો તથા દેશનિકાલ કે આજીવન કેદની સજાએ અપવાદ હતો. ફોજદારી કાર્યરીતિ સંહિતા-૧૮૯૮ ની કલમ ૩૬૭ (૫) હેઠળ તે સમયે દહાંત દંડથી હળવી સજા કરવા માટે કારણો આપવાનાં હતાં. સને ૧૯૫૫ નાં સુધારા સમયે વિધાનમંડળે સજા માટેનાં આધુનિક અભિગમની નોંધ લીધી છે. તથા

---

૪.	આંતરરાષ્ટ્રીય પરિષદ (૧૯૮૪) જીનીવા

દેહાંતદંડ કરતાં હળવી સજા કરવા માટેનાં કારણો આપવા તે આવશ્યક ગણાયું નથી. દેહાંતદંડની સજા કરવી કે તેથી હળવી સજા કરવી તે કાનૂની કાર્યવાહી ચલાવનાર અદાલતની વિવેકબુદ્ધિ પર છોડવામાં આવેલ છે.[૫]

ફોજદારી કાર્યરીતિ સંહિતા-૧૯૭૩ ની કલમ ૩૫૮ (૩) નાં સમાવેશથી પરિસ્થિતિ તદ્દન પલટાઇ ગઈ છે. આ પ્રબંધ પ્રમાણે સજા કરતી અદાલતે ગુન્હો સાબિત થતાં આજીવન કેદની સજા કરવાની રહે છે તથા દેહાંતદંડની સજા કરવી હોય તો તેને યથોચિત ઠરાવતાં વિશિષ્ટ કારણો આપવાના રહે છે. વિશિષ્ટ કારણો ત્યારે જ ઉપલબ્ધ બને જયારે વિશિષ્ટ સંજોગો હોય અથવા વિશિષ્ટ હકીકત હોય. હવે આજીવન કેદ એક નિયમ તથા દેહાંતદંડની સજા એક અપવાદ છે. સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલ છે કે જયાં ખૂન જેવો કિસ્સો પૂર્વ આયોજિત તૈયારી સાથે તથા નોંધનીય નિર્દયતાપૂર્વક આચરાયો હોય ત્યારે જ દેહાતદંડની સજા કરવી જોઈએ.[૬] દેહાંતદંડની સજા માત્ર અપવાદરૂપ કિસ્સામાં નહીં, પરંતુ અપવાદમાં પણ અપવાદરૂપ કિસ્સામાં કરવી જોઈએ. આમ, કાનુની પ્રબંધોનો ઝોક તથા સર્વોચ્ચ અદાલતનાં ચુકાદાઓથી દેહાંતદંડની સજા કાનુની પ્રબંધોમાં છે, પરંતુ તેને નિયંત્રિત કરવામાં આવેલ છે. મહારાષ્ટ્ર, બંગાળ, તામિલનાડુ, મધ્યપ્રદેશ જેવા રાજ્યમાં સોળ વર્ષથી નીચેની વયના તરુણ ગુન્હેગારોને દેહાંતદંડની સજા કરવા સામે નિષેધ ફરમાવ્યો છે તથા અન્ય રાજ્યોમાં પણ તરૂણ ગુનેગારોને દેહાંતદંડની સજા કરવામાં આવતી નથી.

આ સંહિતાના પ્રબંધો હેઠળ નીચેના ગુન્હા માટે દેહાંતદંડની સજાની જોગવાઈ કરવામાં આવી છે.

---

૫. ભારતીય દંડસંહિતા ભુપેન્દ્ર જાની મિશ્રા બુક કંપની.
ઈન્ડિયન પીનલ કોડ - રતનલાલ એન્ડ ધીરજલાલ, વાધવા એન્ડ કં.

૬. ઉત્તર પ્રદેશ વિરુદ્ધ એ. કે. એન્થની ((૧૯૮૫) સુ.કો. (ક્રિ.) ૧૦૫)

## (અ) કલમ-૧૨૧ : ભારત સરકાર સામે યુદ્ધે ચડવું વગેરે

કોઈપણ વ્યક્તિ, ભારત સરકાર સામે યુદ્ધે ચડે અથવા એવા યુદ્ધે ચડવાની કોશિશ કરે અથવા એવાં યુદ્ધે ચડવામાં મદદગારી કરે તેને દેહાંતદંડ અથવા આજીવન કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર થશે.[૭]

## (બ) કલમ-૧૩૨ : બળવામાં મદદગારી, જો તેના અનુસંધાને બળવો થાય

કોઈપણ વ્યક્તિ, ભારત સરકારની ભૂમિસેના, નૌકાસેના કે હવાઈસેનાનાં કોઈ અધિકારી, સૈનિક કે હવાઈ સૈનિકને બળવો કરવામાં મદદગારી કરી અને તે મદદગારીના પરિણામે બળવો થાય તો તેને દેહાંતદંડ અથવા આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની બે માંથી કોઈ પણ પ્રકારની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.[૮]

## (ક) કલમ-૧૯૪ : દેહાંતદંડની સજાને પાત્ર ગુનામાં સજા પ્રાપ્ત કરવાના ઈરાદાથી ખોટો પૂરવો આપવો કે ઉભો કરવો જો તેમ કરવાથી નિર્દોષ વ્યક્તિને સજા થાય તથા તેનો અમલ થાય તો.

કોઈપણ વ્યક્તિ, ભારતમાં તે સમયે અમલમાં હોય તે કાનૂન મુજબ દેહાંતદંડની સજાને પાત્ર ગુન્હા માટે ખોટો પુરાવો આપીને અથવા ઉભો કરીને કોઈ વ્યક્તિને દોષિત ઠરાવવાનાં ઈરાદાથી અથવા તેમ કરવાથી તે દોષિત ઠરશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં ખોટો પૂરાવો આપે અથવા ઉભો કરે તેને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની સખ્ત કેદની સજા કરવામાં આવશે. તથા તે દંડને પાત્ર પણ થશે. જો તેમ કરવાથી નિર્દોષ વ્યક્તિને દોષિત ઠરાવી તેને થયેલી દેહાંતદંડની

---

૭. ભારતીય દંડસંહિતા ભુપેન્દ્ર જાની મિશ્રા બુક કંપની.
ઈન્ડિયન પીનલ કોડ - રતનલાલ એન્ડ ધીરજલાલ, વાધવા એન્ડ કં.

૮. એજન.

સજાનો અમલ કરવામાં આવે તો એવો ખોટો પુરાવો આપનાર વ્યક્તિને દેહાંતદંડ અથવા આમાં અગાઉ વર્ણવેલી સજા કરવામાં આવશે.[૯]

## (૩) કલમ-૩૦૨ : ખૂન

આ કલમ ખૂન માટેની સજા નિર્દિષ્ટ કરે છે. અપરાધ મનુષ્યવધ જ્યારે ખૂન હોય ત્યારે કલમ હેઠળ સજા કરવામાં આવશે. કોઈપણ ગુના માટે શું સજા કરવી તે ઈન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતની મુનસફીનો વિષય ગણવામાં આવે છે. પ્રત્યેક કિસ્સામાં વિવિધ કારણોસર ગુન્હો બનતો હોય છે. પ્રત્યેક કિસ્સામાં ભિન્ન ભિન્ન સંજોગો હોય છે અને તેથી સજા માટે ચોક્કસ મુદ્દો નક્કી કરી શકાય નહીં.[૧૦] ગુનાની ગંભીરતા મુજબ મોટાભાગના ગુનામાં મહત્તમ સજા નિર્દિષ્ટ કરવામાં આવી છે, છતાં કેટલાંક પ્રબંધોમાં ન્યુનતમ સજા પણ દર્શાવવામાં આવી છે. આ કલમથી નિયત કરવામાં આવેલ સજા માત્ર બે જ વિકલ્પ આપે છે. ખૂનનો ગુનો પુરવાર થતાં મહત્તમ સજા દેહાંતદંડ તથા ન્યુનત્તમ સજા આજીવન કેદ નિયત કરવામાં આવી છે. અલબત્ત, દંડની સજાનો નિર્દેશ પણ કરવામાં આવ્યો છે. આ કલમમાં કોઈ મહત્વનાં ફેરફાર થયાં નથી, પરંતુ ફોજદારી કાર્યરીતિ સંહિતામાં ફેરફાર થવાનાં કારણે સજાનો અભિગમ બદલાયો છે. દેહાંતદંડની સજા આજે પણ ભારતના કાનૂની પુસ્તકો પર છે, પરંતુ દેહાંતદંડની સજા અપવાદમાં અપવાદ કિસ્સામાં કરી શકાય. ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૮૯૮ (સને ૧૮૯૮ નો અધિનિયમ-૫) ની કલમ-૩૭૬ (૫) માં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે દેહાંતદંડની સજાને પાત્ર ગુન્હામાં દેહાંતદંડ કરતાં ઓછી સજા જો કરવામાં આવે

---

૯. ભારતીય દંડસંહિતા ભુપેન્દ્ર જાની મિશ્રા બુક કંપની. પૃ. ૪૫૭
ઈન્ડિયન પીનલ કોડ - રતનલાલ એન્ડ ધીરજલાલ, વાધવા એન્ડ કું.

૧૦. શિવાજી સાહેબરાવ વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય (એ.આઈ.આર. ૧૯૭૩ (સુ.કો.) ૨૬૨૨)

તો તે માટે એટલે કે તેથી ઓછી સજા કરવા માટે અદાલતે ચુકાદામાં કારણો આપવા જોઈએ.

સને ૧૯૯૫ માં અધિનિયમ-૨૬ થી આ જોગવાઈ રદ કરવામાં આવી છે તથા ફોજદારી કાર્યરીતિ સંહિતા-૧૯૭૩ થી આજીવન કેદ અથવા કેટલાંક વર્ષની કેદની સજાને પાત્ર હોય ત્યારે જે સજા કરવામાં આવે ત્યારે તે સજા કરવા માટેના કારણો ચુકાદામાં દર્શાવવા જોઈએ તથા જો દેહાંતદંડની સજા કરવામાં આવે તો તેવી સજા કરવા માટેનાં વિશિષ્ટ કારણો આપવા આવશ્યક છે. આ સુધારાના કારણે આ કલમમાં મહત્ત્વનો ફેરફારો થયો નથી, છતાં પણ સજા અંગેનો અભિગમ બદલાયો છે. પહેલાં દેહાંતદંડની સજા કરવાની તે નિયમ હતો તથા અપવાદરૂપ કિસ્સામાં જ આજીવન કેદની સજા કરવામાં આવતી હતી, જયારે હવે આજીવન કેદ તે નિયમ છે તથા અપવાદરૂપ કિસ્સામાં જ દેહાંતદંડની સજા કરવામાં આવે છે. એટલું જ નહીં, પરંતુ ચુકાદાઓનાં કારણો ‘અપવાદમાં પણ અપવાદરૂપ’ કિસ્સામાં દેહાંતદંડની સજા કરી શકાય.[૧૧]

કોર્ટો ક્યા પ્રકારનાં કેસોમાં દેહાંતદંડની સજા ફરમાવી શકે તે વિશેની માર્ગદર્શક સુચનાઓ સુપ્રિમ કોર્ટે ઘણા કેસોમાં આપી છે. તેમાં **રાજેન્દ્રપ્રસાદ વિ. સ્ટેટ ઓફ યુ.પી.નો** કેસ ખાસ નોંધપાત્ર છે. આ કેસમાં ત્રણ જુદા જુદા અરજદારોને નીચેની કોર્ટોએ દેહાંતદંડની સજા કરી હતી ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચમાં ન્યા. કૃષ્ણઐયર અને ન્યા. દેસાઈના બહુમતી ચુકાદામાં અને ન્યા. સેનના લઘુમતી ચુકાદાઓમાં, આ પ્રશ્નનાં વિવિધ પાસાની વિસ્તૃત છણાવટ જોવા મળે છે. આ કેસમાં આ સજાની બંધારણીયતા સામે પડકાર ન હતો, કોર્ટે આ કેસમાં ન્યાયધીશોની સજા કરવાની મુનસફી યુક્ત સત્તાના વપરાશ માટે માર્ગદર્શન આપ્યું છે. આ કેસમાં

---

૧૧. ભારતીય દંડસંહિતા ભુપેન્દ્ર જાની મિશ્રા બુક કંપની. પૃ. ૭૨૮
ઈન્ડિયન પીનલ કોડ - રતનલાલ એન્ડ ધીરજલાલ, વાધવા એન્ડ કાં.

સુપ્રિમ કોર્ટે ઇ.પી.કો. ની મર્યાદામાં રહીને જ કયારે અને શા માટે અમુક ખુનીને આ સજા કરવી અને કયારે તે ન કરવી તે પ્રશ્ન ઉંડાણથી સમીક્ષા કરી છે. જો કે તે અગાઉ પણ સુપ્રિમ કોર્ટે **એડિયા અન્મ્મા૨**માં દેહાંતદંડની અને આજીવન કેદની સજાની પસંદગી કરવા માટે માર્ગદર્શન આપવાનો પ્રયાસ કર્યો હતો. આવા કેસોમાં સુપ્રિમ કોર્ટે દેહાંતદંડ અગર આજીવન કેદ વચ્ચે પસંદગી કરવાની હતી તેઓ જણાવે છે કે **એડિગા એડિગા અન્નમ્મા** પછીનાં કેસોમાં પણ અગાઉનાં કેસો જેવો જ ગુંચવાડો પરસ્પરવિરોધ અને ભુલો જોવા મળે છે. તેથી કોર્ટે રાજેન્દ્રપ્રસાદમાં સજાની પસંદગીમાં વિશેષપાત્ર દિવાદાંડી સમાન અથવા પદ્ધતિસરનાં ધોરણો આપ્યા છે.

ઇ.પી.કો.માં સુધારા સૂચવતા વિધેયકમાં આ મુદ્દાને લક્ષમાં લઇને નવી કલમ-૩૦૨ નીચે મુજબ સૂચવવામાં આવી છે.

કલમ-૩૦૨ : (૧) નીચે પેટા કલમ (૨) માં અન્યથા કરેલી જોગવાઇ સિવાય જે કોઇ ખુન કરશે તેને આજીવન કેદ અને વળી દંડની શિક્ષા થશે.

(૨) જે કોઇ ખુન કરશે તેને દેહાંતદંડ અગર આજીવન કેદ અને વળી દંડની શિક્ષા થશે.

એ. જો તેણે કરેલું ખુન અગાઉના આયોજનથી થયું હોય અને તેમાં અત્યંત ક્રુરતા થઇ હોય તો અગર,

બી. જો ખુનમાં અપવાદરૂપ દ્રુષ્ટતા થઇ હોય તો અગર,

સી. જો જેની ફરજ અમુક વિસ્તાર કે સ્થાનમાં શાંતિ અને જાળવણી જાળવી રાખવાની હોય તેવા કોઇ જાહેર નોકર કે કોઇ શસ્ત્રદળો કે પોલિસ દળનાં સભ્યોનું જે વખતે તે જાહેર નોકર કે તેવો સભ્ય ફરજ ઉપર જ હોય તે વખતે તેનું ખુન થયું હોય તો અગર

ડી. જો તે આજીવન કેદની સજા હેઠળ હોય અને તેની તે સજા અંતિમ બની ગઇ હોય તે વખતે તેણે ખુન કર્યું હોય તો.

(૩) જયારે આજીવન કેદની સજા ભોગવતી કોઈ વ્યક્તિને પેટા કલમ-૨ કલોઝ (ઈ) હેઠળના ગુના માટે કેદની સજા કરવામાં આવી હોય ત્યારે આ કલોઝ (ઈ) હેઠળનાં ગુના માટે કેદની સજા કરવામાં આવી હોય ત્યારે આ કેદીને સજાઓ સહવર્તી રીતે નહીં પણ ક્રમાનુવર્તી રીતે અમલ બનશે.

જો કે હજી સુધી ઉપરોક્ત વિધેયક સંસદના બંને ગૃહોએ પસાર કર્યું નથી તે હકીકત ધ્યાન બહાર જવી ન જોઈએ.

ઈ.પી.કો.માં ઉપરોક્ત સૂચિત સુધારા ઉપરાંત ક્રિ.પો.કો.માં ક્રમશ થયેલા સુધારાનું લક્ષ દેહાંતદંડ ઉપરથી ખસીને આજીવન કેદ તરફ ગયું છે.

શ્રી ન્યા. કૃષ્ણઐયર જણાવે છે કે દેહાંતદંડને આર્ટિકલ ૨૧, ૧૪ અને ૧૯ નું સમર્થન મળવું જોઈએ. આર્ટીકલ-૧૯ સાત દીવાવાળી દિવાદાંડી જેવો છે, દેહાંતદંડ કે આજીવન કેદ વિશે નિર્ણય કરનાર ન્યાયાધીશે પોતાની જાતને આ પ્રશ્ન પુછવાનો છે શું ગુનેગારના જીવનદીપને બુઝાવીને તેના સ્વાતંત્ર્યોને નષ્ટ કરવાનું વ્યાજબી રીતે જરૂરી છે ? જો આર્ટીકલ ૧૯(૨) થી (૬) માં જણાવ્યા પ્રમાણે રાજ્ય અને રાજ્યની સલામતી જાહેર વ્યવસ્થા અને જાહેર પ્રજાના હિતો અને વ્યાજબી રીતે જરૂરી હોય તો જ ગુનેગારનું જીવન નષ્ટ કરી શકાય. આ બધી બાબતો ક્રિ.પી.કો. ૧૯૭૩ ની કલમ-૩૫૪(૩) નાં ‘ખાસ કારણો’ શબ્દોમાં સમાવેશ થાય છે.

ક્રિ.પો.કો. ની કલમ ૩૫૪(૩) નાં ખાસ કારણોમાં આર્ટિકલ ૧૯ નાં તત્ત્વો દાખલ કરીને દેહાંતદંડની બંધારણીયતા સિદ્ધ કરી શકાય છે. તેથી કોર્ટે ઠરાવ્યું હતું કે આવા મર્યાદિત સંજોગોમાં જ આ સજા કરી શકાય. ગુનેગારનો ગુનો ભયાનક સ્વરૂપનો હોય તેથી તેને દેહાંતદંડ કરવો જ તેવું જરૂરી નથી. વગેરે બાબતો અતિક્રુર અને એકહથ્થુ બનીને આર્ટીકલ-૧૪ નો ભંગ થતો નથી.

**૦ ન્યા. કૃષ્ણઐયર દેહાંતદંડ અને આજીવન કેદની સજા વચ્ચે પસંદગી કરવા માટેનીચેની માર્ગદર્શક સૂચનાઓ આપે છે.**

(૧) કોડની કલમ-૩૦૨ માં ભલે જણાવ્યું છે તેમ છતાં ફોજદારી કાયદાની કેટલીક તાકાત નબળી પડી છે. બંધારણ અસ્તિત્વમાં આવ્યા પછી ઈ.પી.કો. ની કલમ-૩૦૨ અને ૩૫૪(૩) બંધારણનાં ભાગ ૩ અને ૪ તથા આમુખના સંદર્ભમાં જોવાની છે.

(૨) શિક્ષાની વૈરસંતોષલક્ષી વિચારધારાનાં દિવસો હવે પુરા થયા છે.

(૩) માનવ અધિકારો અને દેહાંતદંડના વિરોધના પ્રવર્તમાન વિચાર તેમજ ભારતીય પ્રણાલીના બુદ્ધથી ગાંધી સુધીના પ્રાચીન વિચારોની સામાજિક ન્યાયનાં વિચાર ઉપર અસર પડવી જોઈએ.

(૪) કોડની કલમ-૮૪ માં જણાવેલા સંજોગો હોય તો જ ગુનામાંથી મુક્તિ મળે છે, તેમ છતાં ગુનેગારની માનસિક અસમતુલા, મગજની બિમારીઓ, માનસિક કટોકટીઓ વગેરેને તેની ગુના માટેની જવાબદારીને હળવી બનાવતી બાબતો તરીકે ધ્યાનમાં રાખીને કોર્ટ તેને માટે આજીવન કેદની સજાનો વિચાર કરવો જોઈએ.

(૫) જો સુવ્યવસ્થિત સમાજ ટકી શકે નહીં તો માનવ અધિકારો પણ ટકી શકે નહીં તેથી જેવો પોતાની જાત ઉપર જોખમ હોવા છતાં પોતાની કામગીરી બજાવતા હોય તેવા પોલિસ જેવા કાયદાનાં રક્ષકો ઉપર જો ખુની હુમલો થાય તો કાયદાએ દેહાંતદંડ આપતા અચકાવું ન જોઈએ.

(૬) જયારે કોઈએ ભભકાદાર જાહેરખબરથી કે સાચી વાપ છુપાવી ગ્રાહકને અંધારામાં રાખ્યો હોય ત્યારે સમાજનાં લાભાર્થે તેને દેહાંતદંડ કરવો જોઈએ.

(૭) દેહાંતદંડ ફરમાવવા માટેનાં ખાસ કારણોને ગુના સાથે નહીં પણ ગુનેગાર સાથે સંબંધ હોવો જોઇએ અને જો તે પ્રવર્તમાન મનોવૈજ્ઞાનિક કે ડૉકટરી સુધારક રીતોથી વાજબી સમયમાં સુધારી શકે તેમ ન હોય તો તે આ સજાને લાયક છે.

ન્યા. સેને ઉપરોક્ત બહુમતી ચુકાદા સાથે અસંમત થતો અલગ લઘુમતી ચુકાદો આપ્યો હતો તેમણે જણાવ્યું હતું કે ન્યા. કૃષ્ણ ઐયરે ક્રિ.પો.કો.ની કલમ ૩૫૪(૩) માં આવતા ''ખાસ કારણો'' શબ્દોનું સંકુચિત અર્થઘટન કર્યું છે તેમ થવાથી દેહાંતદંડની સજા લગભગ નાબુદ થઇ જાય તેવું પરિણામે નિપજે છે. ન્યા. સેનનાં મંતવ્ય મુજબ દેહાંતદંડની સજાની સમસ્યાનો ઉકેલ શોધવાનું કામ કોર્ટનું નહીં પણ સંસદનું છે.

કોર્ટે ''ખાસ કારણો''નો અર્થ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે આવા કારણો, ગુનેગાર, ઉપરાંત બંધારણીય અને કાનુની માર્ગદર્શક સિદ્ધાંતો, અને અપરાધવિજ્ઞાન, તથા અન્ય સંબંધિત વિજ્ઞાનના સંદર્ભમાં ખાસ હોવા જોઇએ. 'ખાસ કારણો' એટલે એવી બાબતો કે જે ગુનેગારનાં વલણ અને વ્યક્તિત્વને જોતા, ગુનેગારની સુધારણા માટેની વૈજ્ઞાનિક નીતિને જોતા અને તે દિશામાં થયેલી પ્રગતિને જોતા તે સુધારાથી પર છે. અંતમાં, 'ક્રૂર અને ઘાતકી'' જેવા વિશેષણો ''ખાસ કારણો''ગણી શકાય

## ૦ 'જવલ્લેમાં જવલ્લે'નો અર્થ

સુપ્રીમ કોર્ટે બચ્ચનસિંઘમાં દેહાંતદંડની સજા ''જવલ્લેમાં જવલ્લે કેસોમાં જ'' કરવી જોઇએ તેમ ઠરાવ્યુ છે પણ કયા પ્રકારના કેસો આ શબ્દ સમુહની વ્યાખ્યામાં આવી શકે તે વિશે તે કેસમાંથી કોઇ માર્ગદર્શન મળતુ નથી.

માછીસિંઘ વિ. સ્ટેટ ઓફ પંજાબમાં આ બાબતની સ્પષ્ટતા કરવાની તક મળી હતી ન્યાયમૂર્તિઓ મુર્તુઝા ફઝલઅલી, વરદરાજન અને ઠક્કરની બેંચે આ

કેસમાં દેહાંતદંડની સજાને સમર્થન આપીને તે કયા પ્રકારનાં કેસોમાં ફરમાવી શકાય તે વિશે વિસ્તૃત ચર્ચા કરી છે કોર્ટ વતી ચુકાદો આપનાર ન્યા. ઠક્કરે દેહાંતદંડને સમાજજીવનનાં પાયાના સિદ્ધાંત એવા જીવનની પવિત્રતાના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરનાર ગણાવ્યો હતો. દેહાંતદંડ જેવી સજા સમાજની સામુહિક ચેતનાને એવો જબરજસ્ત આંચકો આપે છે. સમાજ ન્યાયતંત્ર પાસેથી દેહાંતદંડની અપેક્ષા રાખે છે. ન્યાયધીશોના દેહાંતદંડની તરફેણ કે વિરોધ માટેનાં અંગત વિચારો સાવ ગૌણ બની જાય છે. ન્યા. ઠક્કર ઉદાહરણ તરીકે આવા ‘‘જવલ્લેમાં જવલ્લે’ કેસોની નીચે મુજબ સમજુતી આપે છે.

૧. ખુન કરવાની રીત : જયારે અત્યંત ઘાતકી, વિકૃત, દુષ્ટ, ક્રુર કે કમકમાટીભરી રીતે ખુન કરવામાં આવ્યું હોય ત્યારે,

૨. જયારે ખુન કરવાનાં હેતુમાંથી સંપૂર્ણ દુષ્ટતા અને હલકટતા સ્પષ્ટ જાણાઈ આવતી હોય ત્યારે,

૩. જયારે ગુનાનું સ્વરૂપ સમાજવિરોધી કે સમાજતિરસ્કૃત હોય ત્યારે

૪. ગુનાની ગંભીરતા, જયારે એક કુટુંબમાં બધા જ કે લગભગ બધા સભ્યો કે અમુક જ્ઞાતિ, કોમ કે વિસ્તારની વિશાળ સંખ્યાની વસ્તીના ખુન થયા હોય ત્યારે,

૫. જયારે, ખુનનો ભોગ બનેલી વ્યકિતનું વ્યકિતત્વ જયારે કોઈ અંગત સિવાય, રાજકીય કે તેવા કારણોસર ખુન કરવામાં આવ્યું હોય ત્યારે,

અંતમાં ન્યા. ઠક્કરે બચ્ચનસિંઘના સિદ્ધાંતોનો ઉપરની ભુમિકામાં રહીને અમલ કરવાનું જણાવ્યુ હતું તેથી કોર્ટે દરેક કેસની હકીકતોને ઉપરોકત ભુમિકામાં તપાસીને દેહાંતદંડની સજા ફરમાવવી કે નહિ તે નક્કી કરવાનું છે.

સુપ્રિમ કોર્ટે માછીસિંઘમાં જણાવેલ ઉપરોકત સિદ્ધાંતોની ભારે ટીકા કરવામાં

અવી હતી. પુણેના જોશી અભ્યંકર ખુન કેસનાં ખુનીઓને ફરમાવાયેલી ફાંસીની સજાની અપીલની સુનવણી દરમ્યાન આ મુદ્દો ઉપસ્થિત થયો હતો. અરજદારે જણાવ્યુ હતું કે 'માછીસિંઘમાં દેહાંતદંડની સજા કયારે કરવી તે અંગેના માર્ગદર્શક સિદ્ધાંતો જણાવવાના મુદ્દા ઉપર તે કેસમાં કોઇ રજુઆત કે દલીલો કરવામાં આવી ન હતી અને તેમ છતાં કોર્ટે આવા સિદ્ધાંતો ઘોષિત કર્યા હતાં. આમ થવાથી બચ્ચનસિંઘ અને માછીસિંઘ કેસોનાં તારણોમાં પરસ્પર વિસંગતા અને વિસંવાદ ઉભો થયો છે.

જે સંજોગો સજા કરવાની મુનસફીયુકત સતાનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં લેવા જોઇએ કે ન લેવા જોઇએ અગર આ સંજોગો સાથે અન્ય કયા સંજોગો ધ્યાનમાં લેવા જોઇએ, અગર કયા સંજોગો આ માટે પુરતા ગણાય તે બધા જ સંજોગોની સંપૂર્ણ યાદી બનાવી શકાય નહી. વધુમાં આવી સત્તાનો ઉપયોગ સ્થાનિક પરિસ્થિતિ, ભવિષ્યની ગતિવિધી, સમાજના નૈતિક રસ્તરનો વિકાસ, અમુક સ્થળે કે સમયે થતા ગુનાની પરિસ્થિતિ અને બીજી અનેક અગાઉથી અગમચેતી વાપરી જાણી જ શકાય તેવી બાબતો ઉપર આધાર રાખે છે. જો આ બધી ગણતરીમાં લેવાની બાબતો માટે કાયદાકીય જોગવાઇ કરવાનો પ્રયાસ કરવામાં આવે તો તે પ્રયાસ, એકી વખતે, ઘણો સંકુચિત અને ઘણો વિશાળ બની શકે તેમ છે.

## ૦ બલરાજનો કેસ

આરોપી બલરાજની સામે ભારતીય દંડની સંહિતાની કલમ-૩૦૨ મુજબનો પુરાવો હતો તથા જે હકીકત હતી તે હકીકતના આધાર પર નીચેની અદાલતે આરોપીને દેહાંતદંડની સજા કરી હતી. એ સજા કરવામાં આવી ત્યાર બાદ કલમ-૩૬૬ હેઠળ અલ્હાબાદની ઉચ્ચ અદાલતે વધારાના સત્ર ન્યાયધિશ દ્વારા તે સજા બહાલ રાખવા માટે ઈન્સાફી કાર્યવાહી ઉચ્ચ અદાલતમાં મોકલી આપવામાં આવેલી. આ અંગે જયારે ઉચ્ચ અદાલત સમક્ષ અપીલ તથા રેફરન્સ અંગે ગુણવત્તા પર દલીલો થઇ ત્યારે ઉચ્ચ અદાલતે એવી નોંધ લીધી છે કે હકીકતો જોતા આ એક

અત્યંત ઠંડે કલેજે અને સંપૂર્ણપણે નિર્દયતાપૂર્વક આચરવામાં આવેલું કૃત્ય છે. આ કામના આરોપીએ ૧૩ મહિનાના તેના ભત્રીજા અને ૪ વર્ષની ભત્રીજી ઉપર ઘાતક હુમલો કરેલો અને તેની ભાભી ઉપર દયાનીય રીતે સંપૂર્ણપણે નિર્દયતાથી હુમલો કરીને ઈજાઓ પહોંચાડી હતી. પોતાના સગા ભાઈને પણ તેણે મૃત્યુને ઘાટ ઉતાર્યા હતા, અન્ય એક વ્યક્તિને પણ તેણે મૃત્યુને ઘાટ ઉતરી હતી આમ કુલમળીને ચાર ખૂન તેણે કર્યા હતા. અને એમાં પહેલેથી આયોજન કરવામાં આવ્યું હતું. હથિયાર વગેરે લઈને આવ્યા બાદ અચાનક કોઈપણ જાતની બોલાચાલી વગર હુમલો કરવામાં આવ્યો હતો અને માત્ર ચાર વર્ષ તથા તેર માસના સગા ભત્રીજા પર નિર્દયતાપૂર્વક અને અમાનવીય રીતે હુમલો કરવામાં આવ્યો હતો. તમામ ચર્ચા કર્યા બાદ ઉચ્ચ અદાલત આ કલમ હેઠળ એવા નિર્ણય પર આવી હતી કે આ કેસ અપવાદમાં પણ અપવાદરૂપ કિસ્સાનો છે. તેથી આવા કેસમાં નીચેની અદાલતે કરેલી દેહાંતદંડની સજા બહાલ રાખવી જોઈએ અને તે સજા બહાલ રાખવામાં આવી હતી. પંજાબ તથા હરીયાણાની ઉચ્ચ અદાલત સમક્ષના એક કિસ્સામાં નીચેની અદાલતે દેહાંતદડની સજા કરીને કલમ-૩૬૬ હેઠળ તે સજા બહાલ રાખવા માટે ઈન્સાફી કાર્યવાહી ઉચ્ચ અદાલતને મોકલી આપી હતી. તે કિસ્સામાં હકીકત એવી હતી કે આરોપી દ્વારા એક નાની બાળકી ઉપર બળાત્કાર કરીને તેનું ખૂન કરવામાં આવ્યું હતું. એ આરોપીની સામે કોઈપણ પ્રકારનો શક વગરનો ગુન્હો પુરવાર થતો હતો, ઈજા ગંભીર પ્રકારની હતી તથા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પર્યાપ્ત હતી. તેમ છતાં ઉચ્ચ અદાલતે એવી નોંધ લીધી છે કે જે ગુન્હો કરવામાં આવ્યો હતો તે વાસનાના કારણે કરવામાં આવ્યો હતો તે પહેલાં આરોપીને તેની સજો કોઈ દુશ્મનાવટ ન હતી કે વેરભાવના કારણે એ ખૂન કરવામાં આવ્યું ન હતું અને તેથી અપવાદમાં પણ અપવાદરૂપ કિસ્સામાં આ કાર્યવાહી આવતી નથી અને તે ચર્ચા સાથે ઉચ્ચ અદાલતે કરવામાં આવેલી દેહાંતદંડની સામે ઘટાડીને આજીવન કેદની સજામાં પરિવર્તીત કરી હતી. ઘરનું કામ કરતા ત્રણ

નોકરોએ મળીને ઘરની માલિકણનું ખૂન કર્યું હતું. તથા લૂંટ ચલાવી હતી અને તે બન્ને ગના આરોપીઓની સામે સાબિત થતા ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ હેઠળ દેહાંતદંડની સજા નીચેની અદાલતે કરી તથા કલમ-૩૬૬ હેઠળ તે સજા બહાલ રાખવા માટે ઉચ્ચ અદાલત સમક્ષ મોકલવામાં આવી અને ત્યારે ઉચ્ચ અદાલતે એવી નોંધ લીધી કે અલબત્ત આરોપીઓની સામે ગુન્હો તમામ શંકાથી પર સાબિત થાય છે. પરંતુ તેમ છતાં દેહાંતદંડની સજા કરવા માટે આ કિસ્સો યોગ્ય નથી કારણ કે, પ્રત્યક્ષ પુરાવાથી કે સંજોગોથી એ બાબત નક્કી થઈ શકતી નથી કે પ્રત્યેક આરોપીએ અલગ અલગ રીતે એટલે કે અંગત અને વ્યક્તિગત રીતે શું ભાગ ભજવ્યો હતો કોણે ખૂન કરવામાં શું ભાગ ભજવ્યો કે કોણે શું મિલ્કત લુંટી લીધી હતી અને ત્રાણેય આરોપીઓ પૈકી વધુમાં વધુ ભાગ કોણે ભજવ્યો છે તે હકીકત પણ નક્કી થઈ શકતી ન હતી. તેથી આરોપીને કરવામાં આવેલી, દેહાંતદંડની સજાને આજીવન કેદની સજામાં કલકત્તાની ઉચ્ચ અદાલતે પરિવર્તીત કરેલી છે. એક આરોપીની સામે ખૂન અંગેનો કેસ ચલાવવામાં આવ્યો તેની સામે એ તહોમત સાબિત થયું તથા અદાલત દ્વારા તેને આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી. તે સજા તેઓ ભોગવી રહ્યા હતા, તે દરમ્યાન આરોપીઓને મુક્ત કરવામાં આવ્યા. તેઓ મુક્ત થયા ત્યાર બાદ તેમણે તે મુક્તિનાં સમય દરમિયાન બીજી એક વ્યક્તિનું ખૂન કર્યું અને તેવા સંજોગોમાં ઈન્સાફી કાર્યવાહી ચલાવતી અદાલતે તથા ઉચ્ચ અદાલત દ્વારા પણ તેમને દેહાંતદંડની સજા કરવામાં આવી. ઉચ્ચ અદાલતે એવી નોંધ લીધી છે કે માત્ર તેઓ પેરોલ પર છૂટ્યા હતા કે મુક્તિનાં સમય દરમ્યાન તેમણે બીજું ખૂન કર્યું તે કારણે આ કેસ અપવાદમાં પણ અપવાદરૂપ કિસ્સો ગણયા નહીં અને દેહાંતદંડની સજા કરવા માટે તેમનો ભૂતકાળ લક્ષ પર રાખીને સજા કરવી જોઈએ નહીં અને એવી ચર્ચા કરીને કરવામાં આવેલી દેહાંતદંડની સજાને હળવી કરીને આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી. એક જ વ્યવહારમાં અનેક ખૂન કરવામાં આવ્યા હતા, અને પાંચ

વ્યક્તિઓને મોતને ઘાટ લગભગ ૫૩ ઈજાઓ કરીને ઉતારવામાં આવી હતી. સાથોસાથ જે વ્યક્તિ ભોગ બનનાર હતી તેના પર બળાત્કાર કરવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો હતો અને એ સંજોગોમાં દેહાંતદંડની સજા કરીને તે સજા બહાલ રાખવા માટે ઉચ્ચ અદાલતે કલમ-૩૬૬ હેઠળ મોકલી આપવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતે તેની સમક્ષ આ કિસ્સો આવતા એવી નોંધ લીધી છે કે આખો બનાવ જેમણે યોજનાપૂર્વક પાર પાડ્યો અને જેમણે યોજના બનાવી તેમને પણ દેહાંતદંડની સજા કરવી તે યોગ્ય નથી. કારણ કે પ્રત્યક્ષપણે શું ભાગ ભજવવામાં આવ્યો હતો તે બાબત સૌથી મહત્વની છે. આ ઉપરાંત સર્વોચ્ચ અદાલત સમક્ષ જયારે સુનાવણી નીકળી ત્યારે તમામ આરોપીઓ ત્રણ વર્ષ કરતા વધુ સમયથી કારાવાસમાં હતા અને તે સંજોગો લક્ષ પર રાખીને કરવામાં આવેલી દેહાંતદંડની સજા હળવી કરીને આજીવન કારાવાસમાં પરિવર્તીત કરવામાં આવી છે. અપીલ ચલાવતી અદાલત તરીકે ઉચ્ચ અદાલતને જે સત્તાઓ આપવામાં આવી છે તે સત્તા આ કલમ હેઠળ વધારે વિશાળ રૂપે આપવામાં આવી છે. અને માત્ર પ્રબંધકથી એક જ મર્યાદા મૂકવામાં આવી છે, કે જયારે પણ રેફરન્સ કરવામાં આવ્યો હોય ત્યારે દહાંતદંડની સજા બહાલરાખી શકાય, પરંતુ જયાં સુધી અપીલનો નિકાલ ન થાય ત્યાં સુધી દેહાંતદંડની સજા બહાલ રાખવાનો આદેશ ઉચ્ચ અદાલત કરી શકે નહીં. આ ચુકાદામાં પ્રબંધકની છણાવટ કરાવમાં આવી છે.

એ મુજબ મોકલાયેલા પ્રત્યેક કેસમાં સજા બહાલ રાખવામાં આવતા અથવા કોઈ નવી સજા કરવામાં આવતા અથવા ઉચ્ચ અદાલતે કરેલો આદેશ, જયારે આવી અદાલત બે અથવા વધુ ન્યાયમૂર્તિઓની બનેલી હોય ત્યારે ઓછામાં ઓછા, તે પૈકીના બે દ્વારા કરવામાં તથા સહી કરવામાં આવશે.

સજા બહાલ રાખવામાં આવે કે નવી સજા કરવામાં આવે ત્યારે બે ન્યાયમૂર્તિઓએ તેમાં સહી કરવી જોઈએ તેવી જોગવાઈ આ કલમથી કરવામાં આવી

છે. કલમ-૩૬૬ હેઠળ દેહાંતદંડની સજા બહાલ રાખવા માટે ઉચ્ચ અદાલત સમક્ષ ઈન્સાફી કાર્યવાહી મોકલવામાં આવે અને તેવો રેફરન્સ કરવામાં આવે અને ઉચ્ચ અદાલતના બે અથવા વધુ ન્યાયમૂર્તિઓની પીઠ બનેલી હોય ત્યારે ઓછામાં ઓછા તે પૈકીના બે દ્વારા એવો આદેશ કરવામાં આવશે તથા સહી કરવામાં આવશે એટલે કે સજા બહાલ રાખવામાં આવે કે અન્ય નવી સજા કરવામાં આવે તો બે ન્યાયમૂર્તિઓની તેમાં સહી હોવી જોઈએ અને બે ન્યાયમૂર્તિઓ તેમાં સહમત થતા હોવા જોઈએ તેવો પ્રબંધ કલમથી કરવામાં આવ્યો છે. **જોસેફ**ના કિસ્સામાં ઉચ્ચ અદાલતે એવું પ્રસ્થાપિત કર્યું છે કે જયારે ઉચ્ચ અદાલત દ્વારા દેહાંતદંડની સજા બહાલ રાખવામાં આવે અથવા તો નવી કે અન્ય સજા કરવામાં આવે ત્યારે ઓછામાં ઓછા બે ન્યાયમૂર્તિઓ દ્વારા તે સજાના આદેશમાં કે બહાલ રાખવાના આદેશમાં સહી થવી જોઈએ, જે ઉચ્ચ અદાલતમાં બે અથવા તેથી વધુ ન્યાયમૂર્તિઓ હોય. પરંતુ એક જ ન્યાયમૂર્તિઓ દ્વારા એ બહાલ રાખવા અંગેની હકીકત સાંભળવામાં આવી હોય અને તેનો નિર્ણય કરવામાં આવ્યો હોય ત્યારે આ કલમના પ્રબંધો લાગુ પડશે નહીં તેમ **જોસેફ વિ. ગોવા** રાજ્યએ એ. આઈ. આર. ૧૯૭૭, સર્વોચ્ચ અદાલત, ૧૮૧૨ માં ઠરાવવામાં આવ્યું છે.

## (ઈ) કલમ-૩૦૩ : આજીવન કેદ ભોગવતી વ્યક્તિ દ્વારા ખૂન

કોઈપણ વ્યક્તિ, આજીવન કેદની સજા ભોગવતી હોય અને ખૂન કરે તો તેને દેહાંતદંડની સજા કરવામાં આવશે.[૧૨]

ભારતીય દંડ સંહિતામાં આ એક માત્ર કલમ છે, જેમાં ઈન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતને સજા માટે કોઈ વિકલ્પ આપવામાં આવ્યો નથી તથા આ કલમ હેઠળનો ગુન્હો પુરવાર થતાં માત્ર દેહાંતદંડની સજા જ કરી શકાય. અલબત્ત,

૧૨. ભારતીય દંડસંહિતા ભુપેન્દ્ર જાની મિશ્રા બુક કંપની. પૃ. ૭૫૭
ઈન્ડિયન પીનલ કોડ - રતનલાલ એન્ડ ધીરજલાલ, વાધવા એન્ડ કાં.

દેહાંતદંડની સજા ભારતીય કાનૂની પુસ્તકોમાં છે. છતાં પણ સને-૧૯૫૫ નાં અધિનિયમ-૨૬ તથા ફોજદારી કાર્યરીતિ સંહિતા-૧૯૭૩ બાદ આ સજા માટેનો અભિગમ બદલાયો છે, તથા સર્વોચ્ચ અદાલતે એક કરતાં વધુ વખત પ્રસ્થાપિત કરેલ છે કે કયા સંજોગોમાં દેહાંતદંડની સજા કરી શકાય. આ કલમ હેઠળ દેહાંતદંડની સજા કરવામાં આવી હોય તેવા કિસ્સા સને ૧૯૮૩ સુધી જોવા મળે છે. આ કલમ આપવામાં આવેલ સંવિધાનનાં મૂળભૂત હક્કો સાથે સુસંગત નથી તથા મૂળભૂત હક્કોનો ધ્વંસ થાય છે તેવો એક મુદ્દો સર્વોચ્ચ અદાલત સમક્ષ ઉપસ્થિત થયો તથા મીઠું સિંગ વિરુદ્ધ પંજાબ રાજ્યમાં[૧૩] સર્વોચ્ચ અદાલતે આ કલમને ગેરબંધારણીય ઠરાવેલ છે. દેહાંતદંડની સજા એ આ કલમ હેઠળ એક માત્ર વિકલ્પ છે. કોઈ પણ ગુન્હામાં શું સજા કરવી તે ઈન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતની મુનસફીનો વિષય છે, જે મુનસફીની સત્તા એક માત્ર દેહાંતદંડની સજાનાં વિકલ્પનાં કારણે છિનવાઈ જાય છે. સર્વોચ્ચ અદાલતે ભારપૂર્વક ઠરાવેલ છે કે પ્રસ્તુત સંજોગોને અપ્રસ્તુત બનાવીને આવી મુનસફીનો અધિકાર વિધાનમંડળ અદાલત પાસેથી છીનવી શકે નહીં કોઈપણ કિસ્સો દેહાંતદંડની સજાને માટે યોગ્ય છે કે કેમ તે ન્યાયિક નિર્ણય છે તથા માત્ર અદાલત જ તે નિર્ણય આપી શકે. આ કલમની જોગવાઈ સત્તા બહારની ગણીને આ કલમને ગેરબંધારણીય ઠરાવવામાં આવી છે. ભારતની કાનૂની જોગવાઈથી જુદું પડે તે રીતે અમેરિકામાં સને ૧૯૯૪ માં ''વાયોલન્ટ ક્રાઈમ કન્ટ્રોલ એન્ડ લૉ એસોસીએશન એકટ ફોર ૧૯૯૪''ઘડવામાં આવેલ છે. જેનાથી અમુક નવા ગુનાઓને 'કેપીટલ ઓફેન્સ' તરીકે દાખલ કરવામાં આવ્યા છે.

---

૧૩. મીઠુસીંગ વિરુદ્ધ પંજાબ રાજ્ય (એ.આઈ.આર. ૧૯૮૩ (સુ.કો.) ૪૭૩)

## ૦ કલમ-૩૦૩ ની બંધારણીયતા

**રણજીતસિંઘ વિ. યુનિયન ટેરિટરી,** ચંદીગઢમાં ઈ.પી.કો. ની કલમ-૩૦૩ ની બંધારણીયતાને પડકારવામાં આવી હતી આ કેસનો આરોપી એક ખુન માટે આજીવન કેદ ભોગવતો હતો તે દરમ્યાન જ જયારે પેરલ ઉપર છુટ્યો હતો ત્યારે તેણે બીજું ખુન કર્યું હતું. પરિણામે તેને કલમ-૩૦૩ ના ગુના માટે દેહાંતદંડની સજા કરવામાં આવી હતી.

અરજદારે પંજાબ અને હરીયાણા હાઈકોર્ટ સમક્ષ આ કલમની બંધારણીયતાને પડકારી હતી. આ કલમથી બંધારણનાં આર્ટીકલ ૧૪ અને ૨૧ નો ભંગ છે તેમ જાણાવી તેણે આ કલમ હેઠળ કરાતી દેહાંતદંડની લઘુત્તમ સજા અને તેના ઉદ્દેશ વચ્ચે કોઇ સંબંધ નથી તે કારણે તેમજ તેમાં ગુનેગારનો જીવનદીપ બુજાવવાની કોઈ રીતની જોગવાઈ કરવામાં આવી નથી તે કારણે તેને પડકારી હતી. કોર્ટે અરજદારની આ દલીલોનો અસ્વીકાર કર્યો હતો.

જો કોઈ વ્યક્તિ એક ખુન માટે આજીવન કેદભોગવતાં પણ બીજું ખુન કરવાનું ટાળે નહીં તો તેને કરાતી દેહાંતદંડની સજા ગેરવ્યાજબી છે કે જાહેર હિતની દૃષ્ટિએ જરૂરી નથી તેમ કહી શકાય નહીં.

રણજીતસિંઘમાં પંજાબ અને હરીયાણા હાઈકોર્ટે કલમ ૩૦૩ ની બંધારણીયતા સામેનાં પડકારને ફગાવી દીધો હતો. ત્યાર બાદ તે જ હાઈકોર્ટની એક બીજા ચુકાદાની સુપ્રિમ કોર્ટમાં થયેલી અપીલમાં આ જ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો. મીઠું કેસમાં એક પક્ષકારે કે ન્યાયમૂર્તિએ તેનો ઉલ્લેખ સરખો કર્યો નથી તે હકીકત નવાઈ ઉપજાવે તેવી છે, અને મીઠુંના સુપ્રિમ કોર્ટે રણજીતસિંઘ કેસનાં ચુકાદાથી સાવ ઉલટોચુકાદો આપ્યો હતો.

મીઠું વિ. સ્ટેટ ઓફ પંજાબમાં ઈ.પી.કો.ની કલમ-૩૦૩ ની બંધારણીયતાને પડકારવામાં આવી હતી. કોડની કલમ-૩૦૨ માં ખુનની સજા વિશે જોગવાઈ

કરવામાં આવી છે તે જે વ્યક્તિ ખુન કરે છે તેને દેહાંતદંડની અગર આજીવન કેદ અને તે ઉપરાંત નાણાકીય દંડની સજા કરી શકાય તો કે કોડમાં કુલ બાવન જેટલી કલમોમાં આજીવન કેદ વિશે જોગવાઇ જોવા મળે છે. પણ કલમ-૩૦૨ ની એક નોંધપાત્ર વિશેષતા છે, કોડની બીજી કલમો અન્વયે આજીવન કેદની સજા મહત્વ સજા છે. જ્યારે કલમ-૩૦૨ અન્વયે આજીવન કેદની સજા લઘુતમ સજા છે આ કલમ હેઠળ કોર્ટ પાસે આજીવન કેદની સજા ફરમાવી કે દેહાંતદંડની સજા ફરમાવી, તે સિવાય બીજા કોઇ જ વિકલ્પ નથી, વળી કિ.પ્રો.કોડ, ૧૯૭૩ નીક લમ-૩૫૪(૩) અન્વયે હવે ખુન માટે સાધારણ રીતે કરી શકાતી સજા આજીવન કેદની સજા છે જ વધુમાં જવલ્લેમાં જવલ્લે કેસોમાં જ દેહાંતદંડની સજા તે માટેનાં કારણો લેખિત રીતે જાણાવીને કરવી તેને કાયદાકીય પરિસ્થિતિ છે.

કલમ-૩૦૩ પ્રમાણે છે, આજીવન કેદની સજા હેઠળ હોય તેવી કોઇ વ્યક્તિ જો ખુન કરે તો તેને દેહંતદંડની સજા કરવામાં આવશે. આ કલમ હેઠળ કોર્ટ માટે દેહાંતદંડની સજા ફરમાવવાનું બંધનકર્તા છે. આ કલમ ગુનેગાર આજીવન કેદભોગવતો હોવા છતાં તે કેદની તેના ઉપર કોઇ ભયપ્રભાવી અસર પડી શકી નથી અને માટે તે ઘણો રીઢો ગુનેગાર હોવો જોઇએ, અને તેથી તે દેહાંતદંડને લાયક જ છે તેવા અનુમાન ઉપર રચાયેલી જાણાય છે. આજીવન કેદ ભોગવતા કેદીથી જેલતંત્રનાં કર્મચારીઓનાં રક્ષાણ માટે આ કલમ ઘડાઇ હશે તેવું લૉ કમીશન ઓફ ઈન્ડીયાનું મંતવ્ય છે.

અરજદારોએ આ કલમ બંધારણનાં આર્ટીકલ-૨૧ નો ભંગ કરતી હોવાનું જાણાવી તેને પડકારી હતી આરોપીને તેના જીવનથી વંચિત રાખવા માટે આ કલમ અન્વયે જાણાવવામાં આવેલી કાર્યવાહી, અનુસૂચિત, અન્યાયી અને ગેરવ્યાજબી છે. માટે આ કલમ બંધારણ વિરુદ્ધ છે તેમાણે તેમના કેસમાં સમર્થન માટે મેનકાગાંધી અને સુનીશ શર્મા ઉપર આધાર રાખ્યો હતો.

કોર્ટે રાજ્યની આ દલીલનો અસ્વીકાર કર્યો હતો. કોર્ટે કલમ ૩૦૨ અને

૩૦૩ ની જોગવાઈઓના તફાવત ઉપર ભાર મુક્યો હતો. કોર્ટે સ્પષ્ટતા કરતાં જાણાવ્યું હતું કે કોર્ટે બચ્ચનસિંઘમાં 'દેહાંતદંડની સજા બંધારણીય છે.' અથવા 'દેહાંતદંડની સજા અંગે જોગવાઈ કરવાની બંધારણ હેઠળ છૂટ છે.'' એવો કોઇ તાત્વિક સિધ્ધાંત પ્રતિપાદિત કર્યો નથી.

કોર્ટે તે કેસમાં દેહાંતદંડની સજાને કાયદેસર ઠરાવી તેનાં ત્રણ કારણો હતાં : (૧) કલમ-૩૦૨ માં જાણાવેલી દેહાંતદંડની સજા આજીવન કેદની સજાના વિકલ્પમાં જાણવામાં આવી છે. (૨) જો કોર્ટ આજીવન કેદની સજા કરવામાં સામાન્ય નિયમથી ચલિત થઈને દેહાંતદંડની સજા કરે તો કોર્ટે તે માટેનાં ખાસ કારણો જાણવાનાં છે. (૩) આરોપીને ક્રિ.પો.કો. ૧૯૭૩ ની કલમ-૩૨૫ (૨) હેઠળ પોતાની સજા અંગે રજૂઆત કરવાનો અધિકાર છે. આ ત્રણ કારણો પૈકી જો પહેલું કારણ અસ્તિત્વ ધરાવતું હોય તો જ ત્રીજુ કારણ પ્રસ્તુત બને છે.

ક્રિ.પો.કો. ૧૯૭૩ કલમ-૨૩૫ (૨) કે કલમ-૩૫૪ (૩) નો આશરો લઈશકાય નહીં. જો કોર્ટ પાસે દેહાંતદંડની સજા કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન જ હોય તો આરોપીને પોતાની સજા અંગે સુનાવણી આપવી તે નિરર્થક છે, તથા દેહાંતદંડનીસ સજા કરવાનાં કારણોની નોંધ કરવાની વિધિ પણ ઉપરછલ્લી બની જાય છે. કલમ-૩૦૨ માં દેહાંતદંડની સજા એક વૈકલિપક સજા તરીકે રાખવામાં આવે છે, તેથી ઊલ્ટું કલમ-૩૦૩ માં દેહાંતદંડની સજા એક માત્ર સજા તરીકે રાખવામાં આવી છે. કલમ-૩૦૩ હેઠળનાં કેસોમાં ગુનાનો હેતુ અને તેના સંજોગો ગમે તે હોય તો પણ તેમના પ્રત્યે ધ્યાન આપ્યા સિવાય કોર્ટ પાસે બીજો કોઈ વિકલ્પ ન હોવાથી કોર્ટે દેહાંતદંડની સજા ફરમાવવી પડે છે. તે ઉપરાંત કલમ-૩૦૩ હેઠળ ઊભા થતા કેસોમાં આરોપીને પોતાની સજા અંગે રજૂઆત કરવાનો ક્રિ.પ્રો.કોડ ૧૯૭૩ ની કલમ-૨૩૫(૨) હેઠળ મળેલો અધિકાર પણ નિરર્થક બની જાય છે. વળી તે કલમથી કોર્ટની સજા કરવાની મુનસફીને બાકાત રાખવામાં આવી હોવાથી તે કલમ ન્યાયધીશનાં હાથમાંથી ન્યાયનું ત્રાજવું છીનવી લે છે. આવા

કેસોમાં દેહાંતદંડની સજા અંતિમ, અપરિહાર્ય અને નાછુટકે કરવી જ પડતી હોવાથી અને તેમાં ન્યાયધીશનાં મનનો ઉપયોગ કરવાની કોઈ જ પરિસ્થિતિ નહીં હોવાથી તે આર્ટીકલ ૨૧ અન્વયે ઉચિત ન્યાયી અને વાજબી કહી શકાય નહીં.

ઉપરોક્ત કારણોસર સુપ્રિમ કોર્ટ ઈ.પી.કોર્ડની કલમ ૩૦૩ ને બંધારણ વિરુદ્ધ ઠરાવી હતી. ઈ.પી.કોમાં સુધારા સૂચવતા વિધેયકની વિચારણા માટે નિમાયેલી સંસદની સંયુક્ત સમીતીએ પણ કલમ ૩૦૩ ને કોડમાંથી રદ કરવાની ભલામણ કરી છે.

**૦ કલમ-૩૦૫ : પાગલ વ્યક્તિ કે બાળકને આત્મહત્યામાં મદદગારી**

અઢાર વર્ષથી ઓછી વય ધરાવતી કોઈ વ્યક્તિ, કોઈ પાગલ વ્યક્તિ, કોઈ ચિત્તભ્રમ થયેલી વ્યક્તિ, કોઈ મૂઢ વ્યક્તિ અથવા નશાની અવસ્થામાં હોય તેવી કોઈ વ્યક્તિ આત્મહત્યા કરે તો જે કોઈ વ્યક્તિએ તેને તેમ કરવામાં મદદગારી કરી હોય તેને દેહાંતદંડ, આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.[૧૪]

**૦ કલમ-૩૦૭ : ખૂન કરવાની કોશિષ**

કોઈ પણ વ્યક્તિ, કોઈ કૃત્ય એવાં ઈરાદાથી અથવા જ્ઞાન સાથે અને એવાં સંજોગોમાં કરે કે તે કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવત તો ખૂન માટે દોષિત થાય તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે અને તેવાં કૃત્યથી કોઈને ઈજા થાય તો ગુહેગાર આજીવન કેદ અથવા ઉપજાવ્યા પ્રમાણેની કેદની સજાને પાત્ર થશે.

---

૧૪. ભારતીય દંડસંહિતા ભુપેન્દ્ર જાની મિશ્રા બુક કંપની. પૃ. ૮૦૪
ઈન્ડિયન પીનલ કોડ - રતનલાલ એન્ડ ધીરજલાલ, વાધવા એન્ડ કું.

આ કલમ હેઠળનો ગુહો કરનાર વ્યક્તિ આજીવન કેદની સજા ભોગવતી હોય ત્યારે ગુહો કરતાં તેણે વ્યથા કરી હોય તો તેને દેહાંતદંડની સજા કરી શકશે.[૧૫]

## ૦ કલમ-૩૯૬ : ખૂન સાથે ધાડ

સાથે રહીને ધાડ પાડતી હોય તેવી પાંચ કે તેથી વધુ વ્યક્તિઓ પૈકી કોઈ એક એ રીતે ધાડ પાડવા માટે ખૂન કરે તો તેઓ પૈકીની પ્રત્યેક વ્યક્તિને દેહાંતદંડ અથવા આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની સખત કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

સર્વોચ્ચ અદાલતે કલમ-૩૦૩ ને અસમાનતા તથા વ્યક્તિ સ્વાતંત્ર્યનાં મૂળભૂત હક્કનો ભંગ કરનારી ઠરાવી છે. તેથી હવે કલમ-૩૦૩ નું અસ્તિત્વ નથી, પરંતુ આ પ્રકારનાં કિસ્સામાં કલમ-૩૦૨ હેઠળ સજા થાય.[૧૬]

નકલી દવાઓના ઉત્પાદકો અને કોઈ નિર્દોષની જીંદગીને જોખમમાં મુકીને પૈસા રળવાના બદઈરાદાવાળા ગુનેગારોને તથા નકલી દવા બનાવનારાઓ અને વેંચનારાઓને ફાંસીની સજા આપતો કાયદો કેન્દ્રસરકાર ટૂંક સમયમાં લાવવાની છે.

વરસે દહાડે વીસ હજાર કરોડ રૂપિયાનું ટર્નઓવર ધરાવતી દેશની દવા બજારમાં ત્રીસથી પાંત્રીસ ટકા હિસ્સો સ્પ્યુરિયસ તથા સબ સ્ટાન્ડર્ડ ડ્રગ્સનો છે એવા ઉછાળતા આંકડા વચ્ચે ગયા વરસે કેન્દ્ર સરકારે ડૉ. રઘુનાથ માશેલકરના પ્રમુખપદે એક સમિતિ બનાવેલી તેણે પોતાનો રીપોર્ટ સરકારને સોંપ્યો.

---

૧૫. ભારતીય દંડસંહિતા ભુપેન્દ્ર જાની મિશ્રા બુક કંપની. પૃ. ૧૦૦૫
ઈન્ડિયન પીનલ કોડ - રતનલાલ એન્ડ ધીરજલાલ, વાધવા એન્ડ કાં.
૧૬. એજન.

માશેલકર સમિતિના સૂચન સરકાર સ્વીકારશે અને તેનો યોગ્ય અમલ થશે તો આવા બદમાશો સાવ સહેલાઈથી છૂટી જઈ પાછા પોતાના ગોરખધંધા ચાલુ નહીં કરી શકે તેમ લાગે છે.[૧૭]

## ૩.૨ ફોજદારી કાર્યવાહીનો કાયદો, ૧૯૭૩

### ૦ કલમ-૩૬૬

### સેશન્સ અદાલતે કરેલી દેહાંતદંડની સજાની બહાલી માટે મોકલવી

૧. જ્યારે સેશન્સ અદાલત દેહાંતદંડની સજા કરે ત્યારે કાર્યવાહી ઉચ્ચ અદાલતને મોકલી આપવામાં આવશે તથા સજાનો અમલ કરવામાં આવશે નહીં સિવાય કે તે ઉચ્ચ અદાલત દ્વારા બહાલ રાખવામાં આવે.

૨. સજા કરતી અદાલત વોરંટ હેઠળ સજા પામેલ વ્યક્તિને કારાવાસના હવાલામાં મોકલી આપશે.

આ કલમમાં કરવામાં આવેલી જોગવાઈઓ હેઠળ જ્યારે પણ આ કલમ હેઠળ સેસન્સ અદાલત દ્વારા કોઈ ઈન્સાફી કાર્યવાહી દેહાંતદંડની સજાને બહાલ રાખવા માટે મોકલી આપવામાં આવે ત્યારે સંપૂર્ણ કાર્યવાહી ઉચ્ચ અદાલત પાસે જાય છે અને તેથી પૂરેપૂરી ગુણવત્તાથી નવેસરથી કેસની ચકાસણી કરવામાં આવે છે. નીચેની અદાલતે જે પુરાવો લીધો હોય તે પુરાવો યથાવત રહે છે. પરંતુ ગુણવત્તાનો વિચાર નવેસરથી કરવામાં આવે છે. દેહાંતદંડની સજા સેશન્સ અદાલત દ્વારા કરવામાં આવે ત્યાર બાદ તેને બહાલ રાખવા માટે સેસન્સ અદાલતે સામેથી જ પોતાની જાતે ઈન્સાફી કાર્યવાહી ઉચ્ચ અદાલતને મોકલી આપવાની રહે છે. જેને સામાન્ય અર્થમાં રેફરન્સ તરીકે ઉકેલવામાં આવે છે અને સાથોસાથ આવી સજાની સામે જે તે આરોપી અપીલ પણ કરી શકે છે. આ રેફરન્સ તથા અપીલ

---

૧૭. ચિત્રલેખા, તા. ૫/૧/૨૦૦૪ નો અંક, પાના નં. ૧૯ થી ૨૩

બંનેને સાંભળવામાં આવે છે. એ ઓળખવામાં છે કે જયારે પણ દેહાંતદંડની સજા બહાલ રાખવા માટે ઉચ્ચ અદાલતને મોકલવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલતે એ જોવાનું રહે છે કે સેસન્સ જજે કરેલ આદેશ યોગ્ય છે કે નહીં આટલું જ નહીં પરંતુ સમગ્ર કેસ વિચારણા હેઠળ લેવાનો રહે છે એ જ રીતે વિશેષ તપાસ કે વધારાનો પુરાવો પણ લેવા માટેનો આદેશ કરવાની સત્તા ઉચ્ચ અદાલતને આપવામાં આવી છે.

સેશન્સ અદાલત દેહાંતદંડની સજા કરે ત્યારે ઉચ્ચ અદાલતે કાર્યવાહી મોકલી આપવામાં આવશે તથા સજાનો અમલ કરવામાં આવશે નહીં આવે સિવાય કે ઉચ્ચ અદાલત દ્વારા કરવામાં આવેલ દેશાંતદંડની સજા બહાલ રાખવામાં આવે. સજા કરતી વખતે અદાલત વોરંટ હેઠળ સજા પામેલી વ્યક્તિને વોરંટ હંટરકારાવાસના હવાલામાં મોકલી આપશે એ ઉલ્લેખનીય છે કે આ તબક્કે સજાનો અમલ થાય ત્યાં સુધી આરોપીને મુક્ત પણ કરી શકાય નહીં કારણ કે દેહાંતદંડની સજા એ માત્રાની દૃષ્ટિએ સૌથી ઊંચી માત્રા ધરાવતી સજા ગણવામાં આવે છે. ઉચ્ચ અદાલત દ્વારા એવી સજા બહાલ રાખવામાં ન આવે ત્યાં સુધી તેનો અમલ કરી શકાય નહીં પરંતુ ઉચ્ચ અદાલત દ્વારા એવી સજા બહાલ રાખવામાં ન આવે અને હળવી સજા કરવામાં આવે તો સર્વોચ્ચ અદાલતને વ્યથિત પક્ષકાર અપીલ કરી શકે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૬ હેઠળ જયારે સજા બહાલ રાખવા માટે ઈન્સાફી કાર્યવાહી ઉચ્ચ અદાલતને સેશન્સ અદાલત દ્વારા મોકલી આપવામાં આવે ત્યાર બાદ શું પ્રક્રિયા કરી શકાય તે અંગે આ કલમથી જોગવાઈ કરવામાં આવી છે. ઉચ્ચ અદાલતને રેકોર્ડ જોતા એમ જાણાય છે કે વ્યકિત દોષિત ઠરે છે કે નિર્દોષતાને લગતાં કોઈ મુદ્દાની વિશેષ તપાસ કરવી આવશ્યક છે અથવા તો વધારાનો પુરાવો લેવો આવશ્યક છે તો તેવી તપાસ ઉચ્ચ અદાલત કરી શકશે અને ઉચ્ચ અદાલતને એમ જાણાય કે એવી તપાસ કે પુરાવો સેશન્સ અદાલત દ્વારા લેવો

જોઈએ તો તેવો નિર્દેશ પણ ઉચ્ચ અદાલત આપી શકશે. એ નોંધવું ઉલ્લેખનીય છે. કે અપીલના તમામ પ્રકારના કિસ્સામાં આવી સત્તા ઉચ્ચ અદાલતને છે. પરંતુ તેમ છતાં દેહાંતદંડની કાર્યવાહીમાં અત્યંત ઝીણવટપૂર્વક ગુણવત્તાની તપાસ કરવાની હોય છે. આરોપી દોષિત છે કે નિર્દોષ છે એ બાબત આખર તો ઈન્સાફી કાર્યવાહીમાં નક્કી કરવાની રહે છે અને તેના પર અદાલતે નિર્ણય આપવાનો હોય છે અને તેને જ ચુકાદો ગણવામાં આવે છે. આરોપી દોષિત ઠરતા હોય કે નિર્દોષ ઠરતા હોય તે અંગે વિશેષ તપાસ આવશ્યક જણાય અને વધારાનો પુરાવો લેવો જોઈએ તેવા નિર્ણય પર ઉચ્ચ અદાલત આવે ત્યારે આ કલમની પેટા કલમ (૧) માં જે જોગવાઈ કરવામાં આવી છે તે મુજબની પ્રક્રિયા અદાલત અપનાવશે. પેટા કલમ (૨) એવું દર્શાવે છે કે એવી તપાસ કરવા સમયે કે એવો પુરાવો લેવા સમયે જો સેશન્સ અદાલત પાસે કાર્યવાહી ચાલતી હોય તો દોષિત ઠરેલ વ્યક્તિની હાજરી આવશ્યક નથી, સિવાય કે ઉચ્ચ અદાલત તેની હાજરી માટે કોઈ સૂચના આપે કે તેને લગતો કોઈ આદેશ આપે.

એ નોંધવું ઉલ્લેખનીય છે કે સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિની સામે તપાસ કરવામાં આવે અથવા તો કોઈપણ વ્યક્તિની સામે પુરાવો લેવામાં આવે ત્યારે તે વ્યક્તિની હાજરી અત્યંત આવશ્યક છે. પરંતુ તેમ છતાં આ કિસ્સામાં અપવાદ છે કારણ કે સેશન્સ અદાલત દ્વારા તે વ્યક્તિને દોષિત ઠરાવવામાં આવી હોય અને તે વ્યક્તિ ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી ચૂકી હોય છે. માત્ર વિશેષ પુરાવો કે આવશ્યક તપાસ કરવા માટે એવી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની રહે છે. જે તપાસ કરવામાં આવે તે ઉચ્ચ અદાલતના નિર્દેશ મુજબની હશે. સિવાય કે ઉચ્ચ અદાલત એવી તપાસ જાતે કરે. જે પુરાવો લેવામાં આવે તે પુરાવા માટે પણ ઉચ્ચ અદાલત દ્વારા સ્પષ્ટ નિર્દેશ આપવો જોઈએ. વિશેષ પુરાવો શું લેવો તે નક્કી કરવાનો પ્રશ્ન ત્યારે આવે ત્યારે ઉચ્ચ અદાલતના નિર્દેશ મુજબનો પુરાવો વિશેષ પુરાવો કે તપાસ સેશન્સ અદાલતે કરવાની રહે છે. પેટા કલમ (૩) માં એવું

દર્શાવવામાં આવ્યું છે કે ઉચ્ચ અદાલત દ્વારા આવી તપાસ કરાવમાં ન આવી હોય અને પુરાવા લેવામાં ન આવ્યો હોય, એટલે કે સેશન્સ અદાલતને એવો પુરાવો લેવા કે તપાસ કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો હોય ત્યારે તપાસનું પરિણામ કે લેવામાં આવેલો પુરાવો પ્રમાણિત કરવામાં આવશે એટલે કે અસલ રેકર્ડ પ્રમાણિત કરીને ઉચ્ચ અદાલત સમક્ષ મોકલી આપવામાં આવશે. એ નોંધવું અત્રે ઉલ્લેખનીય છે કે એવી તપાસ કરવામાં આવે કે એવો પુરાવો લેવામાં આવે ત્યારે ગુણવત્તા પર તેની ચકાસણી સેશન્સ અદાલતને કરવાની રહેતી નથી. સેશન્સ અદાલતે માત્ર ઉચ્ચ અદાલતના નિર્દેશ મુજબ આગળની કાર્યવાહી કરવાની છે, પુરાવો લેવાનો છે કે વિશેષ તપાસ કરવાની છે, તે તપાસ તથા પુરાવોએક અધિકૃત રેકોર્ડ ગણાય અને તેને પ્રમાણિત કરીને ઉચ્ચ અદાલતને મોકલી આપવાનો રહે છે.

આ કલમની ચર્ચા કરતાં સર્વોચ્ચ અદાલતે સુમનના કિસ્સામાં એવું ઠરાવ્યું છે કે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૬ હેઠળ જયારે સજા બહાલ રાખવા માટે ઈન્સાફી કાર્યવાહી ઉચ્ચ અદાલત સમક્ષ મોકલવામાં આવે ત્યારે તે કાર્યવાહી ઉચ્ચ અદાલત સમક્ષ રહે છે અને જયારે ઉચ્ચ અદાલત વિશેષ તપાસ કે વિશેષ પુરાવો લે ત્યારે તે મૂળ ઈન્સાફી કાર્યવાહીનો એક ભાગ ગણાય અને તે કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે તેમ કહી શકાય. કાલીરામના કિસ્સામાં એવું ઠરાવવામાં આવ્યું છે કે તપાસ શબ્દ માત્ર આ કલમ પુરતો વ્યાખ્યાબદ્ધ કરવામાં આવ્યો નથી. પરંતુ જે દેહાંતદંડની સજા કરવામાં આવી હોય છે તે આખરી નથી, સિવાય કે ઉચ્ચ અદાલત દ્વારા તેને બહાલ રાખવામાં આવે અને તેથી તપાસમાં જો આરોપીનું વિશેષ નિવેદન કલમ ૩૧૩ હેઠળ લેવામાં આવે તો તે તપાસનો એક ભાગ ગણાય અને આ કલમ હેઠળ આપવામાં આવેલાં નિર્દેશ મુજબનો તે ભાગ છે તેમ કહી શકાય. એ નોંધવું અત્રે ઉલ્લેખનીય છે કે 'ટાડા' એકટ તરીકે ઓળખાતાં વિશિષ્ટ અધિનિયમ હેઠળ એક વિશેષ પ્રક્રિયા આપવામાં આવી છે અને જયારે પણ સેશન્સ અદાલતનો ઉલ્લેખ હોય ત્યારે તેને ''ડેઝીગ્નેટેડ કોર્ટ'' તથા જયાં હાઈકોર્ટનો

ઉલ્લેખ હોય ત્યાં 'સુપ્રિમ કોર્ટ' એવો અર્થ ઘટાડવાનો છે તેમ કલમ-૧૭ હેઠળ સ્પષ્ટતા કરવામાં આવી છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૬૬ હેઠળ ઉચ્ચ અદાલતને દેહાંતદંડની સજા બહાલ રાખવા માટે જયારે ઈન્સાફી કાર્યવાહી મોકલવામાં આવે ત્યારે શું પ્રક્રિયા અપનાવવી તે માટે જોગવાઈ કરવામાં આવી છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૬૬ મુખ્ય પ્રબંધ છે. તથા તે પ્રબંધના અનુસંધાને અન્ય પ્રબંધો કરવામાં આવ્યા છે. સજા બહાલ રાખવાની કે રદ કરવાની ઉચ્ચ અદાલતને સત્તા છે. અલબત્ત, આવી સત્તા અપીલ ચલાવતી અદાલતને પણ આપવામાં આવી છે. પરંતુ દેહાંતદંડની સજા માટે એક વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવી છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૬૬ હેઠળ જયારે કોઈ કેસ ઉચ્ચ અદાલતને મોકલવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલત સમક્ષ શું શું વિકલ્પ છે અને શું સત્તા છે શું તે કલમનો હેતુ છે અને આ કલમનું હાર્દ શું છે.

પેટા ખંડ (ક) માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે બહાલ રાખવા માટે મોકલી આપેલી ઈન્સાફી કાર્યવાહીમાં ઉચ્ચ અદાલત તેવી સજા બહાલ રાખી શકશે અને અથવા કાનૂન મુજબ કરી શકાય તેવી અન્ય સજા કરી શકશે. તેનો અર્થ એવો થાય કે દેહાંતદંડની સજા બહાલ રાખવા ઉપરાંત કાનૂન મુજબ અન્ય કોઈ સજા કરી શકતી હોય તો તેવી સજા પણ ઉચ્ચ અદાલત કરી શકશે. એટલે કે દેહાંતદંડની સજાને અન્ય કેદની સજામાં પરિવર્તિત કરી શકશે. કાનૂન મુજબ કરી શકાય તેવી અન્ય સજાનો અર્થ એવો ઘટાવી શકાય કે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ હેઠળ જયારે એક ગુનો પુરવાર થતો હોય અને ઉચ્ચ અદાલત એવા તારણ પર આવે કે દેહાંતદંડની સજા કરવા યોગ્ય કેસ નથી. તો કાનૂન મુજબ અન્ય એક વિકલ્પ આજીવન કારાવાસનો રહે છે અને તે માટે કાનૂન મુજબ અન્ય એક વિકલ્પ આજીવન કારાવાસનો રહે છે. અને તે માટે કાનૂન મુજબ કરી શકાય તેવી

સજા એવો શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે. પેટા-ખંડ (ખ) એવી જોગવાઈ દર્શાવે છે કે દેહાંતદંડની સજા કરી હોય અને દેહાંતદંડની સજા કરવા યોગ્ય ન હોય એટલું જ નહીં, પરંતુ એમ જણાય કે કિસ્સો એવો છે કે જેમાં ગુનો પુરવાર થતો નથી તો સંપૂર્ણ સજા રદ કરાવની સત્તા પણ ઉચ્ચ અદાલતને આપવામાં આવી છે. આ ઉપરાંત સેશન્સ અદાલત ઈન્સાફી કાર્યવાહીમાં આરોપીને દોષિત ઠરાવી શકી હોત તેવા અન્ય ગુના માટે પણ આરોપીને ઉચ્ચ અદાલત દોષિત ઠરાવી શકશે. એટલું જ નહીં પરંતુ તે જ તહોમતનામાના આધાર પર નવેસરથી ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે આદેશ કરી શકાય કે જેને સામાન્ય શબ્દપ્રયોમગાં ઈન્સાફી કાર્યવાહી રીમાન્ડ કરી શકશે તેમ કહી શકાય. આ ઉપરાંત પેટા-ખંડ (ગ) એવું દર્શાવે છે કે ઉચ્ચ અદાલતને ગુણવત્તા જોતાં એવું જણાય કે આરોપીની સામે કોઈપણ પ્રકારનો ગુનો સાબિત થતો નથી તો આરોપીને નિર્દોષ ઠરાવીને મુક્ત કરી શકાય. અલબત્ત, નીચેની અદાલતને ફરીથી કાર્યવાહી ચલાવવા માટે મોકલાય ત્યારે દેહાંતદંડની સજા પ્રથમ રદ કરવી જોઈએ.

પેટા-ખંડ (ગ) હેઠળ પ્રબંધક આપવામાં આવેલું છે. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૩૬૬ હેઠળ જયારે દેહાંતદંડની સજા બહાલ રાખવા માટે ઈન્સાફી કાર્યવાહી ઉચ્ચ અદાલતને મોકલી આપવામાં આવી હોય ત્યારે માત્ર તે અંગે નિર્ણય કરવો પર્યાપ્ત નથી પરંતુ જયાં સુધી અપીલ કરવા માટે આપવામાં આવેલી મુદ્દત પૂરી ન થાય અને આપીલનો નિકાલ ન થાય ત્યાં સુધી આ કલમ હેઠળ સજા બહાલ રાખતો આદેશ ઉચ્ચ અદાલત કરી શકશે નહીં. એટલે કે ઉચ્ચ અદાલત સજા બહાલ રાખે ત્યારે અને તેની સાથે જ અપીલનો નિર્ણય પણ થવો જોઈએ. એક જ હકીકતમાં બહાલ રાખવા માટેની અદાલત દ્વારા ઈન્સાફી કાર્યવાહી મોકલી આપવામાં આવી હોય તથા વ્યથિત પક્ષકારે તેમાં અપીલ પણ કરી હોય

છે. એ બંનેમાં અલગ અલગ નિર્ણય હોઈ શકે નહીં અને બન્નેનો નિર્ણય  ગુણવત્તા પર એક જ આવી શકે અને તેથી વિરોધાભાસી ચુકાદાઓ ન આવે તેવા આશયથી આ પ્રબંધકની રચના કરવામાં આવી છે. ઉચ્ચ અદાલત દેહાંતદંડની કરાવમાં આવેલી સજા બહાલ રાખી શકશે, કાનૂન મુજબ કરી શકાય તેવી અન્ય સજા દેહાંતદંડના વિકલ્પે કરી શકશે, સજા રદ કરીને સેશન્સ અદાલતે ફરીથી ઈન્સાફી કાર્યવાહી નવેસરથી ચલાવવા માટે  આદેશ કરી શકશે, આ ઉપરાંત સેશન્સ અદાલત દોષિત ઠરાવી શકી હોત તેવા અન્ય કોઈ ગુન્હા માટે આરોપીને દોષિત ઠરાવી શકશે કે આરોપીને સંપૂર્ણપણે નિર્દોષ ઠરાવીને મુક્ત પણ કરી શકશે.

એ નોંધવું અત્રે ઉલ્લેખનીય છે કે પેટા ખંડ (ક), (ખ) તથા (ગ) માં જે સત્તાઓ આપવામાં આવી છે તે એક સંપૂર્ણ સત્તા છે અને આ સિવાય અન્ય કોઈ વિકલ્પ કે સત્તા બાકી રહેતી નથી. ઉચ્ચ અદાલત જયારે સજા બહાલ રાખવી કે કેમ તે ગુણવત્તા પર નક્કી કરે અને ત્યારે અન્ય સત્તાઓ પણ હોવી જોઈએ. જે અંગે તહોમતનામું ઘડવામાં આવ્યું હોય અથવા તો જે તહોમત માટે આરોપીને સેશન્સ અદાલત દોષિત ઠરાવી શકી હોત તેવા ગુના માટે જો પુરાવો આવતો હોય તો તેમાં પણ સજા કરી શકાય. એ જરૂરી નથી કે ઉચ્ચ અદાલત નવેસરથી કાર્યવાહી ચલાવવા માટે હંમેશા સેસન્સ અદાલતને કેસ મોકલી જ આપે. પરંતુ ઉચ્ચ અદાલતને એમ જણાય કે તે તહોમતનામા પરથી કે સુધારેલા તહોમતનામા પરથી નવેસરથી ઈન્સાફી કાર્યવાહી કરવી ન્યાયના હિતમાં આવશ્યક છે, તો તેવો આદેશ કરી શકશે. પ્રબંધકથી સ્પષ્ટ કરવામાં આવ્યું છેકે આવા રેફરન્સ તથા અપીલનો નિકાલ એકી સાથે થવા જોઈએ કે જે કારણોથી વિરોધાભાસી નિર્ણય થવા પામે નહીં. દેહાંતદંડની સજા સૌથી કઠોર સજા છે. તેનાથી કઠોર સજા કોઈ નથી અને દેહાંતદંડની સજા હળવી કરવામાં આવે ત્યારે દેહાંતદંડ સિવાયની સજા કરવામાં આવે કે નીચેની અદાલતે જે ગુના માટે સજા કરી ન હોય તેમાં સજા કરવામાં આવે તેવો પુરાવો રેકોર્ડ પર ઉપલબ્ધ હોય અને સજા કરવામાં આવે તો

તે કારણે આરોપીને અન્યાય થતો નથી કે તેના બચાવમાં કોઈ પૂર્વગ્રહ થતો નથી. અને અપીલમાં અપીલ ચલાવતી અદાલતને પર્યાપ્ત સત્તા આપવામાં આવી છે. પરંતુ દેહાંતદંડ એ સૌથી ઉપરની સજા હોવાના કારણે વિશિષ્ટ પ્રબંધ કરીને એ સત્તાનો ઉલ્લેખ આ જોગવાઈમાં કરવામાં આવ્યો છે.

ભારતમાં રાજ્યે રાજ્યે, વળી જિલ્લે જિલ્લે કાયદો અને વ્યવસ્થાની એક જ માત્રામાં ફાળવણીની પરિસ્થિતિ ભિન્ન ભિન્ન છે. વળી ભારતની વિશાળ આમપ્રજા નિરક્ષર છે. તેઓ દેશના ચારે ખૂણામાં આવેલા દૂર દૂરના છૂટા છવાયા ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે. ત્યાં બધે એકસરખું પોલિસ રક્ષણ પ્રાપ્ય નથી. ઘણા પ્રદેશોમાં હજી પણ જ્ઞાતિ, સંપ્રદાય, ભાષાના કારણે ટોળાં યુદ્ધ થાય છે. સમાજમાં હિંસાનું પ્રમાણ વધતું જાય છે. કાયદો અને તેના દ્વારા થતી શિક્ષાથી જ આવા સંજોગોમાં વ્યક્તિગત કે સામુહિક હિંસા સામે સમાજને રક્ષણ આપી શકાય છે. આટલી પૂર્વભૂમિકા પછી દેહાંતદંડની તરફેણ અને નાબૂદી માટેની દલીલોની સંક્ષિપ્તમાં સમીક્ષા અગાઉ આ કે તે મતના સમર્થનમાં ઉપયોગમાં લેવાતા આંકડાની વિશ્વસનીયતા વિશે સમજૂતિ મેળવવી જરૂરી છે.

કેટલાક સંશોધકોએ એક જ રાજ્યમાં આ સજાની નાબુદી અગાઉના અને તે પછીના અમુક ચોક્કસ સમયગાળામાં થયેલા ગુનાના દરના આંકડા એકઠા કર્યા છે. બીજા સંશોધકોએ એક જ સમયગાળામાં આ સજા અમલમાં હોય તે રાજ્યના, અને તે નાબુદ કરાઈ હોય તે રાજ્યના ગુનાના દરોની તુલના કરી છે.

કેટલાક સંશોધકોએ રાજ્યોમાં પ્રાયોગિક ધોરણે આ સજા નાબૂદ કરવામાં આવી હોય તે રાજ્યમાં નાબૂદી અગાઉના, અને પછીના સમયગાળામાં બનેલા, ગુનાના દર તપાસ્યા છે. આ સિવાયના પણ આ માટે બીજી રીતો અને પદ્ધતિઓ ઉપયોગમાં લેવાઇ છે. આ બધી વિવિધ રીતે આંકડા એકઠા કરી આ સજાની નાબૂદી કે હિમાયત કરવાનું વલણ જોવા મળે છે. પણ આ આંકડાશાસ્ત્રીય

પદ્ધતિઓથી આ સમસ્યાની સાચી જ માહિતી મળે છે તેમ કહેવું મુશ્કેલ છે. કોઈ બે બાબતોનો એકબીજા સાથે આંકડાશાસ્ત્રીય સંબંધ હોય તેથી તે બંને બાબતો વચ્ચે કાર્યકારણ સંબંધ પણ હોયજ, તેવું કહેવાનું કોઈ કારણ જણાતું નથી. ઘડીભર માની લઈએ કે આ સજાની નાબુદીના સમયગાળામાં ખૂનનો દર ઘટયો હતો, પણ આવો ઘટાડો આ સજાની નાબુદીને કારણે જ થયો હતો. તેવું વિશ્વાસપાત્ર રીતે કહેવાનું કોઈ કારણ નથી. ખૂનના દરના ઘટાડા ઉપર બીજી અનેક સામાજિક પરિસ્થિતિઓ અને સંજોગોની પણ અસર પડતી હોય છે, આંકડાશાસ્ત્રીય સંશોધન પદ્ધતિઓનું મૂલ્ય ઓછું નથી. સમાજવિજ્ઞાનમાં બને તેટલી ચોકકસાઈથી વૈજ્ઞાનિક રીતે સંશોધન કરવા માટે તેની ખાસ અગત્ય અને જરૂરિયાત રહે છે.

દેહાંતદંડની નાબૂદી માત્રથી જ ખૂનનો દર વધ્યો કે ઘટયો છે તેવું નિઃશંકપણે પુરવાર થયું, તેમ કહી શકાતું નથી. તેથી ઈંગ્લેન્ડનું રોયલ કમીશન ઓન કેપીટલ પનિશમેન્ટ (૧૯૪૯-૫૩) આ તારણ ઉપર આવ્યું છે. ‘‘અમે તપાસેલા કોઈ આંકડામાં, દેહાંતદંડની નાબૂદીથી માનવહત્યાના ગુનાનો દર વધ્યો છે કે તે (સજા) દાખલ કરવાથી આ દર ઘટયો છે, એવો કોઈ સ્પષ્ટ પુરાવો નથી.’’

રેકલેસ પણ આજ તારણ ઉપર આવતાં કહે છે કે દેહાંતદંડના ઘટતા ઉપયોગને તેની સાવ નાબૂદીથી ગંભીર ગુનાઓમાં વધારો થયાનું જાણાયું નથી. પરંતુ ઘણા કિસ્સાઓમાં તો, આવા ગુનામાં ઘટાડો થયાનું જણાવ્યું છે. કેલવર્ટ જણાવે છેકે દેહાંતદંડની નાબુદીથી ખૂનના ગુનામાં કાયમી વધારો થવાનો પુરાવો મળતો નથી. બોવીએ ૧૮૦૪ થી ૧૮૧૧ દરમિયાન મુંબઈમાં બનેલા ગુનાનો અભ્યાસ કર્યો છે. તે વર્ષમાં મુંબઈમાં ફાંસી આપવામાં આવતી ન હતી. જે વર્ષોમાં સજા કરવામાં આવતી હતી તે વર્ષોની તુલનામાં આ આઠ વર્ષોમાં દેહાંતદંડને પાત્ર ગુનાનો દર નીચો જણાયો હતો. શુઝલર જણાવે છે કે આંકડાકીય અભ્યાસો, દેહાંતદંડની સજામાં કોઈ ભય ઉત્પન્ન કરનારું તત્વ છે તેવો દાવો, સાબિત કરી

શકતા નથી. માનવહત્યાના ગુનાના દરમાં જોવા મળતા ફેરફારોને સજાના ઉપયોગમાં કરેલા ફેરફારો સાથે કોઇ લેવાદેવા જાણાતી નથી. અદાલતે ઠરાવેલ છે એવું ઉલ્લેખનીય છે કે મસાલટી વિરુધ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય એ એક સીમાસ્થંભ રુપ ચુકાદો છે અને એક કરતાં વધુ એટલું જ નહીં પરંતુ અનેક ફોજદારી કાનુનને લગતા મુદ્દાઓની ચર્ચા સર્વોચ્ચ અદાલતે આ કિસ્સામાં કરી છે. ગુરુબચ્ચન સિંગ[3] ના કિસ્સામાં પણ એ હકીકતની નોંધ સર્વોચ્ચ અદાલતે લીધી છે. જે કોઇ મુદ્દા બચાવ પક્ષ દવારા ઉઠાવવામાં આવે અને જે કોઇ મુદ્દા નીચેની અદાલતના ચુકાદા પરથી ઉભા થતા હોય તે તમામ અગત્યના મુદ્દા પર દલીલ થઇ હોય કે ન હોય તેમ છતાં તે તમામનો જવાબ આપવો તે ઉચ્ચ અદાલત માટે આવશ્યક છે અને તે તમામ મુદ્દાની છણાવટ, અલબત્ત પૃથક્કરણ ઉચ્ચ અદાલતે કરવું જોઇએ તેમ ઠરાવવામાં આવ્યું છે.

**૦ ફોજદારી કાર્યરીતિ સંહિતા - કલમ-૩૬૭**

**વિશેષ તપાસ કરવા અથવા વધારે પુરાવો લેવા માટે નિર્દેશ આપવાની સત્તા**

૧. આવી કાર્યવહી મોકલી આપવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલતને એમ જણાય છે કે દોષીત કરેલ વ્યક્તિના દોષ અથવા નિર્દોષતાને લગતા કોઇ મુદ્દાની વિશેષ તપાસ થવી જોઇએ કે વધારાનો પુરાવો લેવો જોઇએ તો તેવી તપાસ કરી શકાય અથવા તેવો પુરાવો લઇ શકશે અથવા સેસન્સ અદાલતને તે કરવા કે લેવા નિર્દેશ આપી શકશે.

૨. ઉચ્ચ અદાલત અન્યથા આદેશ આપે તે સિવાય આવી તપાસ કરવા સમયે દોષિત વ્યક્તિની હાજરી વગર ચલાવી શકાશે.

૩. જયારે ઉચ્ચ અદાલતે તપાસ કરી ન હોય કે કોઇ પુરાવો લીધેલ ન

હોય તો આવી તપાસનું પરિણામ અથવા પુરાવો આવી અદાલત દ્વારા પ્રમાણિત કરવામાં આવશે.

ઉચ્ચ અદાલતને રેકર્ડ જોતાં એમ જણાય છે કે વ્યક્તિ દોષિત ઠરે છે કે નિર્દોષતાને લગતા કોઈ મુદ્દાની વિશેષ તપાસ કરવી આવશ્યક છે અથવા તો વધારાનો પુરાવો લેવા આવશ્યક છે તો એવી તપાસ ઉચ્ચ અદાલત કરી શકશે અને ઉચ્ચ અદાલતને એમ જણાય છે કે એવી તપાસ કે એવો પુરાવો સેસન્સ અદાલત દ્વારા લેવો તો તેવો નિર્દેશ પણ ઉચ્ચ અદાલત આપી શકશે. એ નોંધવું ઉલ્લેખનીય છે કે અપીલનાં તમામ પ્રકારનાં કિસ્સામાં આવી સત્તા ઉચ્ચ અદાલતને છે પરંતુ, તેમ છતાં દેહાંતદંડની કાર્યવાહીમાં અત્યંત ઝીણવટપૂર્વકની ગણતરીની તપાસ કરવાની હોય છે. આરોપી દોષિત છે કે નિર્દોષ એ બાબત જ ઈન્સાફી કાર્યવાહીમાં નક્કી કરવાની રહે છે અને તેના પર અદાલતે નિર્ણય આપવાનો હોય છે અને તેને જ ચુકાદો ગણવામાં આવે છે. આરપી દોષિત ઠરાતો હોય કે નિર્દોષ ઠરાતો હોય તે અંગે વિશેષ તપાસ આવશ્યક ગણાય અને વધારાનો પુરાવો લેવો જોઈએ. તેવા નિર્ણય પર ઉચ્ચ અદાલત આવે ત્યારે આ કલમમાં જે જોગવાઈ કરવામાં આવે છે તે મુજબની પ્રક્રિયા અદાલત અપનાવશે. પેટા કલમ-૨ એવું જણાવે છે કે એવી તપાસ કરવા સમયે કે એવો પુરાવો લેવા સમયે જો સેશન્સ અદાલત પાસે કાર્યવાહી ચાલતી હોય તો દોષિત ઠરેલ વ્યક્તિની હાજરી આવશ્યક નથી સિવાય કે ઉચ્ચ અદાલત તેની હાજરી સાથે કોઈ સુચના આપે કે તેને લગતો કોઈ આદેશ આપે. એ નોંધવું ઉલ્લેખનીય છે કે સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિની સામે તપાસ કરવામાં આવે અથવા તો કોઈપણ વ્યક્તિની સામે પુરાવો લેવામાં આવે ત્યારે તે વ્યક્તિની હાજરી અત્યંત આવશ્યક છે. પરંતુ આ કિસ્સામાં અપવાદ આપવામાં આવ્યો છે. કારણ કે સેશન્સ અદાલત દ્વારા તે વ્યક્તિને દોષિત ઠરાવવામાં આવી હોય છે અને તે વ્યક્તિ ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી ચુકી હોય છે. માત્ર વિશેષ પુરાવો કે આવશ્યક તપાસ કરવા માટે એવી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની રહે છે

કે તપાસ કરવામાં આવે તે ઉચ્ચ અદાલતના નિર્દેશ મુજબની હશે સિવાય કે ઉચ્ચ અદાલત તેની તપાસ જાતે કરે જે પુરાવો લેવામાં આવે તે પુરાવા માટે પણ ઉચ્ચ અદાલત દ્વારા સ્પષ્ટ નિર્દેશ આપવો જોઈએ. વિશેષ પુરાવા લેવા શું તે નક્કી કરવાનો પ્રશ્ન જયારે આવે ત્યારે ઉચ્ચ અદાલતના નિર્દેશ મુજબનો પુરાવો લેવામાં આવ્યો હોય એટલે કે સેસન્સ અદાલતને એવો પુરાવો લેવા કે તપાસ કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો હોય ત્યારે તપાસનું પરિણામ કે લેવામાં આવેલો પુરાવો પ્રમાણિત કરવામાં આવશે એટલે કે અસર રેકર્ડ પ્રમાણિત કરીને ઉચ્ચ અદાલત સમક્ષ મોકલી આપવામાં આવશે એ નોંધવું અત્રે ઉલ્લેખનીય છે કે આવી તપાસ કરવામાં આવે કે આવો પુરાવો લેવામાં આવે ત્યારે ગુણવત્તા પર તેની ચકાસણી સેસન્સ અદાલતને કરવાની રહેતી નથી. સેસન્સ અદાલતે માત્ર ઉચ્ચ અદાલતનાં નિર્દેશ મુજબ આગળની કાર્યવહી કરવાની છે. પુરાવો લેવાનો છે કે વિશેષ તપાસ કરવાની છે. તપાસ તથા પુરાવો એક અધિકૃત રેકર્ડ ગણાય અને તેને પ્રમાણિત કરીને ઉચ્ચ અદાલતને મોકલી આપવાનો રહે છે.

**○ ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ-૩૬૮**

**સજા બહાલ રાખવાની કે રદ કરવાની ઉચ્ચ અદાલતની સજા**

કલમ-૩૬૬ હેઠળ મોકલવામાં આવેલ કોઈ કેસમાં ઉચ્ચ અદાલત :

(ક) સજા બહાલ રાખી શકાશે અથવા કાનુન મુજબ કરી શકાય તેવી અન્ય સજા કરી શકશે.

**અથવા**

(ખ) સજા રદ કરી શકશે તથા સેસન્સ અદાલત દોષિત ઠરાવી શકી હોત તેવા કોઈ અન્ય ગુના માટે આરોપીને દોષિત ઠરાવી શકશે અથવા તે જ કે સુધારેલા તહોમત પર નવેસરથી ઈન્સાફી કાર્યવાહી કરવા આદેશ કરી શકશે.

**અથવા**

(ગ) આરોપીને નિર્દોષ ઠરાવી મુક્ત કરી શકશે.

પરંતુ, જયાં સુધી અપીલ કરવા માટે આપવામાં આવતી મુદ્દત પુરી ન થાય અથવા આવી મુદ્દતમાં અપીલ કરવામાં આવે અને જયાં સુધી આવી અપીલનો નિકાલ ન થાય ત્યાં સુધી આ કલમ હેઠળ બહાલ રાખતો આદેશ કરી શકાશે નહીં.

સજા બહાલ રાખવાની કે રદ કરવાની સત્તા ઉચ્ચ અદાલતને છે અલબત્ત આવી સત્તા અપીલ ચલાવતી અદાલતને પણ આપવામાં આવી છે. પરંતુ દેહાંતદંડની સજા માટે એક વિશિષ્ટ જોગવાઇ કરવામાં આવી છે. કલમ-૩૬૬ હેઠળ જયારે કોઈ કેસ ઉચ્ચ અદાલતને મોકલી આપવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલત સમક્ષ કયા વિકલ્પ છે અને કઇ સત્તા છે તે આ કલમનો હેતુ છે.

પેટા ખંડ (ક) માં એવી જોગવાઇ કરવામાં આવી છે કે બહાલ રાખવા માટે આપેલી ઈન્સાફી કાર્યવાહીમાં ઉચ્ચ અદાલત તેવી સજા બહાલ રાખી શકશે અને અથવા કાનુન મુજબ કરી શકાય તેવી અન્ય સજા કરી શકશે તેનો અર્થ એવો થાય કે દેહાંતદંડની સજા બહાલ રાખવા ઉપરાંત કાનુન મુજબ અન્ય કોઇ સજા કરી શકાતી હોય તો તેવી પણ સજા પણ ઉચ્ચ અદાલત કરી શકશે એટલે કે દેહાંતદંડની સજાને અન્યકેદની સજામાં પરિવર્તીત કરી શકાશે કાનુન મુજબ કરી શકાય તેવી અન્ય સજાનો અર્થ એવો ઘટાવી શકાય કે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ હેઠળ જયારે એક ગુનો પુરવાર થતો હોય અને ઉચ્ચ અદાલત એવું તારણ પર આવે છે કે દેહાંતદંડની સજા કરવા યોગ્ય કેશ નથી તો કાનુન મુજબ અન્ય એક વિકલ્પ આજીવન કેદનો રહે છે અને તે માટે કાનુન મુજબ કરી શકાય તેવી સજા એવો શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે. પેટા ખંડ (ખ) માં એવી જોગવાઈ છે કે દેહાંતદંડની સજા કરી હોય અને દેહાંતદંડની સજા કરવા યોગ્ય ન હોય એટલું જ નહીં પરંતુ એમ જણાય કે કિસ્સો એવો છે કે ગુનો પુરવાર થતો

નથી તોસંપૂર્ણ સજા રદ કરવાની સત્તા પણ ઉચ્ચ અદાલતને આપવામાં આવી છે. આ ઉપરાંત સેસન્સ અદાલત ઈન્સાફી કાર્યવાહીમાં આરોપીને દોષિત ઠરાવી શકી હોત તેવા અન્ય ગુના માટે પણ આરોપીને ઉચ્ચ અદાલત દોષિત ઠરાવી શકશે એટલું જ નહીં પરંતુ તેજ તહોમતનામાના આધાર પર નવેસરથી ઈન્સાફી કાર્યવાહી રીમાન્ડ કરી શકાય તેમ કહી શકાય આ ઉપરાંત પેટા વર્ગ (ગ) એવું દર્શાવે છે કે ઉચ્ચ અદાલતને ગુણવત્તા જોતાં એવું જાણાય કે આરોપીની સામે કોઈપણ પ્રકારનો ગુનો સાબીત થતો નથી તો આરોપીને નિર્દોષ ઠરાવીને મુક્ત કરી શકાય અલબત્ત નીચેની અદાલતને ફરીથી કાર્યવાહી ચલાવવા માટે મોકલાય ત્યારે દેહાંતદંડની સજા પ્રથમ રદ કરવી જોઈએ.

પેટા ખંડ (ગ) હેઠળ પ્રબંધક આપવામાં આવેલું છે. કલમ-૩૬૬ હેઠળ જયારે દેહાંતદંડની સજા બહાલ રાખવા માટે ઈન્સાફી કાર્યવાહી ઉચ્ચ અદાલતને મોકલી આપવામાં આવી હોય ત્યારે માત્ર તે અંગે નિર્ણય કરતો પર્યાપ્ત નથી પરંતુ જયાં સુધી અપીલ કરવા માટે આપવામાં આવેલી મુદ્દત પૂરી ન થાય અથવા તો જયાં સુધી અપીલનો નિકાલ ન થાય ત્યાં સુધી આ કલમ હેઠળ સજા બહાલ રાખતો આદેશ ઉચ્ચ અદાલત કરી શકે નહીં એટલે કે ઉચ્ચ અદાલત સજા બહાલ રાખે ત્યારે અને તેની સાથે જ અપીલનો નિર્ણય થવો જોઈએ. હકીકતમાં બહાલ રાખવા માટે નીચેની અદાલત દ્વારા ઈન્સાફી કાર્યવાહી મોકલી આપવામાં આવી છે. તથા વ્યથીત પક્ષકારે તેમાં અપીલ પણ કરી હોય છે. એ બંનેમાં અલગ અલગ નિર્ણય હોઈ શકે અને બંનેનો નિર્ણય ગુણવત્તા પર એક જ આવી શકે અને તેથી વિરોધાભાસી ચુકાદાઓ ન આવે તેવા આશયથી આ પ્રબંધકની રચના કરવામાં આવી છે. સમગ્રપણે જોવામાં આવે તો આ કલમ હેઠળ ઉચ્ચ અદાલતને તમામ સત્તાઓ આપવામાં આવી છે. દેહાંતદંડની કરવામાં આવેલી સજા બહાલ રાખી શકાશે, કાનુન મુજબ કરી શકાય તેવી અન્ય સજા દેહાંતદંડના વિકલ્પે કરી શકશે સજા રદ કરીને સેસન્સ અદાલતને ફરીથી ઈન્સાફી કાર્યવાહી નવેસરથી ચલાવવા

માટે આદેશ કરી શકશે, આ ઉપરાંત સેસન્સ અદાલત દોષિત ઠરાવી શકી હોય તેવા અન્ય કોઈ ગુના માટે દોષિત ઠરાવી શકાશે આ ઉપરાંત આરોપીને સંપૂર્ણ નિર્દોષ ઠરાવીને મુક્ત પણ કરી શકશે એ નોંધવું અત્રે ઉલ્લેખનીય છે કે પેટા ખંડ (ક), (ખ) તથા ગ માં જે સત્તાઓ આપવામાં આવી છે તે સંપૂર્ણ સતા છે અને આ સિવાય અન્ય કોઈ વિકલ્પ કે સત્તા બાકી રહેતી નથી. ઉચ્ચ અદાલત જયારે સજા બહાલ રાખવી કે કેમ તે ગુણવત્તા પર નક્કી કરી ત્યારે અન્ય સત્તાઓ પણ હોવી જોઈએ કે જે અંગે તહોમતનામું ઘડવામાં આવ્યું હોય અથવા તો જે તહોમત માટે આરોપીને સેસન્સ અદાલત દોષિત ઠરાવી શકી હોય તેવા ગુન્હા માટે જો પુરાવો આવતો હોય તો તેમાં પણ સજા કરે શકાય એ જરૂરી નથી કે ઉચ્ચ અદાલત નવેસરથી કાર્યવાહી ચલાવવા માટે હંમેશા મોકલી જ આપે પરંતુ, ઉચ્ચ અદાલતને અમે જાણાય છે કે તે તહોમતનામા પરથી કે સુધારેલા તહોમતનામા પરથી નવેસરથી ઈન્સાફી કાર્યવાહી કરવી ન્યાયમાં હિતમાં આવશ્યક છે, તો તેવો આદેશ કરી શકાશે, પ્રબંધકથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આવા રેફરન્સ તથા અપીલનો નિકાલ એકી સાથે થવો જોઈએ કે જે કારણે વિરોધાભાસી નિર્ણય થવા પામે નહીં, દેહાંતદંડની સજા સૌથી કઠોર સજા છે તેનાથી કઠોર સજા કોઈ નથી અને દેહાંતદંડની સજા હળવી કરવામાં આવે ત્યારે દેહાંતદંડ સિવાયની સજા કરવામાં આવે છે કે નીચેની અદાલતે જે ગુન્હા માટે સજા કરી ન હોય તેમાં સજા કરવામાં આવે તેવો પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ હોય અને સજા કરવામાં આવે તેવો પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ હોય અને સજા કરવામાં આવે તો તે કારણે આરોપીને અન્યાય થતો નથી કે તેનાં બચાવમાં કોઈ પૂર્વગ્રહ થતો નથી. અન્ય અપીલમાં અપીલ ચલાવતી અદાલતને પર્યાપ્ત સત્તા આપવામાં આવી છે. પરંતુ, દેહાંતદંડ એક સૌથી ઉપરની સજા હોવા કારણે વિશિષ્ટ પ્રબંધ કરીને એ સતાનો ઉલ્લેખ આ જોગવાઈમાં કરવામાં આવ્યો છે.

O **ફોજદારી કાર્યવાહી સંહિતા - કલમ-૩૬૯**

**બહાલી કે નવી સજામાં બે ન્યાયમૂર્તિઓએ સહી કરવી જોઇએ.**

જ્યારે એ મુજબ મોકલાયેલા પ્રત્યેક કેસમાં સજા બહાલ રાખવામાં આવતા અથવા કોઇ નવી સજા કરવામાં આવતા તથા ઉચ્ચ અદાલતે કરેલો આદેશ, જ્યારે આવી અદાલત બે અથવા વધુ ન્યાયમૂર્તિઓને બનેલી હોય ત્યારે ઓછામાં ઓછા તે પૈકીનાં બે દ્વારા સહી કરવામાં આવશે.

સજા બહાલ કરવામાં આવે કે નવી સજા કરવામાં આવે ત્યારે બે ન્યાયમૂર્તિઓએ તેમાં સહી કરવી જોઇએ તેવી જોગવાઇ આ કલમથી કરવામાં આવી છે કલમ-૩૬૬ હેઠળ દેહાંતદંડની સજા બહાલ રાખવા માટે જ્યારે ઉચ્ચ અદાલત સમક્ષ ઈન્સાફી કાર્યવાહી મોકલવામાં આવે અને તેવો રેફરન્સ કરવામાં આવે અને ઉચ્ચ અદાલતનાં બે અથવા વધુ ન્યાયમૂર્તિઓની પીઠ બનેલી હોય ત્યારે ઓછામાં ઓછા તે પૈકીના બે દ્વારા એવો આદેશ કરવામાં આવશે તથા સહી કરાવમાં આવશે એટલે કે સજા બહાલ રાખવામાં આવે કે અન્ય નવી સજા કરવામાં આવે તો બે ન્યાયમૂર્તિઓની તેમાં સહી હોવી જોઇએ અને બે ન્યાયમૂર્તિઓ સહમત થતા હોવા જોઇએ તેવો પ્રબંધ આ કલમમાં છે.

O **સી.આર.પી.સી. કલમ-૩૭૦**

**મતભેદના કિસ્સામાં કાર્યરીતી**

ન્યાયમૂર્તિઓની પીઠ સમક્ષ આવા કેસની સુનાવણી થાય તથા અલગ મત ધરાવનાર ન્યાયમૂર્તિઓની સંખ્યા સરખી હોય ત્યારે કલમ-૩૯૨ માં દર્શાવેલી રીતે કેસનો નિર્ણય કરવામાં આવશે.

દેહાંતદંડની સજા બહાલ રાખવા માટે ઉચ્ચ અદાલત સમક્ષ મોકલવામાં આવે અને ઉચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓની પીઠ સક્ષમ સુનાવણી થાય અને અલગ મત ધરાવતા ન્યાયમૂર્તિઓની સંખ્યા સરખી હોય ત્યારે કલમ-૩૯૨ માં

દર્શાવેલી રીતે કેસનો નિર્ણય કરવામાં આવશે તેવી જોગવાઈ આ કલમથી કરવામાં આવી છે.

**૦ સી.આર.પી.સી. કલમ-૩૭૧**

દેહાંતદંડની સજા બહાલી માટે સેસન્સ અદાલતે ઉચ્ચ અદાલતને મોકલી આપેલા કેસોમાં, ઉચ્ચ અદાલત બહાલ રાખતો આદેશ અથવા અન્ય આદેશ કરે ત્યાર બાદ ઉચ્ચ અદાલતમાં યોગ્ય અધિકારી ઉચ્ચ અદાલતની મુદ્રા હેઠળ તથા પોતાની અધિકૃત સહીથી શાખ કરીને આદેશની નકલ વિના વિલંબે સેશન્સ અદાલતને મોકલી આપશે.

દેહાંતદંડની સજાને બહાલી માટે સેશન્સ અદાલત ક્રિ.પો.ક્રો કલમ-૩૬૬ હેઠળ ઉચ્ચ અદાલતને મોકલી આપશે ઈન્સાફી કાર્યવાહીમાં ઉચ્ચ અદાલત સજાને બહાલ રાખતો આદેશ કરે અથવા તો અન્ય કોઈ આદેશ કરે, ત્યાર બાદ ઉચ્ચ અદાલતનાં યોગ્ય અધિકારી એટલે કે સક્ષમ અધિકારી દ્વારા ઉચ્ચ અદાલતની મુદ્રા પર તથા પોતાની અધિકૃત સહીથી શાખ કરીને આદેશની નકલ વિના વિલંબ સેસન્સ અદાલતને મોકલી આપવામાં આવશે કલમ-૩૭૧ થી આ પ્રબંધ એ કારણે કરવામાં આવ્યો છે કે જયારે દેહાંતદંડની સજા કરવી તેવો નિર્ણય સેસન્સ અદાલત કરે ત્યારે આપોઆપ તે સજાનો અમલ થતો નથી પરંતુ, ઉચ્ચ અદાલત દ્વારા તે સજા બહાલ રાખવામાં આવે અથવા તો અન્ય કોઈ સજા કરવામાં આવે કે સજાને પરિવર્તીત કરવામાં આવે તે સજા અમલી બને છે અને સેશન્સ અદાલતને તે સજાની જાણ થાય તે માટે આ કલમથી આવી જોગવાઈ કરવામાં આવી છે.

**૦ સી.આર.પી.સી. કલમ-૪૧૩**

**કલમ-૩૬૮ હેઠળ કરેલા આદેશોનો અમલ**

ઉચ્ચ અદાલતને દેહાંતદંડની સજા બહાલી માટે મોકલવામાં આવતા કોઈ કેસમાં બહાલીનો આદેશ કે અન્ય કોઈ આદેશ તેના પર ઉચ્ચ અદાલત કરે તે

પ્રાપ્ત થતા સેસન્સ અદાલત અથવા આદેશનો અમલ કરવા માટે વોરન્ટ કાઢશે અથવા આવશ્યક એવા અન્ય કોઈ પગલા લેશે.

સેસનસ અદાલતને દેહાંતદંડની સજા કરવા માટેની સતા આપવામાં આવી છે. પરંતુ તે સતા પર મર્યાદા મુકવામાં આવી છે કે જ્યાં સુધી ઉચ્ચ અદાલત દ્વારા સેસન્સ અદાલતે કરેલી દેહાંતદંડની સજા બહાલ રાખવામાં ન આવે ત્યાં સુધી તેનો અમલ કરી શકાય નહીં, ઉચ્ચ અદાલતને દેહાંતદંડની સજા કરવામાં આવી હોય તેવી ઈન્સાફી કાર્યવાહી જ્યારે મોકલવામાં આવે અને તે કેસમાં બહાલીનો આદેશ થાય કે અન્ય કોઈ આદેશ થાય અને તે આદેશ પ્રાપ્ત થયા બાદ સેશન્સ અદાલત એવા આદેશનો અમલ કરવા માટે વોરન્ટ કાઢશે અથવા આવશ્યક એવો કોઈપણ પગલા લેશે એવો પ્રબંધ આ કલમથી કરવામાં આવ્યો છે અને આ સહિતની સાથે આપવામાં આવેલ અનુસૂચિ મુજબનાં નમૂના નમૂના નં. ઉપર મુજબનું વોરંટ મોકલવામાં આવે છે દેહાંતદંડની સજા અમલમાં મૂકાવમાં આવે તો તે કારણે વ્યક્તિને એક માનસિક તાણ તથા યાતનામાંથી પસાર થવું પડે છે. એક સમયે સર્વોચ્ચ અદાલત દ્વારા સમય મર્યાદા પણ નિયત કરવામાં આવી હતી.

## ૦ સી.આર.પી.સી. કલમ-૪૧૪

## ઉચ્ચ અદાલતે કરેલી દહાંતદંડની સજાનો અમલ

અપીલ અથવા રીવીઝનમાં ઉચ્ચ અદાલત દ્વારા દેહાંતદંડની સજા કરવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલતનો આદેશ પ્રાપ્ત થતાં, સેસન્સ અદાલત સજાનો અમલ કરવા માટે વોરંટ કાઢશે.

ઉચ્ચ અદાલતને પણ જો દેહાંતદંડની સજા કરવી હોય તો તેનો અમલ કરવાની જવાબદારી સેશન્સ અદાલત પર નાખવામાં આવી છે. અપીલ અથવા રીવીઝનમાં ઉચ્ચ અદાલત દેહાંતદંડની સજા ઉચિત કેસમાં કરી શકે છે અને અપીલ અથવા રીવીઝનમાં ઉચ્ચ અદાલત દ્વારા દેહાંતદંડની સજા કરવામાં આવી હોયત્યારે

ઉચ્ચ અદાલતને આદેશ પ્રાપ્ત થતા સેસન્સ અદાલત સજાનો અમલ કરવા માટે વોરન્ટ કાઢશે તેવો પ્રબંધ આ કલમથી કરવામાં આવ્યો છે જુની સંહીતામાં ઉચ્ચ અદાલત અપીલ કે રીવીઝનમાં દેહાંતદંડની સજા કરે તો તેનો અમલ કેવી રીતે કરવો તે માટે પ્રબંધ ન હતો અને તેથી આવો અલગ પ્રબંધ લો કમીશનના અહેવાલમાં કરવામાં આવેલી ભલામણના આધારે કરવામાં આવ્યો છે.

**૦ સી.આર.પી.સી. કલમ-૪૧૫**

**સર્વોચ્ચ અદાલતને અપીલ કરવામાં આવે તે કિસ્સામાં દેહાંતદંડની સજાનો અમલ મુલત્વી.**

૧. ઉચ્ચ અદાલત દ્વારા કોઈ વ્યક્તિને દેહાંતદંડનીસજા કરવામાં આવે તથા તેનાં ચુકાદા પર ંવિધાનના અનુચ્છેદ - ૧૩૪ ના ખંડ (૧) ના પેટા ખંડ (ક) અથવા પેટા ખંડ (ખ) થી અપીલ થઈ શકતી હોય ત્યારે તેવી અપીલ કરવા માટેનો સમય પુરો ન થાય અથવા તે સમયમાં અપીલ કરવામાં આવી હોય તો આવી અપીલનો નિકાલ ન થાય ત્યાં સુધી ઉચ્ચ અદાલતને કરેલી સજાનો અમલ મુલત્વી રાખવાનો આદેશ કરવો જોઈશે.

૨. ઉચ્ચ અદાલત દેહાંતદંડની સજા કરે અથવા બહાલ રાખે તથા સંવિધાનના અનુચ્છેદ ૧૩૨ હેઠળ અથવા અનુચ્છેદ-૧૩૫ નાં ખંડ (૧) ના પેટા ખંડ (ગ) હેઠળ પ્રમાણપત્ર આપવા સજા પામનાર વ્યક્તિ અરજી કરે ત્યારે ઉચ્ચ અદાલત તેવી અરજીનો નિકાલ ન કરે ત્યાં સુધી અથવા તેવી અરજી પરથી પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય તો તેવા પ્રમાણપત્ર પરથી સર્વોચ્ચ અદાલતને અપીલ કરવા માટેનો નિયત સમય પૂરો ન થાય ત્યાં સુધી સજાનો અમલ મુલત્વી રાખવાનો ઉદ્દેશ ઉચ્ચ અદાલતે કરવો જોઈએ.

૩. ઉચ્ચ અદાલત દેહાંતદંડની સજા કરે અથવા બહાલ રાખે તથા ઉચ્ચ અદાલતને તેવો સંતોષ થાય કે સજા પામનાર વ્યક્તિ સંવિધાનના અનુચ્છેદ-૧૩૬ હેઠળ અપીલ કરવા ખાસ પરવાનગી આપવા માટે સર્વોચ્ચ અદાલતને અરજી કરવી જોઈએ તો તેવી અરજી કરી શકે તે માટે ઉચ્ચ અદાલતને આવી અરજી રજૂ કરવા પર્યાપ્ત જણાય તેટલા સમય માટે સજાનો અમલ મુલત્વી રાખવાનો આદેશ તેણે કરવો જોઈશે.

સર્વોચ્ચ અદાલતને અપીલ કરવામાં આવે તેવા કિસ્સામાં દેહાંતદંડની સજાનો અમલ મુલત્વી રાખવામાં આવે તે અંગેનો પ્રબંધ આ કલમથી કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે જયારે કોઈ અદાલત દ્વારા જયારે કોઈ વ્યક્તિને સજા કરવામાં આવે ત્યારે અપીલ ચલાવતી અદાલત દ્વારા સજાનો અમલ ન કરવો તેવો આદેશ કરવામાં આવે છે પરંતુ, કલમ-૪૧૫ હેઠળ એવી જોગવાઈ કરવામાં આવી છે કે સર્વોચ્ચ અદાલતને અપીલ કરવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલત દ્વારા એવો આદેશ કરવામાં આવશે કે સજા અમુક ચોક્કસ સમય સુધી મુલત્વી રાખવી, પેટા કલમ-૧ માં એવું દર્શાવવામાં આવ્યું છે કે ઉચ્ચ અદાલત દ્વારા કોઈ વ્યક્તિને દેહાંદંડની સજા કરવામાં આવે તથા તેવા ચુકાદા પર ભારતનાં સંવિધાનમાં અનુચ્છેદ-૧૩૫ ના ખંડ (૧) નાં પેટાખંડ (ક) અથવા પેટાખંડ (ખ) હેઠળ અપીલ થઈ શકતી હોય તયરે અપીલ કરવા માટેનો સમય પુરો ન થાય ત્યાં સુધી અથવા તો જો અપીલ કરવામાં આવી હોય તો અપીલનો સમય પુરો ન થાય ત્યાં સુધી અથવા તો જો અપીલ કરવામાં આવી હોય તો અપીલનો નિકાલ ન થાય ત્યાં સુધી ઉચ્ચ અદાલતે કરેલી સજાનો અમલ મોકુફ રાખવાનો આદેશ ઉચ્ચ અદાલતે કરવાનો રહે છે તેટા કલમ-૨ માં સ્પષ્ટતા કરવામાં આવી છે કે ઉચ્ચ અદાલત દેહાંતદંડની સજા કરે અથવા તો બહાલ રાખે અને સંવિધાનના અનુચ્છેદ-૧૩૨ અથવા ૧૩૪ હેઠળ પ્રમાણપત્ર આપવ માટે સજા પામનાર વ્યક્તિ અરજી કરે અને ઉચ્ચ અદાલત તેવી અરજીનો

નિકાલ કરે ત્યાં સુધી અથવા તો જો પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય તેવા પ્રમાણપત્ર પરથી સર્વોચ્ચ અદાલતને અપીલ કરવા માટેનો નિર્દીષ્ટ સમય પુરો ન થાય ત્યાં સુધી સજાનો અમલ મુલત્વી રાખવાનો આદેશ ઉચ્ચ અદાલતે કરવાનો રહે છે પેટા કલમ-૩ દ્વારા એવી જોગવાઈ કરવામાં આવી છે કે ઉચ્ચ અદાલતને દેહાંતદંડની સજા કરે અથવા બહાલ રાખે અથવા ઉચ્ચ અદાલતને એવો સંતોષ થાય કે સજા પામનાર વ્યક્તિ સંવિધાનના અનુચ્છેદ-૧૩૪ હેઠળ અપીલ ખાસ પરવાનગી આપવા માટે સર્વોચ્ચ અદાલતને કરવા માંગે છે તો તે તેવી અરજી કરી શકે તે માટે ઉચ્ચ અદાલત તેમને પર્યાપ્ત જાણાય એટલો સમય આપશે અને ત્યાં સુધી સાનો અમલ મુલત્વી રાખવાનો આદેશ કરવાનો રહે છે એવું નોંધવું અત્રે ઉલ્લેખનીય છે કે આવી સત્તા અને આવી ફરજ અદાલત પર મુકવામાં આવી છે. કારણ કે દેહાંતદંડ એ કઠોરમય સજા છે તો કોઈ વ્યક્તિ અપીલ કરવામાં વિલંબ કે અપીલ થઈ શકે તેવી તેને જાણ ન હોય કે પરવાનગી માંગવા ઈચ્છતા હોય તો તેવા સંજોગોમાં તેવું ન બને કે અપીલ દાખલ થયા પહેલા કે અપીલનો નિકાલ થયા પહેલા દેહાંતદંડની સજાનો અમલ થઈ જાય તે માટે આવો વિશિષ્ટ પ્રબંધ આ કલમથી કરવામાં આવ્યો છે.

**૦ ફોજદારી કાર્યરીતિ સંહિતા - કલમ-૪૧૬**

**ગર્ભવતી સ્ત્રી પર દેહાંતદંડની સજાનો અમલ મુલત્વી**

દેહાંતદંડની સજા કરવામાં આવી હોય તે સ્ત્રી ગર્ભવતી જાણાય તો સજાનો અમલ મુલત્વી રાખવાનો આદેશ ઉચ્ચ અદાલતે કરવો જોઈએ તથા તેને યોગ્ય જાણાય તો સજા ઘટાડીને આજીવન કેદ કરી શકાશે.

દેહાંતદંડની સજા મોકુફ રાખવા માટે ઈંગ્લીશ ભાષામાં રીપ્લાય એવો શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે કે બહુ સમય પહેલા ઈંગ્લેન્ડમાં એવી પ્રથા હતી કે જયારે કોઈ સ્ત્રીને દોષિત ઠરાવીને દેહાંતદંડની સજા કરવામાં આવે ત્યારે તાજના

પ્રતિનિધિ તેમને પુછતા કે દેહાંતદંડની સજા કરવામાં આવી છે તે અમલ મોકુફ રાખવા અંગે તેઓ કોઈ કહેવા માંગે છે? સ્ત્રી એવું જણાવે કે ગર્ભવર્તી છે તો મેટ્રનની જોડી બનાવીને નક્કી કરવામાં આવતું કે વાસ્તવમાં તે સ્ત્રી ગર્ભવતી છે કે કેમ અને કોઈ તબીબી સહાયતા આવશ્યક હોય તો જ્યુરીને તેવી સહાયતા પણ આપવામાં આવતી હતી. તથા જે તબીબને સહાયતા આપવામાં આવી હોય તે તબીબીને સાહેદ તરીકે તપાસવામાં આવતાં હતાં. અદાલતને એવું જણાય છે કે સ્ત્રી વાસ્તવમાં ગર્ભવતી છે તો દેહાંતદંડની સજાનો અમલ મોકુફ રાખવામાં આવતો હતો તથા તેવો આદેશ કરવામાં આવતો હતો કે જયાં સુધી ગર્ભવતી સ્ત્રી બાળકને જન્મ ન આપે ત્યાં સુધી તેની સજાનો અમલ મોકુફ રાખવો એ જમાનામાં એવું કહેવામાં આવતું હતું કે જોસ્ત્રી પોતે ગર્ભવર્તી છે તેવી દલીલ ઉપસ્થિત કરે તો અન્ય કાર્યવાહી કરવાની કોઈ આવશ્યકતા રહેતી નથી પરંતુ સ્ત્રીઓ એવો મુદ્દો ઉભો કરે છે કે પોતે ગર્ભવર્તી છે તો જ અન્ય કાર્યરીતી કરવામાં આવતી હતી. (હોલ્બરીક લોઝ ઓફ ઈંગ્લેન્ડ ગ્રંથ-૧૧ પરિચ્છેદ નં. ૩૨૭ તથા ૧૯૦ માં આ અંગે ચર્ચા કરવામાં આવી છે.)

આ કલમમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે જયારે કોઈ સ્ત્રીને દેહાંતદંડની સજા કરવામાં આવી હોય તે સ્ત્રી ગર્ભવતી જણાય તો સજાનો અમલ મોકુફ રાખવાનો આદેશ ઉચ્ચ અદાલતે કરવો જોઈએ ઉપરાંત એવી સત્તા પણ ઉચ્ચ અદાલતને આપવામાં આવી છે કે સ્ત્રી ગર્ભવતી હોય ત્યારે ઉચ્ચ અદાલતને યોગ્ય જણાય તો તેવી સજામાં ઘટાડો કરીને આજીવન કેદમાં પરિવર્તીત કરી શકશે આ એક વિશિષ્ટ પ્રકારની સત્તા આપવામાં આવી છે. જે સ્ત્રી આરોપીને દેહાંતદંડની સજા કરવામાં આવી હોય તે ગર્ભવતી હોય તો માત્ર તે જ કારણસર પણ તેવી સજા ઘટાડીને આજીવન કેદની સજા કરી શકાય.

## ૦ ફોજદારી કાર્યરીતિ સંહિતા -કલમ - ૪૩૪

કલમ-૪૩૨ તથા કલમ-૪૩૩ થી રાજ્ય સરકારને આપવામાં આવેલી

સત્તાઓનો અમલ દેહાંતદંડની સજાનાં કિસ્સામાં કેન્દ્ર સરકાર પણ અમલ કરી શકશે.

કલમ-૪૩૨ તથા કલમ-૪૩૩ થી સમુચિત રાજ્ય સરકારને ભારતીય દંડ સહિતા અન્વયે જે સજાઓ કરવામાં આવી હોય તે મોકુફ રાખવાની, માફ કરવાની કે ઘટાડો કરવાની સતા આપવામાં આવી છે.

## ૩.૩ ભારતીય બંધારણ

ભારતમાં દેહાંતદંડની સજાની બંધારણીયતાને સૌ પ્રથમ જગમોહનસિંઘ વિ. સ્ટેટ ઓફ યુ.પી.માં પડકારવામાં આવી હતી. આ કેસમાં સેશન્સ કોર્ટ આરોપીને ઈ.પી.કોડની કલમ-૩૦૨ હેઠળ ફરમાવેલી સજાનો હાઈકોર્ટે બહાલી આપી હતી.

આ કેસમાં અરજદારે આ સજા ભારતમાં બંધારણથી વિરુદ્ધ છે તે અંગે કેટલાક મુદ્દા ઉઠાવ્યા હતા, જેમકે (૧) આ સજાથી બંધારણના આર્ટીકલ - ૧૯ (એ) થી (જી) અન્વયે મળતા બધા જ અધિકારોનો અંત આવી જાય છે કારણ કે જીવવાનું સ્વાતંત્ર્ય અન્ય સૌ સ્વતંત્રતાના ઉપભોગ માટે પાયારૂપ સ્વાતંત્ર્ય છે તેથી દેહાંતદંડની સજાને લગતી જોગવાઈઓ ગેરવ્યાજબી અને જાહેરહિતની વિરુદ્ધ છે. (૨) દેહાંતદંડની સજા ફરમાવવા અંગે ન્યાયાધીશોને બક્ષવામાં આવેલી મુનસફીયુક્ત સત્તાઓ વાપરવા માટે કોઈ ધોરણ કે નીતિ નથી. વિધાનતંત્રે આજીવન કેદની સજા કરતાં દેહાંતદંડની સજાને શા માટે પ્રાધાન્ય આપી, કયારે તે સજા ફરમાવી તે અંગે કોઈ ચોક્કસ ધોરણો કે નીતિનો ઉલ્લેખ કર્યો નથી. તેથી કલમ-૩૦૨ આવી સીમા બહારની સત્તાસોંપણીની ક્ષતિથી દુષિત થાય છે. (૩) દેહાંતદંડ કે આજીવન કેદની સજા ફરમાવવા માટે ન્યાયાધીશોને નિરંકુશ અને અમાર્ગદર્શિત મુનસફીયુક્ત સત્તા આપવાથી આર્ટિકલ - ૧૪ નો ભંગ થાય છે. (૪) આ બે સજાઓમાંથી કઈ સજા પસંદ કરવી તે નક્કી કરવા માટે મહત્વનાં ગણવાનાં હોય તેવા કોઈ સંજોગોનો કાયદામાં કયાંય ઉલ્લેખ નથી. પરિણામે કાયદા દ્વારા સ્થાપિત આવી કોઈ કાર્યવાહી નહીં હોવાથી આર્ટીકલ ૨૧ નો ભંગ થાય છે.

સુપ્રિમ કોર્ટનાં પાંચ ન્યાયમુર્તિઓની બેંચ વતી ન્યા. પાલેલકરે ચુકાદો આપી આ બધી જ દલીલોનો અસ્વીકાર કર્યો હતો.

કોર્ટે કલમ-૩૦૨ ને વાજબીપણાની અને જાહેરહિતની કસોટીઓથી ચકાસી જોઇ હતી. અરજદારોએ અમેરિકાની સુપ્રિમ કોર્ટનાં **ફરમાન વિ. સ્ટેટ ઓફ જ્યોજિયા** ઉપર અધારિત રાખ્યો હતો. આ કેસમાં દેહાંતદંડની સજા ત્યાંનાં આઠમાં સુધારાનો ભંગ કરે છે તે મુદ્દા ઉપર તે સજાને બંધારણ વિરુદધની જાહેર કરવાની માંગણી કરવામાં આવી હતી. અમેરિકાના બંધારણનો આઠમોસુધારો 'ક્રુર અને અસામાન્ય' શિક્ષાઓ ઉપર પ્રતિબંધ મુકે છે, તે કેસમાં ન્યા. બેંચે ઠરાવ્યું હતું કે જો અમુક શિક્ષા અસામાન્યરીતે સખત હોય જો તે સજા મનસ્વી રીતે ફરમાવી શકાય તેવી ભારે શક્યતા હોય જો તે પ્રવર્તમાન ન્યાયથી વિપરીત હોય જો તે સજાથી બીજી કોઇ સજા કરતા કોઇ ન્યાયીક ઉદ્દેશ વધુ અસરકારક રીતે સિદ્ધ કરી શકાતો ન હોય, તો આવી સજા કરવાથી આઠમાં સુધારાનો ભંગ થાય છે. તેમ માનવું જોઇએ અને તેથી આ સજા અનૈતિક ગણાવી હતી. જગમોહનસિંઘમાં અરજદારે આજ દલિલોનાં આધારે આ સજાને પડકારી હતી.

અમેરિકાની સુપ્રિમ કોર્ટ ફરમાન કેસમાં પાંચ વિરુદ્ધ ચારની બહુમતીથી દેહાંતદંડની સજાનો અસ્વીકાર કર્યો હતો. તે પૈકી ન્યા. બ્રેન્ડને અને ન્યા. માર્શલે જ આ સજા આઠમાં સુધારાનો ભંગ કરે છે તેવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું. બીજા ત્રણ ન્યાયમૂર્તિઓ ડગ્લાસ, સ્ટુઅર્ટ અને વ્હાઇટ આ મંતવ્ય સાથે સંમત થયા ન હતાં. તેઓએ આઠમો સુધારો બધા જ સંજોગોમાં દેહાંતદંડ ઉપર પ્રતિબંધ મુકે છે તેવો મત ધારણ કર્યો ન હતો જો કે ન્યા. ડગલાસે આ સજાથી આઠમાં સુધારાનો ભંગ થાય છે તેવું જણાવ્યું હતું, ખરું પણ તેથી તેમણે દેહાંતદંડની સજાની કાયમ માટે બુનિયાદીની હિમાયત કરી છે અને તેથી ન્યા. ડગ્લાસને આ સજાનો અમલ ભેદભાવયુક્ત રીતે થતો હોવા સામે ખાસ વાંધો હતો. ન્યુ. સ્ટુઅર્ટ પણ આ સજા સદંતર બંધારણ વિરુદ્ધ છે તેવા અંતિમ જવાબ ઉપર આવવાનું બિનજરૂરી માન્યુ

હતું તેમણે વધુમાં જણાવ્યું હતું કે કોર્ટ સમક્ષનાં કેસોમાં દેહાંતદંડની બંધારણીયતાનો નિરપેક્ષ પ્રશ્ન વિચારવાનો હતો જ નહીં તેજ પ્રમાણે ન્યા. વ્હાઈટે પણ જણાવ્યું હતું. કોર્ટનાં ચુકાદામાં સામેલ થતી વખતે હું બિલકુલ એમ જણાવવા માંગતો નથી કે દેહાંતદંડની સજા સ્વતઃ બંધારણવિરુદ્ધ છે કે આઠમા સુધારા માટે બંધ બેસે તેવી રીતે દેહાંતદંડની સજાની કોઈ પદ્ધતિ હોઈ જ ન શકે. આમ, આ કેસમાં બહુમતીથી તે કેસમાં સંજોગો જોતા, દેહાંતદંડની સજા સ્વતઃ બંધારણવિરુદ્ધ છે, અને આઠમાં સુધારા સાથે બંધ બેસે તેવી રીતે દેહાંતદંડની સજાની કોઈ પદ્ધતિ હોઈ જ ન શકે. આમ, આ કેસમાં બહુમતીથી તે કેસના સંજોગો જોતાં, દેહાંતદંડની સજા રદ કરવામાં આવી હતી પણ બહુમતીથી રહેલા પાંચ ન્યાયમૂર્તિઓ પૈકી માત્ર ત્રણ ન્યાયમૂર્તિઓએ જ આ સજાને સામાજિક અને નૈતિક કારણોસર અયોગ્ય મનાવાનું જરૂરી માન્યું હતું.

ન્યા. પાલેલકર ઉપરોક્ત દલીલોનો જવાબ આપતા જણાવે છે કે ભારતના બંધારણમાં અમેરિકાનાં બંધારણના આઠમાં સુધારા જેવી કોઈ જોગવાઈ નથી. વળી અમેરિકાનાં ન્યાયમૂર્તિઓ જેટલા મુક્તપણે ઉચિત પ્રક્રિયાની કલમનો ઉપયોગ કરી શકે તેટલા મુક્તપણે ભારતમાં ન્યાયમૂર્તિઓ વાજબીપણાની કસોટીનો ઉપયોગ કરી શકતાં નથી. આમ જોવા જઈએ તો જો સજા ક્રુર અને અસામાન્ય હોય તો જ અમુક સંજોગોમાં ગેરવ્યાજબી પણ ગણાય જ, પણ દેહાંતદંડની સજાને અસામાન્ય કહી શકાય નહીં કારણ કે આ સજા ભારતમાં અતિ પ્રાચીન સમયથી આજ સુધી થતી આવી છે. બંધારણનાં ઘડવૈયાઓ પણ આ સજાના અસ્તિત્વથી માહિતગાર હતા જ. બંધારણમાં પણ આ સજાને સ્પર્શતી કેટલીક જોગવાઈઓ જોવા મળે છે. તેથી જો કોઈ વ્યક્તિને તેના જીવનથી વંચિત કરવામાં 'કાયદા દ્વારા પ્રસ્થાપિત કાર્યવાહી' અનુસરવામાં આવી હોય તો આવું વંચિત રાખવાનું કૃત્ય બંધારણનાં આર્ટિકલ-૨૧ સાથે સુસંગત છે બંધારણની આ બધી જોગવાઈઓના સંદર્ભમાં વિચારતાં દેહાંતદંડની સજા સ્વયં ગેરવાજબી કે જાહેરહિતની વિરુદ્ધ છે તેવો નિર્ણય કરવો મુશ્કેલ છે.

ત્યાર બાદ સુપ્રિમ કોર્ટે આ સજા ગેરવ્યાજબી છે તેવા પડકારને કાયદાની જોગવાઈઓના સંદર્ભમાં તપાસ્યો હતો. ખુનના કેસમાં કોર્ટોએ અનુસરવી પડતી. ક્રિ.પો. કોડની જુદી જુદી જોગવાઈઓનો ઉલ્લેખ કરી ઠરાવ્યું હતું કે ''કોઈપણ પ્રકારનો ઉતાવળો નિર્ણય ન લેવાય તે માટે કાર્યવાહીને લગતી પુરતી રક્ષાત્મક જોગવાઈઓ છે.''

ન્યા. પાલેકર આગળ જતાં જણાવે છે કે દેહાંતદંડની સજાનો એક વિષય ''મુશ્કેલ અને વિવાદાસ્પદ અને લાંબા સમયથી ઉગ્ર રીતે ચર્ચા તો ''વિષય છે'' જો પ્રવર્તમાન પરિસ્થિતિમાં વિધાનતંત્રો જ આ સજાને ચાલુ રાખવાનું નક્કી કરતાં હોય તો તેનાં ગેરવ્યાજબીપણા અંગેના બિનવ્યક્તિનિષ્ઠ પુરાવાનાં અભાવમાં, કોર્ટ માટે વિધાનતંત્રને સજા ચાલુ રાખવામાં રહેલા ડહાપણ અને યોગ્ય અંગે પ્રશ્ન ઊભો કરવો તે મુશ્કેલ છે.'' આ પરિસ્થિતિમાં અમે દેહાંતદંડની સજા સ્વયં ગેરવ્યાજબી છે તે જાહેરહિતમાં નથી તેવો નિર્ણય કરવા તૈયાર નથી.

સુપ્રિમ કોર્ટે આ સજા ફરમાવવાનું કામ વિધાનતંત્ર એ ન્યાયધિશોને કોઈપણ પ્રકારનાં માર્ગદર્શક સિદ્ધાંતો જણાવ્યા સિવાય જ સુપ્રત કરી દીધું છે, તેવી દલીલનો પણ અસ્વીકાર કર્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે જયારે જયારે સજાની બાબતમાં કોઈ ભૂલ થયાનું લાગે છે ત્યારે ઉપલી કોર્ટેને અપીલ અને રીવીઝન કરીને આ ભુલ સુધારી શકાય છે.

ભારતમાં એક સદીથી પણ વધુ વખતથી ન્યાયાધીશો ઉપર સજા કરવાની આ ફરજ લાદવામાં આવે છે. આ ફરજનાં અમલમાં થયેલી ભૂલોસુધારી શકાય છે. વળી કાયદાએ જ ન્યાયાધીશોને આ મુનસફીયુક્ત સત્તા આપી હોવાથી તેમાં ભેદભાવ કોઈ અવકાશ નથી. અને તેથી આર્ટીકલ-૧૪ નો ભંગ થતો નથી. વળી આ કેસમાં ફોજદારી કેસ ચલાવવા અંગેની ક્રિ.પ્રો.કો. ની કોઈપણ કલમ બંધારણ વિરુદ્ધ છે તેવી કોઈ દલીલ રજૂ કરવામાં આવી ન હતી. તેથી કાયદા દ્વારા પ્રસ્થાપિત આવી કાર્યવાહી અનુસરીને ચાલેલા મુકદમાનાં અંતે ફરમાવવામાં આવેલી

દેહાંતદંડની સજા આર્ટીકલ-૨૧ નો ભંગ કરે તેમ કહી શકાય નહીં.

આમ જગમોહનસિંઘમાં દેહાંતદંડનીસજાની બંધારણીયતાને પડકારવાનો પ્રયાસ નિષ્ફળ ગયો હોવા છતાં આ પ્રશ્ન ફરીથી બચ્ચનસિંઘ વિ. સ્ટેટ ઓફ પંજાબમાં ઉપસ્થિત કરવામાં આવ્યો હતો. જયારે ન્યાયમૂર્તિઓ સરકારિયા અને કૈલાસન્ સમક્ષ અપીલમાં આ કેસની સુનાવણી શરૂ થઇ ત્યારે સુપ્રિમ કોર્ટે રાજેન્દ્ર પ્રસાદ વિ. સ્ટેટ ઓફ યુ.પી.માં વ્યક્ત કરેલ અભિપ્રાયના અનુસંધાનમાં આ સમગ્ર પ્રશ્નની પુનઃવિચારણા થવી જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી હતી. ન્યા. ઐયરે રાજેન્દ્રપ્રસાદમાં જણાવ્યું હતું કે ‘બંધારણની માનવ અધિકારો અંગેની વિધિમીમાંસામાં ‘એક વેદના જનક ખાલી જગા રહી ગઈ છે, તેમણે કહ્યું હતું કે ઈ.પી.કો. કલમો બંધારણનાં આમુખ અને અનુ. ૧૪, ૧૯ અને ૨૧ ની સાથે બંધ બેસે તેવી હોવી જોઈએ. બચ્ચનસિંઘમાં અપીલકર્તાઓએ એવી દલીલ કરી હતી કે રાજેન્દ્ર પ્રસાદનાં ચુકાદાનાં પરિણામે કોર્ટો દેહાંતદંડની સજા કરવાની ક્ષમતા ધરાવી શકે નહીં. તેમણે કહ્યું હતું કે દેહાંતદંડની સજાથી આર્ટીકલો ૧૪, ૧૯ અને ૨૧ નો ભંગ થાય છે કે નહીં તે પ્રશ્નનો જગમોહનસિંઘમાં નિર્ણય લેવાઈ ગયો છે. આમ થવાથી બંને ન્યાયમૂર્તિઓએ આ પ્રશ્નોનો ફરીથી નિર્ણય લેવા માટે આ પ્રશ્ન સુપ્રિમ કોર્ટની વધુ સંખ્યાનાં ન્યાયમૂર્તિઓની બેંચને સુપ્રત કરવાનું સૂચન કર્યું હતું. અને કોર્ટ ચાર વિરુદ્ધ એક મતે ચુકાદો આપ્યો હતો. ન્યા સાકરીયાએ અન્ય ત્રણ ન્યાયમૂર્તિઓ વતી બહુમતી ચુકાદો આપ્યો હતો. ન્યા. ભગવતીએ લઘુમતી ચુકાદો આપ્યો હતો. તેમણે તેમના લઘુમતી ચુકાદાના વિસ્તૃત કારણો માટે બે વર્ષ જેટલો સમય લીધો હતો અને આજ મુદ્દાઓ ઉપર તે સજાને પડકારતી રીટ અરજીઓ રજૂ કરી હતી તે બધાનો એક સાથે નિકાલ કરવામાં આવ્યો હતો.

**o પડકારો દલીલો :**

અપીલકર્તાઓ તરફથી જગમોહનસિંઘની પુનવિચારણા માટે નીચેની દલીલો કરવામાં આવી હતી.

૧. જયારે ૧૯૭૨ માં જગમોહનસિંઘનો ચુકાદો આવ્યો હતો ત્યારે ૧૮૬૮ નો ક્રિ.પો.કો. અમલમાં હતો તેમાં ખુન માટે દેહાંતદંડ કે આજીવન કેદ કરવાનો પ્રશ્ન કોર્ટની મુનસરફી ઉપર છોડી દેવામાં આવ્યો હતો અને ત્યાર પછી ૧૯૭૩ નો નવો ક્રિ.પ્રો.કોડ અમલમાં આવ્યો હતો તેની કલમ-૩૫૪(૩) અન્વયે ખુન માટે દેહાંતદંડની સજા સામાન્ય સજા રહી ન હતી.

૨. સુપ્રિમ કોર્ટે મેનકા ગાંધી વિ. યુનિયન ઓફ ઈન્ડીયામાં અનુ-૨૧ નું જે નવું અર્થઘટન કર્યું છે અને આર્ટીકલ ૧૪, ૧૯ અને ૨૧ વચ્ચેનો જે પારસ્પરિક સંબંધ સ્પષ્ટ કર્યો છે તેની પણ જગમોહનસિંઘની પુનઃવિચારણા જરૂરી બની છે.

૩. યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીએ પસાર કરેલો ઈન્ટરનેશનલ કોવેન્ટ ઓફ સિવિલ એન્ડ પોલિટિકલ રાઈટસ ડિસેમ્બર-૧૬, ૧૯૭૬ થી અમલમાં આવ્યો તો તેમાં ભારત સહિત બીજા ૪૭ રાજ્યોએ સહી કરીને આ સજાની નાબુદીની તરફેણમાં કબુલાત આપી હતી.

૪. દેહાંતદંડની સજાનો પ્રશ્નોનો કાયમ માટે જગમોહનસિંઘમાં ઉકેલ આવી ગયો છે તેવી દલીલના આધારે આ પ્રશ્નોની ચર્ચાને અટકાવી શકાય નહીં.

૫. સરકારપક્ષે પણ આવી પુર્નવિચારણા માટે સંમતિ આપી હતી.

## ૦ વિચારણાનાં મુદ્દા :

આ કેસમાં મુખ્ય બે પ્રશ્નોની વિચારણા કરવામાં આવી હતી. (૧) શું ઈ.પી.કો.ની કલમ ૩૦૨ અન્વયે કરાતી દેહાંતદંડની સજા બંધારણ વિરુદ્ધ છે. (૨) જો તે બંધારણ વિરુદ્ધ ન હોય તો શું ક્રિ.પો.કોડ ૧૯૭૩ ની કલમ ૩૫૪ (૩) માં આવેલી આ સજા ફરમાવવા અંગેની કાર્યવાહી તે કોર્ટને મુનસફીયુક્ત સત્તા

આપી તે સજા કોર્ટને મનફાવે તેમ કરવા દેતી હોવાથી તે કલમ બંધારણ વિરુદ્ધ છે ? કોર્ટનાં બહુમતી અને લઘુમતી ચુકાદાઓમાં આ બંને પ્રશ્નોને બંધારણનાં અનુ. ૧૪, ૧૯ અને ૨૧ નાં પરિપ્રેક્ષ્યમાં તપાસવામાં આવ્યા છે.

### o અનુચ્છેદ ૧૯ અને ઇ.પી.કો.ની કલમ-૩૦૨

અપીલકર્તાઓએ કલમ-૩૦૨ અન્વયે રચાતી આ સજા આર્ટીકલ અ ૧૯ ની વિુદ્ધ હોવાની રજૂઆત કરી હતી આ આર્ટીકલમાં જે સાત સ્વતંત્રયો જણાવ્યાં છે તે બધાના પાયામાં જીવન જીવવાનો અધિકાર રહેલો છે. દેહાંતદંડથી આ અધિકારને છીનવી લેવાતો હોવાથી બીજા બધા જ છ સ્વાતંત્રયો, તેનાથી નષ્ટ થાય છે. આ સજા આ બધા સ્વાતંત્ર્યો ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકતી હોવાથી તે વાજબી નિયંત્રણ કહી શકાય નહીં.

કોર્ટ આ પ્રશ્નની છણાવટ કરતાં સુપ્રિમ કોર્ટના અગાઉના એ.કે. ગોપાલન વિ. સ્ટેટ ઓફ મદ્રાસના સિદ્ધાંતની મદદ લીધી હતી. સુપ્રિમ કોર્ટે તેમાં ઠરાવ્યું હતું કે જયારે કોઇ વ્યક્તિની એક શિક્ષા તરીકે અટકાયત કરવામાં આવી હોય તેને ઇ.પી.કો. અન્વયે બનતા કોઇ ગુના માટે દોષિત ઠરાવ્યા પછી કેદની સજા કરવામાં આવી હોય ત્યારે તેની તેવી અટકાયત આર્ટીકલ-૧૯ નાં ક્ષેત્રમાં આવી નથી. ઇ.પી.કો.થી આ આર્ટીકલમાં જણાવેલા અધિકારો ઉપર કોઇ નિયંત્રણો આવાં નથી. સરકરીયા જણાવે છે કે એ.કે.ગોપાલયનથી ઇ.પી.કો.ની જોગવાઇઓ આર્ટીકલ-૧૯ ની સત્તાની બહાર આવે છે. તેથી કોર્ટ બહુમતી ચુકાદામાં ઠરાવ્યું હતું કે ઇ.પી.કોડની કલમ-૩૦૨ માં આર્ટિકલ-૧૯ ની કસોટીમાંથી પાર ઉતરવાનું જરૂર નથી.

### o આર્ટીકલ ૨૧ અને ઇ.પી.કો.ની કલમ-૩૦૨

ન્યા. ભગવતીએ સુપ્રિમ કોર્ટ વતી મેનકા ગાંધીમાં આર્ટીકલ-૨૧ માં જણાવેલા વૈયક્તિક સ્વાતંત્રયતાના સિદ્ધાંતને ખૂબ જ વિસ્તૃત ક્ષેત્ર આપ્યું છે. તેમણે તેમાં ઠરાવ્યું છે કે અનુ.-૧૪, ૧૯ અને ૨૧ એક બીજાથી સ્વતંત્ર અને

અલગ આર્ટીકલ નથી તેથી કોઇ નાગરીકના વ્યક્તિ સ્વાતંત્ર્યને છીનવી લેતા કાયદાની જોગવાઇઓ અને તે માટેની કાર્યવાહી આર્ટીકલ-૨૧ ઉપરાંત આર્ટીકલ-૧૪ અને ૧૯ સાથે પણ સુસંગત હોવી જોઇએ. આર્ટીકલ-૧૪ માં આવતો વાજબીપણાનો સિદ્ધાંત આ ત્રણે અનુચ્છેદોમાં આવતો માનવાનો છે. અનુ.-૨૧ 'કાયદા દ્વારા પ્રસ્થાપિત કાર્યવાહી કરીને વ્યક્તિને તેનાં જીવન કે સ્વાતંત્ર્યથી વંચિત કરવાની સત્તા આપે છે, હવે અનુ.-૧૪ માં સમાવિષ્ટ વ્યાજબીપણાનો સિદ્ધાંત અનુ.૨૧ માં પણ સમાવિષ્ટ હોવાથી આ અનુ. અન્વયે પ્રસ્થાપિત કાર્યવાહી પણ 'યોગ્ય અને ન્યાયી અને ઉચિત' હોવી જોઇએ. જો આવી કાર્યવાહી એકહથ્થુ, મનસ્વી, ધૂની તરંગી કે જુલમી હોય તો તે અનુ.-૨૧ નાં અર્થમાં 'કાર્યવાહી' ગણાય નહીં.

કોર્ટે તેનાં બહુમતી ચુકાદામાં જણાવ્યું હતું કે, બંધારણના ઘડવૈયાઓએ રાજ્યનો દેહાંતદંડ ફરમાવવાનો અધિકાર માન્ય રાખેલો જણાય છે, તેઓ આ સજા કરવામાં આવે છે તેવી વાતથી માહિતગાર હતા તે દર્શાવતી ઘણી બાબતો છે, છેલ્લા સો જેટલા વર્ષોથી ક્રિ.પો.કોડની અન્વયે આ સજા થતી આવી છે. વળી બંધારણમાં આ સજા સામે અપીલ કરવાનાં અને તેમાં રાજ્યે 'મુક્તિ કે માફી આપવા અંગેનાં અનુચ્છેદો મુકવામાં આવ્યા છે. તેથી કલમ-૩૦૨ અનુ. ૨૧ નું ઉલ્લંઘન કરે છે અને તેવી દલીલ કબુલ રાખી શકાય નહીં.

કોર્ટે જે નગમોહનસિંઘમાં ઠરાવ્યું છે કે આ સજાનો સારી રીતે માન્ય રાખેલા સિદ્ધાંતોતો અનુસાર ઉપયોગ કરવાનો છે, આવા સારી રીતે માન્ય રખાયેલા સિદ્ધાંતો એટલે કોર્ટોનાં ચુકાદામાંથી મળી આવતાં, ગુનાની ગંભીરતા વધારતા કે ઘટાડતા, સંજોગોનાં ઉદાહરણો. વળી ન્યાયધીશોનાં મન કંઇ કોમ્પ્યુટર નથી, માટે તેમાં અગાઉથી આ બંને પ્રકારનાં સંજોગોની યાદી દાખલ કરી શકાય નહીં. કોર્ટે ઠરાવ્યું છે કે કલમ-૩૫૪(૩) અને કલમ-૨૩૫(૨) નું સાથે જ વાચન કરી ગુનો અને ગુનેગાર બંને પ્રત્યે યથાયોગ્ય ધોરણબદ્ધ કરવાનું કામ સાવ અશક્ય જણાયું છે, માણસનાં ગુનાહિત વર્તનની કોઇ ચોક્કસ ઢબ હોતી નથી. તેમાં અનેકવિધતા

હોય છે કોઈપણ બે કેસોમાં ભાગ્યે જ સરખાપણું હોય છે. વળી સજા કરવા માટે ગુનો અને ગુનેગાર વિશેની કઈ માહિતી પ્રસ્તુત અને કઈ અપ્રસ્તુત તે વિશે એકમતી સિદ્ધ કરવી મુશ્કેલ છે આ સંજોગોને નિયમબદ્ધ કરવાથી સજા અને જાજી મુનસફી રહેશે જ નહીં. કોર્ટો તો માત્ર કલમ-૩૫૪ (૩) ની મર્યાદામાં રહીને વ્યાપક સિદ્ધાંતોની ઘોષણા જ કરી શકે.

ન્યા. ભગવતી જણાવે છે કે જયાં જીવન મરણનો સવાલ હોય ત્યાં સિદ્ધાંતવિહિન અને અનિયંત્રીત મુનસફીયુક્ત સત્તાઓ આપવી, તે એકહથ્થુપણાની ઘોતક છે. તેનાથી આર્ટીકલ ૧૪ નો ભંગ થાય છે. તે ઉપરાંત આવી કાર્યવાહી વ્યાજબી, ન્યાયી અને ઉચિત નહીં હોવાથી આર્ટીકલ-૨૧ નો પણ ભંગ થાય છે. ઈ.પી.કોમાં તો આવા કોઈ સિદ્ધાંતોનો ઉલ્લેખ સુદ્ધાં નથી. ભારતમાં સજા કરવા અંગે આપવામાં આવેલી આ મુનસફીયુક્ત સત્તા સાવ સિદ્ધાંતવિહિત અને ધોરણરહિત છે, તેઓ ન્યા. સરકારિયાનાં, આ સિદ્ધાંતો નિયમબદ્ધ કરી શકાય નહીં. તેવા મંતવ્યનો અસ્વીકાર કરે છે.

## ○ દેહાન્તદંડની સજા કયારે રદ કરી શકાય

દેહાન્તદંડની સજા માટે તેને બહાલી આપવા માટે તેમાં કુલ છ કલમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દેહાન્તદંડ એક અપવાદમાં પણ અપવાદ રૂપ સજા છે અને તે સજા ખોટી રીતે થઈ ન જાય, અથવા તો માત્ર એક વ્યકિતના અભિપ્રાયના આધાર પર દેહાન્તદંડની સજા ન થાય તે માટે આવા વિશિષ્ટ પ્રબંધો સી.આર.પી.સી.માં કરવામાં આવ્યા છે. જયારે પણ સેશન્સ અદાલતે દેહાન્તદંડની સજા કરી હોય ત્યારે તે આપોઆપ અમલને પાત્ર બનતી નથી. પરંતુ સેસન્સ અદાલતે દેહાન્તદંડની સજા કરી હોય ત્યારે સજાના અમલ પહેલા તે ચુકાદો બહાલ રહે છે કે નથી રહેતો અને રાખવા યોગ્ય છે કે નથી તે માટે ઉચ્ચ અદાલતને મોકલી આપવામાં આવે છે. ઉચ્ચ અદાલત દ્વારા સજા બહાલ રાખવામાં આવે

ત્યારબાદ દેહાન્તદંડની સજાનો અમલ કરવામાં આવે છે. એ નોંધવું ઉલ્લેખનીય છે કે અન્ય તમામ પ્રકારની સજામાં વ્યથિત પક્ષકારે જ અપીલ કરવાની હોય છે તથા ઉપરની અદાલતમાં જવાનું હોય છે. પરંતુ દેહાન્ત દંડ સજા સેશન્સ અદાલત દ્વારા કરવામાં આવે ત્યારે સેસન્સ અદાલતે જ એ કાર્યવાહીની બહાલી માટે ઉચ્ચ ન્યાયાલયને મોકલી આપવામાં આવે છે અને તે અંગેનો પ્રબંધ સી.આર.પી.સીની કલમ-૩૬૬થી કરવામાં આવ્યો છે. કલમ-૩૬૭માં ઉચ્ચ અદાલતની સતા દર્શાવવામાં આવી છે. ઉચ્ચ અદાલત સમક્ષ આવી કાર્યવાહી મોકલી આપવામાં આવે ત્યારબાદ વિશેષ તપાસ કરવી કે અથવા તો વધારે પુરાવો લેવા માટેનો નિર્દેશ કરવાની સત્તા ઉચ્ચ અદાલતને કલમ-૩૬૭થી આપવામાં આવી છે. સજા બહાલ રાખવાની કે કદ કરવાની સત્તા ઉચ્ચ અદાલતને છે. અને તે અંગેની જોગવાઈ કલમ ૩૬૮થી કરવામાં આવી છે. કલમ-૩૬૬ હેઠળ જે કાર્યવાહી મોકલી આપવામાં આવી હોય તેમાં આગળ શું કાર્યવાહી કરી શકાય અને શું આદેશ થઈ શકે જે પ્રબંધ કલમ-૩૬૮માં  છે. બહાલ રાખવામાં આવે કે નવી સજા કોઈ કરવામાં આવે તો ઉચ્ચ અદાલતના બે ન્યાયમૂર્તિએ તેમાં સહીઓ કરવી જોઈશે તેવો આદેશાત્મક પ્રબંધ કલમ-૩૬૯થી કરવામાં આવ્યો છે. બન્ને ન્યાયમૂર્તિ વચ્ચે જો સજા અંગે મતભેદ હોય તો તે માટે શું કરવુ તે અંગેનો પ્રબંધ કલમ-૩૭૦થી કરવામાં આવ્યો છે. જયારે ઉચ્ચ અદાલતની બહાલી માટે કોઈ કાર્યવાહી મોકલવામાં આવે ત્યારે શું કાર્યરીતિ અપનાવવી તે અંગેની જોગાવઈ સી.આર.પી.સી. કલમ ૩૭૧માં કરવામાં આવી છે.

૧૯૫૫ની સાલ સુધી જે સજા અંગેની જોગાવઈ હતી તેમાં દેહાન્તદંડની સજા શા માટે કરવામાં નથી આવતી અને આજીવન કેદની સજા શા માટે કરવામાં આવે છે તેના કારણો આપવા આવશ્યક હતા. સને. ૧૯૫૫ની સાલ બાદ એ અભિગમમાં તફાવત પડયો છે અને દેહાન્તદંડની સજા વિશિષ્ટ કારણો હોય તો જ કરી શકાય અને એક સામાન્ય નિયમ તરીકે આજીવન કારાવાસની સજા કરવી

જોઈએ એ નોંધવું જરૂરી છે કે સંસ્કૃત સમાજમાં દેહાંતદંડની સજા ને અપવાદ ગણવામાં આવી છે. એ માટે અનેક વિધ ચર્ચાઓ થવા પામી છે અને એક અભિપ્રાય એવો છે કે દહાંતદંડની સજા કાનુની પુસ્તકોમાંથી રદ કરવી જોઈએ એ ઘણા દેશો એ અભિપ્રાય માન્ય રાખીને દેહાંતદંડની સજા રદ કરી છે. પરંતુ ભારતમાં દેહાંતદંડની સજા કરવી જોઈએ તેવો લૉ કમિશ્નરનો અહેવાલ હતો તેથી તેવા નિર્ણયના કારણે દેહાંતદંડની સજા કરવામાં આવે છે. હાલ સજાના જે પ્રકાર છે તેમાં સૌથી કઠોર સજા દેહાંતદંડની છે અને કાનુની પ્રબંધો યથાવત હોવા છતાં પણ તે માટેનો અભિયમ બદલાયો છે અને તેથી દેહાંતદંડની સજા જયારે કરવામાં આવે ત્યારે સવિશેષ સંભાળ રાખવામાં આવે છે અને અત્યંત સત્કર્તાથી અને સભાનપણે તેઓ આદેશ કરવામાં આવે છે તેમાં કોઈ ક્ષતિ રહીજવા પામી ન હોય અને એક લાગણીનો આવેશ એક વ્યક્તિનો હોય તે માટે આવી સજા થવા ન પામે તે માટે વિશેષ પ્રબંધો કરવામાં આવ્યા છે તથા તેવી સજા બહાલ રાખવા માટે ઉચ્ચ અદાલતને ઈન્સાફી કાર્યવાહી મોકલી આપવામાં આવે ત્યાર બાદ શું કાર્યરીતી અપનાવી તથા ઉચ્ચ અદાલતોને શું સત્તાઓ છે તે અંગેનો પ્રબંધ આ કલમોથી કરવામાં આવ્યો છે.

## ૦ અફઝલને ફાંસીનો બંધારણીય મુદ્દો

દેશમાં ચિકનગુનીયા અને ડેગુની જેમ જ અફઝલને ફાંસીનો વાઈરસ ભારે ઉત્પાત મચાવી રહ્યો છે. ૧૩ ડીસેમ્બર, ૨૦૦૧ના રોજ ભારતની સંસદ પરના આતંકવાદી હુમલાના ખટલામાં મોહમ્મદ અફઝલને ફાંસીની સજાને સુપ્રીમ કોર્ટે પણ માન્ય કર્યા પછી એને ક્ષમાદાન માટેની ઝુંબેશો ચલાવાઈ રહી છે. જમ્મુ-કાશમીરના મુખ્ય પ્રધાન રહેલા ડૉ.ફારુક અબ્દુલ્લાએ તો છેલ્લે છેલ્લે ધમકી આપી છે કે અફઝલને ફાંસી અપાશે તો દેશ ભડકે બળશે. આ ડૉ.અબ્દુલ્લા અને એમના પુત્ર ઓમર અબ્દુલ્લા હજુ હમણાં સુધી વાજપાઈના નેતૃત્વવાળા એનડીએમાં હતા, હવે

નથી. ભાજપ સમગ્ર દેશમાં અફઝલ જેવા ત્રાસવાદીને ફાંસીના માંચડે ચડાવી દેવાના ટેકામાં ઝુંબેશ ચલાવે છે. જમ્મુ-કાશમીરના મુખ્ય પ્રધાન ગુલાબનબી આઝાદથી લઈને તામિલનાડુના મુખ્ય પ્રધાન કરુણાનિધિ પણ હજુ હમણાં જ કોંગ્રેસના નેતૃત્વવાળા યુપીએ મોરચામાં આવ્યા એ પૂર્વે વાજપેયી સરકારનાં સતાફળ ભોગવતા હતા. હમણાં આંધ્રના કોંગ્રેસી કાર્યકરને રાજયપાલ તરીકે સુશીલકુમાર શિંદેએ માફ કરેલી કેદનો મુદ્દો સુપ્રીમમાં ખૂબ ગાજયો.

અફઝલને ફાંસી આપવી કે નહી, એની આસપાસ જ સીમીત નથી. હકીકતમાં માનવ અધિકારવાદી યુરોપના દેશોએ ફાંસીની સજાને રદ કર્યા પછી આપણે ત્યાં પણ એવી હોવી જોઈએ કે નહીં એટલા સુધી એ વિસ્તરે છે. વાતમાં ભયંકર વિરોધાભાસ પણ છે. યુરોપીયન યુનીયનના સભ્ય-દેશ પોર્ટુગલ પાસેથી વાજપેયી સરકારે મુંબઈ બોંબ બ્લાસ્ટના આરોપી અને બીજા ઘણા ખટલાઓમાં સંડોવાયેલા ગેંગસ્ટર અબુ સાલેમને હાંસલ કરવાની કાર્યવાહી હાથ ધરી ત્યારે એ વેળાના નાયબ વડાપ્રધાન અને કેન્દ્રના ગૃહપ્રધાન લાલકૃષ્ણ અડવાણીએ કાંડા કાપી આપ્યાં હતાં. કે અમે અબુ સાલેમને ફાંસીની સજા નહીં આપીએ. એના માનવ અધિકારોની રક્ષા કરીશું. આ કરારનો ભંગ થયાનું પુરવાર થાય તો પોર્ટુગલ સરકાર અબુને પાછો મંગાવી શકે!

વિશ્વમાં માનવ અધિકારોની રક્ષા માટે ઝુંબેશ ચલાવતી એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ (મુખ્યાલય લંડનમાં) ના અહેવાલ દર્શાવેલ છે કે, વિશ્વના ૮૦ દેશોએ તમામ પ્રકારના ગુનાઓ માટે ફાંસીની સજા રદ કરી છે. ૧૫ દેશોએ અભૂતપૂર્વ ગુનાઓ સિવાયના કેસમાં આવી સજાની જોગવાઈ રદ કરી છે. ૨૩ દેશોએ છેલ્લાં દસ વર્ષમાં કોઈને ફાંસીની સજા ફરમાવી નથી, ભલે એમને ત્યાં ફાંસીની કાનૂની જોગવાઈ હોય. ૭૮ દેશોમાં ફાંસીની જોગવાઈ હોવા છતાં ફાંસી અપાઈ હોય એવા લોકોની સંખ્યા દર વર્ષે ઘટતી જાય છે. ચીનમાં સૌથી વધુ

લોકોને ફાંસીને માંચડે ચડાવી દેવાની પરંપરા આજેય અકબંધ છે. આ આંકડો ૧૦૦૦નો રહે છે. જો કે અમેરિકાનાં કેટલાક રાજ્યોમાં ફાંસીની જોગવાઈ છે, બીજામાં નથી. રાષ્ટ્રપ્રમુખ જ્યોર્જ ડબલ્યુ બુશ જ્યારે ટેકસાસના ગવર્નર હતા ત્યારે એમણે સૌથી વધુ લોકોને ફાંસી આપવાના આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા.

આપણે ત્યાં કાશ્મીર અને બીજે પ્રવર્તતા આતંકવાદને કારણે છેલ્લા એકાદ દાયકામાં ૪૫,૦૦૦ થી ૬૦,૦૦૦ લોકોના જાન ગયા છે. સ્વાભાવિક છે કે, અફઝલને ફાંસી આપવા બાબત રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે. અબ્દુલ કલામ કુણું વલણ અપનાવે તો ઉહાપોહ મચે. જમ્મુ-કાશ્મીર મુખ્ય પ્રધાન આઝાદ, પૂર્વ મુખ્યપ્રધાન ડો.અબ્દુલ્લા જ નહીં. પી.ડી.પી.નાં અધ્યક્ષા મહેબુબા મુફતી પણ અફઝલને ફાંસીમાં ક્ષમાદાન અપાય એનાં આગ્રહી છે. જો કે ભાજપની જેમ રાષ્ટ્રીય કોંગ્રેસ પણ અફઝલને ફાંસીમાં ક્ષમાદાન કરાય એનો વિરોધ કરે છે. એવું જ જમ્મુ કાશ્મીરના કોંગ્રેસી નેતા મંગારામ શર્મા અને પીડીપી નેતા રહેલા મુઝફ્ફર હુસૈન બેગનું પણ છે. બંને અફઝલને ફાંસી અપાય એના પક્ષધર છે.કાશ્મીરી સંગઠનો અફઝલને 'હીરો' લેખીને ફાંસી મુક્તિનાં આગ્રહી છે. ડો.અબ્દુલ્લાએ તો અગાઉ જેમ મકબુલ બટને ફાંસી આપનાર ન્યાયાધીશને ગોળીએ દેવાયા હતા અને ભારે ઉહાપોહ મચ્યો હતો એનું રિટન ટાળવા અફઝલને ક્ષમાદાન કરવાના આગ્રહી છે.

ડો.કલામ સમક્ષ અફઝલ સહિત બે ડઝન કરતાંય વધુ વ્યક્તિઓને ફાંસીની સજામાંથી ક્ષમાદાન કરવા માટે (મર્સી પિટિશનો) આવીને પડી છે. હજુ થોડા વખત પહેલાં કોલકાતાની ૧૩ વર્ષની ગુજરાતી કન્યા પર ધૃણાસ્પદ બળાત્કાર કરીને તેની હત્યા કરવા બદલ ધનંજય ચેટરજીને ફાંસી આપવામાં આવી. ધનંજયની ક્ષમાદાન માટેની અરજી રાષ્ટ્રપતિ ભવને ફગાવી દીધી હતી. અંતે તો કેન્દ્રની યુપીએ સરકારે જ રાષ્ટ્રપતિને અફઝલને ફાંસી બદલ ક્ષમાદાન કરવા કે ના કરવાની ભલામણ કરવાની છે. કોંગ્રેસ માટે ગળામાં હાડકું આવી જવા જેવી સ્થિતિ છે. આમ પણ

જમ્મુ-કાશ્મીરમાં આઝાદ સરકારમાં પીડીપીના પ્રધાનો અસહકાર કરી રહ્યા છે. સરકાર ગમે ત્યારે ગબડી શકે. નવી ચુંટણીમાં ત્યાં કોંગ્રેસનું સ્વાભાવિક ધોવાણ થાય. અફઝલને ફાંસી માફ કરવામાં આવે તો કોંગ્રેસનું રાષ્ટ્રીયસ્તરે ધોવાણ થઈ શકે.

આઝાદી પછીનાં વર્ષોમાં આપણાદેશમાં ૫૦ જેટલી વ્યક્તિને ફાંસી અપાયાનો અંદાજ છે. જો કે કેન્દ્રમાં ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકાર હતી ત્યારે પણ ફાંસીની સજા પામેલાઓને 'ક્ષમાદાન' કરાયું છે.સંત હરચંદસિંહ લોગોવાલ અને રાજીવ ગાંધીના હત્યારાઓમાંના અમુકને ફાંસીની સજાને આજીવન કારાવાસમાં ફેરવી નાખવાનું શકય બન્યું છે. લોગોવાલના હત્યારા જ્ઞાનસિંહને સુપ્રીમે ફરમાવેલી ફાંસીની સજાને અકાલીદળના આગ્રહને કારણે ભાજપના નેતૃત્વવાળી સરકારે રદ કરાવી હતી. આ જ જ્ઞાનસિંહનું અકાલીદળ અને શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિએ 'હીરો' તરીકે સન્માન પણ યોજ્યું હતું. લોગોવાલે એ વેળાના વડાપ્રધાન રાજીવ ગાંધી સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા એટલે શીખોનો એક વર્ગ તેમને સમાજના 'દ્રોહી' ગણતો હતો. એ પછી રાજીવ ગાંધીની હત્યામાં ફાંસીની સજા પામેલી નલિનીને તેની બાળકી માટે માતાની જરૂર હોવાના મુદ્દે સોનિયા ગાંધીની સહાનુભૂતિ થકી ફાંસીને બદલે આજીવન કારાવાસની સજા માન્ય કરાઈ હતી. જો કે વાજપેયી સરકાર વખતે જ એનડીએના બે સાથીપક્ષો પીએમકે અનેએમડીએમકે નલિની ઉપરાંત ફાંસીની સજા પામેલા બીજા રાજીવના હત્યારા મુરુગન, પેરારિવાલન અને સંથનને પણ ક્ષમાદાન મળે એ માટે રીતસર ઝુંબેશ ચલાવી રહ્યા હતા.

## ૦ રાષ્ટ્રપતિ ઈચ્છે તેને માફી ન આપી શકે

સુપ્રીમ કોર્ટે આપેલા એક શકવર્તી ચુકાદામાં જણાવ્યું કે, રાષ્ટ્રપતિ ઈચ્છે તેને માફી ન આપી શકે. સજા પામેલી વ્યક્તિને માફી આપવા માટે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલે માફી માટેના ચોકકસ નિયમો પાળવા પડે. જો રાષ્ટ્રપતિ કે રાજ્યપાલે

ધર્મ, જાતિ કે અન્ય અનાવશ્યક પરિબળોને આધારે કોઈ રાજકીય કારણસર કે દ્રષ્ટિકોણથી માફી આપવાની સતાનો ઉપયોગ કર્યો હશે તો ન્યાયતંત્ર માફીની ન્યાયિક સમીક્ષા કરી શકે છે. કાયદાની મર્યાદામાં રહીને સતાનો ઉપયોગ કરી રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ કેદીને માફી આપી શકે છે. રાષ્ટ્રપતિ ડો.અબ્દુલ કલામ સંસદ પરના હુમલાના કેસમાં ફાંસીની સજા પામેલા ત્રાસવાદી મોહંમદ અફઝલ ગુરુને માફી આપવાની માંગણીકરતી અરજી અંગે નિર્ણય લેવાના છે ત્યારે સુપ્રીમ કોર્ટના ચુકાદાથી અફઝલની માફીના મુદાને અસર થવાની શકયતા છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, માફી આપવાની સત્તાનો ઉપયોગ કરવાની બાબત કોઈ વિશેષાધિકાર નથી, પરંતુ ઘણાં સિદ્ધાંતો પર આધારિત એક સતા છે અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને જ સજા પામેલી વ્યક્તિને માફી આપવી જોઈએ.

દરમિયાન, સુપ્રીમ કોર્ટના આદેશને પગલે હત્યા કેસમાં કોંગ્રેસના એક કાર્યકરની સજા માફ કરવા બદલ ભાજપે આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન રેડ્ડી અને તે સમયના ગવર્નર તથા હાલના કેન્દ્રીય પ્રધાન સુશીલકુમાર શિંદેના રાજીનામાની માંગણી કરી છે. ભાજપે મોહંમદ અફઝલને માફી આપવાની માંગણી કરતી અરજી અંગે પણ તાકીદે નિર્ણય લેવાની માંગણી કરી છે.

આંધ્રપ્રદેશમાં હત્યાના કેસમાં સજા પામેલા કોંગ્રેસના એક કાર્યકર ગોવડા વેકટા રેડ્ડીની સજા માફ કરવાના તે વખતના રાજયના ગવર્નર સુશીલકુમાર શિંદેના આ નિર્ણયને રદ કરતા ન્યાયમૂર્તિઓ અજીત પસાયત અને એસ.એચ.કાપડીયાની બનેલી બેંચે જણાવ્યું કે, રાષ્ટ્રપતિ અને ગવર્નરે સજા પામેલી વ્યક્તિની સજા માફ કરતી વખતે તેમના પગલાંની ભોગ બનેલા પરિવાર પર થનારી અસરને ધ્યાનમાં રાખવી જોઈએ.

બેંચે એવી પણ સ્પષ્ટતા કરી કે કેદીની સજા માફ કરવા માટે સાચા અને

માન્ય કારણોસર સત્તાનો ઉપયોગ કરવો જોઈએ.

કોર્ટે જણાવ્યું કે માફી આપવાની સતાનો ઉપયોગ કરતી વખતે રાષ્ટ્રપતિ કે ગવર્નરે સજા પામેલી વ્યક્તિની ભલાઈને જ ધ્યાનમાં રાખવું જોઈએ નહીં, પરંતુ મોટા ભાગે પ્રજાની ભલાઈ અને સજા પામેલી વ્યક્તિની મુક્તિની સમાજ પર કેવી અસર પડશે એ બાબતને ધ્યાનમાં રાખવી જોઈએ.

આંધ્રપ્રદેશમાં કોંગ્રેસનાં કાર્યકર રેડ્ડીની હત્યાના કેસમાં દશ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ગવર્નર સુશીલકુમારે તેમના આદેશમાં રેડ્ડીએ પાંચ વર્ષ અને બે મહિના જેલમાંપુરા કર્યા હોવાથી બાકીની તેની સજા માફ કરીને તેને છોડી દેવાનું જણાવ્યું હતું.

તેલુગુદેશમના મૃત્યુ પામેલા નેતાના પુત્રોએ ગવર્નરના આદેશને નવેમ્બર-૨૦૦૫માં સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો અને સુપ્રીમ કોર્ટે રેડ્ડીને જેલમાંથી છોડી દેવા મનાઈહુકમ આપ્યો હતો.

## ○ રાષ્ટ્રપતિની માફીની સત્તા સામે વિવાદ

- ○ અફઝલની માફી અરજી સામે અવરોધ
- ○ રાષ્ટ્રપતિ અને ગવર્નરની માફીની સત્તા સામે સુપ્રીમનો પ્રશ્ન
- ○ પ્રજાના હિતને ધ્યાનમાં રાખી કેદીને માફી આપવી
- ○ કેદીની ભલાઈને ધ્યાનમાં ન લેવી.
- ○ ધર્મ, જાતિ અને અનાવશ્યક પરિબળોને આધારે અપરાધીને માફી આપવી નહીં.
- ○ સત્તાના દુરુપયોગની ન્યાયિક સમીક્ષા કરવી.

- કાયદાની મર્યાદામાં રહીને માફી આપવી.
- અફઝલની માફી અરજીનો તાકીદે નિકાલ કરવા ભાજપની માંગ.
- ભાજપે આંધ્રના મુખ્યપ્રધાન અને સુશીલકુમારનું રાજીનામુ માગ્યું.
- હત્યા કેસમાં ગવર્નરના આદેશને સુપ્રીમે રદ કર્યો.
- રાષ્ટ્રપતિ ઈચ્છે તેને માફી ન આપી શકે.
- ચોકકસ નિયમો પાળવા પડે.

## ○ અફઝલ : માર દિયા જાય કે છોડ દિયા જાય ?

ફાંસીની સજા! દેશ કે વિદેશમાં ફાંસીના આદેશોની નવાઈ નથી. મહાભારત અને રામાયણથી માંડીને વિશ્વના તમામ ધર્મગ્રંથોમાં મોતની સજાનો ઉલ્લેખ જોવા મળે છે. ઈશુ ખ્રિસ્તને વધસ્તંભ પર ચઢાવવામાં આવ્યા હતા, સોક્રેટીસને ઝેર પીવું પડયું હતું. રાણાએ કૃષ્ણાસમર્પિત મીરાંને વિષનો પ્યાલો મોકલ્યો હતો. ભારતમાં અંગ્રેજોએ વીર ભગતસિંહ, મંગલ પાંડે, મદનલાલ ઢીંગરાને રાષ્ટ્રદ્રોહી કહીને ફાંસી આપી હતી. પાકીસ્તાનમાં સરમુખત્યાર ઝિયા-ઉલ-હકે પોતાના પુરોગામી ઝુલ્ફીકાર અલી ભુટ્ટોને ફાંસીની સજાના નામે કાવાદાવા કરી મોતને ઘાટ ઉતાર્યા હતા. અમેરીકાના પ્રમુખ બુશ જાહેરાત કરે કે લાદેનને જીવતો કે મરેલો રજૂ કરો, સદામ શરણે ન આવે તો ગોળી મારો, ઝરકાવી દેખાય ત્યાં બોંબવર્ષા કરી તમામ કાફલાને ઉડાવી દો, ત્યારે દુનિયાના માનવાધિકાર પ્રવતકો મૌન ધારણ કરી લે છે અને વાંઝિયો આક્રોશ વ્યક્ત કરે છે. બુશની આ સુચનાનો પણ એક પ્રકારે ફાંસીની સજાનું સીધુ અમલીકરણ છે. રાજ્ય સરકારો દ્વારા થતા કથિત એન્કાઉન્ટરો પણ સજાનું કદાચ ક્રુર અમલીકરણ છે. કારણ કે આ સતાધીશોને કાયદો વાંઝિયો લાગે છે. ઈઝરાયલના સૈનિકો કીડી પર કટક ઉતારી હજારો નિર્દોષ મુસ્લિમોને મોતને

ઘાટ ઉતારે ત્યારે એને વાજબી ઠેરવવા ધંધાદારી લોબીઓ મેદાનમાં ઉતરીને ઈસ્લામીક ત્રાસવાદને વગોવવાનું અભિયાન શરૂ કરી દે છે. પરંતુ ભારતમાં સંસદ પર હુમલો કરનાર આરોપી મોહમ્મદ અફઝલ ગુરુને સર્વોચ્ચ અદાલત ફાંસીની સજા કરે તો દુનિયાભરમાંથી માનવાધિકારવાદીઓ દેકારો મચાવવા એકત્ર થઈ જાય છે. અફઝલને ફાંસી ન આપવી જોઈએ એમ જમ્મુ-કાશ્મીરના કોંગ્રેસી મુખ્યમંત્રી ગુલાબનબી આઝાદ સોય ઝાટકીને કહે છે. કારણ? ગુલામનબીને કાશ્મીરમાં પોતાની મતબેંક સાચવવી છે. ગુલામનબી આઝાદના કાશ્મીરના પુરોગામી મુખ્યમંત્રીઓ મુફતી મોહમ્મદ સઈદ અને ફારુક અબ્દુલ્લા પણ અફઝલને માફી આપવા દબાણ કરે છે પરંતુ ભારતનાં સુરક્ષા દળો, શાસક કોંગ્રેસ પક્ષના મોટાભાગના નેતાઓ, ભાજપ, શિવસેના, વિશ્વ હિન્દુ પરિષદ અને સંઘ પરિવાર આ માફીનો વિરોધ કરે છે. મુલાયમસિંહ યાદવ, લાલુ યાદવ અને ગુલામનબી આઝાદ પોતાની મુસ્લિમ મતબેંકને સાચવવા માટે અફઝલને બચાવવાની વાત કરે છે જયારે ડાબેરીઓ, માનવઅધિકારવાસી સંસ્થાઓ, મેધા પાટકર, અરુંધતી રોય, તિસ્તા સેતલવાડ વગેરે ફાંસીની સજાનો સૈદ્ધાંતિક વિરોધ કરી અફઝલને જનમટીપ આપવાની રજુઆત કરી રહયા છે.

ખુદ અફઝલને કદાચ કલ્પના નહી હોય કે એને બચાવવા આટલા મહાનુભાવો મેદાનમાં ઉતરી પડશે! ભારતના રાજકારણીઓ લઘુમતી મતબેંકને એક કરવા માનવતા નામની આંધળી ગલીમાં આટાપાટા રમી રહયા છે. ભારતીય રાજનીતિમાં અફઝલ આજે કહેવાતી બિનસાંપ્રદાયિકતાનું પ્રતીક બની ચૂકયો છે. અફઝલને એકાએક મળેલા સમર્થન, સત્કાર, સન્માન, સહાનુભૂતિ અને સંવેદનાથી પ્રેરાઈને હવે આતંકવાદી અબુ સાલેમ પણ રાજકીય મોક્ષ મેળવવા પ્રયત્નશીલ થઈ ગયો છે. ભારતીય રાજકારણમાં મુસ્લિમ મતબેંક નામની મહામૂલી મૂડીને કબ્જે કરવા નેતાઓ દોટ લગાવી રહયા છે ત્યારે ભાજપ પણ આ ઘટનાક્રમનો વિરોધ

કરી પોતાની હિન્દુ મતબેંકની સહાનુભૂતિને પંપાળી રહયો છે. ભારતીય રાજકારણમાં મુસ્લીમોના મત અને મન જીતવા અફઝલ અને અબુ સાલેમની વકીલાત કરતા નેતાઓ શરમાતા નથી. એક જમાનામાં મુસ્લિમોનું પ્રતિનિધિત્વ ભારતીય રાજકારણમાં અબુલ કલામ આઝાદ, ખાન અબ્દુલ ગફાર ખાનથી માંડીને એ.પી.જે.કલામ જેવા મુઠી ઉંચેરા માનવીઓ કરતા હતા. આજે રાષ્ટ્રદ્રોહના આરોપીઓને બચાવવાની જાણે હોડ લાગી છે. અબુ સાલેમના વકીલોએ હવે કાનૂની લડાઈ છોડીને રાજકારણમાં ઝંપલાવવા પોતાના અસીલને સલાહ આપી છે. ઉતરપ્રદેશમાં મુબારકપુર મતક્ષેત્રમાં આ વખતે દિવાળી અને ઈદના તહેવાર દરમિયાન અબુ સાલેમનાં આદમકદનાં કટઆઉટ ઠેર ઠેર જોવા મળ્યાં હતાં. ઉતરપ્રદેશની મુલાયમ સરકારે આ કટઆઉટસને હટાવવાની તસદી લીધી નહોતી. મુલાયમની સમાજવાદી પાર્ટી અબુ સાલેમને ટીકીટ આપે તો નવાઈ પામવા જેવું નથી. કારણ કે ત્યાંના સ્થાનિક નેતાઓ એવી દલીલ કરે છે કે અબુ સાલેમના આરોપો હજી પુરવાર થયા નથી. રાજા ભૈયા, મુખ્તાર અન્સારી, રમાકાન્ત યાદવ, શાહબુદીન, અતીક અહેમદ જેવા માફીયાઓ ધારાસભ્યો, પ્રધાનો બની શકતા હોય તો અબુ સાલેમનો વાંક શું? ગુનો શું?

ભારત આઝાદ થયું ત્યારથી માંડીને ૧૯૭૫ સુધીના ૨૮ વર્ષના ગાળામાં માત્ર ૧૪ કીસ્સામાં ફાંસી અપાઈ હતી. ૧૯૭૫થી ૯૫ સુધીના ૨૦ વર્ષના ગાળામાં ભારતનાં ૨૯ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૭૨૪ વ્યક્તિઓને ફાંસીની સજા અપાઈ છે. છેલ્લા દસ વર્ષમાં હજારથી વધુ વ્યક્તિઓને ફાંસીની સજા સુનાવવામાં આવી છે. ૯૦ ટકા કિસ્સામાં હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ ફાંસીની સજાને ઘટાડી આજીવન કેદમાં તબદીલ કરે છે. કયારેક રાષ્ટ્રપતિ પોતાની સર્વોચ્ચ સતા વાપરીને અપરાધીની સજા ઘટાડે છે કે માફી આપે છે. ફાંસીની સજા સુપ્રીમે માન્ય રાખ્યા બાદ અમલીકરણ અટકાવી માફી આપવા અંગેની ૨૦ અરજીઓ હાલમાં

રાષ્ટ્રપતિ કલામ પાસે વિચારણા હેઠળ છે. ભારતના બંધારણમાં બાપડા રાષ્ટ્રપતિ રબર સ્ટેમ્પ જ છે. દયાની અરજી રાષ્ટ્રપતિએ ટપાલીની માફક પ્રધાનમંડળને મોકલવાની હોય છે. વડાપ્રધાનને એ દરખાસ્ત યોગ્ય લાગે અને કેબીનેટમાં ચર્ચા માટે મુકાય ત્યારબાદ જ લેવાતા યોગ્ય નિર્ણયની જાણ રાષ્ટ્રપતિને કરાય છે અને ઔપચારિક ઢબે રાષ્ટ્રપતિની કચેરી દ્વારા નિર્ણયની જાહેરાત થાય છે.

રાષ્ટ્રપતિ માત્ર બે જ કિસ્સામાં માફી આપી શકે છે. એક તો રાષ્ટ્રપતિને જયારે લાગે કે, આ સજામાં કાનૂની અને તકનીકી બાબતો પર વધુ ધ્યાન અપાયું છે અને માનવીય અભિગમની વાત ધ્યાને લેવાઈ નથી. દિલ્હી યુનિ.ના પ્રાધ્યાપક એસ.એ.આર. ગિલાનીને આ કાનૂની જોગવાઈનો લાભ મળ્યો હતો. ગિલાનીની વિરુદ્ધમાં ષડયંત્રમાં સીધી સંડોવણીના કોઈ પુરાવાઓ નહોતા મળ્યા. સંસદ પરનો હુમલો એ કોઈ સાધારણ ષડયંત્ર કે ઉતેજનાપૂર્ણ પ્રતિક્રિયા ન હતી. ભારતીય રાષ્ટ્ર સામેના અઘોષિત યુદ્ધના ભાગરૂપે આ ષડયંત્ર રચાયું હતું. સંસદ પર બીજી ડીસેમ્બર ૨૦૦૧ના રોજ થયેલા આક્રમણ પૂર્વે પહેલી ઓકટોબર ૨૦૦૧ના દિવસે જમ્મુ-કાશ્મીર વિધાનસભા પર હુમલો થયો હતો. આ બંને ઘટના એક ષડયંત્રના ભાગરૂપે રચાઈ હતી. આ પ્રકારના રાષ્ટ્રદ્રોહમાં માનવતાનો અભિગમ કયાંથી આવે. અફઝલને પોતાનાં કૃત્યો માટે પશ્ચાતાપ કે ગ્લાનિ નથી. અફઝલ પરત્વે સંવેદના કે સહાનુભૂતિ દાખવવી એ આતંકવાદને માન્યતા આપવા સમાન કૃત્ય ગણાશે. રાષ્ટ્રપતિને માફી આપવા માટેનો બીજો સબળ મુદ્દો એ હોઈ શકે કે, આરોપીને યોગ્ય કાનુની સહાયતા મળી નથી.

અફઝલ વતી દલીલ કરતા મેધાપાટકર, અરુંધતી રોય, તિસ્તા સેતલવાડ, નંદિતા હકસર જેવા માનવતાવાદી પ્રવૃતકો કહે છે કે, ગરીબ પરિવારના આરોપીને સરકારે સારા વકીલોની મદદ નથી આપી. અફઝલના પરિવારે આઠ સીનીયર વકીલોની સુચી આપી હતી. પરંતુ આ વકીલોએ વિનમ્રતાથી કેસ લડવાનો ઈન્કાર

કર્યો હતો. આ વકીલોને દેશદ્રોહીનું છોગું લાગે એવી દહેશત હતી. યાસીન મલિક નામના જમ્મુ-કાશમીરના વિઘટનવાદી નેતા કહે છે કે, અફઝલને ફાંસી આપવાથી ભારત-પાક વચ્ચેની શાંતિ પ્રક્રિયામાં ખલેલ પહોંચશે. ૧૯૮૦ના દાયકામાં મકબુલ બટ્ટને ફાંસી અપાઈ હતી. ત્યારબાદ જમ્મુ-કાશમીરમાં સશસ્ત્ર સંઘર્ષ શરૂ થયો હોવાનો દાવો કરતાં યાસીન કહે છે કે, એ ઘટનાને કારણે પોતે પણ ત્રાસવાદી બન્યો હતો. ભવિષ્યમાં નવા આતંકવાદી પેદા ન થાય તે હેતુથી પણ અફઝલને ફાંસી ન મળવી જોઈએ એવી અપીલ યાસીને ભારત સરકારને કરી હતી. ભાજપ, વિહિપ, સંઘ પરિવાર અને મનિન્દરજિતસિંહ બિટ્ટા કહે છે કે, સુપ્રીમ કોર્ટના ચુકાદાને બદલવા માટે રાજકારણીઓ અને એકિટવિસ્ટો ઝુંબેશ ચલાવે એ વાત તદન ગેરવાજબી છે. મુંબઈના બોમ્બ વિસ્ફોટમાં બેંગ્લોરમાં અને તાજેતરની મૈસુરની ઘટનાઓમાં પાકીસ્તાનની સંડોવણી સિદ્ધ થઈ હોવા છતાં શાંતિ પ્રક્રિયાની વાત કરવી વાહિયાત છે. પાકીસ્તાનની વિઘટનવાદી નીતિને કારણે ખાલિસ્તાનમાં ૩૬ હજાર ભારતીય શીખ યુવાનોમાર્યા ગયા હતા. ખાલિસ્તાનનું ષડયંત્ર પાકીસ્તાન પ્રેરિત હોવાનું પુરવાર થઈ ગયું છે ત્યારે એ નિર્દોષોની હત્યા માટે જવાબદાર કોણ છે? શાંતિ મંત્રાણાના નામે અફઝલને છોડવાની વાત સુરક્ષાતંત્ર માટે ઘાતક સિદ્ધ થશે. રાજીવ ગાંધીના હત્યારાઓને ફાંસીની સજા ન આપવા માટે કેટલાક એકિટવિસ્ટો મેદાનમાં ઉતર્યા હતા. આ આરોપીઓ નિર્દોષ હોવાની દલીલ થઈ હતી પરંતુ પાછળથી ખુદ તામિલ વ્યાઘ્રોએ રાજીવની હત્યા બદલ માફી માગી હતી. ઈન્દીરા ગાંધીના સુરક્ષા કર્મચારીઓ સતવંતસિંહ અને કેહરસિંહને ફાંસીની સજા સુપ્રીમે ફરમાવી ત્યારે કહયું હતું કે, આઝાદ ભારતના ઈતિહાસમાં ૪૦ વર્ષમાં આ સૌથી નૃશંસ હત્યા હતી.

અફઝલને રાષ્ટ્રપતિ માફી આપે કે નહીં, એના નિર્ણયની કલ્પના કરવી દુષ્કર છે. પરંતુ અફઝલે ફાંસીની સજા હોવી જોઈએ કે નહીં, એ ચર્ચાને પુન:

ગરમાવી છે. ભારત સરકાર આતંકવાદને ડામવા કાયદો ઘડે ત્યારે મેધા પાટકર અને અરુંધતી રોય જેવા પ્રવૃતકો સોફ્ટ સ્ટેપ વિરુદ્ધ હાર્ડ સ્ટેટની ચર્ચાઓ છેડે છે.કેપીટલ પનિશમેન્ટ ફાંસીની સજાનો વિવાદ અફઝલ અને મટ્ટુકાંડને કારણે ચગશે. વિધિમિમાંસાની દૃષ્ટિએ સુધારાવાદીઓનું એક જૂથ માને છે કે, ફાંસીની સજા કદી ન હોવી જોઈએ. માનવી જન્મે અપરાધી નથી હોતો, સંજોગોવશાત ગુનાખોરીમાં પ્રવેશે છે. માટે ગુનેગારને સુધરવાની તક આપવી જોઈએ. ડિટરન્સ થિયરીમાં માનનાર વર્ગ કહે છે કે, ગુનો કરનાર શખ્સને સજા થાય તો સમાજમાં દાખલો બેસે છે અને અન્ય વ્યક્તિ ગુનો કરતા ડરે છે. સમાજમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવા સજા જરૂરી છે. જયારે રિટ્રિબ્યુટીવ થિયરી અનુસાર ગુનેગાર હંમેશા સજાને પાત્ર હોવો જોઈએ. ગુનો કરે એમને સજા જરૂર મળે પરંતુ સજા એ ગુનાને અનુરૂપ હોવી જોઈએ. અલબત, આવી ચર્ચાઓ ચાલ્યા કરશે પરંતુ હકીકત એ છે કે, ઈરાદાપૂર્વક ખૂન અને બળાત્કાર જેવી ગુનાખોરી આચરનારને બેશક સજા થવી જોઈએ. નયના સહાનીને તંદુરમાંસળગાવી જીવતી ભુંજી નાખનાર સુશીલ શર્મા હોય કે પ્રિયદર્શીની મટ્ટુ પર બળાત્કાર ગુજારી ગળુ ઘુંટનાર સંતોષસિંહ હોય કે, સંસદ પર હુમલો કરનાર અફઝલ... ધનંજય ચેટર્જીનીની માફક આ તમામ ગુનેગારો ફાંસીની સજાને લાયક છે. આરોપીઓનો કોઈ ધર્મ હોતો નથી. આવા અપરાધીઓ માટે હિન્દુ કે મુસ્લીમ સમાજને સહાનુભૂતિ ન હોઈ શકે. અફઝલનેજો ફાંસીની સજામાંથી માફી અપાઈ તો ભારતીય લશ્કર અને સુરક્ષા એજન્સીઓનું નૈતિક મનોબળ ભાંગી પડશે. આતંકવાદીઓ ગેલમાં આવીને વધુ હુમલાઓ કરશે.

**૦ ભ્રષ્ટાચારીઓને જાહેરમાં ફાંસી આપો : સુપ્રીમ[૧૮]**

દેશમાં પંચાયતથી લઈને મંત્રાલય સુધી વહીવટીતંત્રના તમામ સ્તરે પ્રવર્તતા નિરંકુશ ભ્રષ્ટાચાર સામે આક્રોશ વ્યકત કરતા સુપ્રીમ કોર્ટે આજે ભ્રષ્ટાચારીઓને

[૧૮] દિવ્યભાસ્કર, દૈનિક સમાચારપત્ર, તા. ૮-૩-૨૦૦૭

જાહેરમાં ફાંસી આપવાની માંગ કરી હતી. લાલુપ્રસાદ યાદવને સંડોવતા ઘાસચારા કૌભાંડકેસના આરોપી બ્રજભૂષણની જામીનઅરજીની સુનાવણી દરમ્યાન સુપ્રીમે ભ્રષ્ટ તંત્ર સામે લાલ આંખ કરી હતી.

દેશના રાજકારણીઓને મોટે ભાગે ભ્રષ્ટાચારના કેસમાં કોઇ સજા થતી નથી. ત્યારે જસ્ટિસ એસ. બી. સિંહા અને માર્કંડેય કાત્જુની બેંચે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે ભ્રષ્ટાચારનો અંત લાવવાનો એક માત્ર રસ્તો દેશના ભ્રષ્ટાચારીઓને જાહેરમાં ફાંસી આપવાનો છે. કાયદા અને આના માટે મંજૂરી આપતો નથી. નહીં તો અમે ભ્રષ્ટાચારીઓને ચોક્કસ જાહેરમાં ફાંસી આપીએ. સર્વત્રભ્રષ્ટાચાર ફેલાયેલો છે. ભ્રષ્ટાચારથી કશુ જ મુક્ત નથી. દરેક વ્યક્તિ આ દેશને લૂંટવા માગે છે. ભ્રષ્ટાચારના આ આતંકને રોકવા માટે કેટલાક ભ્રષ્ટાચારીઓને જાહેરમાં ફાંસી આપવી જોઇએ.

બેંચે રૂા. ૧૦૦૦ કરોડના ઘાંસચારા કૌભાંડના આરોપી બિહાર સરકારના બરતરફ કર્મચારી બ્રજભૂષણ પ્રસાદની જામીન અરજીની સુનાવણી દરમ્યાન આક્રોશ ઠાલવ્યો હતો. આ કોભાંડમાં રેલ્વે મંત્રી લાલુ પ્રસાદ યાદવ પણ સંડોવાયેલા છે. જયારે બ્રજભૂષણના વકીલે રજૂઆત કરી કે, ભૂષણ માત્ર રેલ્વે એકાઉન્ટ અધિકારી હતો ત્યારે અત્યંત ગુસ્સામાં બેંચે કહ્યું હતું કે તમારે ભંડોળનું ઓડિટ કરવાનું હતું અને તમે શું કર્યું.

## ૩.૪ મુસ્લીમ ફોજદારી કાયદો અને દેહાંતદંડની સજા :

### ૦ કિસસાર અગર બદલો લેવો

કિસાસનો સિધ્ધાંત જીવને માટે જીવ અને હાથપગને માટે હાથપગના નિયમ અનુસાર કાર્ય કરતો હતો. જિનાયત કહેવાતા ગુના માટે આ પ્રકારની સજા કરાતી હતી. મૃત્યુ, ઈજા અને અંગ છેદન જેવા ગુના જિનાયત  ગણતા હતા. (ક) મૃત્યુ નિપજાવવાના ગુનામાં બદલાની સજા આ પ્રકારનાં કેસોમાં ખૂન થયેલી વ્યક્તિના

વારસદારોને બદલો લેવાનો વૈયક્તિક અધિકાર રહેતો હતો. આ અધિકાર આવી વ્યક્તિના કાનૂની વારસો ભોગવતાં હતા. આ અંગે વિગતવાર નિયમો હતા. જ્યારે જાણીબુઝીને મૃત્યુ નિપજાવવાનો ગુનો પુરવાર થાય અને જો ગુનેગાર સ્થિર મનનો અને પુખ્ત વયનો હોય તો તે વખતે બદલો લેવાની સજાનો અમલ કરાતો. જો કે આ વખતે એક શરતનું પાલન કરવું પડતું હતું. મૃત વ્યક્તિનું રહેઠાણ મુસ્લિમ શાસકના પ્રદેશમાં હોવું જોઈએ, અને તે પેલા શાસકના રક્ષાણ હેઠળ હોવો જોઈએ. બિનરક્ષિત બીનમુસ્લિમોને આવો બદલો લેવાનો હક્ક ન હતો.

વળી જે કેસોમાં કિસાસની સજા ફરમાવાતી હતી તે બધા કેસોમાં તેનો અમલ કરાતો જ. આ બદલો લેવાનો અધિકાર એક વૈયકિતક સ્વરૂપનો અધિકાર ગણાતો હતો. આવી વ્યકિતઓ આ અધિકાર જતો કરીને, ખૂનીની સંમતિથી તેની પાસેથી વળતર મેળવીને, સમાધાન કરીને, ખૂનીને માફ કરી શકતા હતા. આ સજાનો અમલ કરવા માટે ફાંસીની રીતનો ઉપયોગ થતો હતો.(ખ) મૃત્યુ સિવાયના ગુનામાં બદલાની સજા : જે ઈજાથી મૃત્યુ ન નીપજ્યું હોય તેવી શારીરિક ઈજાના ગુનાના સ્વૈચ્છિક અને આકસ્મિક, એવા બે પ્રકાર પાડયા હતાં. સ્વૈચ્છિક ઈજાના ગુના સિવાયના ગુનામાં બદલો લેવાની છૂટ અપાતી ન હતી. જ્યારે લીંગ મોભો કે શરીરના અંગોના સંદર્ભમાં પક્ષકારોમાં સમાનતા ન હોય ત્યારે, બદલો લેવાની છુટ અપાતી ન હતી. જે સ્વૈચ્છિક કે આકસ્મિક ઈજાના ગુનાના બદલાની સજા કરી શકાતી ન હતી. તેમાં નાણાકીય દંડની સજા ફરમાવાતી હતી.

## ૦ દિયુત અગર ખૂનનું વળતર ચુકવવું

દિયુત એટલે મૃત્યુ નિપજાવી રક્તપાત કરવા બદલ દંડ અગર વળતરની ચુકવણી સ્વેચ્છાપૂર્વક મૃત્યુ નિપજાવવાના બધા કેસોમાં કિસાસના વિકલ્પમાં દિયુતની સજા કરી શકાતી. જે વ્યક્તિઓને બદલો લેવાનો હક હોય તે વ્યક્તિને, જો સંતોષ અને રાહત થાય તેમ હોય તો તેની ઈચ્છાથી આમ કરી શકાતું હતું. આથી દિયુતની

સજા કિસાસની સજાની એક વૈકલ્પિક સજા બની ગઈ હતી. વધુમાં સ્વૈચ્છિક મૃત્યુ નિપજાવવાના ગુના સિવાયના બીજા બધા ગેરકાયદે મનુષ્યવધના કેસોમાં દિયુત અગર ખૂનના વળતરની ચુકવણીની સજા કરાતી હતી. આવું વળતર ખૂની સાથે તેને સાથ આપનાર લોકોએ ચૂકવવું પડતું. ઈ.સ. ૧૭૭૩ માં વોરન હેસ્ટિંગ્ઝે લખેલ એક પત્રમાં જણાવ્યા મુજબ ઉપરોક્ત બધા કેસોમાં આ વળતરની રકમ રૂા. ૩૩૩૩-૫ આના -૪ પૈસા મુકર્રર થઈ હતી. સ્ત્રીનું મૃત્યુ નિપજાવવા માટે તેનાથી અડધી રકમનું વળતર અપાતું હતું. જો કે મુસ્લિમો અને બીન મુસ્લિમો માટે સમાન વળતર હતું.

## ૦ મુસ્લીમ કાનુન મુજબ દેહાંતદંડની સજા :

ભારતમાં મુસ્લમી (મોગલ) સામ્રાજ્ય દરમ્યાન ફોજદારી 'કુરાન' ઉપર આધારિત હતો. મોલગ શાસન દરમ્યાન ઉદ્ભવેલ પ્રવર્તતી ફોજદારી કાનુન પ્રથા ભારતની બહાર વિકાસ પામી હતી. તેનું અવતરણ મુખ્યત્વે કુરાન ઉપર અને ન્યાયવીદોના અભિપ્રાયો અને દાખલારૂપ કાનુની કિસ્સાઓ ઉપર આધારીત હતું. કાઝીઓએ ઈસ્લામીક કાનુનનો સંગ્રહ કરેલો, આવો છેલ્લો સંગ્રહ, 'ફતવા - એ - આલમગીરી' ના નામથી બહાર પાડેલો.

અકબર ફાંસીની સજાનો હળવાસથી ઉપયોગ ન કરતો. અકબરના સમયમાં ખૂબ જ ઘાતકી રાજદ્રોહના ગુહા સિવાય દેહાંતદંડની સજા કરવામાં આવતી ન હતી.

જહાંગીરા સમયમાં પણ બાદશાહની મંજુરી બહાલી વગર ફાંસીની સજા કરવામાં આવતી ન હતી.

ઔરંગઝેબ ઔરંગઝેબના રાજ્યકાળ દરમ્યાન કયારેય ફાંસીની સજા આપવામાં આવી ન હતી તે વાત ઈતિહાસમાં નોંધાયેલ છે.

### ૦ હુદ્ર અને નિશ્ચિત સજા :

આ પ્રકારની સજામાં સજાનું સ્વરૂપ નિશ્ચિત જાણાવી દેવામાં આવ્યું હતું. કિસાસ અગર બદલો લેવાનો અધિકાર વૈયક્તિગક ગણાતો હતો. હુદમાં જુદા જુદા ગુના માટે કરાતી સજાનું સ્વરૂપ અને તેનું પ્રમાણ નિશ્ચિત હતું. તેમાં ફેરફાર કે ઘટાડા વધારાનો કોઈ અવકાશ ન હતો. જો આવો ગુનો પુરવાર થાય તો કાઝી માટે પેલી નિશ્ચિત સજા ફરમાવવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. હુદનો ઉદ્દેશ પ્રજાને હાનિકારક ગુના કરવા માટે ગુનેગારને ધાક બેસાડવાનો હતો. આ સાર્વજનિક અધિકાર થવાથી શાસક કે તેનો પ્રતિનિધિ જ આ સજા ફરમાવી શકતો. ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ ફરીયાદ કરે, તે આવશ્યક ન હતું. વળી તે વ્યક્તિને પેલી નિશ્ચિત સજામાં છૂટછાટ મૂકવાની પણ કોઈ સત્તા ન હતી. વ્યભિચાર, પરિણિત અગર અપરણિીત વ્યક્તિઓ વચ્ચે નાજાયજ જાતીય દેહસંબંધ, જાત ઉપર નિયંત્રણ નહિં રાખીને દારુ પીવાનો ખોટો આરોપ મુકવો, ચોરી અને સરીયામ રસ્તા ઉપરની લૂંટ જેવા ગુના માટે હુદ પ્રકારની સજાઓ કરતી હતી.

### ૦ તઝીર અગર બુદ્ધિયુક્ત તથા કિસાસ અગર દાખલો બેસે તેવી સજાઓ :

તઝીર અને સિયાસ પ્રકારની સજાઓ કાઝીની વિવેક બુદ્ધિ ઉપર આધાર રાખી કરાતી હતી. અહીં કાઝી જ પોતાની વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને સજાનો પ્રકાર તેમજ રકમ નક્કી કરતો હતો. તઝીરમાં કેદ અને દેશનિકાલથી માંડીને જાહેરમાં ગુનેગારને ખડો કરવા સુધીની સજાઓનો સમાવેશ થતો હતો. તઝીર પ્રકારની સજાઓના બે પ્રકાર હતા. (૧) વૈયક્તિક સ્વરૂપની સજા આ પ્રકારની સજા કરવાનો અધિકાર ખુદનો અધિકાર ગણાતો હતો. પ્રથમ પ્રકારની સજામાં પેલી વ્યક્તિ માફી બક્ષી શકતી. પણ બીજા પ્રકારની સજામાં શાસક કે તેનો પ્રતિનિધિ જ ઘટાડો કરી શકતો હતો. મોભો જોઈને પોતાની વિવેકબુદ્ધિ અનુસાર સજા કરવાની

હતી. તે ગુનેગારને ખાનગી કે જાહેરમાં ઠપકો આપી શરમિન્દો બનાવવામાં આવતો કે તેને કેદમાં મોકલી આપવામાં આવતો કે ફટકા મારવાની સજા ફરમાવવામાં આવતી. તે ઉપરાંત કાઝી ગરદન ઉપર ફટકા મારવા, કાન ખેંચવા દેશ નિકાલ કરવો, મો કાળું કરવું વગેરે જેવી સજા પણ ફરમાવતો. શાસક અગર તેનો પ્રતિનિધિ સુધરી ન શકે તેવા રીઢા અને ભયજનક ગુનેગાર આવી સજા સમાજના રક્ષણના હેતુથી કરતો.

# પ્રકરણ : ૪
# માનવ અધિકારનાં પરિપ્રેક્ષ્યમાં

પ્રાચીન જમાનામાં આજના જેવી ફોજદારી કોર્ટો અને કાર્યવાહીની પ્રથા ન હતી. તેમ છતાં આજે જે જાતના આરોપીના અધિકારો માન્ય રખાયા છે તેવા અધિકારોને મળતા આવતા અધિકારો તે વખતે કોર્ટોની અને કાર્યવાહીમાં જોવા મળે છે. એ.એન. ચતુર્વેદી પ્રાચીન હિંદુ કાયદા પ્રથા તેમજ ત્યાર પછીના યુગોમાં આરોપીના અધિકારો નીચે પ્રમાણે સંક્ષિપ્તમાં જણાવે છે. હવે આપણે બ્રિટિશ યુગ અગાઉ અને બ્રિટિશ યુગ દરમિયાન આ અધિકારો વિશે સમજૂતિ મેળવીશું.

લિવિંગ્સ્ટન હોલ ઍંગ્લોઅમેરિકન રૂઢિઓ, રિવાજો અને કાયદાની સાતસો પચાસ વર્ષ જૂની પ્રણાલીની વાત કરે છે તે આને લગતા કુલ બત્રીસ દસ્તાવેજોનો ઉલ્લેખ કરે છે. ૧૨૧૫ ના મેગ્નાકાર્ટાથી શરૂ થયેલી આ પ્રણાલી, શાસનની ધૂરા સંભાળતા લોકોની સત્તા ઉપર, લગામ તરીકે કામ કરતા કાયદાના નિયમોને સ્પર્શે છે. આ દસ્તાવેજોમાં કાયદામાં રહેલા નૈતિકતાના તત્ત્વના દ્યોતક છે. આ લગામ મેગ્નાકાર્ટાના ૩૯ મા આર્ટિકલથી શરૂ થાય છે : કોઈ પણ મુક્ત માનવીને તેના પોતાના જનસમુહના કાનુની ચુકાદા સિવાય, અગર દેશના કાયદાના કાનૂની ચુકાદા સિવાય, કેદ, દેશનિકાલ, મૃત્યુદંડ કે તેની મિલ્કતની જપ્તી કરી શકાશે નહીં. ચૌદમી સદીમાં આ જ બાબત જરા જુદી રીતે ફરીથી કહેવાઇ હતી : તેની મિલ્કત કે તેનો દરજ્જો ગમે તે હોય તો પણ, કોઈ પણ માણસને કાયદાની ઉચિત પ્રક્રિયા - અનુસાર તેનો જવાબ સાંભળ્યા વિના, તેને મૃત્યુદંડ કરી શકાશે નહીં, કે તેને જેલમાં નંખાશે નહીં. જ્યારે અંગ્રેજો સૌ પ્રથમ અમેરિકામાં વસાહતીઓ તરીકે આવ્યા ત્યારે, તેઓ જેમ્સ પહેલાએ આપેલા ૧૭૦૬ ના વર્જિનિયા ચાર્ટરથી આ અધિકારો પોતાની સાથે લઈને જ આવ્યા હતા. ''કાયદાની ઉચિત પ્રક્રિયા'' નું

આ રક્ષણ આરોપીઓનું માત્ર વૈયક્તિક સ્વરૂપનું જ રક્ષણ નથી, પણ તે સમગ્ર પ્રજાને અપાયેલું રક્ષણ છે. તે પ્રજાને વચન આપે છે કે : સદીઓના અનુભવના આધારે રચાયેલા આ કાનૂની નિયમો અનુસાર જ પોલીસ, કોર્ટો અને સાશનતંત્ર પ્રજા પ્રત્યે વ્યવહાર કરશે. લિવિંગ્સ્ટન હોલ આ અધિકારની યાદી નીચે મુજબ આપે છે.[૧]

કોઈપણ માનવી દોષિત ઠરાવ્યા પછી, અને તેને સજા ફરમાવ્યા પછી પણ, તેના માનવ અધિકારોથી વંચિત થઈ જતો નથી. તેને કરાતી સજા પણ શિષ્ટતાવાળી હોવી જોઈએ. આરોપીને ક્રૂર અને અસામાન્ય પ્રકારની સજા કરી શકાતી નથી. તેને સુધારવા ઉપર ખાસ ભાર મૂકાય છે. તેથી જેલની હાલમાં સુધારા થઈ રહ્યા છે.

ઉપરોક્ત અધિકારો વિશે જાણ્યા પછી પણ એક સવાલ તો ઉઠે જ છે : શું અધિકારોનો ભંગ થયો હોય તેવા ફોજદારી કેસોની કાર્યવાહીમાં આવીભૂલો સુધારવા માટે કોઈ તંત્ર છે ? હોલ આવા ચાર ઉપાયો જણાવે છે : (ક) ન્યાયતંત્ર અપીલ કાર્યવાહીમાં નીચેની કોર્ટોની આવી ભૂલોસુધારે છે. વધુમાં જે વ્યક્તિની અટકાયત થઈ હોય તે વ્યક્તિ, હેબિયસ કોષર્સની રીટ માટેની અરજી કરીને, પોતાની આવી અટકાયતની કાયદેસરતાની ચકાસણી કરી શકે છે. (ખ) અટકાયત વગર દોષિત ઠર્યા પછી કેદ ભોગવતી વ્યક્તિનો પોતાનો વકીલ અને મિત્રો સાથે વિચારવિનિમય કરવાનો, અને પોતાના ઉપરોક્ત અધિકારોના જતન માટે કોર્ટમાં કાર્યવાહી દાખલ કરવાનો અધિકાર કોઈથી નકારી શકાતો નથી. (ગ) ન્યાયતંત્રના પ્રતિનિધિઓને આરોપીના અધિકારોની જાળવણી કરવાની ફરજ પાડી શકે છે. (ઘ) જો પોલીસે આરોપીના કોઈ અધિકારનો ભંગ કર્યો હોય તો, આરોપી

૧. વિસ્તુત માહિતી માટે જૂઓ : લેખકના ટૉક્સ ઑન અમેરિકન લૉ (વિન્ટેજ : ૧૯૬૧) પુસ્તકમાં ધ રાઈટ્સ ઑફ ધ ઈન ક્રિમિનલ કેસીસ નામનો લેખ પ્ર. ૫, પૃ. ૫૫-૭૦

જે તે અધિકારી સામે દિવાની રાહે કેસ મૂકી નુકશાન વળતર માગી શકે છે. અમુક કેસોમાં તો તેમની સામે ફોજદારી કાર્યવાહી પણ કરી શકાય છે. પ્રોફેસર ડેવિડ ફેલમેને પોતાના ધ રાઈટસ ઓફ ધ એક્યુઝડ નામના પુસ્તકમાં યોગ્ય જ લખ્યું છે : ''આપણા સ્વાતંત્ર્યની જાળવણીમાં જ આપણી સૌથી વધુ સલામતી રહેલી છે. આપણે શક્તિશાળી છીએ તેથી આપણે સ્વાતંત્ર છીએ એવું નથી તેથી ઉલ્ટું આપણે સ્વતંત્ર છીએ તેથી જ આપણે શક્તિમાન છીએ. આપણી સમગ્ર જીવનરીતિ આ વિધનની સચ્ચાઈ ઉપર નભી છે.''

## ૪.૧ પ્રાચીન હિંદુ કાયદામાં આરોપીના અધિકારો :[૨] સાક્ષીઓ તપાસવાનો

કાત્યાયન અને મનુ આરોપીની હાજરીમાં સાક્ષીઓને તપાસવાના અધિકારને માન્ય રાખે છે. આવા સાક્ષીઓને સોગંદ અને વિવિધ કસોટીઓ - ઓર્ડિયલ - વડે તપાસવામાં આવતા હતા. આ યુગમાં આરોપીને સાંભળ્યા વગર શિક્ષા કરતી ન હતી. તેને તેના સાક્ષી લાવવાની છૂટ હતી. તે અન્ય સાક્ષીની ઉલટ તપાસ કરી શકતો હતો.

**(૧) વકીલનો અધિકાર :** તે વખતે આજના જેવી હકીકતો ન હતા, પણ આરોપીને પોતાના કેસની રજૂઆત માટે સ્મૃતિઓના વિદ્વાનની મદદ લેવામાં દેવામાં આવતી હતી.

**(૨) અપીલનો અધિકાર :** બૃહસ્પતિ અને કાત્યાયન નીચલી કોર્ટના ખોટા ચુકાદાને સુધારવાની રાજાની ફરજની ચર્ચા કરે છે. જો કે રાજાનો ચુકાદો આખરીગણાતો હતો. આરોપીનો કેસ રાજ્ય સભામાં બધાના દેખતાં સાંભળવામાં આવતો હતો.

---

૨. એ. એન. ચતુર્વેદી રાઈટ્સ ઑફ એક્યુઝડ અન્ડર ઈન્ડિયન કોન્સ્ટિટ્યૂશન (દિપ : ૧૯૮૪) પૃ. ૨૪-૨૭

## ૬.૨ મુસ્લિમ કાયદાપ્રથામાં આરોપીના અધિકારો :[3]

**(૧) આરોપીની ધરપકડ અને અટકાયત અંગેનાં નિર્ણયો** : પ્રથમદર્શી કેસ હોય તે આરોપીને હિરાસતમાં લઈ શકાતો હતો. તેને જમીન ઉપર પણ છોડી શકાતો. તેને જરૂર કરતાં વધુ સમય અટકાયતમાં રાખવા સામે નિયંત્રણ હતાં. **(૨) જામીન પર છૂટવાનો અધિકાર** : મોગલયગમાં આરોપીનો જામીન ઉપર છૂટવાનો અધિકાર હતો. **(૩) પોતાનો કેસ એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં ફેરવવાનો અધિકાર** : જો કે સુલતાન અને સુબાને જ આવી સત્તા હતી. **(૪) વકીલ રાખવાનો અધિકાર** : તે વખતે કાયદાના જાણકારી લોકો વકીલ તરીકેની કામગીરી કરતા હતા. **(૫) ગુનાનું સમાધાન કરવાનો અધિકાર** : કોર્ટની મંજુરીથી કેટલાક નાના અને કેટલાક ગંભીર સ્વરૂપના ગુનાનું પણ સમાધાન કરી શકાતું હતું. ખૂન જેવા ગુનાનું પણ 'કિસાસ' ની ચુકવણી કરી સમાધાન કરી શકાતું હતું. **(૬) ઝડપી સુનાવણીનો અધિકાર** : અકબરે (૧૫૮૫) આ માટે એક ખાસ સમીતી નીમી હતી. ઘણા કેસોનો તો તત્કાળ નિકાલ કરાતો હતો. **(૭) શંકાના લાભનો અધિકાર** : જો આવો લાભ-શુકબા મળે તો આરોપીને છોડી મૂકવામાં આવતો હતો. **(૮) કાયદાનું સમાન રક્ષણ** : મોગલયુગનો મુસ્લિમ કાયદો વચ્ચેના ફોજદારી કેસોમાં કોઈ ભેદભાવ રાખતો ન હતો. ઔરંગઝેબના કાળમાં હિંદુના ખુન માટે કેદ થઈ હતી. કારણ કે હિંદુ કાયદો નાણાકીય વળતર લઈ ખૂનની માફી બક્ષવાથી છૂટ આપતો ન હતો. હુસ્લિમની હત્યા માટે આવું વળતર ચૂકવી ખૂનની ફાંસીમાંથી બચી શકતો હતો. **(૯) અપીલનો અધિકાર** : આવી અપીલમાં નવો પુરાવો, કેસની નવેસરથી સુનાવણી, નીચલી કોર્ટના ચુકાદાને બહાલી કે નામંજુરી, કે તેની સમીક્ષા થતી હતી. **(૧૦) અધિકારીઓની જવાબદારી** : જયારે ચોરી અને લૂંટ થાય ત્યારે સુબાથી માંડી બીજા અધિકારીઓએ ફરિયાદીને વળતર ચૂકવવું પડતું હતું. ઘણી વાર સરકારી તિજોરીમાંથી આવું વળતર અપાતું હતું.

---

૩. ચતુર્વેદી, પૃ. ૩૬-૪૧

## ૪.૩ બ્રિટિશયુગ દરમિયાન આરોપીના અધિકારો

અંગ્રેજોએ તેમના શાસનના પ્રારંભમાં હિંદુઓ અને મુસ્લિમોના ફોજદારી કાયદાનો અમલ કરાવ્યો હતો. ત્યાર પછી તેમણે ક્રમશઃ સુધારા અને ફેરફાર કર્યા હતા. વળી તે વખતે મુંબઈ, મદ્રાસ, બંગાળા, વગેરે પ્રદેશો માટે અલગ અલગ કાયદાકીય જોગવાઈઓ હતી. જો કે તેમાં ઈંગ્લેંના કોમન લોના કેટલાક સિદ્ધાંતો હતા. ભારતમાં સૌ પ્રથમ ૧૮૬૧ માં ક્રિ. પ્રો. કો. ઘડવામાં આવ્યો હતો. તે રદ કરીને ૧૮૭૨ માં બીજો કોડ ઘડાયો હતો. પછી આ ૧૮૭૨ નો કોડ રદ કરી ૧૮૮૨ માં બીજોનવો કોડ ઘયાો હતો. અંતે ૧૮૯૮ માં અંતિમ કોડ તૈયાર થયો હતો. ત્યાર પછી સ્વતંત્ર ભારતમાં તેને સ્થાને ૧૯૭૨ નો કોડ લાવવામાં આવ્યો હતો. બ્રિટિશ યુગમાં કોર્ડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૮૯૮ અને ઈન્ડિયન એવિડન્સ એક્ટ, ૧૮૭૨ ફોજદારી કેસોની કાર્યવાહી અને પુરાવાને લગતા કાયદાના અત્યંત મહત્વના ધારા છે. આ બંને ધારાની સંખ્યાબંધ કલમોમાં આરોપીના વિવિધ અધિકારો વેરવિખેર સ્વરૂપમાં પડેલા છે. જેમકે : સુનાવણી દરમિયાન પોતે નિર્દોષછે, તેવા અનુમાનોનો અધિકાર,[૪] બચાવ કરવાનો અધિકાર,[૫] મેજેસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાનો અધિકાર[૬] કારણો જાણવાનો અધિકાર,[૭] વકીલ રાખવાનો અધિકાર,[૮]

---

૪. ઈન્ડિયન એવિડન્સ એક્ટ ૧૮૭૨ ની કલમ ૧૦૨, ૧૦૫

૫. ક્રિ.પ્રો.કો. ૧૮૯૮ ની કલમો ૨૫૧ એ, ૨૫૬, ૨૫૭ : ક્રિ.પ્રો.કો. ૧૯૭૨ નલ કલમ ૨૪૦, ૨૪૩, ૨૪૭

૬. ક્રિ.પ્રો.કો. ૧૮૯૮ ની કલમો ૬૦, ૬૧ : ક્રિ.પ્રો.કો. ૧૮૭૩ ની કલમો ૫૬, ૫૭

૭. ક્રિ.પ્રો.કો. ૧૮૯૮ ની કલમો ૧૭૩(૪) અને ૨૫૧ (એ) (।) : ક્રિ.પ્રો.કો. ૧૯૭૩ ની કલમો ૫૦, ૧૭૩.

૮. ક્રિ.પ્રો.કો. ૧૮૯૮ ની કલમો ૩૪૦ (।) : ક્રિ.પ્રો.કો. ૧૯૭૩ ની કલમો ૩૦૩.

જાહેર ુનાવણીનો અધિકાર,[૯] પોતાની હાજરીમાં જ પોતાનો કેસ ચલાવડાવવાનો અધિકાર,[૧૦] પોતાના બચતમાં સાક્ષીઓ રજૂ કરવાનો અને તેમને તપાસવાનો અધિકાર,[૧૧] ફરીયાદ પક્ષના સાક્ષીઓની ઉલટ તપાસ કરવાનો અધિકાર,[૧૨] પોતાના ફરી ગયેલા હોસ્ટાઈલ સાક્ષીની ઉલટ તપાસ કરવાનો અધિકાર,[૧૩] નિવેદનોની તપાસણી - ડિસ્કવરી - મેળવવાનો અધિકાર,[૧૪] બળજબરીથી પુરાવો મેળવવા માટે રક્ષણનો અધિકાર,[૧૫] બેવડા જોખમ ડબલ જેપાડી સામે રક્ષણનો અધિકાર,[૧૬] ફરિયાદ માંડવા માટેની મંજૂરી મેળવવાનો અધિકાર,[૧૭] જમીન ઉપર છૂટવાનો અધિકાર[૩] અપીલ કરવાનો અધિકાર,[૧૮] વગેરે.

---

૯. ક્રિ.પ્રો.કો. ૧૮૯૮ ની કલમો ૩૫૨ (૧) : ક્રિ.પ્રો.કો. ૧૯૭૩ ની કલમો ૩૨૭.

૧૦. ક્રિ.પ્રો.કો. ૧૮૯૮ ની કલમો ૩૫૩ (૧) : ક્રિ.પ્રો.કો. ૧૯૭૩ ની કલમો ૨૭૩.

૧૧. ઉપર ૨ મુજબ

૧૨. ઈન્ડિયન એવિડન્સ એક્ટ ૧૮૭૨ ની કલમ ૧૩૭, ૧૩૮, ૧૪૩ અને ૧૪૫

૧૩. ઈન્ડિયન એવિડન્સ એક્ટ ૧૮૭૨ ની કલમ ૧૫૪

૧૪. ક્રિ.પ્રો.કો. ૧૮૯૮ ની કલમો અને ૧૯૭૨ ની કલમ ૧૬૧, ૧૬૨, ૧૭૪ (૪) અને ક્રિ.પ્રો.કો. ૧૮૯૮ ની કલમો ૨૦૭ એ (૩).

૧૫. ક્રિ.પ્રો.કો. ૧૮૯૮ ની કલમો ૩૨૪(૨) અને ૩૨૪(એ) : ક્રિ.પ્રો.કો. ૧૯૭૩ ની કલમ ૩૧૩ અને ૩૧૫(૧)

૧૬. ક્રિ.પ્રો.કો. ૧૮૯૮ ની કલમો ૪૦૩ : ક્રિ.પ્રો.કો. ૧૯૭૩ ની કલમ ૩૦૦

૧૭. ક્રિ.પ્રો.કો. ૧૮૯૮ ની કલમો ૧૯૫, ૧૯૬, ૧૯૭, ૧૯૭એ ક્રિ.પ્રો.કો. ૧૯૭૩ ની કલમ ૧૯૫, ૧૯૬, ૧૯૭

૧૮. ક્રિ.પ્રો.કો. ૧૮૯૮ ની કલમો ૪૨૬, ૪૨૯, ૪૯૭,ક્રિ.પ્રો.કો. ૧૯૭૩ ની કલમ ૩૮૯, ૪૩૬, ૪૩૭, ૪૩૮

ઉપરોક્ત અધિકારો ઈંગ્લેન્ડના કોમન લૉ અને ધારામાંથી ઘડી કાઢવામાં આવ્યા હતા. તેમને ક્રિ. પ્રો. કો અને ઈન્ડિયન એવિડન્સ એક્ટ, ૧૮૭૨ ની કલમોમાં સ્પષ્ટ રીતે વ્યાખ્યાબદ્ધ કરવામાં આવ્યા હતા. તે બધા આજે પણ અમલમાં છે. ભારતના બંધારણમાં આ અધિકારો પૈકી કેટલાક અધિકારોને વધુ ઉન્નત ભૂમિકાએ લઈ જઈ, તેમને મૂળભૂત અધિકારો તરીકે, પ્રસ્થાપિત કરવામાં આવ્યા છે. આ પ્રકરણમાં આરોપીના આવા બંધારણીય અને કાનૂની અધિકારોની વિસ્તૃત સમજૂતિ આપે છે. જો કે આ બધા અધિકારોને બંધારણીય અધિકારો અને ધારાકીય કાનૂની અધિકારો એવા જડખાનામાં મૂકવા શક્ય નથી. એક અધિકાર બંધારણીય અધિકાર હોવા ઉપરાંત ધારાકીય સ્ટેટ્યૂટરી - અધિકાર પણ હોઈ શકે છે. તેથી નીચે આપેલું વર્ગીકરણ સમજૂતિની સરળતા ખાતર અપાયેલું માનવાનું છે. આરોપીના વિવિધ અધિકારોના સગવડ ખાતર નીચે પ્રમાણે વર્ગો પાડી શકાય છે.

## ૪. આરોપીના અધિકારો : બંધારણ અન્વયે

### ૧. કાયદા સમક્ષ સમાનતા અને કાયદા દ્વારા સમાન રક્ષણનો અધિકાર

ગુનાના આરોપીને ગુનો કરીને સમાજનો ગુસ્સો નોંતર્યો છે. તેથી અકળાયેલો સમાજ તેના પ્રત્યે અન્યાય અને ભેદભાવ આચરી બેસે તે શક્ય છે તેથી રાજ્યે આરોપીને સમાનતાનો અધિકાર આપવો પડે છે. રાજ્ય અને તેના તંત્રવાહકો પાસેથી પ્રત્યક્ષ જુલ્મી વ્યવહાર ન કરે, તે રીતે તેની સામે કાનૂની કાર્યવાહી ચલાવવાની હોય છે. તેના કેસના અગાઉના તબક્કામાં તપાસ, ધરપકડ, આરોપનામું અને સુનાવણી, એમ દરેક સ્તરે આ સમાનતાના અધિકારનું જતન કરવું આવશ્યક છે. બંધારણનો આર્ટિકલ ૧૪ દરેક વ્યક્તિને ''કાયદા સમક્ષ સમાનતા'' અને ''કાયદા દ્વારા સમાન રક્ષણ'' ની ખાતર રાખે છે. ડાઈસી ડાઈસી 'કાયદા દ્વારા સમાનતાનો' અર્થ બધી જ વ્યક્તિઓસમાન કાયદાની કોર્ટો દ્વારા અમલ કરાવતા દેશના સર્વસામાન્ય કાયદાને સમાન પણે અધીન રહે તેવોક રે છે. આ આર્ટીકલ

રાજ્ય દ્વારા અન્યાય પૂર્ણ રીતે અને ગેરવ્યાજબી રીતે ભેદભાવ કરતા કાયદાના અમલ ઉપર, પ્રતિબંધ લાદે છે. જો રાજ્ય દ્વારા સમાન વ્યવહાર થયો હોય તો સાચો અને વાસ્તવિક ન્યાય મળે છે. સમાનતાથી શાંતિ અને સમૃધ્ધિ વધે છે. અસમાનતાથી ધિક્કાર, અવિશ્વાસ અને અંતે વિનાશ નીપજે છે. સમાનતાથી જ રાજ્યના એકહથ્થુ પગલાં સામે રક્ષણ મળી શકે છે. અલબત્ત, કાયદો વાજબી ધોરણોના આધારે વ્યક્તિના વર્ગો વચ્ચે ભેદભાવ આચરવાની છૂટ આપે છે. તેથી અમુક ખાસ પ્રકારના ગુનાની સુનાવણી માટે ખાસ સ્પેશીયલ કોર્ટોની રચનાને કાયદેસર ગણવામાં આવી છે. પણ આવી ખાસ કોર્ટો માટેની ખાસ કાર્યવાહી ભેદભાવપૂર્ણ ન હોવી જોઈએ. વળી પુરાવાના કાયદાની દૃષ્ટિએ તાજના સાક્ષી એપ્રુવર અને ગુનાના સહભાગી એકોમ્પ્લીસના પુરાવાના નિયમો સમાનતાના અધિકારને આંચ આવે તેવા જોવા મળે છે. સરકારી કર્મચારીઓ સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરતાં અગાઉ સરકારની પૂર્વ મંજૂરી મેળવવાનો આ નિયમ પણ ભેદભાવયુક્ત છે. વળી જયારેસરકારી કર્મચરી પોતાના હોદ્દાની હેસિયતમાં કોઈ ગુનો કરે ત્યાર, સમાનતાના અધિકારને ઝાંખપ લાગવાની શક્યતા રહે છે.

### (૨) પૂર્વવર્તી અસરવાળા કાયદા સામે રક્ષણનો અધિકાર

કાયદાનો એક અગત્યનો સિદ્ધાંત છે કે : કાયદો કોઈને કાયદાના ભંગ સિવાય દંડતો નથી. આ સિદ્ધાંત કાયદાનુસારતા - લિગાલિટીનો સિદ્ધાંત કહેવાય છે. આ સિદ્ધાંત ન્યૂલા પીના સાઈને લેજેના પ્રાચીન સૂત્રમાં પણ વ્યક્ત થયેલો જોવા મળે છે. કોઈ કૃત્ય કોઈ કોર્ટના મંતવ્ય અનુસાર અનૈતિક, સમાજવિરોધી કે અનિચ્છનીય હોય તેટલા માત્ર કારણે તે કોર્ટને પેલા કૃત્ય માટે શિક્ષા કરવાની સત્તા હોતી નથી. આ તેટલા માત્ર કારણે, તે કોર્ટને, પેલા કૃત્ય માટે શિક્ષા કરવાની સત્તા હોતી નથી. આ સૂત્રમાં નાગરીકનું કાયદા વડે શાસન કરવાનું છે, અમુક તમુક વ્યક્તિની મરજી અનુસાર નહીં તેવા સિદ્ધાંત અભિપ્રેત છે. એક લોકશાહી ઉદારમતવાદી રાજ્યમાં તેના ફોજદારી કાયદાના નિયમો વિસ્તૃત રીતે વ્યાખ્યાબદ્ધ

કરીને લેખિત સ્વરૂપમાં ઘડાયેલા હોવા જોઈએ. કાયદાના નિયમોવિસ્તૃત રીતે વ્યાખ્યાબદ્ધ કરીને લેખિત સ્વરૂપમાં ઘડાયેલા હોવા જોઈએ. જો આમ હોયતો જ અમુક બાબતમાં કાયદાના નિયમો શા છે, અને પોતે કયા નિયમો પાળવાના છે, તેની નાગરીક ખાતરી કરી શકે છે. જો આમ ન હોય તો કયું કૃત્યુ ગુનાહિત છે, અને કયું નથી, તે અંગે કોઈ એકસરખું વ્યક્તિ નિરપેક્ષ ધોરણ જ ન રહે. અને તો પછી આજે એક કોર્ટ અમુક કૃત્યનુ ગુનાહિત ગણી સજા કરે, તો કાલે બીજી કોર્ટ તેને ગુનાહિત નહીં ગણી જવા દે, તેવું બની શકે છે. મુક્ત લોકશાહી સમાજમાં વ્યક્તિના જીવન અને સ્વાતંત્ર્યને આવી પલટાવતી સ્થિતિ રાખીને બીજાના હાથમાં મૂકી શકાય નહીં.[૧૯]

પૂર્વવર્તી વિધિવિધાન - રિટ્રોસ્પેક્ટિવ લેજિસ્લેશન - ના કેસોમાં આ સિદ્ધાંતનું ઉદાહરણ જોવા મળે છે. તે અનુસાર જે કાનૂની નિયમ અમુક કૃત્ય થઈ ગયા પછી અસ્તિત્વમાં આવ્યો હોય, તે નિયમ હેઠળ કોઈ વ્યક્તિને પેલા કૃત્ય માટે સજા કરી શકાય નહીં. તેથી જે નિયમો અસ્તિત્વમાં હોય માત્ર તે જ નિયમોના ભંગ માટે સજા કરી શકાય. ન્યૂરેમ્બર્ગના યુદ્ધ અપરાધીઓના કેસોમાં અને આઈકમાનના કેસમાં આ સિદ્ધાંતનો ભોગ લેવાયો હતો, તેવું ફિટજિરલ્ડનું મંતવ્ય છે.[૨૦] જયાં કોઈ વ્યક્તિને અમુક કૃત્ય ગુનાહિત છે કે નહીં તે જાણવની અને તેનું પાલન કરવાની તક ન મળી હોય ત્યાં, તેને તે કૃત્ય માટે દંડવો, તે સાવ અન્યાયી છે. જેવી રીતે એક માલિક તેના કૂતરા પ્રત્યે વ્યવહાર કરે છે તેવી રીતે કાયદો નાગરીકો પ્રત્યે તેવોવ્યવહાર કરી શકે નહીં. નાગરિકોને કયાં કૃત્ય કાયદાસંગત છે, અને કયાં નથી, અને કયાં કાયદા વિરોધી કૃત્યો કેટલી સજા થવા પાત્ર છે, તેની

---

૧૯. ક્રિ.પ્રો.કો. ૧૮૯૮ ની કલમો ૩૭૧(૩) ક્રિ.પ્રો.કો. ૧૯૭૩ ની કલમ ૩૬૩

૨૦. પૃ. ૧૬૮-૧૭૩

પૂર્વમાહિતી આપ્યા વિના સજા કરવી, તેમના માનવ ગૌરવનો ભંગ છે. તેથી દુનિયાના ઘણા દેશોના કાયદામાં આ સિદ્ધાંત સ્વીકારાયો છે. માનવ અધિકારો અંગેના આંતરરાષ્ટ્રીય જાહેરનામામાં પણ આનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતના બંધારણના આર્ટીકલ ૨૦(૧) માં આ સિદ્ધાંત અપનાવેલો જોવા મળે છે. જો કે ઈંગ્લેન્ડમાં આ સિદ્ધાંત કાયદાના એક નિયમ તરીકે સ્વીકૃતિ પામી શક્યો નથી. ત્યાં એક્ટ ઓફ એટેઈન્ડર પસાર કરી શકાય છે. સંસદનું સાર્વભૌમત્વ અને ફોજદારી કેસોના ચુકાદાની પૂર્વવર્તી અસરને કારણે, તેટલે અંશે, આ સિદ્ધાંત ત્યાં શિથિલ બની ગયો છે. ઈંગ્લેન્ડમાં મેન્લી[૨૧] અને શૉ[૨૨] કેસોમાં આ સિદ્ધાંતની છેડેચોક અવગણના થયેલી જોવા મળે છે.

તેથી સ્પષ્ટ અને ચોક્કસ શબ્દોમાં વ્યાખ્યાબદ્ધ કરેલા કાયદાના ભંગ સિવાય, કોઈને સજા કરી શકાય નહીં. આ નિયમમાંથી આ બાબતો ફલિત થાય છે : (ક) કોઈપણ કૃત્યને પૂર્વવર્તી રીતે ગુનાહિત ઠરાવી શકાય નહીં, (ખ) જે કેસ કોઈ પ્રવર્તમાન ફોજદારી કાયદાના કોઈ નિયમમાં પડતો ન હોય, તે કેસને સમાવી લેવા તે નિયમને કેસના સરખાપણા - એનેલોજિને કારણે વિસ્તારી શકાય નહીં, (ગ) ફોજદારી કાયદા અતિ વ્યાપક અને અસ્પષ્ટ ભાષામાં ઘડાયા હોવા ન જોઈએ, (ઘ) દંડલક્ષી ધારાનું સંકુચિત રીતે અર્થઘટન કરવું જોઈએ. તેથી પૂર્વનિર્ધારિત કાયદાના અભાવમાં કોઈ ગુનો કે કોઈ શિક્ષાની હોઈ શકે નહીં. હવે આ સિદ્ધાંતના ફલિતાર્થો વિગતવાર સમજીએ.

**(ક) દંડલક્ષી કાયદા પૂર્વવર્તીસર ધરાવના ન હોવા જોઈએ :** જો કોઈ ધારાએ કોઈ ગુના માટે કોઈ શિક્ષા નિર્ધારિત કરી ન હોય તો, કોઈ તે ગુના માટે શિક્ષા કરી શકાય નહીં. જે કૃત્ય જ્યારે થયું હોય ત્યારે કાયદાસંગત હોય, તે

---

૨૧. (૧૯૩૩) ૧ કિં. બેં. ૫૨૧

૨૨. (૧૯૬૧) ૨ ઓ. ઈ. રિ. ૪૬૫

કૃત્યને પાછળથી ગુનાહિત ઠેરવી શકાય નહીં. છેક ૧૬૯૬ માં હોબ્ઝે લખ્યું હતું : કોઈ પણ કાયદો અમુક બનાવી બનીગયા પછી તે બનાવને ગુનો બનાવી શકે નહીં, કારણ કે કોઈ કાયદા પહેલા તે કાયદાનો ભંગ હોઈ શકે નહીં. આર્ટીકલ-૨૦(૧) માંથી બે નિયમો તારવી શકાય છે : (એક) જે કૃત્યનો કોઈની સામે એક ગુના તરીકે આરોપ મૂકવામાં આવ્યો હોય તે કૃત્ય, જે વખતે થયું હોય તે વખતે અમલમાં હોય તેવા કોઈ કાયદાના ભંગ સિવાય, કોઇ વ્યક્તિને કોઇ ગુના માટે દોષિત ઠેરવી શકાશે નહીં. (બે) જે વખતે અમુક ગુનો થયો હોય તેવખતે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ જેટલી સજા જાણવામાં આવી હોય, તેટલી સજાથી વધુ સજા, કોઈને કરી શકાશે નહીં, હવે આ બંને નિયંત્રાણો વિશે સમજૂતિ મેળવીએ. (એક) પૂર્વવર્તી કાયદા અંગેનું નિયંત્રણ અમેરીકાનાં ફેડરલ અને રાજ્યનાં બંધારણથી પૂર્વવર્તી એકસ પોસ્ટ ેકટો કાયદા ઘડવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો આવા ધારા ઘડવાની છૂટ હોય તો ગુનેગારને વધુ નુકશાનકર્તા નીવડે, તેવા તેનાં પરિણામો નીપજે છે. જસ્ટીસ રોઝે કાલ્ડર વિ. બુલ[૨૩] માં આ ‘એક્સ પોસ્ટ ફેક્ટો લોઝ’ શબ્દોના ચાર અર્થ આપ્યા હતા : (૧) જે કાયદો, જે કૃત્ય તે કાયદો પસાર થયો તે અગાઉ અને જે કૃત્ય જયારે થયું હોય ત્યારે નિર્દોષ હોય, તે કસત્યને ગુનાહિત અને દંડપાત્ર બનાવતો હોય તેવો કાયદો, (૨) જે કાયદો જે ગુનો જયારે થયો હોય ત્યારે તે જેટલો ગંભીર હોય તેનાથી તે વધુને વધુ ગંભીર સ્વરૂપનો બનાવતો હોય તે કાયદો, (૩) જે કાયદો અમુક ગુનાની શિક્ષા બદલી નાખીને કોઈ બીજી જ શિક્ષા કે વધુ ભારે શિક્ષા લાદતો તે કાયદો, અને (૪) જે કાયદો જયારે અમુક ગુનો થયો હોય ત્યારે, તે માટે સજા કરવા જરૂરી તેના કરતાં ઓછો કે અલગ પુરાવો પૂરતો છે, તેમ જાણાવતા પુરાવાના નિયમોમાં ફેરફાર કરતો હોય, તે કાયદો, કૂલીએ આ ચાર અર્થમાં બીજા બે અર્થ ઉમેર્યા હતા. (૫) જે

૨૩. (૧૭૯૮) ૩ ડલાસ ૩૮૬

કાયદો નાગરીકના અધિકારો અને તે માટેના ઉપાયોનું નિયમન કરવાના ઓઠા હેઠળ, જે કૃત્ય જયારે થયું હોય ત્યારે કાયદાસંગત હોય તે કૃત્ય માટે, ખરેખર તો, કોઈ શિક્ષા લાદતો હોય, અગર કોઈ અધિકારથી વ:ચિત રાખતો હોય, તે કાયદો અને (૬) જે કાયદો ગુનાા આરોપીને મળેલા કોઈ કાનૂની રક્ષાણના અધિકારથી વંચિત રાખતો હોય, તે કાયદો. જો કોઈ કાયદો પૂર્વવર્તી રીતે કોઈ ગુનાની ગંભીરતા કે શિક્ષા ઓછી કરતો હોય, તો તેની ઉપર કોઈ પ્રતિબંધ નથી. આર્ટિકલ ૨૦ (૧) માં ઉપરના કાલ્ડર કેસના માત્ર પ્રથમ ત્રણ નિયમોને જ સમાવી લેવામાં આવ્યા છે. **(બે) શિક્ષાની માત્રા વધારવા અંગેનું નિયંત્રણ** : કોઈ પણ વ્યક્તિએ જયારે અમુક ગુનો કર્યો ત્યારે અમલમાં હોય, તેવા કોઈ કાયદા હેઠળ, તેને જેટલી સજા કરી શકાતી હોય, તેનાથી વધુ સજા તેને કરી શકાય નહિં (આર્ટીક ૨૦(૧)) તેથી જે કૃત્ય, તે જયારે થયું હોય ત્યારે, ગુનો ગણાતું ન હોય, તે કૃત્ય માટે આરોપીને દોષિત ઠરાવી અગાઉથી વધુ આકરી કે વધારાની સજાની જોગાવઇ હોય તો, આવા કેસોમાં લાગુ પડશે નહીં.

**(ખ) દંડલક્ષી ધારાનું અર્થઘટન** : આ કાયદાનુસારતાના સિદ્ધાંતથી દંડલક્ષી પીનલ- ધારાનું રાજ્યની વિરુદ્ધ અને આરોપીની તરફેણમાં સંકુચિત અર્થઘટન કરવું જોઈએ, એવો એક સિદ્ધાંત થાય છે. આમેય બધા દંડલક્ષી ધારા વ્યક્તિના સ્વાતંત્ર્યને અસર કરતા હોવાથી, તેમનું સંકુચિત અર્થઘટન જ કરાતું હોય છે. તેથી જે વસ્તુનો આરોપ મૂકવામાં આવ્યો હોય, તે વસ્ધુ ધારામાં વપરાયેલા શબ્દોના સાદા અને સરળ અર્થ મુજબ કોઈ ગુનો ગણાતોહોવો જોઈએ. કોર્ટે શબ્દોના અર્થ ખેંચવાના નથી. વળી આરોપી પોતાની સામેનો આરોપ ધારાના તત્ત્વ સ્પીરીટ સાથે બંધ બેસતો નથી તેવો બચાવ લઈ શકે છે. આમ આરોપી સામે મૂકાયેલો આરોપ શબ્દો અને તત્ત્વ એમ બંને રીતે ધારામાંથી આવી જતતો હોવો જોઈએ. જો આમ હોય તો દંડલક્ષી ધારાનું, તેમાં વપરાયેલી ભાષાના સામાન્ય બુદ્ધિ અનુસારના અર્થમુજબ, અર્થઘટન કરવું જોઈએ. પણ કાયદાની અસ્પષ્ટતાના કારણે નાગરિકને

સહન કરવાની સ્થિતિમાં મૂકી શકાય નહીં.

**(ગ) ધારા સ્પષ્ટ હોવા જોઈએ :** જે વિધાનતંત્ર અતિ વ્યાપક શબ્દોમાં ધારા ઘડે તો આ સિદ્ધાંતનો ભંગ થાય છે. જો ધારા આવા શબ્દોમાં ઘડાયા હોય તો પોલીસતંત્ર પોતાની ધૂન મુજબ હરકોઈ ગમે તે વ્યક્તિને ફોજદારી કોર્ટમાં ઘસડી જાય, તેવું બની શકે છે. તેથી અમુક ફોજદારી કાયદાથી જે લોકો ને અસર પહોંચવાની હોય તે લોકો તેની જોગવાઈઓ સમજી શકે, અને પોતાની ફરજો શી છે, તે જાણી શકે છે તે માટે આવા ધારા પૂરતા સ્પષ્ટ અને ચોક્કસ હોવા જોઈએ જો ધારા સ્પષ્ટ અને ચોક્કસ હોય તો જ લોકો કાયદાની ઝાપટમાં ન અવાય, તે રીતે તેમના વ્યવહારો ગોઠવી શકે છે. તેથી કાયદાની ઘડતર પ્રક્રિયામાં સ્પષ્ટતા અને ચોક્કસતા જાળવવી જોઈએ.

**(ઘ) કાયદાની પ્રાપ્યતા અને બુદ્ધિ ગમ્યતા :** ઉપરના સિદ્ધાંતમાંથી જ કાયદો નાગરિકોને મળી શકે તેવો, અને તેઓ તેને સમજી શકે તેવો હોવો જોઈએ. તેવો ઉપસિદ્ધાંત ફલિત થાય છે. ફોજદારી કાયદો બધા જ નાગરિકોને પાળવો પડતો હોય છે. જો તેઓ તે જ ન પાડે તો તેમણે સજા ભોગવવી પડતી હોય છે. તેથી ફોજદારી કાયદો કોડ કે ધારાના સ્વરૂપમાં હોય તે હિતાવહ છે. વળી કાયદાની બહોળી પ્રસિદ્ધ આપવી જોઈએ. તેથી કાયદાની ઘોષણા ઉપરાંત તેની પ્રસિદ્ધ થવી જરૂરી છે.[૨૪]

જસ્ટિસ રોઝે ઉપરોક્ત કાલ્ડર વિ. બુલમાં કરેલું અર્થઘટન ભારતની સુપ્રિમ કોર્ટે રતનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબમાં માન્ય રાખ્યું હતું. કોર્ટે લખ્યું હતું : કે પૂર્વવર્તી ફોજદારી કાયદાની તીક્ષ્ણતાને માત્ર ઓછી કરતો હોય, તે કાયદો આર્ટીકલ ૨૦(૧) થી લદાયેલ પ્રતિબંધની સીમામાં આવતો નથી. અમેરિકાના બંધારણમાં તો આવા પૂર્વવર્તી કાયદા ઘડવા માટે વિધાનતંત્રો ઉપર પ્રતિબંધ જ મૂકવામાં

---

૨૪. એ.આઈ.આર. ૧૯૫૪, મ.ભા. ૮૩

આવ્યો છે. ભારતના બંધારણના આર્ટીકલ ૨૦(૧) અન્વયે આવો કોઈ પ્રતિબંધ નથી. ભારતમાં આ આર્ટીકલ વિધાનતંત્રની કાયદા ઘડવાની સત્તા ઉપર માત્ર બે મર્યાદા લાદે છે. પહેલી મર્યાદા જે કૃત્ય જયારે થયું ત્યારે રાજ્યના કાયદા હેઠળ, જો ગુનો ગણાતું ન હોય તો, તે કૃત્ય માટે કોઈ વ્યક્તિને દોષિત ઠરાવવા અંગે, અને તેને સજા કરવા અંગેની છે. બીજી મયાૃદા અમુક ગુનો જે તારીખે થયોહોય તે તારીખે પ્રવર્તમાન હોય તેવા કોઈ કાયદા હેઠળ તે ગુના માટે જે સજા કરી શકાતી હોય, તેનાથી વધુ સજાની જોગવાઈ કરવા અંગેની સુપ્રિમ કોર્ટે કેદારનાથમાં સ્પેશીયલ કોર્ટે ફોજદારી કેસની સામાન્ય કાર્યવાહીથી ચાતરીને અપનાવેલી કાર્યવાહીને બહાલી રાખી હતી. તેણે આવી કાર્યવાહીથી આરોપીઓ વચ્ચે કોઈભદભાવો થતો નહીં હોવાનું ઠરાવ્યું હતું. વિદેશથી ભારતમાં આવેલી વ્યક્તિઓ તેમની પરમીટની મુદ્દત વીતી ગઈ હોવા છતાં, ભારતમાં રોકાય જાય છે અને ત્યાર પછી ઘડાયેલા કોઈ નિયમ અન્વયે તેમને સજા કરવાનો લગતા કેસોમાં બે પ્રકારનાં વહેણ જોવા મળે છે. અલ્હાબાદ હાઈકોર્ટે આવા કેસોમાં આર્ટીકલ ૨૦(૧) નો ભંગ થતો હોવાથી તેમને સજા કરી શકાય નહીં. તેવું ઠરાવ્યું છે.[૨૫] તેથી ઉલ્ટું હૈદરાબાદ હાઈકોર્ટે આવા કેસોમાં પેલી વ્યક્તિને સજા કરી શકાય છે, તેવો મત વ્યક્ત કર્યો છે.[૨૬]

## (૩) બેવડા જોખમ સામે રક્ષણનો અધિકાર

ફોજદારી કાયદાના અમલ ઉપર એક બીજું નિયંત્રણ પણ છે. આ નિયંત્રણ આ નિયમના સ્વરૂપમાં જોવા મળે છે. કોઈપણ માણસને એક ગુના માટે બે વાર જોખમમાં મૂકી શકાય નહીં. એક વાર કોઈ માણસ ઉપર એક ગુના માટે કેસ ચાલી ગયો હોય, અને તેને સજા થઈ હોય કે તેછૂટી ગયો હોય તે પછી, તેની ઉપર તે જ ગુના માટે ફરીથી કામ ચલાવી શકાય નહીં. જો તેની ઉપર ફરીથી કામ ચલાવાય

---

૨૫. ૧૯૫૨ સુ. કો. રિ. ૧૧૦ : એ. આઈ. આર. ૧૯૫૨ સુ.કો. ૧૯૬

૨૬. એ.આઈ.આર. ૧૯૬૫, સુ.કો. ૪૪૪

તો તે ઓટ્રેફોઈ કન્વિક્ટ કે ઓટ્રેફોઈ એક્ટિવનો બચાવ રજૂ કરી તે પુરવાર કીર બીજી કાર્યવાહીને પૂર્વપણે અટકાવી દઈ શકે છે. એકવાર એક આરોપીને એક ગુના માટે દોષિત ઠરાવી સજા ફરમાવવામાં આવી હોય, અને તેણે તે સજા ભોગવી લીધી હોય પછી, તેણે કાયદા પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરી દીધેલું મનાય છે. તેથી જો તેની ઉપર વધારાની સજા કરવા માટે બીજી કાર્યવાહી કરવાની છૂટ આપવામાં આવે તો તે તેના ઉપર જુલ્મ કર્યો ગણાય છે. આરોપીએ પોતાની સજા ભોગવવાની પોતાની સ્લેટ ચોખ્ખી કરી નાખી ગણાય છે. જો કે એક જ ગુના માટે આવીબીજી કાર્યવાહીની બીજી છૂટ હોય તો તે પોતાનું જીવન નવેસરથી ગોઠવી શકે નહીં.

આરોપી કોર્ટમાંથી છૂટી ગયો હોય તેથી તે નિર્દોષ હતો તેમ માની લેવાનું નથી. તેથી જોફદજદારી પક્ષને તેના દોષ માટે બીજા તાજા, નક્કર અને સચોટ પુરાવા મળ્યા હોય તો, જો આરોપી જુઠી સાક્ષી આપી છૂટી ગયો હોવાનું માલુમ પડે તો ? તોય શું તેનોકેસ ફરીથી ન ચલાવી શકાય ? સત્ય અને ન્યાયના હિતમાં જોતાં તો, તેનો કેસ ફરીથી ચલાવવો જોઈએ, એવું લાગે છે. પણ કાયદો આવું વલણ લેતો નથી. કાયદો એકવાર એક આરોપીને છોડી મૂકે, પછી તેને ફરીથી કાયદાની પકડમાં લેવો, તે પહેલા આરોપી પ્રત્યે સખતાઈ અને કઠોરતા દર્શાવવા જેવું થાય છે. છૂટેલા આરોપીને પોતાના જીવન વ્યવહાર અમુક પ્રકારની ચોક્કસતાથી ગોઠવવા દેવોજોઈએ. તેથી ઘણીવાર કોઈ દોષિત માણસ કાયદાની જાળમાંથીછટકી જાય, અને છતાં તેને કોઈ કાંઈ થઈ શકે નહીં, તેવી સ્થિતિ નિર્માય છે. આ એક ગેરફરજો છે. પણ સામે પલ્લે ફાયદો પણ ઓછો નથી. વારંવાર સતત કરાતી ફરીયાદો રૂપી શાસનના જુલ્મી વ્યવહાર સામે આરોપીના સ્વતંત્રનું રક્ષાણ થાય છે. તે ફાયદો ઓછો નથી. વળી જો આવી રીજીફરીયાદ કરવાની છૂટ આપવામાં આવે તો તે લોકો ખોટી રીતે છૂટી ગયા હોય તેમની સાથે જે લોકો ખરેખર નિર્દોષ હોવાથી છૂટી ગયા હોય તે લોકો ઉપર પણ બીજી ફરીયાદની તલવાર સતત

લટકતી રહે છે.

જયારે આરોપી કોઈ એક ગુના માટે ખરેખર જોખમમાં મૂકાઈ ગયો હોય ત્યારે જ, આ બેવડા જોખમ - ડબલ જેડર્પી નો નિયમ લાગુ પડે છે. જો આરોપી ખૂનના આરોપમાંથી છૂટી જાય તો તે જ હકીકતોના આધારે તેની ઉપર માનવ હત્યા મેનસ્લોટરનો બીજો કેસ પાછળથી ચલાવી શકાય નહીં. આરોપીએ આ નિયમનો લાભ મેળવવા માટે પોતાના પ્રથમ કેસમાં પોતે દોષિત હતો કે નિર્દોષ હતો તેવો અંતિમ ચુકાદો આવ્યો હતો, તેવું દર્શાવવું પડે છે.

નિગમ આ પૂર્વદોષસિદ્ધ ઓટ્રેફોઈ કન્વિક્ટ અને પૂર્વદોષ મુક્તિ ઓટ્રેફોઈ એક્વિટ ના નિયમો લાગુ પાડવા માટે ત્રણ પ્રશ્ન તપાસવા જરૂરી ગણે છે.:[૨૭] (૧) શું આરોપી પ્રથમ આરોપના કેસમાં જોખમમાં હતો ? શું અગાઉના કેસનો આરોપ અને પછીના કેસનો આરોપ તત્વતઃ સરખા જ હતા ? જો આ પ્રશ્નનોના ઉત્તર 'હા' હોય તો જ આ નિયમોનો લાભ મળી શકે છે. જો આ બંને આરોપો એક જ વ્યવહાર કે હકીકતોને લગતા હોય તો, તે સરખા ગણાય છે. ઘરને આગ લગાડીને ખૂન નિપજાવવાના આરોપમાંથી છૂટી જનાર આરોપી ઉપર આગ લગાડવાના ગુના માટે ફરીથી કામ ચલાવી શકાય છે.

જેમ દિવાનીકેસોમાં નિર્ણિતવાદ - રેસ જુડિકેટા નો સિદ્ધાંત છે, તેમ ફોજદારી કેસોમાં આ બેવડા જોખમનો સિદ્ધાંત છે. ભારતમાં આ સિદ્ધાંત બંધારણના આર્ટીકલ ૨૦(૨) માં સમાવિષ્ટ થયેલો છે. આ આર્ટીકલ જાણાવે છે કે : કોઈ વ્યક્તિ સામે એક જ ગુના માટે એકથી વધુ વાર ફરીયાદ ચલાવી પ્રોસિક્યૂટેડ શકાશે નહીં અને તેને સજા કરી પેનિશ્ડ શકાશે નહીં. આ જ સિદ્ધાંત જનરલ કલોઝિઝ એક્ટ, ૧૮૯૭ ની કલમ ૨૬ માં પણ જોવા મળે છે. તે ઉપરાંત ક્રિ. પ્રો. કો.

---

૨૭. ૧૯૫૩ કિ.લો. જ. ૧૬૨૧ (સુ.કો.)

૧૮૯૮ ની કલમ ૪૦૩ અને ક્રિ.પો.કો. ૧૯૭૩ ની કલમ ૩૦૦ માં આ સિદ્ધાંત અપનાવાયેલો છે. આમ આ અધિકાર એક બંધારણીય મૂળભૂત અધિકાર ઉપરાંત એક ધારાજન્ય અધિકાર પણ છે.[૨૮] કોર્ટોએ આ આર્ટીકલમાં આવતા ''ફરીયાદ ચલાવી અને સજા કરી'' પ્રોસિક્યૂટેડ એન્ડ પનિશ્ડ શબ્દોનું સંકુચિત અર્થઘટન કર્યું છે. કોર્ટોએ આ શબ્દસમૂહની આગળ કાયદાની કોર્ટ અને ન્યાયની ટ્રિબ્યુનલ એવા શબ્દો દાખલ કર્યા છે. તેમાં ન્યાયતંત્રીય કામગીરી બજાવતી વહીવટી ટ્રીબ્યુનલોનો સમાવેશ થતો નથી. જો કે પ્રીતીશ દવે[૨૯] અને ચંદ્રબલિ સિંઘ[૩૦] માં જેલસત્તાવાળાઓએ કરેલી સજા પણ આ આર્ટીકલના અર્થમાં સજા હોવાનું ઠરાવવામાં આવ્યું હતું.

કોઈ વ્યક્તિ સામે કરાયેલી ખાતાકીય ડિપાર્ટમેન્ટલ કાર્યવાહીના આર્ટીકલના અર્થમાં 'ફરીયાદ' ગણાતી નથી. તેથી આવી કાર્યવાહીનો ચુકાદો 'સજા' ગણાય નહીં.[૩૧] તેથી એક વ્યક્તિની સામે ચાલતી ફોજદારી કાર્યવાહીના અંત પહેલા, કે તે પછી, આવી ખાતાકીય કાર્યવાહી શરૂ કરવામાં આર્ટીકલ ૨૦(૨) નો બાધ નડતો નથી.[૩૨]

દરેક ફોજદારી કાર્યવાહીમાં કાં તો આરોપી દોષિત ઠરે અને તેને સજા થાય કન્વિકશન છે, અને કાં તોતે નિર્દોષ છૂટી એક્વિટલ બની જાય છે. તે ઉપરાંત કયાંક તેને આરોપ મુક્યા અગાઉ જ મુક્ત કરી દેવાય છે. ડિસ્ચાર્જ છે તેથી આવી મુક્તિ એક અર્થમાં તેની નિર્દોષતા જ સૂચવે છે. તેથી જ્યારે કોર્ટે કરેલી ફરીયાદની કાર્યવાહીની કોઈ ક્ષતિને કારણે આરોપીને આ રીતે મુક્ત કરી દીધો હોય ત્યારે,

---

૨૮. એ.આઈ.આર. ૧૯૫૨, અલ્હા. ૯૨૧

૨૯. એ.આઈ.આર. ૧૯૫૫, હૈદરા. ૧૨૮

૩૦. પૃ. ૪૬૯

૩૧. ક્રિ.પ્રો.કો. હેઠળના આ અધિકારીની નીચે સમજૂતિ આપી છે.

૩૨. એ.આઈ.આર. ૧૯૫૨, કલ. ૩૧૯

ફરીયાદ પક્ષ તે ક્ષતિ સુધારી લઈ તે જ હકીકતો અને તે જ પુરાવાના આધારે આરોપી ઉપર ફરીથી આરોપ મૂકી શકે છે એન.એન. ચતુર્વેદી આવા કેસોમાં આવી ક્ષતિ સુધારવાની છૂટનો વિરોધ કરે છે.[૩૬] તે જણાવે છે : જો ફરીયાદ પક્ષને આવી ક્ષતિ સુધારવાની છૂટ આપવામાં આવે તો ફરીયાદોનો કદી અંત જ નહીં આવે. બધી જ આવી સુધારેલી ફરીયાદોનું પરિણામ આરોપીના દોષ અને સજામાં જ આવશે અને તો પછી આરોપીની નિર્દોષતા અંગેનું અનુમાન, તેને અપાતો શંકાનો લાભ, અને બેવડા જોખમ સામે રક્ષણ આપતી જોગવાઈઓનો હેતુ જ માર્યો જાય છે.

એક જ વ્યવહારમાં એકથી વધુ અલગ અલગ અનેજુદા જુદા ગુના બની શકે છે. તેથી જો કોઈ અન્ય અલગ અને જુદા ગુના માટે બીજા કેસ ચલાવવામાં આવે તો આર્ટીકલ ૨૦(૨) નો કે ક્રિ. પ્રો. કો. ની કલમ ૩૦૦ નો ભંગ થતો નથી. આ બેવડા જોખમ સામેના રક્ષણની જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે આરોપીને થતી કનડગત અટકાવવાની સાથે સાથે કોર્ટનીકાર્યવાહીમાં લોકોનો વિશ્વાસ અને શ્રદ્ધા ટકી રહે તે પણ ખાસ જોવાવું જોઈએ.

## ૪. પોતાના જ કૃત્યથી ગુનામાં ફસાવા સામે રક્ષણનો અધિકાર

બંધારણના આર્ટીકલ ૨૦(૩) માં એક અતિ મહત્વનો સિદ્ધાંત માન્ય રખાયેલો છે. તે આર્ટીકલ આ પ્રમાણે છે : કોઈ પણ ગુનાનો આરોપ મુકાયોહોય તેવી કોઈ પણ વ્યક્તિને પોતાની જાત વિરુદ્ધ જ સાક્ષી બનાવવાની જબરજસ્તી કરવામાં આવશે નહીં. આ સિદ્ધાંત આરોપીને પોતે પોતાના કૃત્યથી જ કોઈ ગુનામાં ફસાતો સેલ્ફ ઈન્ક્રિમીનેશન અટકાવે છે. આ જોગવાઈ આરોપીને કોઈ આશા આપીને કે યાતનાનો ડર બતાવીને તે કોઈ હકીકતો કબૂલ રાખે, કે તેમનોઈન્કાર

---

૩૬. ચતુર્વેદિ, પૃ. ૧૫૮-૫૯

કરે, તે સામે રક્ષણ આપવા કરેલી છે આ સિદ્ધાંત આરોપી અંગેની નિર્દોષતાના અનુમાનના બીજા સિદ્ધાંત ઉપર રચાયેલો છે.

ઘણીવાર આરોપી પાસેથીઅમુક દસ્તાવેજો અને વસ્તુઓ પકડાય છે. તેના અંગની અને ઘરની જડતી લેવાય છે. તેણે કરેલાં નિવેદનો અને વિધાનો નોંધવામાં આવે છે. તેના હસ્તાક્ષર, વાળ, હાથપગ, હથેળીની છાપ, લોહી, ખોરાકના નમૂના લઈ તેની પરીક્ષા લેવાય છે. તેની ડૉકટરી તપાસ થાય છે. તેને ઓળખ પરેડમાં ઊભોરખાય છે. આ બધામાંથી મળેલી માહિતી તેની વિરુદ્ધ જાય તે શક્ય છે. આ બધાને આર્ટિકલ ૨૦(૩) ના સંભર્દમાં તપાસવા પડે છે. જો કે આ બધી વિગતો માટે ક્રિ.પ્રો.કો. અને ઈન્ડિયન એવિડન્સ એક્ટમાં ખાસ જોગવાઈઓ છે. જેની આગળ ચર્ચા કરી છે.

બંધારણનાં પ્રારંભમાં આ સિદ્ધાંત કોર્ટમાં બળજબરીથી આપેલા મૌખિક પુરાવા પૂરતો જ મર્યાદિત રાખવામાં આવ્યો હતો. ત્યાર પછી તે કોર્ટ બહાર આપેલા પુરાવાને પણ લાગુ પાડવામાં આવ્યો હતો. પછી તે દસ્તાવેજી પુરાવાને પણ લાગુ પાડાવમાં આવ્યો હતો. સુપ્રિમ કોર્ટે સ્ટેટ ઓફ બોમ્બે વિ. કાઠી કાળું ઓઘડ[૩૭] માં ઠરાવ્યું હતું કે આરોપીને તેના અંગુઠાની છાપ, કે હસ્તાક્ષર માટે નમૂનાનું લખાણ વગેરે આપવા અંગે આપેલી સૂચનાથી આર્ટીકલ ૨૦(૩) નો ભંગ થતો નથી. જોઆરોપીએ આપેલી માહિતીથી અમુક હકકતો શોધી કઢાઈ હોય, પણ જો તેણે ધાકધમકી કે યાતનાના પરિણામે આ માહિતી આપી હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય બની શકે નહીં. પણ જો તેણે સ્વેચ્છાએ આપેલી માહિતીને કારણે અમુક હકીકતો શોધી કઢાઈ હોય તો, તેને પુરાવામાં દાખલ કરી શકાય છે. તે જ પ્રમાણે ઓળખ પરેડ, ડૉકટરી તપાસ, જડતી અને જપતી, જો અન્યથા કાયદેસર હોય તો તે બધાથી આર્ટિકલ ૨૦(૩) નો ભંગ થતો ગણાતો નથી. જો આરોપી એકવાર

---

૩૭. એ.આઈ.આર. ૧૯૬૧, સુ.કો. ૧૮૦૮

પોતાના બચાવમાં સાક્ષીના પાંજરામાં જવાનું પસંદ કરે[૩૯] તો તે પોતાની ઉલટતપાસમાં પોતાને પૂછવામાં આવેલા, આવા પોતાને ફસાવે તેવા, પ્રશ્નોના ઉત્તર આપવાનોઈન્કાર કરી શકે નહીં. એક વાત તે પોતાનો ગુનો ખુલ્લો થાય તેમાં સંમતિ આપે, પછી તે પોતાને ફસાવે તેવા જવાબો આર્ટિકલ ૨૦(૩) નો ભંગ કરે છે, તેવું કારણ આપી તેમને પુરાવામાં દાખલ થતા અટકાવી શકે નહીં.

## (૫) જામીન ઉપર છૂટવાનો અધિકાર

દરેક સુસંસ્કૃત સમાજમાં આરોપીનો આ અધિકાર માન્ય રખાયેલો હોય છે. જમીન બેઈલનોખ્યાલએક બાજુ નાગરિકનું સ્વાતંત્ર્ય, અને બીજી બાજુસમાજમાં હિતો, વચ્ચે સેતુ સમાન છે. જમીન ઉપર છૂટવાના હુકમથી એક વ્યક્તિ પોલીસ કે કોર્ટના જાપતામાંથી છૂટીને મસાજમાં પાછો જાય છે. સુનાવણી પહેલાંની વ્યક્તિની અટકાયતનાં ગંભીર પરિણામ આવી શકે છે. જેમકે : આરોપી જેલજીવનની અસરો હેઠળ આવી જાય છે,તે મનથી, શરીરથી અને નૈતિક રીતે ભાંગી પડે છે, તેની નોકરી ગુમાવે છે, તેનાં આપ્તજનો ઘણું વેઠવાનું આવે છે, જેલમાં રહીને તે પોતાના બચાવની તૈયારી કરી શકતો નથી, વગેરે આખરે તેને અટકાયતમાં ગોંધી રાખવાનો મુખ્ય ઉદ્દેશ તો, તે પોતાના કેસની સુનાવણી વખતે હાજર હોય, તે છે. આ ઉદ્દેશ જમીનપ્રથાથી સિદ્ધ થાય છે. આરોપીને હાથમુચરકા ઉપર, સારી ચાલચલગતની કબૂલાત ઉપર, તેમજ નાણાની જામીનગીરી લઈને જામીન ઉપર છોડવામાં આવે છે.

હાલની જમીનપ્રથામાં ઘણા સુધારાને અવશકાશ છે. કોર્ટો ખાસ કરીને નાણાની જામીનગીરીનો આગ્રહ રાખતી હોવાથી ગરીબ આરોપીઓ મહિનાઓ સુધી જેલમાં સબડે છે. ઘણીવાર તેઓ નિર્દોષ હોવા છતાં ત્યાં પૂરાયેલા રહે છે.

---

૩૯. (૧૯૪૭) ૧ એ.આઈ.આર. ૫૬૭

આ અધિકારનાં મૂળ મેગ્ન કાર્ટામાં રહેલાં છે. ભારતમાં આર્ટીકલ ૨૧ માંથી આ અધિકાર ફલિત કરવામાં આવ્યો છે. અમેરિકામાં અતિશય આકરા અને ભારે રકમના જામીન માંગવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભારતની સુપ્રિમ કોર્ટનું વલણ પણ આરોપીઓને જેલમાં મોકલવા કરતાં જામીન ઉપર છોડવા બેઈલ ધેમ નોટ જેઈલ ધેમ પ્રત્યે રહ્યું છે. જ્યારે આરોપી ભાગી છૂટે તેવું ભારે જોખમ હોય ત્યારે જ તેને જામીન ઉપર નહીં છોડવાનું વલણ રહેલું છે. તે ઉપરાંત જામીનપાત્ર ન હોય તેવા ગુનાના આરોપીઓને પણ યોગ્ય કેસમાં જામીન ઉપર છોડવામાં આવે છે. આજે જ્યારે કોર્ટોમાં બાકી કેસોનો ભરાવો વધી ગયો હોય છે ત્યારે આરોપીઓને લાંબો સમય જેલમાં રાખવાથી તેમનો ન્યાયપ્રથા ઉપરનો વિશ્વાસ ડગી જાય છે. ઘણી ગરીબ આરોપીઓએ તેમની ઉપર આરોપ મૂકાયેલા ગુના માટે થઈ શકતી મહત્તમ સજાની મુદ્દત કરતાં ય વધુ મુદ્દત માટે, કાચા કામના કેદી તીરકે જેલમાં ગોંધાઈ રહ્યાંનાં ઉદાહરણો બન્યાં છે. ઘણીવાર નાના ગુનાના આરોપીઓ મોટી મુદ્દત માટે જેલમાં સડી રહ્યા હોવાનું પણ બન્યું છે !

## (૬) કારણો જાણવાનો અધિકાર

જ્યારે રાજ્ય કોઈ નાગરિક સામે પોતાનું ફોજદારી કાયદાનું તંત્ર ગતિશીલ બનાવે છે ત્યારે, તે આખરે તો રાજ્યશક્તિને ગતિમાન કરતું હોય છે. તેથી રાજ્યની આ દંડશક્તિનો જુલ્મી રીતે ઉપયોગ થતો ન હોવો જોઈએ. રાજ્યે વ્યક્તિનું ગૌરવ અને સ્વાતંત્ર્ય જાળવીને આ દંડશક્તિ વાપરવાની છે. તેથી આરોપીને પોતે જે ગુનામાં સંડોવાયેલો હોવાનું કહેવાતું હોય, તે ગનુા અંગનાં કારણો જાણવાનો અધિકાર છે. આમ થયુંહોય તો જ તે પોતાનોસરખો બચાવી કરી શકે. આર્ટિકલ ૨૧(૧) માં આ અધિકાર માન્ય રખાયો છે. આ આર્ટિકલ ધરપકડ કરાયેલીદરેક વ્યક્તિને, પોતાની અટકાયત માટેનાં કારણો, જેમ બને તેમ જલ્દી, જાણવાનો મૂળભૂત અધિકાર બક્ષે છે. પ્રાચીન જમાનામાં ધરપકડ કરાયેલી વ્યક્તિઓને તેમની પરપકડ અને અટકાયત માટેનાં કારણોથી માહિતગાર કર્યા વિના ગોંધી રાખવામાં આવા

હતા. ગુનાની કબૂલાત કરવા માટે તેમની ઉપર ક્રૂર અને અમાનવીય ત્રાસ ગુજારાતો હતો. આ સામે માનવજાતે પ્રચંડ વિરોધ કર્યો હોવાનું ઈતિહાસમાં જોવા મળે છે. ૧૨૧૫ ના મેગ્ના કોર્ટામાં કાયદાની કાર્યવહી સ્વિાય ધરપકડ અને કેદ કરવા ઉપર સજા ઉપર નિયંત્રણ લાદવામાં આવ્યું હતું. ફ્રાંસ અને અમેરિકાની ક્રાંતિઓ માટે પણ આ મુદ્દો કારણભૂત હતો. હાઉસ ઓફ લૉર્ડઝે ક્રિસ્ટી વિ. લાશિન્સ્કી[૩૯] માં આ અધિકારનું સમર્થન કર્યું હતું. આ અધિકાર નાગરિકનો છીનવી ન શકાયતેવો એક અધિકાર છે. જો નાગરિકને આ અધિકાર ભોગવવા દેવામાં આવ્યો હોય તો જ, તે જામીન ઉપર છૂટવા કે હેબિયસ કોરપસની રીટ કરવા, કે પોતાના બચાવનો કેસ તૈયાર કરવા, શક્તિમાન કરે છે. આર્ટીકલમા: વપરાયેલા 'જેમ બને તેમ જલ્દી' એઝ સૂન એઝ મે બી શબ્દોને કારણે કયાંક આ અધિકારની અવગણના થતી હોવાનું જોવામાં આવ્યું છે. શાસનતંત્ર આ શબ્દોનો લાભ ઉઠાવી કારણોની માહિતી આપવામાં વિલંબ કરતું હોવાનું ધ્યાનમાં આવ્યું છે. તપાસતંત્ર આરોપી સામે કોર્ટમાં આરોપનામું રજૂ કરવામાં વિલંબ કરી આરોપીને અંધારામાં રાખી શકે છે. આવા વિલંબના કારણે અસંખ્ય કાચા કામના કેદીઓ તેમના કહેવાતા ગુનાની મહત્તમ કેદની સજાની મુદ્દત કરતાં પણ વધુ મુદ્દત માટે જેલમાં રહે, તેવી દુઃખદ પરિસ્થિતિ જોવા મળે છે.[૪૦] આમ થવાથી નાગીરકનું વૈયક્તિક સ્વાતંત્ર્ય જોખમાય છે. જો કે સુપ્રિમ કોર્ટે અજાયબ સિંઘ[૪૧] માં આ અધિકાર માત્ર વોરન્ટ વગર પરપકડ કરાયેલા આરોપીઓ પૂરતોજ મર્યાદિત રાખ્યો છે. જો કે સુપ્રિમ કોર્ટે જ પાછના કેસોમાં આ સિદ્ધાંતની યોગ્યતા વિશે શંકા વ્યક્ત કરી છે. જો કે હવે ક્રિ.પ્રો.કો. ૧૯૭૩ ની કલમ ૫૦ માં આરોપીને તેની અટકાયતનાં કારણોની તત્ક્ષણે - ફોર્થવિથ જાણ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

---

૪૦. જુઓ હુસેનઆરા ખાતૂન ૧૯૭૯ કિ.લો.જ. ૧૦૩૬

૪૧. એ.આઈ.આર. ૧૯૫૩, સુ.કો. ૧૦

## ૭. વકીલ રાખવાનો અધિકાર

જયારે રાજ્ય નાગરિક ઉપર પોતાની દંડશીકતનો ઉપયોગ કરે ત્યારે તેણે તેનાં હિતોની જાળવણી પણ કરવાની હોય છે. ગુનાનો આરોપી નૈતિક અને માનસિક રીતે ભાંગી પડેલો હોય છે તે કાયદાના જ્ઞાન અને નાણાના અભાવે પોતાનો બચાવ કરવા શક્તિમાન હોતો નથી. તો સામે પક્ષે અત્યંત શક્તિશાળીએવું રાય, અને તેનું કાબેલ તંત્ર હોય છે. તેની સામે આરોપી સાવ નિઃસહાય બની જાય છે. તે માટે વકીલપ્રથાનો ઉદ્ભવ થયો છે. આ વકીલપ્રથા પ્રાચીન કાળથી એક અથવા બીજા સ્વરૂપમાં ચાલુ છે. બંધારણમાં પણ આરોપીના ''વકીલની સલાહ લેવાના અને પોતાની પસંદગીના વકીલ વડે પોતાનો બચાવ કરવાના' અધિકારને આર્ટિકલ ૨૨(૧) માં મૂળભૂત અધિકાર તરીકે માન્ય રાખવામાં આવ્યો છે. આ અધિકાર ઈંગ્લેન્ડ અને અમેરિકા સિવાયનાં મોટા ભાગનાં રાજ્યોનાં બંધારણમાં માન્ય રાખવામાં આવેલો જોવા મળે છે. જો કે આ અધિકારને આ બંને દેશોમાં માન્ય રાખવામાં અવેલો જોવા મળે છે. આ અધિકારને આ બંને દેશોમાં સંખ્યાબંધ કેસોમાં ઉચ્ચ કોર્ટોનું સમર્થન પ્રાપ્ત થયું છે. ભારતમાં ૧૮૯૮ ના ક્રિ. પો. કો. ની કલમ ૩૪૦ (૧) માં આ અધિકાર વિશે ધારાકીય જોગવાઈ કરવામાં આવી હતી. આ કલમ હેઠળ દરેક આરોપીને અને તેની સામે કોઈ ફોજદારી કાર્યવાહી ચાલતી હોય તેવી દરેક વ્યક્તિને, વકીલ દ્વારા પોતાનો બચાવ કરવાની અધિકાર બક્ષવામાં આવ્યો હતો. જો કે આજે તો આ ધારાકીય અધિકારને એક બંધારણીય મૂળભૂત અધિકારનું સ્વરૂપ બક્ષવામાં આવ્યું છે. તે ઉપરાંત આર્ટીકલ ૩૯ એ માં યોગ્ય ધારાકીય જોગવાઈઓ અને યોજનાઓ દ્વારા રાજ્યે નાગરીકોને મફત કાનૂની સહાય આપી સૌને સમાન ન્યાય ઉપલબ્ધ કરી આપવાનો છે, એવી જોગવાઈ છે કોઈ નાગરિક તેની આર્થિક કે અન્ય નબળાઈઓને કારણે ઉપાય મેળવવાની તકોથી વંચિત ન રહી જાય, તે માટે પગલા: ભરવાની રાજ્ય ઉપર ફર જલાદવામાં આવે છે. આ અધિકારમાં આરોપીના પોતાની પસંદગીના વકીલની સલાહ મેળવવાના

અધિકારનો પણ સમાવેશ થઈ જાય છે. આરોપીનો અધિકાર તેની ધરપકડ અગા. પણ, તેની પોલીસ તપાસ દરમ્યાન પણ, મળે છે. તેથી કોઈ પણ વ્યક્તિ પોલીસ દ્વારા પોતાની પુછપરછ વખતે પણ, પોતાની વકીલને હાજર રખવાનો આગ્રહ રાખી શકે છે. તે પોતાના વકીલ સાથે મુલાકાત કરી શકે છે. તો જ આરોપી પોતાના બચાવની તૈયારી કરી શકે.[૪૨] આ માટે તે પોલીસના કે કોર્ટના જાપતામાં હોય કે કે જામીન ઉપર છૂટેલો હોય કે નહીં, તે મહત્વનું નથી. વકીલ અને અસલલ વચ્ચેની બધી વાતચીત ખાનગી ગણાય છે. જો કે આરોપીનો આ અધિકાર માત્ર  કારોબારીતંત્ર સામે જ હોય છે. તે ન્યાયતંત્રના હુકમો સામે મળી શકે નહીં. તેથી નિવારક અટકળના કેદીને આ અધિકાર મળી શકે છે. આ અધિકાર ન્યાયનંત્રના હુકમો અનુસા રકરાયેલી શિક્ષાલક્ષી અટકાયત પ્યૂનિટિવ ડિટેન્શનના કેસોમાંથી મળી શકતો નથી. વળી કોઈ આરોપી ઉપર કોઈ વકીલ ઠોકી બેસાડી શકાય નહીં. તેથી વકીલ સાથેની વાતચીત દરમિયાન તેની ઉપર ગેરવ્યાજબી દેરખેર કે નિયંત્રણ રાખી શકાય નહીં. આ અધિકાર પંચાયતી કોર્ટના આરોપીને મળી શકતો નથી.[૪૩] આરોપીના વકીલની ગેરહાજરીમાં આરોપી પાસેથી કબૂલાતનામું કઢાવી શકાય નહીં.

## (૮) મફત કાનૂની સહાય મેળવવાનો અધિકાર

દરેક નાગરિકને સમાન ન્યાય મળે તે વાત હવે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ માન્ય રખાય છે. ઈન્ટરનેશનલ કોવેનન્ટ ઓફ સિવિલ એન્ડ પોલિટિકલ રાઈટસનો આર્ટિકલ ૧૪(૩) જણાવે છે : દરેક આરોપીને પોતાની હાજરીમાં પોતાનો કેસ ચાલે, પોતે પોતાનો બચાવ જાતે અગર પોતાની પસંદગીની કાનૂની સહાય લિગલ

---

૪૨. મોતીબાઈ ૧૯૫૪ ક્રિ.લૉ.જ. ૧૯૫૧ (રાજ.)

૪૩. એ.આઈ.આર. ૧૯૫૭, ઓરિસ્સા. ૨૮૧.

એઈડ મેળવવાનો અધિકાર છે, તેની જાણ મેળવવાનો, અને જયારે ન્યાયનાં હિત માટે જરૂરી હોય, અને જો તેની પાસે (આવી કાનૂની સહાય માટે) નાણા ચૂકવવાનાં પૂરતાં સાધનો ન હોય તો, કોઈ રકમ ચૂકવ્યા વગર, પોતાને કાનૂની સહાય આપવામાં આવે છે. તે અંગેનો અધિકાર રહેશે. કાયદાશાસ્ત્રમાં દરેક નાગરિકના અધિકારોસમન હોવા જોઈએ. તેથી રાજ્ય નાગરિકો વચ્ચે તેમના પદ, હોદ્દા કે આર્થિક પરિસ્થિતિનો હવાલો આપી ભેદભાવ આચરી શકે નહીં. સમાજવાદનો ધ્યેય સ્વીકારતું રાજ્ય ધનિક અને ગરીબ વચ્ચે વહેલો આંતરો રાખી શકે નહીં. ન્યાયના મંદિરમાંથી સૌને સમાન ન્યાય મળવો જોઈએ. તેથી ગરીબો પણ ન્યાયનાં દ્વાર ખખડાવી શકે. તેવી તંત્રરચના હોવી જોઈએ. જે ગરીબ માણસ વકીલ રોકી શકે તેમ ન હોય તેને યોગ્ય ન્યાય મળી શકતો નથી. તો કેટલાક ધનિક આરોપીઓ ઊંચી ફીઆપીને ખ્યાતનામ વકીલો રોકી શકે છે. સરકારના ફરીયાદ પક્ષે પણ કાબેલ પ્રોસિક્યૂશનતંત્ર હોય છે. આમ કાનૂની કાર્યવાહીમાં વકીલની હાજરી હોવી, તે અત્યંત આવશ્યક છે. ન્યાયની સૌથીવધુ જરૂર તો ગરીબોને હોય છે અને જો તેમને જ ન્યાય મળી શકે તેમ ન હોય તો, લોકશાહી શાસન સામે જ ખતરો ઊભો થાય છે. વળી જો ગરીબોને સમાન ન્યાય મળતો હોય તો જ તેમનો લોકશાહીમાંનો વિશ્વાસ કાયમ રહે છે.

અમેરિકામાં ત્યાંના બંધારણના ચોથા સુધારા ઉપરાંત પોવેલ[૪૪], ગિડિયન[૪૫], અને હેમ્લિન[૪૬], ચુકાદામાં આરોપીના વકીલ મેળવવાના અને કાનૂની સહાય મેળવવાના અધિકારને બહાલી મળી હતી.

---

૪૪. ૨૮૭ યુ.એસ. ૪૫ (૧૯૩૨)

૪૫. ૩૭૨ યુ.એસ. ૩૩૫ (૧૯૬૩)

૪૬. ૪૦૭ યુ.એસ. ૨૫ (૧૯૭૨)

ભારતમાં પણ સંખ્યાબંધ સમિતિઓ અને કમિશનોએ કાનૂની સહાયની હિમાયત કરી હતી. આ માટે બંધારણમાં સુધારો કરીને આર્ટિકલ ૩૯ એ દાખલ કરવામાં આવ્યો હતો. તે જણાવે છે કે : રાજ્ય કાયદાપ્રથાનો અમલ સમાન તકના પાયા ઉપર ન્યાયને આગળ ધપાવે તે રીતે કરશે અને ખાસ તો આર્થિક અને અન્ય નિર્યોગ્યતાઓને કારણે કોઈ નાગરિકને ન્યાય મેળવવાની તકોથી વંચિત ન રહેવું પડે, તે માટે મફત કાનૂની સહાયતાના યોગ્ય ધારા કે યોજનાઓ કે અન્ય કોઈ રીતે વ્યવસ્થા કરશે. પછી સુપ્રિમ કોર્ટના મેનકા ગાંધી[૪૭], ચુકાદામાં આર્ટીકલ ૨૧ ના સંદભૃમાં ન્યાયોચિત, વ્યાજબી અને યોગ્ય કાર્યવાહીઉપર ભાર મૂકાયોહતો. જસ્ટિસ ક્રિશ્ન ઐયરે એમ. એચ. હોસ્કોટ[૪૮] માં કેદીના અપીલ કરવાના અધિકારના અંતર્ગત અધિકાર તીરકે તેના વકીલ રોકવાના અધિકારને માન્ય રાખ્યો હતો. જો આરોપી પોતે વકીલ રોકી શકે તેમ ન હોય તો, તેને ન્યાય મળે તે માટે તેને યોગ્ય વકીલ આપવાનો હુકમ કરવાની કોર્ટનેસત્તા હોવાનું ઠરાવ્યું હતું. આમ કાનૂની સહાયતાનો અધિકાર આર્ટિકલ ૨૧ માં અંતર્નિહિત હોવાનો મત દૃઢ બન્યો હતો. કાયદાએ ન્યાયની માત્ર વાતો જ કરવાની નથી, પણ ખરેખર તો ન્યાય કરવાનો છે અને ન્યાય થાય તે માટે કાનૂની સહાય અત્યંત આવશ્યક છે. બલકે કાનૂની સહાય સામાજિક સભાનતાનું જ અંગભૂત તત્વ છે. તેથી જો મફત કાનૂની સહાય અપાઈ ન હોય તો, આર્ટીકલ-૨૧ નો ભંગ થાય છે.

ગુજરાત રાજ્યમાં આરોપીને કાનૂની સહાય આપવા માટે ગુજરાત રાજ્ય કાનૂની સહાય અને સલાહ બોર્ડ છે. તે ઉપરાંત દરેક જિલ્લા અને તાલુકા કક્ષાએ આ માટે  ખાસ સમિતિઓ છે. જો કે હવે તો સંસદે લિગલ સરવિસિસ ઓથોરિટિ

---

૪૭. એ.આઈ.આર. ૧૯૭૮, સુ.કો. ૫૯૭

૪૮. ૧૯૭૮ કી.લો.જ. ૧૬૭૮ (સુ.કો.)

એક્ટ, ૧૯૮૭ પસાર કરી કાનૂની સહાયતાની યોજનાને ધારાકીય સ્વરૂપ બક્ષ્યું છે. ઈંગ્લેન્ડમાં પણ ૧૯૪૯ માં આજ જાતનો ધારો ઘડવામાં આવ્યો છે.

## (૯) મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ થવાનો અધિકાર

રાજ્યના નાગરિકો સુનિયંત્રિત સ્વતંત્ર્ય ભોગવી શકે તે માટે રાજ્ય પોલિસ સત્તાતંત્ર પોલીસ પાવર ધરાવે છે. જે નાગરીકોએ સમાજને હાનિકર્તા વર્તન કર્યું હોય તેમની સામે આ પોલીસતંત્રની સત્તા વાપરવામાં આવી છે. આ સત્તા વાપરીને નાગરીકોને ફોજદારી ન્યાયપ્રક્રિયામાં દાખલ કરવામાં આવે છે. આ પ્રક્રિયાની શરૂઆત આરોપીની ધરપકડ, અટકાયત અને તેની કોર્ટ સમક્ષ રજૂઆતથી થાય છે. કોર્ટ આરોપીને ધરપકડ અને અટકાયતની કાયદેસરતા તપાસે છે. લોકશાહી રાજ્યમાં રાજ્યની આ પોલીસ સત્તા એકહથ્થુ અને જુલમી ન બની જાય તે માટે તંત્ર રચના કરાઈ હોય છે. રાજ્ય તંત્રના અતિ ઉત્સાહી અધિકારીઓ નાગરિકનું ગૌરવ અને તેનાં મૂળભૂત સ્વાતંત્ર્યોને જોખમમાં ન મૂકે તે માટે રાજ્યની પોલીસ સત્તા ઉપર અમુક નિયંત્રણો લાદવામાં આવતા હોય છે. ભારતનાં બંધારણના આર્ટીકલ ૨૨(૨) માં આવું એક ખાસ નિયંત્રણ જોવા મળે છે. તે આ પ્રમાણે છે. ધરપકડ કરાયેલી એરેસ્ટેડ અને (પોલીસના) જાપતામાં અટકમાં રખાયેલી ડિટેઈન્ડ ઈન કસ્ટડિ દરેક વ્યક્તિને આવી અટકાયતના ચોવીસ કલાકના સમયગાળામાં, અટકાયતના સ્થળથી મેજીસ્ટ્રેટની કોર્ટ સુધીની મુસાફરી માટે જરૂરી સમય બાદ કરીને, સૌથી નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાની રહેશે અને આવી કોઈપણ વ્યક્તિને મેજીસ્ટ્રેટે આપેલી સત્તા સિવાય, પેલા સમયગાળાથી વધુ સમય માટે જાપતામાં રાખી શકાશે નહીં. આમ વહેલાંમાં વહેલી તકે મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ થવાનો આ અધિકાર, એક મૂળભૂત અધિકાર બનાવાયો છે.

પ્રાચીન યુગમાં વ્યક્તિને મનસ્વી રીતે ધરપકડ કરી, અટકાયતમાં રાખી, અંતે સજા કરાતી હતી. અનેક પ્રજાઓએ આ સામે અવાજ ઉઠાવ્યો છે. મેગ્ન કાર્ટામાં (૧૨૧૫) પણ કોઈ નાગરિકને કાયદાના ચુકાદા સિવાય પકડવા કે કેદમાં

પૂરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ બધી કાર્યવહી કોઈ કાયદા અનુસાર થઈ હોવી જોઈએ, તે વાત સ્વીકારતાં સદીઓ લાગી હતી. આજે કોર્ટ વ્યક્તિની ધરપકડની કાયદેસરતા નક્કી કરે તે માટે આ અધિકાર સ્વીકારવામાં આવ્યો છે. અમેરિકાના બંધારણના પાંચમા સુધારાનું 'ડ્યૂ પ્રોસેસ' કલોઝ વ્યક્તિના સ્વાતંત્ર્યનું સારી રીતે રક્ષણ કરે છે. ભારતમાં આ માટે ૧૮૯૮ ના ક્રિ. પ્રો. કો. ની કલમો ૬૦ અને ૬૧ અને ૧૯૭૩ ના ક્રિ. પ્રો. કો. ની કલમો ૫૬ અને ૫૭ માં આવી જ જોગવાઈઓ જોવા મળે છે. આમ આ અધિકાર એક બંધારણીય અધિકાર ઉપરાંત એક ધારાજન્ય અધિકાર પણ છે. જોકે આર્ટીકલ ૨૨(૨) માં 'ધરપકડ કરાયેલી અને (જાપતામાં) અટકમાં રખાયેલી' એરેસ્ટેટ એન્ડ ડિટેઈન્ડ એવા શબ્દો છે. ક્રિ.પો.ક્રો. ૧૯૭૩ ની કલમ ૫૬ અને ૫૭ માં ''વોરન્ટ વિના ધરપકડ કરાયેલી'' એરસ્ટેડ વિધાઉટ વોરન્ટ એવા શબદો છે. (૨) કોડની આ કલમોમાં 'વ્યક્તિ'પરસન શબ્દ છે. પણ આર્ટિકલમાં દરેક વ્યક્તિ એવરી પરસન એવા શબ્દો છે. (૩) બંધારણમાં સૌથી નજીકના નીયરેસ્ટ મેજિસ્ટ્રેટ એવો ઉલ્લેખ છે. કોડમાં હકૂમત ધરાવતાં હેવિંગ જુરિડિકશન મેજીસ્ટ્રેટનો ઉલ્લેખ છે.

આ આર્ટિકલ ધરપકડ કરાયેલી વ્યક્તિને ચોવીસ કલાકમાં સૌથી નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાની અપેક્ષા રાખે છે. આમ થવાથી મેજિસ્ટ્રેટ તેની ધરપકડની કાયદેસરતા અંગે નિર્ણય લઈ શકે છે. વળી પોલીસ તંત્ર મેજીસ્ટ્રેટે આપેલી સત્તા વગર કોઈ વ્યક્તિને ચોવીસ કલાકથી વધુ સમય માટે અટકાયતમાં રાખી શકે નહીં. આમ આ આર્ટીકલથી મનસ્વી ધરપકડ અને અટકાયત અટકાવી શકાય છે. જો કે સુપ્રિમ કોર્ટે આ આર્ટીકલ માત્ર વોરન્ટ વિના કરાતી ધરપકડને જ લાુ પડે છે, તેમ ઠરાવ્યું.[૪૯]

---

૪૯. એ.આઈ.આર. ૧૯૫૩, સુ.કો. ૧૦

યોગ્ય હકૂમત ધરાવતી કોર્ટે ફરમાવેલી કેદની સજાના હુકમ અન્વયે રાખવામાં આવેલી ધરપકડને આ આર્ટિકલ લાગુ પડાતો નથી. તેજ પ્રમાણે કોઈ રાજ્યની વિધાનસભાના અપમાન માટે દોષિત ઠરીને સજા પામેલી વ્યક્તિને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાની જરૂર નથી.[૫૦] પણ જો આવી વ્યક્તિ ઉપર કોઈ ગુનો કર્યાનો આરોપ હોય, અને તેને ચોવીસ કલાકથી વધુ સમય સુધી સ્પકીરના જાપતામાં રાખવામાં આવ્યો હોય તો આ આર્ટીકલનો ભંગ થાય છે. જયારે અપનયન કરાયેલી વ્યક્તિને તેના માતા-પિતાને પાછી સોંપવા માટે પકડવામાં આવી હોય ત્યારે તે આ આર્ટીકલના અર્થમાં ‘ધરપકડ’ ગણાય નહીં. અહીં પેલી વ્યક્તિ ઉપર કોઈ ગુનાનો આરોપ ન હતો.[૫૧] તે જ પ્રમાણે વેશ્યાગૃહમાંથી બચાવવા માટે એક છોકરીને અટકાયતને ‘ધરપકડ’ કહેવાય નહીં.[૫૨] આવક વેરો નહીં ભરવા બદલ કરપાત્ર વ્યક્તિની દિવાની જેલમાં કરાયેલી અટકાયતને આ આર્ટીકલ લાગુ પડતો નથી.[૫૩] તે જ પ્રમાણેસરકારી લેણું વસૂલ કરવા કરાયેલી અટકાયતને આ આર્ટીકલ લાગુપડતો નથી.[૫૪] કોર્ટોએ આવા કેસોમાં અટકાયતના દંડલક્ષી, નિવારણલક્ષી, રક્ષણલક્ષી અને લેણાલક્ષી એવાં વિવિધ સ્વરૂપો વચ્ચે ભેદ પાડી આ આર્ટીકલના લાગુ પાડવા અંગે વિવિધ વલણ અપનાવ્યાં છે.

## (૧૦) અપીલ કરવાનો અધિકાર

ફોજદારી કેસ ચાલી ગયો પછી તેનો ચુકાદો આવે છે. આ ચુકાદા સામે અપીલ કરવાનો અધિકાર જોડાયેલો હોય છે. આ ચુકાદામાં કાં તો આરોપી દોષિત

---

૫૦. કેસવસિંઘ એ.આઈ.આર. ૧૯૬૫, અલ્હાબાદ ૩૪૯.

૫૧. એ.આઈ.આર. ૧૯૫૪, સુ.કો. ૬૩૮

૫૨. એજન,

૫૩ બાજ બહાદુર એ.આઈ.આર. ૧૯૫૩, કલ ૫૨૨.

૫૪. એ.આઈ.આર. ૧૯૫૭, સુ.કો. ૬૮૮

ઠરીને સજા પામે છે, અને કાં તોછૂટી જાય છે. આ બંને પરિસ્થિતિમાં અપીલ કરી શકાતી હોય છે. અહીં માત્ર તેની સજા સામેની અપીલની જ ચર્ચા કરી છે. કારણ કે આવી અપીલ આરોપી જ કરી શકાતો હોય છે. નિર્દોષ છોડી મૂકવાના ચુકાદા સામેની અપીલ ફરીયાદ પ્રક્ષ અહીં કરી શકતો હોય છે. તેમાં આરોપીના અધિકાર વિશે ખાસ કંઇ નહીં હોવાથી અહીં તેની ચર્ચા અપ્રસ્તુત છે. આ અપીલ કાર્યવાહીનો ઉદ્દેશ નિર્દોષ વ્યક્તિઓને ગુનાના દોષના નામે સહન કરવું ન પડે. તે જોવાનો છે. અહીં તે ઉપરાંત દોષિત વ્યક્તિ પણ તેમના દોષથી બિનપ્રમાણસર સજા ન થઇ જાય, તે પણ જોવાનું રહે છે. આ અપીલ કરવાનો અધિકાર એક બંધારણીય અધિકાર ઉપરાંત એક ધારાજન્ય અધિકાર પણ છે. અહીં તો તેના બંધારણના અધિકારનું સ્વરૂપ જ સ્પષ્ટ કર્યું છે.

ભારતના બંધારણના આર્ટીકલ ૧૩૨, ૧૩૪ અને ૧૩૬ માં આ અધિકાર સમાવિષ્ટ કરેલો છે. કોઇપણ હાઇ કોર્ટના કોઇ ચુકાદા, હુકમનામા કે અંતિમ હુકમ માટે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી શકાય છે. આવી અપીલ માટે તે કેસમાં બંધારણના અર્થઘટન માટેનો કાયદો તાત્ત્વિક પ્રશ્ન સબ્સ્ટેન્શિયલ કવેશ્ચન ઓફ લૉ સંડોવાયેલો છે. તેવું પ્રમાણપત્ર મેળવવું આવશ્યક છે. જયારે આવું પ્રમાણપત્રઆપવામાં આવ્યું હોય ત્યારે તે કેસનો કોઇ પણ પક્ષકાર કે તે કેસમાં આવા પ્રશ્નોની ખોટી રીતે નિકાલ કરવામાં આવ્યો હતો. તે કારણેસુપ્રિમ કોર્ટમાં અપીલ કરી શકે છે. (આર્ટીકલ ૧૩૨) આ આર્ટિકલ કોઇ પણ કાર્યવાહીમાંથી ઉપસ્થિત થતા બંધારણના અર્થઘટનને લગતા તાત્ત્વિક મુદ્દા પર અપીલ કરવાનો અધિકાર બક્ષે છે. પણ જો કોઇ કેસમાં આવો મુદ્દો ન હોય તો, અપીલ કરી શકાતી હોતી નથી. જો કોઇ મુદ્દા અંગે મતભેદ જોવા મળે, અને બંધારણનું નવું જ અર્થઘટન સૂચવવામાં આવ્યું હોય તો તે અપીલ માટે પર્યાપ્ત છે. આર્ટીકલ ૧૩૪ માં ફોજદારી કેસોમાં હાઇકોર્ટોના કોઇ ચુકાદા, અંતિમ હુકમો કે સજાની સામે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવા માટેની જોગવાઇ છે. આવી અપીલ ત્રણ સંજોગોમાં કરી શકાય છે. જો હાઇકોર્ટે (ક) કોઇ

આરોપીને છોડી મૂકવાના હુકમને અપીલમાં પલટાવી નાખીને તેને દેહાંદંડ ફરમાવ્યો હોય, અગર (ખ) પોતાની સત્તાને આધીન સબોર્ડિનેટ હોય તેવી કોઇ કોર્ટમાંથી કોઇ કેસની સુનાવણી માટે પાછોખેંચી લીધો હોય અને આવીસુનાવણીમાં આરોપીને દોષિત ઠરાવીને તેને દેહાંતદંડ ફરમાવ્યો હોય, અગર (ગ) તે કેસ સુપ્રિમ કોર્ટને અપીલ કરવા માટે યોગ્ય કેસ છે, તેવું પ્રમાણપત્ર આપ્યું હોય, તો સુપ્રિમ કોર્ટને અપીલ કરી શકાય છે. (આર્ટીકલ ૧૩૪(૧)). આ આર્ટીકલ સુપ્રિમ કોર્ટની માત્ર ફોજદારી હકૂમતને જ સ્પર્શે છે. ઉપરોક્ત ત્રણ પરિસ્થિતિઓમાં આરોપીને સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવાનો અધિકાર બક્ષવામાં આવ્યો છે. જો કે આર્ટીકલ ૧૩૪(૧) (સી) માં ઉલ્લેખ કરેલું યોગ્યતાનું પ્રમાણપત્ર ફિટનેશ સર્ટીફિકેટ મેળવવા માટે કોઇ ચોક્કસ ધોરણો જાળવી શકાય તેમ નથી. આવું પ્રમાણપત્ર આપવું કે નહીં તે હાઇકોર્ટની મુસફરી ઉપર અવલંબે છે. જો આ સત્તાનો કાળજીથી ઉપયોગ ન થાય તો સુપ્રિમ કોર્ટ એક સામાન્ય અપીલ કોર્ટ બની જાય તેવોડર રહે છે. પાર્લામેન્ટે આ આર્ટીકલ ૧૩૪(૨) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરી સુપ્રિમ કોર્ટની અપીલની હકૂમત ઉપરોક્ત બે પરિસ્થિતિઓમાં આજીવન કેદ કે દશ વર્ષથી ઓછી ન હોય તેટલી મુદ્દતની કેદની સજાના કેસો માટે પણ વિસ્તરી છે.[૫૫]

આમ જોવા જઇએ તો આર્ટીકલ ૧૩૬ કોઇ અપીલનો અધિકાર બક્ષતો નથી. તે માત્ર અપીલ કરવાની ખાસ પરવાનગી સ્પેશીયલ લીવ ટુ અપીલ માગવાની અરજી કરવાનો અધિકાર આપે છે. તેથી જો આવી પરવાનગી અપાય, અને તે ચાલુ રહે તો જ આ અધિકાર ટકી રહે છે. આવી પરવાનગી આપવી કે નહીં, તે પ્રશ્ન કોર્ટની મુનસફી ઉપર અવલંબે છે. સુપ્રિમ કોર્ટની આ આર્ટિકલ ૧૩૬ હેઠળની સત્તા અતિ વ્યાપક છે. સુપ્રિમ કોર્ટ કોઇ પણ કોર્ટ કે ટ્રિબ્યુનલે કોઇ પણ દવા કે કાર્યવાહીમાં કરેલા કોઇ પણ હુકમનામા, નિર્ણયો, ચુકાદા, સજા કે હુકમ સાથે

---

૫૫. એ.આઇ.આર. ૧૯૫૬, સુ.કો. ૨૦ એ.આઇ.આર. ૧૯૬૭, આંધપ્રદેશ, પ્ર. ૮૩ એ.આઇ.આર. ૧૯૭૩, કેરાલા ૮૯

અપીલ કરવાની ખાસ પરવાનગી આપવાની વિવેક બુદ્ધિ યુક્ત સત્તા ધરાવે છે. અલબત્ત, સશસ્ત્રદળોને લગતા કોઈ કાયદા હેઠળ રચાયેલા કોઈ કોર્ટ કે ટ્રિબ્યુનલે કરેલા હુકમ, ચુકાદા નિર્ણયને લગતા કોઈ કાયદા હેઠળ રચાયેલી કોઈ કોર્ટ કે ટ્રિબ્યુનલે કરેલા હુકમ, ચુકાદા નિર્ણય કે સજા સામે અપીલ કરવાની આવી ખાસ પરવાનગી મળી શકતી નથી. (આર્ટીકલ ૧૩૬-(૨)).

**(૧૧) ગુપ્તતાનો અધિકાર :** પોલીસની ગુનાની તપાસની સત્તા મર્યાદિત હોય છે. તે અડધી રાત્રે નાગરિકના બારણે ટકોરા ન મારી શકે. શાસનના અધિકારીઓ વ્યક્તિની ગુપ્તતાનો ભંગ ન કરી શકે. નાગરિકોના અંગ, ઘર, કાગળો અને અન્ય ચીજવસ્તુઓની ગેરવ્યાજબી રીતે જડતી ન લઈ શકાય. આ બધી વસ્તુઓની ગેરવ્યાજબી રીજે જપ્તી ન કરી શકાય. તેને ખુદ પોતાની જ વિરુદ્ધ પુરાવો આપવાની ફરજ ન પાડી શકાય. આ બાબતમાં શું વ્યાજબી અને શું ગેરવ્યાજબી ગણાય, તે અનેક નિયમો અને કેસોમાંથી જાણી શકાય છે. આ અંગે વ્યક્તિના ગુપ્તતાના અધિકાર, અને સમાજના સલામતીના અધિકાર વચ્ચે અવારનવાર સમાધાન કરવાં પડ્યાં છે. આ બધી કામગીરી માટે કોર્ટ અને કાયદાની સત્તા મેળવિી જરૂરી છે. અલબત્ત, પોલીસ શકમંદ વ્યક્તિની પૂછપરછ કરી શકે છે. આ પોલિસ તેની પાસેથી માહિતી કઢાવવા માટે શારીરિક બળ કે મનોવૈજ્ઞાનિક દબાણનો ઉપયોગ કરી શકે નહીં.

**(૧૨) વ્યક્તિ સ્વાતંત્ર્ય અને વૈયક્તિક મોભાનો અધિકાર :** એક વાર પોલીસ ફોજદારી કાર્યવાહી શરૂ કરે તે પછી પણ તેણે આરોપીના વ્યક્તિ સ્વાતંત્ર્ય અને દરજ્જાનું રક્ષાણ કરવાનું હોય છે. અલબત્ત, આ અધિકાર અંગે પણ કેટલાંક વ્યાવહારિક સમાધાન કરવાં પડ્યાં છે.

**(૧૩) કોર્ટની સુનાવણી વિના આરોપીને લાંબો સમય અટકાયતમાં રાખી શકાય નહીં :** ધરપકડ કરેલા આરોપીને બીનજરૂરી વિલંબ વિના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવો પડે છે. જો તેને ગુનો કર્યો છે તેવું પ્રથમ દર્શીપણે જાણાય તો

તેને જામીન ઉપર છૂટવાનો અધિકાર હોય છે. જો તે જામીન આપી શકે તેવો ધનવાન ન હોય તેને માટે અન્ય વિકલ્પ વિચારવો પડે છે. વળી તેની પાસેથી અતિશય ભારે રકમના જામીન માંગી ન શકાય.

**(૧૪) વ્યક્તિગત પ્રતિષ્ઠાના રક્ષણનો અધિકાર :** ફોજદારી ગુનો કર્યો હોવાથી ગેરકાનૂની આરોપમાંથી આરોપીની પ્રતિષ્ઠાને હાની પહોંચે છે. તેથી આવા આરોપો સાવ અધ્ધરિયા ન હોવા જોઈએ. કોઈએ સોગંદ ઉપર ફરીયાદ લખવી તેણે કરેલા અમુક ચોક્કસ ગુનાનો આરોપ તેની ઉપર મૂક્યો હોવો જોઈએ. જો તેની ઉપર ગંભીર ગુનાનો આરોપ હોય તો, તેને પોતાનો કેસ જૂરી અગર ન્યાયાધીશ સમક્ષ ચલાવવાની માંગણી કરવાનો અધિકાર છે. કેસના સાક્ષીઓને જાતે રૂબરૂ કોર્ટ સમક્ષ આવી સોગંદ ઉપર જુબાની આપવી પડે છે.

**(૧૫) આરોપીનો પોતાનો કેસ ન્યાયોચિત રીતે ચાલે તે માટેનો અધિકાર :** આરોપીને પોતાનો કેસ ઝડપથી જાહેરમાં ન્યાયોચિત કાર્યવાહીથી ચાલે તે માટેનો અધિકાર હોય છે. આવી કાર્યવાહી બિનપક્ષપાતી અને કેસમાં હિત નહિ ધરાવતી કોર્ટ વડે ચલાવી જોઈએ. આ ન્યાયોચિત ુનાવણી - ફેર ટ્રાયલ - નાં અન્ય ઘટકતત્ત્વો પણ છે. : (ક) આરોપીના કેસની સુનાવણીઝડપથી થવી જોઈએ. સરકાર તેને મન ફાવે તેટલો સમય જેલમાં કે જમીન ઉપર રાખી શકે નહીં. ભારે ગુનાના આરોપ હેઠળ જીવવું અતી તનાવપૂર્ણ હોય છે. તેથીફોજદારી કેસોને અગ્રતા આપવી પડે છે. (ખ) આરોપીના કેસની સુનાવણી જાહેરમાં થવી જોઈએ. દરેક માણસને કોર્ટમાં જગ્યા હોયત્યાં સુધી પ્રવેશવાનો અધિકાર હોય છે. અખબારોમાં સુનાવણીના હેવાલો આવી શકે છે. કોર્ટનો રેકર્ડ જાહેર પ્રજાને જોવા મળી શકતો હોય છે. (ગ) સુનાવણી કરનાર કોર્ટ અને જુરીના સભ્યો તટસ્થ અને બિનપક્ષપાતી હોવા જોઈએ. (ઘ) આરોપી જોઈ પણ જાતની વ્યાજબી શંકા - રિઝનેબલ ડાઉટ - વગર દોષિત છે, તે પુરવાર કરવાની જવાબદારી સરકારની છે. આરોપીના દોષ અંગે જરા પણ વ્યાજબી શંકા ઉભી ન થાય, તે રીતના પુરાવા થવા જોઈએ. તેમ

છતાં સરકાર આરોપીને જુબાની આપવા ફરજ પાડી શકતી નથી. (ચ) સરકારીવકીલની પ્રાથમિક ફરજ ન્યાય થા તે જોવાની છે. તેણે આરોપીને કોઈ પણ ભોગે દોષિત પુરવાર કરવાનો હોતો નથી.

# પ્રકરણ : ૫
# અદાલતીય ચુકાદઓનાં પરિપ્રેક્ષ્યમાં

**(૧) જગમોહન સિંઘ વી. સ્ટેટ[૧] ઓફ યુપી ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી એસ.એમ.સિદ્દી, એમ.એન.રોય, આઈ.ડી. દુઆ, ડી.જી.પાલેકર અને એમ.એચ.બેગ**

પ્રસ્તુત કેસમાં ભારતીય ફોજદારી ધારાની કલમો ૩૦૨, ૩૦૩ ભારતીય ફોજદારી કર્મચારીની કાયદાની કલમો અને પુરાવાનાં કાયદાની કલમોનો વિગતવાર અભ્યાસ કરવામાં આવેલા અને જે નિષ્કર્ષો તરી આવેલા છે તેમાંના મુખ્યત્વે નીચે પ્રમાણે છે.

- ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૦૨ અને ભારતીય બંધારણનાં અનુચ્છેદ ૧૪નો ભંગ કરતી નથી.
- કલમ ૩૦૨ એ વધુ પડતા પ્રત્યાયુક્ત વિધિ વિધાનથી દુષિત નથી.
- કાયદામાં દેહાંતદંડની સજા માટેનાં સ્પષ્ટ ધોરણો નિર્દોષ કરેલા નથી તે એક ખામીયુક્ત વિધિ વિધાન બનતુ નથી.
- દેહાંતદંડની સજા એ ગેરવ્યાજબી નથી કે જાહેર હિતની દ્રષ્ટિએ આવશ્યક નથી તેવુ પણ નથી.
- દેહાંતદંડની સજા એ ગેરબંધારણીય નથી.ફકત એવા કારણ સબબ કે કાયદામાં દેહાંતદંડની સજા નકકી કરવામાટે કોઈ નિશ્ચિત પ્રક્રિયા દર્શાવેલ નથી.

---

[૧] **(AIR 1973 SC 947)**

- કાયદામાં દેહાંતદંડની સજા કે તેનાંથી ઓછી સજા કરવા માટેનાં કોઈ નિશ્ચિત ધોરણો પ્રસ્થાપિત કરેલા નથી તેવા કારણ સબબ પણ તે જોગવાઈ ગેરબંધારણીય બની જતી નથી.
- દેહાંતદંડની સજા તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર નિર્ભર રહે છે.
- દેહાંતદંડની સજાનો વિષય અઘરો અને વિરોધાભાસી છે તે ઘણા લાંબાસમયથી પુરી ગરમી સાથે ચર્ચામાં રહયો છે પણ તેનું કોઈ નકકર પરિણામ આવેલ નથી.
- જયાં સુધી તે કાયદાપોથી પર છે ત્યાં સુધી દેહાંતદંડની સજાને અપનાવવી તે ન્યાયતંત્ર માટે દુષ્કર છે.
- કોઈ પણ જજ માટે જીંદગી અને તેનાં અંત વચ્ચેની નિર્ણય માટેની શરતો અતિ વિકટ હોય છે.
- દેહાંત દંડની સજા ફટકારવી એ સરળ અને સહજ નથી.[૪૮]

**(૨) નચીમર સિંઘ વી. સ્ટેટ ઓફ પંજાબ[૨] ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી પી.જગમોહન રેડ્ડી, પી.એન.ભગવતી, કે.ગોસ્વામી અને આર.એસ.સરકારીયા**

પ્રસ્તુત કેસમાં ફરિયાદ પક્ષે ગુનેગારને ગુના માટેનો ઈરાદો હતો તેવુંપ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ ગયેલ તેમ છતાં એવા કારણ સબબ સંપૂર્ણ કેસ કાઢી નાખી શકાય નહીં. અદાલતે અન્ય પુરાવાઓની ચકાસણી ખાસ કરીને આંખે દેખ્યો સાક્ષીનાં પુરાવાને કાળજીપૂર્વક ધ્યાને લેવાનો રહે છે.

આ કેસમાં આરોપીઓ પિતા-પુત્ર અનુક્રમે ૪૦ અને ૨૧ વર્ષની ઉંમરનાં હતા. તેઓએ તેમાં ગામના વતનીનું ખૂન કરેલ તેની સામે કેસ સામેલ અને નામા સેશન્સ જજે પિતાને દેહાંતદંડ પુત્રને  આજીવન કેદની સજા કરેલ હતી અપીલમાં નામા પંજાબ અને હરીયાણા હાઈકોર્ટે તેમાં પુત્રને છોડી મુકેલ અને જયારેપિતાને થયેલ દેહાંતદંડની સજાને કાયમ કરેલ હતી. ત્યારબાદ તેઓને સર્વોચ્ચ અદાલતમાં અપીલમાં જવા માટે નામ. હાઈકોર્ટ સમક્ષ સંદર્ભિત પ્રમાણપત્ર માંગતા તે અંગે ઈન્કાર કરવામાં આવેલ. ત્યારબાદ તેઓએ સર્વોચ્ચ અદાલતમાં સ્પે.પીવી દ્વારા અપીલ કરવામાં આવી.

સર્વોચ્ચ અદાલતે અંતે ઠરાવ્યું કે નામ. સેશન્સ કોર્ટનાં નિર્ણયમાં હસ્તક્ષેપ કરવા જેવુંકંઈ લાગતુ નથી. અપીલ કરનાર રાષ્ટ્રપતિ પાસે દયાની અરજી કરી શકે છે તેનો નિર્ણય જે આવે તે પણ દેહાંતદંડની સજામાં કોઈ ફેરફાર કરવામાં આવતો નથી અને તે મુજબ અપીલ રદ કરવામાં આવે છે.

---

[૨] **(AIR 1975 SC 118), Cr.App.No. 15/1974 નિર્ણય તા.૩-૯-૧૯૭૪**

**(૩) ચાવલા અને અન્યો વી. સ્ટેટ ઓફ હરિયાણા[3], ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વી.આર.ક્રિષ્ના ઐયર, અને આર.એસ.સરકારીયા**

પ્રસ્તુત કેસમાં મૃત્યુ પામનારાઓ તા.૧૧-૧૧-૧૯૭૧નાં રોજપોતાનાં ખેતરોમાં ડબ તથા અન્ય સાધનો લઈને ગયા અને ત્યાં પોતાની રોજીંદી કામગીરી આરંભી. સવારે અગીયાર વાગ્યાના સુમારે તમામ છ એ આરોપીઓ ખેતરે હથિયારો સાથે પહોંચ્યા અને ગુનાનો ભોગ બનનારાઓને મોતને ઘાટ ઉતારી દીધા. સેશન્સ કોર્ટે તેઓની સામે કેસ ચલાવી તેમાનાં ત્રણને દેહાંતદંડની સજાકરી અન્યોને આજીવન કેદ તથા એક વર્ષની એમ અલગ અલગ સજાઓ ગુનાની અને કૃત્યોની ગંભીરતાને ધ્યાને લઈ સજાઓ કરી. નામદાર હાઈકોર્ટે ત્રણમાંથી બે આરોપીની દેહાંતદંડની સજા કાયમ રાખી એકની સજામાં ઘટાડો કરી આજીવન કેદમાં રૂપાંતર કરી સર્વોચ્ચ અદાલતે લાંબા સમયથી પ્રચલિત સિદ્ધાંતોનો આધાર લઈ બાકીના કે જેઓને દેહાંતદંડની સજા ફટકારવામાં આવેલી છે તેની સજાનો ઘટાડો કરી આજીવન કેદમાં રૂપાંતરીત કરવામાં આવી.

---

[3] **(AIR 1974 SC 1039), Cr.App.No. 109/1973 નિર્ણય તા.૧૨-૨-૧૯૭૪**

**(૪) હરિહર સિંઘ વી. સ્ટેટ ઓફ યુપી[૪] ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી એન.એસ.ઉંટવાલા અને એસ.મુર્તઝા ફઝલઅલી**

પ્રસ્તુત કેસમાં આરોપીઓ દ્વારા ઘાતકી રીતે એક કુટુંબના ૩ ભાઈઓ અને બીજા કુટુંબના બે ભાઈઓની હત્યા કરવામાં આવેલ હતી. ટ્રાયલ જજ દ્વારા અપીલ કરનારાઓને દેહાંતદંડની સજા કરવામાં આવેલ હતી. આમાં હાઈકોર્ટ દ્વારા સજાને બહાલ રાખવામાં આવેલ હતી. પરંતુ નામ. સર્વોચ્ચ અદાલત પાસે કેસ આવતા ઠરાવ્યુ કે કેસની હકીકત અને સંજોગો જોતા આરોપીને કરવામાં આવેલી દેહાંતદંડની સજાને બદલે આજીવન કેદની સજા કરવામાં આવે તો પણ ન્યાયનો હેતુ સરી જશે અને એ રીતે સજાને બદલી નાખવામાં આવી.

---

[૪] **(AIR 1975 SC 1501) Cr.App.No. 94/1974 નિર્ણય તા.૧૫-૪-૧૯૭૫**

**(૫) હર્મન વી. સ્ટેટ ઓફ યુપી[૫], ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી પી.એન.ભગવતી અને આર.એસ.સરકારીયા**

પ્રસ્તુત કેસની હકીકતો અનુસાર આરોપીએ જે ગુનો કર્યો તે સમયે તેની ઉંમર ૧૬ વર્ષની હતી. પ્રવર્તમાન સામાજીક વિધિ મિમાંશન અને ચિંતનના સંદર્ભમાં કોઈપણ વ્યાજબી કારણ સબબ જો દેહાંતદંડની સજા ટાળી શકાતી હોય તો ટાળવી તેવી વિચાર સરણી પ્રવર્તે છે. હવે જયારે આરોપી કથિત ગુનાનાં સંમયે ૧૬ વર્ષની ઉંમરનો હોય તેવા સંજોગોમાં તે શિક્ષાત્મક ન્યાય વાપરવા પાસેથી રહેમ/દયાની અપેક્ષા માટે અધિકારી બની જાય છે.આવા કીસ્સામાં દેહાંતદંડની શિક્ષા ઉચિત નહી ગણાશે.

પ્રસ્તુત કેસમાં અરજદાર અને અન્ય આરોપીઓ દ્વારા ગેરકાયદેસર ઝાળી રચી એક રામકુમાર નામના વ્યક્તિને ગંભીર ઈજા પહોંચાડી તેનું માથુ ધડથી જુદુ કરી અને તે માથાને એક અંગુછામાં મુકી કરતા અને નિર્દયતા સાથેપોતાની સાથે લઈ ગયા અને એ રીતે ક્રુર અમાનવીય અને પાશવી હત્યા સબબ સેશન્સ જજે તેની સાથે કાર્યવાહી ચલાવી દેહાંતદંડની સજા ફટકારી નામદાર હાઈકોર્ટે પણ આ સજાને કાયમ કરી.

પરંતુ આ કેસ ઉપરોક્ત અપીલના સંદર્ભે સર્વોચ્ચ અદાલત પાસે આવતા તેમણે ઠરાવ્યુ કે ૧૮ વર્ષથી નાની ઉંમરની વ્યક્તિ પોતાના કૃત્યોનાં પરિણામોની ધારણા કરી શકતો નથી કે તેની ગંભીરતાને સમજવા પુખ્ત બનેલ હોતોનથી. એવા સંજોગોમાં તેને કરવામાં આવેલી વધુમાં વધુ સજા ચર્ચાનુ દેહાંતદંડની સજા ઉચિત નથી તે દયા માટે હકદાર છે અને એ રીતે દેહાંતદંડની સજાને આજીવન કેદની સજામાં ફેરવવામાં આવી.

---

[૫] **(AIR 1977 SC 2071), Cr.App.No. 277/1974**

**નિર્ણય તા.૧૦-૧૦-૧૯૭૫**

**(૬) બિશનદાસ વી. સ્ટેટ ઓફ પંજાબ[૬] ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વી.આર.ક્રિષ્ના ઐયર અને આર.એસ.સરકારીયા**

પ્રસ્તુત કેસમાં આરોપી દ્વારા મોહિન્દર પાલના વરમા હેન્ડગ્રેનેડ ફેકીને એક નાની ઉંમરની સ્ત્રી અને તેણીનાં બાળકની હત્યા કરવામાં આવેલ હતી. ગુનો ગંભીર હતો. બે જીંદગીની અમાનવીય ક્રૂર હત્યા કરવાનો હતો. જેની પાછળ ગુનો કરનાર અને ગુનાનો ભોગ બનનાર વચ્ચે લાંબા સમયથી ચાલતા ઝગડાનું કારણ હતું. સર્વોચ્ચ અદાલત પાસે મુદ્દોએ હતો કે આરોપીને કરવામાં આવેલી દેહાંતદંડની સજાને હળવી કરવી કે નહી. પ્રસ્તુત કેસની હકીકત અને સંજોગો તપાસતા ગુનો ગંભીર અને નિર્દોષ લોકોની ક્રૂર હત્યાનો છે. દેહાંતદંડની સજાને નાબુદ કરવા અંગે ઘણીજ પુખ્ત વિચારણાઓ અગાઉનાં આ જ અદાલત દ્વારા નિર્ણીત કેસોમાં કરવામાં આવેલી જ છે. આ સંદર્ભેનાં ખરડો સંસદમાં પાસ થયા વગરનો પડેલ છે. અને ખરડો કાયદો ગણાય નહીં તેવા સંજોગોમાં કરવામાં આવેલી દેહાંત દંડની સજામાં હસ્તક્ષેપ કરવાને કોઈ કારણ રહેતુ નથી. હવે આ કેસ રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ સમક્ષ દયાની અરજી કરવાનોઅને તેઓ દ્વારા નિર્ણય કરવાનો રહે છે એમ ઠરાવી અપીલ રદ કરવામાં આવી.

---

[૬] **(AIR 1977 SC 573), Cr.App.No. 197/1974**

**નિર્ણય તા.૧૦-૧-૧૯૭૫**

**(૭) અસ્કાડમ વી. સ્ટેટ ઓફ એમપી[૭] ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી આર.એસ.સરકારીયા અને એન.એલ.ઉંટવાલા**

પ્રસ્તુત કેસમાં આરોપીઓ દ્વારા બે વ્યક્તિનાં ખૂન સબબ સેશન્સ કોર્ટ સમક્ષ આપેલી ક્રિમીનલ ટ્રાયલના અંતે નામ. જજ સાહેબ દ્વારા કરવામાં આવેલી દેહાંતદંડની સજા અને ત્યારબાદ હાઈકોર્ટ દ્વારા આ સજાને કાયમ કરવા સામે કરેલ અપીલમાં મુખ્ય મુદ્દો એ હતો કે નવા સુધારાયેલા ફોજદારી કાયદા મુજબ આરોપીઓને આજીવન કેદને બદલે દેહાંતદંડની સજા કરવા માટેનાં કારણો જણાવવાના રહેછે તે જણાવેલ નથી અને નવો સુધારેલા કાયદાની જોગવાઈ મુજબ ખૂનનાં ગુનામાં વધુમાં વધુ આજીવન કેદની સજા કરવી તે નિયમ અને દેહાંતદંડની સજા એ અપવાદ બની ગયો છે. આ બાબતે અદાલતોને વિવેકબુદ્ધિની સતા આપવામાં આવેલ છે. અદાલત દરેક કેસનાં સંજોગો અને ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ યોગ્ય ચૂકાદો જાહેર કરેલ છે. પ્રવર્તમાન જોગવાઈ અનુસાર અદાલતોએ દેહાંતદંડની સજા ફરમાવતી વખતે તે અંગેના યોગ્ય ઠરાવના વિશિષ્ટ કારણો જણાવવાનાં રહે છે.આ કેસમાં નામ. હાઈકોર્ટે દેહાંતદંડની સજા સંદર્ભે કારણો દર્શાવેલ ન હોઈ, દેહાંતદંડની સજાને આજીવન કેદમાં રૂપાંતરીત કરવા માટે યોગ્ય કેસ બનતો હોઈ તે પ્રમાણે અપીલનો નિકાલ કરવામાં આવશે.

---

[૭] **(AIR 1976 SC 2196), Cr.App.No. 15/1975**

**નિર્ણય તા.૮-૩-૧૯૭૬**

**(૮) અમૃત ભૂષણ ગુપ્તા વી. યુનિયન ઓફ ઈન્ડીયા[૮] (ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી એ.એન.રાય, એમ.એચ.બેગ, અને જસવંત સિંઘ**

પ્રિઝનર્સ એકટની કલમ ૩૦ રાજ્ય સરકારની સતા સંદર્ભેની છે તેને કોર્ટની સતા સાથે કંઈજ લાગતુ વળગતુ નથી. આ કલમ દ્વારા જે કેદી દિવાનો કે અસ્વસ્થ મનનો છે તેને કયાં, કઈ જગ્યાએ કેદમાં રાખવો તે અંગેની છે પછી તેની સામેની ફોજદારી કાર્યવાહી ચાલુ હોય ત્યારે કે કાર્યવાહી પુરીથઈ ગઈ હોય અને સજા પામેલો કેદી હોય અને જયારે કેદી કે જેને દેહાંતદંડની સજા થયેલી હોય તેની વ્યવસ્થા તો ત્યાં સુધી જ રાખવાની છે જયાં સુધી તેને ફાંસીને માંચડે ચઢાવી સજાનું અમલીકરણ ન થાય.

મનની અસ્વસ્થતા કે દિવાનાપણુ એ ફોજદારી ન્યાય વ્યવસ્થામાં ફોજદારી જવાબદારી પ્રત્યેની જવાબદારીમાં અપવાદ ઉત્પન્ન કરનારુ પરિબળ છે. આવા કેસમાં ગુનેગાર જયારે ગુનાહીત પ્રવૃતિ કરે છે ત્યારે તેનું શું પરિણામ આવશે તેને તેનું ભાન હોતુ નથી હવે જો કોઈ કૃત્ય કરતી વખતે તેને તેનાં પરિણામની ખબર હોય તો તેવા સંજોગોમાં તે ફોજદારી જવાબદારીમાંથી મુક્ત થઈ શકતો નથી અને આવી દેહાંતદંડની સજાનાં હિસ્સામાં આ કારણ સબળ સજાની કાયદેસરતાને પડકારતી અરજી સર્વોચ્ચ અદાલતમાં કરી શકાય નહી અને તે પણ ત્યારે કે આરોપીની દેહાંતદંડની સજા સામેની અરજી સર્વોચ્ચ અદાલત રદ કરેલ છે અને રાષ્ટ્રપતિ પણ દયાની અરજી નકારી કાઢેલ છે. આવા કિસ્સામાં સર્વોચ્ચ અદાલત આ બાબતને લગતી અન્ય હકીકત પણ તપાસી શકે નહીં કે સજામાં ઘટાડો કરવાનું વિચારી પણ શકે નહી.

---

[૮] **AIR 1977 SC 608), Cr.App.No. 383/1976**

**નિર્ણય તા.૨૯-૧૧-૧૯૭૬**

**(૯) શિવમોહન સિંઘ વી. ધી સ્ટેટ[૯] (દિલ્હી) એડમીનીસ્ટ્રેશન**

**ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વાય.બી.ચંદ્રચૂડ, વી.આર.ક્રીષ્ના ઐયર**

ભારતીય ફોજદારી ધારામાં દેહાંતદંડનીસજાએ બંધારણીય છે. તેમ અવાર-નવાર ઠરાવાયું છે. એ વ્યવસ્થા હજી પણ સમાજમાં બનતા ગુનાઓના સંદર્ભમાં જુની થઈ ગઈ છે તેમ કહી શકાય તેમ નથી કે તે ગુનેગારોને ભયભીત કરી શકતી નથીકેહવે તેનેનાબુદ કરી દેવી જોઈએ તેમ સ્થાપી શકાય તેમ નથી. ગુનેગારોદ્વારા આચરવામાં આવતી નિર્દયી, ક્રુર, હત્યાઓ માટે દેહાંતદંડની સજાનોકોઈવિકલ્પ છે નહીં. ગુનેગારોની ક્રુરતા અનેગુનાઓનો ભોગ બનનારાઓની લાચારીનું આ એક માત્ર પરીણામ છે. ઘણીવખત અન્યાયી સમાજની એક ન્યાયી સજા છે તેમ પણ ફલિત થતુ હોય છે. પણ કોર્ટ માટે નિર્દિષ્ઠ કરેલી સજા કરવા સિવાય કોઈ વિકલ્પ બચતો નથી. કારણ કે તે કયારેક સમયની માંગ હોય છે અનેસામાજીક દબાણ પણ હોય છે. જજનેમાટેજીવન અને મૃત્યુ વચ્ચેની પસંદગી એક પીડાદાઈ ઘટના બનેછે. દેહાંતદંડની સજાકરવી એ કયારેક સજાનો ગુનો બનતુ જોવા મળે છે. કારણ કે દેહાંતદંડની સજાથી ગુનેગારને સુધરવાની તક મળતી નથી કે તેને ગુનો કરતા અટકાવતુ કૃત્ય બનતુ નથી. અહીં દેહાંતદંડની સજા પોતે જ પરિસ્થિતિની સામે હારનો સ્વીકાર કરી લે છે. કાયદાની જોગવાઈઓ અને નવી ઉભરતી ક્ષિતિજો સામેજજને માટેકાયદાની જોગવાઈઓ બંધનકારક બની રહે છે અને નવા વિચારો, થીયરી, પરિકલ્પનાઓ, સુધારાવાદી ચિંતનો ફક્ત ઈશારાનું કાર્ય કરે છે. જજને તો બન્ને બાબતો વિચારણાની એરણ પર ચઢાવી આવે છે. નિર્ણય કરવો કઠીન થઈ જાય છે.

---

[૯] **(AIR 1977 SC 949), Cr.App.No. 2/1977**

**નિર્ણય તા.૧૦-૩-૧૯૭૭**

અમેરીકાની સર્વોચ્ચ અદાલતનાં ન્યાયમૂર્તીશ્રી બેનાએ ગ્રેગ વિ. જ્યોર્જિયા જેનો નિર્ણય તા.૨-૭-૧૯૭૬નાં રોજ આપેલો તેમાં જણાવ્યું હતું કે સજા કરતા પહેલા તેણે નૈતિકતાનો સહારોલઈ માનવીય વ્યવહાર આચરવો જોઈએ.દેહાંતદંડની સજા ને પોતાની જગ્યાએ અસારણ સજા છે. અસાધારણ વેદના છે, અસાધારણ અંત છે પણ તેની સાથે એ પણ વિચારવું જોઈએ કે તેનાથી ગુનાહીત પ્રવૃતિમાં જો કોઈ ફટડ પડતો ન હોય અને કોઈ હેતુ સરતો ન હોય તો એવા સંજોગોમાં તેની ઓછી/હળવી સજા પણ જો પર્યાપ્ત બની જતી હોય, હેતુ પર વાળતી હોય તો તેવા સંજોગોમાં દેહાંત દંડની સજાને ટાળવી.

કાયદો ગમે તેટલો કડખ હોય કે સમાનવીય પણ હોય તેમ છતાં નૈતિકતા કે માનવીય બહારની અપેક્ષાએ ન્યાયધીશોની એ ફરજ બની રહે છે કે તેઓ કાયદાનીજોગવાઈઓને પ્રાથમીકતા આપી તેનું પાલન કરાવવું તેમ કેલિફોર્નિયાનાં ન્યાયધીશે સ્ટેનલીએ જાણાવ્યુ.૩૯ (The yald law journal No. 6 p.1138)

ભારતીય બંધારણના વિદ્વાન લેખકે જાણાવ્યું છે કે ન્યાયધીશે કાયદાની અમલવારી કરાવવાની છે. જેવો તે હોય તો પણ, કાયદો હંમેશા ન્યાયી, વ્યાજબી હોય એવું આવશ્યક નથી. માનવીય ન પણ હોય. તેમ છતાં ન્યાય તો કાયદાની જોગવાઈઓ અનુસાર જ આપ્યો ઘટે.

તમામ પરિસ્થિતિ, ચિંતનો, તત્વજ્ઞાન, ન્યાયવિકોના અભિપ્રાયો, સિધ્ધાંતોના સૂચનો, મંતવ્યો, નૈતિકતા, માનવતા બધી જ બાબતોને ધ્યાનમાં લેતા પણ અમે એ તારણ પર આવીએ છીએ કે ન્યાય કાયદા પ્રમાણે કરીએ, બંધારણની જોગવાઈ અનુચ્છેદ-૭૨ પ્રમાણે ગુનેગાર રાષ્ટ્રપતિ સમક્ષ અરજી કરશે. બન્નેની હકુમત અલગ-અલગ છે. તેમાં આરોપી સફળ થશે કેનિષ્ફળ તે તેનાં પ્રયત્નો પર અને નસીબ પર આધારિત રહેશે. અમે તો દેહાંતદંડની સજાને સ્પર્શતા નથી.

**(૧૦) સ્ટેટ ઓફ યુપી વી. સુધા સિંઘ તથા અન્યો[૧૦], ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી પી.કે.ગોસ્વામી અને વી.ડી.તુલજાપુરકર**

સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે સામાન્ય સંજોગોમાં હાઈકોર્ટ દ્વારા છોડી મુકવાના હુકમ સામે સર્વોચ્ચ અદાલતને કંઈ કહેવાવાળુ હોતુ નથી. પણ જયારે હાઈકોર્ટ કેસમાં રજુ પુરાવાઓને ધ્યાને લેવામાં કસુર કરે તો નાછૂટકે સર્વોચ્ચ અદાલતને હસ્તક્ષેપ કરવો પડે.

પ્રસ્તુત કેસમાં આરોપી દ્વારા બેરહેમ કતલકરવાના ગુનામાં સંડોવાયેલ સામે પુરા સાંયોગીક પુરાવા હતા જેના આધાર પર આરોપીઓને સેશન્સ જજ દ્વારા દેહાંતદંડની સજા કરવામાં આવેલ હતી જેમાં હાઈકોર્ટે હસ્તક્ષેપ કરી તેઓને છોડી મુકયા હતા.

આકેસમાં ફરિયાદ પક્ષનો સાક્ષી એ ગુજરનારનો પિતા હતો અને જેને પણ આરોપીઓ સાથે દુશ્મનાવટ તો હતી જ પણ તે હાર્યા માત્રથી તેના દ્વારા પ્રસ્તુત પુરાવાને અવગણી શકાય નહી જો તે પુરાવાને અન્ય સાંયોગીક પુરાવાનું સમર્થન મળતુ હોય તો તેનાં પર શક કરવાનું કોઈ કારણ રહેતું નથી અને આ જગ્યાએ હાઈકોર્ટે શંકાનો લાભ આપી છોડી મુકવાના હુકમમાં ભૂલ કરેલ છે તેથી હાઈકોર્ટના હુકમને રદ કર્યો.

હવે સેશન્સ જજ દ્વારા કરવામાં આવેલી દેહાંત દંડની સજા અને તેની સામે હાઈકોર્ટના છોડી મુકવાના હુકમ બાદ ઘણો સમય વીતી ચૂકેલો હોઈ સેશન્સ જજ દ્વારા સાબીત થયેલ કેસમાં યોગ્ય સજા હોવા છતાં દેહાંતદંડની સજાને આજીવન કેદમાં બદલી નાંખવામાં આવી છે અને એ રીતેસેશન્સ જજ દ્વારા ફરમાવવામાં આવેલ સજા પુન:સ્થાપીત કરવામાં આવી.

---

[૧૦] **Cr.App.No. 273/1974 (AIR 1978 SC (1)**

**નિર્ણય તા.૮-૧૨-૧૯૭૭**

**(૧૧) શ્રી રંગન વી. સ્ટેટ બેંક ઓફ તામિલનાડુ[૧૧] ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વી.આર. ક્રિષ્નાઐયર, એન.એલ.ઉંટવાલા અને પી.એસ.કૈલાસમ**

આરોપીઓ કે જે ભારતીય ફોજદારી ધારાની કલમ નં. ૩૦૨ તથા સી.આર.પી.સી.ની કલમ ૩૫૪(૩) અન્વયેના ગુના માટે જયારે સજાનાં સંદર્ભમાં જીવન અને મૃત્યુ વિષે વિચાર કરવામાં આવે છે ત્યારે ન્યાયધીશ પાસે એવા ઘણા પરીબળો સામે આવીને ઉભા રહી જાય છે જયાં તેને વિચાર કરવા મજબૂર કરે છે. એક તરફે ગુનેગારોની સુધારણા અને બીજી બાજુ તેના જીવનનો અંત દેહાંત દંડ જયાં તેની સુધારણાની તમામ તકોનો પણ અંત આવી જાય છે.

પ્રસ્તુત કેસમાં આરોપી નાની વયનો અને તે પણમાનસિક રોગનો ભોગ બનેલ હોય તેમ પણ જેણે ત્રણ-ત્રણ માનવોની ક્રુર હત્યાઓ કરી હોય અને ફરિયાદી પ્રશ્ને કેસ સાબીત થતો હોય અને સેશન્સ જજે કેસની હકીકતો અને ગુનાની પાશવીકતાને ધ્યાને લઈ દેહાંતદંડની સજા ફટકારી હોય તે વ્યાજબી હોવા છતા પ્રવર્તમાન શિક્ષા અંગેના ઉભરતા ખ્યાલોને ધ્યાને લેતા દેહાંતદંડની સજાને આજીવન કેદની સજામાં બદલવું ઉચિત ઠરાવેલ હતું.

---

[૧૧] **(AIR 1978 SC 274), Cr.App.No. 440/1977**

**નિર્ણય તા.૩૦-૧૧-૧૯૭૭**

**(૧૨) વશરામ નરશીભાઈ રાજપરા વી.[૧૨] સ્ટેટ ઓફ ગુજરાત**

**ન્યાયમૂર્તિઓ : દોરાઈસ્વામી રાજુ અને બ્રિજેશકુમાર**

આ કેમાં પતિ અને પત્ની વચ્ચે ઘરનું ઘર લેવા માટેની સામાન્ય તકરાર દરમ્યાન પતિએ તેની પત્ની તેમજ ચાર પુત્રીઓ પર પેટ્રોલ છાંટી સળગાવી અને મૃત્યુને ઘાટ ઉતારી દીધા, ઉચ્ચ અદાલતે આ ગૃહકલેશને કારણે આરોપી માનસિક સમતૂલા ગુમાવી બેઠો હશે માટે આવા કરૂણ અંજામ આપેલ છે. આરોપી ગરીબ કુટુંબમાંથી આવે છે. તેને સંતાનમાં હજુ એક નાનો પુત્ર છે. તેનું કોઈ ક્રિમીનલ બેકગ્રાઉન્ડ પણ નથી. અર્થાત્ તેનો કોઈ ગુનાહિત ભૂતકાળ પણ નથી. તથા સમાજને માટે દેહાંતદંડ રૂપ કે ભયજનક વ્યક્તિ ન હોવાથી દેહાંતદંડની સજા માટેનો યોગ્ય કેસ બનતો ન હોવાથી નામદાર સર્વોચ્ચ અદાલતે તેને ફટકારવામાં આવેલી દેહાંતદંડની સજા આજીવન કેદમાં રૂપાંતર કરી હતી.

---

[૧૨] **(2002(4) GLR 2813 S.C.)**

**(૧૩) દિનેશ શીવશંકર જાની અને અન્યો[૧૩] વી. સ્ટેટ ઓફ ગુજરાત ન્યાયમૂર્તિઓ : ડી. પી. દેસાઈ અને એ. એમ. અહમદી**

આ કેસમાં નવા સુધારાયેલા ફોજદારી ધારા પ્રમાણે જે સજાઓ નિયમ હતી તે અપવાદ બની ગઈ છે. તે સંદર્ભની વિષદ છણાવટ કરવામાં આવેલ છે અને જેના માટે હવે સચોટ કારણો અને પુરાવાઓ અનિવાર્ય બની ગયેલ છે. આ અંગે ફરીયાદ પક્ષે ફક્ત મુક સાક્ષી બની ન રહેતા પુરાવાઓ એકત્રિત કરવા અને તે પણ સુસંગત પુરાવાઓ જેના માટે તેમણે જહેમત ઉઠાવી પડશે. દેહાંતદંડની સજા અપવાદરૂપ કિસ્સાઓમાં જ ફરમાવી અને તે માટે નક્કર અને સચોટ પુરાવા તેમજ વ્યાજબી કારણોની નોંધ આવશ્યક બની ગયેલ છે.

આરોપીને સાંભળવો, રજૂઆતની તક માનવીય સગવડતાઓ બની ગઈ છે. અત્યારે ગુના કરતા ગુનેગારને ધ્યાન પર લેવો, તેનામાં સુધારાની તકો, તેનો ગુનાહિત ભૂતકાળ ગુનાની પારદર્શિતા ગંભીરતા અને સજા માટેનાં કારણોની ન્યાયિકતા પણ ધ્યાને લેવામાં આવનાર બની ગઈ છે. માણસની જીંદગી અને મૃત્યુ વચ્ચેની ગંભીરતા ગણતરીમાં લઈ પછી જ દેહાંતદંડ અંગે ચૂકાદો આપવો. આ કેસમાં પણ દેહાંતદંડની સજાને આજીવન કેદમાં રૂપાંતરિત કરવામાં આવેલ હતી.

---

[૧૩] **S.C. Criminal Appeal No. 882-1978**

**નિર્ણય તા. ૨૮/૨૯-૧૧-૧૯૭૮**

**(૧૪) બિશ્નુદેવ શો વી. સ્ટેટ ઓફ વેસ્ટ બંગાલ[૧૪] ન્યાયમૂર્તિઓ : વી. આર. ક્રિષ્ના ઐયર અને ઓ. ચિનપ્પા રેડ્ડી**

પ્રસ્તુત કેસમાં આરોપીએ પોતાના જ બાળકને એવી શંકાથી પ્રેરાઇને કે તે પોતાનું સંતાન નથી તેથી તેને મારી નાખ્યો. આ બાબતે તે પોતાની પત્નીની બેવફાઇ સંદર્ભે ચાર વર્ષથી શંકાથી ઘેરાયેલો હતો. જ્યારે આરોપીએ ખૂબ જ ક્રૂરતા અને ઘાતકીપણાથી હત્યા કરી હોવાના કારણે સેશન્શ જજે તેને દેહાંત દંડની સજા કરેલી જે હાઇકોર્ટ કાયમ કરી આપેલ હતી.

જ્યારે કોઇ વ્યક્તિની હત્યા થાય છે ત્યારે તેમાં ઘાતકીપણું તો હરહંમેશ પ્રદર્શિત થાય જ છે. પણ આ વિશેષણો માત્ર ગુનેગારને ફાંસીની સજા માટે પર્યાપ્ત નથી. આઇ.સી.પી. ૧૮૬૦ ની કલમ ૩૦૨ ખૂનના બદલામાં આજીવન કેદ અથવા દેહાંતદંડની સજાની જોગવાઇ કરે છે. પરંતુ છેલ્લા ૨૫ વર્ષોમાં શિક્ષાત્મક પ્રબંધોમાં નવા વિચારો અને ખ્યાલો ઉભરી રહેલા છે તેને ધ્યાને લેતા દેહાંતદંડની સજા કરતી વખતે ઠોસ કારણો પણ રજૂ કરવાના રહે છે. વિશિષ્ટ કારણો અને સંજોગોની નોંધ કરી આવી આખરી અને આકરી સજા કરવી તેના દિશા નિર્દેષો જોવા મળે છે. ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ ૩૫૪, ૩૬૦ પ્રોબેશન ઓફ એફેન્ડર્સ એક્ટની જોગવાઇઓ બધાને સાથે વાંચતા જ્યારે કોર્ટને એમ જણાય કે મજકૂર ગુનેગારમાં સુધારાની કોઇ સંભાવના જ નથી. તેમાં તેની ઉંમર, તેનોભૂતકાળ, તેની શૈક્ષણિક કારકિર્દી અને સંજોગો કે જેણે તેને આવું હિચકારી કૃત્ય કરવા મજબૂર કરેલ છે. બધી જ બાબતોને એક સાથે નજર સમક્ષ રાખી દેહાંતદંડની સજા કરવી તેમ નામ સર્વોચ્ચ અદાલત આ કેસમાં ઠરાવ્યું.

---

[૧૪] **(AIR 1979 S.C. 964), Criminal Appeal No. 70-1979 નિર્ણય તા. ૨૨-૦૨-૧૯૭૯**

વધુમાં ન્યાયમૂર્તિશ્રી ઓ. ચિનપ્પા રેડીએ અગાઉના ટૂંકા ગાળામાં જ પ્રસિદ્ધ થયેલા કેસ રાજેન્દ્રપ્રસાદ વી. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ એ.આઇ.આર. ૧૯૭૯ એસ.સી. ૯૧૬ માં ન્યાયમૂર્તિશ્રી ક્રિષ્નાઐયરે દેહાંતદંડની સજા અંગે વિવિધ સંશોધનો અને થિયરીજનક અભ્યાસની છણાવટ કરતાં ચૂકાદાના થોડા પેરેગ્રાફ ટાંકેલા હતા જેનો મુખ્ય સાર એ પ્રમાણે નીકળતો હશે કે દેહાંતદંડની સજા એ ગુનેગારને સુધારણાત્મકતાવાદની વિરુદ્ધ છે. ગુનાને ખતમ કરવાને બદલે ગુનેગારને ખતમ કરવાને ઉત્તેજન આપે છે. કયારેક એમ લાગે છે કે ગુનેગાર તેને લાયક છે કે સમાજની ઈચ્છાનો પડઘો તેમાં પડે છે. ઘણી બધી ઉત્કલ્પનાઓ અને ગુનાઓ તેમાં પ્રતિબિંબિત થયા વગર રહેતા નથી એ એક પ્રકારની વેરવૃત્તિને પોષવા બરાબર પુરવાર થતું હોય તેમ લાગે છે. જેમ અગાઉ આંખના બદલામાં આંખ અને હાથના બદલામાં હાથ તેમ જીવના બદલામાં જીવ લઈ લેવો તેનાં જેવું છે.

સદરહુ ચુકાદામાં નોંધ્યું છે કે ઘણાં દેશ વિદેશમાં થયેલાં સંશોધનોનાં અહેવાલ અને તેનાં તારણો તપાસતા જાણવા મળે છે કે દેહાંતદંડની સજા કોઈ પરિણામલક્ષી પૂરવાર થયેલ નથી. માટે તેનાથી સમાજમાં બનતાં ગુનાઓનું પ્રમાણ ઘટાડવામાં સફળ થયેલ છે તે ન તો તે ગુનેગારોના મનમાં ડર પેદા કરવામાં સફળ થયેલ છે.

૧૫૦ વર્ષ પૂર્વે કનેકટીકની સામાન્ય સભા દ્વારા સંયુક્ત પસંદગી સમિતિની નિમણુંક કરવામાં આવી હતી જેના અહેવાલમાં અચકાટ વગર જાણાવવામાં આવ્યું હતું કે નિશ્ચિત સજા એ દેહાંતદંડની સજા કરતાં વધારે ભયજનક છે. તેનાથી સમાજમાં બનતા ગુનાઓનું પ્રમાણ ઘટી શકે છે. એ જ રીતે રોયલ કમીશન ઓન કેપીટલ પનીસમેન્ટ દ્વારા યુરોપના ઘણા દેશોની તથા અમેરીકાની મુલાકાત લેવામાં આવેલ હતી. આ સંદર્ભે માહિતીઓ તેમજ ન્યાયવિદ તેમજ નિષ્ણાતોનાં અભિપ્રાય એકત્ર કરવા તે તેમનો ઉદ્દેશ્ય હતો. કમીશનનું તારણ આ પ્રમાણે હતું કે : (૧) દેહાંતદંડની સજાની નાબુદીથી ખુનનાં ગુનાનું પ્રમાણ વધ્યું હોય તેવું કોઈ ધ્યાન

આવેલ નથી. (૨) દેહાંતદંડની સજાની ભયાનકતાની અસર તમામ સામાન્ય માણસ તેમજ ગુનેગારો પર સરખી નથી. અમેરિકન લૉ ઈન્સ્ટીટ્યુટ વતી પ્રોફેસર થોર્સ્ટન સેબીએ આ વિષયે કરેલા ઊંડાણભર્યા અભ્યાસનું તારણ આપતા જણાવે છે કે ''કોઈપણ વ્યક્તિ કે જે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કરીને જો કોઈ તારણ પર આવવા ઈચ્છે તો'' દેહાંતદંડની સજા જેનો આપણે ઉપયોગ કરીએ છીએ તેની ખૂનનાં ગુનાના બનાવોની વધઘટ પર કોઈ અસર પડતી જોવા મળતી નથી. તેની ભયાનકતા ખલાસ થઈ ગયેલ છે.

સને ૧૯૬૨ માં યુનો દ્વારા પ્રાપ્ત આંકડાકીય માહિતીનું સંકલન યુનાઈટેડ નેશનલ ઈકોનોમીક એન્ડ સોશિયલ કાઉન્સીલનાં ઉપક્રમે કેપીટલ પનીશમેન્ટ પ્રશ્ને કાયદાઓ અને પ્રક્રિયાઓ અને તેની તેનાં ઉપરની અસરોસાથે દેહાંતદંડની સજાની નાબુદીની ગુનાહિત પ્રવૃત્તિ પરની અસરો પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન થયો જે અનુસાર દેહાંતદંડની સંપૂર્ણ નાબુદી કે મહદઅંશે નાબુદીની કોઈજ અસરો સમાજમાં બનતી ગુનેગારીની ટકાવારી પર પડતી જોવા મળેલ નથી.

શ્રીલંકાના સ્વ. વડાપ્રધાન ભંડાર નાઈકે સને ૧૯૬૫ માં દેહાંતદંડની સજા પોતાના દેશમાંથી નાબુદ કરી નાખેલ હતી. સિલોનમાં એ જ ભંડારનાયકનું ખુન થયેલ અને તેનું ખુન કરનારને ફાંસીની સજા કરી સીલોનમાં ફાંસીની સજા પુનઃ શરુ કરવામાં આવેલી.

અમેરીકામાં પણ આ વિષયે ઘણા અભ્યાસો થયા છે. પણ કારણો અપૂર્ણ જ રહ્યા. ત્યાંની સવોચ્ચ અદાલતે ફાંસીની સજા આપે પણ છે અને અમુક ન્યાયમૂર્તિઓને એવું માનવું પણ છે કે ફાંસીની સજાની ગુનેગારો પર ભયજનક અસરો જોવા મળતી પણ નથી.

ભારતમાં દેહાંતદંડની સજા વધારે ભયજનક છે. કે અન્ય કેદની સજા વધારે તે સંદર્ભનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ હજુ થયેલો નથી. ન્યાયમૂર્તિશ્રી ક્રિષ્નાઐયરે

આંધ્રપ્રદેશના અમુક જિલ્લાઓમાં આ વિષયે ૧૯૩૫ થી ૧૯૭૦ ના સમયગાળા દરમ્યાન પ્રાપ્ત આંકડાકીય માહિતીના આધારે નાનો અભ્યાસ હાથ ધરેલ. જેના તારણો ચોક્કસપણે એ પણ નથી દર્શાવી શકતા કે દેહાંતદંડની સજા ભયજનક છે. અથવા તો નથી. ન્યાયધીશોને આપવામાં આવેલી વિવેકબુદ્ધિની સત્તા અભ્યાસની ઉપયોગીતાનો નાશ કરી નાખે છે. પણ સમગ્રનું તારણ એ આવે છે કે દેહાંતદંડની ભયજનક અસરો પૂરવાર થયા વગરની રહે છે.

''હિન્દુ'' જર્નલમાં એક લેખ પ્રસિદ્ધ થયેલ તેની નોંધ લેતાં આ કેસમાં જણાવ્યું છે કે ''The death penalty, rather man detering muder, actually deters the proper administration of criminal Justice''

1. Madrs, Published in 1973
2. Frenk O'connor quoted in reddy for the defence by Garbus

વધુમાં આ કેસમાં જણાવ્યું છે કે દેહાંતદંડની સજા એ આખરી અને પાછી ન ફરી શકે તેવી સજા છે. સાથે સાથે માનવીય ન્યાયધીશ દુઃખદ ભુલ કરી ન બેસે તેવો કોઈ પુરાવો નથી. દરેક ફોજદારી કેસોના વકીલ આ હકીકતથી વાકેફ હશે કે કોઈવાર નિર્દોષ વ્યક્તિ ફાંસીના માંચડે ચઢી જાય છે. ભારતમાં તથા અન્ય દેશોમાં પણ આવું બનેલ છે. અને આવી ભૂલ એકલદોકલ ન્યાયધીશ કરી શકે તેવું નથી. વધુ માથાઓની બનેલ જ્યુરી પણ કરી બેસે.

એ જ રીતે આપણાં સમાજ બે વર્ગોમાં વહેંચાયેલો છે. એક જેની પાસે બધું જ છે અને બીજો જેની પાસે કંઈ નથી. અને જેની પાસે કંઈ જ નથી તે હતાશ છે, લાચાર છે, તે કંઈ જ ને કંઈ ગુનાહીત પ્રવૃત્તિ તરફ સરળતાથી ધકેલાઈ જાય છે. તેથી ખરી હકીકત એ દેહાંતદંડને બોજો તો સમાજમાં પ્રવર્તતી અજ્ઞાનતા, ગરીબી અને વંચિતોને જ વહન કરવાનો રહે છે. ૧૯૫૬ માં ગ્રેટ બ્રિટેનની આમ

સભાએ ઠરાવ કરેલો કે આપણા સભ્ય સમાજને હવે દેહાંતદંડની સજાની જરૂર નથી. અલબત સને ૧૯૬૬ માં આ સજા નાબુદ થઈ.

આખરે આપણી સમક્ષ આ એક જ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે માનવીય સભ્યતાનાં પાયાનાં ધોરણોમાં આ દેહાંતદંડની સજા તેની સાથે સુસંગત છે કે માનવ અધિકારોમાં સૌથી શ્રેષ્ઠ કહી શકાય તેવા માનવીની જીંદગી પરત્વેનાં અધિકારથી બીજો કયો હોઈ શકે.

પરંતુ આ તબક્કે એક વાત સત્ય હકીકત છે કે માનવ જીંદગી પરત્વેની ખેવનાની જવાબદારી તમામની છે તે પોતે જીંદગીની અપેક્ષા રાખે છે. તેને કોઈની જીંદગી લેવાનો કોઈ અધિકાર નથી. અને એમાં પણ નિર્દોષ લોકોના પાયાનો સવાલ એ છે કે નિર્દોષ લોકોની જીંદગી લેનાર દોષિત ગુનેગારની જીંદગી પરતવે કેટકેટલે અંશે વ્યવહારુ છે ? વાજબી છે ? જે લોકો તેનો ભોગ બનેલ છે જો તેને પૂછવામાં આવે કે તારી શું અપેક્ષા છે ? તો એક અવાજે બોલી ઉઠશે કે જીંદગી લેનારની જીંદગી લઈ લો એ નરાધમનાં આ સમાજમાંથી નાશ કરો જો માફ કરવા કોઈ હકદાર હોય તો તે જ કે જે આવા અમાનવીય ગુનાનોભોગ બનેલ છે. આ બધી શાબ્દિક પંડીતાઈ છે. જે વ્યક્તિ ગુનાનો ભોગ બનેલ છે તેની વેદનાને વાચા કોણ આપશે ? કયારે તે ગુનેગારને સજા આપવા કાયદો હાથમાં નહીં લઈ લે તેની ખાત્રી શું એ લોકોની માનસિકતા મનોવેદનાનો વિચાર કોઈ કરતું હોય તેવું કોઈ અદાલતીય ચૂકાદામાં વાંચવામાં આવ્યું નથી. નરી ફિલોસોફી જ જોવા મળે છે અને એ પણ સુખી લોકોના મૂખે થી ! આવા ભોગ બનેલાઓને સર્વે તરફ અભિપ્રાય એકત્રિત કરો, માહિતીનું પૃથક્કરણ કરો તેનું અર્થઘટન કરો, તારણ પર આવો અને તેને સૂચિતાર્થો આપો.

સમસ્ત વિશ્વનાં સંશોધકોએ, તત્ત્વચિંતકોએ, ન્યાયવિદોએ, અભ્યાસુઓએ ન્યાયધિશોએ તારવેલા તારણોમાં સર્વ સામાન્ય તારણ એ જ આવે છે કે દેહાંતદંડની સજા ચાલુ રાખવાથી કે સમાપ્ત કરવાથી ગુનાહીત પ્રવૃત્તિમાં કે ગુનાઓમાં કોઈ

ઘટાડો કે વધારો થયેલો જોવા મળેલો નથી. ચોક્કસ કહી શકાય કે ખૂન હત્યાનો ભોગ બનનાર કુટુંબીજનોની વેદના ગુનેગારને દેહાંતદંડની સજા કરવાથી જરૂર શમે છે. શાંત પડે છે. એ પણ વિચારવું તો રહ્યું જ.

આથી સૌ નરપીશાચોને પ્રથમ માનવ બનાવીએ ત્યાર બાદ તેનાં માનવ અધિકારની ચિંતા કરીએ તો તે પ્રસ્તુત યથા સ્થાને ઉચિત ગણાશે. અન્યથા એ નર્યો બકવાસ જ થશે.

**(૧૫) દલબીર સિંઘ વી. સ્ટેટ ઓફ પંજાબ[૧૫] ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વી.આર. ક્રિષ્નાઐયર, ડી.એ.દેસાઈ અને એ.પી.સેન**

દેહાંતદંડની સજા એ ગુનેગાર દ્વારા કરવામાં આવેલા ખૂનની સંખ્યાની ગણતરી ઉપર આધારિત નથી તથા ખૂન કરવાની અવિચારી ક્રિયા પદ્ધતિ પર પણ તેનો આધાર નથી. તેમાં કેન્દ્રસ્થાને ગુનો, ગુનાહીત કૃત્યની પાશવિકતા, ક્રુરતા, ગુનાનો ભોગબનનારની ઉંમર, જાતિ, નિર્દોષતા વિ. ઘણા પરીબળોને ધ્યાને લેવાના રહે છે. બધુ મળીને કેસ જવલ્લેમાં જવલ્લે જ બનવોજોઈએ તથા દેહાંત દંડથી વધારે સજા ઉપલબ્ધ જ નથી અનેતેનો કોઈ વિકલ્પ નથી ત્યારે કરવામાં આવે છે.

આજીવન કેદની સજા એટલે ખરા અર્થમાં વ્યક્તિની જીંદગીભરની કેદ એવો થાય છે. પરંતુ વ્યવહારમાં તે ૧૦ વર્ષથી ૧૪ વર્ષ એ પણ જે તે અદાલતની વિવેકબુદ્ધિ પર નિર્ભર રહે છે પરંતુ તે પણ ગુનેગાર સદરહુ સજાને પુરી કરી બહાર આવીને ફરીને તેણે ગુનો ન કરે તે સ્થિતિ મુકતા હોવા જોઈએ. અન્યથા સમાજને માટે હિતકર બાબત સજા કરતી વખતે તો તે જ રહે છે કે તે સમાજમાં રહેવાને લાયક કે રાખવાને લાયક હોતો નથી તેમ ગણીને તેને આજીવન કેદની સજા કરવામાં આવે છે.

પ્રસ્તુત કેસમાં આરોપીઓ દ્વારા ચાર ખૂન કરવામાં આવેલ હતા. આ કેસમાં ખૂન કરવા માટેની ઉશ્કેરણી જે લોકો ખૂનનો ભોગ બન્યા તેના તરફથી થયેલ હતી. ખૂન કરવા માટે કોઈ આગોતરુ આયોજન ન હતુ. ઝગડા કલેસ્ટડેકાસનું પરીણામ હતું. કેસની હકીકતો અને સંજોગો સાંભળીને સર્વોચ્ચ અદાલત એવા

---

[૧૫] **(AIR 1979 SC 1384), Cr.App.No. 12/1979**

**નિર્ણય તા.૪-૫-૧૯૭૯**

ભારણ પર આવતી હોય છે કે દેહાંતદંડની સજાને બદલે આજીવન કેદ ગુનાની ગંભીરતાને ધ્યાને લેતા પર્યાપ્ત કરી શકાય તેવી સજા છે તેથી દેહાંતદંડની સજાને બદલે છે.

જસ્ટીસ સેનનાં અભિપ્રાય પ્રમાણે કેસના હકીકતો અનેસંજોગો આધારીત આપવામાં આવેલો નિર્ણય ભારતીય બંધારણનાં અનુચ્છેદ ૧૪૧ અન્વયે બંધનકારક ગણી શકાય તેવો પુર્વ નિર્ણય બની શકે નહી. જજ જયારે જજમેન્ટ આપે છે ત્યારે તેણેજાણાવેલ બધી જ બાબતો પુર્ણ નિર્ણય બનતી  નથી પરંતુ બંધનકારક ભાગ એટલો જ હોય છે કે  જે હકીકતો પરથી ઉદભવતો કાયદાનો મુદો જેના પર કોર્ટ કાયદાનો સિધ્ધાર તારવે છે. તે બંધનકારક પૂર્ણ નિર્ણય બને છે.

**(૧૬) હરવંશ સિંઘ વી. સ્ટેટ ઓફ યુ.પી.[૧૬] ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વાય.બી.ચંદ્રચૂડ, ડી.એ.દેસાઈ અને અમરેન્દ્રનાથ એન.**

પ્રસ્તુત કેસમાં અરજદાર તથા અન્ય બે ઘણા બધા ખૂન કેસમાં એક સામાન્ય જજમેન્ટ દ્વારા દેહાંતદંડની સજાપામેલા હતા. અરજદારોની તમામ અરજીઓ સર્વોચ્ચ અદાલત દ્વારા રદ કરવામાં આવેલ હતી તેટલુ જ નહી રાષ્ટ્રપતિએ પણ તેઓની દયાની અરજી નામંજુર કરેલ હતી એમાનાં એક કોઈ અરજી કરેલ ન હોવાથી તેની દેહાંતદંડની સજાનો અમલ થઈ ગયેલ હતો. અરજદાર પણ ફાંસીને માંચડે લટકવાનો હતો જ પણ તેમાં ભારતીય બંધારણના અનુ.૩૨ અન્વયે રીટી પીટીશન કરી અને સજાના અમલ સામે મનાઈ હુકમ મેળવ્યો. તમામ આરોપીઓમાંના એકની દેહાંતદંડની સજાને આજીવન કેદમાં ફેરવવામાં આવેલ હતી.

આ કેસમાં એક જ ચૂકાદા દ્વારાતમામ ને થયેલી દેહાંતદંડની સજામાં એક કે જેણે અરજી નહોતી કરી તેને લટકાવી દેવામાં આવ્યો. એકની સજા બદલીને આજીવન કેદની કરવામાં આવી. આ પરિસ્થિતિ જે પ્રશ્ન ઉપસ્થિત થયો તે એ હતો કે અરજદારની સજા બદલવામાં આવે તે અંગે સર્વોચ્ચ અદાલતને સતા તો છે જ પણ જે અરજી કર્યા વગર ગુનાનો સામાન્ય આરોપી ફાંસીના માંચડે લટકી ગયો તેનું શું? તેને તો બધાની સાથે લાભ મળશેનહીં. અહીં જેલર દ્વારા હકીકતની યોગ્ય જાણકારી કોર્ટ સમક્ષ પ્રસ્તુત કરી હોત તો જુદુ જ પરીણામ આવી શકે તેમ હતું.

ઉપરોક્ત પરિસ્થિતિમાં સર્વોચ્ચ અદાલત દ્વારા જ રાષ્ટ્રપતિને યોગ્ય નિર્ણય લેવા કેસ રીફર કરવામાં આવ્યો.

---

[૧૬] **(AIR 1982 SC 849), Cr.App.No. 7453/1981**

**નિર્ણય તા.૧૨-૨-૧૯૮૨**

**(૧૭) શેરસિંઘ અને અન્યો વી. સ્ટેટ ઓફ પંજાબ[૧૭], ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વાય.બી.ચંદ્રચૂડ, વી.ડી.તુલઝાપુરકર અને એ.વરદરાજન**

એક દેહાંતદંડની સજાનો કેદી મૃત્યુના વાંકે ઘણા વર્ષોથી જીવી રહયો તેને સર્વોચ્ચ અદાલતને અરજી કરવાનો અધિકાર પ્રાપ્ત થઈ જાય છે કે તેને કરવામાં આવેલી દેહાંત દંડની સજાને હવે આજીવન કેદમાં રૂપાંતરીત કરવામાં આવે, કારણ કે દેહાંતદંડની સજાની લાંબાગાળાની ઢીલ તેનાં જીંદગી પરત્વેના મૂળભૂત અધિકારને આકર્ષે છે. આવા મુદાઓ સાથે આરોપી સર્વોચ્ચ અદાલતની હકુમતનો સહારોલઈ આમુદાને તપાસવા અને યોગ્ય હુકમ કરવા અરજી કરે છે.

આપણી ન્યાયિક વ્યવસ્થામાં સેશન્સ જજનાં હુકમ બાદ હાઈકોર્ટ પોતાનો નિર્ણય જાહેરકરવામાં સહેજે બે વર્ષનો સમય લે છે ત્યારબાદ સર્વોચ્ચ અદાલતમાં અરજી આવે ત્યારે પણથોડો સમય માગે અને રાષ્ટ્રપતિને ભારતીય બંધારણમાં અનુચ્છેદ ૭૨ અન્વયે દયાની અરજી કરવામાં આવે તો તેના નિકાલને પણ થોડો સમય લાગે. અહીં બે વર્ષની નિશ્ચિત સમય મર્યાદા નકકી કરવી એ મુશ્કેલ બાબત છે.

આ તમામ પ્રક્રિયામાં ઘણાજ અન્ય મુદાઓ વચ્ચે આવે છે. આવા સંજોગોમાં બે વર્ષનો સમય પસાર થઈ જવાથી દેહાંતદંડની સજાને મોકુફ રાખી આજીવન દંડમાં રૂપાંતરીત કરવાનું કારણ વ્યાજબી રીતેઉભુ થતુ નથી અને પ્રસ્તુત કેસમાં કરવામાં આવેલી દેહાંતદંડની સજા કાયદેસર ન્યાયી અને યથાર્થ છે તેમ ઠરાવ્યું.

---

[૧૭] **(AIR 1978 SC 465), Cr.App.No. 232/1983**

**નિર્ણય તા.૨૪-૩-૧૯૮૩**

**(૧૮) ઈશ ભાદરપા વી. સ્ટેટ ઓફ કર્ણાટકા[૧૮] ન્યાયમૂર્તિઓ : એ. પી. એન. અને ઈ. એસ. વૈંકટ રામૈયા**

આ કેસમાં આરોપી સામે લૂંટ ચોરી તથા ખૂનનાં આરોપો હતા. હકીકત એવા પ્રકારની હતી કે આરોપી ગુનો કર્યા બાદ એક વર્ષ પછી પકડાયો. ત્યાં સુધી હાથ આવ્યો નહીં તો એવા સંજોગોમાં ફક્ત એવું અનુમાન ન કરાય કે તે ફક્ત ચોરાયેલી મિલ્કતોનો કબજેદાર હતો. બીજું જયારે ગુનો સાંયોગિક પૂરાવાને આધારે જ સાબિત થતો હોય. ત્યારે ગુના સબબની પૂર્વધારણાઓ પૂર્ણપણે સ્થાપિત થવી જોઈએ. જેમાં કોઈ શંકાને સ્થાન ન હોવું જોઈએ. એ જ રીતે તહોમતદારની નિર્દોષતા પર પણ કોઈપણ પ્રકારની શંકા પણ સંદર્ભિત પૂર્વ ધારણાઓનું પણ નિમૂર્લન થવું જોઈએ.

તહોમતદાર પાસેથી પ્રાપ્ત થયેલાં ઘરેણા, સાદી તથા અન્ય વસ્તુઓ તેની માલિકણ દ્વારા પ્રથમ દર્શને જ જો ઓળખાઈ આવતાં હોય તો તેણીનો પુરાવો પણ અવગણી શકાય નહીં.

પૂરાવાના કાયદાની જોગવાઈઓ પ્રમાણે માહિતી અને મળી આવતી બાબતો સાથે સીધો અને સુસંગત સંબંદ્ધ સ્થાપિત થતો હોય તો તેવો પુરાવો અવગણી શકાય નહીં. ચોરી લૂંટનાં ઈરાદે કરવામાં આવતી પાશવી હત્યા-ખૂનના આરોપીનો કરવામાં આવતી દેહાંતદંડની સજા બાબતે સદરહુ કેસ જવલ્લેમાં જવલ્લે જ ની પરિભાષામાં આવતો હોવો જોઈએ. પ્રસ્તુત કેસ તેમાં આવી શકતો ન હોય તેને ફરમાવવામાં આવેલી દેહાંતદંડની સજાને આજીવન કેદમાં બદલવામાં આવી.

---

[૧૮] **(AIR 1983 S.C. 446) Criminal Appeal No. 669-1982 નિર્ણય તા. ૧૧-૦૩-૧૯૮૩**

**(૧૯) સ્ટેટ ઓફ યુ.પી. વી. એમ. કે. એન્થોની[૧૯] ન્યાયમૂર્તિઓ : ડી. એ. દેસાઇ અને રંગનાથ મિશ્રા**

પ્રસ્તુત કેસમાં આરોપી દ્વારા તેની બિમાર પત્ની કે જેની સારવાર માટે તેની પાસે પૈસા રૂપિયા ન હતા. ત્યાર બાદ તેના બે બાળકોની હત્યા કરી એમ વિચારીને કે તેની પત્નીના અવસાન અને પોતાના પછી તેઓની સારસંભાળ કરનાર હશે નહીં. આ ગુનાનો એકરાર-કબુલાત તેણે તેના નજીકના મિત્ર સામે કરેલ હતી કે જેણે તે આરોપીના પત્નીને સારવાર અર્થે હોસ્પીટલમાં દાખલ કરવા તેમજ અન્ય બાબતે નાણાંકીય મદદ કરેલ હતી.

આ મિત્ર દ્વારા આપવામાં આવેલા પુરાવાના આધારે આરોપીને પકડી અને સજા કરવા સંદર્ભે કાનૂની મુદ્દો જે ઉપસ્થિત થયેલ તે એ હતો કે આરોપી દ્વારા પોતાના નજીકના મિત્ર સામે કરેલ ગુનાની કબૂલાત જેને Extra Jrdicial Confession કહેવાય છે.તેનાં આધારે જ ફક્ત આરોપીને સજા કરી શકાય કે ગુનો સાબીત થવા માટે અન્ય પુરાવાનું સમર્થન આવશ્યક બને છે ?

સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે પ્રસ્તુત કેસની હકીકત ઉપર ધ્યાન આપતા નજીકના મિત્રની સમક્ષ કરવામાં આવેલી ગુનાની કબૂલાત ગુના સાબીત કરવા પર્યાપ્ત જ છે. તે પુરાવો વિશ્વસનીય તેમજ સ્વીકારી શકાય તેઓ પુરાવો છે. જે વ્યક્તિની સામે ગુનાની કબુલાત કરેલ છે તે વ્યક્તિ પૂર્વગ્રહ વગરની છે. તેમજ તેનો પુરાવો કોઈ પણ પ્રકારનાં રાગદ્વેષ પ્રેરીત પણ નથી. તેથી વધુમાં કાયદામાં એવી જોગવાઈ નથી કે Extra Jrdicial Confession પર વિશ્વાસ મૂકી શકાય નહીં કે તેને પુરાવા તરીકે સ્વીકારી શકાય નહીં. સિવાય કે તેને અન્ય પુરાવાનું સમર્થન મળે.

---

[૧૯] **(AIR 1985 S.C. 48), Criminal Appeal No. 19-1976 નિર્ણય તા. ૦૬-૧૧-૧૯૮૪**

આ કેસમાં સેસન્સ અદાલતે કરેલ દેહાંતદંડની સજા વધુમાં વધુ છે કે જે કાયદા નીચે કરી શકાય. પરંતુ આ કેસમાં સજા બાબતે વિચારણીય મુદ્દા એ છે કે આરોપી દ્વારા કરવામાં આવેલી હત્યાઓ તેના પોતાના સૌથી નજીકના કુટુંબીજનોની છે. આ કૃત્ય તેણે કોઈ લાભ મેળવવામાં કે બદઈરાદા સાથે કે પોતાના કોઈ દુષ્કૃત્યના આડે આવતા હોય અને તેનો કાંટો કાઢી નાંખવા કરેલ છે તેમ નથી. આ કૃત્ય તેણે પોતાનાં જીવનની નિષ્ફળતા અને લાચારીપણાથી કંટાળી કરેલ છે. આવા સંજોગોમાં આરોપી દ્વારા કરવામાં આવેલો ગુનો ભલે ખૂન હોય અને દેહાંતદંડની સજાને પાત્ર હોય તો પણ તેને તે સજા ન કરતાં આજીવન કેદની સજા પર્યાપ્ત છે. તેમ ઠરાવી તે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરેલ હતો.

**(૨૦) અશરફીલાલ એન્ડ સન્સ વી. સ્ટેટ ઓફ યુ.પી.[૨૦] ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી એ.પી.એન.એન., બાલક્રીષ્ના ઈરાડી**

પ્રસ્તુત કેસમાં માત્ર મિલ્કતનાં ઝગડામાં આરોપીએ સામેવાળાની બે નિર્દોષ છોકરીઓની પાશવી ક્રુર હત્યા કરી નાખી આવા શખ્સો સામે રહેમ, દયાને કોઈ સ્થાન હોતુ નથી. આ સમાજ સામેનો ગંભીર અપરાધ છે અને કોર્ટોની સમાજ પ્રત્યેની પ્રાથમીક ફરજ છે કે તેમણે આરોપીઓનેયોગ્ય સજાકરવી દેહાંતદંડની સજાથવી જોઈએ અને તેનો અમલ પણ થવો જ રહયો તેમ સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું.

---

[૨૦] **(AIR 1978 SC 1721) Cr.App.No. 169/1987**

**નિર્ણય તા.૩૦-૩-૧૯૮૭**

**(૨૧) પંછી વી. સ્ટેટ ઓફ યુ.પી.[૨૧] ન્યાયમૂર્તિઓ : એમ.એમ. પુંછી (મુખ્ય ન્યાયમૂર્તિ) કે. ટી. થોમસ, એસ. એસ. કાદરી**

આ કેસ બે કુટુંબો વચ્ચેની દુશ્મનાવટનો છે. જેમાં એક કુટુંબના ચાર સભ્યો તથા એક બાળકનું બીજા કુટુંબના સભ્યો દ્વારા હુમલો અને હત્યા કરવા અંગેનો આ કેસ છે. બંને કુટુંબો વચ્ચે અવારનવાર ઝઘડાઓ છેલ્લા દિવસોમાં થયા કરતા હતા. જેનું પ્રમાણ દિવસે દિવસે વધતું જતું હતું.

એક કુટુંબનાં ચાર સભ્યો જેમાં સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે. જેના દ્વારા બીજા કુટંબના સભ્યોની હત્યા, ઈજાઓનાં નિશાન ઉપરથી કોઈપણ વ્યક્તિ કહી શકે કે આ લોકોને કોઈપણ પ્રકારની મેડીકલ સારવાર બચાવી શકે તેમ ન હતી. આ ઘટના તા. ૨૬/૧૦/૧૯૮૯ નાં રોજ બપોર પહેલા ઘટી. જે પ્રકારની ક્રૂરતા અને પાશવીતા આચરવામાં આવેલ તે જોતા સેશન્સ કોર્ટે આ ચારેય આરોપીને દેહાંતદંડની સજા કરી. જે હાઈકોર્ટ દ્વારા બહાલ રાખવામાં આવી.

આરોપીઓ દ્વારા હાઈકોર્ટનાં ચુકાદા બાદ સવોચ્ચ અદાલતમાં અપીલ કરવા કોઈ પગલા લેવામાં આવ્યા ન હતા. પરંતુ પ્રેસ-મીડીયા તથા માનવ અધિકાર સંગઠનો દ્વારા આ કેસમાં કોઈ ઘટતું કરવા અંગે પ્રવૃત્તિ થતા આરોપીઓ દ્વારા સ્પે. લીવ પીટીશન કરવામાં આવી.

રાષ્ટ્રીય મહિલા કમીશન દ્વારા આ કેસમાં હસ્તક્ષેપ કરવાનાં નિર્ણયને સર્વોચ્ચ અદાલતે એમ જાણાવી રોકી દીધો કે તેમને કોઈ આવો વિવાદ ઊભો કરવાનો અધિકાર નથી.

આ કેસમાં બાળક દ્વારા આપવામાં આવેલ પુરાવાને એમ કહીને અવગણી શકાય નહીં કે તે એક બાળક છે. કાયદો તો એમ કહે છે કે બાળક દ્વારા રજૂ થતા

---

[૨૧] **(AIR 1998 S.C. 2726), Criminal Appeal No. 333/35-1998 નિર્ણય તા. ૧૯-૦૮-૧૯૮૮**

પૂરાવામાં વધુ કાળજીની ફક્ત અપેક્ષા છે. કારણ કે બાળકનાં મન પર અન્ય પરિબળો જલ્દીથી પ્રભાવીત થઈ શકે તેમ છે. પણ અન્ય પૂરાવાને બાળક દ્વારા રજૂ કરવા પૂરાવાનું સમર્થન મળતું હોયતો જરૂર સદર પુરાવાને ધ્યાને લઈ શકાય.

સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે આ કેસમાં એવી કોઈ ક્ષતિ રહી જવા પામેલ નથી કે જેને ગંભીર કહી શકાય. સાથે સાથે આ કેસ જવલ્લેમાં જવલ્લે જ કહી શકાય તેવો કેસ બનતો નથી કે જેથી સજા કાયમ કરી શકાય. તેથી દેહાંતદંડની સજાને આજીવન કેદની સજામાં ફેરવી નાંખવામાં આવી.

**(૨૨) મધુ મહેતા વી. યુનિયન ઓફ ઈન્ડિયા[૨૨] ન્યાયમૂર્તિઓ : સ્વયસાચી મુખર્જી અને બી. સી. રોય**

દેહાંતદંડની સજાની અમલવારીમાં થતી ગેરવ્યાજબી ઢીલ આરોપીને ભારતીય બંધારણનાં અનુચ્છેદ ૩૨ અન્વયે રીટ પીટીશન કરવાને અધિકૃત બનાવે છે. અને આ અરજી દ્વારા તે દેહાંતદંડની સજાને ઢીલનાં કારણ સબબ આજીવન કેદની સજામાં રૂપાંતરિત કરવા માંગણી કરી શકે છે.

આ કેસમાં આરોપી દ્વારા રાષ્ટ્રપતિને કરવામાં આવેલી દયાની અરજીનો નિકાલ કરવામાં ઘણું મોડું થયેલ હતું.

આવા કામમાં નામ સર્વોચ્ચ અદાલત એ બાબતની તપાસ કરી શકે કે ઢીલ થવાનું સ્વરૂપ કેવું હતું ? અને તેની પાછળનાં સંજોગો કયાં હતા ? પણ તે કારણ સબબ આખો કેસ પુનઃ ખોલી શકાય નહીં અને તેની હકુમત પ્રાપ્ત થતી નથી. આવા કેસમાં ઢીલની મર્યાદા અર્થાત વાજબી દિવસોની સંખ્યા નક્કી કરી શકાય નહીં. ભારતીય બંધારણનાં અનુચ્છેદ ૨૧ મુજબ આરોપી ઝડપી કાર્યવાહી અને તેનો નિકાલનો અધિકાર ધરાવે છે તે બાબત સાથે સુસંગત છે. પણ તેને મૂળભૂત અધિકાર તરીકે માન્ય કરી શકાય નહીં. પણ સાથે સાથે એટલું પણ ચોક્કસ છે કે ગેરવ્યાજબી ઢીલ આરોપીને માનસિક, શારીરિક યાતના પહોંચાડે છે તેમ સ્વીકાર શકાય. આ કેસમાં આરોપીને દેહાંતદંડની સજાની અમલવારીમાં આઠ વર્ષ થઈ ગયા હતા અને આટલી ઢીલ માટે કોઈ વ્યાજબી કારણ મળી શકે તેમ હતું નથી. તે કારણ સબબ દેહાંતદંડની સજાને નામ સર્વોચ્ચ અદાલતે આજીવન કેદમાં રૂપાંતરિત કરી દીધેલ હતી.

---

[૨૨] **(AIR 1989 S.C. 2299), રીટ પીટીશન (Cri) No. 216/1989 નિર્ણય તા. ૦૯-૦૮-૧૯૮૯**

**(૨૩) જુમનખાન વી. સ્ટેટ ઓફ યુ.પી.[૨૩] ન્યાયમૂર્તિઓ : એસ. રત્નાબેલ પાન્ડીયન અને કે. જયચંદ્ર રેડ્ડી**

ભારતીય બંધારણનાં અનુચ્છેદ ૩૨, ૧૩૪, ૧૩૬ સંદર્ભે આરોપીને કરવામાં આવેલી દેહાંતદંડની સજા સર્વોચ્ચ અદાલત દ્વારા કાયમ કર્યા બાદ સામાન્ય સંજોગોમાં તેના પર પુનઃ વિચારણાની અરજી કરી શકાતી નથી. પરંતુ સવોચ્ચ અદાલતને મળેલી અસામાન્ય હકુમતની રૂએ આરોપી અસ્તિત્વમાં આવેલા કોઈ નવા જ કારણો સબબ અરજી કરે અને જો સર્વોચ્ચ અદાલતને સંતોષ થાય તો તેનો સ્વીકાર કરી શકે અને સાંભળ્યા બાદ દેહાંતદંડની સજા તે આજીવન કેદમાં બદલી શકે.

આ કેસમાં આરોપીને થયેલી દેહાંતદંડની સજાને અમલવારીમાં થયેલી ઢીલ સબબ ઉક્ત સજાને આજીવન કેદમાં બદલવાની બાબત હતી. નામ સવોચ્ચ અદાલતે ઠરાવ્યું કે આરોપી તેને મળેલ તમામ પ્રકારનાં અધિકારનો ઉપયોગ કરવા તે સ્વતંત્ર છે અને દરેક અધિકારો માટેની અરજીનાં નિકાલમાં જરૂરી વિલંબ થાય છે. તેથી તે સંદર્ભે સમય મર્યાદા નિશ્ચિત કરવી અઘરી છે. કારણ કે અરજદારો-આરોપીઓ ન ટકી શકે તેવી પણ અરજીઓ કરતા રહેતા હોય છે અને પરિણામે વિલંબ કુદરતી, સહજ અને વાસ્તવિક હકિકત બની જાય છે અને તે કારણ સબબ દેહાંતદંડની સજાને આજીવન કેદની સજામાં બદલાવી કાનૂની બની જતી નથી. હા અલબત યોગ્ય કારણો સંજોગો જરૂર ધ્યાન પર લઈ શકાય અને સજામાં ઉચિત ફેરફાર કરી શકાય.

આ કેસમાં પ્રથમ રાજ્યપાલને તા. ૧૨/૦૪/૮૬ નાં રોજ દયાની અરજી કરી જે રાજ્યપાલે તા. ૧૮/૨/૧૯૮૮ નાં રોજ રદ કરી ત્યાર બાદ સદરહુ

---

[૨૩] **(AIR 1991 S.C. 345), Writ Petition (Cri.) 493/1988 નિર્ણય તા. ૩૦-૧૧-૧૯૯૦**

અરજી તા. ૨૯/૩/૧૯૮૮ નાં રોજ રાષ્ટ્રપતિને મળી તેમને તા. ૬/૭/૧૯૮૮ નાં રોજ રદ કરી ત્યાર બાદ પુનઃ રાષ્ટ્રપતિને અરજી તા. ૧૫/૦૭/૧૯૮૮ નાં રોજ કરવામાં આવી જે પણ તેમણે ઓકટોબર ૮૮ માં રદ કરી ત્યાર બાદ તા. ૧૦/ ૧૧/૮૮ નાં રોજ સવોચ્ચ અદાલતમાં રીટ પીટીશન કરવામાં આવી. દલીલ દરમ્યાન સજાને બદલવા માટે અગાઉનાં ચુકાદાઓ જેવા કે કેહર સિંઘ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા[२४] (એ.આઈ.આર. ૧૯૮૯ એસસી ૬૫૩) વિ. ને ટાંકાવમાં આવ્યા જેમાં આજ કારણ સબબ દેહાંતદંડની સજાને આજીવન કેદમાં બદલવામાં આવેલી હતી. પરંતુ આ કેસમાં સર્વોચ્ચ અદાલતે તમામ દલીલોને નકારતા ઠરાવ્યું કે અરજદારની અરજીની તમામ હકીકતો કાળજીપૂર્વક તપાસતા અરજદારના દાદ મંજુર કરવા કોઈ વ્યાજબી કારણ જાણતું નથી અને રીટ પીટીશન રદ કરવામાં આવેલ તથા સજા કાયમ કરવામાં આવી.

**(૨૪) સેવાહા પેસમલ વી. સ્ટેટ ઓફ રાજસ્થાન[૨૪] ન્યાયમૂર્તિઓ : બી. સી. રોય અને કે. રામસ્વામી**

આ કેસમાં આરોપી અને ફરીયાદ પક્ષનાં સાહેદ નં. ૧ (તાજનોસાથી) બીજો કિદારકુલમ ગામનાં રહેવાસી હતાં. તેઓપોતાના જીવન નિર્વાહ માટે ગમે તે કામ કરવા તત્પર રહેતા ગાંજો ચરસ પણ બાંધી તેને વેંચતા પણ તેઓને સંતોષકારક કમાણી થતી ન હતી ત્યાર બાદ ચોરીનાં રવાડે ચઢ્યા પણ તેમાં તેઓ સફળ થયા નહીં. ત્યાર બાદ તેઓ પૈસાવાળા ઘરનાં છોકરઓને તેઓનાં ઘરમાંથી પૈસા, ઘરેણા વિગેરે લઈ આવવા ફોસલાવવા, લલચાવવાનાં ધંધા શરૂ કયા અને તેઓને દૂર લઈ જઈ તેની પાસેથી પૈસા, ઘરેણા લઈ તેઓની હત્યા કરી નાખતા.

આજ તેઓએ અને ૧૯૭૮ માં અધીયન ૧૯૮૧ માં ચેલાદુરી, ૧૯૮૨ માં હરીરામ ચંદ્રન અને ૧૯૮૩ માં હિસ્ટ્રોડસને મોતને ઘાટ ઉતાર્યા.

આ કેસમાં કાનૂની મુદ્દો જે લેવામાં આવેલ તે એ હતો કે જેઓનું ખૂનનો આરોપી છે તેઓની લાશ મળી ન હતી. પરંતુ ગુનો સીધા તેમજ ઔદ્યોગિક પૂરાવા દ્વારા પૂરવાર થતો હતો તો શું મૃતક શરીરનાં અભાવે સજા કરી શકાય કે નહીં. આ કામમાં કોર્ટે ઠરાવ્યું કે ઘણીવાર ગુનેગારો ગુન્હો કર્યા પછી લાશનો નાશ કરી નાખે છે અને એ રીતે પૂરાવાનો નાશ કરે છે. તેવા સંજોગોમાં પણ જો ગુનો સાબિત થતો હોય તો સજા જરૂર કરી શકાય.

પ્રસ્તુત કેસમાં આરોપીને શંકાનો લાભ આપવા તથા દેહાંતદંડની સજાને આજીવન કેદમાં બદલવા ઘણી દલીલો કરવામાં આવી જેમ કે આરોપીઓ નાની ઉંમરનાં છે. તેઓની પત્ની તથા બાળકોને માટે તેઓ એકમાત્ર સહારો છે વિગેરે વિગેરે પરંતુ કોર્ટે આ તમામ પ્રકારની દલીલોને નકારતા ઠરાવ્યુ કે આવું તો દરેક

---

[૨૪] **(AIR 1991 S.C. 1463), Criminal Appeal No. 345-46-1999, નિર્ણય તા. ૦૭-૦૫-૧૯૯૧**

આરોપીનાં કિસ્સામાં હોય જ છે. વધુમાં આ આરોપીઓનો ભૂતકાળ તમામ પ્રકારની ગુનાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલો રહ્યો છે અને તેઓએ ખૂન પણ બદ્ ઈરાદા અને ઠંડા કલેજે કરેલા છે. તેઓ પ્રત્યે કરુણા કે રહેમ કરી શકાય નહીં તેમ કરવા જઈએ તો સમાજ સમગ્ર ન્યાયતંત્રની સામે શંકાની નજરે જૂએ વધુમાં આ કેસમાં તમામ સંજોગો અને હકીકતોને ધ્યાને લેતા સજાની બાબતમાં ચંચુપાત કરવા જેવું કશું જ જાણાતું નથી. તેથી સજા કાયમ રાખી અરજી રદ કરવામાં આવેલી.[૨૫]

**(૨૫) શિવાજી જયસિંગ બાવર વી. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[૨૫] ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી એસ.સીનવેલ પાંડીયન, કે.રામસ્વામી અને જયચંદ્ર રેડ્ડી**

અરજદાર દેહાંતદંડની સજા પામેલો ગુનેગાર છે કે જે આ કોર્ટમાં ઘટાડો કરવા અરજી કરે છે જેની ટુંકી હકીકત નીચે મુજબ છે.

ફરિયાદ પક્ષનો કેસ એવો છે કેઅરજદાર અને તેનો નાનો ભાઈ રામ હરી જયસિંગ બાબર ત્રણ જાણાના ખૂન કરેલા હતા સાથેઅન્ય ત્રણનાં પણ ગંભીર ઈજા પહોંચાડી મૃત્યુને ઘાટ ઉતારેલ હતા. જેની પાછળનો તેઓનો સહિયારો સ્વાર્થ સાધવાનો ઈરાદો હતો. બન્ને ભાઈઓની સામે સંયુક્ત ટ્રાયલ ચાલેલી અને તા.૨૮-૬-૧૯૮૨ના રોજ સેન્સ જજે એકને ખૂનના ગુના સબબ દેહાંતદંડની સજા ફટકારેલ અને રામહરિસંગને આજીવન કેદની સજા કરેલ તેની સામે બન્ને ગુનેગાર દ્વારા હાઈકોર્ટમાં કરવામાં આવેલી અરજીઓ પણ એક સંયુક્ત ચુકાદા દ્વારા રદ થઈ અને ત્યારબાદ બન્નેએ સર્વોચ્ચ અદાલતમાં હાઈકોર્ટના નિર્ણય સામે SLP Nos 620 & 637/84 કરી જે એજ લાઈન પર રદ થઈ ત્યારબાદ એજ અદાલતમાં રીવ્યુ અરજી નં. ૨૫૪/૮૪ દાખલ કરી જેનાં નામ સર્વોચ્ચ અદાલતે વચગાળાનાં હુકમ દ્વારા ફાંસીની સજાનો અમલ સામે મનાઈ હુકમ આપ્યો. દરમ્યાન શિવાજી જયસિંગ બાબરે તા.૧૨-૫-૧૯૮૪ના રોજ રાષ્ટ્રપતિને દયાની અરજી કરી ત્યારબાદ તેઓની માતાએ રાષ્ટ્રપતિને ફાંસીની સજામાં ઘટાડો કરી આજીવન કેદ કરવા અલગ અરજી કરી ત્યારબાદ સુભાષશંકર ચૌહાણે તા.૩-૮-૮૪ના રોજ રાષ્ટ્રપતિ સમક્ષ દયાની અરજી કરી દરમ્યાન તા.૧૮-૯-૧૯૮૪નાં રોજ સર્વોચ્ચ અદાલતે રીવ્યુ અરજી કાઢી નાખી દરમ્યાન અલગ અલગ સ્મૃતિપાણે દ્વારા રાજય સરકાર દ્વારા કેન્દ્ર

---

[૨૫] **(AIR 1978 SC 2147), Cr.App.No. 1491/1991**

**નિર્ણય તા.૧૧-૯-૧૯૯૧**

સરકારના ગૃહ મંત્રાલયને પડતર દયાની અરજીનાં વહેલાસરના નિર્ણય અર્થે જાણ કરવામાં આવેલી તેવી નોંધો છે. મે ૧૯૮૮ સુધીનો આમાં કંઈ આગળ કાર્યવાહી થયેલ નહી તે બાબત નિર્વિવાદ છે.

ગૃહમંત્રાલય દ્વારા સદરહુ ફાઈલ ૧૩-૫-૧૯૮૮નાં રોજ રાષ્ટ્રપતિ સમક્ષ રજુ કરવામાં આવી જે રાષ્ટ્રપતિ દ્વારા તા.૧૦-૬-૬૮નાં રોજ દયાની અરજી રદ થઈ ત્યારબાદ તા.૨૬-૮-૧ઃ૯૮૮નાં રોજ ફાંસીએ ચઢાવવાનું નકકી થયુ.

દરમ્યાન ગુનેગારની માતા દ્વારા પુનઃ તા.૨૪-૮-૧૯૮૮ના રોજ રાષ્ટ્રપતિને દયાની અરજી થઈ વધારામાં તેણીએ નં.૨૫૬/૮૮ થી રીટ પીટીશન ફાઈલ કરી તા.૨૫-૮-૧૯૮૮નાં રોજ આ કામમાં સર્વોચ્ચ અદાલતે ફરી મનાઈ હુકમ આપ્યો જે અરજી રદ થતા પુનઃ રીવ્યુ અરજી નં. ૨/૧૦ ફાઈલ થઈ તે પણ તા.૧૦-૧-૧૯૯૦નાં રોજ રદ થશે. દરમ્યાન ગુનેગારે મુંબઈ હાઈકોર્ટને ફાંસીની સજાના અમલ સામે મનાઈ ફરમાવતા હુકમ કરવા પત્ર લખ્યો.મુંબઈ હાઈકોર્ટે આ પત્રને રીટ પીટીશન તરીકે ગણી ફાંસીની સજાનો અમલ મોકુફ રાખવા હુકમ કર્યો જેના નંબર (બા) ૭૧૪/૮૮ જે મુંબઈ હાઈકોર્ટની ડીવીઝન બેંચે તા.૧૭-૪-૯૦નાં રોજ અરજી રદ કરી.

હવે આ હાઈકોર્ટના હુકમ સામે અરજદારો સર્વોચ્ચ અદાલતમાં ફરી SLP (Cr) No. 1216/1990 ફાઈલ થઈ જે ૨૭-૮-૧૯૯૦નાં રોજ રદ થશે. દરમ્યાન કોર્ટ સમક્ષ હકીકતોના ગેરનિરુપણ પણ થયા પરંતુ તમામ સંજોગો અને પરિસ્થિતિઓને ધ્યાનેલેતા આ કેસમાં ગુનેગારને કરવામાં આવેલ દેહાંતદંડની સજાને આજીવન કેદમાં બદલી નાંખવામાં આવી.

**(૨૬) શશીનાયર વી. યુનિયન ઓફ ઈન્ડિયા[૨૬] ન્યાયમૂર્તિઓ : કે. એન. સિંઘ, પી. બી. સાવંત, એન. એમ. કાશલીવાલ, બી. પી. જીવનરેડ્ડી અને જીવન રોય**

દેહાંતદંડની સજાના ગુનેગારને ફાંસીને માંચડે ચઢાવી લટકાવી તેનું મૃત્યુ નિપજાવવું તે એક ઓછામાં ઓછું પીડાદાયક મૃત્યુ છે. પ્રક્રિયા ભારતીય બંધારણનાં અનુચ્છેદ-૨૧ ની વિરુદ્ધની નથી. તેના વિકલ્પે અન્ય કોઈ પ્રક્રિયા/પદ્ધતિ દ્વારા મૃત્યુ પમાડવું હાલનાં તંગ વિચારી શકાય તેમ નથી. જે છે તે યોગ્ય જ છે. ફાંસીની સજાને નાબુદ કરવા સંબંધે ભારતનાં કાયદા પંચ ૧૯૬૭ ના અભિપ્રાય મુજબ હાલની બગડતી જતી પરિસ્થિતિને ધ્યાને લેતાં જોખમ લઈ શકાય તેમ નથી. અત્યારે એ સમય આવ્યો પણ નથી.

આમેય મૃત્યુદંડની સજા જવલ્લેમાં જવલ્લે જ કેસમાં કરવામાં આવે છે. અને તેની માટેની તમામ કાનૂની પ્રક્રિયા વાજબી જ છે.

આ કેસમાં અરજદારનાં એડવોકેટ રવિ કે. જૈન દ્વારા નીચે મુજબના મુદ્દા ઉઠાવવામાં આવ્યા.

૧. દેહાંતદંડની સજા ભારતનાં બંધારણનાં અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન સમાન છે.

૨. દેહાંતદંડની સજા કોઈપણ પ્રકારનાં સામાજિક હેતુને બર લાવતો નથી.

૩. સામાન્ય દેહાંતદંડની સજા રદ કરવી જોઈએ.

૪. ફાંસીને માંચડે લટકાવીને માણસનું મૃત્યુ નિપજાવવું તે નરી પારાવિહતાનું પ્રદર્શન છે.

---

[૨૬] **(AIR 1992 S.C. 395), નિર્ણય તા. ૨૯-૧૦-૧૯૯૧**

સર્વોચ્ચ અદાલતે આ મુદ્દાઓ સામે ઠરાવ્યું કે આવા મુદ્દાઓ કોર્ટ સમક્ષ ભૂતકાળમાં ઘણી વખત ઉઠેલા છે અને તે બાબતે કોર્ટે પોતાનાં નિર્ણયો આપેલા જ છે તેને વળગી રહેતા અત્યારનાં સંજોગોએ તેને ધ્યાન પર લેવા ઉચિત જણાતું જ નથી.[૨૬]

**(૨૭)** આરોપી બલરાજની સામે ભારતીય દંડ સહિતાની કલમ-૩૦૨ મુજબના ગુન્હા અંગે તહોમતનામું બનાવવામાં આવ્યું હતું ઈનસાફી કાર્યવાહી ચાલી ગયા બાદ ભારતીય દંડ સહિતાની કલમ-૩૦૨ મુજબનો ગુન્હો આરોપીની સામે પુરવાર થતો હતો તેથી હકીકત હતી કે હકીકતનાં આધાર પર નીચેની અદાલતે આરોપીને દેહાંતદંડની સજા કરી હતી. એ સજા કરવામાં આવી ત્યાર બાદ સી.આર.પી.સી. ૩૬૬ કલમ હેઠળ અલ્હાબાદની ઉચ્ચ અદાલતને એડીશનલ સેશનજજ દ્વારા તે સજા બહાલ રાખવા માટે ઈન્સાફી કાર્યવહી મોકલી આપવામાં આવેલી આ અંગે જયારે ઉચ્ચ અદાલત સમક્ષ અમલ તથા તે રેફરન્સ અંગે ગુણવત્તા પર દલીલો થઈ ત્યારે ઉચ્ચ અદાલતે એવી નોંધ લીધી છે કે હકીકતો જોતા ઓ એક અત્યંત ઠંડે કલેજે સંપૂર્ણપણે નિર્દયતાપૂર્વક આચરવામાં આવેલું કૃત્યું છે આ કામનાં આરોપીએ ૧૩ મહિનાના તેના ભત્રીજા અને ૪ વર્ષની ભત્રીજી ઉપર ઘાતક હુમલો કરેલો અને તેની ભાભી ઉપર દયાહીન રીતે સંપૂર્ણપણે નિર્દયતાથી હુમલો કરીને ઈજાઓ પહોંચાડી હતી પોતાનાં સગાભાઈને પણ તેણે મૃત્યુને ઘાટ ઉતાર્ય હતો. અનેક એવી વ્યક્તિને પણ તેણે મૃત્યુને ઘાટ ઉતારી હતી આમ કુલ મળીને ચાર ખુન તેણે કર્યા હતા અને એમાં પહેલેથી જ આયોજન કરવામાં આવ્યું હતું. હથિયાર સાથે લઈને આવ્યા બાદ અચાનક કોઈપણ જાતની બોલાચાલી વગરનો હુમલો કરાવમાં આવ્યો હતો. અને માત્ર ચાર વર્ષ તથા તેર માસનાં સગા ભત્રીજા પર નિદચૃતાપૂર્વક અને અમાનવીય રીતે હુમલો કરવામાં આવ્યો હતો તમામ ચર્ચા કર્યા બાદ ઉચ્ચ અદાલત આ કલમ હેઠળ એવા નિર્ણય પર આવી હતી કે આ કેસ અપવાદમાં પણ અપવાદરૂપ કિસ્સો છે તેથી આવા કેસમાં નીચેની અદાલતે કરેલી દેહાંતદંડની સજા

બહાલ રાખવી જોઈએ અને તે સજા બહાલ રાખવામાં આવી હતી. પંજાબ તથા હરિયાણાની ઉચ્ચ અદાલત સમક્ષનાં એક કિસ્સામાં નીચેની અદાલતે દેહાંતદંડની સજા કરીને કલમ-૩૬૬ હેઠળ તે સજા બહાલિ રાખવા માટે ઈન્સાફી કાર્યવાહી ઉચ્ચ અદાલતને મોકલી આપી હતી. તે કિસ્સામાં હકીકત એવી હતી કે આરોપી દ્વારા એક નાની બાળકી ઉપર બળાત્કાર કરીને તેનું ખુન કરવામાં આવ્યું હતું તે આરોપીની સામે કોઈપણ પ્રકારનાં શક વગર ગુન્હો પુરવાર થતો હતો ઈજા ગંભીર પ્રકાર હતી તથા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પર્યાપ્ત હતી તેમ છતાં ઉચ્ચ અદાલતે એવી નોંધ લીધી છે કે જે ગુન્હો કરવામાં આવ્યો હતો તે વાસનાના કારણે કરવામાં આવ્યો હતો. તે પહેલા આરોપીને તેની સામે કોઈ દુશ્મનાવટ ન હતી કે વેરભાવના કારણે એ ખુન કરવામાં આવ્યું ન હતું અને તેથી અપવાદમાં પણ અપવાદરૂપ કિસ્સામાં આ કાર્યવાહી આવતી નથી અને તે ચર્ચા સાથે ઉચ્ચ અદાલતે કરવામાં આવેલી દેહાંતદંડની સજા ઘટાડીને આજીવન કેદની સજામાં પરિવર્તીત કરી હતી. ઘરનું કામ કરતા ત્રણ નોકરીએ મળીને ઘરની માલીકરણનું ખુન કર્યૂં હતું તથા લુટ ચલાવી હતી. આ બંને ગુન્હા આરોપીઓની સામે સાબીત થતા ભારતીય દંડસંહિતાની કલમ-૩૦૨ મુજબ દેહાંતદંડની સજા સેશન્સ અદાલતે કરી તથા ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૩૬૬ હેઠળ તે સજા બહાલ રાખવા માટે ઉચ્ચ અદાલત સમક્ષ મોકલવામાં આવી ત્યારે ઉચ્ચ અદાલતે એવી નોંધ કરીને કે અલબત આરોપીઓની સામે ગુનો તમામ શંકાથી પર સાબિત થાય છે. પરંતુ તેમ છતાં દેહાંતદંડની સજા કરવા માટે આ કિસ્સો યોગ્ય નથી. કારણ કે પ્રત્યક્ષ પુરાવાથી કે સંજોગોથી એ બાબત નક્કી થઈ શકતી નથી કે પ્રત્યેક આરોપીએ અલગ અલગ રીતે એટલે કે અંગત અને વ્યક્તિગત રીતે શું ભાગ ભજવ્યો હતો. કોણે ખુન કરવામાં શું ભાગ ભજવ્યો કે કોણે શું મિલ્કત લુંટી લીધી હતી અને ત્રાણેય આરોપીઓ પૈકી વધુમાં વધુ ભાગ કોણે ભજવ્યો છે તે હકીકત પણ નક્કી થઈ શકતી ન હતી, તેથી આરોપીને કરવામાં આવેલી દેહાંતદંડની

સજાને આજીવન કેદની સજામાં કલકત્તાની ઉચ્ચ અદાલતે પરિવર્તીત કરેલી છે તે એક આરોપીની સામે ખુન અંગેનો કેસ ચલાવાવમાં આવ્યો તેમની સામે તે તહોમત સાબિત થયું હતા અદાલત દ્વારા તેમને આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી તે સજા તેઓ ભોગવી રહ્યા હતા તે દરમિયાન આરોપીને પેરોલ મુક્ત કરવામાં આવ્યા તેઓ મુક્ત થયા ત્યાર બાદ તેમણે તે મુક્તિનાં સમય દરમ્યાન બીજી એક વ્યક્તિનું ખુન કર્યું અને તેવા સંજોગોમાં ઈન્સાફી કાર્યવાહી ચલાવતી અદાલત દ્વારા તેમને દેહાંતદંડની સજા કરવામાં આવી. ઉચ્ચ અદાલતે એવી નોંધ લીધી છે કે માત્ર તેઓ પેરોલ પર છુટ્યા હતાં. તે મુક્તીનાં સમય દરમિયાન તેમને બીજું ખુન કર્યું તે કારણે આ કેસ અપવાદમાં પણ અપવાદરૂપ કિસ્સો ગણાય નહીં. અને દેહાંતદંડની સજા કરવા માટે તેમનો ભૂતકાળ લક્ષ પર રાખીને સજા કરવી જોઈએ નહીં અને એવી ચર્ચા કરીને તેમને કરવામાં આવેલી દેહાંતદંડની સજાને હળવી કરીને આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી. એક જ વ્યવહારમાં એક જ ખુન કરવામાં આવ્યા હતા અને પાંચ વ્યક્તિઓને મોતને ઘાટ લગભગ ૫૩ ઈજાઓ કરીને ઉતારવામાં આવી હતી. સાથોસાથ જે વ્યક્તિ ભોગ બનનાર હતી તેનાં પર બળાત્કાર કરવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો હતો અને તે સંજોગોમાં દેહાંતદંડની સજા કરીને તે સજા બહાલ રાખવા માટે ઉચ્ચ અદાલતે સી.આર.પી.સી. કલમ-૩૬૬ હેઠળ મોકલી આવપામાં આવી હતી. આ ચુકાદામાં પ્રબંધકની છણાવટ કરવામાં આવી છે. ૧. બલરાજ વિ. ઉત્તરપ્રદેશ રાજ્ય ૧૯૯૩ ક્રિ.લો. ૩૨૦૧ (અલ્હાબાદ)

ન્યા. સરકારીયા અને ન્યા. ભગવતીનાં ચુકાદામાં આ સજાનાં ઉદ્દેશો અંગે વિસ્તૃત ચર્ચા જોવા મળે છે, તેમણે આ બધા જ ઉદ્દેશોની તરફેણ અને વિરુદ્ધની દલીલોનો ઉંડો અને ઝીણવટભર્યો અભ્યાસ કર્યો છે. આ બંને વિદ્વાન ન્યાયમૂર્તિઓ પોતપોતાનાં મંતવ્યોનાં સમર્થનમાં કોર્ટોનાં ન્યાયધિશો, શિક્ષાવિજ્ઞાનીઓ, ચિંતકો, ફિલસુફો, સંશોધકો, ધર્મપુરુષો, સાહિત્યકારો સમાજ શાસ્ત્રીઓ, વગેરેનાં અભિપ્રાયો

જાણાવ્યા છે. વળી તેમણે તો કમિશનના અહેવાલની પણ છણાવટ કરી છે. ન્યા. સરકારીયાએ એહરલિકનાં સંશોધનોના અધારે આ સજાની ભયપ્રભાવી અસર ઉપર ભાર મુક્યો છે. તેની આવી કોઇ અસર નથી તેમ કહે છે. કોર્ટ અંતે ઠરાવ્યું હતું કે આ સજા ખરેખર વ્યવહારમાં ભય ઉત્પન્ન કરી શકે છે કે નહીં તે સંતોષકારક રીતે પુરવાર કરી શકાતું નથી. કેટલા સંભવિત ગુનેગારો ઉપર આ સજાની અસર પડી તેના આંકડા મળી શકે તેમ નથી.

૧૯૭૪ થી ૧૯૭૭ નાં પાંચ વર્ષનાં ગાળામાં કુલ ૮૫૦૦૦ ખુન થયાં હતાં તેમાંથી માત્ર ૨૮૮ કેસોમાં જ હાઇકોર્ટ સેશન્સ કોર્ટે ફરમાવેલી આ સજાને બહાલી આપી હતી. તેમાંથી રાષ્ટ્રપતિએ ૧૨ કેસોમાં અને રાજ્યપાલોએ ૪૦ કેસોમાં આ સજા હળવી કરી હતી તેથી તેઓ ખરેખર આ સજાનો અમલ થાય તેવા કેસો નગણ્ય સંખ્યામાં બને તેવું તારણ કાઢે છે. તેથી આ સજાની કોઇ ભયપ્રભાવી અસર નથી. વળી આ સજાની આવી કોઈ અસર થતી હોય કે ન થતી હોય તો પણ તે સજા-ગુના સાથે પ્રમાણસર બંધબેસતી નહીં હોવાથી તેનાથી આર્ટીકલ ૧૪, ૧૯ અને ૨૧ નો ભંગ થાય છે. તેવું તેમનું મંતવ્ય છે તેઓ ઠરાવે છે કે ઇ.પી.કો.ની કલમ-૩૦૨ અને ક્રિ.પો.કોડની કલમ-૩૫૪(૩) અન્વયે કરાતી દેહાંતદંડની સજાથી શિક્ષાનો કોઇ વાજબી હેતુ એકહથ્થુ છે અને તેથી તે આર્ટીકલ ૧૪ અને ૨૧ ની વિરુદ્ધ છે.

આ સજાનાં ઉદ્દેશો તપાસ્યા પછી સુપ્રિમકોર્ટે આ પ્રમાણે તારણ કાઢ્યું છે. (૧) આ સજાથી શિક્ષાનો કોઇ ઉદ્દેશ સિદ્ધ થાય છે કે નહીં તે પ્રશ્ન અત્યંત મુશ્કેલ છે. (૨) આર્ટીકલ-૧૯ અને ૨૧ ની કસોટીથી આ સજાની બંધારણીયતા તપાસવા માટે તે સજા નાબુદ કરવી જોઇએ કે ચાલુ રાખવી જોઇએ તે વિશે કોઇ સ્પષ્ટ મંતવ્ય વ્યક્ત કરવું જરૂર નથી. (૩) જયાં મેધાવી અને વિદ્વાન અભ્યાસીઓમાં જ આ મુદ્દા અંગે ઊંડા બૌદ્ધિક મતભેદ હોય ત્યાં તે હકીકત માત્રથી જ અપીલકર્તાની આ સજા ગેરવાજબી અને હેતુવિહિન છે. (૪) સમાજનાં વિવિધ વર્ગોનાં અનેક

લોકો સમાજનાં રક્ષણ માટે આ સજા ચાલુ રાખવામાં આવે છે.

ભારતીય સુપ્રિમ કોર્ટનાં નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતનાં ઉપરાષ્ટ્રપતિ શ્રી હિદાયતુલ્લાહે દેહાંતદંડની નાબુદી સામે વિરોધ નોંધાવ્યો છે. ઈન્ટરનેશનલ કોંગ્રેસ ઓફ ક્રિમિનલ લૉનું ઉદાહરણ આપતાં તેમણે જણાવ્યું હતું કે આ સજા નાબુદ કરવી કે નહીં તે સંસદે નક્કી કરવાનું છે ન્યાયધીશે તો 'ફાંસી આપવી છે કે નહીં'તે જ નક્કી કરવાનું છે, તેમાણ કબુલ કર્યું હતું કે તેમની ન્યાયાધીશ તરીકે પચ્ચીસ વર્ષથી ય વધુ સમયની કારકિર્મિાં તેમણે બીજા કોઈ ન્યાયાધીશ કરતાં સૌથી વધુ લોકોને ફાંસીની સજા કરી છે. તેમણે આ સજાની હિમાયત કરતા જણાવ્યું હતું કે ''અત્યારે ગુના અને ભયરહિતપણું વધતું જ જાય છે ત્યારે દેહાંતદંડની સજા ચાલુ રાખવી જરૂરી છે.'' બિલ્લા અને રંગા જેવા ગુનેગારો માટે ફાંસી સિવાય બીજોકોઈ ઉપાય ન હોય તેવા અનેક કેસો પોતે જોયા છે તેમણે બચ્ચનસિંઘમાં પ્રતિપાદિત થયેલા જવલ્લેમાં જવલ્લે કેસમાં જ આ સજા ફરમાવવી જોઈએ. તેવા સુપ્રિમ કોર્ટનાં મંતવ્ય સાથે અસંમતિ દર્શાવી હતી. તેમણે આ ચુકાદાને અસ્પષ્ટ કર્યો હતો.

**(૨૮) લક્ષ્મણ નાઈક વી. સ્ટેટ ઓફ ઓરિસ્સા[૨૮] ન્યાયમૂર્તિઓ : ડૉ. એ. એસ. આનંદ અને ફૈઝન ઉદ્દીન**

પ્રસ્તુત કેસમાં આરોપી દ્વારા તેના ભાઈની સાત વર્ષની પુત્રી પર બળાત્કાર કરી મારી નાંખવાનું અમાનવીય અને પાશવી કૃત્ય સાંયોગિક પૂરાવા દ્વારા પૂરવાર થતું હતું.

આવા કિસ્સાઓમાં પુરાવાનું ધોરણ આરોપીને સજા કરવા માટે જે રીતે જળવાવું જોઈએ કે જેને આધારે સજાના હુકમને સમર્થન મળે. આ સંદર્ભે તમામ પુરાવાઓ એકબીજાની સાથે સુસંગત રીતે સાંકળની કડીની જેમ જોડાય અને સંપૂર્ણ સાંકળ બનાવે જે આધારે આરોપીએ કરેલ ગુનો શંકાશીલ સાબિત થાય તે આવશ્યક બની જાય છે.

આવા કિસ્સાઓમાં આરોપી સામે ગુના સંદર્ભે કરવામાં આવેલી પૂર્વધારણા એવી રીતે સ્થાપિત થવી જોઈએ કે તેની સાથે અન્ય પૂર્વ ધારણાની અન્ય કોઈ સંભાવના ન રહે. અને પુરાવાઓ દ્વારા એક માત્ર તારણ નીકળે કે તેણે જ ગુનો કર્યો છે.

આ કિસ્સામાં ઠંડા કલેજે આટલી નાની ઉંમરની બાળકીની જંગલમાં લઈ જઈ તેના ઉપર અમાનવીય બળાત્કાર ગુજારી કરવામાં આવેલી આવી હત્યા માટે તેને ફરમાવવામાં આવેલી ફાંસીની સજા યોગ્ય જ છે. તેમાં કોઈપણ પ્રકારની ચંચુપાતને અવકાશ નથી અને એ મુજબ અપીલ કાઢી નાંખવામાં આવી.

---

[૨૮] **(AIR 1995 S.C. 1389) Criminal Appeal No. 407-1992 નિર્ણય તા. ૨૨-૦૨-૧૯૯૪**

**(૨૯) રાજીવ ઉર્ફે રામચંદ્ર વી. સ્ટેટ ઓફ રાજસ્થાન[૨૯], ન્યાયમૂર્તિઓ : જી. એન. રાય અને જી. ટી. નાણાવટી**

આરોપી દ્વારા તેની પત્ની, ત્રણ સગીર બાળાઓ તથા અન્ય બે વ્યક્તિઓની ઠંડે કલેજે કરેલી પાશવી હત્યા ખૂન સબબ કરવામાં આવેલી દેહાંતદંડની સજાને એક કારણ સબબ કે તે ઘટનાનાં સમયે માનસિક સંતુલન ખોઇ બેસેલ હતો તે બચાવ ચાલી શકે તેમ નથી, અને દેહાંતદંડની સજાને આજીવન કેદમાં રૂપાંતરિત કરી શકાય નહીં.

ગુનાની પારાવારીકતાને હટાવી શકે તે ગમે તે સંજોગો હોય તો પણ તે રીતે નિર્દોષ લોકોની જે હથીયાર વડે નિર્મમ હત્યા થઇ છે તે તમામ હકીકત અને સંજોગોને ધ્યાને લઇએ તો દેહાંતદંડની સજાને હળવી કરી શકાય તેવું કોઇ વ્યાજબી કારક કે તારણ દેખાતું નથી. તેથી કરવામાં આવેલી સજા યોગ્ય જ છે અને તે મુજબ અપીલ રદ કરવામાં આવી.

---

[૨૯] **(AIR 1996 S.C. 787), S.C. Criminal Appeal No. 1595-1995 Carising out of SLP (Cri) No. 1432/1995**

**નિર્ણય તા. ૦૫-૧૨-૧૯૯૫**

**(૩૦) સુરજારામ વી. સ્ટેટ ઓફ રાજસ્થાન[30] ન્યાયમૂર્તિઓ : જી. એન. રાય અને જી. ટી. નાણાવટી**

આ કેસમાં આરોપી દ્વારા તેનાં સગા ભાઈ તથા તે ભાઈનાં બે માસુમ સગીર પુત્રો અને કાકીને ઉંઘમાં જ ખતમ કરી દેવામાં આવેલા અને આરોપીનાં ભાભીને તથા પુત્રીને મારી નાખવાનો પ્રયત્ન કરવામાં આવેલો હતો. આ પ્રકારનું હીચકારું કૃત્ય તેણે કોઈપણ પ્રકારનાં એકાએક ઉશ્કેરાટ વગર શાંત અને આયોજનયુક્ત રીતે પાર પાડેલ હતું. નાનકડી બે સગા ભાઈ વચ્ચે જમીન સંબંધી કલેસ કંકાસ ચાલતો હતો અને તે પણ ૮ થી ૧૦ મહિના પૂર્વે સમાધાન થઈ ગયેલ હતું. સંપતિનું વિભાજન પણ થઈ ગયેલ હતું.

એક સગા ભાઈએ બીજાભાઈને તેમજ તેના કુટુંબનાં તમામનો સફાયો કરવા રાત્રીનાં ઘોર અંધકાર અને ઘેરી ઊંઘનો ગેરલાભ લઈ તેઓનું તાત્કાલિક કોઈપણ પ્રકારનાં બચાવની તક ન મળે તેવી રીતે તિક્ષ્ણ હથીયાર વડે ડોક પર જ વાર કર્યા અને ચાર ચાર લોકોને મોતને ઘાટ ઉતારી દીધા. ભાભી તથા ભત્રીજીને પણ ડોક પર ગંભીર ઘાવ તો લાગ્યા જ હતા પણ લાંબી સારવારને અને તેઓની આવરદાને કારણે બચી જવા પામેલ હતા.

આવા કિસ્સામાં આરોપી જવલ્લેમાં જવલ્લે અપવાદરૂપ કિસ્સામાં તેને દેહાંતદંડની સજા કરવા સિવાય કોઈ વિકલ્પ અદાલત પાસે ન હોઈ દેહાંતદંડની સજા કાયમ રાખવામાં આવી.

એ બાબતે જરાય શંકા નથી કે અદાલતે આરોપી સામે માનવીય વ્યવહાર કરે અને આરોપી દયાની અપેક્ષા રાખી શકે પરંતુ જે વ્યક્તિઓ ગુનાનો ભોગ બનેલ છે તેમજ સમાજની અપેક્ષાઓને ધ્યાને લેવામાં આવે તો અદાલત પાસે પણ આવા પાશવી ગુનાઓ માટે આરોપીને દેહાંતદંડની સજા કરવા સિવાય કોઈ વિકલ્પ બચતો નથી તેમ સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું હતું.

---

[30] **(AIR 1997 S.C. 18), Criminal Appeal No. 1727-1996 નિર્ણય તા. ૨૫-૦૯-૧૯૯૬**

## (૩૧) આશા ઉર્ફે આશાનંદ અને અન્યો વી. સ્ટેટ ઓફ રાજસ્થાન[૩૧]

## ન્યાયમૂર્તિઓ : સર્વશ્રી એમ. કે. મુખરજી અને એમ. કી. કુરકુકર

આ કામમાં ગુજરાતનો ચેતુરામ કોટા, રાજસ્થાનનો રહેવાસી હતો. તેની બસસ્ટેન્ડ પાસે કેરોસીન વેચવાની કેબીન હતી. બનાવના દિવસે (અર્થાત તા. ૬/૩/૧૯૮૭) ના જયારે તે પોતાની દુકાનમાં બેઠો હતો ત્યાં તેના ત્રણ મિત્રો જે આ કામના ફરીયાદી સાક્ષી પણ છે તેને સુરેશકુમાર, ફરીદ અને અશોકકુમાર તેને મળવા આવેલા તેઓ એકબીજાની સાથે વાતો કરતા હતા તેવામાં એકાએક આશાનંદ મોહનસિંઘ અને ચીતારસિંઘ મોટરસાયકલ પર આવ્યા કે તેઓએ મોટર સાયકલ રોકી જેમાનાં એક પાસે એક એસીડ ભરેલો પ્લાસ્ટીકનો મગ હતો તે ચેતુરામ પર ફેંક્યો જે એસીડ દ્વારા દાઝી જવાથી ઈજાનો ભોગ બન્યો અને પડી ગયો. ત્યાર બાદ મોહનસિંઘ અને ચીતારસિંઘ એ તેનાં પર ચાકુ દ્વારા હુમલો કર્યો. શિવાનંદ એ પણ ચાકુ દ્વારા હુમલો કર્યો. આ રીતે સેતુરામ પર એસીડ અને ચાકુ દ્વારા ખુની હુમલાથી ઘવાયેલ લોહી લુહાણ થયેલ અને બેભાન બની ગયેલ. ત્યાર બાદ ત્રણે આરોપી નાસી ગયા.

ફરીયાદનાં સાક્ષી ફરીદા, અશુકકુમાર રીક્ષા ભાડે કરી ચેતુરામને નજીકની સરકારી હોસ્પીટલે લઈ ગયા. જયાં મેડીકલ ઓફિસરે તેને મૃત જાહેર કર્યો. ત્યાર બાદ પોલીસ સ્ટેશને જઈ ફરીયાદ કરી. પોલી સ્ટેશન દ્વારા થોડા પોલીસને ફરીયાદની તપાસ કરવા નિયુક્ત કર્યા. ઘટના સ્થળની તપાસ કરી. રાત્રીના ૮.૦૦ વાગ્યા હતા. અંધારામાં વધુ તપાસ ન કરતા તેઓ હોસ્પીટલ ગયા. સેતુરામનાં મૃત્યુની ચકાસણી કરી. તા. ૭/૩/૧૯૮૭ નાં રોજ ફરી જયારે મોહનસિંહ ની તા. ૧૩/૩/૧૯૮૭ તથા ચિતારસિંહ ની તા. ૧૭/૬/૧૯૮૭ નાં રોજ ધરપકડ કરી.

---

[૩૧] **(AIR 1997 S.C. 2828), Criminal Appeal No. 84-1991**

**નિર્ણય તા. ૦૮-૦૫-૧૯૯૭**

આ કામમાં ખુન, ફરીયાદ પોલીસ તપાસ બધું એટલા ટૂંકા ગાળામાં થયેલ છે. કે જેથી આ ઘટનામાં કોઈ ખોટી વાતો ઘડી કાઢવાનો કોઈ અવકાશ રહેલ જ નથી. મૃત્યુનાં કારણો, પોસ્ટ મોર્ટમ રીપોર્ટ, હુમલો, આરોપીઓ, પુરાવાઓ, બધા જ એક બીજા સાથે સુસંગત છે. તેથી ખુન પુરવાર થવામાં કોઈ શંકા રહેવા પામેલ નથી. જેથી હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદામાં કોઈ ભૂલ કે ઉણપ જોવા મળતી નથી. જેથી આ કામમાં આરોપી અને કરવામાં આવેલી સજા કાયમ કરવામાં આવી હતે આરોપી દ્વારા કરવામાં આવેલી ફોજદારી અપીલ રદ કરવામાં આવી. આ કામમાં સેશન્સ કોર્ટે આરોપી શિવાનંદ ને ફાંસી અને મોહનસિંઘ અને ચિતારસિંઘ ને આજીવન કેદની સજા કરેલી. જે નામ હાઈકોર્ટ એ-૧ ની ફાંસીની સજાને આજીવન કેદમાં રૂપાંતરિત કરી અને બાકીનાં આરોપીની સજા કાયમ કરેલ હતી.[૧૨]

**(૩૨) શીવરામ અને અન્યો વી. સ્ટેટ ઓફ યુ.પી.[૩૨] ન્યાયમૂર્તિઓ : એમ. એમ. પુંછી અને એસ. પી. દરકુદર**

પ્રસ્તુત કેસની હકીકતો પરથી એમ કહી શકાય કે આરોપીઓ પોતાના ભાઈનાં ખૂનનો બદલો લેવાના હેતુથી નિર્દોષ લોકોની નિર્મમ હત્યા અને એ પણ શિરચ્છેદ કરીને કરવામાં આવી. એમ અનુમાન બાંધી કે જે લોકોની હત્યા કરવામાં આવી તે લોકોએ પોતાનાં દુશ્મનને રક્ષણ આપવા આશરો આપેલ અને તેઓને સંતાડી દીધેલા હતા.

આ કેસમાં વેર કોઈની સાથે અને બદલો નિર્દોષ લોકોની હત્યા અને એ પણ પારાથી સ્વરૂપની હત્યાઓ.

આ કેસમાં સંડોવાયેલા આરોપીઓ જે પારાવિકતાનું પ્રદર્શન કરેલ છે તે જોતા તેઓને ફરમાવવામાં આવેલી દેહાંતદંડની સજા ઉચિત છે. તેમ ફરમાવવામાં આવ્યું.

---

[૩૨] **(AIR 2813 S.C. 49), S.C. Criminal Appeal No. 721/24-1997, નિર્ણય તા. ૨૧-૧૦-૧૯૯૭**

**(૩૩) સ્ટેટ ઓફ યુ. પી. વી. અબ્દુલ અને અન્ય[૩૩], ન્યાયમૂર્તિઓ : એમ. કે. મુખરજી અને એમ. પી. કુરકુકર**

આ કેસમાં ખુનનાં ગુના સબબ સેશન્સ કોર્ટે ફરમાવેલી ફાંસીની સજા અને અન્યને આજીવન કેદની સજાને રદ કરી છોડી મૂકવામાં આવેલા. તમામ આરોપીઓ સામે સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરવામાં આવતા સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે હાઈકોર્ટે પ્રાથમિક પુરાવાઓને અવગણીને આશ્ચર્યકારક ભૂલ કરેલ છે. તેમજ ફોજદારી કાર્યવાહીનાં કાયદાની કલમ ૧૭૪ નું ખોટું અર્થઘટન કરેલ છે.

વધુમાં સર્વોચ્ચ અદાલતે હાઈકોર્ટનાં છોડી મૂકવાના હુકમને રદ કરતાં ઠરાવ્યું કે છોડી મૂક્યાને સાત- વર્ષ વીતીગયા છે. તો હવે સેશન્સ કોર્ટે કરેલી દેહાંતદંડની સજાને આજીવન કેદની સજામાં રૂપાંતરિત કરવામાં આવે છે અને સાથે સાથે સેશન્સ કોર્ટે તમામ આરોપીઓને કરેલ સજાનાં હુકમને કાયમ કરવામાં આવે છે.

---

[૩૩] **S.C. Criminal Appeal No. 1947/176-1990**

**નિર્ણય તા. ૦૫-૦૫-૧૯૯૭**

## (૩૪) રોની વી. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[૩૪] ન્યાયમૂર્તિઓ : એમ. કે. મુખરજી અને એસ. એસ. એમ. કાદરી

પ્રસ્તુત કેસની હકીકતો મુજબ પુનાની બેનર રોડ પર આવેલી નવી કોલોની વર્ષા પાર્ક સોસાયટીમાં એક રોહિણી બંગલામાં એક સુખી ઓહમ પરિવાર રહેતો હતો. જેના સભ્યોમાં મોહન ઓહમ એક મીકેનીક એન્જીનિયર, શ્રીમતિ સહી ઓહમ જેઓ પીએચ.ડી. હતી અને એમ.બી.એ. ભવનનાં અધ્યક્ષ તરીકે ફરજ બજાવી ચૂકેલા હતા, કુમારી રીના મોહન ઓહમ જે ડિપ્લોમાં ઈન હોટેલ મેનેજમેન્ટનો અભ્યાસ કરતી હતી, વિજય ઓહમ જે આસિ. કમીશ્નર રેવન્યુ તરીકે સેવા આપતા હતા.

આરોપીઓમાં નં. ૧ નીતીન અનિમ સ્વાર્ગે અને તેનાં મિત્રો આરોપી નં. ૨ રોની અને આરોપી નં. ૩ સન્તુ મુંબઈનાં રહેવાસી હતા. તેઓ તા. ૧૮/૭/૧૯૯૨ નાં રોજ પુના ગયેલા. એક નટરાજ હોટેલમાં ઉતરેલા. ત્યાર બાદ તેઓ બનાવના સ્થળે ગયેલા. જયાં રહેતા લોકોમાં એક તો તેઓનો મિત્ર હતો. અને તે સંબંધે તેઓએ ત્યાં રાત્રી રોકાણ કરેલ. બીજે દિવસે આ આરોપીઓ દ્વારા તે ઘરના લોકાનાં મૃત્યુ નીપજાવેલા અને શ્રીમતિ સરી ઓહેમ પર બળાત્કાર કરી અને તેને પણ મોતને ઘાટ ઉતારી દીધેલ.

આ કેસમાં ગુનો, ગુનામાં આરોપી અને ભોગ બનનાર વ્યક્તિઓ વચ્ચે સાંયોગિક પુરાવાઓને જોડતી કડીઓ એક બીજા સાથે ફીટ બેસતી હતી અને તે અનુસંધાને આરોપીઓ દ્વારા આચરવામાં આવેલ હીચકારી કૃત્યને ગુનો સાબિત ગણી, ખુન, બળાત્કાર, ચોરી, લુંટ વગેરે ગુનાઓ સબબ ત્યાંની સેશન કોર્ટે દ્વારા દેહાંતદંડની સજા ફટકારવામાં આવેલી. જેને હાઈકોર્ટ દ્વારા બહાલ રાખવામાં આવેલી.

---

[૩૪] **(AIR 1998 S.C. 1251), Criminal Appeal No. 1064/05-1997 નિર્ણય તા. ૦૫-૦૩-૧૯૯૮**

મામલો જયારે સર્વોચ્ચ અદાલતમાં પહોંચ્યો નામ સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે આરોપીઓ ૩૫, ૩૫, ૨૫ વર્ષના છે.

તેઓ બહુ નાના કે મોટા પણ નથી. તેઓની સુધરવાની સંભાવનાઓને નકારી શકાય નહીં. ત્રણેય આરોપીઓમાંથી કોણે આ ગુનામાં મહત્ત્વની ભૂમિકા ભજવેલ હતી તે કહી શકાય તેમ નથી અને કેસ જવલ્લેમાં જવલ્લે કેસની વ્યાખ્યાઓમાં આવે છે તે કહી શકાય તેમ નથી. આ સંજોગોમાં તમામને કરેલી ફાંસીની સજાને આજીવન કેદની સજામાં રૂપાંતરિત કરવાથી અંતિમ ન્યાયનો હેતુ જળવાઈ જશે અને એ રીતે ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવવામાં આવેલી.

**(૩૫) બ્રીજલાલ સિંહા વી. સ્ટેટ ઓફ બિહાર[૩૫], ન્યાયમૂર્તિઓ : એમ.કે. મુખર્જી અને જી. બી. પટનાયક**

આ કેસમાં આરોપી પોલીસ અધિકારી છે. જોણે ઝડપથી ચાલતા વાહન ચાલકનેગોળી દ્વારા કોઈપણ પ્રકારનાં બદઈરાદા વગર હત્યા કરી નાખી. એક રક્ષક જયારે ભક્ષક બને છે ત્યારે કોર્ટ કેવો અભિગમ લે છે તેનો આ ઉત્તમ દાખલો છે. આ કેસમાં આરોપી દ્વારા પોતાની જાતને બચાવવા માટે ઘણા જ કાવાદાવા કર્યા પરંતુ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો અહેવાલ તથા સાંયોગિક પૂરાવાના આધારે આરોપી ગુનેગાર સાબિત થયો. આ કામમાં પોલીસ આરોપી હોવાના કારણે તેને દેહાંતદંડની સજા કરવામાં આવી. પરંતુ આ કેસ જવલ્લેમાં જવલ્લે જ કેસની પરિભાષામાં ચાલતો ન હોય દેહાંતદંનડી સજાને આજીવન કેદની સજામાં ફેરવવામાં આવી.

---

[૩૫] **(AIR 1998 S.C. 2443) S.C. Criminal Appeal No. 149 wit 218, 249 & 280-282/1998, નિર્ણય તા. ૧૩-૦૭-૧૯૯૮**

**(૩૬) ગોવીન્દાસ્વામી વી. સ્ટેટ ઓફ તામીલનાડું[૩૬] ન્યાયમૂર્તિઓ : એમ. કે. મુખરજી અને એસ. એમ. કાદરી**

આ કામમાં ફરીયાદી પાસેથી રજૂ થયેલ કેસની હકીકત નીચે મુજબ છે. તા. ૩૦/૫/૧૯૮૪ નાં સવારનાં ૭ વાગ્યે સોન્દરમ કોન્ડાયાપાલન ગામનો રહેવાસી. જયાં નાગમલઇ અને અપીલ કરનારો પણ રહેતા હતા. દુધ લેવા માટે ઘરે ગયા તેણીએ તેનાં પત્ની અને બે બાળકોને મૃત હાલતમાં પડેલા જોયા તેણી તુરંત જ પાછો આવીને તેનાં પતિને વાત કરી તરત જ નાગામલઇનાં ઘરે ગયો.

આ કામમાં આરોપી દ્વારા કરવામાં આવેલા પાંચ ખુન પાછળ મુખ્ય કારણ જમીનની સીમા વિવાદ હતું. તે વખતે તેઓની વચ્ચે એક દિવસ પહેલા ઝઘડો પણ થયેલો હતો. ઘટના સ્થળેથી પ્રાપ્ત થયેલ કાંડા ઘડિયાળ, ત્યાર બાદ લોહીનાં ડાઘાવાળાં કપડાં, જે હથીયાર વડે ખુન થયેલા તેનાં પરનાં લોહીની તપાસ વગેરે તમામ પુરાવાઓ અને સંજોગોમાં આરોપી અને બનાવ વચ્ચેની કડીઓને એકબીજા સાથે સુસંગત રીતે જોડતા હતા. અને ખૂનનો ગુનો નિઃશંક પૂરવાર કરતા હતા. આરોપીએ કરેલ ગુનો પુરવાર થતો હતો અને તેને કરવામાં આવેલી ફાંસીની સજા અંગે જસ્ટીસ મુખરજીનાં મતે આરોપી દ્વારા કરવામાં આવેલા પાંચ પાંચ ખૂનથી આ કેસ જવલ્લેમાં જવલ્લે જ કેસની વ્યાખ્યામાં આવી જતો નથી. તેમણે શામશુલ કંબર વિ. સ્ટેટ ઓફ યુ. પી. એ.આઇ.આર. ૧૯૯૫ એસ.સી. ૧૭૪૮ નાં ચુકાદા આધાર લેતા જણાવ્યું કે સદરહુ કેસમાં કોર્ટે ઠરાવેલું કે મોટી સંખ્યામાં થયેલા ખૂન-મૃત્યુ જવલ્લેમાં જવલ્લેજ કેસની કેટેગરીનું કારણ બની જતું નથી. ત્યાર બાદ ઉચ્ચ અદાલતે બચ્ચનસિંઘ વિ. સ્ટેટ ઓફ પંજાબ એ.આઇ.આર. ૧૯૮૦ એસ.સી. ૮૯૮ નાં ચૂકાદામાં સ્થાપિત થયેલા સિદ્ધાંતોનો આધાર લેતા

---

[૩૬] **(AIR 1998 S.C. ૨૮૮૯), Criminal Appeal No. 700-1997 નિર્ણય તા. ૨૨-૦૪-૧૯૯૮**

ઠરાવ્યું કે આ કામમાં આરોપી દ્વારા કરવામાં આવેલી કૃર હત્યામાં ઓછી સજા કરવામાં આવશે તો તે કૃત્ય ન્યાયની હાંસી ઉડાડવા બરાબર થશે. આ દેશનાં લોકો આપણી ન્યાય પ્રથા પર શંકાની નજરે જોશે. સામાન્ય માણસ અદાલતમાં વિશ્વાસ ગુમાવી બેસશે. આ સંજોગોમાં આરોપીને કરવામાં આવેલી દેહાંતદંડની સજા ઉચિત જ છે. તેમ ઠરાવી સજા કાયમ કરવામાં આવી.

**(૩૭) રામજીરાય અને અન્યો વી. સ્ટેટ ઓફ બિહાર, ન્યાયમૂર્તિઓ :**

પ્રસ્તુત કેસમાં આરોપીઓ દ્વારા એક ગેરકાયદેસર મંડળીઓ અને એકથી વધુ વ્યક્તિઓનાં ખૂન કરવાનાં આરોપ સબબ સેશન્સ કોર્ટે ફાંસીની સજાનો હુકમ કરેલ. જેની સામે હાઈકોર્ટે ફાંસીની સજાનો હુકમ રદ કર્યો. આ કામમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે હાઈકોર્ટ દ્વારા ટ્રાયલ કોર્ટનાં હુકમને રદ કરવા અંગેના કારણો દર્શાવતા જોઈતા હતા. વધુમાં ટ્રાયલ કોર્ટ દ્વારા રાખવામાં આવેલો નિર્ણય વાસ્તવિક પાયા કરતા તત્વજ્ઞાન પ્રેરિત હોય તેમ જાણાય છે અને આ કેસ જવલ્લેમાં જવલ્લે જ બનતા કેસની પરિભાષામાં આવતો ન હોઈ ફાંસીની સજાના હુકમને આજીવન કેદની સજામાં રૂપાંતરિત કરવામાં આવ્યો.

**(AIR 1999 S.C. 3857), S.C. Criminal Appeal No. 1817/ 19/1996, નિર્ણય તા. ૧૩-૧૦-૧૯૯૯**

**(૩૮) ધર્મેન્દ્રસિંહ અને અન્યો વી. સ્ટેટ ઓફ યુ.પી.[૩૮] ન્યાયમૂર્તિઓ : એસ.એસ. એમ. કાદરી અને એન. સંતોષ હેગડે**

આ કેસમાં હાઈકોર્ટે આરોપી ત્રણ વર્ષથી ફાંસી ખોલીમાં હોવાના કારણ સબબ તેને થયેલી દેહાંતદંડની સજાને આજીવન કેદની સજામાં બદલી નાખવાનો હુકમ કરેલ. અલબત એ બાબતમાં સત્ય એ છે કે લાંબાગાળાની ટ્રાયલ તથા દેહાંતદંડની અમલવારીમાં ગેરવ્યાજબી ઢીલ દેહાંતદંડની સજાને આજીવન કેદની સજામાં ફેરવવી જોઈએ પરંતુ સવોચ્ચ અદાલતે આવી પરિસ્થિતિને કાયદાનાં સિદ્ધાંત તરીકે સ્થાપિત કરવામાં ગંભીર ક્ષતિ સમાન ગણાશે. તેમ ઠરાવ્યું હતું અને જો ઉચ્ચ અદાલતે દર્શાવેલા અભિપ્રાયનો સ્વીકાર કરવામાં આવે તો વ્યવહારમાં કોઈપણ ખૂન કેસમાં આરોપીને કયારેય દેહાંતદંડની સજા થઈ શકશે જ નહીં. કારણ કે આખા દેશમાં ખૂનની ટ્રાયલ તથા દેહાંતદંડની સજાને કાયમ રાખવાનો નિર્ણય જાહેર થતાં પ્રક્રિયાત્મક રીતે જ ત્રણ વર્ષ કરતાં તો વધારે ઢીલ થવાની જ છે. તેથી હાઈકોર્ટમાં આ કારણ સબબ સજા ઘટાડવાનો નિર્ણય સ્વીકારી શકાય નહીં.

---

[૩૮] **(AIR 1999 S.C. 3789), S.C. Criminal Appeal No. 984-985 arising out of S.L.P. (Cri) No. 3137-58/1999, નિર્ણય તા. ૨૧-૦૯-૧૯૯૯**

**(૩૯) કિશોર વી. સ્ટેટ ઓફ દિલ્હીના[૩૯] કેસમાં માનનીય નામદાર ન્યાયમૂર્તિઓ જી. ટી. નાણાવટી અને રાજેન્દ્રબાબુઓએ**

તત્કાલીન વડાપ્રધાન શ્રીમતિ ઈન્દિરાગાંધીની હત્યા બાદ ફાટી નીકળેલા તોફાનોનાં ટોળામાં રહેલ આરોપીઓ દ્વારા નિર્દોષ વ્યક્તિઓને મારી નાખવાના, લૂંટ કરવાનાં ગુનામાં થયેલ દેહાંતદંડની સજાને આજીવન કેદમાં પરિવર્તીત કરતા સર્વોચ્ચ અદાલતનાં ચુકાદામાં ઠરાવ્યું હતું કે દેહાંતદંડની સજા એ અપવાદ છે. નિયમ નથી. જવલ્લે જ કરી શકાય તેવી સજા છે અને તે માટે આરોપી ગુનેગાર ગુનાહિત ભૂતકાળ ધરાવતો હોવો જોઈએ અને સમાજમાં તેનું જીવંત અસ્તિત્વ જોખમરૂપ હોય અને તેનાં નિર્દોષ વ્યક્તિઓને મારી નાખવાનાં કૃત્યની પિશાચતાને ધ્યાન ઉપર લેવાની રહે છે. આ કિસ્સામાં ગુનેગારની માનસિકતાનો અભ્યાસીઓનાં તારણો જણાવે છે કે ટોળામાં સામાન્ય માણસ પણ પોતાની જવાબદારીનું ભાન ભૂલે છે અને ન કરવાનું કરી બેસે છે. આ એક ક્ષણિક આવેશ, ટોળાની માનસિકતા છે. તેની પાછળ કોઈ ગુનાહિત માનસ પણ હોતું નથી. તેથી આવા કિસ્સાઓમાં દેહાંતદંડની સજા ઉચિત નથી.

---

[૩૯] **AIR 1999 SC 382**

**(૪૦) જયકુમાર વી. સ્ટેટ ઓફ એમ. પી.[૪૦] ન્યાયમૂર્તિઓ : ડૉ. એસ. એસ. આનંદ (મુખ્ય ન્યાયમૂર્તિ) એમ. શ્રી નિવાસન અને યુ. સી. બેનરજી**

આ કેસમાં આરોપી ૨૨ વર્ષની ઉંમરનો હતો જે ગર્ભવતી મહિલાનાં ઘરમાં ઘુસી જઇ તેનો શિરચ્છેદ કરી તેની આઠ વર્ષની બાળકીને જંગલમાં લઇ જઇ મહુવા મહારાજ સમક્ષ બલી ચઢાવી, મારી નાખી, જંગલમાં જ દાટી દીધી. ત્યાર બાદ ફરી તે આરોપી મરનાર સ્ત્રીનાં ઘેર આવી તેને જંગલમાં લઇ જઇ તેણીનાં ધડથી છૂટા પડેલા માથાને ઝાડની ડાળીએ માથાના વાળ વડે લટકાવી દીધેલ અને ધડને જાડનાં થડ પાસે મૂકી દીધું આ રીતે પાશવી રીતે જવલ્લે ખૂન કરનાર આરોપીને દેહાંતદંડની સજા ઉચિત ઠરાવતા સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે આરોપીની ૨૨ વર્ષની ઉંમર તેની ઉપર દયા ખાવા માટે પર્યાપ્ત નથી. ગુનાની ગંભીરતાને અને પાશવી અત્યાચારને ધ્યાને લેતા તેને કરવામાં આવેલી દેહાંતદંડની સજામાં કોઇ પણ પ્રકાર માથુ મારવા જેવું નથી.

---

[૪૦] **(AIR 1999 SC 1960)**

**(૪૧) મોલાઈ અને અન્યો વી. સ્ટેટ ઓફ એમ.પી.[૪૧] ન્યાયમૂર્તિઓ : એસ. પી. દૂરદૂકર, કે. ટી. થોમસ અને સંતોષ હેગડે**

આ કેસનાં ગુનેગારો દ્વારા એક સગીરબાળા કે જે પોતાના ઘરમાં એકલી પરીક્ષાની તૈયારીનાં ભાગરૂપે વાંચતી હતી તેની એકલતાનો ગેરલાભ લઈ તેનાં ઉપર બળાત્કાર કરી તેને મારી નાખવામાં આવી. તેનાં મૃતદેહને સેફ્ટી ટેંકમાં નાખી દેવામાં આવ્યો. આમ ગુનાહિત કૃત્યનો ભોગ બનેલ સગીર બાળાનાં મૃતદેહ સાથે અમાનવીય વ્યવહાર કર્યો. આ સંજોગોમાં ગુનેગારોને કરવામાં આવેલી દેહાંદંડની સજા સંપૂણપણે વ્યાજબી અને ઉચિત જ છે. તેમાં ફેરફારને કોઈ અવકાશ જ નથી. તેમ નામ સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું.

---

[૪૧] **(AIR 2000 SC 177)**

**(૪૨) સુભાષચંદ્ર વી. દિષનલાલ તથા અન્યો[૪૨] ન્યાયમૂર્તિઓ : કે. ટી. થોમસ અને આર. પી. શેઠી**

આ કેમાં સંકળાયેલા આઠ ગુનેગારોને નિર્દોષ છોડી મૂકવામાં સેશન્સ કોર્ટના આદેશને કારણે બાકીનાને દેહાંતદંડની સજાને આજીવન કેદમાં રૂપાંતરિત કરવામાં નામ. હાઈકોર્ટનો ચુકાદા વ્યાજબી જાણાતો નથી. તેમ છતાં દેહાંતદંડની સજા જયારે હાઈકોર્ટ જે આજીવન કેદમાં રૂપાંતરિત કરી છે તેને તેમાં સર્વોચ્ચ અદાલતે ચંચૂપાત કરવાનું ટાળ્યું અને આજીવન કેદની સજા કાયમ રાખી.

---

[૪૨] **(AIR 2001 SC 1903)**

**(૪૩) સ્ટેટ ઓફ ગુજરાત વી. ધર્મેન્દ્રસિંહ, માનસિંહ, રતનસિંહ મકવાણા[૪૩] ન્યાયમૂર્તિઓ : બી. સી. પટેલ અને એ. એલ. દવે**

આ કેસમાં પિતા દ્વારા બે પુત્રો જેઓની ઉંમર અનુક્રમે ૧૧ વર્ષ અને ૬ વર્ષની હતી. તેઓની હત્યા કરવામાં આવી. તેઓની માતાનું નામ આશાબેન છે. તેઓનો વાંક એટલો જ હતો કે તેનાં પિતા તેઓની સાથે અને તેમની માતાની સાથે ખરાબ વર્તન કરે છે. જો સબબની જાણ-ફરીયાદ તેઓએ તેમના દાદા-દાદી તેમજ અન્ય સગા સંબંધીને કરેલ હતી. ફક્ત આ હકીકતથી ઉશ્કેરાઈને નરાધમ પિતાએ ખેતીમાં વપરાતાં ઓજારો વડે પુત્રોને રહેંસી નાખ્યા. આ સમયે તેઓની માતા ડેરીમાં દૂધ લેવા ગઈ હતી. ઘરે બાળકો સુતા હતા. એકાંતનો આ રીતે ઠંડા કલેજે ગેરલાભ લેવામાં આવ્યો.

માતા પરત ફરી ત્યારે તેનાં પતિનાં હિચકારી કૃત્યને જોઈ અવાચક બની ગઈ હતી. તેણી આ ઘટનાની નજરે જોનાર સાક્ષી હતી. આરોપીનાં આવા હિંસક કૃત્ય સબબ કોર્ટે ફટકારેલી ફાંસીની સજાને કાયમ રાખવામાં આવી.

---

[૪૩] **(2001(3) GLR 2593) Criminal Appeal No. 500-2000**

**નિર્ણય તા. ૩-૦૫/૧૦-/૦૭/૨૦૦૨**

**(૪૪) (૧) મીઠુ વી. સ્ટેટ ઓફ પંજાબ અને યુનિયન ઓફ ઈન્ડિયા (૨) મુનવરશાહ વી. સ્ટેટ ઓફ મહારાષ્ટ[૪૪] (૩) જાવેદ અહમદ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ન્યાયમૂર્તિઓ : વાય. વી. ચંદ્રચુડ, એસ. મુર્તઝા ફઝલઅલી, વી. ડી. તુલજાપુરકર, ઓ. ચીનપ્પા રેડી અને એ. વરદરાજન**

પ્રસ્તુત કેસમાં બંધારણનાં અનુચ્છેદ ૧૪ અને અનુ. ૨૧ સંદર્ભે આઈ.પી.સી. ની કલમ ૩૦૩ એ ગેરબંધારણીય છે તે મુજબ મુદ્દો હતો.

ભારતીય ફોજદારી ધારો ૧૮૬૦ ની કલમ ૩૦૩ ની જોગવાઈ પ્રમાણે આજીવન કેદની સજા પામેલ કેદીએ કરેલ ખુન માટે ફાંસીની સજાની પાછળનો હેતુ કેદીઓ દ્વારા જેલ સ્ટાફ તથા કેદીઓ પર થતા હુમલાને ટાળવાનો હતો.

આજીવન કેદની સજામાં કેદીઓ માટે એક એવી પૂર્વધારણા પણ પ્રચલિત હતી કે તેઓ માનવ જાતની જોખમી ઉત્પત્તીઓ છે. જેને નિયંત્રણમાં રાખવી પણ આવશ્યક છે. જે અંગે વૈજ્ઞાનિક સંશોધનો તે પૂર્વધારણાને ખોટી પાડે છે.

અગત્યની બાબત જે નોંધનીય છે. તે એ કે કલમ ૩૦૩ આવા કિસ્સાઓ માટે અદાલતોની વિવેકબુદ્ધિની સત્તાઓને બાકાત રાખે છે. અર્થાત આજીવન કેદની સજા પામેલા દ્વારા જો ખૂન થાય તો ફાંસીની સજાનો કોઈ વિકલ્પ બચતો જ નથી.

પ્રવર્તમાન અસ્તિત્વમાં આવેલા નવા વિધિમિમાંસામાં આવા પ્રકારના મનોવલણોને બદલવાનો અનુરોધ કરે છે. કારણ કે કાયદાની જોગવાઈઓનાં અર્થઘટન અને કેસની હકીકતો પરત્વે ન્યાયીક માનસ લાગુ પાડવાથી બાકાત કરતી

---

[૪૪] **(AIR 1983 S.C. 473), Criminal Appeal No. 745/1980 Write Pek. (Cr) No. 529/1980, 368/81 SLP (Cr). No. 2744/1980 Etc. નિર્ણય તા. ૨૪-૦૪-૨૦૦૨**

જોગવાઈઓ હરહંમેશ ગેરવ્યાજબી અન્યાયી અને બીનજરૂરી પૂરવાર થઈ શકે છે. અને આવા કાયદા કે તેની જોગવાઈઓ મનસ્વી અને માનવજાત માટે કલંકિત ગણી તેને રદ કરવી જોઈએ.

ભારતીય બંધારણમાં અનુચ્છેદ ૧૪ કાયદા સમક્ષની સમાનતા તેમજ કાયદાને સમાન રક્ષણ તથા અનુ. ૨૧ ની જોગવાઈ પ્રમાણે કોઈપણ વ્યક્તિની જીંદગી કાયદાની ઉચિત પ્રક્રિયાના અનુસરણ વગર છીનવી શકાય નહીં. અહીં ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૦૩ વિસંગતતાઓ સર્જે છે.

જસ્ટીસ ચેનપ્પા રેડ્ડીએ મુખ્ય ન્યાયમૂર્તિ સાથે સહમત થતા ઠરાવ્યું કે આઈ.પી.સી.ની કલમ ૩૦૩ ગેરબંધારણીય હોવાના કારણ સબબ રદ્દ કરવી જોઈએ.

ડીસેમ્બર ૧૧, અને ૧૯૭૨ ના રોજ રાજ્યસભામાં ભારતીય ફોજદારી ધારો ૧૮૬૦ માં સુધારાણાઓ માટેની ભલામણમાંની એક ભલામણ એ પણ હતી કે કલમ ૩૦૩ અને કલમ ૩૦૩ બંને હેઠળની અલગ અલગ સજાની જોગવાઈઓ એક જ કલમ હેઠળ આવરી લેવી જોઈએ.

**(૪૫)સુરેન્દ્રપાલ શીવલાલકપાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના[૪૫] કેસમાં સર્વોચ્ચ અદાલત માનનીય નામદાર ન્યાયમૂર્તિઓ સર્વશ્રી કે. જી. બાલકૃષ્ણન અને ડૉ. એ. આર. લક્ષ્મણ સાહેબે**

આ કામના આરોપીએ સગીર બાળાનું અપહરણ કરી તેના પર બળાત્કાર ગુજારી તેની હત્યા કરેલ હતી. સેશન્સ કોર્ટે તેને દેહાંતદંડની સજા કરેલ જે નામ ઉચ્ચ અદાલતે કાયમ કરી પરંતુ સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે ગુનેગાર સમાજ માટે ભવિષ્યમાં જીવિત રહેશે તો શાપરૂપ સાબિત થશે તેવું ફરીયાદ સ્થાપિત કર્યું નથી. તથા એવી હકીકત પણ કોર્ટ સમક્ષ આવેલ નથી કે એવા તારણ પર આવી શકાય જેથી સદરહુ કેસ જવલ્લેમાં જવલ્લે જ કેસની વ્યાખ્યામાં આવતો ન હોય દેહાંતદંડની સજાને આજીવન કારાવાસમાં રૂપાંતરિત કરી.

---

[૪૫] **(2004(3) GLR 2468)**

**(૪૬)હોલીરામ બોરડોબોઈ વિ. સ્ટેટ ઓફ આસામ[૪૬], માનનીય ન્યાયમૂર્તિઓ સર્વશ્રી કે. જી. બાલક્રિષ્નન અને બી. એન. શ્રી ક્રિષ્ના**

પ્રસ્તુત કેસની હકિકતો અનુસાર અપીલ કરનાર તથા અન્ય સત્તર તહોમતદારોએ વિવિધ હથીયારો સાથે ગુજરનારાઓની ઝુંપડી આવી ઝુંપડીનો દરવાજો બહારથી બાંધી બંધ કરી અને ઝુંપડીને આગ લગાવી જેમાં ફરિયાદ પક્ષનાં સાહેદ નં. ૧ કે જેઓ ગુજરનારની પત્નિ તથા ફરિયાદ પક્ષાં સાહેદ નં. ૨ થોડી ઘણી ઈજાઓ સાથે બહાર આવી ગયા અને તેણીનો પતિ તથા છ વર્ષનો માસુમ પુત્ર ઘટના સ્થળે જ બળીને ગુજરી ગયા. ત્રીજો ગુજરનાર કે જે ભાગતો પકડાતા તેને કાપીને કટકા કરી ધોળે દિવસે આસપાસ રહેતા લોકોની સામે મારી નાંખવામાં આવ્યા. ઉપર્યુક્ત ક્રુર તથા ઘાતકી કૃત્યો સવારનાં ૯.૩૦ થી ૧૧.૦૦ વચ્ચેનાં સમયગાળામાં તમામ વ્યક્તિઓની હાજરીમાં જાણીબુઝીને કરવામાં આવી.

પ્રસ્તુત કેસની હકીકતો તપાસતા માલુમ પડે છે કે આ ક્રૂર અને પાશવી હત્યા એ ઠંડા કલેજે આયોજન સામે કરવામાં આવેલી. ઠંડા કલેજે હત્યા છે. આરોપીએ ગેંગનો નેતા હતો. જે વ્યક્તિઓ ગુનાનો ભોગ બનેલ હતા. તેઓએ ગુનાની ઉશ્કેરણી માટે કોઈ જ કૃત્ય કરેલ ન હતું. તથા તેમાં તેઓની કોઈ ભાગીદારી પણ ન હતી. બે વ્યક્તિઓએ ઝુંપડામાં બહારથી બંધ કરીને સળગાવીને મારી નાંખવામાં આવ્યા હતા. જેમાંનોએક તો છ વર્ષનો માસુમ પુત્ર હતો. આ બાળક કોઈ પણ રીતે સળગતા ઝુંપડીમાંથી બહાર આવ્યો તો તેને પકડીને પાછો સળગતા ઝુંપડામાં ફેંકી સળગાવી મારી નાંખવામાં આવ્યો. આ હિચકાસ કૃત્ય દિવસનાં તમામ લોકોની હાજરીમાં જ કરવામાં આવ્યું. ત્રીજી વ્યક્તિને જાહેરમાં જ કાપીને કટકા કરી મારી નાંખવામાં આવ્યો. ઉપર્યુક્ત તમામ લોકોની હાજરીમાં

---

[૪૬] **(2005(2) Crimes 63 (SC) Cr. Appeal Nol 1063/ 2004**
**નિર્ણય તારીખ : ૮.૪.૨૦૦૫**

લોકોનાં મન પર ભય ઉત્પન્ન કરવાનાં આશયથી જ કરવામાં આવી. આવા પ્રકરનાં હીચકાર, અમાનવીય, પાશવી હત્યાઓ ગુનેગારોએ કોઈ પ્રકારનાં બદલા લેવાના આશયથી પણ કરી ન હતી.

ઉપરોક્ત તમામ પરિસ્થિતિએ નામ સેશન અદાલતે આરોપીને દેહાંતદંડની સજા કરી. જેને નામ. ગૌહાટી હાઈકોર્ટ દ્વારા બહાલ રાખવામાં આવી અને જયારે આ મામલો સર્વોચ્ચ અદાલત પાસે આવ્યો ત્યારે કેસની હકીકતોની ચકાસણી કરવામાં આવી. પ્રસ્તુત કેસની હકીકતો પરથી જે જવલ્લેમાં જવલ્લે જ બનતા કેસની વ્યાખ્યામાં આવે છે કે નહીં તથા સર્વોચ્ચ અદાલતે આપેલા અગાઉનાં ચૂકાદાઓ જેવા કે બચ્ચનસિંહ વિ. સ્ટેટ ઓફ પંજાબ (૧૯૮૦)૨ એસ.સી.સી. ૬૮૪, અશોકકુમાર પાંડે વિ. સ્ટેટ ઓફ દિલ્હી (૨૦૦૨) ૪ એસ.સી.સી. ૭૬ રામપાલ વિ. સ્ટેટ ઓફ યુ.પી. (૨૦૦૩) ૭ એસ.સી.સી. ૧૪૧, રામ અનુપસિંઘ વિ. સ્ટેટ ઓફ બિહાર (૨૦૦૨) ૭ એસ.સી.સી. ૧૪૧, રામ અનુપસિંઘ વિ. સ્ટેટ ઓફ બિહાર (૨૦૦૨) ૬ એ.સી. ૬૮૬ ને રીફર કરવામાં આવ્યા. તમામ કાનુની તેમજ હકીકતોનાં મુદ્દાઓ સરખાવવામાં આવ્યા અને નામ. સર્વોચ્ચ અદાલત નીચે મુજબનાં તારણ પર આવી.

આ કેસમાં કયાંય મજકૂર આરોપી દ્વારા બદલો લેવા આવી અમાનવીય પાશવી હત્યા કરવામાં આવી છે. એવું ફલિત થતું નથી. ઠંડા કલેજે કરવામાં આવેલી નિર્દોષ લોકોની ક્રૂર અને નિર્મમ હત્યાઓ છે. જે લોકો ભોગ બન્યા છે. તેઓએ ગુનાની ઉશ્કેરણી જનક કોઈ કૃત્ય કરેલ નથી કે તેમાં તેની કોઈ આગવી ભૂમિકા પણ નથી. આરોપી નોકરી કરતો હોય અને તે એક એવા વર્ગમાંથી આવે છે જેમાંથી જુજ લોકોને જ નોકરીની તક મળતી હોય છે. આવી નોકરીની તમામ તકનો સામનો તેણે સદ્ઉપયોગ કર્યો કે ન તો તે આદર્શ કર્મચારી બન્યો તેને બદલે એક ગુંડાગીરી માટેની ગેંગ બનાવી તેનો નેતા બની બેઠો અને ગુનાહિત કૃત્યો

કરવા, સમાજમાં ધાક બેસાડવી, નિર્દોષ લોકોની હત્યા કરવા જેવા પાશવી કૃત્યો કરવા લાગ્યો.

આવી વ્યક્તિઓ સમાજને માટે જોખમરૂપ હોય છે. તેને જીવતા રહેવાનો કોઈ જ હક્ક હોતો નથી. તેથી તેને કરવામાં આવેલી દેહાંતદંડની સજા યોગ્ય જ છે. સેશન અદાલત તેમજ ઉચ્ચ અદાલત દ્વારા કરવામાં આવેલી સજામાં ફેરફાર કરવા જેવું કાંઈ જણાતું ન હોઈ તેની અપીલ ખારીજ કરવામાં આવી અને દેહાંતદંડની સજા સામે આપવામાં આવેલો વચગાળાનો મનાઈ હુકમ ઊઠાવી લેવામાં આવ્યો.

# પ્રકરણ : ૬
# સામાજિક પરિપ્રેક્ષ્ય

દેહાંદતંડની જોગવાઈ હોવા છતાં સમાજમાં ખૂન વગેરે ગુનાઓ ઘટયા નથી કારણ કે આવા ગુનેગારોનો યોગ્ય ઉછેર થયો નથી અથવા તેને માનવતાની શાળામાં જ્ઞાન અપાયું નથી કે તેને માનવજીવનનું મૂલ્ય સમજાવાયેલુ નથી પરિણામે તેઓ એવી પરિસ્થિતિમાં મૂકાયેલા હોય છે કે તેમને માટે કાયદાનો ભંગ કર્યા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી.

ગમે તેવો રીઢો ગુનેગાર હોય તો પણ તે ખૂન કરતા પહેલા એક વાર વિચાર કરશે જ, કારણ કે તેનું કૃત્ય મૂળભૂત રીતે નૈતિક નથી અને લોકો તેને ઘાતકી ગણે છે. તેથી જ તે સામાન્ય રીતે આવું કૃત્ય કરવા ઈચ્છતો નથી આ રીતે જો વ્યકિતનો અંતરાત્મા જાગૃત કરવામાં આવે તો આ બાબત તેને ગુનો કરતા અટકાવે છે.[1]

એવી દલીલ કરવામાં આવે છે કે લોકો કાયદામાં વિશ્વાસ ધરાવે છે અને પરિણામે તે નૈતિકતાથી જીવે છે. લોકો ગુનો કરવાનું પરિણામ જાણે છે છતાં પણ આવી અસર કે ડર એવા વર્ગને થતી નથી જે વ્યવસ્થિત ગેંગ રચી અને ગુનો કરતો હોય છે.

પ્રો. કેનીના મત મુજબ કડક સજાનાં કારણે ખોટું કરનાર ગુનો કરતા અટકે છે પરંતુ ગાંડી વ્યકિત અથવા પ્રમાણિક રીતે ભૂલ કરનાર આવી સજામાંથી મુકત છે, તે બાબતનો ફાયદો પણ ઘણા લોકો ઉઠાવતા હોય છે.[2]

પરિણામે દેહાંતદંડને દૂર કરવાથી તેની ધારી અસર સમાજ પર ન થાય.

---

૧. કામાનાન્ય નીતિ સાર ૧૮-૮૯ કામાનંદ કૌટીલ્ય અર્થશાસ્ત્રના વિવેચક

૨. કેની. ''આઉટલાઈન્સ ઓફ ક્રિમીનલ લો'' (૧૯૫૨) પા. ૩૨

મોતની સજાના ડરથી ગુના ઘટે છે. તેવા મતની સામે ઉદાહરણરૂપ કેટલાક દેશોમાં મોતની સજા કાઢી નાખ્યા પછી ગુનાનું પ્રમાણ વધવા પામ્યું નથી. અમેરિકાના જે રાજ્યોમાં મૃત્યુદંડ છે અને જ્યાં નથી ત્યાં માનવ વર્ગના ગુનાઓમાં ફરક પડેલ નથી.[૩]

ક્રિમીનોલોજીની હકારાત્મક સ્કુલોએ દેહાંતદંડના સિદ્ધાંતને ખોટો ઠરાવ્યો છે. ગુનાહિત વર્તણૂંકનું મૂળ કયાં છે. તે શોધી અને વૈજ્ઞાનિક રીતે કાર્યક્રમો બનાવી ગુનાને ઘટાડવા જોઈએ. અમેરિકા અને ઈંગ્લેન્ડમાં ભૂતકાળમાં જાહેરમાં દેહાંતદંડ અપાતો, છતાં પણ ત્યાં તેની ધારી અસર સમાજ પર જોવા મળેલી નહિ. તેટલું જ નહિ, પણ મનોરંજન કાર્યક્રમને માણવા આવતા હોય તેવી ઉત્કંઠાથી લોકો ગુનેગારની તડપ અને દશા જોવા આવતા.[૪]

ભારતમાં ૧૮૫૦માં જાહેરમાં દેહાંત દંડનો કિસ્સો નોંધાયેલો છે. તે દિવસ વાદળી હતો, થોડો થોડો વરસાદ આવતો હતો, આમ છતાં લોકો ટ્રેઈનમાં, ઘોડા પર વગેરે સાધનોમાં ઉત્સુકતાથી જોવા આવતા હતા. ફાંસીનો ગાળીયો બનાવેલો, શેરીઓ ખીચોખીચ ભરાઈ ગયેલી. મુખ્ય વાત એ હતી કે પોતાના વાહનોમાં મુસાફરી કરાવનારને આમા સૌથી વધારે રસ હતો.[૫]

## ૬.૧ વિશ્વનાં અન્યદેશોમાં પ્રવર્તતી સામાજિક પરિસ્થિતિ :

ઈંગ્લેન્ડમાં ૧૮ મી સદીમાં જાહેરમાં ફાસી અપાતા સ્થળે ભીડને કારણે ખીસ્સા કપાયાના ખૂબ બનાવો બનતા.[૬]

---

૩. સાધર લેન્ડ, સુપ્રા., પાના નં. ૨૯૩.

૪. ''ધ ડીટરન્સ કન્સેપ્ટ ઓફ ક્રિમીનોલોજી એન્ડ લો'' જે ક્રિમી. લો. વોલ્યુમ ૪૬ નં. ૩, પાના નં. ૩૩૭-૩૫૫

૫. મર્ડર ટ્રાયલ એચ. પી. ગુપ્તા અશોક લો હાઉસ, પાના નં. ૧૩

૬. બ્રેસ, હેરી એલ્પર એન્ડ ટીટર્સ, ન્યુ હોરિઝન ઈન ક્રિમીનોલોજી, (૩-આવૃત્તિ) પાના નં. ૩૦૬-૩૦૭

એક આવા જ કિસ્સામાં ૨૧ જૂન ૧૮૭૭ માં પેન્સીલ્વેનીયામાં ખૂન માટે ૧૦ વ્યકિતઓને ફાંસી અપાઇ તે અંગે ન્યુયોર્ક હેરલ્ડ નામના અખબારે તંત્રી લેખમાં જણાવેલ કે ગુનેગારને ફાંસી આપ્યા બાદ તેના બે સાક્ષીઓને બીજી જ રાત્રે તેમના ખૂન કરવા માટે આવેલા તેમજ બે અઠવાડીયાની અંદર પાંચ પ્રોસીકયુટર્સને આ જ રીતે મારેલા.[૭]

ઈગ્લેન્ડમાં તાઈબર્નમાં ન્યુગેટ જેલથી એક માઈલ દૂર ગુનેગારોને સરઘસમાં લઈ જઈને લોકો ત્યાં સરઘસ આકારે જતાં અને તેને મૃત્યુની રમત તરીકે ઉજવતા લોકો ફાંસીના સમયે વહેલા સવારે એકઠા થઇ જતાં આમ છતાં આવી સજાની જે અસર થવી જોઈએ તે થતી નહિં.[૮]

યુરોપમાં આખરે જાહેરમાં દેહાંતદંડની સજા બંધ કરવામાં આવી ઘણા દેશોમાં આ સજા રદ થઈ છે પરંતુ તેના બદલે બીજી કોઈ સજા આપી શકાય. માત્ર બંધનમાં રાખવાથી તે કદાચ વધુ હળવી ગણાશે. તેથી દહાંત દંડનો કોઈ વિકલ્પ પ્રાપ્ય ન હોવાથી દેહાંતદંડ એક માત્ર ઉપાય રહયો છે.

દુનિયાના વિવિધ સમાજોમાં ગુના વિવિધ પ્રકારના દેહાંતદંડને યોગ્ય ગણાતાં નજર નાખીએ તો -

હ્યુયમનાં મત મુજબ ૬૨,૦૦૦ નાના મોટા ચોરને ઈગ્લેન્ડમાં હેનરી-આઠમાના સમય દરમિયાન દેહાંતદંડ અપાયેલો.[૯]

ઇ.સ. ૧૫૩૩ માં ૨૭ પ્રોટેસ્ટંટને દેહાંતદંડ આપેલો કારણ કે તેઓ હેનરી આઠમાને ચર્ચનો વડો માનતા ન હતા.

ધ ન્યુરેમબર્ગ મેઈલ ફેકટર્સનાં પુસ્તકમાં દરજીને તેની માને ગુંગળાવી મારવા બદલ તેલમાં ઉકાળ્યાનો ઉલ્લેખ છે.

---

૭. એડીવીન વેલેન્ટાઇન ત્રિચેલ ન્યુગેટ કેલેન્ડર, પૃ. ૫
૮. ક્રાઈમ પ્રોબ્લેમ - વોલ્ટર રેકલેસ પાના ૫૨
૯. મર્ડર ટ્રાયલ એચ. પી. ગુપ્તા અશોક લો હાઉસ, પાના નં. ૧૪

- ઈ.સ. ૧૪૯૭ માં ૧૮ યહુદીઓને જીવતા બાળી નાખવામાં આવેલ.
- ઈ.સ. ૧૫૭૧ પછી કેટલીક સ્ત્રી ચોરોને લટકાવી દેવાયેલી તેમજ તલવારને ઝાટકે મારવામાં આવેલી.
- સોનાની ચોરી માટે ૧૫૫૨ દેહાંત દંડ ફરમાવાયેલ.
- કિંમતી-પત્રની ઉઠાંતરી કરનારને દેહાંતદંડ અપાયેલ (હાલમાં બંગાળમાં મ્યુઝિયમમાંથી કવિવર રવિન્દ્રનાથ ટાગોરના નોબલ પ્રાઈઝની ઉઠાંતરી કરવામાં આવેલ છે. આ પ્રાઈઝ એટલુ કિંમતી છે કે આવી ઉઠાંતરી કરનારને દેશદ્રોહી કે રાજદ્રોહી ગણીને દેહાંતદંડની સજા જ કરવી જોઈએ.)
- ઈ.સ. ૧૭૮૦ માં ઈંગ્લેન્ડમાં ૨૦૦ ગુના દેહાંતદંડને પાત્ર ગણાતા પણ સમાજમાં પરિવર્તન આવતાની સાથે હાલમાં તેમાંથી ૭૦% ગુના સામાન્ય ગણાય છે. તે વખતે માત્ર જીપ્સી સાથે રહેનારને દહાંતદંડની સજા થતી.
- ઈ.સ. ૧૮૩૩ માં એક ૯ વર્ષનાં બાળકને ઈંગ્લેન્ડમાં ફાંસી અપાયેલી તેનો ગુનો સળીયામાંથી હાથ નાખી વસ્તુઓ ચોરવાનો હતો.[૧૦]

પ્રત્યેક સમાજે દહાંતદંડની સજા સંબંધી વિવિધ દૃષ્ટિકોણ અપનાવેલો છે. જેમાં ખાસ કરીને ઈંગ્લેન્ડમાં આ માટે માનવતાવાદી ચળવળ શરૂ થયેલી.

ઈંગ્લેન્ડમાં દેહાંતદંડના વધતા સિદ્ધાંત સામે લોકોમાં ખૂબ નારાજગી હતી. ૧૮ મી સદીમાં જોન હાવર્ડ નામના સુધારાવાદીએ તેના પર અંકુશ મૂકવા એલાન કરેલ જેને અમુક સામાજીક સંસ્થાઓએ ટેકો પણ આપેલો.

જેરેમી બેન્થામ જે હંમેશા કડક સજાનાં હિમાયતી હતા તે પણ આ વિરોધમા: જોડાયા તેમજ બેકરીયા જે દહાંતદંડના વિરોધી હતા. તેમણે ઈંગ્લેન્ડમાં એક ચળવળ

---

૧૦. મર્ડર ટ્રાયલ એચ. પી. ગુપ્તા અશોક લો હાઉસ, પાના નં. ૧૪

શરૂ કરી. ૧૮ મી સદીમાં આ ક્રુર અને અમાનવીય સજાની સામે આંદોલન આવ્યું જેની અસર અન્ય દેશોમાં પણ થઈ.

ઈ.સ. ૧૮૨૮માં ઈગ્લેન્ડમાં એક સોસાયટીની રચના કરવામાં આવી જેનું કામ દહાંત દંડની સજા દૂર કરવાનું હતુ. ઈ.સ. ૧૯૩૯માં હજારો બેન્કર્સે હાઉસ ઓફ કોમન્સને એક અરજી કરી કે ફોર્જરી (કુટલેખન)ના ગુનામાં દેહાંતદંડ ન હોવા જઈએ. આ ચળવળની ધીમી ધીમી અસર થવા માંડી અને ૧૨૦ વર્ષ પછી હોમ સેક્રેટરીએ હાઉસ ઓફ કોમન્સ સમક્ષ કહ્યુ કે આવી હજારો અરજીઓ મળી છે અને અનેક સંસ્થાઓએ અપીલ કરી છે. પરિણામે ૨૦૦ જેટલા ગુનાઓમાંથી માત્ર ખૂન અને રાજદ્રોહ જેવા ગુના માટે દેહાંતદંડ માન્ય રાખવામાં આવેલો.

ઈ.સ.૧૯૨૭ માં દેહાંત દંડ દૂર કરવામાં નેશનલ કાઉન્સીલ ફોર એસોસીએશન ડેથ પેનલ્ટીની રચના થઈ અને તેણે પાંચ વર્ષ માટે તેનો અમલ કરવા ભલામણ કરેલ.[૧૧]

ઈગ્લેન્ડમાં દેહાંતદંડની સજાના ઉપયોગ ઉપર અમુક નિયંત્રણો મુકાવામાં આવ્યા છે.[૧૨] આ અન્વયે નીચે જાણાવેલી વ્યકિતઓને દેહાંત દંડ કરવામાં આવતો નથી.

૧. ૧૮ વર્ષથી ઓછી વયનો ગુનેગાર : આવા ગુનેગારને ઈ.સ. ૧૮૮૭ પછી દેહાંતદંડ કરવામાં આવ્યો નથી.

૨. જે ગુનેગારની ગુનો કરતી વખતે ઉંમર ૧૮ વર્ષ કરતાં ઓછી હોય તેવા કોઈ ગુનેગારને ૧૯૪૮ પછી દેહાંત દંડ આપવામાં આવ્યો નથી. અલબત્ત આ વય મર્યાદા વધારી ૨૧ વર્ષની કરવાની ભલામણ હજુ સુધી સ્વકારાયેલ નથી.

---

૧૧. હોમીસાઈડ એકટ, ૧૯૫૭ મુજબ

૧૨. પ્રાપ્તિસ્થાન : એમનેસ્ટી (સરકાર તરફથી આપવામાં આવતી માફી) યુ.એસ.એ.

૩. જે સ્ત્રીઓ ગર્ભવતી હોય તેમને દેહાંતદંડની સજામાંથી મુકિત આપીને આજીવન કેદની સજા ફરમાવવામાં આવે છે.

૪. જે વ્યકિત ગુનો કરતી વખતે અને ફાંસીની સજાના અમલ વખતે અસ્થિર મનની હોય તેને દહાંતદંડની સજા કરવામાં આવતી નથી. આ ઉપરાંત સને ૧૯૫૭ ના ઉપરોકત કાયદામાં ખૂનની વ્યાખ્યા સંકુચિત કરી દેવામાં આવી

પ્રાપ્ત થયેલા આંકડાઓ મુજબ તથા અમુક દેશોનું નિરીક્ષણ કરતાં એ વાત ધ્યાન ઉપર આવેલી છે કે સૂચિત તમામ જગ્યાએ ગુનાહિત કૃત્યો રોકવા માટેનાં પાસા એક સરખા જ છે, અને તેમાંથી પણ ફરી વાર વિશ્લેષણ કરતાં જે દેશો મૃત્યુદંડની સજાની જોગવાઈ વાળા કે તે જોગવાઈ વગરનાં છે, તો છણાવટ બાદ એ પરિણામ ઉપર પહોંચી શકાયું છે કે મૃત્યુદંડની સજા કેટલે અંશે ગંભીર પ્રકારનાં ગુના રોકવા માટે કેવી રીતે પ્રતિકૂળ છે. ઉદાહરણ સ્વરૂપે પશ્ચિમના દેશો જેવા ઔદ્યોગિક દેશો. યુ.એસ.એ. તેમાંથી બાકાત રહેલ છે તેમ છતાં આજ પણ યુ.એસ.એ.માં હાલમાં પણ ખૂનામરકીનું પ્રમાણ મોટા પ્રમાણમાં છે.[૧૩]

ખરેખર એ તદ્દન સાચી વાત છે કે જો આપણે એવી દલીલ કરીએ કે જો મૃત્યુદંડની સજાની જોગવાઈ અત્રે અસ્તીત્વમાં ના હોય તો યુ.એસ.એ.માં વધુ પ્રમાણમાં ખૂનામરકી થઈ હોત, પરંતુ આ નિવેદનને સમર્થન આપવા માટે અભ્યાસ કરીને પણ સમર્થન આપવું મુશ્કેલ છે. યુ.એસ.એ.ના રાજયોમાં કે જયાં મૃત્યુદંડની સજા નાબૂદ કરવામાં આવી છે ત્યાં ખૂનામરકીનાં પ્રમાણમાં કોઈ જ વધારો થયેલ

---

૧૩. પ્રાપ્તિસ્થાન : કરેકશનલ સર્વિસ કેનેડા સૂચિત મજકૂર લોગન આર ક્રાઈમ સ્ટેટીટીકસ કેનેડા - ૨૦૦૨,
જ્યુરી સ્ટેટ વોલ્યુમ : ૨૧ નં. ૮, ઓપ્ટાવા કેનેડીયન સેન્ટર ફોર જસ્ટીસ ક્રાઈમ સ્ટેટીસ્ટીકસ - કેનેડા - ૧૯૯૮
જ્યુરી સ્ટેટ વોલ્યુમ : ૧૯ નં. ૯, ઓપ્ટાવા કેનેડીયન સેન્ટર ફોર જસ્ટીસ ક્રાઈમ સ્ટેટીસ્ટીકસ - કેનેડા - ૧૯૯૯

નથી અને ખરી રીતે જોતાં જે નિરીક્ષણ સપ્ટેમ્બર-૨૦૦૦માં ''ન્યુયોર્ક ડે ટાઈમ્સ'' દ્વારા કરવામાં આવેલ છે. એ મુદ્દાની વાત ધ્યાન ઉપર આવેલી છે કે છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન તે રાજ્યમાં માનવ હત્યાનાં ગુનાઓ અને પરિણામે અપાયેલ મૃત્યુદંડનું પ્રમાણ ૪૮% થી ૧૦૧%નું છે એનું પ્રમાણ બીજા દેશો કરતાં ઘણું જ વધુ પ્રમાણમાં છે કે જ્યાં મૃત્યુદંડની સજાની કોઈ જોગવાઈ નથી. વધુમાં પ્રાપ્ય બતાવે છે કે ૧૨માંથી ૧૦ રાજ્યો ત્યાં આવા પ્રકારનાં માનવ હત્યાનાં ગુનાનું પ્રમાણ રાષ્ટ્રીય પ્રમાણ કરતાં નિમ્ન સ્તરે છે.[૧૪]

વધુમાં કેનેડા દેશમાં સને ૧૯૭૬ માં મૃત્યુદંડની સજા નાબૂદ કર્યા બાદ માનવ હત્યાનાં પ્રમાણમાં ઘટાડો થયો છે. સને ૨૦૦૦ ની સાલમાં કેનેડામાં ૫૪૨ માનવ હત્યાના કિસ્સાઓ બનેલા અને તેમાં સને ૧૯૯૮ કરતાં ૧૬ નો ઘટાડો થયો હતો અને સને ૧૯૭૫ કરતાં તે ૧૫૯ બનાવોથી ઓછો છે. (એ રીતે મૃત્યુદંડની મહત્તમ સજા નાબૂદ પ્રમાણેની હતી.)[૧૫]

ઘણા લોકો એ વાત માને છે કે કયું કારણ છે કે યુ.એસ.એ.માં મોટા ગુનાખોરનું પ્રમાણ વધારે છે, અને એનું કારણ એ છે કે બીજા દેશો કરતાં યુ.એસ.એ. માં આસાનીથી બંદૂક વિગેરે જેવા શસ્ત્રો મળી રહે છે અને આજ એક કારણ મજકૂરનાં દૂષણ માટેનું છે. પરંતુ આટલુ જ માત્ર સૂચિત સમસ્યાનું વર્ણન કરવા માટે પર્યાપ્ત નથી. પ્રથમ દષ્ટિએ જોતાં યુરોપની અંદર માત્ર બંદૂક હસ્તગત કરવી એ કોઈ સમસ્યા નથી, કારણ કે બંદૂક, બંદૂકધારીની હત્યા કરતી નથી, કારણ કે બંદૂક મારવા માટે તમારે કોઈ વ્યકિતની જરૂર હોય છે. મોટા ભાગના લોકો જયારે કોઈ ગંભીર ગુનાને આચરતાં હોય છે ત્યારે તેના દ્વારા થતાં ગંભીર પરિણામ અંગે વિચારતા નથી. તેમજ મોટા ભાગની માનવ હત્યાના બનાવો કેફી

---

૧૪. ક્રાઈમ પ્રોબ્લેમ રેકલેસ પાના નં. ૫૩૦
૧૫. ૩૫ મો રિપોર્ટ લો કમિશન - ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા, પૃ. ૩૫૪.

દ્રવ્યોના સેવનની આધીનતાથી જ થતાં હોય છે, અથવા તો મનમાં થયેલી વિકૃતીથી થાય છે અને આમ થતાં મનુષ્યની આત્મશકિત તથા કર્તવ્યદક્ષતા નિમ્નકક્ષાએ પહોંચી જાય છે અને તે નિર્મળ ભાવથી વિચારી શકતો નથી અને તેથી તેને ભય, રાગ, ભયાનકતા, દૂષ્ટતા જેવા દૂષણોનો ખ્યાલ સુધ્ધા આવતો નથી. ઘણી માનવહત્યાઓ બાળકો તથા માનસિક અસ્થિર હોય તેવી વ્યકિતઓ દ્વારા કરવામાં આવે છે. તેઓને એ વાતની ખબર હોતી નથી કે તેઓ શું કરી રહયા છે. સમાજમાં બીજા પણ અનેક પ્રકારનાં ગંભીર ગુનાઓને સ્થાન પ્રાપ્ત છે, જેવા કે માનવહત્યા અથવા ખૂનામરકી કે જે ગુનાહિત કૃત્યો કરનારાઓ દ્વારા પાર પાડવામાં આવે છે.

એક જમાનામાં જેમની ગણત્રી વિશ્વના અગત્યના મુત્સદીઓમાં કરવામાં આવતી હતી એવા, પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન શ્રી ગુલ્ફીકાર અલી ભુતોને વહેલી સવારે એક સામાન્ય ગુન્હેગારની માફક, ફાંસી આપવામાં આવી હતી, અને તે પછીના ગણત્રીના કલાકોમાં જ તેમની દફનવિધિ પણ થઈ ગઈ હતી.

૧૯૭૭ માં શ્રી ભૂતોને પદભ્રષ્ટ કરીને સત્તરૂઢ થયેલા પ્રમુખ જનરલ ઝીયા-ઉલહકકના લશ્કરી શાસને, ભારે ઝડપથી ફાંસીનો અમલ કર્યો હતો અને એટલી જ ઝડપથી અંતિમ વિધિ પણ પતાવી દીધી હતી.

૫૧ વર્ષની વયના શ્રી ભુતોને, વહેલી સવારે, સ્થાનિક સમય પ્રમાણે, બે વાગ્યે, રાવલપીંડીની સૈકા-જૂની ડીસ્ટ્રીકટ જેલમાં, ફાંસીના માંચડે લઈ જવામાં આવ્યા હતા.

સામાન્ય રીતે મોટા ભાગે, પરોઢીયા પહેલાં થોડીવાર અગાઉ ફાંસી અપાતી હોય છે. પરંતુ વહેલો સમય પસંદ કરવામાં આવ્યો તેનું મુખ્ય કારણ એ હતું કે, શ્રી ભુતોનો મૃતદેહ વિમાન દ્વારા સેંકડો કીલોમીટર દૂર આવેલા સિંધ પ્રાંતમાં તેમના વતનમાં લઈ જઈ શકાય, અને શું બન્યું તેની લોકોને ખબર પડે તેનાથી પહેલા,

સલામત રીતે તેમની દફનવિધિ કરી તાર્યો માટે, તાત્કાલીન સમસ્યાઓ ઉભી થવાની શકયતા છે.

શ્રી ભુતોના ટેકેદારોએ જો ફાંસીની સજાનો અમલ થાય તો, વિરોધ વંટોળ ઉભો થશે એવી આગાહી કરી હતી, અને શ્રી ભુતોએ પોતે પણ આવુ જ મંતવ્ય વ્યકત કરેલું છે.

થોડાક મહિના પહેલાં પોતાની કોટડીમાંથી જો મારી હત્યા થાય તો એ નામનું પુસ્તક શ્રી ભુતોએ લખ્યુ છે તેમાં તેમણે જાણાવ્યું છે કે, જો મને ફાંસીના માંચડે લટકાવાશે તો, અશાંતિ ઉભી થશે, સંઘર્ષ જાગશે, ભડકો થશે.

પાકિસ્તાન ભરમાં ઝડપથી સમાચાર ફેલાયા ત્યારે શરૂઆતના પ્રત્યાઘાતો એવા હતા કે લોકો જાણ્યે કે ડઘાઈ ગયા હતા. લાહોરમાં થોડીક મોટરો પર પત્થર બાજી થઇ હતી.

પરંતુ, સમગ્રપણે દેશમાં, શાંતિ હોય, તેમ જાણાતું હતું.

અખબારોએ ખાસ વધારા બહાર પાડયા હતા, અને શ્રી ભુતોના છેલ્લા કલાકોનું વર્ણન કર્યુ હતું.

અખબારોના જાણાવવા મુજબ શ્રી ભુતોને નવડાવવામાં આવેલ નવડેરો ખાતેના તેમના ફાર્મમાં દફનાવવામાં આવ્યા હતા. આ નાનકડી અંતિમવિધિ વખતે તેમના બે કાકા અને સ્થાનિક અધિકારીઓ હાજર હતા. ત્યાર પછી અર્ધો કલાક બાદ સત્તાવાર પાકિસ્તાન રેડીયોએ ફાંસી અપાયાની જાહેરાત કરી હતી.

શ્રી ભુતોના પત્ની બેગમ નસરત અને તેમના પુત્રી બેનઝીર અંતિમ વિધિમાં ભાગ લઈ શકયા ન હોતા, કારણ કે રાવલપીંડીમાં તેઓ નજરકેદમાં હતા.

શ્રી ભુતોએ અને તેમના કુટુંબીજનોએ કરેલી વિનંતી અનુસાર, લારખાના શહેરથી તેર કીલોમીટર દૂર આવેલા ગઢી ખુદાબક્ષના નામે ઓળખાતા કૌટુંબિક કબ્રસ્તાનમાં તેમની દફનવિધિ થઇ હતી. ત્યારે થોડા સગાવહાલા અને મિત્રોએ

હાજરી આપી હતી.

તેમના પ્રથમ પત્ની અમીર બેગમ અને કેટલા ગ્રામ્યનજનો હાજર હતા.

શ્રી ભુતોને આજે વહેલી સવારે ફાંસી અપાતાં, ૧૮ મહિના જુના કાનૂની જંગ પર પડદો પડયો છે.

કેટલાક દેશોએ દેહાંતદંડ દૂર કર્યો જેમાં -

નેધર લેન્ડ (૧૮૫૦) બેલ્જીયમ (૧૮૬૩) પોર્ટુગલ (૧૮૬૭) બ્રાઝિલ (૧૮૯૧) નોર્વે (૧૯૦૬) કોલમ્બીયા (૧૯૧૦) સ્વીડન (૧૯૨૧) પનામા (૧૯૨૨) લીથોનીયા (૧૯૨૨) આર્જેન્ટીના (૧૯૨૨) ઇટાલી (૧૯૨૮) સ્પેન (૧૯૩૨) ડેન્માર્ક (૧૯૩૩) ઓસ્ટ્રીયા (૧૯૩૪) રૂમાનીયા (૧૯૩૯) રશિયા (૧૯૪૭) વેસ્ટજર્મની (૧૯૪૯) હોલેન્ડ (૧૯૭૦) સ્વીટ્ઝરલેન્ડ (૧૯૭૪)

## ૬.૨ ભારતીય સમાજની પરિસ્થિતિ :

હાલના સંજોગોમાં ભારતમાં દેહાંતદંડ દૂર કરવાનું જોખમ લઇ શકાય તેમ નથી.

રાજયની ફરજ ન્યાય અપાવી કાયદો અને વ્યવસ્થા જાળવવાની છે. ભોગ બનનારના કુટુંબીજનોને સંભાળવાની છે. તેટલી જ ફરજ ગુનેગારના કુટુંબની સંભાળ લેવાની છે.

દરેક સમાજને પોતાના ધોરણો હોય છે તે પ્રમાણે નિયમો બનાવે છે, જે સમાજમાં પ્રત્યેક સભ્યને બંધનકારક છે.

કેટલાક ખૂંખાર ગુનેગારોને જો દેહાંતદંડ ન આપવામાં આવે તો તે સમાજને તેનું કાર્ય નહિ કરવા દે.

જયારે કોઇ વ્યકિતને મૃત્યુદંડ આપવામાં આવે ને ખરેખર નિર્દોષ હોય તો ખરેખર સત્ય શું હતુ તે કહેવા માટે તે કદી આવી શકશે નહિં. કારણ કે કોઇપણ ચૂકાદો જે માન્ય છે અને માનવીથી ભૂલ થવાની શકયતા રહેલી છે. કયારેક ઉભો

કરેલો પુરાવો, ખોટી જુબાની તેમજ સ્વીકારી ન શકાય તેવા નિષ્ણાંતોના પુરાવા, પુરાવામાં ચેડા અથવા પુરાવો છુપાવવો તેવા કારણો ને લીધે નિર્દોષને પણ સજા થઈ શકે છે.

લાંબી સજાથી ગુનેગારને પશ્ચાતાપ થઈ શકે અને સુધારાની તક પણ મળી શકે અને તેને સમાજમાં પુન:સ્થાપિત કરી શકાય.

**૬.૨.૧ ભારતમાં પ્રાચીન યુગમાં દેહાંતદંડની સજાઓ :**

**(અ) સ્મૃતિઓ અને સંહિતાઓમાં**

યાજ્ઞાવલ્કયમાં જણાવવામાં આવ્યું છે કે ''દેહાંતદંડની સજા કરીને રાજય કશું ખોટું કરતો નથી'' તેવો સિદ્ધાંત પ્રતિપાદિત થાય છે. મનુસ્મૃતિમાં જણાવવામાં આવ્યું છે કે ''દેહાંતદંડ સજા એવા ગુનેગારોને કરવામાં આવે છે કે જે ગુનેગારો બ્રાહ્મણ, સ્ત્રી અને બાળકોની હત્યા કરે છે.'' મનુ ભગવાને પણ જણાવ્યું છે કે રાજદ્રોહના ગુના માટે ફાંસીની સજા કરવી જોઈએ.''

**(બ) કૌટિલ્ય**

કૌટિલ્યમાં સજાની જોગવાઈઓ ખૂબ જ સખત અને ચુસ્ત હતી. કૌટિલ્યે બળાત્કાર કરનારાઓ, વીશી (ઉતારૂઓને રહેવા માટેની જગ્યા)માંથી ચોરી કરનાર અને રાજાના હાથી કે ઘોડાની ચોરી કરનારને પણ દેહાંતદંડની સજાની જોગવાઈ કરેલી હતી. એટલું જ નહીં પણ આવા ગુનેગારોની અંતિમયાત્રામાં ભાગ લેનારી વ્યકિતઓને પણ દેહાંતદંડની સજારૂપે વધસ્તંભ ઉપર જડી ખીલા ઠોકી દેવામાં આવતા. ઉપરાંત પુત્રવધૂ, રાણી, પુત્રી કે માસીની સાથે કોઈ વ્યકિત જાતીય ગુનામાં એટલે કે સંભોગ માટે દોષિત ઠરે તો તેઓને પણ દેહાંતદંડની સજા ફરમાવવામાં આવતી હતી.

**(ક) અશોક અને મોગલોના સમયમાં**

અશોકના સમયમાં પણ દેહાંતદંડની સજા ફરમાવવામાં આવતી હતી. ભારતના

મધ્યકાલીન યુગમાં (ઈ.સ.૬૦૦ થી ૧૫૦૦ નો યુગ) ભારતમાં પણ આ સજા પ્રચલિત હતી. મલબારની રાણી ઔટીંગાએ તેની સ્ત્રી નોકર તેની સમક્ષ નગ્ન અવસ્થામાં આવવાથી તેની નોકરના રાણીએ સ્તન કાપી નાંખ્યા હતા.

મોગલ સલતન્ત દરમ્યાન પણ ગુનેગારોને દ્દષ્ટાંત દંડની સજા આપવામાં આવતી હતી અને ગુનેગારોને હાથીના પગ તળે ચગદાવી મારી નાખવામાં આવતા હતા, ભેંસના તાજા ચામડામાં આરોપીઓને જીવતા સીવી લેવામાં આવતા હતા, લાકડાના જાડા પાટીયા કે તખતા વડે આરોપીની છાતી ભાંગી નાંખવામાં આવતી હતી અથવા ગળે ટૂંપો દઈને મારી નાખવામાં આવતા. કુરાને શરીફમાં વિવિધ ગુનાઓ માટે સજાની જોગવાઈઓ કરવામાં આવેલી છે. મુસ્લિમોનો ફોજદારી કાયદો કુરાનના આદેશો ઉપર રચાયેલો હતો. આ કાયદામાં જુદા જુદા ગુના માટે થતી સજાઓ અનુસાર ગુનાનું વર્ગીકરણ જોવા મળે છે. (૧) કીસાસ:- અથવા બદલો લેવો તેમાં ખૂનના વળતરનો સમાવેશ થતો હતો. (૨) હુદ:- તેમાં ચોરી, લુંટ, વ્યાભિચાર જેવા ગુના માટે નિશ્ચિત કરેલી સજા થતી હતી. (૩) તજીર:- અહીં ન્યાયાધીશની વિવેકબુદ્ધિ અનુસાર સજા થતી હતી તેમાં મનુષ્ય વધના પાંચ પ્રકાર પાડવામાં આવ્યા હતા. મુસ્લિમ કાયદામાં ચાર પ્રકારની સજાઓ જોવા મળે છે. ૧. બદલો (રીટાલીએશન) ૨. લોહીના નાણાં (બ્લડમની) ૩. ચોકકસ નિર્દિષ્ટ સજાઓ (આ પ્રકારની સજાઓમાં કોઈ પણ સંજોગોમાં ફેરફાર કરી શકાશે નહીં.)૪. વિવેક બુદ્ધિ અનુસાર કરાતી સજાઓ.

જો ખૂન કેસમાં મૃત વ્યકિત ખૂનીનો વંશ જ હોય તો બદલો લેવાની સજા કરાતી ન હતી. જો કે ખૂનના અન્ય કેસોમાં બદલો લઈ શકાતો હતો. પણ જો મૃત વ્યકિતના બધા જ સગા બદલો લેવા હકકદાર હોય અને જયારે તેઓ ખરેખર બદલો લેવાની માંગણી મંજૂર કરે ત્યારે બદલો લેવાની છૂટ અપાતી હતી. જે કેસોમાં બદલો લેવાની છૂટ ન હતી તેમાં ખૂનના બદલામાં નાણાં, (બ્લડ મની) મળી શકતા હતા. મુસ્લિમ ફોજદારી કાયદો કુરાને શરીફ ઉપર આધારીત હોવાથી

અને કુરાન એ હઝરત મહંમદ પયંગબર સાહેબે અલ્લાહ પાસેથી સાંભળેલી દૈવી વાણી પર આધારીત ધર્મ પુસ્તક હોવાથી તેના વિરૂધ્ધમાં ઈસ્લામ ધર્મ પ્રમાણે કોઈ ફસલો આપી શકાય નહી. કુરાન શરીફની ૮૦ થી ૯૦ આયાતો દીવાની કે ફોજદારી ન્યાયને લગતી છે. આગળ જતાં કુરાન શરીફના આ કાયદાઓ અપુરતા માલુમ પડયા હતા અને તેમાં રહેલી ખામીઓ સુન્ના વડે પુરી કરવામાં આવી હતી. પયંગબર સાહેબના વચનો અને તેમના કૃત્યો અને તેમના ચુકાદાઓમાંથી તારવી કાઢેલા નિયમો સુન્ના કહેવાય છે.

અપરાધ, અપરાધી અને અપરાધ થવા માટેનાં કારણોનાં ક્ષેત્રે વીસમી સદીમાં ભારે વૈજ્ઞાનિક સ્વરૂપનો વિકાસ થયો હોવાનું જોવા મળે છે. તેમાં અપરાધરૂપી સમસ્યાના સિક્કાની એક જ બાજુ, એટલે કે અપરાધી જ, કેન્દ્રસ્થાને રહ્યો હોવાનું જાણાય છે. અપરાધીનું શું કરવું તે વિશે જ મુખ્યતઃ ચિંતન અને સંશોધન થતું રહ્યું છે. અપરાધિક ન્યાય માટેનું સમસ્ત તંત્ર અપરાધથી પીડિત વ્યક્તિ (Victim) ની સમસ્યાઓ પ્રત્યે તદ્દન આંખ મિચામણા કરતું હોવાનું જોવા મળે છે. દેશમાં સર્વત્ર રોજ હિંસક ગુના, બળાત્કાર, લુંટ, ચોરી, જેવા અનેક ગુના બને છે. સ્થાવર અને જંગમ મિલ્કતોનું ભારે મોટું નુકશાન થતું રહે છે. આવા બધા અપરાધોનો ભોગ બની તેનાથી જેમને વેઠવાનું આવે છે તેવી વ્યક્તિઓની સમસ્યાઓ પ્રત્યે ભાગ્યે જ કોઈનું ધ્યાન ગયું છે. આ માટે ૧૯૭૯ માં સ્થપાયેલી વર્લ્ડ સોસાયટી ઓફ વિકિટમોલોજીની સ્થાપના પછી સૌ પ્રથમ આ સમસ્યા પ્રત્યે ધ્યાન આપવાની શરૂઆત થઈ હતી. ત્યાર પછી ભારતમાં પણ ૧૯૮૫ માં ઈન્ડિયન સોસાયટી ઓફ વિકિટમોલોજીની સ્થાપના થયા પછી સંખ્યાબંધ વિદ્વાનોએ આ નવતર ક્ષેત્રે સંશોધનો અને અભ્યાસો કરી આવી સમસ્યાઓની ભારતીય સામાજિક અને કાનૂની ભૂમિકા સ્પષ્ટ કરવાનો પ્રારંભ કર્યો હતો.

પીડિત વ્યકિત- વિકિટમ-ના અર્થ બાબતમાં શરૂઆતમાં વિદ્વાનોમાં વિવિધ મંતવ્યો હતાં. એમ જોવા જઈએ તો માનવ માત્ર એક કે બીજી રીતે સંજોગોનો

ભોગ બનતો હોય છે. આપણે સૌ અણુબોંબ, દુષ્કાળ, રેલ, હવામાન, ભૂકંપ, વાવાઝોડું, તોફાન, હુલ્લડ, યુદ્ધ, અછત વગેરે જેવી આફતોથી ગ્રસ્ત બની શકીએ તેમ છે. આક્રમણ અને હિંસા પણ પીડા આપી જાય છે. આપણે કારોબારીતંત્ર, વિધાનતંત્ર અને ન્યાયતંત્રથી પણ પીડિત હોઈએ છીએ.

અપરાધવિજ્ઞાનીઓ આટલા બહોળા અને વ્યાપક ક્ષેત્રનો અભ્યાસ કરતા નથી. તેઓએ પીડિત વ્યકિતના ખ્યાલને કોઈ પણ પ્રકારના અપરાધની પીડા પામેલી કે તેનો ભોગ બનેલી કે તેનાથી હાનિ વગેર નુકસાન ભોગવનાર વ્યકિત પૂરતો મર્યાદિત રાખ્યો છે. અપરાધવિજ્ઞાનની આ નવતર શાખા અપરાધપીડિતોનું વ્યક્તિ વિજ્ઞાન વિકિટમોલોજી કહેવાયું છે. તેનું મુખ્ય મંતવ્ય આ પ્રમાણે છે : ગુનો કરનાર ગુનેગારને તો ફોજદારી કાયદો યોગ્ય સજા કરે તે તો યોગ્ય જ છે, પણ તેના પેલા ગુનાથી જેને કંઈ વેઠવું પડ્યું હોય તેનું શું ? શું તેને ન્યાય ન મળવો જોઈએ ? પીડિત વ્યક્તિને ન્યાય ન મળે તો તેટલે અંશે આપરાધિક ન્યાય, અને વ્યાપક અર્થમાં સામાજિક ન્યાય, અર્થપૂર્ણ બની શકે જ નહીં. તેથી કાયદાએ અને નીધિનિર્ધારકોએ આ અંગે યોગ્ય કરવું જ રહ્યું.જયારે એક ગુનેગારને ફાંસી અપાય કે તેને કેદની સજા થાય ત્યારે કાયદો તેના આશ્રિતો માટે, અને સજા ભોગવી બહાર આવેલા ગુનેગારના પુનવર્સન માટે યોગ્ય વ્યવસ્થા અને તંત્રોનીરચના કરે છે. પણ તેણે અપરાધપીડિત વ્યક્તિ માટે શું કર્યું ? આવીવ્યક્તિના આરોગ્ય, જીવન વ્યવહાર, સામાજિક પ્રતિષ્ઠા અને આજીવીકાનું શું ? શું ગુનેગારની પોતાના ગુનાહિત કૃત્યનો ભોગ બનેલી વ્યક્તિ પ્રત્યે કોઈ ફરજ જ નથી ?એક પુખ્ત વયના ગુનેગારના ગુનાનોભોગ બનનાર સગીર બાળા, સ્ત્રી અનાથ બાળક, વિધવા ઘવાયેલી કે અપંગ બનેલી વ્યક્તિનું જીવન ફરીથી પાટાઉપર કેવી રીતે ચઢાવી શકાય ? વળી આજે જયારે આવા વિવિધ ગુના કરનાર બહુરાષ્ટ્રીય કંપનીઓ, જાહેર નિગમો અને સરકારી તંત્રો હોય ત્યારે, આવી પીડિત વ્યક્તિઓની સમસ્યાઓને એક નવું જ પરિમાણ પ્રાપ્ત થાય છે.

આ અપરાધપીડિત વ્યક્તિ વિજ્ઞાનને કારણે અપરાધ વિજ્ઞાનની સીમાઓ વિસ્તરી છે. અગાઉ અપરાધને અપરાધી અને સમાજ અગર રાજ્ય વચ્ચેના સંઘર્ષમાં રૂપમાં જોઈ તેનો તે દૃષ્ટિથી અભ્યાસ થતો હતો. હવે તેમાં અપરાધી અને પીડિત વ્યક્તિ વચ્ચેના સંબંધનું નવં પરિમાણ દાખલ થયું છે. આના પરિણામે અપરાધરૂપી સમસ્યાનો વધુ સ્પષ્ટ અને વધુ વ્યાપક ખ્યાલ મળે છે.

૧૯૭૧ માં ડિસ્ટ્રીક્ટ ઓફ કોલંબિયાની સુપીરીયર કોર્ટના જજ ટીમ મર્ફીએ કહ્યું હતું : ''અપરાધ પીડિત વ્યક્તિઓ આપરાધિક ન્યાયતંત્રની પ્રથામાં ભૂલાયેલા લોકો છે.'' એંગલોસેકશન પ્રથામાંથી ઉપસાવેલી આપણી ન્યાયતંત્રીય પ્રથા પણ પીડિત વ્યક્તિઓને ખાસ જોતી નથી. તે અપરાધી , તેનો દોર્ષ, નિર્દોષતા, પ્રવૃત્તિઓ, સજા તેના અધિકારો અને તેની સુધારણાલક્ષી જરૂરીયાતો ઉપર જ ધ્યાન આપે છે. તેની દૃષ્ટિએ આવા પીડિત વ્યક્તિ આરોપીના ગુનાની તપાસ માટેનો એક સાક્ષી માત્ર છે. ફોજદારી કાયદો ''ભલે સો આરોપીઓ સજા પામ્યા વગર છૂટી જાય પણ એક પણ નિર્દોષ વ્યક્તિ દોષિત ન ઠરાવી જોઈએ.'' નો આગ્રહભર્યા ઉત્સાહથી અમલ કરે છે. તેનું વ્યવહારમાં આવું પરિણામ આવે છે : એક શકમંદ આરોપીને થતા સંભવિત અન્યાયનું નિવારણ, સેંકડો અપરાધ પીડિત વ્યક્તિઓને ન્યાયના ઈન્કાર કરતાં, પસંદગી પાત્ર બને છે. આ ભૂમિકા પીડિતો માટે ભારે અન્યાયકર્તા અને પીડાદાયી છે.

બેન્જામીન મેન્ડલસોન નામના રૂમાનીયાના બેરિસ્ટરે સૌ પ્રથમ ૧૯૬૩ માં વિકિટમોલોજી શબ્દ પ્રયોજ્યો હતો. તે અગાઉ રેકલેસે ૧૯૪૫ માં આ ક્ષેત્રમાં થોડું પ્રદાન કર્યું હતું. તેણે બળાત્કારનો ભોગ બનેલી વ્યક્તિઓની સમસ્યાઓનું સંશોધન કર્યું હતું. તે ઉપરાંત હાન્સ ફોન હેન્ટિગ (૧૯૪૮) અને હેનરિ એલીન બર્ગરિ (૧૯૫૪) પણ આવી વ્યક્તિઓની સમસ્યાઓ પ્રત્યે ધ્યાન આપ્યું હતું. તે બધાએ તે માટે જુદા જુદા શબ્દ પ્રયોજ્યા હતા. રેકલેસે વિકિટમોલોજીને એક સ્વતંત્ર વિજ્ઞાન તરીકે સ્વીકાર્યું હતું. અન્ય વિદ્વાનોએ તે ક્રિમિનલોજીનો એક ભાગ હોવાનો

મત વ્યકત કર્યો હતો. તેમ છતાં તેમનું લક્ષ્ય તો એક જ હતું : અપરાધના ક્ષેત્રમાં પીડિત વ્યક્તિઓની ભૂમિકા.

ન્યાયમૂર્તિ કૃષ્ણઐયરે પૂછ્યું હતું : ''(કાયદો') પરંપરાગત રીતે જ આરોપી માટે આંસુ સારતો આવ્યો છે, પણ શું કાયદા પાસે પેલા અજાણ્યા શહીદ એવી પીડિત વ્યક્તિ માટે કોઈ આંસુ નથી ?'' કાયદો આવી વ્યક્તિ પેલા અપરાધની જ એક આડપેદાશ છે તે હકીકત ભુલી જાય છે. જ્યારે કોઈ ગુનો થયાની ખબર પોલીસને અપાય છે ત્યારે પોલીસ સૌ પ્રથમ ગુનેગાર તરફ ધ્યાન આપે છે. પીડિત વ્યક્તિની તો ગુનેગારની ઓળખ વખતે, અને ફરીયાદ પક્ષના સાક્ષી તરીકે પછીથી, જરૂર જણાય છે. કોર્ટો આરોપીના દોષની પુરાવાના આધારે ઊંડાણથી તપાસ કરે છે. આરોપીને ફોજદારી કાર્યવાહીમાં ખાસ અધિકારો અપાયા છે. તેને કાનૂની સહાય, જમીન, સુધારણાલક્ષી અભિગમ વગેરેનોલાભ અપાય છે. ગુનેગાર કેદીઓ પ્રત્યે જેલમાં માનવીય વ્યવહાર થાય તે માટે ચિંતા સેવાય છે. તેમના માનવ અધિકારોના જતન માટે ઉહાપોહ થતો રહે છે. ગુનેગાર તરફથી આટલી બધી સહાનુભૂતિ અને દયાભાવનીસાથે અપરાધપીડિત વ્યક્તિની યાતના અને હેરાનગતિની ઉપેક્ષા પામે છે ! આ નવતર અભ્યાસક્ષેત્ર આવા ઉપેક્ષિતોની સમસ્યાઓનો અભ્યાસ કરી ઉપાયો સૂચવે છે.

## ૬.૩ અપરાધ પીડિતો

આ નવા અભ્યાસક્ષેત્રની સૌ પ્રથમ સમસ્યા છે. પીડિત વ્યક્તિની વ્યાખ્યા શી છે ? અનેક વિદ્વાનોએ આ અંગે પ્રયાસ કરી સૂચનો કર્યા છે. તે પૈકી નોંધપાત્ર પ્રયાસનો અહીં ઉલ્લેખ કર્યો છે. (૧) નેગલ (૧૯૬૪) : તેણે ગુનેગારના મનોવલણના સંદર્ભમાં પીડિત વ્યક્તિની વ્યાખ્યા આપવાનું સૂચવ્યું હતું. તેના મતાનુસાર ગુનેગાર જે વ્યક્તિને (પોતાના ગુનાહિત કૃત્યો) નો ભોગ બનાવવા ઈચ્છતી હોય તે વ્યક્તિ, પછી ભલેને તે વ્યક્તિને પોતાની ઈજાની જાણ ન હોય, તો પણ તે પીડિત વ્યક્તિ છે. (૨) જેકસન ટોબી (૧૯૬૪) : તે પીડિત વ્યક્તિના

વ્યાપક સમૂહ વિશે વાત કરે છે. ગુનાનો ભોગ બનેલી વ્યક્તિના મિત્રો અને કુટુંબીજનો ઉપરાંત, જે લોકો પોતાને પણ આવી રીતે ઈજાના ભોગ બનવું પડે છે, તેવી કલ્પના કરીને, ભોગ બનેલી વ્યક્તિ સાથે પોતાનું તાદાત્મ્ય સાધતી હોય તેવા લોકોનો પણ પીડિત વ્યક્તિઓમાં સમાવેશ કરી લેવાનું જણાવે છે. (૩) એડવિન સધરલેંડ (૧૯૪૭) તેના મત અનુસાર પ્રજા હંમેશા પ્રત્યક્ષપણે (ચોરી કે લૂંટ) પરોક્ષપણે (કરવેરા) ગુનાનો ભોગ બનતી જ હોય છે. (૪) રિચર્ડ કિવની અને અન્યો (૧૯૭૨) : આ વિદ્વાનોના અભિપ્રાય અનુસાર ખરેખર તો અપરાધીઓ જ સાચેસાચ ગુનાનો ભોગ બનેલા હોય છે. તેઓ રંગભેદ, ગરીબી અને અન્ય સામાજિક સમસ્યાઓના ભોગ બન્યા હોય છે. તેઓ પોતાને થયેલા અન્યાયોની ભોગ બનેલી વ્યક્તિઓ તરીકે જ પોતાની જાતને માને છે. તેઓ સમાજે તેમને કરેલી શિક્ષાના ભોગ બનેલા લોકો તરીકે પોતાને જૂએ છે અને તેઓ રોજબરોજના જીવનના બનાવો અને સંઘર્ષોને સહન કરવાની અશક્તિના ભોગ બનેલા હોય છે. તેથી ઘણીવાર તો આવા લોકો જ અન્યાયોના હિંસક ગુનાના ભોગ બનતા હોય છે. (૫) ખાન અને સિંઘ (૧૯૮૦) : તેમણે પીડિત વ્યક્તિઓની વ્યાખ્યા આ પ્રમાણે આપી હતી. લૂંટફાટ કે તારાજીનું લક્ષ્ય બનવાને કારણે જે વ્યક્તિઓને વૈજ્ઞાનિક, શારીરિક, ભૌતિક કે સામાજિક નુકશાન વેઠવું પડ્યું હોય તે લોકો પીડિત વ્યક્તિઓ છે. (૬) લ રોય લેમ્બોર્ન (૧૯૮૩-૮૪) : તેમણે પીડિત વ્યક્તિએ અતિ સર્વગ્રાહી વ્યાખ્યા આપી હતી. તેણે લખ્યું હતું : જે વ્યક્તિએ અમુક પ્રકારનાં વર્તનના પરિણામે શારીરિક કે માનસિક ઈજા કે હાની, ભૌતિક ખોટ કે નુકશાન કે અન્ય સામાજિક ગેરલાભ, ભોગવ્યો હોય તે વ્યક્તિ પીડિત વ્યક્તિ, વિકિટમ છે. તેણે પહેલાં વર્તનો આ પ્રમાણે જણાવ્યાં હતાં. : (અ) રાજ્યના દંડલક્ષી કાયદાના ભંગ, અથવા (બ) આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ જે અપરાધ ગણાતું હોય તે વર્તન અથવા (ક) (માનવ) જીવન, સ્વાતંત્ર્ય અને વૈયક્તિક સલામતી અંગેનાં આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય રખાયેલાં માનવ અધિકારો માટેનાં વર્તન ધોરણોનો ભંગ થતો હોય તેવું

વર્તન, અથવા (ડ) (૧) જે લોકોએ રાજ્યના કે નિગમિત સત્તાતંત્રોના કર્મચારીઓ કે પ્રતિનિધિઓ કે જાહેર અપરાધીઓ તરીકે રાજકીય, આર્થિક કે સામાજિક સત્તામાંથી પ્રાપ્ત થયેલી તેમની સત્તા કે અધિકારીઓ તરીકે રાજકીય, આર્થિક કે સામાજિક સત્તામાંથી પ્રાપ્ત થયેલી તેમની સત્તા કે અધિકારના હોદ્દાને કારણે તે સત્તાનો દુરુપયોગ - એબ્યુઝ ઓફ પાવર - કર્યો હોય, અને જે કાયદાની પહોંચની બહાર હોય, તે લોકોનાં વર્તન અથવા (૨) જે વર્તન ભલે હાલમાં રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય કાયદા વડે પ્રતિબંધિત કરાયેલું ન હોય, પણ જે સત્તાના દુરુપયોગથી આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય રખાયેલાં માનવ અધિકારો માટેનાં વર્તન ધોરણોના ભંગથી થતી હાની જેટલી જ ગંભીર શારીરિક, મનોવૈજ્ઞાનિક કે આર્થિક હાની નીપજી હોય, અને જેનાથી આવાં વર્તન ધોરણોના ભંગથી નીપજેલી જરૂરીયાતો જેટલી જ ગંભીર જરૂરીયાતો પીડિત વ્યક્તિઓ માટે સર્જાઇ હોય તે વર્તનો.

### ૬.૩.૧ અપરાધપીડિત માટે ન્યાય

હવે આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે : કાયદો અપરાધપીડિત વ્યક્તિઓને ન્યાય મળી રહે તે માટે શું કરી શકે ? મોટાભાગના વિકસિત દેશોમાં આવી પીડિત વ્યક્તિઓનાં હિતોના જતન માટે ધારાકીય જોગવાઇઓ છે. આવી વ્યક્તિઓ પ્રત્યે થયેલા ગુનાથી તેમણે ભોગવવા પડેલા નુકશાન કે હાની માટે તેમને વળતર આપવા સંબંધી ધારાકીય જોગવીઓ છે. સ્વીડન (૧૯૭૧), પશ્ચિમ જર્મની, નેધરલેંડ, નોર્વે (૧૯૭૬), ફ્રાંસ (૧૯૭૭) અને ઈંગ્લેન્ડ (૧૯૭૯) માં આવી જોગવાઇઓ છે. અમેરીકામાં ૧૯૬૫ થી ૧૯૭૯ દરમિયાન વિવિધ રાજ્યોમાં આ અંગે ધારાકીય વ્યવસ્થા કરાઇ હતી.

ભારતમાં પણ ક્રિમિનલ પ્રોસીઝર કોડમાં પીડિત વ્યક્તિઓને વળતર આપવા સંબંધો જોગવાઇ છે. આ જોગવાઇ અપૂરતી હોવાનો સર્વસામાન્ય અભિપ્રાય છે. આવી અપૂરતી જોગવાઇનો પણ મોટા ભાગના કેસોમાં અમલ કરાવાતો નથી. તેથી અપરાધપીડિતોને ન્યાય મળી રહે તે માટે તેનાં બધાં પગલાં આવરી લે તેવો એક

અલગ અને સર્વગ્રાહી ધારો ઘડાવો જોઇએ, તેવી આ ક્ષેત્રના વિદ્વાનોની માંગણી રહી છે. આવી વ્યક્તિઓને આપાતું નાણાકીય વળતરનો આવા ન્યાયનો એક નાનો અંશ જ છે. તેથી આવા પીડિતોની બધી સમસ્યાઓને ધ્યાનમાં લઇને તેમને પર્યાપ્ત ન્યાય મળી રહે તે માટે સ્વતંત્ર કાનૂની તંત્ર વ્યવસ્થાની રચના કરવી જોઇએ. આવી તંત્ર વ્યવસ્થાને બંધારણના આર્ટીકલ ૩૮ અને ૪૧ નું સમર્થન મળી શકે તેમ છે.

પીડિત વ્યક્તિને વળતર આપવાની પ્રવર્તમાન કાર્યવાહી ઘણી દીર્ઘસૂત્રી છે. વધુ સમસ્યાઓ ખડી કરે છે ! તેણે ગુનેગારની દોષપાત્રતા પુરવાર કરવા માટે ફોજદારી કેસની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. તે પછી તેણે પોતાના નુકશાનનું વળતર વસૂલ મેળવવા દીવાની કાર્યવાહીમાંથી પસાર થવું પડે છે. આ બંને પ્રકારની દીર્ઘસૂત્રી કાર્યવાહી ખતમ કરી દેવાની જોરદાર હિમાયત કરાઇ છે. એક જ કાર્યવાહીમાં આ બંને પ્રક્રિયાઓનો સમાવેશ કરી દેવાથી સમયનો બચાવ થશે અને પીડિત વ્યક્તિને ત્વરિત ન્યાય મળશે.

ભારતમાં અપરાધપીડિત વ્યક્તિઓ માટે મુખ્યત્વે તો નાણાંકીય વળતર આપવા સંબંધી જોગવાઇઓ છે. આવી મુખ્ય જોગવાઇ ક્રિમિનલ પ્રોસ્જિર કોડ, ૧૯૭૩ ની કલમ ૩૫૭ માં સમાવિષ્ટ કરાઇ છે. તે ઉપરાંત જે તે ધારા અન્વયે બનતા ગુનાથી પીડિત વ્યક્તિઓ માટે આ ધારામાં પણ વળતર ચૂકવણી માટેની છૂટીછવાઇ જોગવાઇઓ છે.

ક્રિ. પ્રો. કો. ની કલમ આ પ્રમાણે છે. જ્યારે કોર્ટ જેનો દંડની સજા એક ભાગ હોય તેવી સજા ફરમાવે ત્યારે, તે પોતાનો ચુકાદો આપતી વખતે આવા વસુલ થયેલા દંડની પૂરેપૂરી કે આંશિક રકમ અમુક હેતુઓ માટે વાપરવાનો હુકમ કરી શકે છે. આ કલમના કલૉઝ (૧) માં આવા ચાર હેતુઓ આ પ્રમાણે જણાવ્યા છે : (એ) ફોજદારી કાર્યવાહી માટે યોગ્ય રીતે થયેલો ખર્ચ મજરે અપાવવા, (બી) પેલા ગુનાથી કોઇ વ્યક્તિને નીપજેલ ખોટ કે હાની માટે વળતરની

ચૂકવણી માટે પણ અહીં એક ખાસ શરત મૂકવામાં આવી છે. જ્યારે આવી વ્યક્તિ દીવાની કોર્ટમાં વળતર વસૂલાતને પાત્ર છે એવા કોર્ટનો અભિપ્રાય બંધાયો હોય તો જ તે આવા વળતરની ચૂકવણી માટેનો હુકમ કરી શકે છે. આમ અહીં કોર્ટના હાથ બંધાઈ ગયા છે. કોર્ટ દરેક કેસમાં પીડિત વ્યક્તિને વળતર આપી જ શકે તેમ ખાત્રીથી કહી કાતું નથી. (સી) જ્યારે કોઈ વ્યક્તિને અન્ય વ્યક્તિનું મૃત્યુ નિપજાવવા માટે કે આવો ગુનો કરવામાં મદદગારી માટે દોષિત ઠરાવવામાં આવી હોય ત્યારે જે વ્યક્તિઓ પેલા મૃત્યુથી પોતાને પરિણમેલું નુકશાન પેલી સજા પામેલી વ્યક્તિ પાસેથી ફેટલ એક્સિડન્ટ એક્ટ, ૧૮૫૫ હેઠળ વસૂલ લેવા હકદાર હોય, તે વ્યક્તિઓને વળતર ચૂકવવા માટે દંડની સજાનો ઉપયોગ કરવો. (ડી) જ્યારે કોઈ વ્યક્તિને અમુક મિલ્કત વિષયક ગુના માટે દોષિત ઠરાવવામાં આવી હોય ત્યારે, જો આવી મિલ્કત તેનો કબજો મેળવવા હક્કદાર વ્યક્તિને પાછી આપવામાં આવી હોય તો તેમ કરવાથી તેના શુદ્ધબુદ્ધિથી ખરીદનારને થયેલી ખોટ ભરપાઈ કરી આપવી માટે પેલા દંડની રકમનો ઉપયોગ કરવો. તેમાં આવા મિલ્કત-વિષયક ગુના આ પ્રમાણે જણાવ્યા છે : (૧) ચોરી, (૨) ગુનાહિત ઉપચાર, (૩) ગુનાહિત વિશ્વાસઘાત, (૪) છેતરપીંડી, (૫) ચોરેલી મિલ્કતને અપ્રમાણિકપણે સ્વીકારવી કે જાળવવી કે અમુક મિલ્કત ચોરેલી છે તેવું માનીને કે તેવું મનાવવાનું કારણ હોય ત્યારે તેનો નિકાલ કરવામાં સ્વૈચ્છિક રીતે સહાય કરવી. આ પાંચ ગુનામાં સંડોવાયેલી કોઈ મિલ્કત શુદ્ધબુદ્ધિથી ખરીદી લેનાર વ્યક્તિએ પાછળથી તે તેના સાચા હક્કદારને સોંપી દેવી પડે તેવું બની શકે છે. આમ થવાથી તેને જે ખોટ ગઈ હોય તે ખોટ પેલી ગુનેગારને કરાયેલી દંડની સજાની રકમમાંથી પેલા ખરીદનારને વળતર પેટે આપવાની વ્યવસ્થા છે.

કલમની પેટા કલમ (૨) માં એક વધુ શરત મૂકવામાં આવી છે. પરિણામે પીડિત વ્યક્તિને વળતરની ચૂકવણીમાં વધુ વિલંબ થાય છે. હવે જો કોઈ કેસ અપીલ પાત્ર હોય અને તેવા કેસમાં ગુનેગારને દંડની સજા ફરમાવાઈ હોય તો ?

વળતરની ચુકવણી કયારે કરવી? પેટા કલમ (૨) જણાવે છે : જયારે અપીલને આધીન હોય તેવા કેસમાં દંડની સજા ફરમાવવામાં આવી હોય ત્યારે, અપીલ રજૂ કરવાની જણાવેલી મુદ્દત વીત્યા અગાઉ, અગર જો અપીલ રજૂ કરાઇ હોય તો તે અપીલનો ચુકાદો ન આવે ત્યાં સુધી, પેલા વળતરની ચૂકવણી કરવાની નથી. (કલમ-૩૫૭(૨))

ઉપરની કલમનું સમગ્રતયા વાચન કરતાં અપરાધપીડિતને તરત અને નિશ્ચિત વળતર મળી ન્યાય મળશે જ તેવી ખાતરી મળતી નથી. કોર્ટની વળતર આપવાની અને દંડની સજા ફરમાવવાની સત્તા ઉપર અનેકવિધ અંકુશો, બંધનો અને મર્યાદાઓ છે.

કલમ ૩૫૭(૧)(બી) માં ‘‘જયારે કોર્ટના અભિપ્રાયમાં આવી વ્યક્તિ (એટલે કે દોષિત ઠેરેલો ગુનેગાર) પાસેથી દીવાની કોર્ટમાં વળતર વસૂલ કરી શકાય તેમ હોય’’ તેવા શબ્દો છે. તે અગાઉ ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૫૮ ની કલમ ૫૪૧ (૧) (બી) માં પણ આવી જ જોગવાઇ હતી. પણ તે કલમમાં પેલી વ્યક્તિ પાસેથી દીવાની કોર્ટમાં ‘ગણનાપાત્ર’ સબસ્ટેશનિયલ કે સદ્ધર કે નક્કર વળતર મળી શકતું હોય તેવી જોગવાઇ હતી. પછી લૉ કમીશનની ભલામણના પરિણામે આ શબ્દ રદ કરવામાં આવ્યો હતો. આમે ય તે કોર્ટો આ કલમનો ઉપયોગ કરવામાં ખાસ ઉદાર રહી નથી. વળી વળતર ચૂકવણીનો હુકમ કરવો કે નહીં તે કોર્ટની વિવેકબુદ્ધિ ઉપર અવલંબે છે. તેથી કોર્ટો સામાન્યતઃ નામ માત્રનું નોમિનલ વળતર આપવાનો હુકમ કરે તેવી શક્યતા છે.

વળી જયારે દીવાની કોર્ટ મારફતે આવું વળતર વસૂલાતને પાત્ર થતું હોય ત્યારે જ ફોજદારી કોર્ટ તેવા વળતર માટે હુકમ કરી શકે છે. આમ હોવાથી આવા વળતરનો પાયો અપકૃત્યના કાયદા આધારિત બની જાય છે. તે ઉપરાંત ફોજદારી કોર્ટે અપનાવેલી વળતરની રકમ દિવાની કોર્ટમાંથી વસૂલ કરી શકાતી વળતરની રકમ જેટલી ન પણ હોય. જયારે આ જ નુકશાન માટે ભવિષ્યમાં કોઇ દીવાનો

દાવો કરવામાં આવે ત્યારે તે દીવાની કોર્ટ, આ કલમ ૩૫૭ (૧) (બી) હેઠળ ફોજદારી કોર્ટે આપેલા વળતરની રકમને, ધ્યાનમાં લેવાની છે. તેવી આ કલમમાં જોગવાઈ કરી છે. આવી જોગવાઈ કરવા માટેનાં ખાસ કારણો પણ છે : ફોજદારી કોર્ટ ગુનો થયો છે કે નહીં તે બાબત ઉપર વધુ ધ્યાન આપે છે. તેની સમક્ષ ઈજા પામેલી કે નુકશાન સંબંધ બંને પક્ષનો પૂરતો પુરાવો હોતો નથી. તેને પીડિત વ્યક્તિને થયેલી હાની કે નુકશાનની પર્યાપ્ત માહિતી હોતી નથી. ગુનેગારની વળતર ચૂકવવાની આર્થિક ક્ષમતાની ફોજદારી કોર્ટને ખબર હોતી નથી. વગેરે ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદ પક્ષ અને આરોપી પક્ષ બંનેનું ધ્યાન ગુનો થયો હતો કે નહીં તે અંગેના પુરાવા ઉપર જ કેન્દ્રીત થયેલું હોય છે. ત્યાં આરોપીની વળતર ચૂકવવાની અપકૃત્ય જવાબદારીમાં ઊંડા ઉતરવાની ખાસ તક કે શક્યતા હોતી નથી.

વધુમાં કલમ-૩૫૭(૧) માં એક બીજી વધારાની શરત પણ જોવા મળે છે. તે આ છે : ફોજદારી કોર્ટ આરોપી પાસેથી પીડિત વ્યક્તિને વળતર આપવાનો હુકમ કરે છે તે અગાઉ તે કોર્ટે આરોપીને દંડની સજા કે દંડની સજા સહિત અન્ય કોઈ સજા ફરમાવી હોવી જોઈએ. વળી સુપ્રિમ કોર્ટે પણ જ્યારે કેદીની સજા ઠીક ઠીક મુદત માટે ફરમાવાઈ હોય ત્યારે, અપવાદજનક કેસો સિવાય આકરી રકમના દંડની સજા પરતવે નાપસંદગી દાખવી છે. તેથી ફોજદારી કેસોમાં મળી શકતી વળતરની રકમની આ બધી મર્યાદાઓમાં વિચારણા કરવી પડે છે. તે ઉપરાંત દંડની સજા ફરમાવતી વખતે ગુનો કરવા પાછળનો ગુનેગારનો ઉદ્દેશ, ગુનો કરવાથી તેને થનારા નાણાકીય ફાયદા, દંડ ભરવાની તેની આર્થિક પરિસ્થિતિ વગેરે સંજોગો પણ જોવાના રહે છે. સુપ્રિમ કોર્ટે સ્વપ્નસિંઘ વિ. સ્ટેટ બેંન્ક ઓફ પંજાબમાં[૧] દંડ ફરમાવવા તથા વળતર ચૂકવણી સંબંધી હુકમોનાં મુખ્ય લક્ષણો સ્પષ્ટ કરતાં કહ્યું હતું : ''ગુનાનું સ્વરૂપ, વેઠવી પડેલી ઈજાઓ, વળતર માટેના દાવાની ન્યાયપુરઃસરતા, આરોપીની વળતર ચૂકવવાની શક્તિ તથા વળતર અંગેના દાવાની રકમ નક્કી કરવા માટેના અન્ય પ્રસ્તુત સંજોગો, વગેરે બાબતોને ગણતરીમાં લેવાની

કોર્ટની ફરજ છે.'' આ પરિસ્થિતિમાં ફોજદારી કોર્ટોમાંથી મર્યાદિત સ્વરૂપનું જ તે આ પ્રમાણ છે : દંડની રકમ નક્કી કરવા માટે, અગર વળતરની રકમ ચૂકવવાનો હુકમ કરવા માટે પ્રસ્તુત હકીકતો સંબંધી પુરાવો રજૂ કરવાની ફરીયાદ પક્ષની કોઇ ફરજ હોવા અંગે કોઇ ધારાકીય જોગવાઇ કોડમાં નથી. મોટાભાગના કેસોમાં આવો કોઈ પુરાવો લેવાતો હોય જ નથી ! તો શેના આધારે કોર્ટ વળતર ચૂકવણીનો હુકમ કરી શકે ?

વળતરની વસુલાત માટે આટલી અડચણો જાણે કે ઓછી હોય તેમ આ કલમમાં જ એક બીજો અવરોધ જોવા મળે છે. આ કલમ મુજબ ગુનેગારો એ પીડિત વ્યક્તિઓને વળતર ચૂકવવાનું હોય છે. આ જણાવાયેલી જોગવાઇ લાગણીથી કરાઈ હોવા છતાં તે અધકચરી અને ઉપરછલ્લી છે. મોટાભાગની આવી પીડિત વ્યક્તિઓ ગરીબ હોય છે. તેઓ વળતર વસૂલ લેવાનો દીવાની દાવો ભાગ્યે જ કરતી હોય છે. ફોજદારી કોર્ટે આરોપીને દોષિત ઠેરાવ્યો હોય, અને તે વળતર ચૂકવણીને પાત્ર હોય તો પણ, બહુ થોડી પીડિત વ્યક્તિઓ પોતાની વળતર વસૂલ કરવાના અધિકારના અમલ માટે દીવાની કોર્ટમાં જવા તત્પર હોય છે. તેથી તો ભારતમાં અપકૃત્યો માટે વળતરના દાવાની સંખ્યા નજીવી રહી છે. જે દીવાની કાર્યવાહીમાં પ્રવેશ કરવા ધનવાનવાદીઓ પણ બે વાર વિચાર કરતા હોય તેમાં અપરાધપીડિત વ્યક્તિ વળતરની વસૂલાત માટે પગરણ કરે, તેવું માનવું વધુ પડતું છે. તે ઉપરાંત ફોજદારી કોર્ટ દીવાની કોર્ટનું સ્થાન લઇ શકે નહીં. આ બંને કાર્યવાહીના સંચાલનના સિદ્ધાંતો ભિન્ન ભિન્ન છે.

પીડિત વ્યક્તિને વળતર ચૂકવવાની આ સમસ્યાના અન્ય એક પાસાને પણ અવગણી શકાય તેમ નથી. કાયદો આરોપીને આકરી કમ્મરતોડ દંડની સજા ફરમાવવાની મંજુરી આપતો નથી. મોટાભાગના ગુનેગારો ગરીબ અને નબળી આર્થિક સ્થિતિના હોય છે. ઘણાં કુટુંબોમાં તે જ માત્ર આજિવીકા રળનાર સભ્ય હોય છે. આવા આરોપી પાસેથી વળતરની વસૂલાત કરવાથી તેના આશ્રિતોની

હાલત વધુ કફોડી બની જાય તેમ હોય છે. તેથી રાજ્ય તરફથી આવા વળતરની ચૂકવણી થવી જોઈએ તેમ કહેવાયું છે. નાગરીકો ગુનાનો ભોગ ન બને અને રાજ્ય તેમનું રક્ષણ કરે, તેવી કલ્યાણ રાજ્યની ખાસ ફરજ છે. જ્યારે રાજ્ય નાગરિકનું રક્ષણ કરવામાં નિષ્ફળ જાય ત્યારે ગુનો થાય છે. તે ભૂલવા જેવું નથી. તેથી શું રાજ્યે જ આવું વળતર ન ચૂકવવું જોઈએ ? શું તે માટે યોગ્ય તંત્ર રચના અને વ્યવસ્થા ન કરી શકાય ?

જ્યારે દોષિત ઠરેલો ગુનેગાર દંડની રકમ કોર્ટમાં ભરે છે. ત્યારે તે રકમ રાજ્યની તિજોરીને પ્રાપ્ત થાય છે. દંડ પેટે વસૂલ આવેલી આવી રકમમાંથી રાજ્ય અને તેનો વહીવટી ખર્ચ કાઢે છે. શું રાજ્ય આવી રકમમાંથી પીડિતોને વળતર ચૂકવવા માટે કોઈ અલગ ફંડ ન રચી શકે ? પોતાના રક્ષણ હેઠળ રહેલા નાગરીકોની સાચવણી અને કાળજી રાખવાની રાજ્યની ફરજ છે. રાજ્ય પોતાની આ ફરજ અદા કરવામાં કસૂર કરે અને ઉપરથી દંડ વસૂલ કરી ફરજ ભંગમાંથી નફો રળે તે તો યોગ્ય નથી જ ! ઈંગ્લેન્ડમાં ફોજદારી કેસોમાં થયેલી ઈજાઓ માટે રાજ્યના ભંડોળમાંથી વળતર આપવા માટે ખાસ બોર્ડ છે. તે હિંસક ગુનાનો ભોગ બનેલી વ્યક્તિઓને થયેલી શારીરિક ઈજાઓ માટે વળતર અપાવી શકે છે.

આ માટે આપણી પરંપરાગત કાનૂની કાર્યવાહીની પદ્ધતિમાં ફેરફાર કરવા જરૂરી બનશે. અત્યારે ફોજદારી કોર્ટ અને દિવાની કોર્ટ અલગ અલગ રીતે આવી સમસ્યાઓ હાથ ધરે છે. તેમનાં ધોરણો પણ અલગ અલગ છે. અત્યાર સુધી તેઓ વાદી વિ. પ્રતિવાદી અને ફરીયાદી રાજ્ય વિ. આરોપી એવી દ્વિપક્ષી ભૂમિકાથી આ સમસ્યાઓનો ઉકેલ લાવે છે. હવે તેઓમાં ત્રીજું પરિણામ અને પક્ષ દાખલ કરવો જોઈએ. હવેની કાર્યવાહી દ્વિપક્ષી નહીં પણ ત્રિપક્ષી હોવી જોઈએ. કોર્ટોની હકુમતને પણ નવો ઓપ આપવો પડશે. કોર્ટોને એક જ કાર્યવાહીમાં બધી સતાઓ આપવી પડશે.

ક્રિમિનલ પ્રોસિજર કોડ ઉપરાંત અન્ય ધારામાં પણ પીડિત વ્યક્તિને વળતર

મળી રહે તે માટે જોગવાઈઓ છે. પણ આ બધી જોગવાઈઓ હેઠળ લાભ મેળવવા માટે દીવાની કાર્યવાહીનો આશરો લેવો પડે છે. ફેટલ એક્સિડન્ટસ એક્ટ, મોટર વિહિકલ્સ એક્ટ, વિમાનેલગતો કાયદો, ગ્રાહક સુરક્ષાને લગતો ધારો, પર્યાવરણ સુરક્ષાનેલગતા ધારા, પબ્લીક લાયબેલીટી ઈન્શ્યોરન્સ એક્ટ, વગેરે આવા નોંધપાત્ર ધારા છે. તે ઉપરાંત બંધારણના અનુ. ૨૧ નોસહારો લઈ રીટ અરજી આ મારફતે પણ વળતર મળી શકે છે તે માટે જાહેર હિતમાં અરજીઓ કરવી પડે છે. જો કે આ બધી કાર્યવાહીમાં મળતાં નાણાં વળતરને બદલે રાહત સ્વરૂપનાં હોય છે. ઘણીવાર શાસનતંત્ર મહેબબાનીના રાહે અમુક ઉચ્ચક રકમ એક્સ ગ્રેશિયા રાહત તરીકે આપે છે. પણ આ એક અલગ બાબત છે.

## ૬.૪ જલ્લાદની મનોવ્યથા

જલ્લાદ, શબ્દ સાંભળતાં જ દિલોદિમાગ પર એક ભયાનક ચહેરો છવાઈ જાય, ડોળા કાઢતો, જીવ લેવા તત્પર!

ગુનેગારના ગળામાંગાળિયો ભરાવી દઈને એને મૃત્યુ પામે ત્યાં સુધી લટકતો રાખનાર માણસ એટલ જલ્લાદ. એ જલ્લાદ આરોપીના મોઢે કાળું કપડું પહેરાવશે અને ગળામાં ગાળિયો પહેરાવતાં પહેલા ક્ષમા માગી લેશે. પછી ગાળિયો પહેરાવીને એને ફાંસી આપી દેશે ને આરોપીનો દેહ લટકતો રહેશે.

હા, છેક બ્રિટિશકાળથી એમના બાપ-દાદાઓ આ કામ કરતા આવ્યા છે. આજે એમણે આ કામ ઉપાડી લીધું છે. આ જલ્લાદનું નામ છે નાટા મલ્લિક. ૮૩ વર્ષની ઉંમરેપણતંદુરસ્ત અને સંવેદનશીલ. જલ્લાદ પણ છેવટે તો માણસ જ છે ને!

અત્યાર સુધીમાં પોતાની ફરજના ભાગરૂપે ૨૪ આરોપીઓને ફાંસીના માચડે લટકાવી ચૂકેલા ૮૩ વર્ષના નાટા મલ્લિકના પિતા શિવલાલ પણ ફાંસી આપવાનું.

જલ્લાદનું કામ કરતા હતા. તે સમયે ભારતમાં અંગ્રેજ સલ્તનત હતી. એ દિવસોમાં તો રોજિંદી ૨૦-૨૫ ફાંસીઓ આપવી પડતી!

અનેક નિર્દોષ લોકો મોતને ઘાટ ઉતારી જતા, કેમકે અંગ્રેજોનું શાસન હતું. જલ્લાદ નાટા મલ્લિક તો ત્યારે કિશોર વયના, પણ તેમના પિતા શિવલાલ અંગ્રેજોના જલ્લાદ તરીકે કામ કરતા. એ વખતનો એક પ્રસંગ આજેય નાટાની આંખો સમક્ષ તરવરે છે. જલ્લાદ નાટા કહે છે, ‘એ વખતે બ્રિટિશ અધિકારીઓ અનેક નિર્દોષોને પણ ફાંસીએ ચડાવી દેતા.

ફાંસી પર ચડનારનું નામ કે એનાં ગુનો જલ્લાદને તેઓ જાણવા ન દેતા, પરંતુ મારા પિતા જલ્લાદ શિવલાલને જો કોઈ રીતે એવી જાણકારી મળી જતી કે જેને ફાંસી આપવાની છે તે ક્રાંતિકારી અથવા નિર્દોષ છે તો તેઓ ફાંસી આપવાની ઘસીને નાપાડી દેતા. અંગ્રેજોની નારાજગીનો ભોગ એ વખતે તેમના પરિવારને બનવું પડતું. ફાંસી આપવાનો આદેશ જેલમાંથી મળે પછી ગુનેગારનુંનામ-અપરાધ જાણી લીધા બાદ પણ નાટા મલ્લિકને કંઈક કરવું પડે છે. અપરાધીનો જેવો જઘન્ય ગુનો તેવો ધૃણાનો ભાવ નાટા મલ્લિક પોતાના દિલમાં ઉભો કરે છે. જો એ આવું ન કરે તો ફાંસી આપતી વખતે તેના હાથ ધ્રૂજે.

જેલમાં ફાંસી આપવાની કાયદેસરની વિધિનું પણ વિહંગાવલોકન કરવા જેવું છે. ફાંસી આપવાનું કામ દિવસ ઉગતાં પહેલા કરવાનુંહોય છે, કેમકે તે સમયે જેલમાં સુનકાર હોય છે, શાંતિ હોય છે. ફાંસીની તારીખના એક દિવસ પહેલાં જલ્લાદને અને તેના સહાયકોને બોલાવવામાં આવે છે. રાત્રે ૨ વાગ્યે ઉઠીને જલ્લાદ સ્નાન કરી લે છે અને ચા-નાસ્તો કરીને જેલ અધિકારીના આદેશની રાહ જુએ છે. ફાંસી જેને આપવાની હોય તે ગુનેગારને જયારે બહાર કાઢવામાં આવે છે ત્યારે જલ્લાદના સહાયકો તેના હાથ અને પગ બરાબર બાંધી દે છે.

ત્યાર બાદ જલ્લાદ ગુનેગારના ચહેરાને કાળાકપડાથી ઢાંકવા કાળુ કપડું હાથમાં લે છે. ત્યારબાદ ગુનેગારની માફી માંગી લે છે ને કાળું કપડું મોંઢા પર પહેરાવી દે છે. ત્યારબાદ જેલ અધિક્ષક સામે તે નજર કરે છે અને તેના હાથમાંથી રૂમાલ જેવો નીચે પડે છે કે તરત જ જલ્લાદ ફાંસીના ફંદાનું લીવર ખેંચી લે છે. ત્રણ મીનીટમાં માણસ મોત પામે છે અને દસ મીનીટ પછી ફાંસીના માંચડેથી નીચે ઉતારી લેવામાં આવે છે.

જોકે, આ બધું જાતે કરી લે એવાય ગુનેગારો હોય છે. જલ્લાદ નાટા મલ્લિકને એવો એક ગુનેગાર જોવા મળેલો. થોડા વખત અગાઉ એક આદિવાસી ગુનેગારને ફાંસી આપવાની હતી. નાટા મલ્લિક સજ્જ હતા, પણ પેલો આદિવાસી તો પૂજાપાઠ કરીને જાતે જ ફાંસીના માંચડે પહોંચી ગયો અને પોતાના હાથે જ ગળામાં ફંદો પહેરીલીધો.

જલ્લાદ નાટા મલ્લિક પોતાના પિતા શિવલાલ મલ્લિકના સહાયક તરીકે ઘણા લોકોને ફાંસી આપી ચૂકયા છે. એમને એક વાતે એ સંતોષ છે કે, પોતાના હાથેકોઈ નિર્દોષને ફાંસી અપાઈ નથી. પરંતુ આજેય ફાંસી આપવા માટે તેમને પોતાનું દિલ કઠોર કરવું પડે છે. ગુનેગારના વજનથી વધારે વજન સાથે એમને અઠવાડીયા સુધી પ્રેકટીસ પણ કરવી પડે છે.

ફાંસીના એક જ દિવસ પહેલા જેલમાંથી અપાયેલી મોટા દોરડાના ફંદાને ચીકણો બનાવવા માટે તેના પર સાબુ, ઘી અને ત્રણ કેળાં મસળે છે. સતત ત્રણ-ત્રણ પેઢીઓથી જલ્લાદ નાટા મલ્લિકનું કુટુંબ આ કાર્ય કરતું આવે છે. પોતાના પિતા શિવલાલના આસીસ્ટન્ટ તરીકે નાટા મલ્લિકે બ્રિટિશ સરકારના આદેશ મુજબ ૯૦ માણસોને ફાંસી પર લટકાવ્યા છે એટલું જ નહી, સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ૨૪ ગુનેગારોને ફાંસી પર લટકાવી ચૂકયા છે. શિવલાલના મજબૂત બાંધાના પુત્ર નાટા

મલ્લિકે પિતાને પગલે ચાલવાનું નકકી કરીને પિતાના સહાયક બનીને કામ ચાલુ કર્યું. પોતાના જીવનમાં ૬૦૦ ફાંસીઓ આપનાર શિવલાલ પોતાના પુત્ર નાટાને આ કાર્યમાં જોતરવા ઈચ્છતા નહોતા, પણ પુત્રની જિદ અને તેની દાદીના પ્રયાસોથી છેવટે તેમણે નાટાને જલ્લાદનું કામ શીખવવું પડયું.

બ્રિટિશ સરકારના જમાનામાં એક ફાંસી માટે રૂા.૩૦૦ થી ૩૫૦ સુધીની રકમ મળતી. નાટા મલ્લિકના પિતા શિવલાલનું મૃત્યુ ૭ ડીસેમ્બર ૧૯૭૧ના રોજ થયું ત્યારથી આ કામ નાટાના માથે જ આવી ગયું. સરકાર તરફથી શિવલાલ અને તેમના આસીસ્ટન્ટ (નાટા મલ્લિક)ને મળતું ભથ્થું પણ સરકારે બંધ કરી દીધું, પરંતુ આજે પણ દરેક ફાંસી દીઠ નાટા મલ્લિક પાંચ હજાર રૂપિયાથી ઓછા નથી લેતા.

જલ્લાદ નાટા મલ્લિક ભાવુક સ્વરે કહે છે. ‘હાલ બાંગ્લાદેશમાં આવેલા બરીશાલમાં ચમેલી નામની એક છોકરીસાથે મારા પિતાએ મારું લગ્ન નકકી કર્યું હતું. જો એ લગન થઈ ગયું હોત તો જલ્લાદ તરીકેનું આ કાર્ય હું છોડી જ દેત, પણ લગ્નના એક દિવસ પહેલાં જ ઓરિસ્સાથી એક ફાંસીનો ઓર્ડર આવ્યો અને ચમેલીનો ચહેરો એ પછી જોવા ના મળ્યો !’

જલ્લાદ નાટા મલ્લિક ફાંસીની સજાને રાખવાના હિમાયતી છે. તેમનું કહેવું છે કે સગીર બાળા પર બળાત્કાર અને ખૂન કરનારા પાપીઓને કઈ રીતે માફી આપી શકાય? હત્યા, ચોરી, બળાત્કાર જેવા પાપો કરનારાઓ માટે ફાંસીનો ખૌફ સદાય રાખવો જોઈએ. તે કહે છે, ‘જેઓ આવા પાપીઓને બચાવે છે, તે પાપ કરે છે. હું તો એમની સજામાં નિમિત બનીને પુણ્યનું કામ કરું છું.’

જલ્લાદ નાટા મલ્લિકનું કહેવું છે કે, પોતે સમાજમાં એક પુણ્યનું કાર્ય કરી રહ્યા છે છતાં પોતાના ૩૦ સભ્યોના બહોળા પરિવારની સરકારને કંઈ પડી નથી. સતત ત્રણ-ત્રણ પેઢીથીજલ્લાદ તરીકે કામ કરતા નાટાના પરિવારના યુવાનોને,

નાટાના કહ્યા મુજબ નથી સરકારે નોકરી આપી કે નથી નોકરી આપવાની ઈચ્છા પણ દર્શાવી! આ સામે જલ્લાદ નાટા અત્યંત નાખુશી વ્યક્ત કરતાં કહે છે, 'મારા પુત્રોને નોકરી તો દૂરની વાત રહી, પણ અમારું ઝૂંપડું જયાં છે તે જમીન પણ સરકારે અમારા નામે કરી નથી.' આવી પરિસ્થિતિમાં જલ્લાદ નાટા મલ્લિકે પોતાની રીતે પોતાના પુત્રોને પગભર થવા તાલીમ આપવા માંડી છે. નાના પુત્ર મહાદેવને નાટામલ્લિકે પોતાનો આસીસ્ટન્ટ બનાવી દીધો છે.

અનેક ગુનેગારોને ફાંસીના માચડે લટકતા કરી દેનાર જલ્લાદ નાટા મલ્લિક પોતે પણ અધિકારથી વંચિત છે! એમની એ કરુણતા પણ કેવી વેધક છે કે, પોતાના જ અધિકાર માટે દોરડાનો ગાળિયો દર્શાવીને એવું કહી શકતા નથી કે, 'યે હાથ નહીં, ફાંસી કા ફંદા હૈ.'

## ૬.૫ સેકસ મેનિયાક સિરિયલ કિલરને ડબલ ફાંસી

સારું થયું, અદાલતે બાબુને ડબલ ફાંસીની સજા ફટકારી મને એના પર એટલું ખુન્નસ છે કે મારી સામે આવે તો જીવતો ન રહે. એણે મારી માને મારી. રોજ માની તસવીર જોઈ એ હરામજાદાની યાદ આવે છે. સારું થયું. અદાલતે એને આવી આકરી સજા કરી. કદાચ મારી બાના આત્માનેય શાંતિ થશે!

રમેશ ચીમનભાઈ તળપદાના ચહેરા પર બાબુ પ્રત્યેનો તિરસ્કાર રીતસર દેખાતો હતો. રમેશની માતા ગજરાબહેન બકરાં ચરાવવા ગયાં હતાં. સાંજ પડી તો પણ ઘેર પાછાં ન આવ્યાં. પતિ ચીમનભાઈ પોલીસસ્ટેશને ગયા તો એક પોલીસવાળાએ કહયું કે તારી બાયડી કોઈની સાથે ભાગી ગઈ હશે. એક-બે દિવસ રાહ જો... પાછી ન આવે તો ફરિયાદ કરજે. પોલીસે ફરિયાદ ન લીધી.

બીજા દિવસે સવારે સીમમાં કુદરતી હાજતે ગયેલી કેટલીક સ્રીઓએ એક

વૃક્ષ પાસે ગજરાબહેનની સાડી જોઈ. સાડીની નજીક ગયાં તો ગજરાબહેનની લાશ પડી હતી. પરિવારજનોને એનાથી પણ મોટો આઘાત તો ત્યારે લાગ્યો, જ્યારે પોસ્ટમોર્ટમ રિપોર્ટ પરથી ખબર પડી કે હત્યા કરતાં પહેલાં ગજરાબહેન પર બળાત્કાર થયો હતો.

સેકસ મેનિયાક બાબુની વાત આગળ વધારતાં પહેલાં આ કિસ્સો પણ ધ્યાનમાં લેવા જેવો છે.

કરમસદ કેળવણી મંડળ શાળામાં એક દિવસે સવારે બાળકો શાળાએ ગયાં ત્યારે દાદરા પરનું દ્દશ્ય જોઈ ધ્રૂજી ઉઠયાં. દાદરની બરોબર વચ્ચે ઉપરથી એક મહિલાની લાશ લટકતી હતી. આ લાશ શાળાની બહાર ફૂલ વેચતાં તારાબહેન ઈશ્વરભાઈ પટેલની હતી. પહેલાં તો પોલીસે પોતાની સાડીથી જ ગળાફાંસો ખાઈ તારાબહેને આત્મહત્યા કરી હોવાનું નોંધ્યું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ ખબર પડી કે આત્મહત્યા નહીં, પણ કોઈ નરાધમે તારાબહેન પર બળાત્કાર કરી એની જ સાડીથી એને ગળાફાંસો દઈ લાશને લટકાવી દીધી હતી.

આ બન્ને ઘટનાના થોડા થોડા સમય વચ્ચે બીજી બે હિચકારી ઘટના બની. વલ્લભ વિદ્યાનગરના પાદરમાંઆવેલા કેળાંના એક ખેતરમાં કેળના ઘર નીચે દાટેલી એક અજાણ્યા બાળકની લાશ મળી આવી. એની સાથે સૃષ્ટિવિરુદ્ધનું કૃત્ય કરી એના પેન્ટથી જ ફાંસો દઈ એને મારી નાખવામાં આવ્યો હતો.

આ બાળકની ઓળખ થાય એ પહેલાં એ સવિતા નામની બાળકીની લાશ મળી આવી. આઠ વર્ષની આ માસૂમ બાળા પર પણ બળાત્કાર ગુજારી એના જ ફ્રોક વડે એને ફાંસો દઈ મારી નાખી હતી. ૧૯૯૭-૯૮ના માત્ર બે વર્ષના ગાળામાં આણંદ, વલ્લભવિદ્યાનગર, કરમસદના પચીસ કિલોમીટરના વિસ્તારમાં જ આવી પાંચ-સાત ઘટના બનતાં લોકો ભયભીત થઈ ગયા.

સાંજના સમયે એકલાં નીકળવાનું મહિલાઓએ બંધ કરી દીધું. મા-બાપ એનાં નાનાં દીકરા-દીકરીઓને રેઢાં મૂકતાં ન હતાં. પોલીસ સામે પણ ભારે ઉશ્કેરાટ ફેલાયો. મહિલામંડળે પણ રેલી કાઢીને કલેકટરને આવેદનપત્ર આપેલું કે ઉપરાછાપરી બનતા આ મર્ડર અને બળાત્કારના ગુનાના ગુનેગારને પકડો. લાચાર બની ગયેલી પોલીસને પણ કોઈ કડી મળતી ન હતી.

વલ્લભવિદ્યાનગરમાં આ જ સમયે વાહનચોરીનાબનાવ પણ વધી ગયા. પોલીસે આખરે અમુક શકમંદોને વાહનચોરીના કેસમાં પકડયા. તેમાં એક હતો બાબુ ઉદેસિંહ પરમાર. તત્કાલીન પોલીસ સબ-ઈન્સ્પેકટર આર.જી.પટેલ સમક્ષ બાબુએ વાહનચોરીની કબુલાત કરી. પછી કહે:

ચિકન ખવડાવો તો થોડી બીજી વાતો પણ કરીશ...

ચિકનથી પેટ ભરીને ઓડકાર ખાઈ બાબુએ જે વાતો કરી એનાથી પોલીસ અધિકારીઓ ચોંકી ઉઠયા.

બાબુએ કહયું કે વાહનચોરી તો ઠીક છે, પણ મેં તો સાત-સાત બળાત્કાર અને હત્યાના ગુના પણ કર્યા છે. એક પછી એક ક્રુરતાપૂર્વક કરેલાં કુકર્મોની વાતો બાબુએ કબૂલી અને વર્ષોથી ન ઉકેલાયેલા સાત-આઠ બળાત્કાર અને હત્યાના ગુનાઓનો ભેદ ઉકેલાઈ ગયો.

આ બધા કેસનો ઐતિહાસિક ચુકાદો ગયા અઠવાડીયે આવ્યો. આણંદની ફાસ્ટ ટ્રેકકોર્ટના જજ એ.આર.પટેલે રેરેસ્ટ ઓફ રેર કેસ ગણીને બાબુ પરમારને બે ફાંસી અને પાંચ જન્મટીપની સજા ફટકારી. આણંદની ફાસ્ટ ટ્રેકકોર્ટના પબ્લિક પ્રોસીકયુટર નરેન્દ્રસિંહ મહિડા કહે છે કે પાંચ-છ મર્ડર અને સાત બળાત્કાર માટે બે ફાંસી અને પાંચ આજીવન કેદ એકદમ બરોબર છે.

બાબુએ કરેલી કબૂલાતમાં એણે સૌથી પહેલો ગુનો કર્યો એની વાત કરી ત્યારે પોલીસ ચોંકી ગયેલી. ૧૭ ઓગસ્ટ, ૧૯૯૬માં એણે સુનીતા રામકિશોર ગોસ્વામી નામની બાળકીનું ખૂન કરેલું. આઠ વર્ષની બાળકી શાળાએ જતી હતી ત્યારે કરમસદની શાકમાર્કેટ પાછળ એને ફોસલાવીને એ લઈ ગયેલો. ત્યાં એના પર બળાત્કાર કરી એના જ ફ્રોક વડે ગળાટૂંપો આપીને એની લાશને સીમમાં સંતાડી દીધી હતી. પછી રાતે બાળકીની લાશને એણે ગટરનું ઢાંકણ ખોલી નાખી દીધી. ત્રણ વર્ષ અગાઉ એ જ જગ્યાએથી આ બાળકીની ખોપરી અને હાડકાંના અવશેષ મળી આવ્યાં. હાઈ-વે પરના કૂવામાં એણે ચોરી કરેલાં વાહન પણ નાખી દીધાં હતાં એ વાહનો પણ કાટ ખાઈ ગયેલી હાલતમાં મળી આવ્યાં.

આઠ વર્ષની સુનીતા, પંદર વર્ષનો સોનુ, ગજરાબહેન, વાલીબહેન, સવિતા, તારાબહેન સહિત એણે અનેક બાળકો અને સ્ત્રીઓને પોતાની હવસનો ભોગ બનાવ્યાં હતાં. એના આવા કુકર્મને કારણે બાબુની પત્ની પણ એને છોડી ગઈ છે.

બાબુની હવસનો ભોગ બનેલી અને બચી ગયેલી બાળકીના પિતા જશવંતસિંહ મહિડા કહે છે: ‘એ બાબુડીયાને બે ફાંસીની સજા થઈ એટલે મારા જીવને ટાઢક વળી છે, મારી દીકરીની જિંદગી તો એણે બગાડી નાખી. એ દીકરીને બાબુએ કરેલા અત્યાચારના આઘાતમાંથી કાઢતાં જ અમને વર્ષોનાં વર્ષ લાગી જશે. એક વાત જાણીને આનંદ થયો કે માણસ ગરીબ હોય કે અમીર, એને ન્યાય ચોકકસ મળે છે.’

બાબુ પરમાર પોલીસના હાથે પકડાયો. એણે કરેલા ગુનાની કબૂલાત બાદ ભોગ બનનારા લોકોના પરિવારજનોને કોર્ટમાં બોલાવવામાં આવ્યા. આઠ વર્ષની બાળકી, જે એની હવસનો શિકાર બનેલી, પણ નસીબજોગે એ બચી ગયેલી એણે ભરઅદાલતમાં બાબુને ઓળખી બતાવ્યો હતો. જો કે જુબાની દરમિયાન બાબુની

હાજરીમાં એ બાળકી ખૂબજ ડરતી હતી. તને કંઈ જ નહીં થાય એવી ખાતરી આપ્યા બાદ જ એણે સાચી વાત કરી. જજ એ.આર.પટેલના ચૂકાદામાં આ બચી ગયેલી બાળકીની વ્યથા સ્પષ્ટ જણાય છે. એમણે ચુકાદામાં જણાવ્યું છે કે આવા કોલ્ડ બ્લડેડ ગુનેગારને આકરી સજા ફટકારવામાં આવે તો જ સમાજમાં દાખલો બેસશે.

**— બેરહમ બાબુની ક્રાઈમ કુંડળી :**

આઈ વિટનેસ ન હોવા છતાં માત્ર આરોપીની કબુલાત અને સાયન્ટીફીક પુરાવાના આધારે કોર્ટે ૨૭ વર્ષી બાબુ ઉદેસિંહ પરમારને બે ફાંસી અને પાંચ આજીવન કેદની સજા ફટકારી છે. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલી વખત કોઈ એક આરોપીને અલગ અલગ ગુનામાં બે ફાંસીની સજા કરવામાં આવી છે.

કરમસદના રેલવેસ્ટેશને પોલીસ બાબુ પરમારને પકડવા ગઈ ત્યારે પોલીસ સબ-ઈન્સ્પેકટર આર.જી.પટેલ પર છરી વડે એણે હુમલો કર્યો હતો. કોઈ પણ પ્રકારનો ગુનો કરતાં ન અચકાતા બાબુની ક્રાઈમ કુંડળી પર નજર ફેરવવા જેવી છે..

* ૧૭ ઓગસ્ટ, ૧૯૯૬: આઠ વર્ષી સુનીતા શાળાએ જતી હતી ત્યારે એને ફરવા લઈ જાઉં તેમ કહી સીમમાં લઈ ગયો. એના પર બળાત્કાર કરી એ બાળકીના ફ્રોક વડે જ એને ગળાટૂંપો આપી મારી નાખી. આ બાળકીની લાશને ગટરમાં ફેંકી દીધી અને એ લાશ ચાર વર્ષ બાદ હાડપિંજર રૂપે મળી. આ ગુનામાં એને આજીવન કેદની સજા થઈ છે.

* ૫ ઓગસ્ટ, ૧૯૯૭: કરમસદ પેટ્રોલ પંપ પાસે રહેતા જશવંતસિંહ ભીમસિંહ મહિડાની આઠ વર્ષની દીકરીને ખેતરમાં લઈ નાસી ગયો. એના પર

બળાત્કાર ગુજારી એને તુટેલી કાચની બોટલની ધારથી મારવા ગયો ત્યાં એ બાળકી બેભાન થઈ ગઈ. બાબુ એને મરી ગયેલી સમજીને નાસી ગયો, પણ એ બાળકી હજુ જીવે છે. બધા કેસના ચુકાદામાં અત્યારે ચૌદ વર્ષની થયેલી આ બાળકીની જુબાનીએ બહુ મહત્વનો ભાગ ભજવ્યો છે. આ કેસમાં એને આજીવન કેદની સજા થઈ છે.

* ૬ ઓગસ્ટ, ૧૯૯૭: પાંત્રીસ વર્ષી ગજરાબહેન ચીમનભાઈ તળપદા સીમમાં બકરાં ચરાવવા ગયાં ત્યારે એમની એકલતાનો લાભ લઈ બળાત્કાર ગુજારી એમની સાડી વડે જ ગળાફાંસો આપી લાશને છોડીને એ ભાગી ગયો. આ કેસમાં એને આજીવન કેદની સજા થઈ.

* ૭ માર્ચ, ૧૯૯૮: પંદર વર્ષી સોનુ ઉર્ફે સંતોષને ચોકલેટ અપાવું એમ કહી કેળાંના ખેતરમાં લઈ ગયો.એના પર સૃષ્ટિવિરુદ્ધનું કૃત્ય કરી એના જ પેન્ટથી ગળું દબાવી એની હત્યા કરી નાખી. સોનુનાં મા-બાપે ગુમ થયાની ફરિયાદ નોંધાવી. બાબુએ કબુલાત કરી ત્યારે ખબર પડી કે કેળાંના ખેતરમાંથી મળેલી અજાણી લાશ એમના સોનુની હતી. આ કેસમાં એને ફાંસીની સજા થઈ છે.

* ૩ મે, ૧૯૯૮: સીમમાં લાકડા વીણવા ગયેલાં વાલીબહેન મીઠાભાઈ રોહિત પર બળાત્કાર કરી એમની ઓઢણી વડે જ ફાંસો આપી મારી નાખવામાં આવી. આ કેસમાં એને આજીવન કેદની સજા થઈ છે.

* ૧ જુલાઈ ૧૯૯૮: કરમસદના તિરુપતિ પેટ્રોલ પંપ પાસે રાધાસ્વામી ટોબેકો કંપનીમાં નોકરી કરતા શંકર કટારાની દસ વર્ષની દીકરીને ઉપાડી જઈ એના પર બળાત્કાર ગુજારી એના જ ફ્રોક વડે એને ફાંસો આપી મારી નાખી. આમાં પણ એને ફાંસીની સજા થઈ છે.

* ૨ જુલાઈ, ૧૯૯૮: તારાબહેન ઈશ્વરભાઈ પટેલ પર બળાત્કાર કરી કરમસદ કેળવણી મંડળના દાદરે એમની સાડીથી ટૂંકો આપી એમની લાશને લટકાવી દીધી. આના માટે આજીવન કેદની સજા થઈ છે.

બાબુને ઝડપનારા પોલીસ સબ-ઈન્સ્પેકટર આર.જી.પટેલ અત્યારે નડીયાદ ટાઉન પોલીસસ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવે છે. બાબુની મોડસ ઓપરેન્ડી વિશે એ કહે છે કે બાબુ એકલદોકલ મહિલા અને બાળકોને જ પોતાનો શિકાર બનાવતો. એમને અવાવરું જગ્યાએ લઈ જઈ બળાત્કાર ગુજારતો. પછી એના જ કપડાથી એને ગળાફાંસો દઈ ખૂન કરી નાખતો. બાબુ અત્યાર સુધી બચતો રહયો એનું સૌથી મોટું કારણ એ હતું કે આ ઘટનાઓને નજરે જોનાર સાક્ષી કોઈ ન હતું. આ ઉપરાંત, બીજા દિવસે ગુમ થનાર વ્યક્તિની શોધખોળ અને લાશની વિધિઓના મરનારના પરિવારજનોની સાથે બાબુ પણ જોડાઈ જતો. આથી કોઈને એના પર શંકા ન જતી.

આણંદની ફાસ્ટટ્રેક કોર્ટમાં એની એક મુદત વખતે તો એણે કોર્ટમાંથી ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો. એ વખતે એના બે પગમાં ફ્રેકચર થયાં હતાં.

કુરાને શરીફમાં વિવિધ પ્રકારની સજાઓ વિષે નીચે મુજબ જણાવવામાં આવી છે.

વસ્સારિકુ વસ્સારિકતુ ફક્તઊ ઐદિયહુમા જઝા-અમ-બિમા ક-સબા નકાલમ -મિનલ્લાહ વલ્લાહુ અઝીઝુન હકીમ (૩૮) ફ-મન તા-બ મિમ્બઅ-દિ ઝુલ્મિહી વ અસ-લ-હ ફ-ઈન્નલ્લા-હ યતૂબુ અલૈહ ઈન્નલ્લા-હ ગફૂરુર્રહીમ* (* પારા નં. ૬ રૂકુઅ-નં. ૭)

ઉનકો દવામી સઝા હે ઔર જો મર્દ યા ઔરત ચોર હો (૯૮) તોઉનકા

હાથ કાટો. (૯૯) ઉનકે કિયેકા બદલા અલ્લાહકી તરફસે સઝા ઔર અલ્લા ગાલિબ હિમતવાલા હૈ તો જો અપને ઝુલ્મ કે બાદ તૌબા કરે ઔર સંવર જાએ તો અલ્લાહ અપની મહરસે ઉસ પર રુજૂઅ ફરમાએગા.

(૯૮) ઔર ઈસકી ચોરી દો મરતબાકે ઈકરાર યા દો મર્દો કી શહાદતસે હાકીમ કે સામને સાહિત હો ઔર જો માલુ ચુરાયા હૈ વોહ દસ દિરહમ કે કમકા ન હો. (કમાફી હદીસ ઈબ્ને મસ્ઊદ) (૯૯) યા'ની દાહના ઈસ લિયે કે હઝરત ઈબ્ને મસ્ઉદ રદિયલ્લાહો અન્હોકી કિર્અ તમે (અયમા ન હુમા) આયા હૈ. મસ્અલા : પહલી મરમતબાકી ચોરીમેં દાહિના હાથ કાટા જાએગા ફિર દુબારા અગર કરે તો બાયાં પાંવ ઉસકે બાદ ભી અગર ચોરી કરે તો કૈદ કિયા જાએ યહાં તક કે તોબા કરે. મસ્અલા : ચોર કા હાથ કાટના વો વાજિબ હૈ ઔર માલ મસરૂક મૌજૂદ હો તો ઉસકા વાપસ કરના ભી વાજિબ ઔર અગર વોહ ઝાએ હો ગયા તો ઝમાન વાજીબ નહીં (તફસીરે અહમદી) (૧૦૦) ઔર અઝાબે આખેરતસે ઉસકો નજાત દેગા.

# પ્રકરણ-૭
# તારણો, ફલિતાર્થો અને સૂચનો

## ૭.૧ તારણો

અપરાધ, અપરાધનાં કારણો, અપરાધ નિવારણ વગેરે વિષયો પર ઘણા સોધનો, લખાણો થયા છે. પરંતુ આ વિષય છતાં આજે એટલો જ જીવંત છે. આ વિષય ઉપર સંશોધન કરીએ એટલું ઓછું પૂરવાર થાય છે. જાણે એમ લાગે છે કે આનો કોઈ અંત જ નથી. સંશોધકના મતે નોંધવા જેવી બાબત ઉપર આવીએ છીએ કે દરેક વ્યક્તિ જાણ્યે અજાણ્યે આ વિષય ઉપર સતત ચિંતન અને મનન કરતો રહે છે. દરેક ભણેલો કે અભણ માણસ આ વિષય પર કંઈકને કંઈક પ્રકાશ ફેંકી શકે તેવો સમર્થ જોવા મળ્યો છે. કઈ બાબત, કઈ પરિસ્થિતિ માણસને કાયદો તોડવા મજબૂર કરે છે. દરેક સમાજ દરેક સમયે એવો કોયડો બનીને સામે આવે છે કે જે ગૂઢ કાયદો ઘડી શકાય. અપરાધ એક શાશ્વત ઘટના છે. જેટલો સમાજ શાશ્વત છે તેટલો જ અપરાધ પણ શાશ્વત છે.

ઘણા લોકો ઘણા સ્થળે તેમના નિર્ધારિત વર્તનની લક્ષ્મણરેખામાંથી બહાર આવી જાય છે. તેથી જ અપરાધ કદી નાબૂદ કરી ન શકાય તેવું કડવું સત્ય પૂરવાર થઈ રહેલ છે.

માનવીય નબળાઈઓ, ગુસ્સો, લાલચ, અદેખાઈ જેવી બાબતો સપાટી પર આવ્યા વગર રહેતી નથી. અને અપરાધ થયા વગર રહેતો નથી. ભાન ભૂલેલા, બુદ્ધિહીન, આવેશમુક્ત અને ખોટા સંસ્કારવાળા લોકો સામે માનવીની દંડનીતિ અવારનવાર બુઠ્ઠી થતી જોવા મળે છે. વ્યક્તિને કાયદા પાલન ભણી દોરી જતી સામાન્ય અપેક્ષાઓ અને દબાણો અમૂક વ્યક્તિઓનાં કેસોમાં તૂટી જતો જોવા મળે છે. બધા જ યુગમાં બધા જ લોકોની બધી જ જરૂરીયાતો પૂરી કરી શકાય તેવી

હોતી નથી. ત્યાં તેવી કોઈ યોજનાઓ ઘડી કાઢવી સંભવ નથી અને માનવોનો અજંપો, અશાંતિ, નિર્મૂલ કરી શકાતી નથી અને જે અપરાધનું ઉદ્‌ભવસ્થાન બનીને દરેક સમયના દરેક સમાજને માટે એક પડકાર બનીને સામે આવી જાય છે.

જેમ જેમ સમાજ વધુને વધુ જટિલ બનતો જાય છે તેમ તેમ આ સમસ્યા વધુને વધુ ઘેરી બનતી જાય છે. કાયદાઓ બનાવવાથી ઉપચારની ભાષાની જોગવાઈઓથી અનિષ્ટો વધુને વધુ વકરતા જાય છે. જટિલ સમાજમાં કાયદાનું પાલન પણ અઘરૂ બની જાય છે.

મનોવૈજ્ઞાનિકો, વર્તનલક્ષી વિજ્ઞાનનાં વિદ્વાનો પણ આ સમસ્યાને કાબુમાં લેવા સંશોધનો કરતા રહે છે. છતાં અપરાધરૂપી ગૂઢ કોયડાનો કોઈ ઉકેલ કોઈ સમાજમાં જોવા મળતો નથી. ગમે તેવા સંશોધકે આપેલી અપરાધ સંબંધી એકમથી વિચારસરણી ગુનાહિત વર્તનનાં સમગ્ર પ્રશ્નનો જવાબ આપવામાં નિષ્ફળ જાય છે. દરેક સમયના પૂર્વવિજ્ઞાની, મનોવિજ્ઞાન, મનોચિકિત્સક, સમાજશાસ્ત્રી, અર્થશાસ્ત્રી ભૂગોળશાસ્ત્રી, ધર્મશાસ્ત્રી વિગેરેએ આ જટિલ પ્રશ્નને નિવારવા પ્રયાસો કર્યા છે. પણ એ લોકો ચાલ્યા ગયા પછી પણ અપરાધ આજે એક યા બીજા સ્વરૂપે આપણી સામે આવીને એવો જ અડીખમ ઊભો રહ્યો છે.

અપરાધ માટે ઘણા બધા કારણો કારણભૂત ગણાયા છે. તેમાં કામદારોનું શોષણ, શિક્ષણનો અભાવ, મનોરંજન માટેની સગવડોનો અભાવ, શરીરની ગ્રંથીની ખામીભરી કામગીરી, પૂર્વશાસ્ત્રીય દષ્ટિએ ઉતરતાપણું, પોલીસનો ભ્રષ્ટાચાર, ધાર્મિક તાલીમની અવગણના, લાગણીતંત્રની અસ્થિરતા, પાયાની ઈચ્છાઓ સંતોષવામાં નિષ્ફળતા, ભગ્નઘરો, પ્રેમનો અભાવ, ગરીબી, દારૂ-નશાકારક પદાર્થોનું સેવન, મા-બાપનાં અંકુશનો અભાવ, સામંતયુગી માનસ, ઝડપી પૈસા બનાવવાની ઘેલછા, આર્થિક-સામાજિક સમસ્યાના જ્ઞાનતંત્રનો થાક, વૈયક્તિક સ્વાતંત્ર્યનો ખ્યાલ વગેરે.

અપરાધ સંબંધી તમામ વિચારસરણીઓ હકીકતો ઉપર રચાયેલી હોવી

આવશ્યક છે. જેમાં તમામ વિચારસરણીઓનું મૂલ્યાંકન કરતી વખતે તેને મહદ્અંશે હકીકતોની ઉપસ્થિતિ સાથે ઘટનાઓનું યોગ્ય અર્થઘટન પણ એટલું જ આવશ્યક છે. મોટા ભાગના અપરાધીઓ શારીરિક અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ આપણને સરખાજ જોવા મળતા હોય છે. એમ કહેવાય છે કે તેઓ અમુક પરિસ્થિતિમાં મુકાતા જ અપરાધનું અનુસરણ કરતા હોય છે. સમાજમાં દરેક લોકો કોઈ એક પરિસ્થિતિમાં ગુનાહિત પ્રવૃત્તિ તરફ ધકેલાઈ જતા હોતા પણ નથી. અપરાધ વિજ્ઞાનીઓ સામે અપરધ અંગે વધુ સંશોધન કરવાનો પડકાર સતત પ્રયત્નથી જ જોવા મળ્યો છે. આ અંગે તેઓને અગાઉનું તેમજ વર્તમાન જ્ઞાનને યોગ્ય રીતે જોડી તેમાંથી ઉકેલ શોધવાનાં પ્રયત્ન કરવા જરૂરી બની રહેતા હોય તેમ લાગ્યા વગર રહેતું નથી.

મૃત્યુદંડની સજા સમાજમાં અલ્પ પ્રમાણમાં બનતી ઘટનાઓ જેવી કે માનવ હત્યા, ખૂન તેમજ ગંભીર પ્રકારનાં ગુનાઓ થાય ત્યારે પરિણામ સ્વરૂપ અસ્તિત્વમાં આવે છે.

એક એવું તારણ નીકળે છે કે, પહેલાનાં સમયમાં મૃત્યુદંડની સજાની જો શક્યતાઓ હતી તો ભવિષ્યમાં ઉભા થતાં ગૂનેગારો ગુનાહિત કૃત્ય કરતાં પહેલા તે અંગે બે વખત વિચારી શકયા હોત, અને તેમ કરીએ તેઓએ પોતાનો ગૂનાહિત કૃત્ય કરવાનો વિચાર માંડી વાળ્યો હોત. મૃત્યુદંડની સજા દ્વારા સમાજમાં થતી ખૂન-મરકી તેમજ તેને સમાનરૂપ ગુનાઓ ઉપર તેથી પાબંદી લાવી શકાઈ હોત.

ગુન્હાઓ અને ગૂન્હેગારો સંબંધી અભ્યાસ કરતાં એવા તારણ પર આવી શકાય કે જે ગૂન્હાહિત કૃત્યો, ગૂનાહિત ચાલચલન અને પરિણામ સ્વરૂપે થતી સજાઓ એ જ માત્ર આ વિષયની ફલશ્રુતિ છે. તેમ છતાં પણ આ બાબતે એમ પ્રસ્થાપિત કરી શકાય કે મજકૂરની પ્રક્રિયા અને પ્રકરણમાં ખૂનામરકીની સંખ્યામાં એટલું જ નહીં પરંતુ મૃત્યુદંડની સજા નાબુદ કર્યા બાદ પણ અને સાથે સાથે

અભ્યાસ બાદ પણ એ તારણ નીકળે છે કે માત્ર મૃત્યુદંડની સજાએ સમાજમાં થતા ગંભીર પ્રકારનાં ગુનાઓ રોકવા માટે પર્યાપ્ત નથી.

સર્વેક્ષણ દ્વારા પ્રાપ્ત થયેલા આંકડાઓ મુજબ તથા અમુક દેશોનું નિરીક્ષણ કરતાં એ વાત ધ્યાન ઉપર આવી છે કે સૂચિત તમામ જગ્યાએ ગુનાહિત કૃત્યો રોકવા માટેનાં પાસા એક સરખા જ છે, અને તેમાંથી પણ ફરીવાર વિશ્લેષણ કરતાં જે દેશો મૃત્યુદંડની સજાની જોગવાઈ વાળા કે તે જોગવાઈ વગરનાં છે, તો છણાવટ બાદ એ પરિણામ ઉપર પહોંચવાનું સૂચવી શકાય કે મૃત્યુદંડની સજા કેટલે અંશે ગંભીર પ્રકારનાં ગુના રોકવા માટે કેવી રીતે પ્રતિકૂળ છે. ઉદાહરણ સ્વરૂપે પશ્ચિમના દેશો જેવા ઔદ્યોગિક દેશો યુ.એસ.એ., કેનેડા, ઓસ્ટ્રેલીયા, ન્યૂઝીલેન્ડ, નોર્વે, સ્વીટર્ઝલેન્ડ, આઈસલેન્ડ, મોનેકો અને લેન્કેશાયરનાઓએ મૃત્યુદંડની સજાને નાબૂદ કરેલ છે. અને માત્ર યુ.એસ.એ. તેમાંથી બાકાત રહેલ છે. તેમ છતાં આજ પણ યુ.એસ.એ.માં હાલમાં પણ ખૂનામરકીનું પ્રમાણ મોટા પ્રમાણમાં છે. તેનાં ઉપરથી એવું તારણ નીકળે છે કે મૃત્યુદંડની સજા નાબુદ કરેલ છે. ત્યાં ગુનાહિત પ્રવૃત્તિ કેટલા પ્રમાણમાં છે, જયારે યુ.એસ.એ. એક માત્ર મજકૂર સજાને ધારણ કરતો દેશ છે.

ખરેખર એ તદ્દન સાચી વાત છે કે જો એવી દલીલ કરવામાં આવે કે મૃત્યુદંડની સજાની જોગવાઈ અત્રે અસ્તિત્વમાં ના હોય તો યુ.એસ.એ. માં વધુ પ્રમાણમાં ખૂનામરકી થઈ હોત, પરંતુ આ નિવેદન સમર્થન આપવા માટે અભ્યાસ કરીને પણ સમર્થન આપવું મુશ્કેલ છે. યુ.એસ.એ.ના રાજ્યમાં (U.S. States) કે જયાં મૃત્યુદંડની સજા નાબૂદ કરવામાં આવી છે ત્યાં ખૂનામરકીનાં પ્રમાણમાં કોઈ જ વધારો થયેલ નથી જે નિરીક્ષણ સપ્ટેમ્બર-૨૦૦૨ માં ‘‘ન્યુયોર્ક ડે ટાઈમ્સ’’ દ્વારા કરવામાં આવેલ છે. એ મુદ્દાની વાત ધ્યાન ઉપર આવેલી છે કે છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન તે રાજ્યમાં માનવ હત્યાનાં ગુનાઓ અને પરિણામે અપાયેલ મૃત્યુદંડનું

પ્રમાણ ૪૮% થી ૧૦૧% નું છે અને પ્રમાણ બીજા દેશો કરતાં ઘણું જ વધુ પ્રમાણમાં છે કે જ્યાં મૃત્યુદંડની સજાની કોઈ જોગવાઈ નથી. વધુમાં એફ.બી.આઈ. ડેટા બતાવે છે કે ૧૨ માંથી ૧૦ રાજ્યો ત્યાં આવા પ્રકારનાં માનવ હત્યાનાં ગુનાનું પ્રમાણ રાષ્ટ્રીય પ્રમાણ કરતાં નિમ્ન સ્તરે છે.[૧]

વધુમાં કેનેડા દેશમાં સને ૧૯૭૬ માં મૃત્યુદંડની સજા નાબૂદ કર્યા બાદ માનવ હત્યાનાં પ્રમાણમાં ઘટાડો થયો છે. સને ૨૦૦૦ ની સાલમાં કેનેડામાં ૫૪૨ માનવ હત્યાના કિસ્સાઓ બનેલા અને તેમાં સને ૧૯૯૮ કરતાં ૧૬ નો ઘટાડો થયો હતો અને સને ૧૯૭૫ કરતાં તે ૧૫૯ બનાવોથી ઓછો છે. (એ રીતે મૃત્યુદંડની મહત્તમ સજા નાબૂદ પ્રમાણેની હતી.)[૨]

યુ.એસ.એ.માં મોટા ગુનાખોરોનું પ્રમાણ વધારે છે, અને એવું કારણ એ છે કે બીજા દેશો કરતાં યુ.એસ.એ.માં આસાનીથી બંદૂક વિગેરે જેવા શસ્ત્રો મળી રહે છે. અને આજ એક કારણ મજકૂરનાં દૂષણ માટેનું છે. પરંતુ આટલું જ માત્ર સૂચિત સમસ્યાનું વર્ણન કરવા માટે પર્યાપ્ત નથી. પ્રથમ દષ્ટિએ જોતાં યુરોપની અંદર માત્ર બંદૂક હસ્તગત કરવી એ કોઈ સમસ્યા નથી, કારણ કે બંદુક, બંદૂકધારીની હત્યા કરતી નથી, કારણ કે બંદૂક વાપરવા માટે તમારે કોઈ વ્યક્તિની જરૂર હોય છે ત્યારે તેના દ્વારા થતાં ગંભીર પરિણામ અંગે વિચારતા જ નથી. તેમજ મોટાભાગની માનવ હત્યાના બનાવો કેફી દ્રવ્યોના સેવનની અધિનતાથી જ

---

૧. એમનેસ્ટી યુ. એસ. એ.

૨. કરેકશનલ સર્વિસ કેનેડા, લોગન આર ક્રાઈમ સ્ટેટેસ્ટીકસ કેનેડા - ૨૦૦૦, જ્યુરી સ્ટેટ, વોલ્યુમ : ૨૧ નંબર : ૮, અપ્ટાવા કેનેડીયન સેન્ટર ફોર જસ્ટીસ ક્રાઈમ સ્ટેટેસ્ટીકસ - કેનેડા - ૧૯૯૮ જ્યુરી સ્ટેટ વોલ્યુમ : ૧૯, નંબર - ૯, ઓપ્ટાવા કેનેડીયન સેન્ટર ફોર જસ્ટીસ સ્ટેટેસ્ટીકલ : ૧૯૯૯, પૃ. ૬ ઉપરથી.

થતાં હોય છે, અથવા તો મનમાં થયેલી વિકૃતતાથી તેના ઉપરથી થાય છે. અને આમ થતાં મનુષ્યની આત્મશક્તિ તથા કર્તવ્યદક્ષતા નિમ્નકક્ષાએ પહોંચી જાય છે અને તે નિર્મળ ભાવથી વિચારી શકતો નથી. અને તેથી તેને ભય, રોગ, ભયાનકતા, દુષ્ટતા જેવા પ્રદુષણોનો ખ્યાલ સુદ્ધા આવતો નથી. ઘણી માનવહત્યાઓ બાળકો તથા માનસિક અસ્થિર હોય તેવી વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે છે, એ વાતની ખબર હોતી નથી કે તેઓ શું કરી રહ્યા છે. સમાજમાં બીજા પણ અનેક પ્રકારનાં ગંભીર ગુનાઓને સ્થાન પ્રાપ્ત છે, જેવા કે માનવ હત્યા અથવા ખૂનામરકી કે જે ગુનાહિત કૃત્યો કરનારાઓ દ્વારા પાર પાડવામાં આવે છે. તેમ છતાં પણ મજકૂરની ઘટનાઓમાં અવરોધક ઉપચારોથી કોઈ પરિણામ આવતું નથી કારણ કે ગૂનો કરનારી વ્યક્તિઓ એ વાતને માનતી નથી કે તેઓ પકડાઈ જશે અને તેઓ એ વાતની પણ કાળજી લેતા નથી કે તેમને સજા થશે.

એક એવું તારણ નીકળે છે કે મૃત્યુદંડની સજાને પાત્ર હોય તેવા કેસો ખૂબ જ ચોક્કસ રીતે ચકાસણી કરીને ચલાવવામાં આવે છે અને એ વાતનું ધ્યાન રાખવામાં આવે છે કે મજકૂરનો કેસ ચલાવતી વખતે કોર્ટ સમક્ષ ભૂલ કરવા માટે કોઈ શક્યતા ઉપસ્થિત ન થાય, અને એ પ્રસંગ અશક્ય બને કે કોઈ નિર્દોષ માણસને સજા થાય અને તેને મૃત્યુદંડની સજા થાય. સાથે સાથે એ વાત પણ સાચી છે કે આવા પ્રકારનાં કેસોમાં સચોટ પુરાવાઓ હોતા નથી. જેવા કે કોર્ટમાં કામ કરતાં માણસો, પ્રકરણ અંગે તપાસ કરીને ગુનો શોધવાનો પ્રયાસ, ઘટનાનું પૃથક્કરણ, પુરાવાની ગણતરી, જજમેન્ટ આપવાની કામગીરી, પરંતુ એ વાત પણ સ્પષ્ટ છે કે ખોટા અને કૃત્રિમ કારણોથી થયેલી સજા એ કોઈ ઘડી કાઢેલી વાર્તા નથી, જયારે કોઈ નિર્દોષ માણસને કારાવાસમાં મોકલી આપવામાં આવે છે અને એવી સજા કરવામાં આવે છે ત્યારે એવું પ્રસ્થાપિત તત્ત્વ છે કે મજકૂરનાં કોર્ટ ઉપરનાં ખોટા ચુકાદા ઉપર વળતર આપવાની જોગવાઈ અનુસાર તે માણસને છોડી મૂકવો જોઈએ, અને પૈસાથી વળતર આપવું જોઈએ. જયારે કોઈ કેસમાં માણસને મૃત્યુ

દંડની સજા આપવામાં આવે છે ત્યારે તે અંતિમ પ્રકારનો નિર્ણય હોય છે અને આવા કેસમાં વળતર આપવાની સંધિ પ્રાપ્ત હોતી નથી એવું તારણ નીકળેલ છે.

કોઈપણ વ્યક્તિને મૃત્યુદંડની સજા કરવી એ ઘટના તેને જન્મભર કારાવાસમાં રાખવા કરતાં સસ્તી પ્રક્રિયા છે. કારણ કે પ્રથમ દષ્ટિએ જોતાં મનુષ્યમાત્રની કોઈ કિંમત આંકી શકાતી નથી. વસ્તુસ્થિતિને અનુલક્ષીને જોતાં એ વાત પણ સ્પષ્ટ થાય છે કે મૃત્યુદંડની સજા પાછળ ખર્ચાતી રકમ જન્મટીપની સજા પામેલા માણસને કારાવાસમાં રાખી તેની પાછળ થતાં ખર્ચા કરતાં વધારેની હોય છે, અને આ બધું એ રીતે બને છે કે જે વ્યક્તિને ન્યાયાલયની કાર્યવાહીમાં ખર્ચો કરવો પડે. મૃત્યુદંડની સજાવાળા કેસમાં જે તે રાજ્યોએ શુદ્ધ ન્યાયસંહિતાની પ્રક્રિયામાં ખાત્રી આપવી જોઈએ જેવું કે ઘટનાની પરિપૂર્ણ તપાસ, પર્યાપ્ત સમયનો વપરાશ, પર્યાપ્ત પ્રમાણમાં પુરાવો ભેગો કરી વકીલ તરફથી આરોપીને બચાવવા માટેની કાર્યવાહી, એ રીતે જોતાં વાત ફલિત થાય છે કે કોર્ટ સમક્ષ ચાલતા કેસમાં પર્યાપ્ત માત્રામાં ધનસંપાદનોનો વપરાશ થાય છે.

ઘણાં કેસોમાં એવું જોવામાં આવ્યું છે કે મૃત્યુદંડની સજા જન્મટીપની સજામાં ફેરવી નાખવામાં આવેલી છે અને આ પ્રક્રિથી એ વાત સ્પષ્ટ થાય છે કે પહેલાંના કરેલા ખર્ચા કરતાં આ પ્રક્રિયામાં વધારાનો ખર્ચ કરવામાં આવે છે અને અત્રે એ બાબત નોંધવા જેવી છે કે આવા પ્રકારના જે દેશમાં મૃત્યુદંડની સજાની જોગવાઈ તથા તેની પ્રક્રિયા ઉપર જ આધારિત હોય છે. જેવી કે કોઈ દેશમાં સામાન્ય પ્રક્રિયા બાદ આરોપીને મદદગાર વકીલ આપવામાં આવેલ ના હોય અને એ રીતે જોતાં આ પ્રક્રિયામાં થતો ખર્ચો ઓછો થાય છે અને એ રીતે આ પ્રક્રિયા શુદ્ધ ન્યાયાલયની પ્રક્રિયા ચલાવતી વખતે ચોક્કસ કાળજી લેવામાં આવતી નથી અને પરિણામે મૃત્યુદંડની સજાવાળા પ્રકરણોમાં ન્યાયસંહિતાની શુદ્ધતા જળવાતી નથી અને તેને નાશવંત સ્વરૂપ પ્રાપ્ત થાય છે અને તેથી ખામી ભરેલી સજા પ્રાપ્ત થવાની શક્યતા વધતી જાય છે.

બધાને માટે મૃત્યુદંડની સજા પ્રાપ્ત કરવા માટે સરખી જ જોગવાઈ છે. બંધારણમાં કાયદાની જોગવાઈ બધાને માટે એક સરખી જ છે અને એ વિચારધારાને સમગ્ર દુનિયાની મહાસત્તાઓએ સ્વીકારી છે. તેમ છતાં ઘણા મોટા અભ્યાસ દ્વારા જોવાયું છે કે મૃત્યુદંડની પ્રક્રિયામાં આ સજાનું પ્રમાણ ગરીબ વર્ગના માણસો માટે વધુ પ્રમાણમાં છે, તેમજ કરવામાં આવેલી છે, અને એ રીતે તે અવરોધક તથા બદલાની ભાવનાવાળું છે. આ રીતે આ દેશમાં યોગ્ય શિક્ષા કરવાના સિદ્ધાંત સાથેની હોઈ એવા તત્વ સાથે પ્રસ્થાપિત છે કે ''પાપનો તિરસ્કાર કરો પાપીનો નહીં''

ભારતીય દંડ સંહિતામાં સાત અપરાધો છે. અને તે અપરાધો માટે જ આરોપીને મૃત્યુદંડની સજા આપવાની જોગવાઈ કરવામાં આવેલી છે. તેમાં કલમ-૧૨૧ (સરકાર સામે સંગ્રામ છેડવો). કલમ-૧૩૨ (બળવો કરવો), કલમ-૧૯૪ (ખોટો પૂરાવો આપવો કે તૈયાર કરવો જેના દ્વારા નિરપરાધ મનુષ્યને મૃત્યુદંડની સજા થાય) કલમ-૩૦૫ (આત્મ હત્યા માટે પ્રેરણા આપવી, સગીર અથવા મંદ બુદ્ધિવાળાની હત્યા, અથવા માદક પદાર્થ પાઈને કરાયેલી હત્યા) કલમ-૩૯૬ (ખૂનામરકી સાથે ધાડ પાડવી) કલમ-૩૦૭ (ખૂનની કોશીશ, જન્મટીપની સજાને ઈજા કરેલ હોય તો) ભારતીય દંડ સહિતા સિવાય ભારતમાં બીજા પણ કાયદાઓ છે જેવા કે વિસ્ફોટક પદાર્થ કાયદો, કેફી દ્રવ્યોનું સેવાન તથા શારીરિક હાનીકારક પદાર્થ કાયદો, ત્રાસવાદ બંધીકરણ કાયદો, મજકુરના તમામ કાયદાઓમાં મોટી સજાઓની કરવાની જોગવાઈ છે. પરંતુ ન્યાયાલય દ્વારા ઘણીવાર એવું તારણ કાઢવામાં આવેલ છે કે મૃત્યુદંડ એ મોટામાં મોટી સજા છે અને તેને અવિચારીપણામાં આપવી ન જોઈએ, તેમજ તે હુકમ જો હુકમી ભરેલો પણ હોવો ન જોઈએ અને ઓછા પ્રમાણમાં ઓછા કેસોમાંથી અત્યંત ઓછી રીતે કરવાની સજા છે અને આ પ્રમાણે ઓછા પ્રમાણમાં કરવાની સજા માટે માનનીય ઉચ્ચ અદાલતો અને વરિષ્ટ અદાલતે ઘણા જ ચૂકાદાઓ આપેલા છે. કલમ ૩૪૫(૩) ક્રીમીનલ પ્રોસીજર

કાંડ ન્યાયાલયને બાધ આપે છે કે નીચેની કોર્ટોએ મૃત્યુદંડની સજા આપતી વખતે સચોટ કારણો આપવાના રહેશે અને મજકૂરની ન્યાયસંહિતા એ સૂચિત સિદ્ધાંતને બાધકરૂપ છે અને પ્રસ્થાપિત થાય છે કે જન્મટીપ એ કાયદો છે. તથા મૃત્યુદંડની સજા એ અપવાદ સ્વરૂપે સ્થાન ધરાવે છે. પરંતુ જયારે ટાડાનો કાયદો ઘડવામાં આવ્યો (ત્રાવસાદ તથા હાનીકારણ પ્રવૃત્તિ રોકવા માટેનો કાયદો-૧૯૮૭), ત્યારે મૃત્યુદંડની સજા મજકૂરના કાયદામાં ચોક્કસ સ્વરૂપની સજા ગણવામાં આવેલ છે અને ભારતના રાજકારણની સ્થિતિ એ વાત સાથે સંમત થયેલ છે કે તે અનિવાર્ય કાયદો છે, આપણે રાજકીય સત્તાના આભાર માનવાના છે કે તેણે ત્રાસવાદને રાષ્ટ્ર માટે સુરક્ષા માટે મોટો ભય છે તેવું ગ્રાહ્ય રાખેલ છે. હાલમાં ૨૦ એવા કાયદાઓ છે કે જેમાં મૃત્યુદંડની સજાની જોગવાઈ છે, અને તમામ રાજકીય પક્ષોએ મજકૂર કાયદાની જલધારમાં પોતાના હાથ ધોઈ લીધા છે, અને એ રીતે ત્રાસવાદ સામે પ્રતિકાર કર્યાનો દેખાવ કરે છે. ટાડાનો કાયદો માત્ર લઘુમતીઓ સામે જ વાપરવામાં આવેલ છે જેવી કે શીખ અને મુસ્લીમ સમુદાય, અને જયારે આ કાયદાનો વિરોધ થયો હતો તો પણ તેને માન્ય ગણાયેલ છે. પંજાબની અંદર ૧૫,૦૦૦ થી પણ વધારે શીખોને ટાડાના કાયદામાં સંડોવવામાં આવેલ છે અને જેમાંના મોટાભાગના માણસોને કોર્ટ દ્વારા અંતમાં છોડી મૂકવામાં આવ્યા છે. જમ્મુ અને કાશ્મીર, ગુજરાત, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં મુસ્લીમ જ્ઞાતિના માણસોને મોટા પ્રમાણમાં ટાડાના કાયદામાં સંડોવવામાં આવેલા છે અને મોટા પ્રમાણમાં તેઓને મૃત્યુદંડની સજા કરવામાં આવેલી છે, અને સર્વોચ્ચ અદાલતે તે સજામાં ઘટાડો કરેલ છે.

સર્વોચ્ચ અદાલત અનેક ચુકાદાઓ હોવા છતાં અને બંધારણની સાતત્યનો સ્વીકાર કરેલ હોવા છતાં તેમજ મુખ્ય સજાઓની સાતત્યની તપાસ કરેલ હોવા છતાં પણ તે અંગેની ચર્ચા ચાલુ જ રહેવી જોઈએ અને બંધ કરી દેવાની કે અભેરાઈએ ચઢાવી દેવાનો પ્રશ્ન જ નથી તેમજ તેને કોઈ વ્યક્તિ, પંચ કે સંપ્રદાયને

આધીન રાખી જોવાની જરૂર નથી અને નિર્ણાયક છે તેવું પણ માનવું જરૂરી નથી. કારણ કે આ સમયનું તારણ એવું છે કે આ કાયદા માટે સમયાનુસાર ફેરવિચારણા થવી જોઈએ કે જયારે આવો સમાજ સંપૂર્ણ વિકાસ તરફ પોતાની સુવિચારધારા સાથે આગળ વધી રહ્યો છે અને આ પ્રમાણેની ચર્ચાએ ખૂબ જ સચોટ અને જરૂરી બની છે કે જયારે મોટી ભૂલોની શક્યતાઓને લીધે મૃત્યુ સાથે મનુષ્યના જીવનનો પ્રશ્ન સંકળાયેલો હોય, અને આની વિશેષતાની જરૂર એટલા માટે છે કે જયારે ગુના અને ગુના સંબંધીની વિચારધારાઓ બદલાતી જાય છે અને એ રીતો મોટા પ્રમાણની સજા રાષ્ટ્રમાં તથા પરરાષ્ટ્રમાં પણ ચર્ચાનો વિષય બનેલ છે. એ વાર્તાને નકારવી ન જોઈએ કે ન્યાયાલયોને માત્રઆરોપીને ગુના અંગે સજા જ કરવાની જોગવાઈ છે. પરંતુ સજા કરતી વખતે તેની કાયદેસરતા તથા અગત્યના પાસા તપાસવાની ખાસી જરૂરી છે. એ રીતેની કાર્યપ્રણાલિકાને પ્રસ્થાપિત કરીને આરોપી ફરીવાર તેવો ગૂન ના કરે તેવી સંધી તેને આપવી જોએ, એ વાત સાચી છે કે આરોપીને સજા કરવાની સત્તા એ કોર્ટને આપેલી સત્તા છે. પરંતુ તેને સત્તા ન્યાયીક રીતે વાપરવી જોઈએ અને ગૂનાની સચોટ વિગતો ઉપર જ સંપૂર્ણતઃ આધારિત હોવી જોઈએ. ખરેખર જોતા મૃત્યુદંડની સજાને વધુ પ્રમાણમાં અપાતી સજા છે કારણ કે તેનાથી મનુષ્યનો જીવનનો અંત આવતો હોય છે તેથી કાયદામાં બાધ મૂકવામાં આવેલ છે અને આવી મોટી સજા આપતી વખતે ચોક્કસ કારણો આપવાની જોગવાઈ કરવામાં આવી છે, અને કારણો ગૂનાને લગતો હોવા જોઈએ નહીં પરંતુ ગૂનેગારને લગતા હોવા જોઈએ, ગૂનો ભયાનક ઘટના છે, પરંતુ ગુનેગાર મૃત્યુની સજા ઈચ્છનો નથી. માનનીય ન્યાયમૂર્તિશ્રી વી. આર. કૃષ્ણઐયરે રાજેન્દ્ર પ્રસાદ વિરુદ્ધ ઉત્તર પ્રદેશના કેસમાં ઉપર મુજબના વિચારો રજૂ કરેલા છે.

સાથે સાથે ભૂતપૂર્વ ચીફ જસ્ટીસ આ શ્રી એ. એસ. આનંદ તેનાથી આગળ જઈએ રાજવી વિરુદ્ધ રાજસ્થાન રાજ્યનાં કેસમાં જણાવે છે કે ગૂનાની ગંભીભરતા તેમાં રહેલી વાસ્તવિકતા ઉપર આધાર રાખે છે અને તેને ગુનેગાર સાથે

કાંઇ સંબંધ નથી હોતો અને તેથી તે સજા કરતી વખતે તે વસ્તુ સ્થિતિને સુસંગત હોવું જરૂરી છે. સતત આ પ્રમાણેના તારણો વરિષ્ઠ અવાલતોએ કરેલા હોઇ તમામ ન્યાયાલયોએ હવે સજા કરતી વખતે આ સિદ્ધાંતને અનુસરવા જોઇએ. આ સિદ્ધાંતોને બે વિભાગોમાં વહેંચવામાં આવેલા છે કે અતિશયોક્તિવાળા સંજોગો તથા કઠોરતા ઓછી અતિશયોક્તિ થાય તેવા સંજોગો હવે શંકર ગૌરી સરકાર વિરુદ્ધ તામીલનાડુ રાજ્યના કેસમાં નામદાર કોર્ટ એવા તારણ પર આવેલ છે કે ખૂનના ગુનામાં બે પ્રકારની સજાઓ નિશ્ચિત હોય છે. પરંતુ મજકૂરની સજાઓ જે તે કેસમાં રહેલી વાસ્તવિકતા ઉપર આધાર રાખેલ છે અને તેથી કોર્ટે તેની સત્તાને ઉપયોગ ન્યાયસંહિતાને આધીન રહીને કરવાનો હોય છે અને આ કાર્યો કરતી વખતે તેણે ન્યાયીક સિદ્ધાંતો ને અનુસરવાની ખાસી જરૂર છે અને એ રીતે ઉપર પ્રમાણેના સંજોગોને એક સરખા તોલીને ન્યાય કરવાનો હોય છે.

કોર્ટે એ તત્વને પણ જોવાનું હોય છે કે મજકૂરના ગુનામાં કોઇ સર્વ સામાન્ય વસ્તુસ્થિતિ સમાયેલી છે કે જેના આધારે કોઇ વ્યક્તિને જન્મટીપની સજા થાય અને સાથે સાથે મૃત્યુદંડની સજા પડવાની શક્યતાઓ પણ હોય. કોર્ટે એ પણ જોવાનું હોય છે કે ગુનાહીત કૃત્ય તથા ગુના કરનારા સંજોગો એ બતાવે છે કે ગુનાહીત કૃત્ય દુષિત છે અને જન્મ્ટીપની સજા અલ્પ છે. કર્ણાટક તથા બીજા કર્નાટક રાજ્યના રાજ્યના કેસમાં માનન્યશ્રી એ. એસ. આનંદ જણાવે છે કે ગુનો ઇરાદો તથા તેનું અનુસરણ કે જેનાથી ગુનો કરાયેલ હોય, તેમાં વપરાયેલ શસ્ત્રસાધન, તેમાં આચરેલી નરાધમતા વગેરે પરિબળો કોર્ટે ઝીણવટપૂર્વક વિચાર કરવાનો હોય છે સાથે સાથે ગંભીર સંજોગો અગ્રીમતાથી કે જેનાથી મોટી સજા થવાની શક્યતા હોય આ બધી ચીજો ગુનાનું ઉદ્‌ભવસ્થાન છે, અને ભલે તે પ્રસંગે જોરજૂલમી હોય કે છેતરપીંડીનો હોય કે પછી દૂષિત હેતુ હોય, જેનાથી ગૂનેગાર પ્રવૃત થયો હોય, અને એ રીતે સમાજ અથવા કોઇ વ્યક્તિને સહન કરવું પડતું હોય, અથવા તો ચોક્કસ તત્વો જે અમુક કેસોમાં સમાયેલા હોય જેનાથી આરોપી તે કૃત્ય કરવા માટે પ્રવૃત્ત થાય.

## ૭.૨ ફલિતાર્થો :

દેહાંતદંડની રાખવી કે દૂર કરવી તે સંબંધી અનેક દલીલો થઇ છે. કોઇએ તેની હિમાયત કરી છે તો કોઇએ તેની નાબુદી બાબતે પોતાનો અભિપ્રાય જાણાવ્યો છે. દેહાંતદંડની સજા કાયમ રાખવી કે નહીં, તે તેના ઉદ્દેશ્ય અને ગુનાના સંજોગો ઉપર આધાર રાખે છે. જો ઉદ્દેશો વાજબી અને વ્યવહારુ હોય તો તેને દૂર કરવા આ સજાની નાબુદી અનિવાર્ય બની જાય છે.

(૧) ભારતમાં રાજ્યે રાજ્ય, અને વળી જિલ્લે જિલ્લે કાયદો અને વ્યવસ્થાની જાળવણીની પરિસ્થિતિ ભિન્ન ભિન્ન છે. વળી ભારતની વિશાળ આમ પ્રજા નિરક્ષર છે. તેઓ દેશના ચારે ખૂણામાં આવેલ દૂર દૂરના છૂટા છવાયા ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે. ત્યાં બધે એકસરખું પોલી સરક્ષણ પ્રાપ્ય નથી. ઘણા પ્રદેશોમાં હજી પણ જ્ઞાતિ, સંપ્રદાય, ભાષાના કારણે ટોળાં યુદ્ધ થાય છે. સમાજમાં હિંસાનું પ્રમાણ વધતું જાય છે. કાયદો અને તેના દ્વારા થતી શિક્ષાની જ આવા સંજોગોમાં વ્યક્તિગત કે સામુહિક હિંસા સામે સમાજને રક્ષાણ આપી શકાય છે. આટલી પૂર્વભુમિકા પછી આપણે દેહાંતદંડની તરફેણ અને નાબૂદી માટેની દલીલોની સંક્ષિપ્તમાં સમીક્ષા કરીશું. પણ તે અગાઉ આ કે તે મતના સમર્થનમાં ઉપયોગમાં લેવાતા આંકડાની વિશ્રવસનીયતા વિશે સમજૂતિ મેળવવી જરૂરી છે.

દેહાંતદંડની સજા અને નાબૂદી સંબંધી ઘણીવાર આંકડાશાસ્ત્રીઓની મદદ લેવામાં આવે છે. આ પદ્ધતિ પ્રચલિત અને આવકાર્ય છે. દરેક દેશે તે અપનાવવાની જરૂરીયાત છે.

કયા સંજોગોમાં દેહાંતદંડની સજા કરવી જોઇએ અથવા તો

ક્યા સંજોગોમાં દેહાંતદંડની સજાને બહાલ રાખવી જોઈએ તે અંગેની ચર્ચા કર્ણાટકની ઉચ્ચ અદાલતે કર્ણાટક રાજ્ય વિરુદ્ધ રાજેન[૩]ના કિસ્સામાં કરી છે. આ કિસ્સાની હકીકત એવી હતી કે આરોપીઓ દ્વારા મૃત્યુ નિપજાવીને લૂંટ ચલાવવામાં આવી હતી અને લૂંટ ચલાવતા સમયે એક લાચાર અને અસહાય વિધવાને મૃત્યુને ઘાટ ઉતારવામાં આવી હતી અને એ ઉપરાંત આર્થિક જરૂરિયાતને પોષવા માટે તેવી લૂંટ દ્વારા મિલ્કત લૂંટીને આર્થિક લાભ મેળવવા માટે અન્ય વ્યક્તિને પણ મૃત્યુને ઘાટ ઉતારવામાં આવી હતી. એ સંજોગોમાં કર્ણાટકની ઉચ્ચ અદાલતે વિશદ્ છણાવટ કરીને એવું તારાતમ્ય આપ્યું છે કે અપવાદમાં પણ અપવાદરૂપ કિસ્સામાં આ ઈન્સાફી કાર્યવાહી આવે છે, અને તેથી દેહાંતદંડની સજા જે મહત્તમ સજા બહાલ રાખવી જોઈએ તે અંગેની ચર્ચા આ કિસ્સામાં કરવામાં આવી છે. સજા બહાલ રાખવામાં આવે ત્યારે જે કાંઈ દલીલો કરવામાં આવી હોય તથા નીચેની અદાલતે સજા કરવા માટે જે કારણો આપ્યા હોય અને વિશિષ્ટ કારણો આપ્યા હોય તે તમામની ચર્ચા ઉચ્ચ અદાલતે કરવછી જોઈએ.[૪]

એ અદાલત માત્ર અપીલ નથી સાંભળતી. પરંતુ નીચેની અદાલત દ્વારા સજા બહાલ રાખવા માટે ઈન્સાફી કાર્યવાહી મોકલી આપવામાં આવી હોય છે અને તે અનુસંધાને તમામ દલીલોને પૂરતો અવકાશ હોય છે અને તમામ મુદ્દાની યોગ્ય છણાવટ વિગતવાર ઉચ્ચ અદાલતે કરવી જોઈએ તેમ સર્વોચ્ચ જુદા જુદા

---

૩. ૧૯૯૪ ક્રિમીનલ લૉ જર્નલ - ૧૦૪૨ - કર્ણાટક

૪. ૧૯૯૪ - ક્રિમીનલ લૉ જર્નલ - ૧૦૪૨ - કર્ણાટક

ક્ષેત્રના વિચારકો અને ચિંતકોએ આ સજાની જુદા જુદા કારણોસર તરફેણ કરી છે. આમાં કાયદાશાસ્ત્રીઓ, ન્યાયાધિશો, પોલિસ અને જેલતંત્રવાહકો વગેરેનો સમાવેશ થાય છે.

(૧) શિક્ષા ગુનેગારના સમાજવિરોધી કૃત્ય સામે સમાજનો ધિક્કાર, ફિટકાર અને તિરસ્કારને વ્યક્ત કરે છે. તેથી જેમ ગુનેગારનું સમાજવિરોધી કૃત્ય વધુ ગંભીર તેમ સમાજમાં આ ધિકકાર કે તિરસ્કારનું પ્રમાણ પણ વધુ હોય છે. સમાજની આ ફિટકાર અને તિરસ્કારની લાગણી બરાબર પૂર્ણ સમયે અને યોગ્ય રીતે વ્યક્ત થાય તે માટે હત્યારાની હત્યા જરૂરી બને છે. હત્યારાને દેહાંતદંડને બદલે આજીવન કેદની કે બીજી કોઈ સજા કરવાથી આ ધિક્કાર કે તિરસ્કારની લાગણી અતૃપ્ત રહે છે. આમ થવાથી સમાજમાં હતાશા ફેલાય છે. (પૂણેના અગ્રણી નાગરીકોએ જોશી અભ્યંકર ખૂન કેસના ચારે હત્યારાઓને વિના વિલંબે ફાંસી આપવાની માંગણી કરી હતી. આ માગણી આવા ધિક્કાર કે તિરસ્કારની લાગણીમાંથી ઉદ્ભવી હતી.)

(૨) ખૂનના ઘણા કેસોમાં આરોપી તરફથી ગાંડપણ કે વિવિધ પ્રકારના માનસિક રોગોનો બચાવ રજૂ કરવામાં આવે છે. માનવમનની આવી વિકૃતિઓ અંગે નિષ્ણાંત માનસશાસ્ત્રીઓમાં પણ એકમતી પ્રવર્તતી હોતી નથી. આના પરિણામે ન્યાય કરવાનું કામ ઘણીવાર મુશ્કેલ બની જાય છે. અમેરિકાના પ્રમુખ રેગન ઉપર સાવ નજીકથી ગોળી છોડી તેમના એક અંગરક્ષકનું મૃત્યુ નીપજાવનાર જહોન હિંકલીને જયૂરિએ માનસિક વિકૃતિના કારણે દોષિત માન્યો ન હતો. તેની સામે અમેરિકન પ્રજાના મનભાં ભારે ઉહાપોહ ઉઠયો હતો.

(૩) સમાજ માટે ખતરનાક ગુનેગારોને દેહાંતદંડને બદલે આજીવન કેદમાં રાખવામાં ઘણા જોખમો રહેલાં છે. ઘણીવાર કારોબારીતંત્ર કે વહીવટી તંત્ર રાજકીય કારણોસર કે લાગવગ કે ભ્રષ્ટાચારને કારણે, પોતાની ક્ષમા બક્ષવાની સત્તા કે ગુનેગારને પેરોલ ઉપર મુક્ત કરવાની સત્તાનો દુરુપયોગ કરે, તેવી શક્યતા હોય છે. જ્યાં રાજકીય પક્ષપલટાથી કે વારંવારની ક્રાંતિઓથી કારોબારીતંત્ર અવારનવાર બદલાતું રહેતું હોય ત્યાં, ઉપરોક્ત સત્તાનો દુરુપયોગ થાય તેમ બનવું સંભવિત છે. પરિણામે ખતરનાક ગુનેગારો તેમની સજા પૂરેપૂરી ભોગવ્યા અગાઉ જ સમાજમાં છૂટથી હરતા ફરતા થઈ જાય છે. આનાથી સામાજિક સલામતી વધુ જોખમાય છે. માટે આવા ગુનેગારોને કાયદાએ ફરમાવ્યા અનુસાર દેહાંતદંડ આપી દેવો વધુ યોગ્ય છે.

(૪) જે ગુનેગારો શારીરિક, માનસિક કે સાંસ્કારીક દૃષ્ટિએ સમાજ સાથે બરાબર અનુકૂળ ન થઈ શકયા હોય તેવા મહાખતરનાક માનવહત્યારાઓને, સમાજમાંથી સાવ દૂર કરી દેવા માટે, આ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. ભલે આવા લોકો સાવ અલ્પ સંખ્યામાં હોય, પણ તેમની સાથે કામ પાર પાડવા માટે દેહાંતદંડ સિવાય બીજો કોઈ ઉપાય નથી. બિલ્લારંગા, જોશી અભ્યંકર અને ધનંજય ચેટરજીના કુટુંબીજનોના હત્યારાઓ માટે આ સિવાય અન્ય કોઈ જ વિકલ્પ નથી. અલબત્ત, આવા હત્યારાઓને ફાંસીનો પ્રસંગ અત્યંત ભયાનક છે, પણ તેમણે કરેલી હત્યાઓ તેથી પણ વધુ ભયાનક હતી, તે પણ ભૂલવું ન જોઈએ.

(૫) જયારે આરોપીનો ગુનો શંકારહિતપણે પુરવાર થયો હોય ત્યારે જ,

આ સજા જેવી અંતિમ અને આખરી સજા ફરમાવવી જોઈએ. તે પણ તે જ્યારે તેણે જાણીબુઝીને, યોજનાબદ્ધ રીતે, ભયાનકપણે હત્યા કરી હોય ત્યારે જ. આમ આ સજા ખાસ વિશિષ્ટ કિસ્સાઓ પૂરતી જ મર્યાદિત રાખવી જોઈએ.

(૬) દેહાંતદંડની સજાને ઈશ્વરે આપેલા જીવનની પવિત્રતાના, એક શાશ્વત પણ તાકાતવાન, સમર્થક તરીકે જોવી જોઈએ. મનુષ્યનું જીવન એક પવિત્ર વસ્તુ છે તેથી જે વ્યક્તિ અન્ય વ્યક્તિનું જીવન નષ્ટ કરે તે ખૂની વ્યક્તિનું જીવન પણ નષ્ટ કરવું જોઈએ. મનુષ્ય જીવનની પવિત્રતાની રક્ષા માટે આમ કરવું યોગ્ય જ છે.

(૭) દેહાંતદંડની સજાની નાબુદીની હિલચાલમાં હઈસો હઈસો કરવાની આજકાલ એક ફેશન થઈ પડી છે. આવા લોકો પોતે તો ગુના સામે બરાબર રક્ષિત હોય છે. તેથી તેઓ આ સજાની નાબુદીની રાડો પાડે છે. પણ ખરી હકીકત તો જેમણે નજરોનજર હત્યાઓ જોઈ છે તેઓ જ જાણે છે. જેમણે હત્યારાઓના હિંસક કૃત્યોથી વિકૃત બનેલા લોહી નીગળતા માનવદેહો, અને વાસનાલોલૂપ બળાત્કારીઓએ હિંસક રીતે કરેલા બળાત્કારથી ચૂંથાયેલા સ્ત્રી દેહો જોયા છે તેઓ જ સાચી હકીકત જાણે છે. આવા લોકોને ફાંસી નહીં આપવી જોઈએ. એવી હિમાયત કરનારાઓ વાસ્તવિકતાને સાગ અવગણે છે. જો આ સજા નાબુદ કરવામાં આવે તો, પોલીસ કર્મચારીઓ તેમની રોજીંદી ફરજો બજાવતી વખતે શારીરિક રીતે સલામત નહીં રહે. જેમણે હિંસક અને ધૃણાસ્પદ ગુના કર્યા હોય છે તેવા ખુનીઓ અને બળાત્કારીઓને પોલીસે પકડવાના હોય છે. આવા ગુનેગારો પોલિસો ઉપર પ્રાણઘાતક હુમલા કરતાં અચકાય

તેટલા માટે પણ આ સજા ચાલુ રાખવી જોઈએ.

સર જેમ્સ ફિટ્સ જેમ્સ સ્ટીફને ૧૮૬૪ માં નોંધ્યું હતું. દેહાંતદંડની શિક્ષાથી લોકો જેટલા ગુના કરતાં ડરે છે. તેટલી અસરકારક રીતે બીજી કોઈ સજાથી ડરતા નથી. આ એક એવું વિધાન છે કે જે પુરવાર કરવું મુશ્કેલ છે, પણ તે એટલું સ્વયંસ્પષ્ટ છે કે તેને કોઈ પુરાવો સાબિત કરી શકે તેમ નથી.'' જયારે અમુક પરિણામની અત્યંત આવશ્યકતા જણાઈ છે ત્યારે જ મૃત્યુ નીપજાવવાની ધમકીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ''જયાં સુધી તેને ફરજ પાડવામાં ન આવે ત્યાં સુધી કોઈ પોતાના અવશ્યંભાવી મૃત્યુની પણ જૂકતું નથી...... શું કોઈ એવો ગુનેગાર છે કે જે, જયારે તેને ફાંસીની સજા કરવામાં આવી હોય અને તેને તે માટે ફાંસીખોલીમાંથી બહાર લાવવામાં આવ્યો હોય ત્યારે, પોતાની ફાંસીની સજાના બદલામાં કરવામાં આવનાર આકરામાં આકરી બીજી ગૌણ સજાની પસંદગી કરવાના સૂચનાનો ઈન્કાર કરે ? બિલકુલ નહીં એવું કેમ બને છે ? એવું બને છે કારણ કે, માણસ પોતાના જીવનના બદલામાં પોતાની પાસેનું સર્વસ્વ જતું કરવા તૈયાર હોય છે.[૫]

આ સજાને વેગળી રાખવામાં બહુ આગળ વધી ગયા છીએ. આજે જે કેસોમાં તે સજા કરાતી નથી તેમાંના ઘણા કેસોમાં તે કરવી જોઈએ. સ્ટીફને પણ રાજકીય ગુનાઓને દેહાંતદંડને પાત્ર રાખવાની તરફેણ કરી છે. સમાજની પ્રવર્તમાન સ્થિતિ ઉપર પ્રહાર કરવાનું આવા રાજકીય ગુનેગારોનું કૃત્ય, તેમની પોતાની જીંદગીના જોખમે જ થઈ શકે, તે વાતનું પ્રજાને ભાન કરાવવું જોઈએ.

---

૫. સર જેમ્સ ફિટ્સ જેમ્સ સ્ટફનની ૧૮૬૪ ની નોંધમાંથી

જયારે ગુનેગારના ગુનામાંથી સમાજની નૈતિક લાગણી ભારે પ્રમાણમાં ઘવાય ત્યારે, સંસ્કારી માણસોના મનમાં ગુસ્સો અને વેરની લાગણી પ્રજવલિત થાય છે. સ્ટીફન કહે છે કે, આવી વેરની લાગણીને વાજબી રીતે સંતોષવી જોઈએ. તે આવી લાગણીને પ્રજવલિત કરતાં ઉદાહરણો આ પ્રમાણે આપે છે : કોઈ માણસ અત્યં ઘાતકી રીતે ખૂન કરે, કે તે પોતાના કૃત્યને છૂપાવવા બનતું બધું જ કરે છતાં આખરે પકડાઈ જાય, કે કોઈ માણસ પોતાની પુત્રી ઉપર જ બળાત્કાર કરે, કે એક થી વધુ માણસો એક સ્ત્રી ઉપર બળાત્કાર કરે અને સાથે સાથે તેની ઉપર ક્રૂર હિંસા આચરે, કે તે અનેક પ્રકારના ગોટાળા અને ગોલમાલ કરીને લોકોના પૈસા ઉચાપત કરી જાય ત્યારે, પ્રજા ગુસ્સે ભરાય છે. સ્ટફીન કહે છે કે આવા ગુનેગારોનો તો નાશ જ કરવો જોઈએ. તેમ થાય તો જ આવા ભયાનક ગુનાની ઉત્પન્ન થયેલી ગુસ્સાની લાગણીને સંતોષી શકાય છે. તે ઉપરાંત તેમનો નાશ કરવાની જ સમાજ વધુ સ્વચ્છ અને સુરક્ષિત બને છે. આવા લોકોનું બીજું કાંઈ થઈ શકે નહીં. તેઓ ભીડવાળા વિસ્તારમાં છૂટથી ફરતા વાઘ કે વરુ જેવા છે, તેમને સંસ્કૃત સમાજમાં છૂટા ફરવા ન દેવાય. આવા નાલાયકોને પ્રજાને ખર્ચે વર્ષો સુધી જીવતા રાખવાનો કોઈ જ અર્થ નથી.

આ વિચારો માનવજીવન પવિત્ર છે, એવા સિદ્ધાંતથી વિપરીત છે. પણ જો માનવ જીવનની પવિત્રતા એટલે કોઈનીય કયારેય હત્યા ન જ કરવી તેવો અર્થ થતો હોય તો, તેને આવા અર્થ સ્વીકાર્ય નથી. માનવ જીવનમાં એવા અનેક પ્રસંગો આવતા હોય છે, જયારે માણસે વિના સંકોચે જાતે મરવા કે અન્યને મારવા, તત્પર રહેવું પડતું હોય છે.

જે લોકો ખૂન જેવા મહાભયાનક ગુના કરતા હોય છે તેઓ મોટેભાગે ધિક્કારને પાત્ર અને દુષ્ટ હોય છે. આવા ગુનેગારોમાં આ લક્ષણોને કારણે જ તેમને દેહાંતદંડ કરવો જરૂરી છે. જયારે આવા ખરાબ માણસોમાં તેમનાં સ્વભાવને

વશ થઈને ખૂન કરે ત્યારે જો તેમને ફાંસી આપવામાં આવતી હોય તો જે માણસ કોઈ રોગને કારણે એકાએક ખરાબ થઈ જાય તે માણસને જન્મ, શિક્ષણ અને સ્વભાવને કારણે ખરાબ થયેલ માણસ કરતા વધુ બહેતર સ્થિતિમાં રાખવાનું કોઈ કારણ નથી.

ગુનાના સંજોગો અને તેનાં પ્રકાર પરથી નક્કી કરી શકાય કે દેહાંતદંડની સજા થવી જોઈએ નહીં.

ભારતમાં પણ છેલ્લા છ દાયકામાં દેહાંતદંડની સજા ફરમાવેલ કેસો, અને ખરેખર તો સજાના અમલના કેસો વચ્ચેનો સંબંધ સરખાવતાં તેમાં ક્રમશઃ ઘટાડો થયાનું નોંધાયું છે. આ હકીકત નીચેના કોઠા પરથી સમજી શકાય છે.

| સમય | દેહાંતદંડ ફરમાવેલા કેસો | ફાંસી આપ્યાના કેસો | ફાંસી અપાયાનો ટકાવારીમાં સંબંધ |
|---|---|---|---|
| ૧૯૧૧ થી ૧૯૨૦ | ૫૫૮૧ | ૪૮૪૫ | ૮૬ % |
| ૧૯૨૧ થી ૧૯૩૦ | ૬૭૭૪ | ૬૪૫૪ | ૯૫ % |
| ૧૯૩૧ થી ૧૯૪૦ | ૮૫૮૮ | ૬૮૮૧ | ૮૧ % |
| ૧૯૪૧ થી ૧૯૪૭ | ૫૭૯૨ | ૪૫૨૬ | ૮૦% |
| ૧૯૪૮ થી ૧૯૫૦ | ૧૮૮૦ | ૨૪૯ | ૧૩ % |
| ૧૯૫૦ થી ૧૯૬૧ | ૫૩૫૬ | ૧૬૭૫ | ૩૧ % |

૧૯૮૨ ના વર્ષ સુધી અમેરીકામાં ૫૦ રાજ્યોમાંથી ૩૬ રાજ્યમોાં એક કે એકથી વધુ ગુના માટે આ સજા રાખેલી જોવા મળે છે. તેમ છતાં ત્યાં છેલ્લાં દશ બાર વર્ષથી આ સજાનો અમલ થયો ન હતો. ૧૯૬૭ ના ડિસેમ્બરમાં ત્યાંના યુટાહ

રાજ્યના સોલ્ટ લેઈક સીટીમાં ગેરી ગિલ્મોરને દેહાંતદંડ આપવામાં આવ્યો હતો. ત્યાંના કાયદા પ્રમાણે તેને પોતાને ગોળીથી ઉડાવી દેવામાં આવે તેવી માગણી કરી હતી, જે મંજુર રાખવામાં આવી હતી. ત્યાર પછી ૧૯૬૭ થી ૧૯૮૨ દરમ્યાન ત્યાં માત્ર ગુનેગારને જ આ સજા કરાવમાં આવી છે. આ પરિસ્થિતિ અમેરિકાની સમાજની નૈતિક દ્વિધાની દ્યોતક છે. એક તરફ લોકો ખૂન માટે આકરામાં આકરી સજા ચાલુ રાખવાની તરફેણમાં હોવાનું વલણ બતાવતા હોવા છતાં, તે સજાનો અંતિમ અમલ થાય તે માટે ખરેખર ખચકાટ અનુભવે છે !

ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ ઓર્ગેનાઈઝેશન તરફથી દેહાંતદંડની નાબૂદી માટે અવારનવાર યુનાઈટેડ નેશન્સ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. માર્ચ ૧૦૭૦ માં કરેલી આવી એક રજૂઆત પછી આ દુનિયાભરમાં સાતસોથી વધુ લોકોને ફાંસી આપવામાં આવી હતી. ઓકટોબર ૨૨, ૧૯૮૦ ના રોજ અપાયેલા એક આવેદનપત્રમાં દુનિયાના સૌથી વધુ દેશોના એક લાખ ત્રીસ હજારથી વધુ લોકોએ સહી કરી હતી. આવી સહી કરનારાઓમાં રાજ્યના વડા સંસદ સભ્યો, ડૉકટરો, ન્યાયાધીશો, કલાકારો, ધાર્મિક અને મજૂર આગેવાનો હતા. ભારતના મોરારજી દેસાઈએ પણ તેમાં સહી કરી હતી. આ આવેદનપત્રમાં પણ આ સજા ગુના માટે ભયપ્રભાવી અસર પાડી શકાતી નથી. તેથી દલીલ કરવામાં આવી હતી. વળી મોટે ભાગે ગરીબ લોકો જ આ સજાનો ભોગ બને છે. તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી. તે ઉપરાંત તેનો રાજકીય, જાતિવાદી કે ધાર્મિક રંગભેદી દૃષ્ટિએ જુલ્મો કરવા માટે ઉપયોગ થયાની ફરિયાદ પણ કરવામાં આવી હતી.

વિવિયન રોડ્રિક વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બંગાલમાં આરોપીને દેહાંતદંડ ફરમાવાયા બાદ તેના અમલમાં છ વર્ષથીય વધુ સમયનો વિલંબ થયો હતો. ન્યાયમૂર્તિ સિક્રીએ આટલા વિલંબને અતિશય વિલંબ તરીકે જણાવી. આરોપીની દેહાંતદંડની સજામાં ઘટાડો કરીને, તેને આજીવન કેદની સજા કરી હતી. તેમણે આટલા વિલંબથી

અરજદારને 'અકલ્પ્ય માનસિક યાતના' ભોગવવી પડી હશે તેમ જણાવી તેની દયાની અરજી ઉપર નિર્ણય લેવામાં સરકાર દ્વારા થનારા વધારાના બીજા વિલંબની યાતના ભોગવવાની ફરજ પાડવી તે અમાનવીય ગણ્યું હતું.

જ્યારે દેહાંતદંડ કરવામાં આવ્યો હોય ત્યારે, તેના અમલમાં વિલંબ થવાનું કારણ બિનમહત્વનું છે. આવો વિલંબ અપીલને કારણે, તેની સજામાં ઘટાડો કરવાની અરજીની વિચારણાના કારણે, કે જેને માટે આરોપી પોતે જવાબદાર હોય તેવા અન્ય કોઈ કારણે થયો હોય તો પણ; તે કારણથી આવા વિલંબનું અમાનવીય લક્ષણ બદલાઈ જતું નથી. કોર્ટે મેનકા ગાંધી, સુનીલ બત્રા, પટનાયક, પ્રભાકર પાંડુરંગ સાંઝગીરી, હુસેનઆરા ખાતૂન અને એમ.એચ.હેસકોર્ટના કેસોના ઉલ્લેખ કરી તેમાંથી તારણ કાઢ્યું હતું. સુપ્રીમ કોર્ટે સમાપન કરતાં કહ્યું હતું કે, બંધારણના અનુચ્છેદ ૧૪,૧૯ અને ૨૧ પરસ્પરને સમર્થન કરે છે. આ અધિકારો મુક્ત માનવીઓ જેટલા જ, કેદીઓને માટે પણ પ્રાપ્ય છે. જેલની દિવાલો આ અધિકારોને જેલ બહાર અટકાવી શકતી નથી. તેથી દેહાંતદંડની સજાના કેદીને પણ મૂળભૂત અધિકારો હોય છે. પરિણામે તેને અનુચ્છેદ ૨૧ અન્વયે 'ન્યાયી, ઉચિત અને વાજબી' કાર્યવાહી હેઠળ તેના કેસનો જલદી નિકાલ માગવાનો અધિકાર મળે છે. તેજ પ્રમાણે તેને પોતાના જેલવાસ દરમિયાન માનવતાભરી પરિસ્થિતિમાં રહેવાનો અધિકાર મળે છે.

દેહાંતદંડની સજામાંથી મુક્તિ મેળવવા માટે જરૂરી બધા સમયને વાજબી રીતે આવરી લેવાયો હતો. સુપ્રીમ કોર્ટે આ દલીલનો અસ્વીકાર કર્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે, આપણી કોર્ટોમાં કેસોના નિકાલ માટે બે વર્ષથી વધુ સમય મોટે ભાગે થતો જ હોય છે. ઘણીવાર તો સેશન્સ કોર્ટ સજા ફરમાવે, અને સુપ્રીમ કોર્ટ અપીલનો નિકાલ કરે તેમાં ચાર કે પાંચ વર્ષ લાગી જતાં હોય છે. તે ઉપરાંત રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ દયા માગતી અરજીનો નિકાલ કરવામાં જે સમય લે તે તો

જુદો ! તેથી આવો બે વર્ષનો નિયમ કોર્ટની કાર્યવાહીના આપણા અનુભવથી વિપરીત છે. માટે આવો બે વર્ષનો નિરપેક્ષ અને પૂર્ણ નિયમ રાખી શકાય નહિ. દેહાંતદંડની સજા હળવી કરવી કે નહિ તે પ્રશ્ન નક્કી કરવામાં અનેક બાબતો ધ્યાનમાં લેવી પડતી હોય છે.

૧૩ થી પણ વધુ વર્ષો અગાઉ મળેલા મૃત્યુદંડ બાદ એક ગુનેગારને જીવતદાન મળ્યું છે. કારણ કે સુપ્રિમ કોર્ટે પશ્ચિમ બંગાળની સરકારને આ ગુનેગારની દયાની અરજી ગવર્નરને મોકલી આપવા આદેશ જારી કર્યો છે.

ધનંજય ચેટરજી ઉર્ફે ધન્નાને કોલકતા સેશન્સ અદાલતે ૧૯૯૧માં મૃત્યુદંડ ફરમાવ્યો હતો કારણ કે તેણે બળાત્કાર અને ખૂન કર્યા હતા. હાઈકોર્ટે તથા સુપ્રિમ કોર્ટે તેની અપીલો ફગાવી દઈને મૃત્યુદંડ માન્ય રાખ્યો હતો.

ધન્નાને ૧૯૯૪ના ફેબ્રુઆરીમાં દયા માટે ગવર્નરને અરજી કરેલી. એ પણ ફગાવી દેવામાં આવેલી. દયા અરજી ફગાવી દેવાઈ અને તેની સામે પણ કરવામાં આવેલી અપીલ હાઈકોર્ટની સિંગલ જજની બેન્ચે ફગાવી દીધી.

તો પણ હાર્યા વિના તેણે ફરીથી હાઈકોર્ટની ડિવિઝન બેન્ચ સમક્ષ એક અરજી ફાઈલ કરી. જેમાં સજાના અમલ સામે સ્ટેની માંગણી કરવામાં આવી. અને મૃત્યુદંડમાં ઘટાડો કરવામાં આવે એ અરજી પણ ૨૦૦૪ના જાન્યુઆરીની ૮મીએ ફગાવી દેવામાં આવી. કોઈ વિકલ્પ ન રહેતાં તેણે ફરીથી હાઈકોર્ટના હુકમને સુપ્રિમમાં પડકાર્યો.

જસ્ટીસ કે.જી.બાલકૃષ્ણન તથા જસ્ટીસ કિરપાલ બનેલી બેન્ચે ધન્નાની અરજીનો નિકાલ કરતા રાજ્ય સરકારને આદેશ આપ્યો કે દયાની અરજી સાથે કેસની તમામ સામગ્રી ફરીથી નવેસરથી ગવર્નર સમક્ષ રજૂ કરવામાં આવે.

કોર્ટ દ્વારા મૃત્યુદંડ આપ્યાના ૧૩ વર્ષ વીતી ગયા પછી તે શખ્સને બળાત્કાર

અને હત્યાના કેસમાં રાહત આપતા ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટ પશ્ચિમ બંગાળ સરકારને તે શખ્સ દ્વારા રાજ્યપાલ સમક્ષ કરવામાં આવેલી દયાની અરજી નવેસરથી વિચારણા કરવા આદેશ આપ્યો છે. ધનંજયની અસંખ્ય અરજીઓને પગલે તેને તેનું પરિણામ મળ્યું છે.

ધનંજય ચેટરજી ઉર્ફે ધનાને કોલકાતાની સેસન્સ કોર્ટે ૧૯૯૧માં બળાત્કાર અને હત્યાના મામલે ગુનેગાર ઠેરવીને મોતની સજા ફટકારી હતી. ત્યારબાદ હાઈકોર્ટે અને સુપ્રીમ કોર્ટે તેની અપીલને ફગાવી દઈને મૃત્યુદંડની સજાનું સમર્થન કર્યુ હતું. અંતે ફાંસીની સજાનો અમલ પણ થઇ ગયો.

પ્રેમિકાની હત્યાનો બદલો લેવા પ્રેમિકાના હત્યારા સહીત અન્ય એક એડવોકેટની પણ હત્યા કરવા ઉપરાંત એક મહિલાને ઈજા પહોંચાડવાના કેસમાં સુરતના કોન્સ્ટેબલ સંજય ડંગલ બડગુજરને સુરતની સેશન્સ અદાલતે ફાંસીની સજા ફટકારી હતી. પરંતુ કેસના સંજોગો અને અન્ય પરિબળને ધ્યાનમાં રાખીને ગુજરાત હાઇકોર્ટના ન્યાયમૂર્તિ ડી.કે.ત્રિવેદી અને ન્યાયમૂર્તિ અકીલ કુરેશીની ડિવિઝન બેન્ચે આરોપીને નીચલી કોર્ટે ફટકારેલી ફાંસીની સજાને આજીવન કેદમાં બદલી નાખી.

સુરતમાં નવા ન્યાય સંકુલમાં સંજય બડગુજર નામના કોન્સ્ટેબલે રાયફલમાંથી બે ગોળી છોડીને બે વ્યક્તિની હત્યા કરવા ઉપરાંત એક મહિલાને ઈજા પહોંચાડી હતી. આરોપી સંજય બડગુજર સુરત ખાતે કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો તેની પ્રેમિકા ઈન્દિરા નારાયણ પરમારની હત્યા મહેશ દેસાઈએ કરી હતી.

તે કેસમાં મહેશ દેસાઈને રિમાન્ડ માટે પોલીસ ન્યાય સંકુલ ખાતે લઈ આવી હતી. તે સમયે સંજય પણ જિલ્લા જેલમાંથી અન્ય આરોપીઓને કોર્ટમાં હાજર કરાવવા માટે લઈને આવ્યો હતો. ત્યારે કોર્ટ સંકુલના ત્રીજા માળે મહેશ દેસાઈને જોતાં સંજય ઉશ્કેરાઈગયો હતો અને પાસેની રાઈફલમાંથી બે રાઉન્ડ ગોળી છોડી હતી. એક ગોળી મહેશને વાગી હતી અને બીજી ગોળી વકીલ હરીશભાઈ

ચૌધરીના શરીરની આરપાર નીકળતી દાદર ઉતરી રહેલા રાઈટર મધુબહેન ઠાકોરને પણ વાગીહતી. જેના કારણે મહેશ દેસાઈ અને એડવોકેટ ચૌહાણનું મોત નિપજયું હતું.

આ અંગેનો કેસ ચાલી જતાં એડિશનલ સેસન્સ જજ માલીએ સંજયને ફાંસીની સજા ફરમાવી હતી. તે હુકમ સામે આરોપીએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. જેમાં ન્યાયમૂર્તિ ત્રિવેદી અને કુરેશીની ડિવીઝન બેન્ચે નીચલી કોર્ટના ફાંસીના હુકમને રદ ઠરાવ્યો છે.

આરોપીને મહેશ દેસાઈની હત્યા માટે આજીવન કેદની સજા, જ્યારે એડવોકેટ ચૌહાણના મોત માટે બેદરકારીથી મોત નિપજાવવા બદલ બે વર્ષની સખત કેદ અને રૂા.૫૦૦૦ દંડની સજા અને મધુબહેનને ઈજા કરવાના ગુનામાં છ માસની કેદ અને રૂા.૫૦૦ દંડની સજા ફરમાવી છે.

ડ્રગની હેરાફેરી માટે પકડાયેલા અને ગુનેગાર ઠરેલા પાકિસ્તાનીને કુવૈત સિટીમાં ફાંસીની સજા આપવામાં આવી હતી. ૧૯૯૫માં ડ્રગ હેરાફેરીનો કાયદો અમલમાં આવ્યા પછી ફાંસીની આ પાંચમી સજા છે. હેરાઈનની દાણચોરી બદલ પકડાયેલ એક પાકિસ્તાનીને ફાંસીની સજા આપવામાં આવી હતી. જેનું શબ હજી લટકી રહેલું છે. ૨૦૦૨માં ત્રણ બાંગ્લાદેશી નાગરીકોને ખૂનના કેસ સબબ જાહેરમાં ફાંસી આપવામાં આવી હતી. ૧૯૯૧માં ખાડી યુદ્ધ પછી કુવૈતમાં ૨૨ લોકોને આ પ્રમાણે ફાંસી આપી હતી. જેની શરૂઆત ૪ દાયકા પહેલા આ તેલ સમૃદ્ધ દેશમાં ખૂન માટે થઈ હતી. જેનો અત્યાર સુધીનો આંકડા ૪૭ પર પહોંચ્યો છે.

મુહમદ અમન ધી સ્ટેટ ના કિસ્સામાં એક ૩૦ વર્ષની વ્યક્તિએ દોઢ વર્ષથી બાળી પર બળાત્કારનાં આ કિસ્સામાં નીચેની અદાલતે દેહાંતદંડ ફરમાવેલો જ્યારે સુપ્રિમ કોર્ટે એ દેહાંતદંડ રદ કરી આજીવન કેદમાં પરિવર્તિત કરી હતી. અદાલતે આ ચૂકાદામાં જવલ્લેમાં જવલ્લે દેહાંતદંડ દેવા માટે કોને ગણવો જોઈએ ?

બચનસીંગ/માછીસીંગના કેસમાં જે માર્ગદર્શન આપેલ છે તે અંગે કહેલ કે આ કિસ્સાને તેવો ગણી શકાય નહિં. જ્યારે આપણે દેહાંતદંડ માટે કોઈ ધોરણ નક્કી કરીએ તો તે ચોક્કસ રીતે નક્કી કરવું અશક્ય છે. કારણ કે તે (૧) મનુષ્યવધ માટેની માપ ચોક્કસ નક્કી થઈ શકે, (૨) ગુનાહિત કેસમાં બનાવ અચોક્કસ રીતે અને અલગ અલગ રીતે થતો હોવાથી તેની કેટેગરી નક્કી કરવી મુશ્કેલ છે. (૩) આવી કેટેગરી પરથી જ સજા કરવામાં આવે તો તેવો નિર્ણય ન્યાયિક નહીં રહે (૪) સજા માટેનું પ્રમાણ નક્કી કરવુ તે કાયદા ઘડનારાનું કાર્ય છે અને અદાલતના કાર્યની બહાર છે.

એક કિસ્સામાં ૧૧ વર્ષની છોકરીને બળાત્કાર ને ખૂન અંગે નીચલી કોર્ટે ફાંસીની સજા કરેલી હાઈકોર્ટે કાયમ રાખી સુપ્રિમ કોર્ટે આજીવનમાં પરિવર્તીત કરી આરોપીની કબુલાત લક્ષમાં લીધી અને કહ્યું કે તેનો ઈરાદો મારી નાખવાનો ન હતો જ્યારે ભોગ બનનાર છોકરીએ તેમ કહ્યુ કે હું મારા માબાપને કહી દઈશ આથી ક્ષણિક આવેશમાં ઈંટના બે ઘા છોકરીને માર્યા. આથી પૂર્વયોજીત કાવતરુ ન ગણાય. સમગ્ર સમાજને અસર કરે તેવું ભયંકર કૃત્ય હતુ નહી તેથી તે જવલ્લેમાં જવલ્લે ગણેલ નહિં.

હોળીના તહેવારમાં એક પોલીસ ઓફીસરને કોન્સ્ટેબલે દ્વારા મારી નાખવામાં આવેલ તેવા એક આરોપને દેહાંતદંડની સજા થયેલ સર્વોચ્ચ અદાલતે અપીલમાં કહ્યું કે આરોપીને મરનાર સાથે અગાઉ કોઈ વેર હતુ નહીં, માત્ર કોમવાદથી ઉશ્કેરાઈને આંધળ આંધળુકીયા કરેલ છે. મોટાભાગના કોમી હુલ્લડોમાં અભણ માણસો ભેળવાઈ જાય છે. લોકોનું દુર્ભાગ્ય છે કે તેઓ ધાર્મિક લાગણીમાં ઉશ્કેરાઈને આવુ કાર્ય કરતા હોય છે. આવા કિસ્સાને જવલ્લેમાં જવલ્લે ગણી શકાય નહીં.

સામાજીક ક્રાંતિની સાથે સાથે ગુલામી, અત્યાચાર વગેરે સામે દરેક રાષ્ટ્રોએ

તેને દૂર કરવા પ્રયત્ન કરેલ છે. દુનિયાના મોટાભાગના દેશોએ દેહાંતદંડ દૂર કર્યો છે. પરંતુ હજુ આના પર એકમત સધાયો નથી. સૌથી વધુ વસ્તી ધરાવતા આયનામાં હજારો માણસોને દેહાંતદંડ અપાય છે. યુ.એસ.માં પણ તેનો ઉપયોગ જાય છે. ૮૪ દેશોએ તે રદ કરેલ છે. આમ છતાં ઘણા દેશોમાં તે ચાલુ છે અને વિશ્વના મતના દબાણથી ધીમે ધીમે આ પ્રથા ઘટતી જાય છે.

મૃત્યુદંડની સજા દૂર કરવા માટે વર્ષોથી જે પ્રયત્ન થાય છે તેને ચકાસી માનવઅધિકારના મુદાને લક્ષમાં રાખી વિશ્વમાં અને ખાસ કરીને અમેરિકામાં પ્રતિકારની શરૂઆત થઈ છે. અમેરિકામાં આની ચર્ચા દરમ્યાન માનવઅધિકાર શબ્દનો ઉપયોગ થયેલ નથી. કાયદાકીય રીતે તેનું પૃથ્થકરણ કરીને એવા નિર્ણય લેવામાં આવ્યો કે આધુનિક સમાજમાં દેહાંતદંડ સ્વીકારી શકાય નહીં અને તેના બદલે જે કોઈ વિકલ્પો જોઈએ તે પ્રાપ્ત થઈ શકે તેમ છે. આ વિષયનો પડઘો માનવ અધિકાર છે તેથી યુ.એસ.માં તે ઉપયોગી થઈ શકશે.

યુ.એસ.માં મૂળભૂત અધિકારો અને મૃત્યુદંડ અંગે સમજૂતીઓ કરેલ છે. યુ.એસ. અને સંબંધીત આંતરરાષ્ટ્રીય માનવઅધિકાર પંચો આ દેહાંતદંડના કિસ્સા અંગે એક પંચ પર આવી ગયા છે. જો યુ.એસ. દેહાંતદંડ નાબૂદ કરવામાં આગળ વધશે તો હવે પછીના થોડા વર્ષો આ પ્રક્રિયા માટેના વધારે મહત્વના ગણાશે.

મૃત્યુદંડ દૂર કરવાવાળા દેશોની સંખ્યા વધતી જાય છે એના કાયદા વિવિધ છે. કેટલાક દેશોની માનવ અધિકાર અંગેની મુક્ત સમજાણ જેમકે સ્પેનમા ૧૯૯૫માં તે રદ થઈ અને તે વખતે તેવા ઉચ્ચારણો થયા કે આજની આધુનિક સંસ્કૃતિ સમાજમાં દંડસંહિતામાં દેહાંતદંડને કોઈ જગ્યા નથી. કોઈ વ્યક્તિને આકરી સજા કરી શકાય પણ તેની જીંદગી છીનવી ન શકાય તેજ રીતે સ્વીટઝરલેન્ડનાં બંધારણ મુજબ જીંદગી અને મૂલ્ય ગરીમા અધિકારનો ભંગ કરતો હોવાથી તે રદ કરવામાં આવેલ યુ.એસ.એ. બંધારણીય અદાલતનાં જસ્ટીસ ચાકકસનના મતે નવા બંધારણ

મુજબ જીંદગી અને મુલ્ય એ મહત્વનું માનવ અધિકારો છે અને રાજ્યે તેને જાળવવા જોઈએ ગુનેગારોને સજા કરતી વખતે પણ કેળવવી જોઈએ.

દેહાંતદંડની વ્યાખ્યા માનવ અધિકારના મુદ્દાને લઈને કરવી તે ચર્ચાસ્પદ પ્રથમ પગલું છે. યુ.એસ.ની જનરલ એસેમ્બલીએ ૧૯૯૪માં ઠરાવ કરી દેહાંતદંડ પ્રતિબંધિત કરવા અપીલ કરેલ ત્યારે સિંગાપોરે જણાવેલ કે દેહાંતદંડ એ માનવ અધિકારનો મુદ્દો નથી અંતે ૭૪ દેશોએ મતદાનથી અળગા રહી ઠરાવ નામંજુર કર્યા.

તેજ રીતે ટ્રીનીડાડ અને ટલાબગોએ પણ દેહાંતદંડ માનવ અધિકારનો મુદ્દો નથી તેવું જણાવ્યું પરંતુ વધતા દેશોએ દેહાંતદડને માનવઅધિકારના મુદ્દા સાથે ગણે છે. દેહાંતદંડને રદ કરવાથી માનવ ગરિમા અને માનવ અધિકારનો વિકાસ જરૂર થશે. આ ઠરાવ પાછળથી સુધારો લખીને ચોક્કસ કિસ્સાઓમાં જ દેહાંતદંડ હોય ત્યાં લાગુ પાડવો તેવું ઠરાવ્યું.

યુરોપના સ્ટેટ કાઉન્સીલે દેહાંતદંડ દૂર કરવાનું એલાન આપેલું તે જ રીતે માઈકલ વિકેમાં ઉપરોક્ત ઠરાવને સમર્થન આપેલું.

યુરોપીયન ટ્રીનીટએ દેહાંતદંડ દૂર કરવો તે સત્ય બનવા માટે પૂર્વશરત ઠરાવી/રશિયાએ ૭૦૦ જણાની સજા અટકાવી અને કાયદામાં સુધારો લાવેલો પોલેન્ડ દેહાંતદંડ દૂર કરવા મતદાન કરેલું તેમજ યુગોસ્લોવિયા સર્વિયા પણ તેવો ઠરાવ કરેલો તર્કીએ સમર્થન આપેલુ પરંતુ તે યુદ્ધના સમય સિવાય.

દેહાંતદંડ કરવો કે ન કરવો માત્ર કોઈ દેશની આંતરિક બાબત ન રહેતા કેનેડા, મેકિસકો, સાઉથ આફ્રિકા વગેરેએ એવું પણ ઠરાવેલ કે જ્યારે કોઈ ગુનેગારને બીજા દેશને સોંપવામાં આવે ત્યારે દેહાંતદંડ આપવામાં આવશે નહિં તેની ખાત્રી આપે તોજ સોંપવો. મેકિસકોએ હાલમાં તેવી જાહેરાત કરેલ છે કે અમેરિકામાં દેહાંતદંડ અપાયો હોય તેને કારની સહાય આપવી.

અમેરિકાના પ્રેસિડન્ટ કલીન્ટને એકઝીકયુટીવ ઓર્ડરમાં યુનાઈટેડ ડેકલેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ ૧૯૪૮ ૫૦માં સ્થાપના દિને જાહેર કરેલ છે કે યુ.સ્ટેટસની સરકારની તે નીતિ રહેશે. આંતરરાષ્ટ્રીય માનવઅધિકારોને માન આપવું. બીજા દેશો સાથેના સંબંધોના અંગે અને માનવ અધિકારનું રક્ષણ કરતાં આંતરરાષ્ટ્રીય મંડળોને સહકાર આપવો.

માનવ અધિકાર અમેરિકામાં જે લાગુ પડે છે તે તે રીતેભાગ્યે જ તેની ચર્ચા થયેલ છે. મોટા ભાગે તે અન્ય દેશોને લક્ષમાં રાખીને ઉચ્ચારણો કરે છે. અમેરિકાએ એમનેષ્ટી ઈન્ટરનેશનલ, હ્યુમન રાઈટસ વોચ યુનાઈટેડ નેશન્સને લક્ષમાં રાખીને માનવ અધિકાર અંગે ચર્ચા કરેલ છે. અમેરિકા માનવ અધિકારના ભંગ અંગે કરેલા, પાપના વગેરેના કિસ્સા પ્રદર્શિત કરે છે. પરંતુ તેમાં તેઓ સિવિલ રાઈટસ અથવા બંધારણીય અધિકારો તેવા શબ્દો વાપરે છે. સિવિલ રાઈટસ છે. તે જુદા જુદા ધોરણોમાં સમાનતા અંગે ધ્યાન રાખે છે અને આ અધિકારો માનવ અધિકારો નથી. અને માત્ર અદાલતોમાં નહિ પણ લોકમતે પણ નથી. આ અંગે અનુમાન છે કે બંધારણ મુજબ જે અધિકારો આપેલ તેમાં માનવઅધિકારો સમાવિષ્ટ છે અને આ જ કાયદાથી માનવ અધિકારથી તેવો શબ્દ તેવો ઉપયોગમાં લેતા નથી.

દેહાંતદંડ પ્રાચીન સમયથી અપાય છે અને તેની વિરુદ્ધ અને તરફેણમાં વર્ષોથી દલીલ થતી રહી છે. લો કમિશને જાતે જ આ મુદ્દે હાલના આધુનિક વિજ્ઞાન, ટેકનોલોજી ગવાહ, એનેસ્થેસીયા વગેરેને લક્ષમાં લઈને ૩૫મો રિપોર્ટ ૧૯૬૭માં દેહાતદંડ અંગે રજૂ કર્યો જેનાં કેવી રીતે દેહાંતદંડ આપવો તેની ચર્ચાઓ થયેલી. તેમાં ઠરાવેલ છે કે માણસને ગળાફાંસો આપી દેહાંતદંડ આપવા કરતા બીજા માનવીય તરીકાઓ પણ છે જે પીડારહીત હોય. કમિશન આ અંગે કોઈ ચોકકસ નિર્ણય પર આવી શકેલ નહિં પરંતુ જે માનવીય હોય ત્વરીત હોય તેને

અપનાવવી જોઈએ તેવુ ઠરાવ્યુ. દેહાંતદંડ રદ કરવાને બદલે તે ઓછા કરવા જોઈએ તેવુંઠરાવેલ તેણે એમ પણ કહેલ કે હળવી રીતે દેહાંતદંડ આપવામાં આવશે તો તેની અસર રહેવાની રોયલ કમિશને જાણાવેલ કે પ્રથમ તો તેને ઓછી પીડાદાયક હોવી જોઈએ બીજુ તે ત્વરીત હોવી જોઈએ અને ત્રીજુ શરીરની ભાંગતૂટ ન હોવી જોઈએ.

રોયલ કમિશને તેની ચર્ચામાં મુખ્ય ચાર પદ્ધતિને વિચારણામાં લીધેલ (૧) ગેસથી (૨) શુટીંગ (૩) વિદ્યુત (૪) જીલેટીન. જે ઓછી ક્રુર હોય તેને લક્ષમાં લેવી જોઈએ. જો ઈંજેકશન આપીને મારવાના હોય તો નવી નવી આધુનિક પદ્ધતિ ધ્યાનમાં લેવી જોઈએ.

સર્વોચ્ચ અદાલતે દેહાંતદંડને માન્ય રાખ્યો હોવા છતાં ભારતીય સંસ્કૃતિને સત્યતા સૌથી પ્રાચીન છે અને તેથી સજાના નિર્ણય વખતે ક્યારેક જ આ સજા કરવી તેવુ લો કમિશને ઠરાવેલ છે.

દેહાંતદંડ રહેવો જોઈએ કે નહિં તે મુદ્દાને લક્ષમાં લેતા મુખ્ય ત્રણ મુદ્દા લક્ષમાં લેવામાં આવેલ છે.

(૧) દેહાંતદંડની પદ્ધતિ

(૨) ઉપલી અદાલતના ન્યાયમૂર્તિઓના મંતવ્યોનો જે તફાવત છે તે અંગે.

(૩) દેહાંતદંડ આપવામાં આવેલ હોય તેવી વ્યક્તિ સર્વોચ્ચ અદાલતને અપીલ કરી શકે તેવો અધિકાર આપવો.

કમિશને સર્વોચ્ચ અદાલતે આપેલ કિસ્સા લક્ષમાં લીધા છે અને અલગ અલગ પદ્ધતિના અભ્યાસની ચર્ચા કરેલ છે. અખબારો, નિબંધો વગેરેને લક્ષમાં લઈ આ મુદ્દાની ચર્ચા કરી છે.

લો કમિશને દેહાંતદંડની તરફેણમાં અને નાબૂદી માટે નોંધેલી બધી દલીલો અને આ સજા અંગેની અન્ય આનુષંગિક બાબતોને આવરી લેતો અભ્યાસ કરી તેની ભલામણો જણાવી છે. આ પ્રશ્નના બધાંજ પાસા વિશેના કમિશનનાં મંતવ્યોની અહીં નોંધ લઈ શકાય નહિ. પણ લો કમિશનનું આ સજાની નાબૂદી કે તરફેણ માટે શું મંતવ્ય છે તે જાણાવું રસપ્રદ હોવાથી, તેની નીચે સમજૂતી આપી છે.

આ સજા ચાલુ રાખવી કે નાબૂદ કરવી તે પ્રશ્ન બંને પક્ષે રજુ થયેલી દલીલોનું સમતોલન કરીને નક્કી કરવાનો છે. આ કે તે પક્ષે રજુ થયેલી એકાદ દલીલથી આ પ્રશ્ન ઉકેલી શકાય નહિ. વળી તેની નાબૂદી માટે રજૂ થયેલી કેટલીક દલીલોમાં ઘણું વજુદ છે. આ પ્રશ્ન લાગણીથી પર રહીને વિચારવાનો છે છતાં તેમાં માનવના જીવન અને મરણનો પ્રશ્ન હોવાથી સાવ લાગણીશૂન્ય પણ બની શકાય તેમ નથી. વળી જે કારણોથી વિશ્વના એક ભાગમાં આ સજા નાબૂદ કરવામાં આવી હોય, કે તે ચાલુ રખાઈ હોય, તે કારણો ભારતમાં ચાલી શકે તેમ નથી. તેથી લો કમિશન તેનો નિર્ણય જણાવતાં નોંધે છે.

આ મુદ્દામાં સંકળાયેલા બધા જ પ્રશ્નોની ગણતરી કરીને, કમિશનનો અભિપ્રાય છે કે દેશની વર્તમાન પરિસ્થિતિમાં દેહાંતદંડની સજા ચાલુ રાખવી જોઈએ... ભારતની પરિસ્થિતિ તેના રહેવાસીઓના સામાજિક ઉછેરની વિવિધતા, દેશમાં નૈતિકતા અને શિક્ષણની કક્ષામાં રહેલી અસમાનતા તેના પ્રદેશની વિશાળતા તેની વસ્તીનું વૈવિધ્ય, અને પ્રવર્તમાન સમયે કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેની સૌથી અગ્રીમ જરૂરિયાતને ધ્યાનમાં લેતાં ભારત દેહાંતદંડની નાબૂદીના પ્રયોગનું જોખમ ઉઠાવી શકે નહીં.

કમિશન આ સજાની ભય પ્રભાવી અને વૈરસંતોષલક્ષી અસરોની સમક્ષા કરતાં વધુમાં ઉમેરે છે:

દેહાંતદંડની નાબૂદીના સમર્થનમાં રજૂ કરવામાં આવેલા બધા જ કારણોને ધ્યાનમાં લીધા પછી પણ અમુક અવશેષરૂપ એવા કેસો બાકી રહે જ છે જેમાં, ગુનેગારના પક્ષમાં કંઈ સહાનુભૂતિ બતાવવાનું, કે તેની કોઈ માનસિક વિકૃતિના સિદ્ધાંતને આગળ કરવાનું, કે આ સજાની ભયપ્રભાવી અસરના સામાં પલ્લામાં કોઈ બાહ્ય બાબતો પડવાથી આ અસર સંતુલિત થઈ જાય છે, તેવી દલીલ કરવાનું, બિલકુલ અશક્ય છે.

આ સજાની ભયપ્રભાવી અસરને લગતી બધી જ દલીલો અને તેનાં તમામ પાસાંનો ઉંડો અને વિસ્તૃત અભ્યાસ કરીને 'કમિશન એવા નિર્ણય ઉપર આવ્યું છે કે, દેહાંતદંડની સજા ભયપ્રભાવલક્ષી રીતે કાર્ય કરે જ છે.' કમિશન આ સજાના અમલ માટેની રીત અંગે અભિપ્રાય આપતાં જણાવે છે કે આવી રીત' નિશ્ચિત, માનવતાપૂર્ણ, ત્વરિત અને શિષ્ટ' હોવી જોઈએ. પણ કમિશન આ બાબતમાં ચોક્કસ અભિપ્રાય આપી શકે તેમ ન હોવાથી, તેણે હાલની દોરડાથી ફાંસો નાખીને માંચડે લટકાવવાની પ્રથામાં કોઈ ફેરફાર કરવાનું સુચન કર્યુ નથી.

સંશોધકનાં મત મુજબ દેહાંતદંડની સજાની બિનઅસરકારકતા કંઈ આજના યુગની જ સમસ્યા નથી ઘણા વર્ષોની આ સમસ્યા ચાલી જ આવે છે અને તે સમસ્યામાં જુદા જુદા લેખકોના જુદા જુદા અભિપ્રાયો જોવામાં આવ્યા છે.

ઉપરાંતમાં આ દેહાંતદંડની સજાનો હુકમ થઈ ગયા બાદ પણ આ દેહાંતદંડની સજા જયારે અને જે સમયે કરવાનું ફરમાન કરવામાં આવ્યું હોય તેમાં પણ વિલંબ કરવા માટે આરોપીઓ દ્વારા ચેડા કરવામાં આવતા હોય છે તેઓ આપણી શિક્ષા પ્રણાલીની એક હાસ્યાસ્પદ વાર્તા પ્રત્યે અંગુલી નિર્દેષ કરે છે. જો દેહાંતદંડની રાહ જોતો કોઈ કેદી માંદો પડે તો તેને સર્વોત્તમ ડૉકટરી સારવાર આપવામાં આવે છે જો તેનું કુદરતી મોત થાય તો તેણે ફાંસીના માચડા સાથે છેતરપીંડી કરે છે તેમ માનવામાં આવે છે. આવા કેદીઓની તબીયત અને જીંદગીની

સારસંભાળ લેવામાં જેટલી કાળજી લેવાય છે તેટલી કાળજી જેલમાં અમુક મુક્ત કેદીની સજા ભોગવતા કેદીઓની લેવાતી હોય તો કેટલું સારું, વળી જો આવો દેહાંતદંડનો કેદી ગાંડો થઈ જાય તો તેને ફાંસી અપાતી નથી.

દેહાંતદંડની સજાનો એક આશય ગુનેગારોના હાથે ઓછામાં ઓછા ગુનાઓ થશે તેવી આશામાંને આશામાં મનુષ્યોએ વિવિધ સજાઓની એક લાંબી યાદીનો અમલ કર્યો છે પ્રાચીનકાળમાં ખરાબમાં ખરાબ ગુનાઓ માટે પણ હળવી સજાઓ થતી હતી પણ જેમ જેમ સમય પસાર થતો ગયો અને મનુષ્ય જાત કાયદાનો ભંગ કરતા થઈ ગઈ તેમ તેમ તેણે દેહાંતદંડની સજા સિવાય ભાગ્યે જ કોઈ સજાઓનો ઉપયોગ કરવા માંડ્યો છે, અને તેમ છતાં કાયદાનો ભંગ કરનારા તો પેદા થતા જ ગયા તેથી માણસ જાતે દેહાંતદંડ કરતા પણ વધુ ત્રાસદાયક કોઈ સજા હજુ શોધવાની બાકી છે કારણ કે દેહાંતદંડ પણ ધાર્યો હતો તેટલો ભય ઉત્પન્ન કર્યો નથી.

આ દેહાંતદંડની સજામાં પણ ક્રમે ક્રમે આ સજાની નાબુદી પ્રત્યેનું વલણ જણાય છે. જે સજાઓમાં દેહાંતદંડની સજાઓની જોગવાઈઓ કરવામાં આવેલી છે તેવા ગુન્હાનો ભારતીય દંડ સંહિતાના લગભગ આઠ જેટલા ગુન્હાઓમાં પણ આવી સજા કરવાનું વલણ ક્રમે ક્રમે ઓછું થતું જાય છે જે દેશોના કાયદામાં અમુક ગુના માટે ફરજીયાતપણે આ સજા કરવાની જોગવાઈઓ છે ત્યાં પણ તેમાં ફેરફાર કરી, તેના બદલે આ સજા કરવા અંગે કોર્ટોને મુનસફીયુક્ત સત્તા આપવાનું વલણ વિકસી રહ્યું જણાય છે. ઉપરાંતમાં જે ગુનેગારોનો આ સજા ફરમાવવામાં આવી હોય તેવા ગુનેગારો માટે પણ આ સજાના વાસ્તવિક અમલમાં ઘટાડો થતો જાય છે ઉપરાંતમાં જયારે આ સજાનો અમલ કરવામાં આવતો હોય છે ત્યારે પણ બને તેટલી ઓછી વ્યક્તિઓને હાજર રહેવા દેવામાં આવે છે તેમા જાહેર જનતાને પ્રવેશ આપવામાં આવતો નથી અને આ સજાના અમલ માટે પ્રમાણમાં ત્વરીત અને બને તેટલી ઓછી દુઃખદાયક રીતોનો સ્વીકાર જોવા મળે છે.

આપણે ત્યાં ભાડુતી હત્યારાઓ દ્વારા એકબાજુ ખુનનો દર વધે છે અને ફાંસી દેવાતા ખુનીઓની સખ્યામાં ઘટાડો થતો જોવા મળે છે, આ બધુ જોતા જણાશે કે ભારતમાં શાસનતંત્રોનું વલણ સજાને ચાલુ રાખવા તરફ રહેલું જણાય છે, કાયદાકીય પરિસ્થિતિના સંદર્ભમાં વિચારીએ તોસુપ્રિમ કોર્ટ દ્વારા આ સજાની નાબુદી કરવી શક્ય નથી એ તો માત્ર ભારતની સંસદ જ આ સજાને નાબુદ કરી શકે તેમ છે. પણ તે માટેના કોઇ ચિન્હો હમણાં જણાંતા નથી.

ભારતમાં ભગતસિંઘ અને બીજા દેશભક્તોને અપાયેલી ફાંસીથી રાજકીય ગુનેગારોને અપાતી ફાંસીનો ભારે વિરોધ થતો હતો ત્યાર પછી અંગ્રેજોએ છવ્વીસ વર્ષ સુધી આ કેસમાં સમગ્ર બંગાળમાં ફાંસી આપી ન હતી. છેક ખુદીરામ બોઝ અને કનાઇલાલ દતને ફાંસી આપી ત્યાં સુધી આ સ્થિતિ હતી. ત્યાં ૧૯૩૪ માં સુરજા સેનને અપાયેલી ફાંસી પણ સમગ્ર બંગાલી ભાષી પ્રદેશમાં રાજકીય કારણોસર એક ફાંસી અપાઇ ન હતી. આવી ફાંસી છેક ૧૯૭૬ માં બાંગ્લાદેશમાં અબુ તહેદનારાના રાજકીય આગેવાનને અપાઇ હતી. ભારતમાં મહાત્મા ગાંધીની હત્યા માટે નથુરામ ગોડસેને રાજકીય કારણોસર અપાયેલી ફાંસી બાદ છેક ૧૯૭૫ માં કિસ્સા ગોયડા અને ભુમૈયાને એક જમીનદારના ખુન માટે રાજકીય કારણોસર ફાંસી અપાઇ હતી.

ગુજરાત રાજ્યમાં તેના જેલ ખાતા પાસે પગાર મેળવતો કોઇ ધંધાદારી ફાંસીગર નથી ગુજરાતમાં છેલ્લે ફાંસી ૧૯૬૪ માં અપાઇ હતી ત્યાર બાદ ૨૦૦૪ માં ધનજંય નામના ૩૭૬, ૩૦૨ ની કલમ હેઠળના ગુનેગારને ફાંસીની સજા આપવામાં આવી હતી.

દેહાંતદંડની સજા શરૂઆતમાં ધાર્મિક પ્રથાના એક ભાગ તરીકે કરવામાં આવી હતી. ત્યાર પછી જેમ જેમ સમાજનો સાંસ્કૃતિક વિકાસ થતો ગયો તેમ તેમ તેમાં માનવતાવાદી વલણોનો ઉદ્‌ભવ થયો. માનવજીવનની પવિત્રતા અને ખ્યાલ વધુને વધુ સ્વીકૃત પામતો ગયો તેથી જયારે માનવ હત્યા થાય ત્યારે તેના વેરસંતોષ

એટલે બદલા માટે આ સજાનો વપરાશ થવા લાગ્યો હતો. ‘‘જીવનની સાટે જીવન’ નો સિધ્ધાંત એટલે જીવન હણનારે પોતાના જીવનનો ભાગ આપવો જ જોઇએ તેવું મનાતું હતું. અગાઉ જેમ દેવોને ખુશ કરવા, અને તેમના ગુસ્સામાંથી બચવા આ સજાનો ઉપયોગ થતો હતો તેમણે હત્યાનો ભોગ બનનારના કુટુંબીજનોના ગુસ્સાનો બદલો વાળવા આ સજાનો ઉપયોગ થવા લાગ્યો હતો. હત્યારાને આખા સમાજ માટે ખતરારૂપ માની તેની જ હત્યા કરીને, સમાજને સલામત બનાવવામાં આવતો હતો. ત્યાર પછી સ્વતંત્ર ઇચ્છા શક્તિનો સિધ્ધાંત આવ્યો હતો. હત્યારાએ જાણીબુઝીને પોતે જ ગુનો કરવાનું પસંદ કર્યું હત્યાથી, તેની હિંસાના બદલામાં તેની જ હત્યા કરવી જોઇએ તેવો મત પ્રચલિત થયો હતો તે ઉપરાંત દેહાંતદંડની શિક્ષામાં નિયોત્પાદક તત્વ પણ રહેલું હતું એક હત્યાઓ દેહાંતદંડ આપવાથી બીજા અનેક હત્યારાઓના મનમાં ડર પેદા થશે અને બીજા હત્યારાઓ રોકી શકાશે, એવો ખ્યાલ પણ રહેલો છે.

માણસ માટે એક જીવતા જાગતા માણસનો પ્રાણ કાઢી લેવા માટે અનેક રીતરસમો અને સાધનો પ્રયોજયા છે, બાકી બધાનો વિગતવાર અહેવાલ સાંભળતા દીલધડકી ઉઠે છે અને આંખ દયાથી અશ્રુભીની બની જાય છે. એક જ ઝાટકે મૃત્યુ નિપજાવવાથી માંડીને મૃત્યુ નિપજાવવાની પ્રક્રિયા જેટલી લાંબી લઇ શકાય તેટલી લંબાવવાના નુસખા પણ વપરાયા છે.

સંશોધકના મત મુજબ જયારે કોઇ ગુનેગાર દ્વારા દેહાંતદંડની સજાને પાત્ર ગુનો કરવામાં આવે અને જયારે તેના પર દેહાંતદંડની સજાનો હુકમ કરવામાં આવે ત્યારે આ સજાની અમલવારી બને તેટલી ઝડપી થાય તેવા પગલા લેવા જોઇએ. એટલે જયારે કોઇ જિલ્લાના ન્યાયાધીશ દ્વારા આવી દેહાંતદંડની સજા કરવામાં આવી હોય ત્યારે તેના દ્વારા એક લાંબી મુદ્દતની તારીખ નક્કી કરી અને તેમા હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટનાં અભિપ્રાયો લેવા જોઇએ. કારણ કે કોર્ટની આ લાંબી કાર્યવાહીમાં સૌ પ્રથમ જિલ્લાની કોર્ટ આરોપીને ફાંસીની સજા કરે ત્યાર બાદ

હાઈકોર્ટ દ્વારા આ સજા માન્ય રાખવામાં આવે છે અને ત્યાર બાદ આ સજા માન્ય રાખવી કે નહીં તે અંગે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવામાં આવે છે અને ત્યારે ગુનેગારને ત્રણ ગણવાર મોતને ભેટો થતો હોવાનું અનુભવાય છે અને જયાં સુધી સુપ્રીમ કોર્ટનો ફાઈનલ ઓર્ડર આવે ત્યાં સુધી તેણે પોતાના મોતને આડા કેટલા દિવસો છે તે દિવસોની ગણતરી કરી એક  એક દિવસ તેની મોતનાં દિવસની રાહ જોઈને પસાર કરવા પડે છે જેથી મારા મત મુજબ આ સજાનો બને તેટલો ત્વરીત નિર્ણય આપવો જોઈએ અથવા તો જયારે કરેલ સજા કરવામાં આવે ત્યારે ન્યાયાધીશોની એક પેનલ બનાવવી જોઈએ અને તેનો બને તેટલો ત્વરીત નિર્ણય કરવો જોઈએ.

આથી, જો કોઈ ગુનેગારને દેહાંતદંડની સજા કરવામાં આવી હોય તેને જયારે દેહાંતદંડની સજા કરવામાં આવે ત્યારે તેને ગળામાં દોરડાઓનો ગાળીયો નાખીને ટીંગાળવામાં આવે છે. ઉપરાંત ઘણીવાર આવા ગુનેગારને જાહેરમાં ફાંસી આપવામાં આવતી હોય ત્યારે તેણે મરતી વેળાએ પણ અપમાન સહન કરવું પડતું હોય છે. તેથી આવા ગુનેગારને દેહાંતદંડની સજા ન કરવી જોએ તેવું કહેવું નથી પરંતુ આવા ગુનેગારને દેહંતદંડ માની એવી રીતે કરવી જોઈએ કે જેથી આવા ગુનેગારને મરતી વેળાએ ખોટી યાતનાનો ભોગ બનવું ન પડે આવા ગુનેગારને અમુક પ્રકારના જે ઝેરી ઈન્જેકશનો આવે છે તે અથવા તો જે દવાઓ કે ગોળીઓથી માણસ મૃત્યુ પામે છે તે પ્રકરની ગોળીઓ આપી આવા માણસને દેહાંતદંડની સજા કરવામાં આવશે તો તે યોગ્ય ગણાશે.

વિશેષમાં દેહાંતદંડ અથવા તો આજીવન કેદની જોગવાઈ જે કલમમાં છે તે કલમમં જો અપવાદમાં અપવાદરૂપ કિસ્સો ન હોયતો આજીવન કેદની સજા આપવી જોઈએ. તો તેવી વ્યક્તિને દેહાંતદંડની સજા ન કરવી જોઈએ. લગભગ બાવન જેટલાં ગુનાઓ માટે આજીવન કેદની સજાની જોગવાઈ કરવામાં આવેલી છે.

માટે જ કેવા કિસ્સામાં દેહાંતદંડની સજા કરવી અને કેવા કિસ્સામાં આજીવન

કેદની સજા કરવી એ ન્યાયાધિશોએ ધ્યાનમાં રાખીને જો ન્યાયાધીશો તેઓની ન્યાય પ્રણાલી જાળવી રાખે તો કોઈ નિર્દોષ માણસે આવી દેહાંતદંડ અને આજીવન કેદનો ભોગ નહીં બનવું પડે અને જે કિસ્સામાં જો ન્યાયાધીશોને એવું લાગે કે ખરેખર, આરોપીએ ગુનો કરેલ છે તો તે માટેનાં યોગ્ય કારણો આપી પછી જ આ બેમાંથી એક સજા કરવી જોઈએ તેવું મારું માનવું છે.

## ૭.૩ સૂચનો

આરોપીને સજા હળવી કરતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું તે અંગે નીચે મુજબ સૂચનો છે :

(૧) જો આરોપી સગીર હોય તો, (૨) જો આરોપી વુધ્ધ હોય તો, જો આરોપી મહિલા/પત્ની હોય તો, (૩) જો ફૌજી અધિકારી હોય તો, (૪) જો ગૂનો ગુસ્સામાં અથવા બારે અને આકસ્મિક ઉશ્કેરણીમાં થયો હોય તો, (૫) જો ગુનો સંજોગો અને પ્રભાવને લીધે થયો હોય તો, (૬) આરોપીની શારીરિક સ્થિતિ અને જાતી અનુસાર જો પ્રતિકારની શક્યતા ન હોય અને લાગણીવશ ગૂનો થયો હોય તો ગ્રાહ્ય છે.

સજા ઓછી કરવા માટે કઈ બાબતોનો ખ્યાલ રાખવો તે અંગેના સૂચનો નીચે મુજબ સૂચનો છે.

(૧) ખરાબ ઈરાદો ના હોય તો, (૨) ક્રોધમાં થયેલ હોય તો, (૩) સ્વરક્ષણ માટે ગૂનો કર્યો હોય તો, (૪) મિત્રને બચાવવા ગૂનો કર્યો હોય તો, (૫) જો મનુષ્યની સહનશક્તિની પરીક્ષા થતી હોય તો, (૬) જો આરોપી દુષ્કૃત્ય સામે લડતો હોય તો, (૭) સત્તાધારીને મદદ કરતી હોય તો, (૮) આરોપી નશામાં હોય તો, (૯) જો આરોપી બાળક હોય તો.

ઉપરોક્ત તત્વો મનુષ્યને ઉત્તેજીત કરનાર ન હોવાથી સજા કરતી વખતે તેને ધ્યાન પર લેવાં જોઈએ.

બીજા અમુક પાસાઓ જોવાના હોય છે કે જયારે ખૂન કોઈ કાવત્રુ ઘડીને કરવામાં આવેલ હોય, અત્યંત ઠંડા કલેજે તથા ગણત્રીના હિસાબે વ્યવસ્થિત ખૂન કરવામાં આવેલ હોય અને જયારે ખૂન કરતી વખતે આરોપીઓએ બેહદપણે અધમતા આચરી હોય, આરોપીએ આચરેલ ગૂનો કેવા પ્રકારનો છે અને જો એવો કોઈ બચાવ લીધો ન હોય કે રક્ષાણ માંગેલ ન હોય, એ જોવાનું અનિવાર્ય છે. સમાજમાં થયેલા ખૂન પ્રકરણ અંગે શું ચર્ચા (ઘૂસપૂસ) ચાલે છે અને બનેલ ગુના અંગે સમાજમાં આરોપી તથા ગૂના પ્રકરણ માટે શું ચર્ચા ચાલે છે.

સાથે સાથે બનેલી ગુનાની અધમતા જો સમાજમાં ઘૃણાની લાગણી ફેલાવતી હોય તો તે લોકવાયકાને ગંભીરતાથી લેવી જોઈએ. પરંતુ એ વાતનો અગ્રીમતાથી ખ્યાલ રાખવાનો છે કે ભલે આરોપીએ ઘણા જ માણસોની હત્યા કરી હોય, પરંતુ માત્ર આજ ઘટનાથી તે આરોપીને મૃત્યુદંડની સજા ન આપી શકાય.

ન્યાયાલયે કેવા પ્રકારનો અભિગમ અપનાવવો જોઈએ એ માટેનાં સૂચનોમાં કહી શકાય કે, મૃત્યુદંડની સજાઓ થયેલા કેસોમાં મૃત્યુદંડની સજા મુખ્યત્વે બળાત્કાર તથા ખૂનના ગુનામાં થયેલી છે. પરંતુ કોર્ટનું હાલનું વલણ બદલાઈને આ પ્રમાણે વધુ પડતી સજા હવે ત્રાસવાદી કેસમાં આપવાનું વલણ પ્રચલિત બને, અને ન્યાયાલો ઉપર અમુક સંસ્થાઓ દ્વારા ઝોંક, દબાવ કે પ્રભાવ પાડીને મોટે ભાગે જયારે આરોપી લઘુમતી કોમનો હોય કે પછી સમાજમાં રહેલા નીચલા સ્થરોમાંથી આવેલી વ્યક્તિ હોય અને જયારે કોઈ રાજકારણી વ્યક્તિનું ખૂન થયેલું હોય ત્યારે આ પ્રમાણેનું વલણ ન્યાયાલયોએ અખત્યાર કરવું જોઈએ. અને હવે આ પ્રમાણેના કેસોમાં મૃત્યુદંડ એ કાયદો બનાવેલો છે. અને જન્મટીપની સજા ગૌણ સજા તરીકે પ્રસ્થાપિત કરવામાં આવેલી છે. સને ૧૯૮૪ પહેલા આવા પ્રકારની સજા અપાયેલો કોઈ કેસ નથી કે જેમાં આરોપી રાજકીય કેસનો ગુનેગાર હોય.

પરંતુ ભારતના તે વખતના પ્રધાનમંત્રી ઈન્દીરા ગાંધીની હત્યા પછી કે જે

તેમના રક્ષકો દ્વારા કરવામાં આવી હતી ત્યારે ૨૦ જાણાઓને મૃત્યુદંડની સજા ફરમાવવામાં આવી હતી. અને ૧૯૮૮ માં બે શિખોને કે જેમના નામો સતવંત સીંગ તથા કેહરસીંગ હતા તેમને અદાલતે આરોપી ફાંસની સજા માનય રાખ્યા બાદ ફાંસી આપવામાં આવી. સને ૧૯૯૨ માં સુખદેવસીંગ તથા હરજીંદરસીંગ બે બીજા જવાનોને જનરલ વૈદની કે ભૂતપૂર્વ લશ્કરી વડાની પુના ખાતે કરાયેલી હત્યા માટે ફાંસી આપવામાં આવેલી. મજકુર કેસને રાજકીય મહત્વ આપવામાં આવેલું કારણ કે હત્યા કરાયેલ વ્યક્તિને ગોલ્ડન ટેમ્પલ ખાતે જૂન ૧૯૮૪ માં મોટા પ્રમાણમાં શિખો ઉપર આક્રમણ કરવા માટે દોષિત ગણવામાં આવેલા. ત્યાર બાદ મુસ્લીમ યુવક મકમૂલ અહેમદ તીટ્ટનાને જમ્મુ અને કાશમીરમાં આતંકવાદી ગુનો કરવા માટે આવી જ સજા કરવામાં આવેલી. સને ૧૯૯૯ માં સ્વર્ગસ્થ રાજીવગાંધીની હતયા માટે ચાર જણાને પરત આવી જ સજા કરવામાં આવેલી, જયારે તેઓની દયાની અરજી હાલમાં રાજયપાલ પાસે નિર્ણય લેવા માટે મુલત્વી છે. સને ૨૦૦૧ માં એક સીખ ઈંજીનીયર પ્રોફેસર દેવેન્દ્રપાલ સીંગ બલહારને દિલ્હીની અદાલતે કોંગ્રેસ પક્ષના નેતા શ્રી એમ. એસ. બીટ્ટાની સને ૧૯૯૫ માં હાલમાં હત્યા કરવાના કાવતરામાં દોષીત ઠરાવેલ હતા, જયારે તેમની દયાની અરજી હાલમાં ભારતના રાષ્ટ્રપતી પાસે મુલત્વી છે. દેવેન્દ્રપાલ સીંગ કેસમાં ખોટા નિવેદનો ઉપર કેસ ઘડવામાં આવેલો અને તેને કોઈ સમર્થન પ્રાપ્ત ન હતું કે તેના માટે કોઈ સચોટ કારણો ન હતા, કોઈપણ જાતના જાતે જોનાર સાક્ષી તથા સ્વતંત્ર સાક્ષીનો અભાવ હોવા છતાં કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવ્યો હતો, અને એ રીતે જોતા મજકુરકેસ અમુકમાંથી ઓછા પ્રમાણમાં અસ્તિત્વમાં આવતો નથી.

અમુકમાંથી ઓછા પ્રમાણમાં અવી પદ્ધત્તિ ન્યાયાલયે અપનાવવી જોઈએ.

આ પ્રમાણેના તત્ત્વમાં ભારતીય બંધારણમાં કલમ-૧૪ મુજબ બાહેંધરી આપવામાં આવી છે. કોર્ટના ન્યાયાધીશો આરોપીને સજા કરતી વખતે મનુષ્યના

નૈતિક સ્વતંત્ર અંગે વિચારણા કરવી જોઇએ. કારણ કે ખૂનના એક જ સરખા ગુનામાં બે આરોપીઓ સામે જુદી જુદી રીતે ખટલો ચાલે છે, જયારે તેમાંથી એક આરોપી છૂટી જાય છે અને બીજાને જન્મટીપની સજા થાય છે, કારણ કે કાયદાઓ મજકુરની ગુના માટેની બાબતો સજા કરતી વખતે કોઇ સચોટ કે ચોખ્ખા સમીકરણની જોગવાઇ કરવાની કરેલ નથી. અને ભારતીય ફોજદારી કાયદો અને તેની પ્રણાલીકા માત્ર ગુના પુરતી જ સિમિત નથી, તેથી જયારે સજા કરવાની જોગવાઈ માટે કોઈ પ્રસ્થાપિત કાયદો ના હોય તો ભારતીય બંધારણની કલમ-૨૧ મુજબ મનુષ્યમાત્રને અપાયેલ રક્ષણ અસ્થાને રહીને તેમાંથી ભયાનકતાની દુર્ગંધ આવે છે અને ન્યાયાધીશોનું વલણ જુલ્મી લાગે છે. ખરી રીતે જોતા ન્યાયાધીશોની જવાબદારી આ તબક્કે મૌલિક અને મહાન હોય છે. અને જયારથી મહત્તમ સજાનો પ્રશ્ન સમાજમાં ઉપસ્થિત થવા પામેલ છે ત્યારે તેનાં ઉત્તર પણ બંધારણને અનુસરીને આપવાની ખાસ જરૂર છે.

જો કોઈ સજા દેખીતી રીતે મોટા પ્રમાણમાં હોય, અને એવું ફલિત થાય કે તે સજા કરવામાં જુલ્મી પગલા લેવાયેલા હોય અને જો બાદમાં તેને નામંજુર કરવામાં આવી હોય અને એવું લાગતું હોય કે આ સજા માત્ર ન્યાયસંહીતા જાળવવા માટે જ કરાવમાં આવી હોય ત્યારે ન્યાય સંહિતા અને સજાની જોગવાઇ ઉપર કલંક લાગે છે. આ રીતે સજા કોર્ટે કરવાની નથી. એ રીતે જોતા ભારતમાં પણ હવે ન્યાયસંહિતાનો ભાઈચારો જોખમમાં છે, કારણ કે રાજકીય પ્રકરણોમાં મોટા પ્રમાણમાં સજા કરવામાં આવે છે અને આ પ્રમાણેની સજાઓ ભારતીય બંધારણમાં અપાયેલ ભરોસો અને રક્ષણની વિરુદ્ધમાં હોઈ તે માનવસંહિતા માટે ગાળ આપ્યા સમાન છે, અને જો આમ જ થતું રહેશે તો સમાજ અને જનતાને ન્યાય ઉપર વિશ્વાસ રહેશે નહીં.

ભારત પણ દુનિયાની સાથે હવે ઝુંબેશમાં જોડાયેલ છે અને મૃત્યુદંડની

મહત્તમ સજા માટે આત્મનિરીક્ષણ કરવા પ્રરાયેલ છે. અને હમણા જ પ્રાપ્ત થયેલી માહિતી મુજબ ૧૮૮ દેશોએ કાયદામાં તથા પ્રક્રિયામાંથી મૃત્યુદંડની સજાને જાકારો આપેલ છે, અને માત્ર ૨૪ દેશોએ જ મૃત્યુદંડની સજાનો સ્વીકાર કરેલ છે, એ રીતે દુનિયામાં મોટાભાગના લોકોએ મહત્તમ સજાની જોગવાઈ પડકારેલ છે.

મૃત્યુદંડની સજાને પાત્ર હોય તેવા કેસો ખૂબ જ ચોક્કસ રીતે ચકાસણી કરીને ચલાવવા જોઈએ અને એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે મજકૂરનો કેસ ચલાવતી વખતે કોર્ટ સમક્ષ ભૂલ કરવા માટે કોઈ શક્યતા ઉપસ્થિત થાય નહીં, અને એ પ્રસંગ અશક્ય બને કે કોઈ નિર્દોષ માણસને સજા થાય અને તેને મૃત્યુદંડની સજા થાય. સાથે સાથે એ વાત પણ સાચી છે કે આવા પ્રકારનાં કેસોમાં સચોટ બાબતો હોતી નથી. જેવી કે, કોર્ટમાં કામ કરતાં માણસો, ગુનો શોધવાનો પ્રયાસ, ઘટનાનું પૃથક્કરણ પુરાવાની ગણતરી, જજમેન્ટ આપવાની કામગીરી. પરંતુ એ વાત પણ સ્પષ્ટ છે કે ખોટા અને કુત્રિમ કારણોથી થયેલી સજા એ કોઈ ઘડી કાઢેલી વાર્તા નથી, જયારે કોઈ નિર્દોષ માણસને કારાવાસમાં મોકલી આપવામાં આવે છે અને એવી સજા કરવામાં આવે છે ત્યારે એવું પ્રસ્થાપિત તત્ત્વ છે કે મજકૂરનાં કોર્ટનાં ખોટા ચુકાદા ઉપર વળતર આપવાની જોગવાઈ અનુસાર તે માણસને છોડી મૂકવો જોઈએ, અને તેને નુકશાન પૈસાથી ભરી આપવું જોઈએ. જયારે કોઈ કેસમાં માણસને મૃત્યુદંડની સજા આપવામાં આવે છે. ત્યારે તે અંતિમ પ્રકારનો નિર્ણય હોય છે. અને આવા કેસમાં વળતર આપવાની સંધિ પ્રાપ્ત હોતી નથી.

કોઈપણ વ્યક્તિને મૃત્યુદંડની સજા કરવી એ ઘટના તેને જન્મભર કારાવાસમાં રાખવા કરતાં સસ્તી પ્રક્રિયા છે. કારણ કે પ્રથમ દૃષ્ટિએ જોતાં મનુષ્યમાત્રની કોઈ કિંમત આંકી શકાતી નથી અને વસ્તુસ્થિતિને અનુલક્ષીને જોતાં એ વાત પણ સ્પષ્ટ થાય છે કે મૃત્યુદંડની સજા પાછળ ખર્ચાતી રકમ કે જન્મટીપની સજા પામેલા

માણસને કારાવાસમાં રાખી તેની પાછળ થતાં ખર્ચા કરતાં વધારે હોય છે અને આ બધું એ રીતે બને છે કે જે વ્યક્તિને ન્યાયાલયની કાર્યપ્રણાલીકામાં ખર્ચો કરવો પડે. મૃત્યુદંડની સજાવાળા કેસોમાં જે તે રાજ્યોએ શુદ્ધ ન્યાયસંહિતાની પ્રક્રિયામાં ખાત્રી આપવી જોઈએ, જેમકે ઘટનાની પરિપૂર્ણ તપાસ, પર્યાપ્ત સમયનો વપરાશ, પર્યાપ્ત પ્રમાણમાં પુરાવો ભેગો કરી વકીલ તરફથી આરોપીને બચાવવા માટેની કાર્યવાહી, એ રીતે જોતાં વાત ફલિત થાય છે કે કોર્ટ સમક્ષ ચાલતા કેસમાં પર્યાપ્ત માત્રામાં ધનસંપદાનો વપરાશ થાય છે.

ઘણા કેસોમાં એવું જોવામાં આવ્યું છે કે મૃત્યુદંડને જન્મટીપની સજામાં ફેરવી નાખવામાં આવેલી છે. અને આ પ્રક્રિયાથી એ વાત સ્પષ્ટ થાય છે કે પહેલાનાં કરેલા ખર્ચા કરતાં આ પ્રક્રિયામાં વધારાનો ખર્ચો કરવામાં આવે છે અને અત્રે એ નોંધવા જેવી બાબત છે કે આવા પ્રકરણો જે દેશમાં મૃત્યુદંડની સજાની જોગવાઈ તથા તેની પ્રક્રિયા ઉપર જ આધારિત હોય છે. કોઈ દેશમાં સામાન્ય પ્રક્રિયા બાદ આરોપીને મદદગાર વકીલ આપવામાં આવેલ ના હોય અને એ રીતે જોતાં આ પ્રક્રિયામાં થતો ખર્ચો ઓછો થાય છે અને એ રીતે આ પ્રક્રિયા શુદ્ધ ન્યાયાલયની પ્રક્રિયા ચલાવતી વખતે ચોક્કસ કાળજી લેવામાં આવતી નથી, પરિણામે મૃત્યુદંડની સજાવાળા કેસોમાં ન્યાયસંહિતાની શુદ્ધતા જળવાતી નથી અને તેને નાશવંત સ્વરૂપ પ્રાપ્ત થાય છે. અને તેથી ખામી ભરેલી સજા પ્રાપ્ત થવાની શક્યતા વધી જાય.

બધાને માટે મૃત્યુદંડની સજા પ્રાપ્ત કરવા માટે સરખી જ જોગવાઈ છે. બંધારણમાં કાયદાની જોગવાઈ બધાને માટે એક સરખી જ છે અને વિચારધારાને સમગ્ર દુનિયાની મહાસત્તાઓએ સ્વીકારી છે. તેમ છતાં ઘણા મોટા અભ્યાસ દ્વારા જોવાયું છે કે મૃત્યુદંડની પ્રક્રિયામાં આ સજાનું પ્રમાણ ગરીબ વર્ગના માણસો માટે વધુ પ્રમાણમાં છે, તેમજ અભણ માણસો, તથા અલ્પસંખ્યક ધાર્મિક સંપ્રદાયો

પણ આ પ્રક્રિયાનો શિકાર બનતા હોય છે, અને એવું ધ્યાન પર આવે છે કે આવા કિસ્સાઓનું પ્રમાણ ૯૫% નું છે. સાથે સાથે મૃત્યુદંડની સજાએ રાજકીય કારણો માટે પણ વપરાશમાં લેવાય છે. એ રીતે ઉપર મુજબના તમામ સંજોગોમાં આ પ્રક્રિયા માટે જવાબદાર છે.

મહારાષ્ટ્ર રાજ્ય વિરુદ્ધ ભરત ફકીરા[૬]નો કેસ બળાત્કાર તથા ત્રણ વર્ષની છોકરીનું ખુન કર્યાનો કેસ છે, નીચેની કોર્ટે આરોપીને મૃત્યુદંડની સજા આપી છે, અને હાઈકોર્ટે તેને છોડી મુક્યો છે, કોર્ટે તારણ કાઢેલ છે કે ખરેખર તો આપણે સેસન્સ કોર્ટના હુકમને અનુસરવાનો છે, પરંતુ જયારે વરીષ્ઠ ન્યાયાલયે આવા કિસ્સામાં છોડી મુકયો હોય ત્યારે આપણે આરોપીને આવી સજા કરી શકતા નથી, અને વધુમાં બચનસીંગ વિ. પંજાબ સરકારનો કેસ પણ મજકુર કેસને સમર્થન આપે છે. ક્રિષ્ના મોચી વિ. બિહાર સરકાર[૭] મજકુર કેસમાં જાતીય દંગલના આરોપીઓને મૃત્યુદંડની સજા કરવામાં આવી છે. આ વિવાદીઓ જેવા કે પાસવાન, ક્રિષ્ના મોચી, ધમેન્દ્રસીંગ, લાલ મોચી, નાઓને ફાંસીની સજા આપવામાં આવેલી, સુનવણી અંતે વિદ્વાન ન્યાયમૂર્તિએ  ધમેન્દ્ર સીંગને છોડી મુક્યો છે અને બીજા ત્રણ આરોપીઓ માટે સજા કાયમી રાખી તેને મૃત્યુદંડની સજામાંથી ફેરવીને જન્મટીપની સજા આપેલ છે, કોર્ટે તારણ કાઢેલ છે કે મજકુર કેસ ભૂલ ભરેલો છે, અને તેમાં ખૂબ જ સમય લેવામાં આવ્યો છે. સબબ કોર્ટે ધમેન્દ્ર સીંગને છોડી મુકેલ છે અને બીજા આરોપીને જન્મટીપની સજા આપેલ છે. દેવીંદર બાલસીંગ વિ. દિલ્હી રાજ્ય[૮] બોંબ કાંડના આરોપીને મૃત્યુદંડની સજા અપાયેલ છે, આરોપીને અપીલ કરતાં ત્રણ ન્યાયમૂર્તિઓમાંથી બે ન્યાયમૂર્તિઓએ આરોપીની મૃત્યુદંડની

---

૬. ૨૦૦૨ (૯) SSC

૭. ૨૦૦૨(૩) સુ.કો. પા.નં. ૬૦૨

૮. ૨૦૦૨ (૩) ૧૩૯

સજા કાયમ રાખેલ છે. જયારે એક ન્યાયમૂર્તિએ તેને છોડી મુક્યો છે.

પાછીના લઈ શકાય તેવી અપાયેલી મૃત્યુદંડની સજા માટે ન્યાયધીશોનું વલણ ફેરવી નાખવું જોઈએ, બચનસીંગ પંજાબ રાજ્યના કેસમાં નામદાર વરીષ્ઠ અવાલતે મૃત્યુદંડની સજાનું પ્રકરણ ધ્યાન ઉપર લઈને તેને લાગુ કરવા ઉપર બંદી ફરમાવેલ છે, અને આમાંથી ઓછી સજાના વલણને પ્રાધાન્ય આપીને તેની અવેજીમાં જન્મટીપની સજા આપવાનું ગ્રાહ્ય રાખેલ છે. સાથે સાથે જસ્ટીસ ભગવતીએ પણ મૃત્યુદંડની સજા બંધારણની વિરુદ્ધનું છે. એવું તારણ કાઢેલ છે. અને મોટાભાગના વિચારધારકોએ આ પ્રમાણેના કેસોમાં નિરંકુશ સત્તાના પાવર અંગે વિશેષ કરીને, નામદાર વરિષ્ઠ અદાલતને મૃત્યુદંડની સજાને દૂર કરવા માટે સર્વનુમતે બહાલી આપેલ છે.

સૌથી અગત્યનું સૂચન એ છે કે નિરંકુશ સત્તા પર અંકુશ મુકવો.

હરબંધસીંગના કેસમાં નિરંકુશ સત્તાનું પાવરનું દુષણ ફલિત થયેલ છે. ઉચ્ચ ન્યાયાલયે ત્રણ આરોપીઓને મૃત્યુદંડની સજા આપેલ છે, અને સાથે જોડાયેલો આરોપી નામે કાસીરાસીંગે સર્વોચ્ચ ન્યાયાલયે ખાસ રજા અરજી દાખલ કરીને ઉપલી કોર્ટે તે સજા ફેરવીને જન્મટીપની સજા કરેલ છે, જયારે બીજો આરોપી નામે જાતાસીંગે ખાસ રજા અરજી કરેલ નથી તેથી તેની સજા કાયમ રહેલ છે. હરબંસસીંગે સજા જન્મટીપમાં ફેરવવામાં આવી છે, ત્યારે આ વિગત, કેસની સુનાવણી વખતે ન્યાયાધીશના ધ્યાન ઉપર લાવવામાં આવેલ ન હતી, અને પરિણામે ખાસ રજા અરજી નામંજુર કરવામાં આવેલ. ત્યાર બાદ તેણે રીટ અરજી દાખલ કરેલી, અને તેને સાંભળ્યા બાદ ન્યાયાધીશે તારણ કાઢેલ કે : આ કેસ માટે વપરાયેલ સમય દુ:ખદ ઘટના છે. એક જ હૂકમથી આરોપીઓને મૃત્યુદંડની સજા આપવામાં આવી છે. અને દુ:ખદ રીતે તમામ આરોપીઓ જુદા જુદા પરિણામોને આધીન થયેલી છે. અને જયારે કાશ્મીરાસીંગની સજા (મૃત્યુદંડની) આ કોર્ટે કાઢી નાખી છે. ત્યારે

મૃત્યુદંડની આપનાર અન્યાયી બની જાય છે અને તેથી તેના મૃત્યુ બાદ થયેલી ઘટના છે, અને હવે તેને કોઇ હૂકમ કરી ફાયદો થાય તેમ નથી કારણ કે તે હવે મનુષ્ય દ્વારા કોઈ ન્યાય મેળવવાની પ્રક્રિયાથી બહાર જ રહ્યો છે. ત્યાર બાદ વરીષ્ઠ અવાલતે પાંચ કેસોમાં નિર્ણય લઈને સુરેશકુમાર, ભરત ફકીરા અને લીઆમન દેવીના કેસો છે. અને મજકૂરના કેસોમાં વરીષ્ઠ અદાલતે એવું તારણ કાઢેલ છે કે જયારે આરોપીઓએ કરેલા ગુના માટે નીચેની અદાલતો સમક્ષ મતભેદ હતા ત્યારે મુત્યુદંડની સજા ના જ હોય. પરંતુ આ કેસોમાં માત્ર જન્મટીપની સજા હોવી જોઈએ. નિરંકુશ સત્તાના પાવરનું દુષણ રાજીવ ગાંધી હત્યાકાંડ કેસમાં ચલિત થાય છે અને માત્ર બોમ ફોડીને કરેલી હત્યાનું પ્રકરણ જોઈએ તો નીચેની કોર્ટે તમામ ૨૬ આરોપીઓને મૃત્યુદંડની સજા ફરમાવેલી છે. ઉપલી કોર્ટે મજકૂર ચુકાદાને ઝડપી ચુકાદા તરીકે વર્ણવીને કહ્યું છે કે આ ચુકાદો મહદઅંશે પુરાવા વગરનો ચુકાદો છે અને નીચેની કોર્ટના જજે માત્ર તેની પાસે રજૂ કરેલા દસ્તોજો ઉપર જ આધાર રાખેલ છે. મજકૂર કેસમાં એ દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે કે ખાસ ન્યાયધીશે અમુક આરોપીઓને પુરાવો ન હોવા છતાં પણ ફાંસીની સજા આપી છે, અને આ રીતે ૨૬ માંથી ચાર આરોપીઓને મૃત્યુદંડની સજા આપી છે. અને એ એક એવી દુઃખદ ઘટના છે કે જે ન્યાયાધીશનો આ કેસ ચલાવવાની સત્તા આપી છે તેને તમામ ૨૪ આરોપીઓને મૃત્યુદંડની આપવાની ભૂલ કરવા માટે પરવાનગી આપી હોય. સબબ કોર્ટનો આ હુકમ નિરંકુશ છે તેથી મજકૂર કેસના બચાવપક્ષે આ હુકમને ‘‘ન્યાયીક હત્યા’’ તરીકે વર્ણવિલ છે. બે હમાણાંના જ કેસો જેવા કે દેવીંદરપાલ સીંગ અને ક્રિશ્ના મોચીના પ્રકરણોએ તો એ વાતને સ્પષ્ટ કરી છે કે આ પ્રમાણેની મૃત્યુદંડની સજા આપીને ન્યાયલયો ભાવિ ભવિષ્યનો ભણકારો આપે છે. દેવીંદરપાલ સીંગના કેસમાં પીઢ ન્યાયધીશે આરોપીને છોડી મૂકવા માટેના તારણો કાચા હતાં, જયારે બીજા ન્યાયાધીશો પુરાવાઓ નહીંવત હોવા છતાં, માંગ કબુલાત ઉપર આધાર રાખી આરોપીને મૃત્યુદંડની સજા કરેલ છે. ક્રિશ્ના મોચીના

કેસમાં પણ ન્યાયાધીશે તેને છોડી મૂકવાનાં તારણો આપ્યા છે, અને કહેલ છે કે કાર્ય પ્રણાલિકા ભૂલ ભરેલી, સમય મર્યાદા બાદની, ચીલાચાલુ, તેમજ અપૂરતાં તપાસની રજૂ કરવામાં આવેલી છે. જ્યારે સાક્ષીઓ પણ આરોપીઓને ઓળખવામાં અસમર્થ રહેલા છે અને તેઓએ શંકાશીલ તેમજ શીખાઉ પુરાવો આપ્યો છે, હોય છતાં બીજા બે જજોએ આરોપીને મૃત્યુદંડની સજા આપી છે, અને એ રીતે કોર્ટે મજકૂરના બન્ને કેસોમાં ન્યાયાધીશોએ નલીનીના કેસમાં જસ્ટીસ થોર્મ્સ જે જજમેન્ટ આપેલ છે તેની અવહેલના કરેલ છે. જેમાં જણાવેલ છે કે : જ્યારે ત્રણ જણાતી કોર્ટ રચાયેલી હોય, અને જ્યારે કોઈપણ એક ન્યાયાધીશે આરોપીની તરફેણ કરીને તેને મૃત્યુદંડની સજાની જગ્યાએ જો જન્મટીપની સજા આપવાની ભલામણ કરી હોય ત્યારે બીજા જજોએ પણ તે અંગેની મૃત્યુદંડની સજાનો વિચાર બદલવો જોઈએ. આ પ્રમાણેની ભાવના બંધારણની અનુઃ૨૧ માં પ્રસ્થાપિત થયેલી છે અને તેના દ્વારા મનુષ્યને ફાંસીના ફાંદાથી દુર રાખવામાં મદદરૂપ થાય છે. અને સાથે સાથે આરોપીને જન્મટીપની સજા આપવાનો ઈન્કાર કરતો હોય અને તેની જગ્યા છે. તે જન્મ્ટીપની ભલામણ કરતો હોય ત્યારે મજકૂર આ કેસને ઓછામાં ઓછી સજાના તત્વ સાથે આવરી લેવાની તાતી જરૂર છે.

ફેરવિચારણાની તાતી જરૂર છે.

હાલમાં જ ભારતનાં ઉચ્ચત્તમ ન્યાયાલયોએ ગંભીરતાથી નોંધી લીધી છે કે બંધારણમાં જણાવેલી જોગવાઈઓનો અમલ ઉપલી કોર્ટો અંશે કરે છે અને એ રીતે જન્મટીપની સજાને  જાકારો પ્રાપ્ત ન થાય. કાયદાનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે જ્યારે અદાલત મૃત્યુદંડની સજા માટે સહમત ના થતી હોય ત્યારે વરીષ્ઠ ન્યાયાલયે પણ આ સિદ્ધાંત સાથે સહમત થઈને તેને અપનાવવો જોઈએ જ્યારે એક ન્યાયાધીશ આરોપીને છોડી મૂકે છે, અને ભલે તે કેસમાં તથ્ય હોય તો ત્યાં મૃત્યુદંડની સજા તો ના જ હોઈ શકે.

ફેરવી ન શકાય તેવી પરિસ્થિતિમાં કહેવાની જરૂર નથી કે ન્યાયાધીશોનું માનસ અફર હોવું જોઈએ. પરંતુ મૃત્યુદંડ આપવાની સજા આપતી વખતે તો અફર રહેવું જોઈએ નહીં કારણ કે સર્વોચ્ચ અદાલત પણ એવા ઘણા ચુકાદાઓ છે કે જે ત્યાંની ઉપલી બેંચે બદલી નાખ્યા છે, એ રીતે ઉપલી કોર્ટના જજમેન્ટો પણ ભૂલ ભરેલા હોય છે. સબબ મૃત્યુદંડના કેસમાં ભુલ હોય છે. એવું માનીને તારણ કાઢવામાં આવ્યું છે કે હરબંસસીંગના કેસમાં દયાભાવ નથી, પરંતુ તે કેસ હાલ ચાલવા ઉપર છે. સબબ મૃત્યુદંડની સજા આપતી વખતે ન્યાયાધીશે એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે તે સિવાયના ઉપાયો પણ ગ્રાહ્ય રાખવાના છે.

બચનસીંગ વિ. પંજાબ રાજ્ય[૯] ના કેસમાં મોતની સજા ઓછામાં ઓછા કિસ્સામાં આપવી જોઈએ, તેવું માર્ગદર્શન છે, મજકુરનો કેસ ત્યારે ન્યાયાલયો માટે માર્ગદર્શનરૂપ બનશે કે જયારે તેઓ પાસે મૃત્યુદંડની સજા માટેનો કેસ હોય.

આવી સજા ઓછામાં ઓછી એ રીતના પ્રમાણમાં થવી જોઈએ અને આવા પ્રકરણોમાં ગૂનો અને ગુનેગાર એનો પણ અભ્યાસ થવો જોઈએ, કોર્ટે સજા આપતી વખતે એ વિચારવું જોઈએ કે આપેલી સજા ખરી અને ન્યાયીક છે.

મૃત્યુદંડની સજાના કેસમાં ન્યાયસંહિતાનો અભ્યાસ કરીને કોઈ ભૂલ ન થાય તે રીતે તેની ચકાસણી કરવી જોઈએ, અને જયારે તેવી સજાનો અમલ ન કરી શકાય તેવું હોય, ત્યારે જો ન્યાયાલય મૃત્યુદંડની સજા આપે તો શું તે ન્યાયીક કહેવાય અને એ વસ્તુસ્થિતિને પણ જોવાનું રહે છે કે આવા કિસ્સામાં ન્યાયીક વિવાદ છે, અને ન્યાયસંહિતા કોઈ ધાર્મિક લાગણી કે સિદ્ધાંતને વરેલી છે.

---

૯. (૧૯૮૨ (૩) SCC - ૨૪)

બચનસીંગના કિસ્સામાં મૃત્યુદંડની સજાને બાકાત રાખીને જન્મટીપની સજા માટે પ્રાધાન્ય આપેલ છે. સુપ્રિમ કોર્ટનો ચુકાદો જેવો કે દેવીંદરચાલસીંગ વિ. રાજ્ય[10] બતાવે છે કે તે મૃત્યુદંડની સજા માટેનો કેસ છે કે જેમાં કોઇ ન્યાયાધીશે આરોપીને છોડી મુક્યો હોય કેસ, રાજ્ય સરકાર વિ. લક્ષ્મણકુમાર[11] લીયામાદેવી વિ. રાજ્યસરકારે[12] હરબંસ સીંગ વિ. ઉ.પ્ર. સરકાર[13] મહારાષ્ટ્ર સરકાર વિ. સુરેશ[14] મહારાષ્ટ્ર રાજ્ય વિ. ભારત ફકીર[15] ના તમામ કિસ્સાઓથી વિરોધાભાસી છે.

ભારતના ન્યાયાલયોએ હવે આ પ્રમાણેની કાર્ય પદ્ધતિને અપનાવી જોઇએ અને ન્યાયસંહિતામાં રહેલી હાસ્યાસ્પદ પદ્ધતિને દૂર કરવી જોઇએ. મજકૂરનો પ્રસંગ અબ્રાહમ સીંગના કેસમાંથી લેવામાં આવ્યો છે કે જેમાં ન્યાયાધીશોમાં જન્મટીપની સજા આપવા માટેની જોગવાઇઓમાં મતભેદો ફલિત થાય છે, અને આરોપીને આ પ્રમાણેની સજા ખોટી રીતે થઇ હોય તેવા તારણો પણ કાઢવામાં આવેલા છે. અને અંતે આરોપીને ફાંસી આપવામાં આવે છે.

હરબંસસીંગ વિ. યૂ.પી. રાજ્ય[16] સેશન કોર્ટ તથા વિવાદમાં (અપીલમાં) આરોપી હરબંસ સીંગ, મોહીન્દરસીંગ, કાશ્મીરા સીંગ અને જીત સીંગને મૃત્યુદંડની સજા માન્ય રાખેલ છે. મોહીન્દરસીંગ પોલીસ સાથેની અથડામણમાં માર્યો ગયો

---

૧૦. (૨૦૦૨ (૩) પાના નં. ૧૩૯)

૧૧. (૧૯૮૫ (૪) પાના નં. ૪૭૬)

૧૨. ૧૯૮૮ પાના નં. ૪૫૬

૧૩. પાના નં. ૧૦૧

૧૪. (૨૦૦૦ (૧) ૪૭૧)

૧૫. (૨૦૦૨ (૧) પાના નં. ૬૨૨)

૧૬. ૧૯૮૨ (૨) પા.નં. ૧૦૧

છે, જીતાસીંગે ખાસ અરજી દાખલ કરલી તે તા. ૧૫/૪/૭૬ ના રોજ નામંજૂર કરવામાં આવી છે. તેણે ફેરતપાસ માટે કોઈ અરજી કરેલ નથી અને તેને તા.૬/ ૧૦/૮૧ના રોજ ફાંસી આપવામાં આવી છે. તેનો સાગરીત કાશ્મીરાસીંગ પણ ખાસ અરજી દાખલ કરેલી અને તે વરીષ્ઠ ન્યાયાલય સમક્ષ આવતાં તેની સજામાં ઘટાડો કરીને તેને જનમટીપની સજા કરવામાં આવી છે. બીજા સાગરીત હરબંસસીંગે પણ ખાસ અરજી દાખલ કરેલી જે બીજી કોર્ટ સમક્ષ ચલાવતા તેને નામંજૂર કરવામાં આવી છે અને જયારે કાર્યાલય દ્વારા એ વાત નોંધવામાં આવેલ હતી કે કાશ્મીરાસીંગની મૃત્યુદંડની સજામાં ઘટાડો કરવામાં આવ્યો છે તે વિગત મજકુર કોર્ટ સમક્ષ લાવવામાં આવી નથી કે જયારે હરબંસ સીંગની ખાસ અરજી નામંજૂર કરવામાં આવી છે. ત્યારબાદ હરબંસસીંગે ભારતની રાષ્ટ્રપતિ સમક્ષ સજા ઓછી કરવા માટે અરજી કરી હતી તેને પણ તા ૨૨/૮/૮૧ના રોજ નામંજૂર કરવામાં આવેલ છે, ત્યારબાદ પણ તેને વરીષ્ઠ કોર્ટમાં અરજી કરીને મૃત્યુદંડની સજા બાબતે કાશ્મીરાસીંગના કેસ ઉપર આધાર રાખ્યો છે. હાઈકોર્ટના ત્રણ ન્યાયાધીશોમાં સમૂહે તારણ કાઢયું છે તેને મહત્વનાં સૂચન તરીકે ગણી શકાય.

ત્રણ માણસોને એક જ હુકમથી મૃત્યુદંડની સજા કરવામાં આવેલ છે. દરેકના કેસનું પરિણામ જુદુ જુદુ છે. મજકુર ત્રણમાંથી જીતાસીંગ કે જેણે કોર્ટમાં કોઈ અરજી કરી નથી તેને ૬ ઓકટોબર ૧૯૮૧ના રોજ ફાંસી આપવામાં આવેલ છે, બીજી વ્યકિત કાશ્મીરાસીંગ તે મૃત્યુદંડની સજામાંથી જનમટીપની સજા મેળવવામાં સફળ થયા છે, આ અરજદારને જયારે જીતાસીંગને ફાંસી આપી ત્યારેજ ફાંસી આપવાની હતી અને તેને અરજી દાખલ કરતા તેની ફાંસીની સજા વિલંબીત કરવામાં આવી. આગળ ઉપર જણાવ્યા મુજબ અરજદાર નથી તેના બે સાગરીતોને એક ન હુકમની મૃત્યુદંડની સજા આપવામાં આવી છે, અમોએ વિગતો જોતા ધ્યાન પર આવેલ છે કે કાશ્મીરાસીંગની કેસોની વિગતોને મજકુર કેસની વિગતો સાથે સરખાવવામાં આવી નથી. અને કાશ્મીરાસીંગની સજા ઓછી કરવામાં આવી છે,

બંને અરજદારને અપાયેલ મૃત્યુદંડની સજા કાયમ રાખવી એ અન્યાય છે, અને આમ કરવાથી કોર્ટ તથા સત્તાધીશો ન્યાયતંત્રની અસ્મીતામાં અંધાપો લાવશે અને ન્યાયનો વહીવટ દુષીત થશે એ દુખદ ઘટના છે કે જીતાસીંગ, કાશ્મીરાસીંગની કેસનો વિગતોનો લાભ મેળવી શકયો નથી, કે જેમાં તેણે કોર્ટ સમક્ષ આવીને મૃત્યુદંડની સજામાંથી જનમટીપની સજા મેળવવાની હતી, પરંતુ મજકુર કેસોની યોગ્ય છાણાવટ કરવામાં આવેલ નથી, અને એ રીતે જીતાસીંગને ફાંસી આપતા પહેલા કાશ્મીરાસીંગની સજામાં ઘટાડો કરવામાં આવેલો. સબબ આ કેસમાં વિશેષ ધ્યાન આપવાની જરૂર છે અને તેથી ઉપર મુજબના સંજોગો જોતા અમો જાતે જ જો મૃત્યુદંડની સજામાંથી આરોપીને જનમટીપની સજા આપવા માટે પ્રેરીત થઈએ તો તે ખોટુ પડતું નથી, પરંતુ કોર્ટની તથા રાષ્ટ્રપતિની સત્તાનો માન જાળવવા માટે અમો એવુ તારણ કાઢીએ છીએ કે રાષ્ટ્રપતિએ બંધારણની કલમ-૭૨ મુજબ મૃત્યુદંડની સજામાંથી આરોપીને જનમટીપની સજા કરી આપવી જોઈએ. જીતાસીંગનો કેસ તેના મૃત્યુ પછીનો કક્ષાણી છે, અમે તેને કોઈ મદદ આપી શકયા નથી, પરંતુ અમો એવી સૂચના આપીએ છીએ કે મૃત્યુદંડની સજા આપતા પહેલા જેલર એ વાતની ખાત્રી કરવાની છે કે મૃત્યુદંડની સજા અપાયેલ આરોપીની સજા કોઈ ઘટાડો તો કરવામાં આવ્યો નથી. અને જો આમ થાય તો તેણે તરત જ મજકુર હુકમનો અમલ કરવો જોઈએ.

કાશ્મીરાસીંગની કેસ સાથે આ કેસની સરખામણી ન કરતાં દુર્ભાગ્ય પેદા થયેલ છે, કાશ્મીરા સીંગની સજા ઓછી કરીને તેને મૃત્યુદંડની સજામાંથી જનમટીપની સજા કરવામાં આવી છે. તેથી અત્રેના અરજદાર હરબંસસીંગની જે અરજી તથા ફેર અરજી જે કોર્ટે કાઢી  નાંખી છે તેમાં હસ્તક્ષેપ કરવાનું કોર્ટને યોગ્ય લાગતુ નથી, પરંતુ અમારૂ માનવુ એવું છે કે તેને પણ મૃત્યુદંડની સજામાંથી માત્ર જનમટીપની સજા જ આપવી જોઈએ. એ વાતી નોંધ લેવી જોઈએ કે હરબંસસીંગની કેસની વિગતો કાશ્મીરાસીંગની કેસ જેવી જ છે. હરબંસ સીંગે રાષ્ટ્રપતિ સમક્ષ અરજી

કરેલ છે અને રાષ્ટ્રપતિએ મૃત્યુદંડની સજા મોકૂફ રાખવાનું યોગ્ય માનેલ નહી અને તે અરજી નામંજુર કરવામાં આવેલી, આ ઘટના હાસ્યાસ્પદ છે, કારણ કે એક જ પ્રકારના ગુના માટે આરોપીને મોટા પ્રમાણમાં યાને કે ફાંસીની સજા આપવામાં આવે છે, અને તેવાજ એક આરોપીની મૃત્યુદંડની સજા ઓછી કરીને તેને જનમટીપની સજા કરવામાં આવી છે. તેની હરબંસસીંગની કેસની ઘટના દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે. આરોપીને અપાયેલી મૃત્યુદંડની સજા માટે પરવાનગી આપી શકતી નથી પરંતુ મને એવો પ્રશ્ન સતાવે છે કે કોર્ટને આવી સત્તા છે કે જયારે આરોપીની અરજી અગાઉ કોર્ટ તથા રાષ્ટ્રપતિએ કાઢી નાખી છે બંધારણની કલમ-૩૨ તથા ૧૩૬ મુજબ હુકમ સિવાય પણ આ કોર્ટને ન્યાયસંહીતા જાળવવા માટે સત્તા આપેલી છે, સબબ કોર્ટ કઇ આ સત્તાનો વાપર/ઉપયોગ કરવો જ જોઇએ અને અન્યાય થયેલ છે ત્યાં ન્યાય આપવો જોઇએ. રાજ્ય વિ. લક્ષ્મણ કુમાર[૧૭] નો કેસ પત્નીને જલાવી દેવા માટેનો હતો, સેસન્સ કોર્ટે આરોપીને મૃત્યુદંડની સજા આપેલી અને હાઇકોર્ટે તેને છોડી મુકયો હતો અને તારણ કાઢેલ હતું કે ‘‘ગુનો બનતો હોવા છતાં મૃત્યુદંડની સજા યોગ્ય નથી’’ લીયામન દેવી વિ. રાજસ્થાન[૧૮] નો કેસ પણ પત્નીને જલાવી દેવા માટેનો કેસ છે, મજકુરનો કેસ પણ મૃત્યુદંડ માટેનો કેસ છે, સને ૧૯૭૭ આરોપીને છોડી મુકવામાં આવેલ હતો અને સને ૧૯૮૫ માં હાઇકોર્ટે સજા ફરમાવીને મહત્તમ સજા આપી છે, આવું આઠ વરસ પછી બન્યું છે, અને જયારે આ પ્રકરણે બન્ને કોર્ટોના જુદા જુદા વિચારો કર્યા તો ખરી સજા મૃત્યુદંડ નહીં પણ જન્મટીપની સજા હોવી જોઇએ. સુતેન્દ્ર રાજા વિ. સરકાર, રાજ્ય[૧૯] નો કેસ રાજીવગાંધી હત્યાકાંડનો કેસ છે, નલીની નામની એક માત્ર મહિલાને મૃત્યુદંડની સજા આપવામાં આવી છે, તેણે પણ ફેર વિચારણા માટે અરજી કરી છે, અને

---

૧૭. (૧૯૮૫ (૪) SCC ૪૭૬)

૧૮. (૧૯૮૮ (૪) પા.નં. ૪૫૬)

૧૯. (૧૯૯૯ (૯) SCC ૨૩૨)

ત્રણમાંથી એક ન્યાયમૂર્તિએ મૃત્યુદંડની સજામાંથી જન્મટીપની સજા કરવા માટે સમર્થન આપેલ છે, તેથી કોર્ટે તે હુકમ ફેરવવો જોઈએ, હવે આ કેસ બંધારણની કલમ ૨૧ સાથે સંબંધ ધરાવે છે જે મનુષ્યને ફાંસીના માચડાની દૂર રાખે છે અને તેવા આરોપીને જેલના સળીયા પાછળ મુકી દેવાની ભલામણ કરે છે, અને જયારે ત્રણમાંથી એક ન્યાયમૂર્તિ મૃત્યુદંડની સજા માટે ઈન્કાર કરતા હોય ત્યારે તે ઈન્સાફને માન્ય રાખી આ પ્રકરણનો અંત લાવવો જોઈએ સબબ કેસમાં મૃત્યુદંડની સજામાંથી જન્મટીપની સજા આપવી જોઈએ, અને નલીનીએ કરેલી અરજી પણ માન્ય રાખવી જોઈએ અને તેની સજા જન્મટીપમાં ફેરવવી જોઈએ.

મહારાષ્ટ્ર રાજ્ય વિ. સુરેશ[૨૦] એ બળાત્કાર તથા ૪ વર્ષની બાળકીનું ખૂન કરવા માટેનો કેસ છે, આરોપીને મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી પરંતુ સેશન અદાલતોનો હુકમ ડીવીઝન બેંચ ફેરવી નાખ્યો છે અને આરોપીને છોડી મુક્યો છે. કારણ કે આ કેસ ઓછામાં ઓછી સજા એ તત્વને આધીન હોઈ તેને બચનસીંગ વિ. પંજાબ રાજ્યના કેસથી સમર્થન પ્રાપ્ત થાય છે. રામદેવ ચરન વિ. આસામ રાજ્ય[૨૧] આરોપીને મૃત્યુદંડની સજા કર્યા પછી ફેરતપાસની અરજી કરેલ છે અને જાણાવેલ છે કે આરોપી અપરાધ સમયે સગીર વયનો હતો અને નામદાર કોર્ટે અરજી નામંજુર કરેલ છે. શું અપરાધ અને હુકમની તારીખે આરોપી સગીર વયના હોય તો આવા કિસ્સામાં કલમ-૨૨(૯) જુવેનાઈલ એક્ટની કલમને વંચાણેના લેવી જોઈએ ?

૨૦. ૨૦૦૧ (૧) SCC ૪૭૧

૨૧. (૨૦૦૧ (૫) SCC ૭૧૪)

જેલોના ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલિસ શ્રી એચ. આર. ગેહલોતના પરિપત્ર અનુસાર ફાંસીની સજા પામેલા કેદીઓને જેલમાં કેવી રીતે રાખવા તે અંગે સુનીલ બાત્રા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશનના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા માગદર્શિકા આપવામાં આવેલી છે. તે મુજબ આપણી સરકારે માનવતાવાદી અભિગમ અપનાવી ફાંસીની સજા પામેલા કેદીઓને જયાં સુધી તેઓને ફાંસીની સજા આપવાનું નક્કી ન થાય એટલે કે હાઈકોર્ટ, સુપ્રિમકોર્ટ તથા રાષ્ટ્રપતિશ્રીની સમક્ષ દયાની અરજી મુલત્વી હોય ત્યાં સુધી આવા કેદીઓને ફાંસી ખોલીમાં ન રાખતાં એટલે કે સોલીટરી કન્ફાઈન્મેન્ટમાં ન રાખતાં અન્ય કેદીઓની સાથે રાખવાનો માનવતાવાદિ અભિગમ અપનાવામાં આવેલો છે. અને અન્ય કેદીઓની માફક જ ફાંસીની સજા પામેલા કેદીઓને પણ અખબારો, ટી.વી. અને કસરત કરવા માટે જરૂરી સુવિધાઓ જેલતંત્ર દ્વારા પૂરી પાડવામાં આવે છે.

સંશોધનના માધ્યમ દ્વારા પ્રાપ્ત માહિતીઓનું પૃથક્કરણ, વર્ગીકરણ તેમજ અર્થઘટન કરતાં સંશોધકનો અંતિમ મત એવો પ્રતિપાદિત થાય છે કે જયારે સમગ્ર વિશ્વમાં દેહાંતદંડની સજા નાબુદ થઈ ગઈ છે તો ભારતમાં પણ નાબુદ કરવામાં આવે તો તેમાં કોઈ હરકત સરખું નથી. અને તેમ છતાં પણ જો દેહાંતદંડની સજા ચાલુ રાખવી જ હોય તો તેની પ્રક્રિયા જેમ બને તેમ ઝડપથી પૂર્ણ થવી તે રાષ્ટ્રના હિતમાં, ગુનેગારના હિતમાં અને ગુનાનો ભોગ બનનારના હિતમાં છે. જે થકી જ અદાલતની ગરીમા તેમજ તેનું ગૌરવ અને નાગરિકોને તેના પરત્વેનો આદર જળવાઈ રહેશે.

★ ★ ★ ★

## : સંદર્ભગ્રંથો :


- શ્રીમદ ભાગવત ગીતા
- ઋગવેદ
- કઠોપનિષદ
- સત્યાર્થ પ્રકાશ, સ્વામી દયાનંદ સરસ્વતી
- શિક્ષા : ફીલસુફી, સિધ્ધાંતો અને કાર્યવાહી - બી. એમ. શુકલ
- મનુસ્મૃતિ
- હોલ્બરીઝ લૉ ઑફ ઈંગ્લેન્ડ
- વિશિષ્ટ ગુનાઓ - દોલતભાઈ ભિખુભાઈ નાયક
- ભારતીય દંડ સંહિતા
- ફોજદારી કાર્યવાહી સંહિતા
- ભારતીય પુરાવા અધિનિયમ
- ક્રિમીનલ લૉ એન્ડ પનીશમેન્ટ
- પ્રીન્સીપલ્સ ઑફ ક્રિમીનલ લૉ, ફીટઝીરાલ્ડ
- સાલમન્ડ ઓન જ્યુરીશ્યુડન્સ, પી. જે. ફીટઝીરાલ્ડ
- ઈન્ટરનેટ ઉપરની વેબસાઈટ
- મૃત્યુની મંગળ પળે - ડૉ. ભાનુમતી એચ. શાહ
- કર્મનો સિધ્ધાંત - હિરાલાલ ઠક્કર

૧. ઓલ ઈન્ડિયા રીર્પોટર

૨. ગુજરાત લૉ રીપોર્ટર

૩. ગુજરાત લૉ હેરાલ્ડ

૪. ગુજરાત લૉ ટાઈમ્સ

૫. સુપ્રિમકોર્ટ કેસીસ

૬. મિલિટ્રી લૉ જર્નલ

૭. જર્નલ ઑફ ઈન્ડિયન લૉ ઈન્સિટીટ્યુટ

૮. લૉયર

૯. ક્રિમીનલ લૉ જર્નલ

૧૦. બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયા

૧૧. ઈગ્લેન્ડ લૉ રિર્પોટર

## વર્તમાનપત્રો

૧. દિવ્ય ભાસ્કર

૨. ગુજરાત સમાચાર

૩. સંદેશ

૪. અકિલા

૫. સાંજ સમાચાર

૬. ટાઈમ્સ ઑફ ઈન્ડિયા

૭. ઈન્ડીયન એક્સપ્રેશ

૮. જનસત્તા

૯. જયહિન્દ

૧૦. ફૂલછાબ

૧૧. આજકાલ

# કેસસૂચિ


| ક્રમ | કેસની વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| (૧) | જગમોહન સિંઘ વી. સ્ટેટ ઓફ યુપી<br>ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી એસ.એમ.સિદ્દી, એમ.એન.રોય,<br>આઈ.ડી. દુઆ, ડી.જી.પાલેકર અને એમ.એચ.બેગ | ૧૮૯ |
| (૨) | નચીમર સિંઘ વી. સ્ટેટ ઓફ પંજાબ ન્યાયમૂર્તિશ્રીઓ:<br>સર્વશ્રી પી.જગમોહન રેડ્ડી, પી.એન.ભગવતી,<br>કે.ગોસ્વામી અને આર.એસ.સરકારીયા | ૧૯૧ |
| (૩) | ચાવલા અને અન્યો વી. સ્ટેટ ઓફ હરિયાણા,<br>ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વી.આર.ક્રિષ્ના ઐયર,<br>અને આર.એસ.સરકારીયા | ૧૯૨ |
| (૪) | હરિહર સિંઘ વી. સ્ટેટ ઓફ યુપી ન્યાયમૂર્તિશ્રીઓ:<br>સર્વશ્રી એન.એસ.ઉંટવાલા અને એસ.મુર્તઝા ફઝલઅલી | ૧૯૩ |
| (૫) | હર્મન વી. સ્ટેટ ઓફ યુપી,<br>ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી પી.એન.ભગવતી<br>અને આર.એસ.સરકારીયા | ૧૯૪ |
| (૬) | બિશનદાસ વી. સ્ટેટ ઓફ પંજાબ<br>ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વી.આર.ક્રિષ્ના ઐયર<br>અને આર.એસ.સરકારીયા | ૧૯૫ |
| (૭) | અસ્કાડમ વી. સ્ટેટ ઓફ એમપી<br>ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી આર.એસ.સરકારીયા<br>અને એન.એલ.ઉંટવાલા | ૧૯૬ |

(૮) અમૃત ભૂષણ ગુપ્તા વી. યુનિયન ઓફ ઈન્ડીયા
ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી એ.એન.રાય,
એમ.એચ.બેગ, અને જસવંત સિંઘ ૧૯૭

(૯) શિવમોહન સિંઘ વી. ધી સ્ટેટ (દિલ્હી)
એડમીનીસ્ટ્રેશન ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વાય.બી.ચંદ્રચૂડ,
વી.આર.ક્રીષ્ના ઐયર ૧૯૮

(૧૦) સ્ટેટ ઓફ યુપી વી. સુધા સિંઘ તથા અન્યો,
ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી પી.કે.ગોસ્વામી અને વી.ડી.તુલજાપુરકર ૨૦૦

(૧૧) શ્રી રંગન વી. સ્ટેટ બેંક ઓફ તામિલનાડુ
ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વી.આર. ક્રિષ્નાઐયર,
એન.એલ.ઉંટવાલા અને પી.એસ.કૈલાસમ ૨૦૧

(૧૨) વશરામ નરશીભાઈ રાજપરા વી. સ્ટેટ ઓફ
ગુજરાત ન્યાયમૂર્તિઓ : દોરાઈસ્વામી રાજુ અને બ્રિજેશકુમાર ૨૦૨

(૧૩) દિનેશ શીવશંકર જાની અને અન્યો વી. સ્ટેટ ઓફ ગુજરાત
ન્યાયમૂર્તિઓ : ડી. પી. દેસાઈ અને એ. એમ. અહમદી ૨૦૩

(૧૪) બિશ્નુદેવ શો વી. સ્ટેટ ઓફ વેસ્ટ બંગાલ
ન્યાયમૂર્તિઓ : વી. આર. ક્રિષ્ના ઐયર
અને ઓ. ચિનપ્પા રેડ્ડી ૨૦૪

(૧૫) દલબીર સિંઘ વી. સ્ટેટ ઓફ પંજાબ
ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વી.આર. ક્રિષ્નાઐયર,
ડી.એ.દેસાઈ અને એ.પી.સેન ૨૧૦

(૧૬) હરવંશ સિંઘ વી. સ્ટેટ ઓફ યુ.પી.
ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વાય.બી.ચંદ્રચૂડ,
ડી.એ.દેસાઈ અને અમરેન્દ્રનાથ એન. ૨૧૨

(૧૭) શેરસિંઘ અને અન્યો વી. સ્ટેટ ઓફ પંજાબ,

ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી વાય.બી.ચંદ્રચૂડ,

વી.ડી.તુલઝાપુરકર અને એ.વરદરાજન ૨૧૩

(૧૮) ઈશ ભાદરપા વી. સ્ટેટ ઓફ કર્ણાટકા ન્યાયમૂર્તિઓ :

એ. પી. એન. અને ઈ. એસ. વૈકટ રામૈયા ૨૧૪

(૧૯) સ્ટેટ ઓફ યુ.પી. વી. એમ. કે. એન્થોની

ન્યાયમૂર્તિઓ : ડી. એ. દેસાઈ અને રંગનાથ મિશ્રા ૨૧૫

(૨૦) અશરફીલાલ એન્ડ સન્સ વી. સ્ટેટ ઓફ યુ.પી.

ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી એ.પી.એન.એન., બાલક્રીષ્ના ઈરાડી ૨૧૭

(૨૧) પંછી વી. સ્ટેટ ઓફ યુ.પી.

ન્યાયમૂર્તિઓ : એમ.એમ. પુંછી (મુખ્ય ન્યાયમૂર્તિ)

કે. ટી. થોમસ, એસ. એસ. કાદરી ૨૧૮

(૨૨) મધુ મહેતા વી. યુનિયન ઓફ ઈન્ડિયા

ન્યાયમૂર્તિઓ : સ્વયસાચી મુખર્જી અને બી. સી. રોય ૨૨૦

(૨૩) જુમનખાન વી. સ્ટેટ ઓફ યુ.પી.

ન્યાયમૂર્તિઓ : એસ. રત્નાબેલ પાન્ડીયન અને કે. જયચંદ્ર રેડ્ડી ૨૨૧

(૨૪) સેવાહા પેસમલ વી. સ્ટેટ ઓફ રાજસ્થાન

ન્યાયમૂર્તિઓ : બી. સી. રોય અને કે. રામસ્વામી ૨૨૩

(૨૫) શિવાજી જયસિંગ બાવર વી. સ્ટેટ ઓફ

મહારાષ્ટ્ર ન્યાયમૂર્તિશ્રીઓ: સર્વશ્રી એસ.સીનવેલ પાંડીયન,

કે.રામસ્વામી અને જયચંદ્ર રેડ્ડી ૨૨૫

(૨૬) શશીનાયર વી. યુનિયન ઓફ ઈન્ડિયા

ન્યાયમૂર્તિઓ : કે. એન. સિંઘ, પી. બી. સાવંત,

એન. એમ. કાશલીવાલ, બી. પી. જીવનરેડ્ડી અને જીવન રોય ૨૨૭

(૨૭) આરોપી બલરાજની સામે ભારતીય દંડ
સહિતાની કલમ-૩૦૨ ૨૨૮

(૨૮) લક્ષ્મણ નાઈક વી. સ્ટેટ ઓફ ઓરિસ્સા
ન્યાયમૂર્તિઓ : ડૉ. એ. એસ. આનંદ અને ફૈઝન ઉદીન ૨૩૩

(૨૯) રાજીવ ઉર્ફે રામચંદ્ર વી. સ્ટેટ ઓફ રાજસ્થાન,
ન્યાયમૂર્તિઓ : જી. એન. રાય અને જી. ટી. નાણાવટી ૨૩૪

(૩૦) સુરજારામ વી. સ્ટેટ ઓફ રાજસ્થાન
ન્યાયમૂર્તિઓ : જી. એન. રાય અને જી. ટી. નાણાવટી ૨૩૫

(૩૧) આશા ઉર્ફે આશાનંદ અને અન્યો વી.
સ્ટેટ ઓફ રાજસ્થાન
ન્યાયમૂર્તિઓ : સર્વશ્રી એમ. કે. મુખરજી અને એમ. કી. કુરકુકર ૨૩૬

(૩૨) શીવરામ અને અન્યો વી. સ્ટેટ ઓફ યુ.પી.
ન્યાયમૂર્તિઓ : એમ. એમ. પુંછી અને એસ. પી. દરકુદર ૨૩૮

(૩૩) સ્ટેટ ઓફ યુ. પી. વી. અબ્દુલ અને અન્ય,
ન્યાયમૂર્તિઓ : એમ. કે. મુખરજી અને એમ. પી. કુરકુકર ૨૩૯

(૩૪) રોની વી. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર
ન્યાયમૂર્તિઓ : એમ. કે. મુખરજી અને એસ. એસ. એમ. કાદરી ૨૪૦

(૩૫) બ્રીજલાલ સિંહા વી. સ્ટેટ ઓફ બિહાર,
ન્યાયમૂર્તિઓ : એમ.કે. મુખર્જી અને જી. બી. પટનાયક ૨૪૨

(૩૬) ગોવીન્દાસ્વામી વી. સ્ટેટ ઓફ તામીલનાડું
ન્યાયમૂર્તિઓ : એમ. કે. મુખરજી અને એસ. એમ. કાદરી ૨૪૩

(૩૭) રામજીરાય અને અન્યો વી. સ્ટેટ ઓફ બિહાર ૨૪૪

(૩૮) ધમેન્દ્રસિંહ અને અન્યો વી. સ્ટેટ ઓફ યુ.પી.
ન્યાયમૂર્તિઓ : એસ.એસ. એમ. કાદરી અને એન. સંતોષ હેગડે ૨૪૫

(૩૯) કિશોર વી. સ્ટેટ ઓફ દિલ્હીના કેસમાં
માનનીય નામદાર ન્યાયમૂર્તિઓ જી. ટી. નાણાવટી
અને રાજેન્દ્રબાબુઓએ ૨૪૬

(૪૦) જયકુમાર વી. સ્ટેટ ઓફ એમ. પી.
ન્યાયમૂર્તિઓ : ડૉ. એસ. એસ. આનંદ
(મુખ્ય ન્યાયમૂર્તિ) એમ. શ્રી નિવાસન અને યુ. સી. બેનરજી ૨૪૭

(૪૧) મોલાઈ અને અન્યો વી. સ્ટેટ ઓફ એમ.પી.
ન્યાયમૂર્તિઓ : એસ. પી. દૂરદૂકર, કે. ટી. થોમસ
અને સંતોષ હેગડે ૨૪૮

(૪૨) સુભાષચંદ્ર વી. દિષનલાલ તથા અન્યો
ન્યાયમૂર્તિઓ : કે. ટી. થોમસ અને આર. પી. શેઠી ૨૪૯

(૪૩) સ્ટેટ ઓફ ગુજરાત વી. ધમેન્દ્રસિંહ, માનસિંહ,
રતનસિંહ મકવાણા
ન્યાયમૂર્તિઓ : બી. સી. પટેલ અને એ. એલ. દવે ૨૫૦

(૪૪) (૧) મીઠુ વી. સ્ટેટ ઓફ પંજાબ અને યુનિયન ઓફ ઈન્ડિયા
(૨) મુનવરશાહ વી. સ્ટેટ ઓફ મહારાષ્ટ
(૩) જાવેદ અહમદ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર
ન્યાયમૂર્તિઓ : વાય. વી. ચંદ્રચુડ, એસ. મુર્તઝા ફઝલઅલી,
વી. ડી. તુલજાપુરકર, ઓ. ચીનપ્પા રેડી અને એ. વરદરાજન ૨૫૧

(૪૫) સુરેન્દ્રપાલ શીવલાલકપાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના
કેસમાં સર્વોચ્ચ અદાલત માનનીય નામદાર
ન્યાયમૂર્તિઓ સર્વશ્રી કે. જી. બાલકૃષ્ણન અને
ડૉ. એ. આર. લક્ષ્મણ સાહેબ ૨૫૩

(૪૬) હોલીરામ બોરડોબોઈ વિ. સ્ટેટ ઓફ આસામ,
માનનીય ન્યાયમૂર્તિઓ સર્વશ્રી કે. જી. બાલક્રિષ્નન અને
બી. એન. શ્રી ક્રિષ્ના ૨૫૪